મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

કૃષ્ણાશ્રય-દર્શન-(૨)

(કૃષ્ણાશ્રય-સ્તોત્ર વિવરણ)

-: લેખક :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી - વડોદરા

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

કૃષ્ણાશ્રય-દર્શન (૨)

(કૃષ્ણાશ્રય-સ્તોત્ર વિવરણ)

ઉપક્રમ

કૃષ્ણાશ્રય પૂર્વપીઠિકામાં કૃષ્ણાશ્રય ગ્રન્થ સમ્બન્ધી આનુષંગિક બાબતોની વિચારણામાં શ્રીવલ્લભાચાર્યચરણ સમ્મત આશ્રય પદાર્થને વિચાર્યા પછી હવે આ **'કૃષ્ણાશ્રય વિવરણ'**માં ગ્રન્થસ્થ એકાદશ શ્લોકોને વિશેષ વિવેચનપૂર્વક સર્વ ઉપલબ્ધ ટીકાઓના આધાર સહ અને પૂર્વોક્ત આશ્રયને કેન્દ્રમાં રાખી વિચારીશું.

હાલ ઉપલબ્ધ કુલ છ ટીકાઓ પૈકી દરેક ટીકાકારોએ ખૂબ જ વિદ્વત્તાભરી રીતે આ સ્તોત્રગ્રન્થની પોતપોતાની રીતે તલસ્પર્શી વિચારણા પોતાની ટીકાઓમાં કરી છે. આ ટીકાકારો પૈકી શ્રીપ્રભુચરણના દ્વિતીયલાલજી શ્રીગોવિન્દરાયજીના લાલજી શ્રીકલ્યાણરાયજી સ્તોત્રગ્રન્થના કુલ અગિયાર શ્લોકોનું સંખ્યા તાત્પર્ય વિશિષ્ટ પ્રકારે પ્રકટ કરે છે. જેમાં પ્રથમના છ શ્લોક કાલ, દેશ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ કે જે ધર્મની સિદ્ધિનાં આ છ સાધનો છે તેની વર્તમાનમાં અસાધકતા દર્શાવનારા તેમજ તે અંગે પણ અન્ય ઉદ્યમ નહીં કરી માત્ર કૃષ્ણ જ આશ્રયણીય છે એમ દર્શાવનારા તેમજ ત્યાર પછીના ચાર શ્લોકો એ ચાર પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચારે ભક્તિમાર્ગમાં ભગવાન જ હોઈ તેની સિદ્ધિ અર્થે પણ પુરુષાર્થરૂપ અન્ય ઉદ્યમ નહીં કરી માત્ર શ્રીકૃષ્ણ જ આશ્રયણીય છે એમ દર્શાવનાારા છે. બીજું તાત્પર્ય પ્રકટ કરતાં તેઓ જણાવે છે કે શ્રીમદ્ ભાગવતોક્ત ભગવાનની દશ પ્રકારની લીલાઓ સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય એને એક-એક કરીને દશ શ્લોકોમાં નિરૂપવામાં આવી છે. ત્રીજું તાત્પર્ય પ્રકટ કરતાં તેઓશ્રી જણાવે છે કે ભગવાનના દશ પ્રકારના ભક્તો છે. (૧) સાત્ત્વિક-સાત્ત્વિક, (૨) સાત્ત્વિક-રાજસ, (૩) સાત્ત્વિક-તામસ, (૪) રાજસ-રાજસ, (૫) રાજસ-સાત્ત્વિક, (૬) રાજસ-તામસ, (૭) તામસ-તામસ, (૮) તામસ-રાજસ, (૯) તામસ-સાત્ત્વિક અને (૧૦) નિર્ગુણ. આ દશ પ્રકારોને દશ શ્લોકમાં નિરૂપવામાં આવ્યા છે. ચોથું તાત્પર્ય પ્રકટ કરતાં તેઓશ્રી જણાવે છે કે દશ ઈન્દ્રિયો અથવા તો દશ પ્રાણોથી જેમ જીવનનાં કાર્યો સિદ્ધ થાય છે તેમ દશ શ્લોક વડે ભગવાનનું જ સર્વ સાધકપણું છે તે સ્તુતિરૂપે દર્શાવ્યું છે.

પ્રારંભના છ શ્લોકો કાલ-દેશ વગેરે ધર્મસાધનોની અસાધકતા દર્શાવે છે એમ લગભગ દરેક ટીકાકારો સ્વીકારે છે. આમાં પ્રથમ શ્લોક કાલની અસાધકતા દર્શાવે છે. સાધારણ રીતે લોકો પોતાના જીવનમાં લોકાશ્રય એટલે કે લોકસમ્બન્ધી દેખાતા આશ્રયોનો સહારો લેતા હોય છે અથવા તો કેટલાક લોકો ધર્માશ્રય એટલે કે ધર્મનો ધર્મ, અધ્યાત્મ, કર્મ, કર્મસમ્બન્ધી દેવો, મંત્રો, ક્ષેત્રો, તીર્થો, સન્ત-મહાત્માઓ વગેરે ધર્મરૂપમાં કહેવાતા-દેખાતા આશ્રયોનો સહારો લેતા હોય છે. અતિશય લૌકિકમાં વ્યાપ્ત અને સંસારનાં સુખ-દુઃખોના સતત આઘાતથી મૂઢ બની ગયેલી જીવની ચિત્તવૃત્તિનો એ સ્વભાવ બની ગયો હોય છે કે જ્યાંસુધી બીજો કોઈ સરળ અને ફલને આપનારો આશ્રય મળતો હોય ત્યાં સુધી તે પરમેશ્વરના આશ્રયની ઈચ્છા પણ કરવા માંગતો નથી. ભલે તે પરમેશ્વરનો આશ્રય ન કરી લોક અને ધર્મનો આશ્રય કરી જીવન વિતાવે - તેમાં પણ વાંધો ન લેવામાં આવે, પણ જીવ જેને આશ્રય માને છે - અથવા જેને આશ્રય માની બેઠો છે તે પણ બધા જ કાલના અન્તર્ગત હોવાથી અધુના પ્રભુએ જે કાલ પ્રગટ કર્યો છે તે કાલમાં આ બધાનું જે કંઈ પણ અર્થમાં આશ્રયપણું હતું તે પણ રહ્યું નથી, તેથી આ માર્ગો-સાધનોનો આશ્રય એ અન્યગતિ ઉપરાન્ત અગતિના સ્વરૂપવાળો પણ છે કે જેમાં ભવગતિ યા અધોગતિથી અતિરિક્ત બીજું કોઈ પરિણામ સંભવી શકતું નથી. અતઃ શુદ્ધ

પુષ્ટિ ઉપરાન્તના મર્યાદા મિશ્ર, પ્રવાહમિશ્ર તેમજ શુદ્ધ-મિશ્ર મર્યાદાના અધિકારવાળાઓને માટે પણ અધુના કાલમાં સમાન દશા હોવાથી સર્વ અધિકારવાળાઓને પોતાના અધિકારાનુસાર શ્રેયોપલબ્ધિ અર્થે પણ શ્રીકૃષ્ણ જ માત્ર આશ્રયણીય છે એમ જણાવવા કાલ વગેરે ધર્મષટ્કની અસાધકતા દર્શાવતાં શ્રીઆચાર્યચરણ પ્રથમ શ્લોકમાં ઉપદેશે છે :-

શ્લોક-પહેલો

सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि ।
पाषण्डप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥ १ ॥

अन्वय :- खलधर्मिणि कलौ सर्वमार्गेषु नष्टेषु च पाषण्डप्रचुरे लोके कृष्ण एव मम गतिः ।

(જ્યાં) આ ખલધર્મવાળા કલિ (કાલ)માં સર્વ (શ્રેયના જ્ઞાનાદિ) માર્ગો નષ્ટ થતાં (જ્યાં) સર્વ લોક પાષંડમાં પ્રચુર છે (તેવી સ્થિતિમાં) કૃષ્ણ જ મારી ગતિ હો ॥ ૧ ॥

સ્તોત્ર વિવરણ :- કલિકાલમાં સર્વ માર્ગોનો નાશ અને લોકમાં પાખંડની પ્રચુરતા થઈ છે તેથી આ કાલ-સમય ધર્મ સાધક રહ્યો નથી એમ જાણી શકાય છે. ધર્મ-કર્મ માટે પુણ્યકાલ અપેક્ષિત હોય છે, પુણ્યકાલમાં જ કરાયેલું કર્મ પુણ્યને ઉત્પન્ન કરનારું - ફલને પામનારું બને છે. પુણ્ય એટલે જેમાં પવિત્રતાનો ભાવ રહેલો હોય તે પુણ્ય. યજ્ઞ, દાન, તપ, વ્રત, યોગ વગેરે કર્મો મનમાં જે હેતુને વિચારીને કરવામાં આવે છે તેના અનુકૂલ સ્વરૂપવાળું - તે હેતુને સાધવાવાળું ફલ ઉત્પન્ન કરે છે પણ લોકસમ્બન્ધી ફલને નહીં ઈચ્છીને માત્ર શ્રેયપ્રાપ્તિની ઈચ્છા માટે ઉપર્યુક્ત કર્મો કરવામાં આવે છે ત્યારે તે કર્મ ગીતામાં જણાવ્યા અનુસાર

यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥
(ગીતા ૧૮-૫)

અર્થાત્ - યજ્ઞ, દાન, તપ વગેરે કર્મ (ક્યારેય) ત્યાગવાં નહીં પણ તે કરવાં જ જોઈએ, કારણ કે એ કર્મો બુદ્ધિશાળી જનોને (એમનાં પાપ દૂર કરી) પવિત્ર કરનારા છે. આ પ્રકારે જણાવી ગીતામાં જ ભગવાન જણાવે છે કે -

देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ।
(ગીતા ૧૭-૨૦)

આ પ્રકારે યથાકાલ-ઉચિતકાલમાં જ્યારે આ કર્મો કરવામાં આવે છે ત્યારે તે કર્મો કર્તાને જ્ઞાનોપલબ્ધિ માટેનું જરૂરી પાવિત્ર્ય સાધનારા બને છે. જેમ ગ્રહણ, દીપાવલી, વિજયાદશમી, શ્રાવણી પૂર્ણિમા, ફાલ્ગુની પૂર્ણિમા, હોલિકાદહન, વગેરે વિશેષ પર્વો (તહેવારો) પર તે તે પર્વ સમ્બન્ધી શ્રાદ્ધ, દાન, હોમ, કૃચ્છ્રચાન્દ્રાયણાદિ વિશેષ કર્મોનું શાસ્ત્રોમાં વિધાન થયેલું છે. જેમ સૂર્ય-ચન્દ્રના ગ્રહણમાં ગ્રહણકાલ એ પુણ્યકાલ છે, મકરસંક્રાન્તિમાં સૂર્ય જે સમયે મકરરાશિમાં સંક્રમણ (પ્રવેશ) કરે ત્યારથી ૯૬ મિનીટ મુખ્ય પુણ્યકાલ છે. મેષ સંક્રાન્તિમાં સૂર્ય મેષમાં સંક્રમણ કરે તે સમયના પહેલાંની ૨૪ મિનીટ અને તે પછીની ૨૪ મિનીટ એ મુખ્ય પુણ્યકાલ છે, સૂર્ય તુલારાશિમાં હોય અને અમાવાસ્યાની તિથિ આવે તે દીપાવલી પર્વ છે અને તેમાં અમાવાસ્યા જેટલી ઘડી રહેતી હોય તે પુણ્ય કાલ છે, આશ્વિનમાસમાં દશમીના રોજ અથવા દશમીના સમીપમાં સાયંકાલવેલામાં શ્રવણ નક્ષત્ર આવતું હોય તે વિજયાદશમી પર્વ છે. આમાં સાયંકાલે દશમીતિથિમાં કે સમીપમાં શ્રવણયોગ એ પુણ્યકાલ છે, આશ્વિનશુક્લમાં મૂલનક્ષત્ર એ દેવીના આવાહનનો પુણ્યકાલ છે અને શ્રવણ નક્ષત્ર વિસર્જન માટેનો પુણ્યકાલ છે,

શ્રાવણમાસની પૂર્ણિમા તિથિ સૂર્યોદય વેલામાં હોય તે વ્રત માટે પ્રશસ્ત છે અને જેમને યજ્ઞોપવીત બદલવાના છે તેમને માટે શ્રવણ-પૂર્ણિમાનો યોગ મધ્યાહ્નમાં જે દિવસે પ્રાપ્ત થતો હોય તે મુખ્ય પુણ્યકાલ છે. આ પ્રકારે કર્મ વિષયમાં કાલ અતિ મહત્ત્વપૂર્ણ વસ્તુ બની જાય છે. વેદ વગેરે ધર્મશાસ્ત્રોમાં ઉપદિષ્ટ ધર્મ એના **'तपः शौचं दया सत्यम्'** આ ચાર ચરણોથી સમ્પન્ન હોતાં પૂર્ણ ધર્મ સમ્પન્ન થાય છે. અને આ ચાર ચરણોમાંથી જેટલી ઊણપ થાય તેટલી ધર્મ સમ્પન્નતામાં પણ ઊણપ આવે છે. સામાન્ય રીતે સત્યયુગમાં ધર્મ ચારે ચરણોથી સમ્પન્ન રહે છે તેથી સત્યયુગ સમયનો કાલ ધર્માચરણ માટે સર્વાધિક અનુકૂલ કહી શકાય છે, જ્યારે ત્રેતાયુગમાં ધર્મનું એક ચરણ ખંડિત થઈ ધર્મ ત્રણ ચરણનો રહે છે, દ્વાપરમાં બે ચરણ નાશ પામી બે ચરણનો રહે છે અને કલિયુગમાં ત્રણ ચરણ નાશ પામી સત્ય નામનું એક જ ચરણ બચે છે, તેથી કલિયુગમાં ધર્મ માત્ર એક જ ચરણવાળો અતિ દુર્બળ અવસ્થાવાળો રહે છે. આ સત્ય નામક ધર્મનું એક ચરણ પણ જે શેષ રહે છે તે પણ કંઈ સાંગોપાંગ-સહીસલામત હોતું નથી પણ દરેક પ્રકારે તૂટેલું અને દેખાવ માત્રનું જ શેષ હોય છે જેથી કલિયુગમાં સત્યરૂપ ધર્મ પણ માત્ર આભાસરૂપ સત્ય જ શેષ રહે છે. તેથી જ શ્રીઆચાર્યચરણ કૃષ્ણાશ્રયના પ્રથમ શ્લોકમાં આ સત્યરૂપ ધર્મની આભાસરૂપતાને દર્શાવતા જણાવે છે કે - **'कलौ च खलधर्मिणि'** આ કલિકાલ કેવો છે, તો તેઓશ્રી કહે છે ખલધર્મવાળો આ કલિ સર્વત્ર વ્યાપી રહ્યો છે. ખલધર્મનું તાત્પર્ય જણાવતાં શ્રીરઘુનાથજી પોતાની ટીકામાં લખે છે - **'बहिर्धर्मरूपाभासोऽन्तर्दोषग्रस्तो धर्मः खलो भवति, तादृशो धर्मो यस्मिन् कलौ । खलानां दाम्भिकहैतुकपाषण्डिनामेव धर्मो यस्मिन्निति वा।'** અર્થાત્ જે ધર્મ બહાર દેખાતા પ્રકારમાં ધર્મરૂપે પ્રતીત થતો માત્ર આભાસ જ હોય છેઅને અન્દરથી પૂર્ણ રીતે દોષોથી ગ્રસાયેલો હોય તેવો ધર્મ ખલધર્મ થાય છે, આવો ખલધર્મ જેમાં વ્યાપેલો છે તેવો કલિ ખલધર્મવાળો કલિ. અથવા તો ધર્મકરણમાં પરોપકાર કે સ્વોદ્ધાર કે ભગવદ્ યજન-ભજનનો હેતુ ન હોઈ માત્ર લોકોને ઠગવા માટેનો જે દંભ છે તે દંભ ફેલાવવાનો જ ધર્મકરણમાં જેનો હેતુ છે એવા પાખંડી લોકોના જ દંભ વગેરે પાખંડી ધર્મો જેમાં રહેલા છે તેવો કલિકાલ.

શ્રીકલ્યાણરાયજી પણ પોતાની ટીકામાં આ મુજબ જ જણાવે છે કે - **'खलोऽन्तर्दुष्टो धर्मस्तद्वति सति'** શ્રીદ્વારિકેશ્વરજી પોતાની ટીકાાં લખે છે - **'खलाः सर्वथा बाह्याभ्यन्तरभेदेन धर्मादिकृत्यनुसन्धानरहिताश्च, अनुसन्धानेऽपि द्वेषार्थमेव तदनुसन्धानं, न च स्वस्यान्येषां वा चिकीर्षाबुद्धिजनकत्वेन ।'** અર્થાત્ જે ખલ હોય છે તે બહાર-અન્દરના ભેદ વડે (અંદર કંઈક અને બહાર કંઈક એવા ભેદ વડે) ધર્મ વગેરે કૃતિના અનુસંધાનથી રહિત હોય છે અને અનુસંધાનમાં પણ દ્વેષને લઈને જ તેમનું ધર્માદિનું અનુસંધાન હોય છે. શ્રીવ્રજરાયચરણ પણ પોતાની ટીકામાં **'खलोऽन्तर्दुष्टो धर्मो यस्मिन्नसौ'** એમ જણાવે છે.

આ પ્રકારે કલિકાલમાં જ્યાં-જ્યાં પણ ધર્મ થાય છે ત્યાં ત્યાં પણ દેખાતો ધર્મ કે ધર્મની પ્રવૃત્તિ એ માત્ર આભાસરૂપ પાખંડ-દંભથી જ છે. વાસ્તવિક કલ્યાણકર ધર્મ ત્યાં નથી હોતો. અતઃ કલિમાં આ રીતે ચારે ચરણોનો નાશ થતાં આધારહીનતાથી ધર્મ સ્થિતિ કરી શકતો જ નથી. આ કાલ એટલો પ્રબલ હોય છે કે જ્ઞાનીઓ, યોગીઓ વગેરે તો ઠીક પણ જો ભગવદીયો પણ જેટલા સમયમાં ભગવાનને વિસ્મરી પોતાનું કે પોતિકા પ્રમાણે સ્મરણ કરે છે તો તેટલા સમયમાં તેમનામાં કલિ પ્રવેશ થઈ તેમને પણ ઉપર્યુક્ત ખલધર્મનો દોષ પ્રાપ્ત થઈ તેમનાં મન-બુદ્ધિ વગેરે ગ્રસિત કરી લે છે જે પરીક્ષિત રાજાના દાખલાથી જાણી શકાય છે. આ વાતને જ શ્રીઆચાર્યચરણ **'यदा बहिर्मुखा यूयं भविष्यथ कथं च न'** અહીં શ્રીઆચાર્યચરણની ઉક્તિમાં **'यदा'** જ્યારે એમ કહ્યું છે એનો અર્થ કલિયુગની અધિક કે અત્યધિક વ્યાપૃતિ થતાં તમે બહિર્મુખ થશો ત્યારે એમ સમજવું ?

નહીં. કેમ કે શ્રીઆચાર્યવાક્યમાં **'यदा'** શબ્દ ગીતાની માફક **'यदा यदा'** ના અર્થમાં પ્રયોજાયેલો છે. ગીતામાં ભગવાન **'यदा'** એમ નહીં કહીં **'यदा यदा'** 'જ્યારે જ્યારે' એમ કહે છે, તેથી ધર્મની હાનિ, અધર્મનું ઉત્થાન, સાધુ પુરુષોને ક્લેશ, અસત્ પુરુષોનો પ્રાધાન્યે પ્રભાવ અને ધર્મસંસ્થાનો ઉચ્છેદ એ માત્ર કલિ નામથી પ્રવર્તિત યુગમાં કે જેનો આરંભકાળ શ્રાવણ કૃષ્ણ ચતુર્દશી વા અમાવાસ્યા છે એ પ્રવર્તમાન કલિયુગમાં જ આ બધું ઘટે છે અને સત્યયુગમાં આથી વિપરીત જ હોય છે એમ નહીં માનવું જોઇએ. નહીંતર પછી ભગવાનના અવતરણનું પ્રયોજન માત્ર દ્વાપર અને કલિયુગમાં જ પ્રાપ્ત થશે, સત્યયુગ યા ત્રેતાયુગમાં પ્રાપ્ત નહીં થાય અને તે મુજબ પછી એ બે યુગોમાં ભગવાનના અવતારો પણ ન થવા જોઇએ. પરન્તુ ભાગવતાદિ શાસ્ત્રોથી જાણી શકાય છે કે ભગવાનનો વરાહ અવતાર પ્રલયકાળ પછી સત્યયુગના આરંભે થયેલો છે અને ભગવાનનો નૃસિંહાવતાર સત્યયુગ-ત્રેતાયુગના સંધ્યાંશમાં થયેલો છે અને તેથી સત્યયુગમાં પણ હિરણ્યાક્ષ-હિરણ્યકશ્યપ જેવા અતિશય ઘોર સાક્ષાત્ કલિરૂપ ધર્મ વિઘાતક તત્ત્વોની સ્થિતિ હતી અને તે બન્ને ભાઇઓએ પોતપોતાના સમયમાં ધર્મનો ઉચ્છેદ કરી દીર્ઘકાલ પર્યન્ત ધર્મવિરોધી રાજ્ય પ્રવર્તાવ્યું હતું અને તેથી જ પ્રજામાં પુનઃ ધર્મની સ્થાપના અર્થે ભગવાને અવતાર ગ્રહણ કર્યા છે. આ રીતે વિચારતાં મને તો એમ લાગે છે કે જેમ ભગવાન ગીતામાં જણાવે છે -

रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ।
रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ॥

(ગીતા ૧૪-૧૦)

(ત્રણે ગુણો સદૈવ સાથે જ રહેતા હોય છે પણ ક્યારેક) રજોગુણ-તમોગુણને દબાવી સત્ત્વગુણ વૃદ્ધિને પામે છે, (ક્યારેક) સત્ત્વગુણ-તમોગુણને દબાવી રજોગુણ વૃદ્ધિને પામે છે અને ક્યારેક સત્ત્વગુણ-રજોગુણને દબાવી તમોગુણ વૃદ્ધિને પામે છે (તેથી એક વ્યક્તિમાં જુદા-જુદા સમયે ત્રણે ગુણોની પ્રવૃત્તિ જોવામાં આવે છે. પરન્તુ જે દેખાય છે તે ગુણ સિવાયના બીજા બે ગુણોની તેમાં સ્થિતિ નથી એમ નહીં માનવું જોઇએ.) આ રીતે આ ચાર યુગોની પણ ત્રિગુણાત્મકતા શાસ્ત્રોમાં કહેવાઇ છે, જેમાં સત્યયુગ એ સત્ત્વગુણ પ્રાધાન્યે છે, ત્રેતાયુગ એ સત્ત્વગુણ રજોગુણની મિશ્ર પ્રધાનતાથી છે, દ્વાપરયુગ એ રજોગુણ-તમોગુણની મિશ્ર પ્રધાનતાથી છે અને કલિયુગ એ તમોગુણની પ્રધાનતાથી છે. આ પ્રકારે ચારે યુગનો બનેલો જે એક ચતુર્યુગી કાલ છે તે ત્રિગુણાત્મક પ્રાકૃત જ છે. અતઃ સત્યયુગનું જ્યારે પ્રવર્તન થાય છે ત્યારે સહજરૂપે જ પ્રજામાં ધર્મ તરફ પ્રવૃત્તિ બનતી હોય છે તેમ છતાં પણ તેની સાથે દબાયેલી સૂક્ષ્મ સ્થિતિમાં બાકીના ત્રણ યુગોના કાલની સ્થિતિ પણ સાથે હોય જ છે તેથી સત્યયુગ કાલમાં કલિનો અભાવ નથી હોતો. જો કલિનો તેમાં અભાવ જ હોતે તો કલિકાલને પણ શરમાવે તેવો હિરણ્યાક્ષ-હિરણ્યકશ્યપના રાજ્યવાળો અધર્મનો કાળ કેવી રીતે પ્રવર્તતે ? ત્રેતાયુગમાં રાવણના રાજ્યવાળો કાલ કેવી રીતે પ્રવર્તતે ? જો આ બાબતમાં એમ કહેવામાં આવે કે આ દૈત્યોના પ્રભાવથી ઋષિઓની ધર્મપ્રવૃત્તિ મંદ પડી હતી પણ તેથી કલિના ગુણોનો યુગ પર પ્રભાવ હતો તેમ કહી શકાય નહીં ? તો આના ઉત્તરમાં ઋષિઓના સામર્થ્યનું મન્દપણું જ તે કાલમાંથયું જેથી દૈત્યો વૃદ્ધિને પામી શક્યા એમ માનવામાં કોઇ આપત્તિ નડતી નથી. નહીંતર જે વિશ્વામિત્ર જેવા ઋષિઓ તપોબળે બ્રહ્મત્વને પામી શકે છે અને જે એક સ્વતંત્ર સૃષ્ટિનું સર્જન કરી શકવા સમર્થ છે તે ઋષિઓના દૈત્યોની સામે હાથ હેઠા પડે એ બન્નેમાં કાલસામર્થ્ય સિવાય બીજુ શું માની શકાય તેમ છે ? ઉપરાન્ત તે સમયની પ્રજામાં પણ કલિ પ્રવૃત્તિ જોઇ શકાય છે કે દૈત્યોનો, અસુરોનો આશ્રય કરીને ધર્મહીન જીવન જીવવાની માનસિક તૈયારી તે લોકો સાધી શક્યા હતા. નહીંતર તે લોકો આસુરી સંસ્કૃતિને આધીન થઇ જીવવા કરતાં પ્રાણત્યાગનો ધર્મ જ અપનાવતે. કશ્યપ જેવા અને પુલહસ્ત્ય જેવા સમર્થ મંત્રદ્રષ્ટા ઋષિઓ પોતાની પત્નીના અધર્મયુક્ત વચનને આધીન થઇ જવામાં ધર્મ માને તો એને

કાલબલ નહીં તો શું એને સત્યયુગની પ્રવૃત્તિ માનવી ? ખરેખર દરેક યુગમાં ધર્મનું પ્રવર્તન અને ધર્મની હાનિ આ બન્ને પ્રવૃત્તિઓ કાલબળને જ દર્શાવે છે. જેમ ઉદ્ભવકાળ જ સ્થિતિરૂપે રહી પરિણામે પ્રલયકાળ સ્વરૂપને પ્રદર્શે છે, જેમ એક જ ક્રિયા જન્મ, જીવન અને મરણનાં ત્રાણ સ્વરૂપને પ્રદર્શે છે, તેમ ધર્મપ્રવર્તક અને ધર્મવિઘાતક આમ બે પ્રકારમાં દેખાતો કાળ એક જ કાલનાં બે સ્વરૂપો છે. તેથી કાલની ત્રિગુણાત્મકતા કહેવાથી સાત્ત્વિક કાલ, રાજસ કાલ, તામસ કાલ કે મિશ્રકાલ એમ જે કાલના ત્રાણ, નવ કે તેથી વિશેષ ભેદો છે તે સ્વરૂપતઃ ભેદ છે, તત્ત્વતઃ ભેદ નથી. તત્ત્વતઃ તો એક જ કાલ છે જે ભગવદ્રૂપ છે, પ્રકૃતિથી પર છે અને પ્રકૃતિના ત્રાણ ગુણોનો ક્ષોભક છે. એ જ કાલ ગુણક્ષોભના અનન્તર પ્રકૃતિના સાત્ત્વિકાદિ ગુણોના અધિષ્ઠાનમાં રહી પોતાનું જે રૂપ પ્રદર્શે છે તે મુજબ તે સત્ય, ત્રેતા, દ્વાપર, કલિ વગેરે સંજ્ઞાવાળો બને છે. આ કાલ પણ ભગવદ્રૂપ છે અને તે કાલરૂપનો આવિર્ભાવ પણ ભગવાનની લીલામાં ઉપયોગીપણાથી સેવકભાવે છે તેથી કાલ એ પણ ભગવાનનો સેવક ભગવાનને આધીન છે. ભગવાન કાલને આધીન રહી લીલા નથી કરતા, પણ ક્રીડાની ઈચ્છાવાળા ભગવાનને આધીન રહી લીલાને અનુકૂલ કાલ પ્રવર્તે છે. તે માટે જ તો એણે આ ગુણોમાં ક્ષોભ કર્યો છે અને ગુણોનું અધિષ્ઠાન સ્વીકાર્યું છે. અતઃ એક કાલનો ચાર રૂપમાં વિભાગ અને ચાર યુગની પ્રવૃત્તિ એ સર્વ ભગવાન થકી જ છે તેમજ તે - તે યુગના કાલમાં પણ ભગવાન જ્યારે જે કરવા માંગે છે તેના અનુકૂલ જ યુગનું પ્રવર્તન થાય છે અને તેથી જ શ્રીવિષ્ણુના સર્વ અવતારો એ પણ કાલને આધીન નથી કે જ્યારે અધર્મ- પ્રવર્તક યુગ પ્રવર્તતો હોય ત્યારે જ ધર્મ પ્રવર્તન માટે ભગવાન વૈકુંઠથી અંશ-કલા વગેરે કોઈ પણ રૂપે અહીં પધારે. અતઃ ગીતાના વાક્યમાં **‘यदा यदा धर्मस्य ग्लानिर्भवति तदा आत्मानं अहं सृजामि’** આમાં **‘यदा’** અને **‘तदा’** માં સ્વતંત્ર યુગપ્રવૃત્તિને નહિ વિચારી ભગવદિચ્છાને આધીન કાલપ્રવૃત્તિ વિચારવી જોઈએ.

આ પ્રકારે વિચારતાં તે - તે યુગમાં વિદ્યમાન ભક્તોને ધર્મ સિદ્ધિ થતી જોઈ અને તેના વડે સર્વ વસ્તુ સમ્પન્ન થતાં જોઈ તેઓ ધર્મમાં આસક્તિવાળા ન થાય, સર્વ ધર્મો પણ ભગવાનના જ આશ્રયે છે અને તેના વિના - ભગવદાશ્રય વિહોણા ધર્મો એ ઉત્તમશ્રેય કે પરલોકને જ નહીં પણ આ લોક સમ્બન્ધી ફલને પણ સાધી શકવા સમર્થ નથી એવું જ્ઞાન થઈ તેઓ ભગવદાશ્રયભાવે ભગવાનમાં જ આસક્તિવાળા બન્યા રહે તેવી સ્વભક્તોને આશ્રયદાન આપવાની ભગવાનની ઈચ્છાથી જ યુગમાં કલિપ્રવૃત્તિ થાય છે. ધર્મને જ્યારે કાલ સામે ઘુંટાણ ટેકતા તેઓ જુએ-અનુભવે ને તેમ છતાં પણ તેવા કાલમાં પણ ભગવાન વડે સર્વ કાર્યોની સિદ્ધિ થતાં તેઓ જુએ ત્યારે તેમનો પ્રભુમાં અતૂટ દૃઢ વિશ્વાસ જાગે છે જે આશ્રયસિદ્ધિમાં આવશ્યક છે. રસાતલની ભોગવાદી આસુરીવૃત્તિ-પ્રવૃત્તિના દુઃસંગમાં ડૂબેલી પૃથ્વીને ભગવાને જ વરાહરૂપે ઉદ્ધૃત કરી પુનઃ તેને કર્મમાં - મર્યાદામાં સ્થાપી અને જ્યારે તે ભગવાન વડે સ્વમર્યાદામાં સ્થાપિત થઈ ત્યારથી ત્યાં સત્યયુગનું પ્રવર્તન થયું, નહીં કે સત્યયુગ પ્રવર્તિત થતાં ભગવાને તેને ઉદ્ધૃત કરી છે. તેમ છતાં શ્રીપ્રભુનો આ અવતાર પૃથ્વીતલ પર થયો ન હોઈ શ્રીપ્રભુનું આ માહાત્મ્ય ભક્તો સમક્ષ જે અર્થમાં પ્રકટ થવું જોઈએ તે થઈ શક્યું નહીં તેથી લોકો ભગવદાશ્રયને બદલે ધર્માશ્રય-કર્માસક્તિ તરફ વળ્યા. પરન્તુ તેઓ એ જાણી સમજી શક્યા નહીં કે આ યુગમાં જે ધર્મ પ્રવૃત્તિ થઈ શકે છે તે ધર્મના પોતાના બલથી નહીં અપિતુ ભગવદ્ બલથી જ આ ધર્મ પણ બલવાન છે. ધર્મમાંથી ભગવદ્બલની બાદબાકી થઈ જાય તો ધર્મ ધર્મરૂપમાં પોતાને ટકાવી રાખવા પણ સમર્થ નથી. વાસ્તવમાં ભગવદ્ હેતુક ધર્મ જ સર્વનું શ્રેય સાધી શકે છે અન્યથા ભગવદ્ હેતુ વિનાની માત્ર ધાર્મિકી ક્રિયા વ્યર્થના શ્રમથી અતિરિક્ત બીજું કોઈ શ્રેય સાધી શકતી નથી તેથી ધર્મનું આચરણ પણ ભગવદાજ્ઞા પરિપાલનરૂપે ભગવદ્ હેતુથી જ કરવાનું છે પણ જ્યાં સુધી આશ્રયનો પ્રશ્ન છે ત્યાં સુધી તો ભગવાન જ આશ્રયણીય છે. બલ્કે સાંગ ધર્માચરણની સિદ્ધિને અર્થે પણ ભગવાન જ આશ્રયણીય છે. ભગવદ્ભાવ,

ભગવદ્ વિષય, ભગવદ્ હેતુ વિનાનો જે ધર્મ છે તે તો બહિર્મુખ છે અને તેવા ધર્મથી તો અન્તઃ, સૂક્ષ્મ, ઉત્કૃષ્ટ કોઈ પણ સિદ્ધિ સધાવી શક્ય જ નથી. બહિર્મુખ ધર્માચરણ જો અન્તર્મુખ વિષયથી સમ્બન્ધવાળું થઈને થતું હોય ત્યારે તો તેવું ધર્માચરણ સાધનરૂપમાં માની શકાય છે. **‘आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति’** એ પ્રિય પ્રેષ્ઠ આત્મા ભગવાનને અવિચારી માત્ર ભૌતિકતાથી જ જે ધર્મ આચરાતો હોય તેવું ધર્માચરણ બહિર્મુખ કહેવાય છે. અતઃ તે યુગમાં રહેલા ભક્તો એટલે કે ભક્તિના અધિકારવાળા જીવો કે જે લોકો કાલમાં વૃદ્ધિને પામેલા સફલ ધર્મને જોઈ ધર્માશ્રયવાળા અને કર્માસક્તિવાળા બની ગયા છે તેવાઓને ધર્માશ્રય છોડાવી પોતાના આશ્રયમાં લેવા અને તેમનામાં ભક્તિને પ્રવર્તાવવા ભગવાન સત્ય-ત્રેતા વગેરે યુગમાં પણ કલિનો પ્રભાવ પ્રવર્તાવે છે અને તેવો સમય હિરણ્યકશિપુના રાજ્યકાલમાં અને રાવણના રાજ્યકાલમાં જોઈ શકાય છે.

હિરણ્યકશિપુના રાજ્યકાલમાં એણે પોતાના દાનવ સૈનિકોને આદેશ આપેલો કે તમે જ્યાં જુઓ ત્યાંથી યજ્ઞ, બ્રાહ્મણો, ગાય, જ્યાં પણ ધર્મની પ્રવૃત્તિ થતી હોય તેવાં સ્થળો વગેરે સર્વનો ઉચ્છેદ કરો, કેમ કે આ બધાથી જ વિષ્ણુ વૃદ્ધિને પામે છે અને તેવી રાજાજ્ઞા મુજબ બધા જ દાનવોએ મળીને ત્રિલોકીમાં કાળો કેર વર્તાવવા માંડ્યો. આવા સમયે યજ્ઞહવિ ગ્રહણ કરનારા દેવો જ્યાં-ત્યાં સંતાવા માંડ્યા, વેદનું પઠન-પાઠન કરનારા બ્રાહ્મણો પોતાનું વર્ણોચિત કર્મ ત્યાગી હિરણ્યકશિપુની ઈશ્વરતાના અધ્યાપકો બની ગયા, બધાં તીર્થો અને ક્ષેત્રો દાનવી વિકૃતિઓથી ભ્રષ્ટ થયા અને સુરા-સુન્દરી-અભક્ષ્ય ભક્ષણનાં ભોગકેન્દ્રો બની ગયા. આમ ધર્મનો દરેક રીતે દરેક સ્થળે ઉચ્છેદ થવા લાગ્યો. પવિત્ર ઋષિઓ મુનિઓ પ્રજાનું કલ્યાણ કાર્ય ત્યાગી પોતાની જાતને બચાવવાની ફિકરમાં પ્રજાના મધ્યે કે સમીપથી દૂર જ્યાં કોઈની દૃષ્ટિ પણ ન પડી શકે તેવાં સ્થળોએ પોતાના ઋષિત્વનું ગોપન કરી રહેવા લાગ્યા. આવા ભયાનક વિકરાલ કાલમાં પણ હિરણ્યકશિપુને ત્યાં જ - તેના ગૃહે -તેનો જ પુત્ર પ્રહ્લાદ ભગવદાશ્રયનું બળ લઈ અવતર્યો અને જ્યાં ધર્મનો આશ્રય કરનારા અથવા તો કર્મ-દેવ વગેરેનો આશ્રય કરીને રહેનારાઓ યા તો દાનવોના ડરથી પલાયન થઈ ગયા હતા યા દાનવોના ડરથી તેમનાં ગુણગાન ગાનારા થઈ ગયા હતા ત્યાં પ્રહ્લાદે સર્વથી નિર્ભય હૃદયે અને સર્વથા નિષ્કપટ વાણીમાં પોતાના પિતા હિરણ્યકશિપુને પોતાના વિદ્યાદાતા ગુરુજનોની સન્નિધિમાં સ્પષ્ટ ભાષામાં કહી નાખ્યું :-

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥
इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा ।
क्रियते भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम् ॥
मतिर्नकृष्णे परतः स्वतो वा मिथोऽभिपद्येत गृहव्रतानाम् ।
अदान्तगोभिर्विशतां तमिस्रं पुनः पुनश्चर्वितचर्वणानाम् ॥

પ્રહ્લાદજીની આ નિષ્કપટ, સૌમ્ય અને નિર્ભય વાણીમાં તેમનો સુદઢ કૃષ્ણાશ્રય ઝળકે છે. પ્રહ્લાદજીના દઢ કૃષ્ણાશ્રયથી ભગવાન દ્વારા તેમની રક્ષા અને મહા અનિષ્ટ દાનવનું નિવારણ તેમજ પ્રહ્લાદજીના નિમિત્તથી જ સર્વ પ્રજાનું અધર્મના રાજ્યમાંથી મુક્ત થઈ ધર્મમાં પુનઃ પ્રવર્તિત થઈ શકવું શક્ય બન્યું. આ પ્રકારે જ્યારે સત્ય-ત્રેતાયુગના સર્વએ ભગવદાશ્રિતોનો ઉત્કર્ષ પ્રત્યક્ષ નિહાળ્યો અને આશ્રય વિહોણાઓનો અત્યન્ત અપકર્ષ થતો જોયો ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે વાસ્તવમાં આ સમસ્ત જગતમાં એકમાત્ર ભગવાન જ આશ્રય છે, ધર્માશ્રય કે લોકાશ્રય એ વાસ્તવમાં આશ્રય નથી જ.

ત્યારબાદ **‘त्रेतायां यजतो मखैः’** એ વાક્યાનુસાર પુનઃ ધર્મનું સામ્રાજ્ય સ્થાપિત થતાં - ત્રણ ચરણયુક્ત ધર્મનું પ્રવર્તન થતાં સત્યયુગમાં જે ભગવદ્રૂપનું ધ્યાન વડે સેવન કરતાં લોકો જીવનમાં પરમશ્રેયને અર્જિત કરતા હતા ત્યાં પૂર્વયુગ કરતાં આ યુગમાં કિંચિત્ ન્યૂનતા હોવાથી ધ્યાનાદિ સર્વથા

આન્તરિકી ક્રિયા સર્વશક્ય ન હોવાથી - સર્વવ્યાપી એવા વિષ્ણુને સ્થિર ધ્યાનમાં સેવવા એ અઘરું થતાં **‘यज्ञो वै विष्णुः’** યજ્ઞ એ નિશ્ચયે કરીને વિષ્ણુ છે એમ વેદોમાં કહેવાયું હોવાથી વસ્તુતઃ શ્રેયની ઉપલબ્ધિ કરાવવાનું સામર્થ્ય એ ક્રિયામાં નહીં પરન્તુ ક્રિયા દ્વારા આરાધ્ય, ધ્યેય, અર્ચ્ય યા કીર્ત્ય ભગવાન છે તેમનામાં જ રહેલું છે, તેથી જ તો ભાગવતમાં આ વાક્યના આરંભે કહેવાયેલી ક્રિયા સાથે વિષ્ણુ પદ જોડવામાં આવ્યું છે :-

कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः ।
द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ॥
(ભાગ. ૧૨-૩-૫૨)

કૃતયુગ એટલે સત્યયુગમાં જે ફલ-જે શ્રેયની ઉપલબ્ધિ શ્રીવિષ્ણુના ધ્યાનથી થાય છે, જે ઉપલબ્ધિ ત્રેતામાં સતત યજ્ઞમય જીવનથી શ્રીવિષ્ણુના યજન વડે થાય છે, જે ફલ દ્વાપરમાં શ્રીવિષ્ણુની પરિચર્યાથી થાય છે તે જ ફલની પ્રાપ્તિ કલિમાં શ્રીહરિનાં કીર્તન (માત્ર) થી થઈ જાય છે. આ શ્લોકનું આ રીતે વ્યાખ્યાન થઈ શકે છે :- **‘कृते सत्ये सातत्येन यावज्जीवं श्रीविष्णुं ध्यायतः यत् फलं संभवति, तथा च त्रेतायां मखैः वेदोपदिष्टदेवतायजनात्मकयज्ञैः श्रीविष्णुं यजतः यत् फलं संभवति, तथा च द्वापरे द्विपरत्वात्तादृशस्वभाववति युगे सातत्येन यावज्जीवं श्रीविष्णोः साक्षात्स्वरूपसेवनप्रकाराद्भिन्नप्रकारिका वस्त्रपात्रप्रक्षालनमन्दिरमार्जनपत्रपुष्पफलाद्यानयनप्रकारिका परोक्षस्वरूपसम्बन्धरूपा या कृतिः सा परिचर्या तादृश्या परिचर्यया यत् फलं संभवति तत् फलं कलौ युगे सर्वदुःखहारकत्वादिभगवद्गुणगानोच्चारणभावनैः भगवति संकीर्त्यमाने जाते सम्भवति ।’** આ પ્રકારે વિચારતાં ધ્યાન, યજન, પરિચર્યા, કીર્તન વગેરે ક્રિયા માત્રથી ફલ કહેવાનું અત્ર તાત્પર્ય નથી, પરન્તુ તે ક્રિયાઓ શ્રીવિષ્ણુના સમ્બન્ધથી - શ્રીવિષ્ણુના અર્થથી કરાતાં જ ફલપ્રદ બને છે. અતઃ સર્વવ્યાપક સર્વાત્મા શ્રીવિષ્ણુના ધ્યાનમાં જનોના અન્તઃકરણની નિર્બલતા ત્રેતામાં નિર્માણ થતાં સર્વદેવો વિરાટ્ સ્વરૂપ શ્રીવિષ્ણુના અંગરૂપ હોઈ અને તે અંગોના ભગવાન અંગી હોઈ યજ્ઞ વડે તે તે યજ્ઞીય દેવતાઓના યજનથી શ્રીવિષ્ણુના તે તે અંગોને યજતા સમ્પૂર્ણ યજ્ઞક્રિયા વડે ક્રિયાત્મા યજ્ઞ સ્વરૂપ ભગવાન જ પૂજ્ય થાય છે તે વેદતાત્પર્યને ગ્રહણ કરી ત્રેતાયુગ સમ્બન્ધી ઋષિઓએ પ્રજાનાં કલ્યાણ અર્થે ધ્યાનની અપેક્ષા સુકર એવો કર્માત્મક-યજ્ઞાત્મક ધર્મ પ્રવર્તિત કર્યો. પરન્તુ તેમાં પણ સમય જતાં ઋષિઓનો કર્માત્મક યજ્ઞોના પ્રવર્તનનો હેતુ ભૂલાતાં જેમ ગીતાનાં વાક્યમાં **‘कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः’** (ગીતા ૩-૨૦) જનકાદિ શ્રેષ્ઠોને સંસિદ્ધિ કર્મ વડે જ થઈ શકી છે. આ વાક્યમાં આના પહેલાના શ્લોકને સાથે રાખ્યા વિના અર્થ ગ્રહણ કરી કર્મની મહત્તા કેટલાકો જણાવતા હોય છે તેમ લોકો પણ એમ માનતા થયા કે વાસ્તવમાં કર્મ જ સર્વાધિક શ્રેષ્ઠ છે અને તે જ શ્રેયપ્રદ છે. તેથી લોકો કર્મમાં ભગવત્સ્વરૂપને વિસ્મરી કર્મમાં જ અતિ આસક્તિવાળા બની નિજશ્રેયથી વંચિત બની રહી અતિશય લૌકિકી ગતિવાળા બનવા લાગ્યા ત્યારે લોકોમાંથી, તે સમયના ઋષિઓમાંથી અને ભક્તોમાંથી કર્માસક્તિને ઉખાડી ફેંકવા પરમ કારુણિક પરમેશ્વરે આશ્રયોપદેષ્ટા કાલને ત્રેતાના ઉત્તરભાગમાં પ્રવર્તિત થવા આદેશ આપ્યો અને તે ભગવદાજ્ઞાપિત કાલના પ્રભાવે રાવણ-કુંભકર્ણ વગેરે મહા અસુરોએ સમગ્ર ત્રિલોકીને પોતાના અધિકારમાં આવરી લીધા. આ દાનવાગ્રણીઓએ પોતાના સહાયકો સાથે મળીને સર્વત્ર એવો તો કાળો કેર વર્તાવ્યો કે જેમાં સમ્પૂર્ણ ધર્મસંસ્થાનો ઉચ્છેદ થઈ ગયો. શ્રીઆચાર્યચરણે કૃષ્ણાશ્રયના આરંભના છ શ્લોકમાં જે કાલપ્રવૃત્તિ દર્શાવી છે તે બધું જ ત્રેતાના ઉત્તરભાગમાં પણ ઘટવા માંડ્યું ત્યારે ગતિહીન પ્રજા પર કરુણા કરીને સર્વને યથોચિત ગતિ પ્રદાન કરવા શ્રીપ્રભુએ શ્રીરામરૂપમાં પોતાના શ્રીવિગ્રહને પ્રકટ કર્યું. આ જ બાબત પદ્મપુરાણમાં શ્રીરામ પ્રાદુર્ભાવ બાબત કહેવાઈ છે -

लोकान्निरयसंमग्नान् दृष्ट्वा लोकेश्वरेश्वरः ।

નારકી સ્થિતિમાં ડૂબી ગયેલી પ્રજાનાં કલ્યાણ અર્થે શ્રીરામનો પ્રાદુર્ભાવ થયો છે એમ પદ્મપુરાણ જણાવે છે. આ સમયે વસિષ્ઠ, વિશ્વામિત્ર, વાલ્મીકિ જેવા શ્રેષ્ઠ સર્વવિદ્યાસમ્પન્ન મંત્રદષ્ટા ઋષિઓની સ્થિતિ હતી. તેઓ દરેક રીતે સમર્થ હોવા છતાં પણ - આ અસુરો કરતાં તેમની બલવત્તા ઘણી બધી વધુ હોવા છતાં પણ તેમણે કેમે કરીને પોતાની જાતને બચાવી રાખવા સિવાય બીજો કોઈ વિશેષ ઉદ્યમ નહીં કરીને શ્રીરામાવતારની પ્રતીક્ષામાં સમય વિતાવ્યો અને જ્યારે શ્રીરામ નાની વયમાં હતા ત્યારે જ શ્રીરામનો આશ્રય લઈ શ્રીરામદ્વારા અસુરોનો સંહાર કરાવી તપોભૂમિ, યજ્ઞભૂમિ, તીર્થ, ક્ષેત્ર વગેરે આસુરી પ્રભાવથી મુક્ત કરાવ્યા. કારણ કે ભગવત્ કૃપાથી અને પૂર્વાનુભૂત સત્યયુગની સ્થિતિના તેમના અનુભવથી એટલું તો તેઓ નિશ્ચય કરી જ શક્યા હતા કે ધર્મના ઉચ્છેદમાં માત્ર આસુરી પ્રભાવ જ કારણ નથી પરન્તુ તે - તે યજ્ઞ, તીર્થ, ક્ષેત્ર, મંત્ર વગેરે સમ્બન્ધી દેવોનું કે તેમની શક્તિઓનું મન્દત્વ પણ ધર્મના ઉચ્છેદમાં મહત્ત્વપૂર્ણ હેતુ છે. શ્રીમદ્ ભાગવત એકાદશ સ્કન્ધમાં જણાવ્યા મુજબ :-

एधमाने गुणे सत्त्वे देवानां बलमेधते ।
असुराणां च रजसि तमस्युद्धव रक्षसाम् ॥
(ભાગ. ૧૧-૨૫-૧૯)

આ ભગવદ્ વાક્યાનુસાર સત્ત્વગુણ પ્રવૃદ્ધ થતાં દેવતાઓનું અને રજોગુણ-તમોગુણ પ્રવૃદ્ધ થતાં અસુરોનું બલ વધે છે તેથી દેવતાઓના મંદ થવામાં પણ કાલપ્રવૃત્તિ જ મુખ્ય છે. કાલપ્રવૃત્તિથી દેવાદિનું પ્રવર્તન થાય છે, દેવાદિની પ્રવૃત્તિથી કાલપ્રવર્તન નથી. આજ વાત શ્રીભાગવત અષ્ટમ સ્કન્ધમાં કહેવાઈ છે કે :-

यात दानवदैतेयैस्तावत् सन्धिर्विधीयताम् ।
कालेनानुगृहीतैस्तैर्यावद् वो भव आत्मनः ॥
(ભાગ. ૮-૬-૧૯)

આ પ્રકારે સત્યયુગના ઉત્તરાર્ધમાં કે ત્રેતાયુગના ઉત્તરાર્ધમાં જે કૃષ્ણાશ્રયના પ્રથમ છ શ્લોકોમાં જણાવ્યા પ્રકારની જે વિકરાલ સ્થિતિમાં ધર્મ સંસ્થાનો ઉચ્છેદ દેખાય છે તે વાસ્તવમાં ભગવત્પ્રેરિત કાલની જ પ્રવૃત્તિ છે એમ સ્પષ્ટ સમજી શકાય છે. અતઃ રાવણ વગેરે દાનવોના રાજ્યકાલમાં રહેલા ઋષિઓ જાણતા હતા કે માત્ર અસુરોના વિનાશથી જ ધર્મ પ્રવર્તાવી શકાય તેમ નથી પરન્તુ જેના થકી સર્વધર્મો, સર્વ કર્મો, સર્વ દેવો, સર્વ જગત પ્રવર્તે છે તે પરમાત્મા જ ધર્મ પ્રવર્તનમાં એક માત્ર બલ છે તેથી શ્રીરામના પ્રાદુર્ભાવ પર્યન્ત તે અંગે અન્ય ઉદ્યમ કર્યા વિના **'निजेच्छातः करिष्यति'** નો વિવેક ધારણ કરી અસુરોથી થનારાં દુઃખોને **'तथैव तस्य लीला'** નાં અનુસન્ધાને ધીરજ રાખી સહ્યા અને શ્રીરામના પ્રાકટ્ય પછી શ્રીરામ આસુરોના નાશ સહ ધર્મનું પ્રવર્તન કરવા જ પધાર્યા છે તેમ જાણી યજ્ઞાદિમાં બાધક આસુરોના નિરાકરણ માટે શ્રીરામનું પ્રાર્થનાપૂર્વક શરણ સ્વીકાર્યું.

આ પ્રકારે કાલનો વિચાર કરતાં બે વાત સ્પષ્ટ થાય છે જેમાં એક એ કે ધર્મની સમ્પન્નતામાં જે છ અંગો કાલ, દેશ, દ્રવ્ય, કર્તા, મંત્ર, કર્મ આ છ પૈકી સર્વાધિક મહત્તા ધર્મ વિષયમાં કાલની જ છે. ધર્મના અંગરૂપ જે કાલ છે તે પૂર્વોક્ત કાલમાં જ તેનો સમાવેશ છે. ભગવાનથી પ્રેરિત થયેલો કાલ જ ભગવાનની ઈચ્છાને અનુકૂલ પોતાને પ્રદર્શે છે તેથી તે કાલમાં જ તેનાં કાર્યક્ષેત્રમાં જ આ છએ અંગો આવી જતાં હોઈ તેની મુખ્યતા છે અને તેથી કૃષ્ણાશ્રયમાં છમાં પ્રથમ શ્રીઆચાર્યચરણ કાલનું સ્વરૂપ પ્રદર્શે છે. બીજી વાત એ કે સદૈવ સર્વત્ર એક માત્ર ભગવાન જ આશ્રયણીય છે, અન્ય સર્વ આશ્રય જ નથી એવું જ્ઞાન થાય છે તેથી જે કાલમાં ધર્મરૂપ આશ્રયનો નાશ થાય છે

તે કાલ કલિના નામે શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે અને તે કલિકાલમાં જ સર્વધર્મરૂપ આશ્રયનો નાશ થતાં સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગમાં જે શ્રેયાર્થે અનુક્રમે જ્ઞાન, કર્મ, ભક્તિ નામના શ્રેયોપકારક માર્ગો પ્રજામાં પ્રશસ્ત-પ્રવર્તિત થાય છે તે માર્ગોનો પણ સ્વરૂપતઃ, સાધનતઃ, ફલતઃ નાશ થતાં અન્ય કોઈ પણ માર્ગ અવશિષ્ટ ન રહેતાં પછી શુદ્ધરૂપમાં **‘कृष्ण एव गतिर्मम’** ભાવ હૃદયમાં પ્રગટ થાય છે.

અતઃ કૃષ્ણાશ્રયમાં **‘कलौ’** કલિમાં એ પદ પ્રયોગથી શ્રીઆચાર્યચરણ એ કાલને નિર્દેશી રહ્યા છે કે જે પ્રલયાવસ્થામાં રહેલી રસાતલગતા પૃથ્વી પર પ્રવર્તિત કાલ જે હિરણ્યાક્ષનો રાજ્યકાલ છે અને જે ભગવાનના વરાહ અવતારમાં હેતુરૂપ છે, જે સત્યયુગના ઉત્તરાર્ધમાં હિરણ્યકશિપુનો રાજ્યકાલ જે ભગવાનના નૃસિંહાવતારમાં હેતુરૂપ છે, જે ત્રેતાયુગના ઉત્તરાર્ધમાં રાવણનો રાજ્યકાલ છે જે ભગવાનના શ્રીરામ-અવતારમાં હેતુરૂપ છે, જે દ્વાપરનો દ્વિપરસ્વભાવવાળો પ્રજાની અતિદુર્બળ જીવનસ્થિતિવાળો કાલ છે જે ભગવાનના વ્યાસ, નારદ વગેરે અવતારોમાં હેતુરૂપ છે અને જે ભગવાનનો બુદ્ધાવતાર કાલ કે જેમાં સર્વ વેદ પ્રવૃત્તિઓનો ઉચ્છેદ થઈ સર્વમાર્ગવિહોણો અગતિવાળો કાલ કે જેને કલિયુગના નામથી જાણવામાં આવે છે કે જે ભગવાનના કલ્કિ અવતારમાં હેતુરૂપ છે. આ પ્રકારે વિચારતાં વિવેકધૈર્યાશ્રયમાં જણાવ્યા મુજબ **‘अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः’** આમાં **‘अशक्ये’** એટલે જ્યાં જીવથી શક્ય ન હોય તેવા **કલિકાલમાં** તેમજ **‘सुशक्ये’** એટલે જ્યાં જીવને માર્ગરૂપ પ્રવૃત્તિ શક્ય હોય, માર્ગમાં ગતિ થઈ શકતી હોય તેવા કલિ સિવાય બાકીના ત્રણ **સત્ય, ત્રેતા, દ્વાપર યુગમાં** પણ એકમાત્ર શ્રીહરિ-શ્રીકૃષ્ણ જ શરણ આશ્રય છે એ નિર્વિવાદ સિદ્ધ છે. આ પ્રકારે કૃષ્ણાશ્રયમાં આરંભે **‘कलौ’** એમ કહેવાથી આ બધી જ સર્વમાર્ગ નાશ વગેરે જે પરિસ્થિતિ પેદા થઈ છે તેમજ આવી સ્થિતિમાં કૃષ્ણ જ માત્ર ગતિ હો એમ કહેવાથી સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ

પછીથી ચોથાક્રમમાં આવતા કલિયુગમાં જ કૃષ્ણ આશ્રય છે અને બીજા યુગોમાં ધર્મ લોક વગેરે આશ્રયો છે એમ શ્રીઆચાર્યચરણનું તાત્પર્ય નથી, પરન્તુ સર્વયુગમાં, સર્વ સમયે, સર્વ સ્થળે, સર્વ પ્રકારે એકમાત્ર કૃષ્ણ જ આશ્રય છે એમ તાત્પર્ય છે.

આ કલિ કેવો છે ? તો શ્રીઆચાર્યચરણ લખે છે **ખલધર્મવાળો** આ કલિ છે. ખલધર્મવાળો એટલે ખલપુરુષોના સમાન ધર્મવાળો. આપણે પૂર્વમાં સર્વ ટીકાકારોના મતે ખલધર્મવાળાના અર્થોને વિચારી ગયા છીએ. પ્રાયઃ ટીકાકારોએ આ જ અર્થ દર્શાવ્યો છે કે બહાર દેખાતા પ્રકારમાં આભાસરૂપ ધર્મવાળો અને અન્દરથી અત્યન્ત દુષ્ટ-અતિશય દોષગ્રસ્ત હોય તેને ખલધર્મવાળો કહેવાય. આભાસરૂપ ધર્મ એટલે જપ, તપ, સેવા, કર્મ વગેરેમાં ધર્મની પ્રવૃત્તિ દેખાવા છતાં પણ વાસ્તવમાં ત્યાં ધર્મ ન હોય પણ નર્યો પાખંડ જ હોય. તેથી વાસ્તવમાં જ્ઞાન, કર્મ, ભક્તિ વગેરે માર્ગો - માર્ગમાં જણાવેલાં સાધનો અને માર્ગનું જે સ્વરૂપ કહેવાયેલું છે તે બન્ને આ કલિકાલમાં નાશ પામ્યા છે અને એ બન્નેનો નાશ હોતાં તેનું આચરણ કરવામાં આવે યા તે તે માર્ગ પર ચાલવામાં આવે તો પણ તેથી કોઈ સત્ ફલ કે શ્રેષ્ઠ ફલ થઈ શકે તેમ છે જ નહીં. તેમ છતાં પણ તે માર્ગના ઉપદેષ્ટાઓ પોતાના વ્યક્તિગત લાભ-પૂજાને અર્થે ઉપદેશ્યનું હિત સધાય કે ન સધાય કે પછી ભલે તેના જીવનનો સમય બરબાદ થાય કે આ જન્મ બરબાદ થાય પણ સ્વાર્થવશ દંભ-પાખંડનો આશ્રય કરી તે તે માર્ગનો ઉપદેશ આપે છે અને તે લોકોને તેવા નિષ્ફલ કર્મમાં જોતરે છે. ત્યારે ત્યાં દેખાતી ધર્મ પ્રવૃત્તિ એ વાસ્તવમાં ધર્મ નથી હોતી, પણ ધર્મનો એક આભાસ માત્ર હોય છે. કલિના આ ખલપણાને બીજી રીતે વિચારવામાં આવે તો ખલધર્મવાળો એટલે તે પોતે સ્વયં બલ છે એમ કહેવા કરતાં ખલના જેવા તત્સમાન ધર્મવાળો એમ પણ સમજી શકાય છે. અન્દર બહાર જુદાપણું હોવું એ ખલના ધર્મ સાથેની સમાનતા છે. તેથી ભાગવતમાં શ્રીશુકદેવજીએ કહ્યા અનુસાર -

कलेर्दोषनिधे राजन्नस्ति ह्येको महान् गुणः ।
कीर्तनादेव कृष्णस्य मुक्तसङ्गः परं व्रजेत् ॥
(શ્રીભાગ. ૧૨-૩-૫૧)

આમાં કલિને દોષોનો નિધિ કહ્યો છે તે એનું બહાર દેખાતું સ્વરૂપ છે અને આમાં જ એને મહાન ગુણવાળો કહ્યો છે એ એની આન્તર પ્રવૃત્તિનું સ્વરૂપ છે. આમ અન્દર-બહાર એનું જુદું સ્વરૂપ હોવાથી પણ કલિરૂપ કાળની ખલધર્મ સમાનતા આવે છે. બહારથી અતિશય દુષ્ટ દેખાતો હોઈને પણ અન્દરથી તે અતિશય ભગવત્ કૃપાલુતાના ગુણવાળો છે. મહાન એટલે ભગવાન એમનો ગુણ એટલે અતિશય - નિરવધિ કૃપાનો ગુણ શ્રીપ્રભુએ આ કાલમાં પ્રકટ કર્યો છે જે નિરવધિકૃપાનું પ્રાકટ્ય પૂર્વના ત્રણયુગોમાં દષ્ટિગોચર થતું નથી. સર્વયુગમાં સર્વ જીવોનું કલ્યાણ થાઓ તેવો અનુગ્રહ તો શ્રીપ્રભુમાં છે જ પણ અન્તર એટલું છે કે બાકીના ત્રણ યુગોમાં પ્રભુ જ્ઞાનાદિ સાધનોમાં પોતાનું બળ પ્રકટ રાખે છે તેથી તે યુગમાં સાધનબળે જીવો પોતાનું શ્રેય સાધતા હોય છે જ્યારે કલિયુગમાં અન્ય સાધનોના આશ્રયે નહીં પણ પોતાના જ આશ્રયે પ્રમેયબલે ભક્તોનું સર્વ સિદ્ધ કરવા માંગે છે તેથી આ યુગમાં પ્રભુ સાધનોમાંથી પોતાનું બળ ખેંચી લે છે જેથી તે સાધનોની અસાધકતા જાણી જીવો તે સાધનોનો આશ્રય નહીં કરી માત્ર ભગવદાશ્રય કરવાવાળા થાય. આ રીતે આ કલિકાલ અન્યમાર્ગોનો બાધ કરે છે અને ભગવદાશ્રયને સાધનારો છે. તેથી પૂર્વના ત્રણ યુગોને મર્યાદાકાલ તરીકે અને કલિયુગને પુષ્ટિકાલ તરીકે જાણી શકાય છે. સર્વ સાધનબલનિરપેક્ષ ભગવાનના અનુગ્રહનો આ કાલમાં ભક્ત સ્પષ્ટ રીતે અનુભવ કરી શકે છે. પ્રભુ શ્રીકૃષ્ણની સર્વ લીલાઓ કલિયુગના જ સંધ્યાંશમાં થઈ છે. શ્રીશુકદેવજી દ્વારા શ્રીમદ્ ભાગવત કથામૃતનો પ્રવાહ પણ કલિયુગના આરંભે જ છે અને શુદ્ધપુષ્ટિમાર્ગાચાર્ય મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણનો પ્રાદુર્ભાવ પણ કલિયુગના આશરે ૪૫૦૦ વર્ષ વ્યતીત થતાં થયો છે. શ્રીઆચાર્યચરણ પણ નવરત્ન ગ્રન્થમાં :-

चिन्ता काऽपि न कार्या निवेदितात्मभिः कदापीति ।
भगवानपि पुष्टिस्थः न करिष्यति लौकिकीं च गतिम् ॥

ભગવાન પુષ્ટિસ્થ છે - અતિશય કૃપાને પ્રકટ કરીને બિરાજેલા શ્રીપ્રભુ છે, તેથી વૈષ્ણવો ! તમારે ક્યારેય કોઈ પણ પ્રકારે ચિન્તા કરવી નહીં. શ્રીપ્રભુ તમારી લૌકિકી કે વૈદિકી - માર્યાદિકી ગતિ નહીં કરશે. આ અભયવચનો શ્રીઆચાર્યચરણે આ કલિકાલના અને તેમાં પણ તેના સાડા ચાર હજાર વર્ષ પછીના સમયમાં જન્મેલા વૈષ્ણવોને માટેના છે. જે લોકોએ ભગવદાશ્રય ધારણ કરેલો છે તે લોકોએ તો આ કલિકાલમાં પણ ચિન્તા કરણીયા નથી અને જે લોકોને ભગવદાશ્રય નથી જે લોકો સાધનાશ્રયવાળા છે તે લોકોએ તો સર્વયુગમાં ચિન્તા કરણીયા છે. અતઃ ખલધર્મવાળા કલિનો ઉલ્લેખ કરીને શ્રીઆચાર્યચરણ પુષ્ટિકાલ જે આશ્રયસાધક છે તેને ઉલ્લેખી રહ્યા છે. જે ફલરૂપ આશ્રયને આપણે પૂર્વપીઠિકામાં વિચારી ગયા છીએ તે ફલરૂપ આશ્રય શ્રીપ્રભુચરણના જણાવ્યા મુજબ - **‘पूर्णे त्वनुग्रहे भावाङ्कुरे जाते रसाश्रयः’** આ ઉક્તિ અનુસાર ભગવાનના પૂર્ણ અતિશય અનુગ્રહ વિના શક્ય નથી અને સાધનરૂપ સર્વ માર્ગોને બાધા કરનારો આ કાલ ભગવાને અતિશય અનુગ્રહપૂર્વક જ પ્રકટ કર્યો છે કારણ કે પુષ્ટિમાર્ગમાં જે સર્વોત્તમ સર્વોત્કૃષ્ટ ફલ કહેવાયું છે તે આ આશ્રયભાવ થકી જ શક્ય છે, તેના વિના અન્ય કોઈ સાધનોથી શક્ય નથી. આ આશ્રયભાવની ભૂમિ પર પ્રકટ થયેલી ભક્તિ જ પરમફલરૂપા બની શકે છે, આશ્રયભાવ વિહોણો ભક્તિનો પ્રકાર પરમફલ સાધવા સમર્થ નથી. અતઃ ભગવાન જ્યારે ભક્તિનું દાન કરે છે ત્યારે તેના પૂર્વ પોતાના આશ્રયનુ પણ દાન કરે છે. એ આશ્રયના દાન વડે જ જીવને એ સર્વાત્મભાવ ઉપલબ્ધ થાય છે જે ભગવદ્રસાનુભવ માટે યોગ્યતારૂપ છે. અતઃ આ કાલમાં જે સર્વમાર્ગબાધકતા છે તે માત્ર કૃષ્ણ કર્તૃક જ છે એ નક્કી છે. શ્રીપ્રભુચરણ યજુર્વેદના **‘विष्णोः कर्माणि पश्यत । यतो व्रतानि पस्पशे । इन्द्रस्य युज्यः सखा’** આ મંત્ર પર વ્યાખ્યાન કરતાં જણાવે છે

કે વિષ્ણુના એટલે કે કૃષ્ણનાં કર્મોને - ચરિત્રને જુઓ, કયાં કર્મોને જુઓ ? તો મંત્રમા આગળ જણાવે છે આ વિષ્ણુ વ્રતને પૂર્ણ કરે છે - વ્રતનો ભંગ કરે છે. **'पस्पशे'** માં આવતો **'स्पश्'** ધાતુ **'स्पश स्पर्श-बाधनयोः'** એમ વ્યાકરણ શાસ્ત્રાનુસાર સ્પર્શમાં અને બાધનમાં બન્નેમાં આ ધાતુનો ઉપયોગ છે. અતઃ ભગવાન જ્યારે કોઈને સાધનબળે આગળ લઈ જવા માંગે છે ત્યારે તે સાધનોને સ્પર્શે છે અર્થાત્ એમાં પોતાનું બળ પ્રકટ કરે છે અને ત્યારે ભગવાનનાં બળથી બળવાન બનેલા જ્ઞાનાદિ સાધનો ઉચ્ચશ્રેયરૂપ ફલમાં સાધન બની શકે છે અને જ્યારે ભગવાન સાધનસંપત્તિ વિના જ જેને ઉચ્ચફલ આપવા માંગે છે ત્યારે તે જીવ સમક્ષ યાવત્ પ્રાપ્ય સાધનોને નિર્બળ કરી સાધનોને અસાધક બનાવી પોતાનાં સ્વરૂપ બલે જ તેનું સર્વ સિદ્ધ કરે છે. અતઃ આ કાલમાં ભગવાન જ્ઞાનાદિ સાધનોથી જે ફલ સિદ્ધિ થાય છે તેથી અધિક કંઈક આપવા માંગે છે તેથી જ આ કાલમાં સર્વ સાધનોને બાધા કરી પોતાના શુદ્ધ આશ્રયને પ્રકટ કરે છે. જો એમ ન હોય તો શા માટે શ્રીકૃષ્ણ, શ્રીભાગવતકથા અને શ્રીવલ્લભ આ કલિકાલ વિષે પ્રાદુર્ભૂત થાય ?

આ ખલધર્મવાળા કલિમાં શું ઘટ્યું ? તો કહે છે ખલધર્મવાળા કલિમાં સર્વમાર્ગો નષ્ટ થતાં. જેમ જલપ્રવાહરૂપ છે અને વહેવું તેનો ધર્મ છે તેમ જીવન એ પણ એક પ્રવાહ છે અને કાલમાં વહેવું એનો ધર્મ છે. જલ નદીના બે કાંઠાના વચમાં વહે તો એ અનેક પ્રાણીઓ માટે જલપાન, સ્નાન, ખેતી વગેરે માટે ઉપકારક સિદ્ધ થઈ અન્તે મહાસાગરમાં તેનો વિલય થાય પરન્તુ જો તે બે કાંઠા વચ્ચે નહીં રહી પૃથ્વી પર ચારે બાજુ અનિશ્ચિતરૂપે ફેલાય તો તેનો પણ નાશ કરે અને બીજાઓનો પણ સર્વનાશ કરે. તેમ અનેક પ્રકારની શક્તિઓથી સભર એવું માનવજીવન મર્યાદાહીન અવસ્થામાં ચારે બાજુ ફેલાઈ સર્વનાશ ન કરે અને એનો પણ પ્રાવાહિક અભિગમ અનેક રીતે ઉપકારક રીતે સિદ્ધ થતાં પરમાત્મ ઉપલબ્ધિરૂપ મહાસાગર પ્રતિ વહે તે અર્થે વેદાદિ શાસ્ત્રોમાં વિધિ અને નિષેધ એટલે કે તમે આ આમ કરો એ વિધિ અને તમે આ આમ કરો નહિ એ નિષેધ આ બે કાંઠાના સ્વરૂપના ધર્મના વચમાં માનવજીવનને વહેવા પ્રેરણા કરી અને વહેવડાવ્યું. આ વિધિ-નિષેધ રૂપ બે કાંઠાવાળા ધર્મના નદીના જુદા-જુદા પ્રકારોને જ આપણે આત્મશ્રેયના માર્ગ નામે ઓળખીએ છીએ જે વ્યવહારમાં જ્ઞાન, કર્મ, ભક્તિ, ઉપાસના, યોગ, તપ નામે પ્રસિદ્ધ છે. આ બધા જ જુદા જુદા અનેક પ્રકારોને મુખ્ય ત્રણ વિભાગોમાં વિભક્ત કરી ભગવાન શ્રીકૃષ્ણ ત્રણ માર્ગો જણાવે છે કે :-

योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयो विधित्सया ।
ज्ञानं कर्म च भक्तिश्च नोपायोऽन्योऽस्ति कश्चन ॥
(ભાગ. ૧૧-૨૦-૬)

વેદાદિ શાસ્ત્રોમાં કલ્યાણને અર્થે જે ઉપાયો કહ્યા છે તે મુખ્ય ત્રણ વિભાગે છે જ્ઞાન, કર્મ અને ભક્તિ. આ ત્રણમાં બાકીના બધા જ પ્રકારોનો સમાવેશ થઈ જાય છે. આ ત્રણ માર્ગો એટલે ભગવત્ પ્રાપ્તિમાં કે ઉચ્ચ શ્રેય પ્રાપ્તિમાં ઉપાયરૂપ છે. લગભગ સર્વ ટીકાકારો ત્રણ માર્ગોને ઉપાયરૂપમાં જણાવે છે.

શ્રીરઘુનાથજી લખે છે :-

'सर्वे कर्मज्ञानोपासनादयस्ते मृग्यन्ते तत्तफलार्थिभिरिति मार्गा इष्टप्राप्त्युपायास्तेषु सर्वेषु नष्टेषु तिरोहितेषु सत्सु । अनेन जीवानां सर्वथैवागतिकत्वं सूचितम् ।' તે તે પ્રકારના જુદા-જુદા ફલાર્થીઓ વડે એટલે કે જુદા-જુદા પ્રકારની મેળવવાની ઈચ્છાવાળાઓ વડે પોતાનાં ઈચ્છિત ફલને અનુરૂપ જે અન્વેષણ કરવામાં આવે છે તે કર્મ, જ્ઞાન, ઉપાસના આદિ માર્ગો કે જે ઈષ્ટ પ્રાપ્તિમાં ઉપાયરૂપ છે તે સર્વેનો નાશ થતાં એટલે કે તિરોહિત થતાં. આમ જણાવી (કલિકાલમાં) જીવોનું સર્વથા જ અગતિકપણું - ગતિ સર્વથા રોકાઈ જવા જેવું સૂચિત કર્યું છે.

શ્રીકલ્યાણરાયજી પણ આ જ વાત જણાવે છે કે - **‘अत एव सर्वे मृग्यन्त इति मार्गाः पुरुषार्थोपायाः कर्मज्ञानादयस्तेषु नष्टप्रायेषु सत्सु ।’** તેથી જ જ્યાં સર્વ અન્વેષણ કરે છે તે માર્ગો એટલે કે પુરુષના જીવના ઈચ્છિત ફલપ્રાપ્તિમાં ઉપાયરૂપ તે કર્મ, જ્ઞાન આદિ તે સર્વ નષ્ટપ્રાયઃ થતાં.

શ્રીદ્વારિકેશ્વરજી માર્ગ શબ્દની વ્યુત્પત્તિ નથી આપતાં પણ એમ ઉલ્લેખે છે કે **‘मार्गोक्त्या तेषां साङ्गानां स्वस्वाधिकारानुसारेण फलप्रापकत्वं निरूप्यते’** માર્ગો એમ કહી તે (જ્ઞાન-કર્મ આદિ) અંગ સહિત- સસાધન હોતાં પોતપોતાના અધિકાર અનુસાર ફલપ્રાપણ કરાવનારાં છે એમ જણાવ્યું છે.

શ્રીવ્રજરાયજી જણાવે છે - **‘सर्वे च ते मार्गाश्च । मृजूष् शुद्धौ मृज्यन्ते शोध्यन्त इति । मृग अन्वेषणे मृग्यन्ते तत्तत्फलार्थिभिरन्विष्यन्त इति मृगाः, स्वार्थेऽण् त एव मार्गाः ‘योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयो विधित्सया । ज्ञानं कर्म च भक्तिश्च नोपायोऽन्योऽस्ति कश्चने’त्येकादशे भगवतोक्ताः स्वप्राप्त्युपायास्तेषु नष्टेषु अनुशास्तृदौर्लभ्यादिना तिरोहितेषु ...’** સર્વમાર્ગો આ પદમાં કર્મધારય સમાસ સમજવો. (માર્ગ શબ્દ બે ધાતુથી સિદ્ધ થઈ શકે છે તેમાં પ્રથમ) વ્યાકરણ નિયમાનુસાર મૃજૂષ્ ધાતુ શુદ્ધિના અર્થને દ્યોતે છે અતઃ જે શુદ્ધ કરે તે માર્ગો (જેના પાલન-આચરણથી શુદ્ધિ થતી હોય તે માર્ગો), તેમજ મૃગ ધાતુ વ્યાકરણમાં અન્વેષણના અર્થમાં કહેવાયો છે અતઃ તે તે ફલની ઈચ્છાવાળાઓ વડે અન્વેષણ કરાય છે તે માર્ગ. **હે ઉદ્ધવ, મનુષ્યોનાં કલ્યાણને અર્થે મારા વડે જ ત્રણ યોગો કહેવાયા છે, આ જ જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ વિના શ્રેય માટેનો બીજો કોઇ ઉપાય છે નહીં.** આ ભાગવત એકાદશ સ્કન્ધમાં પોતાની પ્રાપ્તિના ઉપાયરૂપે ભગવાન દ્વારા કહેવાયેલા તે ત્રણ યોગરૂપ માર્ગો નષ્ટ થતાં એટલે કે તે તે યોગોના કે માર્ગોના અનુશાસન કરનારાઓની દુર્લભતા વગેરે વડે તે નાશ પામતાં તિરોહિત થતાં (અનુશાસન કરનાર ન હોય, નિયામક ન હોય તો તેના અભાવમાં કોઈ પણ તંત્ર વ્યવસ્થા ટકી શકે નહીં અને તે નાશ જ પામે).

વિવરણકાર (અજ્ઞાત) જણાવે છે કે - **‘तादृशपुष्टिमार्गीयस्य सर्वे मार्गाः प्रमाणरूपाः कर्मादयो नष्टाः, एक एव प्रमेयमार्गस्तिष्ठति, यतस्तेषु फलत्वासाधकत्वबुद्ध्याऽरुचिरेवेति तत्त्यागकरणान्नष्टा एवेत्यर्थः ।’** (સાક્ષાત્ ભગવાને પોતાના પરમ અનુગ્રહ વડે સ્વસેવાર્થે જેમનું વરણ કરી અંગીકાર કર્યો હોય) તેવા પુષ્ટિમાર્ગીયના પ્રમાણરૂપ કર્મ વગેરે સર્વ માર્ગો નષ્ટ થયા છે, ફક્ત એક પ્રમેયમાર્ગ જ બાકી બચે છે, જેથી તે પ્રમાણરૂપ માર્ગોમાં (પ્રમેયમાર્ગીઓના) ફલનું અસાધકપણું છે તેવી બુદ્ધિ વડે તે માર્ગોમાં અરુચિ જ હોય છે તેથી તેનો ત્યાગ કરવાથી તે નષ્ટ જ થયેલા છે એમ અર્થ છે.

આ પ્રકારે પ્રાયઃ ટીકાકારોના અભિપ્રાયે માર્ગ શબ્દ એ ઉપાયરૂપ છે. આ માર્ગો મુખ્યતયા ત્રણ છે - જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, ભક્તિમાર્ગ. જ્ઞાનમાર્ગ એટલે જ્ઞાનસાધન વડે સાધના કરતાં પરિણામે બ્રહ્મભાવોપલબ્ધિ જેમાં થતી હોય તે જ્ઞાનમાર્ગ. પંચમહાભૂત, ઈન્દ્રિયો વગેરેથી પોતાની આત્મતત્ત્વની ભિન્નતાનો વિવેક અને પરમાત્માના ચેતનાંશરૂપે આત્મતત્ત્વને જાણવા તેમજ દેહાદિમાં સર્વ પદાર્થોને પરમાત્માના સદંશ રૂપમાં જાણવા એ જ્ઞાન છે. અથવા પોતાના અન્દર અને બહાર એક જ સચ્ચિદાનંદ પરમાત્માનો અનુભવ કરવો તે જ્ઞાન છે. આ જ્ઞાન જીવને ગીતામાં જણાવ્યા અનુસાર **‘सत्त्वात्सञ्जायते ज्ञानम्’** (ગીતા ૧૪-૧૭) રજોગુણ-તમોગુણથી રહિત સત્ત્વ શુદ્ધિ થાય ત્યારે જ શક્ય છે. આ જ સત્ત્વ શુદ્ધિને ભગવાન ગીતાના સોળમા અધ્યાયના આરંભે **‘अभयं सत्त्वसंशुद्धिः’** (ગીતા ૧૬-૧) થી ઉલ્લેખે છે. દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર, કર્મ આ ષટ્ક માત્ર અમુક ધર્મમાં જ નહિ અપિતુ આ ત્રણે માર્ગોમાં

પણ તેનુ એટલું જ મહત્ત્વ છે. તેથી કૃષ્ણાશ્રયમાં છ શ્લોકો વડે જે આ છ-મા દોષ બતાવ્યા છે એ દોષ આ ત્રણે માર્ગોને લાગુ પડે છે. જ્ઞાનમાર્ગમાં આ છએ સાત્ત્વિક હોય ત્યારે જ સત્ત્વશુદ્ધિ સાધી શકાય છે. **સાત્ત્વિક દેશ** - બ્રહ્મચિન્તન પરાયણ એવા ગુરુનો આશ્રમ વગેરે, **સાત્ત્વિક કાલ**- બ્રાહ્મમુહૂર્ત - પ્રાતઃકાલ વગેરે, **સાત્ત્વિક દ્રવ્ય** - શુદ્ધ અન્ન -જલ વગેરે, **સાત્ત્વિક કર્તા** - સતત બ્રહ્મચિન્તન પરાયણ બ્રહ્મજ્ઞાની, **સાત્ત્વિક મંત્ર**- પ્રણવોચ્ચારણ, **સાત્ત્વિક કર્મ** - બ્રહ્મચિન્તન પરાયણ બ્રહ્મજ્ઞાની એવા ગુરુની આદર-પ્રીતિપૂર્વકની સેવા-પરિચર્યા. આ છએનું મહત્ત્વ યોગમાં પણ છે. તેથી ભગવાન ગીતામાં યોગનો ઉપદેશ આપતાં **‘शुचौ देशे प्रतिष्ठाप्य’** (ગીતા ૬-૧૧) થી દેશનો અને **‘चैलाजीनकुशोत्तरम्’** (ગીતા. ૬-૧૧) થી દ્રવ્યનું વિધાન કરે છે. તેવી જ રીતે જુદા જુદા ઉપનિષદોનાં આખ્યાનમાં પણ બ્રહ્મજિજ્ઞાસુ શિષ્યોએ યમ, યાજ્ઞવલ્ક્ય, સનતકુમાર, વરુણ વગેરે બ્રહ્મજ્ઞાની ગુરુની ઉપસત્તિ કરી છે તેથી કર્તા-ઉપદેષ્ટાની પણ શુદ્ધિ આવશ્યક છે એ જાણી શકાય છે. **‘मननात् मन्त्र उच्यते’** એના અનુસાર મનઃશુદ્ધિ અને મનન શુદ્ધિ પણ આવશ્યકી છે કારણ કે **‘मनसैवेदमाप्तव्यम्’** આ શ્રુતિવાક્યાનુસાર બ્રહ્મભાવોપલબ્ધિમાં મન એ મહત્ત્વપૂર્ણ સાધન છે. પ્રણવનું ઉચ્ચારણ-મનન- કરવામાં આવે ત્યારે પણ પ્રણવની વિશુદ્ધ રૂપમાં બ્રહ્માત્મકતા જાણ્યા વિના જો મનન કરવામાં આવે તો જે બ્રહ્મતત્ત્વની નિષ્પત્તિ થવી જોઈએ તે થઇ શકતી નથી. તેથીજ માંડૂક્ય ઉપનિષદ્‌માં ચતુષ્પાત્ પ્રણવનું વિસ્તારથી સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. તેમ છતાં પણ જો કોઈ બ્રહ્મજિજ્ઞાસુ વ્યક્તિ બ્રહ્મજ્ઞાનને અર્થે ગુરુના આશ્રમને પવિત્ર દેશ જાણી ત્યાં નિવાસ કરી જ્ઞાન અર્જન કરવાનો યત્ન કરે પણ જો કર્તા પોતે-ઉપદેષ્ટા ગુરુ પોતે મોહિતબુદ્ધિથી ભગવદ્રૂપ સમ્પૂર્ણ જગતને માયામય-મિથ્યા રૂપે જોતો હોય અને જો તે આશ્રમમાં વેદો-સર્વશાસ્ત્રો અને ભગવાનના શ્રીકૃષ્ણ-રામ વગેરે અવતારોને પણ પરમાર્થમાં મિથ્યા છે તેવું જ્ઞાન આપતા હોય તો આવા અન્યથા જ્ઞાનથી કયું શ્રેય કે કલ્યાણ સિદ્ધ થઈ શકે છે ? અતઃ આવા અનેક મિથ્યાવાદોના પ્રચલન-પ્રવર્તનથી સમાજનું જ્ઞાન એટલું ભ્રાન્ત થયેલું છે કે તેવા જ્ઞાનથી કોઈ પણ પ્રકારનું કલ્યાણ સિદ્ધ થતું નથી. આ ભ્રાન્તવાદીઓએ સર્વશાસ્ત્રોમાં એટલો બધો મહાન વિપ્લવ મચાવ્યો છે કે વેદાદિ શાસ્ત્રોમાં આત્મ શબ્દથી જે પરમાત્મજ્ઞાનની વાતો કરવામાં આવી છે તે આત્મ શબ્દનો અર્થ જીવાત્મા પરક ગ્રહણ કરી જીવાત્મામાં જ પરમાત્માનો આરોપ કરી જ્ઞાન આપતા હોય છે અને તેમાં પોતાની ઉપલબ્ધિને જ શ્રેષ્ઠ ઉપલબ્ધિ જણાવી મનનાદિ માટેના જે પ્રણવાદિ મંત્રો છે તેનો પણ આખો વાસ્તવિક અર્થ ફેરવી-તોલી પરબ્રહ્મથી સાધકના ચિન્તનબિન્દુને હટાવી પોતાની જાત પર જ સ્થિર કરતા હોય છે. અતઃ આ પ્રકારે સર્વ રીતે જ્ઞાનમાર્ગનો પણ ઉચ્છેદ થયેલો જોવામાં આવે છે. તેમજ આવા ભ્રાન્તવાદી ગુરુઓની ઉપસત્તિરૂપ કર્મ કરવામાં આવે તો પણ તે ભ્રાન્તજ્ઞાનોપલબ્ધિ-અન્યથા જ્ઞાનોપલબ્ધિથી ઈતર બીજું કોઈ ફલ પ્રાપ્ત થઈ શકે તેમ નથી. તેમજ જો કર્તામાં ગુરુના સ્થાને જ્ઞાનોપલબ્ધિ કરનાર જિજ્ઞાસુના અધિકારને વિચારવામાં આવે તો **‘निर्विण्णानां ज्ञानयोगः’** (ભાગ. ૧૧-૨૦-૭) સર્વત્ર સર્વપ્રકારે અનાસક્ત હૃદયવાળાઓનો જ્ઞાનયોગમાં અધિકાર છે અને આ પ્રકારની અનાસક્તિ શુદ્ધ ચિત્તમાં જ સંભવી શકે છે. આ ચિત્તશુદ્ધિ માટે પવિત્ર સ્થળોમાં વાસ, તીર્થસેવન, સત્ પુરુષોનો સંગ, સંસાર ચિન્તનના ઘટાડા સાથે વધુમાં વધુ ભગવદ્ વિષયનું સત્ શ્રવણ, કીર્તન, ચિન્તન, પવિત્ર-શુદ્ધ આહાર-વિહાર, પવિત્ર અને ઉત્તમહેતુઓવાળાં કાર્યોમાં સતત પ્રવૃત્તિશીલ રહેવું વગેરે ઉપાયોથી ચિત્તગત મલીનતાઓ દૂર થઈ ચિત્ત નિર્મલ બને છે. પણ આ બધું જ અધુના અશક્ય છે તે કૃષ્ણાશ્રયથી જાણી શકાય છે. તેથી જ્ઞાનમાર્ગમાં સ્થિતિ કરવાનો પણ અધિકાર નષ્ટ થયો છે.

તેવી જ રીતે વેદનું તાત્પર્ય જ્ઞાન નષ્ટ થતાં કર્મમાર્ગ પણ નષ્ટ થયો છે. જ્ઞાનમાર્ગમાં કહેવાયેલ જ્ઞાનની ચિત્તમાં અવધારણા કરવા અસમર્થ એવા

આસક્તિસભર અન્તઃકરણવાળા લોકોનું પણ શ્રેય થાઓ એવા ઉદાર હેતુથી વેદે જે કર્મનો માર્ગ પ્રશસ્ત કર્યો તે માર્ગ પણ અસાધ્ય બની ગયો છે. જ્ઞાનનાં સાધનોથી જે ચિત્તશુદ્ધિ સધાય છે તે ચિત્તશુદ્ધિ કર્મ વડે પણ સધાય છે તેથી કર્મ એ જ્ઞાનનું અંગ પણ છે. પણ અહીં જે કર્મમાર્ગ કહેવાયો છે તે જ્ઞાનમાર્ગથી ભિન્ન સ્વતંત્ર માર્ગ છે તે કહ્યો છે કે જેને ભગવાને ગીતામાં તથા ભાગવત એકાદશ સ્કન્ધમાં ઉદ્ધવજી સાથેના સંવાદમાં કહ્યો છે. જેમ જ્ઞાન એ ભક્તિનું અંગ પણ છે અને સ્વતંત્ર માર્ગ પણ છે તેમ કર્મ એ જ્ઞાનનું અંગ પણ છે અને સ્વતંત્ર માર્ગ પણ છે. ત્રણે માર્ગો વડે મોક્ષ સધાય છે અને ત્રણે માર્ગોમાં બ્રહ્મબોધ એ મુક્તિમાં કારક છે. આ બ્રહ્મબોધને જ જ્ઞાનમાર્ગમાં જ્ઞાનના સાધનોનાં પરિણામે જ્ઞાન નામે ઓળખવામાં આવે છે. અતઃ ગીતાવાક્યમાં જે સત્ત્વથી જ્ઞાન ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે ત્યાં જ્ઞાન એટલે જ બ્રહ્મબોધ સમજવું જોઈએ. આ રીતે વિચારતાં એકાદશ સ્કન્ધમાં **‘मदर्पणं निष्फलं वा सात्त्विकं निजकर्म तत्’** (ભાગ. ૧૧-૨૫-૨૩) ભગવદર્પણ અને નિષ્કામ કર્મને સાત્ત્વિક સંજ્ઞા આપી છે તેથી વેદોપદિષ્ટ કર્મ ફલાશા અને કર્માસક્તિ ત્યાગી કરવામાં આવે અને તે ભગવદર્પણ બુદ્ધિથી કરવામાં આવે અને તે કર્મના અંતે કરાયેલ કર્મ કૃષ્ણને સમર્પણ કરવામાં આવે ત્યારે આવા કર્મના અભ્યાસથી રજોગુણ-તમોગુણનો ઉપમર્દ થઈ સત્ત્વશુદ્ધિ સધાય છે અને એ સત્ત્વશુદ્ધ ચિત્તમાં જે બ્રહ્મબોધ પ્રકટે છે તે કર્તાનાં મોક્ષદ્વાર ખુલ્લાં કરી દે છે. આ અર્થમાં જ ગીતામાં નિષ્કામ કર્મ સૂચવીને ભગવાન કૃષ્ણાર્પણનો માર્ગ નવમા અધ્યાયમાં સૂચવે છે. આ અર્થમાં જ વેદોએ **‘यजेत’** એમ વિધાન કર્યું છે. તેમજ સમ્પૂર્ણ વાક્યને લઈએ ત્યારે **‘स्वर्गकामो यजेत’** આમાં સ્વર્ગની કામના ઈચ્છાવાળાએ યજન કરવું એમ વિધિવાક્યમાં સ્વર્ગ એટલે શું એની ચોખવટ જરૂરી બની જાય છે. અહીં **‘स्वर्गः सत्त्वगुणोदयः’** (ભાગ. ૧૧-૧૯-૪૨) આ ભગવદ્વાક્યાનુસાર તેમજ

यन्न दुःखेन सम्भिन्नं न च ग्रस्तमनन्तरम् ।
अभिलाषोपनीतं च तत्सुखं स्वः पदास्पदम् ॥

આ વાક્યથી પુણ્યભોગભૂમિ સ્વર્ગલોક કે જ્યાંથી પુણ્ય ભોગને અન્તે ક્ષીણ થતાં આ મૃત્યુલોકમાં પુનરાગમન થાય છે તે તૃતીય લોક સ્વર્ગ છે અને જે પ્રકૃતિથી પર પ્રાકૃત સુખ-દુઃખોથી રહિત અને જેનો કાલ પણ ગ્રાસ કરી શકે નહીં તેવું જે આત્મસુખ એ પણ સ્વર્ગ શબ્દથી કહેવાય છે અને ચિત્ત પ્રસાદરૂપ આત્મસુખ કે જે નિત્ય છે અને એની જ્યાં સ્થિતિ છે તે બ્રહ્મલોક એ પણ સ્વર્ગ પદવાચ્ય છે. આ બ્રહ્મલોક બ્રહ્માજીનો જે સત્યલોક કે જેને પણ બ્રહ્મલોક કહેવામાં આવે છે તેનાથી ભિન્ન છે કે જે નિત્ય છે (બ્રહ્માનો લોક નિત્ય નથી) કે જેને માટે ઉપનિષદ્‌માં જણાવ્યું છે :-

वेदान्तविज्ञानसुनिश्चितार्थाः संन्यासयोगाद्यतयः शुद्धसत्त्वाः ।
ते ब्रह्मलोकेषु परान्तकाले परामृताः परिमुच्यन्ति सर्वे ॥

(મુંડક ઉપનિષદ્ ૩-૨-૬)

અર્થાત્ વેદાન્તવિજ્ઞાનથી જેમણે અર્થ સુનિશ્ચિત કર્યા છે, સંન્યાસયોગથી જેઓ યતિ છે અને જેઓ શુદ્ધ સત્ત્વ છે તે સર્વ મહાત્માઓ બ્રહ્મલોકને વિષે સ્થિત થઈને પરાન્તકાલે એટલે બ્રહ્માજીનું આયુષ્ય પૂર્ણ થતાં મહાપ્રલય કાલે અમૃતાઃ એટલે મુક્તજીવો બ્રહ્મમાં લય પ્રકારે વિશેષ પ્રકારે વિમુક્ત થાય છે. આ પ્રકારે વેદોમાં **‘स्वर्गकामो यजेत’** **‘सुवर्गाय लोकाय’** વગેરે વાક્યોથી જ્યાં સ્વર્ગ શબ્દ પ્રયોગ કર્યો છે તે સ્વર્ગના અધિકારી લોકો કામનાઓથી મલિન હૃદયવાળા હોઈ શકતા નથી કારણ કે આના અધિકારી કોણ હોય છે તે ચાર લક્ષણોથી બતાવ્યું છે. (૧) વેદાન્તરૂપી વિજ્ઞાનથી જેમણે સારી રીતે અર્થ સુનિશ્ચિત કર્યા છે એટલે કે મનમાની-મનસ્વી રીતે અર્થોનો નિશ્ચય કરેલા નહીં પણ વેદાન્ત એટલે ઉપનિષદોમાં જે

વિજ્ઞાન કહ્યું છે તેના આધાર પર-તેના અનુસાર સર્વ અર્થો જેણે નિશ્ચિત કરેલા હોય, (૨) સંન્યાસયોગથી જે યતિ હોય એટલે કે **‘काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः’** (ગીતા ૧૮-૨) એ ગીતા વાક્યાનુસાર કામ્યકર્મો થકી કરાતાં કર્મોને જેણે સારી રીતે ત્યાગી દીધાં છે તેવા સંન્યાસયોગવાળા, શુદ્ધ સત્ત્વો એટલે જેમના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ વગેરે સર્વ રજોગુણ-તમોગુણથી સર્વથા રહિત વિશુદ્ધ સત્ત્વવાળા છે તેથી તેમનામાં રજોગુણી-તમોગુણી પ્રવૃત્તિનો સર્વથા અભાવ હોય છે એમ જણાવ્યું છે અને અમૃતાઃ એટલે સનતકુમાર વગેરેની માફક જીવન્મુક્તો આના અધિકારી હોય છે. અહીં કહેલા બધાં જ લક્ષણો પુણ્યભૂમિ તૃતીયલોક સ્વર્ગના અધિકારી લોકો સાથે સંગત થતા નથી. કારણ કે તે લોકોની સત્ત્વવૃદ્ધિથી માત્ર ઉપરના લોક તરફ ગતિ થાય છે પણ તેમાં બીજા બે ગુણો પણ મળેલા હોવાથી તેઓનો સ્વર્ગમાં ભોગ અને અન્તે પુનરાવર્તન કહ્યું છે. એ લોકો સ્વર્ગભોગની કામનાવાળા હોય છે તેથી કામ્યકર્મોનો ત્યાગ પણ ત્યાં કહી શકાય નહિ અને તેમનું જ્ઞાન અને ક્રિયાઓ પણ ઔપનિષદ્ જ્ઞાનવાળું નથી હોતું તેથી જ તો તેઓ કાલમાં જેનો નાશ છે તેવા સ્વર્ગસુખની ઈચ્છાવાળા છે. તેમજ તે લોકોનું **‘क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति’** (ગીતા ૯-૧૧) તેમની સ્વર્ગમાં સ્થિતિ શુદ્ધ સત્ત્વથી નહીં પરન્તુ પુણ્યબળે જ છે તેથી જ તેઓ ક્ષરણશીલ સ્વભાવના પુણ્યનો ક્ષય થતાં પુનરાવર્તનને પામે છે તેથી તેઓ જીવન્મુક્તો પણ નથી. અતઃ આ પ્રકારે સ્વર્ગ પદવાચ્ય બન્નેની ભિન્નતા હોઈ તેમાં વેદો એ જીવોને સંસારથી મુક્ત કરવા માટે પ્રવૃત્ત થયેલા છે અને તે અર્થે જ કર્મનું વિધાન કરે છે છતાં પણ કર્માગ્રહી મીમાંસકો પુણ્યભોગ ભૂમિ સ્વર્ગનો જ અર્થ વેદમાંથી ગ્રહણ કરી લોકોને કર્મમાં પુણ્યાર્થે પ્રવૃત્ત કરે છે તેથી કર્મથી જે શ્રેયપ્રાપ્તિનું ફળ સધાવું જોઈએ તે સધાતું નથી. તેવી જ રીતે આ જગતમાં બધું જ કાંઈ કર્મથી જ પ્રવર્તી રહ્યું છે, જન્મ, જીવન, મરણ અને મરણોત્તર ફલ એ સર્વ કર્મ પર જ નિર્ભર છે, કર્મ જ ફલપ્રદાતા છે વગેરે ભ્રાન્ત સિદ્ધાન્તો

સમાજમાં પ્રવર્તાવી લોકોને ઈશ્વરથી વિમુખ કરી કર્મમાં પ્રેરે છે તેથી યજ્ઞ યાગાદિમાં પૂજ્ય દેવતાઓમાં તેમની નિષ્ઠા સ્થિર થાય છે. આ રીતે પણ વેદોમાં જે દેવતાઓનું યજન છે તે **‘यज्ञो वै विष्णुः’** ની ભાવનાથી યજ્ઞરૂપ વિષ્ણુના અંગ રૂપે દેવયજન કહેવાયું છે, નહીં કે તે તે દેવતાઓનાં યજનમાં વેદોનું તાત્પર્ય છે. તેમ છતાં પણ વેદતાત્પર્યને નહીં જાણી-વિચારીને કે તેને અવગણીને પરમેશ્વર આરાધનના સ્વરૂપથી ભિન્ન અને પરમશ્રેયના હેતુથી રહિત કર્મમાં લોકો પ્રેરાતા હોવાથી પણ કર્મમાર્ગનો ઉચ્છેદ થયેલો છે.

ધારો કે આ બધું જ સરખું મળી જાય અને વેદનું યથાયોગ્ય તાત્પર્ય જાણીને શ્રેયપ્રાપ્તિના હેતુને ચિત્તમાં ધારણ કરી યજ્ઞરૂપ વિષ્ણુનાં યજનનું ઉત્તમકર્મ કરવા કોઈ પ્રેરાય અથવા તો ચાહે સ્વર્ગ પ્રાપ્તિના હેતુથી પુણ્યાર્થે યા શ્રેયપ્રાપ્તિના હેતુથી વિષ્ણુ યજનાર્થે કોઈ પણ પ્રકારે વ્યક્તિ કર્મ કરવા તત્પર થાય પણ ખરો, તો પણ કર્મનાં સાધનોની શુદ્ધિ આ કાલમાં શક્ય ન હોવાથી પણ કરાયેલું કર્મ ફલ સુધી પહોંચતું નથી. આ રીતે કર્મમાર્ગ અધુના અસાધક બન્યો છે. કારણ કે કાલ,દેશ, દ્રવ્ય, કર્તા, મંત્ર, કર્મ (ક્રિયા) આ છ કર્મનાં અંગ છે અને આ છ શુદ્ધ હોતાં કર્મ કરાય ત્યારે ફલ ઉત્પન્ન થાય છે. શ્રીમદ્ ભાગવત એકાદશ સ્કન્ધમાં પણ ભગવાન આ જ વાતને જણાવે છે :-

देशकालादिभावानां वस्तूनां मम सत्तम ।
गुणदोषौ विधीयेते नियमार्थं हि कर्मणाम् ॥

(ભાગ.૧૧-૨૧-૭)

કર્મમાં લોકોની સ્વચ્છન્દ પ્રવૃત્તિ થઈ તેમનો સર્વનાશ ન થાય તે હેતુથી કર્મનાં નિયમનને માટે દેશ-કાલ આદિના ગુણ-દોષોનું વિધાન મારા વડે વેદોમાં થયેલું છે. આ પ્રકારે વેદોમાં વિધાન કરાયેલા દેશ-કાલ-દ્રવ્ય વગેરેથી કર્મ થાય તે હિતાવહ છે, મનસ્વી રીતે ગમે તે દેશ-કાલ વગેરેમાં કર્મ કરવાથી તો ધર્મની જગ્યાએ અધર્મ જ થાય છે.

स्नानदानतपोऽवस्थावीर्यसंस्कारकर्मभिः ।
मत्स्मृत्या चात्मनः शौचं शुद्धः कर्माचरेद् द्विजः ॥
मन्त्रस्य च परिज्ञानं कर्मशुद्धिर्मदर्पणम् ।
धर्मः सम्पद्यते षड्भिरधर्मस्तु विपर्ययः ॥
(ભાગ. ૧૧-૨૧-૧૪,૧૫)

એકાદશ સ્કન્ધના ૨૧ મા અધ્યાયમાં શ્લોક ૭ થી ૧૪ ॥ પર્યન્તમાં દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર, કર્મ એ છની શુદ્ધિ કઈ રીતે કરવી કે માનવી તેનું વિધાન કરીને અન્તે ભગવાન જણાવે છે કે આ છ વડે ધર્મ સમ્પન્ન થાય છે અને આ છની શુદ્ધિ વિના વિરુદ્ધ કર્મ કરવાથી અધર્મ થાય છે. જેમ રોગીને રોગથી મુક્ત કરવા ડોકટર દર્દીને ઈન્જેકશન આપે પણ તે વખતે ઈન્જેકશનનો પદાર્થ અત્યન્ત શુદ્ધિની જાળવણી રાખી બનાવેલો હોવો જોઈએ, પદાર્થ પોતે પણ શુદ્ધ જોઈએ અને દવા બન્યા પછીથી જે બોટલમાં ભરવામાં આવે તે બોટલ પણ શુદ્ધ જોઈએ, તેમજ જે વખતે જે સ્થળે દવા બને ને બોટલમાં ભરવામાં આવે ત્યાં સુધી સ્થળ અને વાતાવરણ શુદ્ધ જોઈએ, બન્યા પછીથી ઈન્જેકશન અપાતાં સુધીના સમયમાં શુદ્ધ જગ્યાએ ફ્રીઝમાં રહેવું જોઈએ, નક્કી કરેલો એક્સ્પાયરી ડેટના પહેલાનો કાળ જોઈએ, જેને ઈન્જેકશન આપવાનું છે તેના અંગની ચામડીવાળો ભાગ સ્પિરીટથી શુદ્ધ થયેલો જોઈએ, ડોકટ્રના હાથ શુદ્ધ જોઈએ, નીડલ વગેરે બોઈલ શુદ્ધ થયેલાં જોઈએ, આટલી શુદ્ધિ જાળવવામાં આવે ત્યારે ઈન્જેકશન દર્દીને માટે ઉપકારક સિદ્ધ થાય ને જો આમાંથી ક્યાંય એકાદ અશુદ્ધિ રહી ગઈ તો ઉપકારકની જગ્યાએ રીએક્શન આવે. તેવી જ રીતે કર્મ પણ જ્યારે પોતાનાં બધાં જ સાધનો-અંગોથી શુદ્ધ હોય ત્યારે ધર્મ સમ્પત્તિ કરે અન્યથા અધર્મને ઉત્પન્ન કરનારું સિદ્ધ થાય. કર્મ પણ વિટામિન્સના ઈન્જેકશન જેવું છે કે જે વ્યક્તિમાં પ્રવેશી શ્રેયપ્રાપ્તિમાં બળ પૂરું પાડે છે. કર્મનાં આ છ અંગો આ કાલમાં અશુદ્ધ થયા છે અને તેની શુદ્ધિ

વ્યક્તિથી શક્ય નથી એનું ખૂબ જ નિપુણતાથી શ્રીઆચાર્યચરણે કૃષ્ણાશ્રયના આરંભના છ શ્લોકોથી નિરૂપણ કર્યું છે. અતઃ સાંગ શુદ્ધ કર્મ અધુના શક્ય નહીં બનતું હોવાથી કર્મમાર્ગનો પણ નાશ થયો છે.

જેમ જ્ઞાન-કર્મમાં દેશ-કાલ વગેરે છ આવશ્યક અંગ છે તેમ આ છની શુદ્ધિ ભક્તિમાર્ગમાં પણ જરૂરી છે. અહીં છ ની શુદ્ધિની અપેક્ષા એટલે તે તે માર્ગના સ્વરૂપ અને સાધનને અનુકૂલ-અનુરૂપ શુદ્ધિની અપેક્ષા રહે છે. તેથી એમ નહીં સમજવું કે જ્ઞાનમાં કે કર્મમાં જે શુદ્ધિનો પ્રકાર અપેક્ષિત છે તેની અત્ર અપેક્ષા છે. જેને માટે શ્રીભાગવતમાં કહેવાયું છે કે :- **‘मुक्तिं ददाति कर्हिचित्स्म न भक्तियोगम्’** (ભાગ.૫-૬-૧૮) અથવા તો ગીતામાં **‘भक्त्या त्वनन्यया शक्यः’** (ગીતા. ૧૧-૫૪) વગેરે વાક્યોથી જે ભગવદ્ અનુગ્રહૈકલભ્ય ભક્તિ છે તે ભક્તિની અહીં ચર્ચા નથી. અહીં જે ભક્તિ ભક્તિમાર્ગ નામે કહેવાય છે તે વેદાદિશાસ્ત્રોપદિષ્ટ વિહિતા ભક્તિ છે કે જે જીવકૃત સાધનોથી સાધ્ય છે. અતઃ જીવકૃત સાધનોનાં ક્ષેત્રમાં આવતી જે ભક્તિ છે એને પૂર્વોક્ત છ ની શુદ્ધિ સ્વસ્વરૂપાનુરૂપ અપેક્ષિત છે અને એ ભક્તિનો માર્ગ પણ અધુના અસાધકપણાએ નષ્ટ થયો છે. ભક્તિનાં મુખ્ય સાધનોમાં શ્રવણ, કીર્તન, સ્મરણને માનવામાં આવે છે. અથવા તો શ્રીભાગવતમાં પ્રહ્લાદજીએ કહેલ નવધા ભક્તિ -

श्रवणं कीर्तनं विष्णोःस्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥
इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा ।
क्रियते भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम् ॥
(ભાગ. ૭-૫-૨૩,૨૪)

શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય

અને આત્મનિવેદન આ નવ સાધનો વડે જીવનો મુખ્યભક્તિમાં પ્રવેશ થાય છે. ભક્તિ શબ્દમાં આવતો ભજ્ ધાતુ સેવા અર્થને દ્યોતે છે. અતઃ ભક્તિ એટલે ભગવાનની સેવા - ભગવાનનું સેવન. ભગવત્ તત્ત્વનાં સેવનથી ભગવાનને સાધન બનાવી મોક્ષનો અધિકાર સમ્પાદન ભક્તિમાં થાય છે. આ ભગવત્ તત્ત્વનાં સેવન માટેનું સાધન શ્રવણ-કીર્તન વગેરે છે. અતઃ એ જરૂરી છે કે શ્રવણ-કીર્તન વગેરેમાં ભગવાન સેવાય. પરીક્ષિત રાજાને શુકદેવજી જેવા સિદ્ધ પુરુષ ભગવત્ કથા શ્રવણ કરાવવા મળી ગયા તેથી તેમની શ્રવણ ભક્તિથી તેઓ મોક્ષ પામી શક્યા, પણ આપણે આ યુગમાં બધાને શુકદેવજી કેવી રીતે મળી શકે ? તેવી જ રીતે શ્રીવ્યાસજી જેવા પિતા-ગુરુથી ભગવદ્ જ્ઞાન પામીને વ્યાસપુત્ર શ્રીશુક ભગવદ્ ગુણ ગાવાની ભક્તિ કરી શક્યા પણ આજે એ ભગવદ્ જ્ઞાન પામવાનું સાધન શું ? શ્રીપ્રભુનાં ચરણની રજ પ્રત્યેનો અક્રૂરજી જેવો પરમાદર કેવી રીતે મેળવવો ? આજે તો આપણી શહેરોની એ સ્થિતિ છે કે ડામરની ને સીમેન્ટની સડકોના યુગમાં રજની કલ્પના નથી રહી ત્યાં ચરણરજને તો કેવી રીતે પામીએ ? શહેરમાં રહી મોટરકાર-રેલ અને પ્લેનમાં આપણે એટલા ટેવાઇ ગયા છીએ કે જ્યાં શ્રીકૃષ્ણ ચરણરેણુની બહુલતા છે એ વ્રજભૂમિમાં પણ આપણે હવે આપણી કારસેર માટે સડકો પર સડકો બાંધતા જઇ રહ્યા છીએ. વ્રજની યાત્રા કરવા જઇએ ત્યારે પણ પલંગો, ખુરશી અને એરકૂલરોની સુવ્યવસ્થાની આપણે અપેક્ષા કરતા હોઇએ ત્યાં **‘अक्रूरस्त्वभिवन्दने’** આ વન્દનભક્તિની તો માત્ર ભૂતકાળમાં આવા ભક્તિવાળા ભક્તો હતા એની ક્ષણિક કલ્પના જ કરવી રહીને ? રજ ની જો વાત કહું તો એવા કેટલાએ વૈષ્ણવો મેં જોયા છે જેમને ધૂળની એલર્જી હોવાથી વ્રજયાત્રા નામથી ડરી રહ્યા છે. હવે તમે જ કહો કે આ લોકો ગોકુળ-મથુરા જાય તો રમણરેતીમાં કેમ કરીને આળોટી શકે ? ભલે શ્રીમહાપ્રભુ યમુનાષ્ટકમાં ભગવત્ ચરણ રેણુનાં ગાન કરે કે **‘मुरारिपदपङ्कजस्फुरदमन्ददेरणूत्कटाम्’** પણ આપણને તો ડોકટરોનું ગાન કાનમાં રણકે કે તમને ધૂળની એલર્જી છે - ધૂળથી દૂર રહેશો, આપણે કૃષ્ણ સાથે સખ્યભક્તિ કરવા જઇએ તો ખરા પણ આપણું શહેરી માનસ ગામડાના કૃષ્ણ સાથે ક્યાં મેળ બેસે, વ્રજયાત્રાના નામ પર આપણે કૃષ્ણને મળવા વ્રજમાં જઇએ અને જો કૃષ્ણ આપણા પર પ્રસન્ન થઇ જમવા ઘરે બોલાવે અને ત્યાં શુદ્ધ વ્રજવાસી ભોજન પીરસે, બેજરની રોટી, ટેંટીનું શાક ને છાશ તો મનમાં પસ્તાવો થઇ આવે કે ક્યાં જમવાની હા પાડી દીધી ! પણ બીજીવાર બોલાવે તો બહાનું કાઢી ટાળી જ દઇશું. જમતી વખતે જો કૃષ્ણ પીવા માટે શુદ્ધ યમુનાજળ ભરી આપે તો પછી કહેવું જ પડે કે સોરી કૃષ્ણ હું મુંબઇથી મારા ઠંડા પીણા કોકાકોલા, ફ્રેન્ટા, પેપ્સી વગેરે સાથે લાવ્યો છું તેથી તમે અમને યમુનાજળ આપવાનો પરિશ્રમ નહીં કરતા. વ્રજયાત્રામાં રસોડાવાળા દ્વારા રોજના વિવિધ વાનગી સભર મેન્યુ પાસ કરી સમોસા, પકોડા, ભજિયા, પાંત્રા, ફ્રુટસેલાડ, ગાજરનો હલવો, વેડમીના જલસા કરી ટેવાઇ ગયેલા આપણને કૃષ્ણ ફરીથી જમવા બોલાવે તો ચોખ્ખા શબ્દોમાં કહી દઇએ કે મેન્યુ પાસ કરાઓ તો જમવા આવીએ વર્ના બેજર -ટેંટી તો ભાવતી નથી. કૃષ્ણ ક્યારેક મૈત્રીભાવે કહે કે ચાલો વનો-ઉપવનોમાં ફરવા જઇએ અને સાથે ચાલ્યા ગયા તો પ્રકૃતિના-નૈસર્ગિક સૌન્દર્યમાં પણ આપણાથી પૂછાઇ જશે અહીં બેન્ચ-ખુરસી વગેરેની કોઇ સુવિધા મથુરાની મ્યુનિસિપાલિટીએ કરી નથી ? અમારા તરફ તો બગીચામાં બેસવા બેન્ચ હોય, કાફે હોય, ટી સ્ટોલ હોય નાસ્તા પાણીની લારીઓ હોય, રંગબેરંગી વસ્ત્રો ધરેલા લોકો હોય, અહીં તો તેવું કંઇ દેખાતું જ નથી ! કૃષ્ણ તમારું મન અહીં લાગી જાય છે ? અમે તો અહીં આવી બોર થઇ ગયા. કૃષ્ણ સાથે દોસ્તી કરી અને વ્રજયાત્રામાં જવાનો વિચાર કર્યો ને શ્રીકૃષ્ણને ટપાલ લખી અમે ડિલક્સ ટ્રેનમાં તા.૨-૯-૯૫ ના સવારે મથુરા પહોંચીશું. કૃષ્ણે કહ્યું પહેલા મારે ઘરે આવશો પછી યાત્રા શરૂ કરશો, મારું ઘર પહાડની ચોટી પર છે તમને ગમશે. આપણે વિચાર્યું પહાડ પર હિલસ્ટેશન પર મિત્ર રહેતો હોય તો હિલસ્ટેશનના ઊંચા ઘરભાડાથી બચી જવાય, હોંશે - હોંશે ટેક્સી કરી જતીપુરા મુખારવિન્દ પર પહોંચ્યા અને દંડોતી શિલાથી ઉપર ચઢવા આગળ વધ્યા તો ત્યાં જ શ્રીમહાપ્રભુનાં દર્શન થયાં અને તેઓશ્રીએ

જાણાવ્યું ભાઈ જૂતા-ચપ્પલ નીચે જ ઉતારી દો, આ સમ્પૂર્ણ ગિરિરાજ શ્રીકૃષ્ણનું ગૃહ છે તેથી જૂતા-ચપ્પલ પહેરીને ઉપર ન જવાય. આપણે મુંબઈગરાઓએ શ્રીમહાપ્રભુને સવાલ કર્યો કે જૂતા-ચપ્પલ પહેર્યા વિના તો પગમાં કાંકરા-કાંટા વગેરે વાગે અને ઉપર જવા માટે કોઈ સડક તો દેખાતી નથી તો શું અહીં અમારા મુંબઈની માફક લિફ્ટની વ્યવસ્થા કૃષ્ણના ગૃહના-મંદિરના વ્યવસ્થાપકોએ નથી રાખી ? શ્રીમહાપ્રભુએ કહ્યું જો લિફ્ટની વ્યવસ્થા રાખતે તો તમારા પગથી કેવી રીતે ભક્તિ થતે ? તો આપણે ઉત્તર આપ્યો અરે ગુરુજી ! ભક્તિ તો મનનો વિષય છે, આ વાત આપે જ ષોડશ ગ્રન્થમાં જાણાવી છે તો પછી આમાં પગને શા માટે વચમાં લાવવા જોઈએ? શ્રીમહાપ્રભુએ પૂછ્યું જો તમે આટલો નાનો પહાડ નહીં ચડી શકતા હો તો પછી આટલી લાંબી વ્રજની યાત્રા ખુલ્લા પગે ચાલીને કેવી રીતે કરી શકશો ? આપણે ઉત્તર આપ્યો ગુરુજી ! અમે શહેરના લોકો ભણેલા ગણેલા એજ્યુકેટેડ અને ખૂબ જ હોંશિયાર તથા લાંબું વિચારનારા હોઈએ છીએ. તેથી જ તો જુઓ આ વિચાર રાખીને જ અમે ગૃપમાં આવ્યા છીએ અને સાથે આ ટ્રાંજિસ્ટર રેડિયો તથા કેસેટ ટેપરેકોર્ડર તથા પોર્ટેબલ નાનું ટી.વી. સાથે રાખ્યું છે. ગૃપમાં અમે એટલા માટે જ આવ્યા છીએ કે આપસમાં ટોળ ટપ્પા-ગપ્પા મારતા રસ્તોએ પસાર થઈ જાય અને જ્યાં ઉતરીએ ત્યાં પલમાંએ ટાઈમ પાસ થઈ જાય અને તેમાં પણ રેડિયો વગેરે છે તથા સિનેમાના ગાયનની અંગ્રેજી મ્યુઝીકની કેસેટો સાથે છે તેથી રસ્તો તો ક્યાંય પૂરો થઈ જાય તેની ખબર નહિ પડશે અને તેમ છતાં પણ જરૂર પડી તો આ સાથે બિસ્કુટ, બ્રેડ, બટર, ચેવડો, ખાખરા, ટોમેટો કેચપ વગેરે બે માસ ચાલે તેટલાં સાથે રાખ્યાં જ છે તેથી રસ્તામાં ગપ્પા મારતાં, ગાયનો સાંભળતા, નાચતાં, કૂદતાં, ખાતાં, પીતાં રસ્તો પસાર કરી દઈશું તેથી ગુરુજી આ બાબત આપે ચિન્તા કરવા જેવી નથી. આપણી આ વાતો સાંભળી શ્રીમહાપ્રબુએ કહ્યું વૈષ્ણવો ! તમે એ કહો કે તમે મારા શિષ્ય છો એ તમારું કમભાગ્ય છે કે હું તમારો ગુરુ છું એ મારું અહોભાગ્ય છે (વ્યંગ્યમાં) ? તમે તો એ શક્તિશાલી-પ્રતાપી -તેજસ્વી વૈષ્ણવો છો કે આજથી હજારો વર્ષ પહેલાં બીજે સ્થળે અને ખાસ કરીને ગુજરાતમાં પહોંચતાં જે ભક્તિ વૃદ્ધ બની ગઈ હતી તે પુનઃ વૃન્દાવનને પામતાં યુવતી બની ગઈ હતી, એ ભક્તિ આજે તમારા વ્રજ-વૃંદાવનમાં પદાપર્ણથી વૃન્દાવનમાં જ વૃદ્ધ બની ગઈ છે. તમારા આ શક્તિ-સામર્થ્ય જોતાં તો મને ખાત્રી થઈ ગઈ છે કે તમારા ગુરુ તરીકે હું યોગ્ય નથી અને તમારા આરાધ્ય તરીકે શ્રીકૃષ્ણ યોગ્ય નથી તેથી હું તથા શ્રીનાથજી અમે બન્ને જ તમને તમારા ઢબે-ઢંગે યાત્રા કરવા સ્વતંત્ર રાખી અમે બન્ને ગોલોક તરફ જઈ રહ્યા છીએ તેથી બસ ત્યારે આવજો .... આ આખી આખ્યાયિકામાં જો આપણે શ્રીકૃષ્ણની સખ્યભક્તિ કરવા જઈએ તો શતપ્રતિશત સર્વ પ્રકારે આપણું સર્વ કંઈ કૃષ્ણથી વિરુદ્ધનું છે એનું દર્શન કરાવ્યું છે. કાલના ભીષણ પ્રવાહમાં આપણા દેહ, ઈન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ વગેરે સર્વ કૃષ્ણ અને કૃષ્ણભક્તિથી કેટલા વિપરીત-વિરોધી બની ગયા છે કે જેના વડે વેદાદિ શાસ્ત્રોએ જે ભક્તિ અને તેનાં સાધનો ઉપદેશ્યાં છે તેનો આપણે ઉપયોગ કરી શકીએ તેમ નથી. વેદ વગેરે શાસ્ત્રોના આધાર પર નારદપંચરાત્ર વગેરેમાં જે વિહિતાભક્તિનો પ્રકાર નારદ વગેરે ભક્તિમાર્ગાચાર્યોએ દર્શાવ્યો છે અને તે આધારે જે ભક્તિમાર્ગ તેમણે પ્રવર્તાવ્યો તેમાં ષષ્ટિ અપરાધ, વિંશત્યપરાધ વગેરેથી ભક્તિ કરનારા લોકોને માટે જે અપરાધ સંભાવનાઓ તેમણે દર્શાવી છે તે અપરાધોથી બચવાનો આજે કોણ કેટલો પ્રયત્ન કરે છે ? ખરી વાત તો એ છે કે આધુનિક ભક્તિમાર્ગીઓને માટે આવા કોઈ અપરાધો ભક્તિમાર્ગમાં દર્શાવાયા છે કે કેમ કે પછી છે તો કેટલા છે અને કેવા છે એનું જ્ઞાન જ નથી, એટલું જ નહીં એને જાણવા કે સમજવાની કોઈ આવશ્યકતા પણ અનુભવતા નથી. ભક્તિનો અર્થ સેવા થાય છે તો આપણું જીવન કોની સેવા માટે ઘડાયેલું છે અને કોની સેવા માટેનું તેનું સ્વરૂપ છે ? આ પ્રશ્નનો ઉત્તર પોતાની જાતથી મેળવીશું તો આપણે એવા દેશ, કાલ, દ્રવ્ય, મનન અને ક્રિયાથી સમ્પન્ન છીએ કે જેમાં ભક્તિમાર્ગાનુસાર કૃષ્ણભક્તિનો કોઈ અવકાશ જ દેખાતો નથી. આપણા આચાર્ય-ગુરુવર્ય શ્રીમહાપ્રભુ કહે છે **‘अतः स्थेयं हरिस्थाने तदीयैः सह**

तत्परैः' શ્રીહરિનાં સ્થળો જગન્નાથપુરી, પંઢરપુર શ્રીવિઠલનાથ, શ્રીરંગજી, તિરુપતિબાલાજી, શ્રીનાથજી શ્રીનાથદ્વાર વગેરે સ્થળોએ કે જ્યાં અવિરતપણે સેવા પ્રવાહ ચાલતો હોય ત્યાં રહો અને ત્યાં ભગવદીય જનોનો સંગ કરીને રહો, જ્યારે આપણી ચિત્તવૃત્તિઓ જ્યાં ભક્તિનું નહીં પણ ભોગવાદનું નગ્ન તાંડવ થતું હોય ત્યાં સામે ચાલીને વસવા-જવા-ફરવા મથામણ કરી ભારે જહેમત ઉઠાવતા હોઈએ છીએ. બલ્કે ઉપર જણાવ્યા મુજબનાં હરિસ્થળોને પણ આપણે ત્યાં વારંવાર જઈને ત્યાંથી હરિને હટાવી પિકનિક સેન્ટરો બનાવતા જઈ રહ્યા છીએ. ત્યાં ભક્તિની ભગવત્સેવનની - ભજનની સુવિધાઓ વધારવી કે તેના અનુકૂલ વાતાવરણ સર્જવાની જગ્યાએ ફાઈવસ્ટાર સુવિધાઓ અને આધુનિક શહેરીકરણ સુધારણાના નામ પર કરતા જઈ રહ્યા છીએ. જ્યાં આજનું માનસ આ પવિત્ર સ્થળોમાં પણ ભગવદીયોનો સંગ છોડી સુરા-સુન્દરીનો સંગ શોધતું હોય, જ્યાં ભગવદીય વેશ ધારણ કરીને પણ કૃષ્ણકથાનાં નામ પર સ્ત્રી-પુરુષના લૌકિક કામની ચર્ચા-વિચારણા થતી હોય અને જ્યાં વક્તા-શ્રોતાના ચિત્તનું કૃષ્ણસ્વરૂપ સાથે ઐક્ય સધાવાની જગ્યાએ પારસ્પરિક સ્ત્રી-પુરુષના લૌકિક આકર્ષણનું ઐક્ય સધાતું હોય, આ હરિસ્થળો અને એ હરિસ્થળોમાં આવેલાં હરિમંદિરો એ ભક્તિકેન્દ્રોની તો વાત ઘણે દૂર રહી, જો ઉચ્ચમાનવનિર્માણનાં સંસ્કાર કેન્દ્રો બની રહે તો એ સદ્ભાગ્ય સમજવું જોઈએ.

શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે શ્રીકૃષ્ણની ભક્તિ-સેવા **'यथालब्धोपचारैः'** જેમાં સુન્દરતા આવે તે રીતે સેવા માટે જરૂરી જે ઉપલબ્ધ સાધનો હોય તેના વડે સેવા કરવી પણ આપણે સેવા કરવા બાબતમાં જ્યારે સાધનોને - આજે શું ઉપલબ્ધ છે તેને વિચારવા જઈએ છીએ ત્યારે આપણી ગરીબી જોઈ રડવું આવી જાય તેવી સ્થિતિ છે. જે કાલાદિ છ સાધનો આપણે વિચારી ગયા તેની શુદ્ધિની વાત દૂર રહી તે છ સાધનો સેવાર્થરૂપમાં જ આજે ઉપલબ્ધ નથી. આજના ઘડિયાળના કાંટાથી વધુ તે જ ગતિએ ભાગતા લોકોના

જીવનમાં નહાતાં કે કપડા પહેરતાં મનમાં બે ચાર ભગવન્નામ લેવા સિવાયનો તનુ-વિત્તજા સેવા કરવાનો અવકાશજ ક્યાં રહે છે, આધુનિક વૈષ્ણવોની સહુથી વધુ મૂંઝવણ જ સેવા માટે સમય ફાળવવાની છે. એક ટ્રેન છોડી બીજી પકડવાની અને તેમાંથી ઉતરી ટેકસી પકડવાની અને તેમાંથી ઉતરી પ્લેન પકડવાનું એટલે આપણા પગ તો ચાલતા જ નથી આખાને આખા આપણે ભાગતા જ રહીએ છીએ. આવી સ્થિતિમાં કયા સમયે ઠાકોરજી સૂઝે કે સેવા સૂઝે ? આ બધી જ આપણી આટલી દોડધામ આપણા મનની અતિશય લૌકિક વ્યાપૃતિ અથવા તો મનની ઘણી બધી વધુ પડતી આવશ્યકતાઓને લઈને છે. તેથી આપણા મનની આવશ્યકતાનાં ક્ષેત્રમાં માત્ર લૌકિક જ છે, કૃષ્ણ કે કૃષ્ણભક્તિની આવશ્યકતાનું કોઈ સ્થાન જ નથી. પછી કઈ આવશ્યકતાથી વ્યક્તિ સેવા માટે કીમતી સમય ફાળવે ? સેવા તો મનના દઢ સંકલ્પનો વિષય છે, દઢ સંકલ્પ વિના વ્યક્તિની સેવા-ભક્તિમાં પ્રવૃત્તિ થવી શક્ય નથી અને જ્યારે તેવા દઢ સંકલ્પ થઈ જાય છે ત્યારે મનની પ્રથમ આવશ્યકતા એ ભગવત્સેવા હોતાં પછી વ્યક્તિ પોતાની જીવનપ્રણાલી જ એવી ઘડતો હોય છે જેમાં સેવાને બાધા ન આવે તે રીતે બધો વ્યવહાર ગોઠવાયો હોય. સવારે કલાક વહેલા ઊઠશે, રાત્રે કલાક વહેલા શયન કરશે અને તે માટે કલાકની ટી.વી. સીરીયલ જોવાનો મોહ છોડશે અને સમય ફાળવી સેવા કરશે અને તેમ છતાં પણ જો જીવનમાં લૌકિક લાભ જતો કરીને પણ સેવાનો ત્યાગ કરશે નહીં. આ રીતે આજે ભક્તિ માટે કાલ પણ ઉપલબ્ધ નથી રહ્યો.

કાલ પછી દેશનો વિચાર કરીએ તો બહાદુરશાહ જફરની પેલી ઉક્તિ જેવી સ્થિતિ છે કે **'इतना है बदनसीब जफर दफ्न के लिए । दो गज जमीन भी न मीलीं कूए यार में'** બહાદૂરશાહ જફરને અંગ્રેજોએ ભારતની બહાર નેપાળ-બર્મામાં ફાંસી આપી હતી તેથી તે સમયે આ ગઝલ લખાયેલી છે, તેમ આપણા આજના આલીશાન વૈભવી બંગલાઓમાં ભગવત્ સેવાને

અનુકૂળ બંગલાઓ કેટલા બચ્યા છે ? જેમ-જેમ સમય જઈ રહ્યો છે વૈષ્ણવોના ઘરોમાંથી રાજસેવા કે અષ્ટયામ સેવાનો પ્રકાર નિવૃત્ત થતો જઈ રહ્યો છે ને મિશ્રીભોગની સેવા અથવા તો માત્ર પાઠ-જપાત્મક સેવાનો પ્રકાર દેખાઈ રહ્યો છે તેનું કારણ લોકોના ઘરોમાં ભગવાન માટે કે ભક્તિ માટેની જગ્યાનો અભાવ છે. આલીશાન-વૈભવી બંગલાઓ કે ફ્લેટોમાં વિશાલ અને સુસજ્જ ડ્રોઈંગરૂમ, બેડરૂમ, વિશાલ વૈભવી બાથરૂમ, દરેક સુવિધા અને આધુનિક ઉપકરણોથી સુસજ્જ કિચનરૂમ, સર્વન્ટ ક્વાર્ટર્સ વગેરે જગ્યાઓ ફાળવી હોય ત્યાં એક ગોખલામાં સેવા બિરાજતી હોય અથવા તો એક નાની ૩X૩ ની નાનકડી રૂમ કે જે દાદર નીચેની ખાલી જગ્યામાં બાંધેલી હોય તે પૂજારૂમમાં સેવા બિરાજતી હોય. આપણા ઘરોનું સેટિંગ આપણે એ રીતે આજે કરતા હોઈએ છીએ જેમાં આપણી ભોગવૃત્તિની સુવિધાઓ વધુમાં વધુ જુટાવેલી હોય પણ તે વખતે આપણે આપણા શ્રીપ્રભુ કે શ્રીપ્રભુની સુવિધાઓને સર્વથા વિસ્મરી જઈએ છીએ અને પછી જ્યારે સેવાનો વારો આવે ત્યારે મકાનનો કે પરિસ્થિતિનો વાંક કાઢતા હોઈએ છીએ. ખરેખર વાત તો એ છે કે ગામમાં કે ઘરમાં સેવા કરવાનો પ્રદેશ જ બાકી રહ્યો નથી કારણ કે આપણા મોહ અને મમતાનો વિસ્તાર એટલો વધુ વિસ્તર્યો છે જેમાં જે આપણા પૂર્વજો રાજસેવા કે અષ્ટયામ સેવા માટે જગ્યા ફાળવતા હતા ત્યાં પણ આપણે શ્રીહરિને હટાવી આપણી મોહ માયા મમતાને વિસ્તારેલી છે. ઘણાં વર્ષો પહેલાં જ્યારે ભક્તિવર્ધિની ગ્રન્થ પરની શ્રીગોકુલનાથજીની ટીકા વાંચી રહ્યો હતો ત્યારે બીજા શ્લોક પરની ટીકામાં **‘भगवद्भजनानुकूले गृहे स्थित्वा स्वधर्मतः कृष्णं भजेत्’** અર્થાત્ - ભગવદ્ભજન સેવાને અનુકૂલ હોય તેવા ઘરમાં રહી સ્વધર્મથકી કૃષ્ણને ભજવા, આ પંક્તિમાં જે ભગવદ્ભજનને અનુકૂલગૃહ એમ કહ્યું છે ત્યાં એવું કેવું ગૃહ હોય ? આ પ્રશ્ન મનમાં થયો હતો અને તત્કાળ તેનો ઉત્તર સાંપડ્યો નહીં. પણ જ્યારે મુંબઈ, કલકત્તા, અમદાવાદ વગેરે શહેરોમાં વૈષ્ણવોને ઘરે ઉતરવાનો વારો આવ્યો ત્યારે ત્યાંની સ્થિતિ-વ્યવસ્થાથી જે મનમાં ક્લેશ થયો ત્યારે સમજમાં આવ્યું કે ભગવદ્ભજનને અનુકૂલ ઘરો કેવાં હોય. વાસ્તવમાં અમારા વલ્લભકુળના હવેલી નામથી પ્રસિદ્ધ એ પ્રકારના ગૃહો હતાં કે જેમાં વ્યક્તિગત ભોગની ગુંજાઈશ ન હતી પણ સેવા અંગેની સર્વ સુવિધાઓથી એ ઘરો સમ્પન્ન હતા. મહારાજશ્રીને સપરિવાર કે સેવકવર્ગને સપરિવાર રહેવાના ક્ષેત્રફળ કરતાં સેવાનું ક્ષેત્રફળ ઘણું વધુ રહેતું હતું. સેવાના વિસ્તારમાં પણ શ્રીમન્ત ઘરના માલિકને શોભે, અનુકૂળ થઈ પડે તે રીતે શ્રીઠાકોરજીના નિજમંદિર, શૈયામંદિર, ભોગમંદિર, તિબારી, પલના તિબારી, ડોલતિબારી કમલચોક વગેરે વિશાલખંડોનો વિભાગ રહેતો. સેવાને અર્થે જરૂરી મર્યાદા-પવિત્રતા વગેરે માટેની પણ પૂર્ણ વ્યવસ્થા રહેતી જેમાં રસોઈ, બાલભોગ, દૂધઘર, પાનઘર, શાકઘર, ગહનાઘર, આરતીઘર, સંધાણાઘર, ઉપરાન્ત યોગ્ય રીતના પરનાળાઓ, સેવકી-ખાસાના ભેદથી પાણીની ટાંકીઓ, સેવકી-ખાસાના ભેદથી જુદા કૂવાઓ, સેવકી ખાસાના ભેદથી નહાવાની જુદી વ્યવસ્થા, અપ્રસ સૂકાવાની-મૂકવાની-પહેરવાની ઈલાયદી વ્યવસ્થા, પ્રસાદી-અનપ્રસાદી ભેદથી જુદા ભંડારો આવી અનેક વ્યવસ્થાઓ વલ્લભકુળની હવેલીમાં તથા પ્રાચીન શ્રીમન્તવૈષ્ણવોના ગૃહમાં વ્યવસ્થા જોવા મળતી હતી. તેની જગ્યાએ આજે આલીશાન-વૈભવી બંગલાઓ અને ફ્લેટોમાં વોલ ટુ વોલ કારપેટ બિછાવેલી હોય, રૂમના વચમાં જ ડબલબેડનો પલંગ સુન્દર સજાવટ સાથે મૂકાયેલો હોય, આજુબાજુ ટી.વી., ટેપરેકોર્ડ એશટ્રે વગેરેની વ્યવસ્થા કરેલી હોય અને દિવાન ખંડમાં સોફા-ખુરશી-ટેબલ ઉપરાંત ભોજન માટેનાં ખુરશી ટેબલો ગોઠવેલાં હોય જેથી આ બધી વ્યવસ્થામાં સ્ત્રીઓ રજસ્વલા હોય કે સૂતક-વૃદ્ધિનું આશૌચ હોય ત્યારે અલગ પાડવું જ શક્ય ન હોય જેથી બધું જ એકાકાર થઈ અપ્રસ કે ધર્મને નિભાવી શકાય જ નહીં. આજનાં શહેરોમાં નવા બનતાં ઘરો હિન્દુ પરિવારના કે વૈષ્ણવ પરિવાર માટેના છે તેમ કહી શકાય તેમ જ નથી. જે સંડાસના બારણાને અડકીને પણ હિન્દુ મર્યાદા મુજબ કે ભક્તિમાર્ગીય મર્યાદા મુજબ સ્નાન કરવું પડે ત્યાં શહેરોના બંગલાઓ-ફ્લેટોમાં એટેચ્ડ લેટ્રિન-બાથરૂમ એવા બનાવેલા હોય કે જેમાં

દરવાજો ખોલતાં પ્રથમ સંડાસ આવે ને અન્દર વળીને પછી નહાવાનું હોય, એટલે સ્નાન કરી સંડાસવાળા ભાગમાં પગ મૂકીને જ બહાર આવવું પડે, ઠાકોરજીની સેવા માટે અપ્રસમાં નહાવું હોય તો એ આજ જગ્યાએ, હવે તમે જ વિચારો કે આપણી કેવી શુદ્ધતા-પવિત્રતા ? આપણે કુરુક્ષેત્ર જગન્નાથપુરી, અયોધ્યા વગેરે પવિત્ર સ્થળો કે પછી ગામમાં આવેલ જાહેર મંદિરોને જ આપણે પવિત્રસ્થળ માનતા થયા. પણ એ ભૂલી ગયા કે મસ્જીદ જ યા ચર્ચ જ ધર્મસ્થળ-પવિત્રસ્થળ છે એ ભાવના-માન્યતા ઈસ્લામ ધર્મમાં કે ક્રિશ્ચિયનધર્મમાં છે. આપણી હિન્દુ અને તેમાં પણ વૈષ્ણવ જીવનની પ્રણાલીમાં તો આપણે માટે પ્રથમ પવિત્ર અને ધર્મસ્થળ એ આપણું ઘર જ છે. જેના ઘરમાં ધર્મ હશે તે બીજા સ્થળે પણ પવિત્ર વાતાવરણ ફેલાવી મંદિરવત્ સ્થળ બનાવશે. પણ જેના ઘરમાં અને વ્યવસાયમાં ધર્મ નથી ને માત્ર ભોગવાદી આસુરી પ્રવૃત્તિ હશે તે મંદિરમાં જઈને પણ મંદિરનું પવિત્ર વાતાવરણ અપવિત્રતામાં ફેરવી નાંખશે. શ્રીવલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ સનાતન હિન્દુ ધર્મના એ સમર્થ આચાર્યો હતા કે જેમણે હજારો કૃષ્ણમંદિર સ્થાપ્યાં, પણ તે જાહેર કોમન મંદિરો નહીં પણ વૈષ્ણવોને દરેકને અલગથી સેવાનો ઉપદેશ આપી હજારો વૈષ્ણવોનાં ઘરોને કૃષ્ણમંદિરના રૂપમાં ફેરવી નાખ્યાં અને તેઓ જ્યાં બેસે તે કૃષ્ણમંદિરનું સ્થળ બને તેવા તેમના જીવનને કૃષ્ણમય બનાવી આપ્યાં. આજે આપણાં ઘરો કૃષ્ણભક્તિ માટેના કે ધર્મપાલન માટેના નહીં અપિતુ દેહ-ઈન્દ્રિયોની ભોગવૃત્તિની પૂર્તિ અર્થેના છે. આપણે આજે જાહેર કે સામુદાયિક-સામાજિક મંદિરોની એટલા માટે અપેક્ષા રાખતા થયા છીએ કારણ કે આપણે સવારના ભાગતાં-ભાગતાં મંગળાની મિનીટ-બે મિનીટ ઝાંખી કરી ભક્તિ અને ધર્મમાં **‘परिसमाप्तसर्वार्थाः’** પોતાને માનવાવાળા થયા છીએ. શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોના ગૃહોને વ્રજભક્તોનો ભાવ આપી શ્રીકૃષ્ણને બિરાજમાન કર્યા અને આપણે શ્રીકૃષ્ણને ગોકુળમાંથી ઉઠાવી કંસની નગરીમાં પધરાવ્યા. શ્રીકૃષ્ણે પોતાની પસન્દગી બતાવી **‘मैया मोहे माखन मिश्री भावे’** મહાપ્રભુએ

કહ્યું **‘यह हमारे सर्वस्व है, याकी प्रेमसों नीकी भांती सेवा करियो’** અને આપણે એમને - શ્રીકૃષ્ણને નિજ ગૃહમાંથી ઉઠાવી જનરલ-સામુદાયિક લાલન-પાલનમાં મૂક્યા અને રાજભોગના કટોરાઓમાં પ્રેમની જગ્યાએ નોટોના બંડલ પીરસ્યાં (બબ્બે હજારના રાજભોગના ૧૦-૧૫-૨૦-૨૫ મનોરથીઓ). સાચે જ જે સમાજે પોતાના ઘરડા માતા-પિતાને ઘરડા ઘરમાં મૂક્યા, જેણે પોતાનાં કુમળાં બાળકોને આયા પાસે મૂક્યા, સંસ્કાર માટે હોસ્ટેલોમાં મૂક્યા અને ડબ્બાનું દૂધ પીવડાવ્યું તે સમાજે ભગવાનને સામુદાયિક સેવામાં મૂક્યા અને સ્નેહની જગ્યાએ પૈસા પીરસ્યા તેમાં શી નવાઈ છે ? ઘરડા ઘરમાં રહી પારિવારિક હુંફથી હજારો માઈલ દૂર હડસેલાઈ ગયેલા પોતાનાં માતા-પિતાની દર્દભરી વ્યથાના શબ્દો સાંભળવા માટેના કાન હોય અને આયા પાસે તથા હોસ્ટેલમાં રહેલા બાળકોના કુમળા માનસની પ્રેમ અને વાત્સલ્ય વિહોણી દયનીય દશાના દર્દભર્યા વ્યથાના શબ્દો સાંભળવાના કાન હોય તો સામુદાયિક સેવામાં સપડાઈ ગયેલા કૃષ્ણની વાંસળીમાંથી વાગતા દર્દ ભર્યા સ્વરોમાં એ દર્દીલું ગીત જરૂર સંભળાશે કે :-

जा दिनतें हम तुमतें बिछुरे काहु न कह्यो कन्हैया ।
कबहू प्रात न कियो कलेवा, सांझ न पीन्ही धैया ॥

કંસની નગરી મથુરામાં પહોંચી પોતાની હાલતનો સન્દેશ શ્રીકૃષ્ણ માતા યશોદાને ઉદ્ધવજી સાથે મોકલે છે કે માતા તારી ગોદમાં અને ગોકુળના ગાયોનાં ગભાણમાં રહેવામાં જે મને સુખ લાગતું હતું તે બધું જ અહીં આવીને લાગે છે કે જાણે ખોવાઈ ગયું છે. અહીં ન તો મારી સાથે કોઈ પ્રેમથી બોલે છે, પ્રેમથી વર્તે છે, પ્રેમથી આવે છે કે પ્રેમથી મને જમાડે છે. માતા, તું મને જે આગ્રહ કરી-કરીને જમાડતી હતી પણ અહીં જો ભૂલથી પણ એમ કહી દઉં કે નથી જમવું તો આગ્રહ કરી જમાડનાર પણ કોઈ નથી, પછી તો ભૂખ્યા રહેવાનો જ વારો આવે. એવી પ્રેમની અહીં સોડ નથી કે જેના નીચે હું

આનન્દપૂર્વક શયન કરું. મા અહીં આવ્યા પછી મને શું ભાવે એ પૂછવાની તો વાત જ છોડી દે મને યાદ નથી કે આટલા દિવસમાં મને કોઈએ કલેવો કરાવ્યો હોય કે સાંજે તાજુ ગાયનું દૂધ મને આપ્યું હોય. કૃષ્ણના આ સન્દેશને સાંભળી યશોદાજી તો ધ્રુસકે ધ્રુસકે રડી પડયાં હશે પણ યશોદાજીના વાત્સલ્યની સરખામણીની તો કલ્પના જ ન થઈ શકે, પણ યશોદાજીના વાત્સલ્યનો એક છાંટોએ જો આપણી વૈષ્ણવતા પર પડયો હશે તો આંખ અશ્રુભીની થયા વિના રહેશે નહીં. આ સમ્પ્રદાયમાં શ્રીમહાપ્રભુએ અને શ્રીપ્રભુચરણે પોતાના જે ઉત્કૃષ્ટ વાત્સલ્યથી કૃષ્ણને અતિ નાના બાળક બનાવી બેસાડયા. તે આજે આપણે કૃષ્ણનું બાળપણ ખૂંચવી રહ્યા છીએ અને એને પુષ્ટિભક્તિનું નામ આપતા જઈ રહ્યા છીએ.

આના અનુસન્ધાનમાં ત્રણ સત્યઘટનાઓ આપણા સમ્પ્રદાયમાં જાહેર મંદિરોમાં છેલ્લાં દશ વર્ષની અન્દર ઘટેલી છે જે નીચે મુજબ છે :-

(૧) ગુજરાતનાં જ એક ટ્રસ્ટ મંદિરમાં એક ઘટના બની ગઈ. એક દિવસે મંદિરના પ્રમુખ ટ્રસ્ટીના મનમાં જાણે કેમ આવ્યું કે આજે મંદિરમાં જઈ મંદિરનો પ્રસાદ લઉં અને પ્રત્યક્ષ વ્યવસ્થા જોઉં અને તે પ્રમુખ સાહેબ શયનભોગના સમયે મંદિરે પહોંચી ગયા. મંદિરમાં કમલચોકની એક તરફ ભોગ સરાવાની જગ્યા હતી ત્યાં મુખિયાજીએ શયનભોગ સરાવ્યા ને તપેલી, થાળી પર પાતળ ઢાંકી રાખી હતી અને પાતળ ઊડે નહીં તે માટે વજન મૂકી રાખ્યું હતું. ટ્રસ્ટી મહોદય એ સ્થળના દરવાજા પર પહોંચી ગયા અને મુખિયાજીને કહ્યું મને આમાંથી થોડો પ્રસાદ આપો. મુખિયાજીએ કહ્યું આચમન મુખવસ્ત્ર કરાવી પછી આપું છું. પેલા ટ્રસ્ટી મહોદય ત્યાંને ત્યાં જ ઊભા રહ્યા અને જગ્યા છોડી નહીં. થોડીવાર પછી ફરીથી કહ્યું તો મુખિયાજી એ કહ્યું શયનઆર્તિ કરીને આપું છું. થોડીવાર પછી ફરીથી કહ્યું તો મુખિયાજી એ કહ્યું ઠાકોરજીને પોઢાવી રહ્યો છું. તેથી પોઢાવીને આપું છું. મુખિયાજી પોઢાવીને આવ્યા તો ટ્રસ્ટી મહોદય ત્યાંને ત્યાં જ ઊભા હતા. એમણે થોડો ગુસ્સો કરીને

કહ્યું કે તમારા પેટમાં એવું તે શું કાળું છે કે પ્રસાદ આપતા નથી ? ચાલો, પહેલા અહીં આવો અને થાળી-તપેલી પરથી પાતળ હટાવો, મુખિયાજીને ન છૂટકે પાતળ લેવી પડીને ટ્રસ્ટી મહોદયે જોયું તો થાળી-તપેલીમાં એક દાણોએ અન્ન નો હતો નહીં. એમણે મુખિયાજીને પૂછ્યું તમે આ કેવો શયનભોગ ધર્યો છે? તો ચોરી પકડાઈ જતાં મુખિયાજીએ સાચી વાત જણાવી દીધી કે આજે ગામમાં ફલાણા વૈષ્ણવ તરફથી એમને ઘરે જમવાનું અમને બધાને નિમંત્રણ છે. તેથી અહીં જે ધરેલું હોય તે પછીથી પ્રસાદ કોણ લે ? અને પછી બગાડો થાય, તેથી શ્રીઠાકોરજી તો ભાવનાના ભૂખ્યા છે તેથી ભાવના કરી થાળી-તપેલી (ખાલી) સામે ધરી દીધા છે.

(૨) બીજી ઘટના ગુજરાતની બહાર એક ટ્રસ્ટ મંદિરની છે. મંદિર ટ્રસ્ટનું છે અને વ્યવસ્થા સર્વ ટ્રસ્ટીઓ સંભાળે છે પણ સેવા માટે શ્રીવલ્લભ-કુલ પરિવારમાંથી કોઈક એક ત્યાં નિયમિત પધારે છે (નામ આપવું ઠીક નહિ ગણાય તેથી નથી લખતો). ત્યાં એકવાર શ્રૃંગારમાં વિલંબ થઈ ગયો અને રાજભોગ દર્શન ખુલવાના નક્કી થયેલા સમય (૧૧-૦૦ વાગે) ના બે મિનીટ પહેલાં જ ભોગ આવ્યા. ૧૧-૦૦ ના ટકોરા થતાં જ ટ્રસ્ટી મહોદયે ત્યાં આવીને પૂછ્યું કે ૧૧-૦૦ વાગી ગયા છે તોએ દર્શન કેમ ખુલ્યાં નથી ? એમને જણાવવામાં આવ્યું કે આ રીતે મોડું થઈ ગયું છે તેથી બે મિનીટ પહેલાં જ ભોગ આવ્યા છેઅને રાજભોગમાં ઓછામાં ઓછો સમય ભોગ આવવાનો એક ઘડી એટલે કે ૨૪ મિનીટ તો રાખવો જ પડે, ટ્રસ્ટીએ મક્કમ અને શાસકીય સ્વરમાં હુકમ કર્યો જે પણ થયું હોય તે, હું તે કંઈ જાણું-સાંભળું નહીં, ૧૧-૦૦ વાગે દર્શન ખુલવાં જોઈએ તે ખુલવાં જ જોઈએ, ભોગ સરાવી દો, ભગવાન તો ભાવના ભૂખ્યા છે, દર્શન બે મિનીટમાં જ ખોલી દો અને તે શ્રીવલ્લભ કુલ પરિવારની ઉપસ્થિતિમાં જ ભોગ સરાવી દર્શન બે મિનીટમાં જ ખોલી દેવાં પડયાં. દર્શનાર્થીઓએ ટ્રસ્ટી મહોદયની પીઠ થાબડી-ટ્રસ્ટીઓ તો આવા કડક મિજાજના જ જોઈએ, તો જ બધી વ્યવસ્થા નીભે, નહીંતર

આજે કેટલા વૈષ્ણવોએ નિરાશ થઈ પાછા જવું પડતે ?

(૩) ત્રીજી ઘટના છે ગુજરાતમાં જ ભવ્યતાથી નવનિર્મિત એક ટ્રસ્ટ મંદિરની. મંદિર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંદિરનામે પ્રસિદ્ધ છે. અને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની ભારે ભીડ દર્શનાર્થ ઉમટી પડે છે. ત્યાંના ટ્રસ્ટી મહોદય મંદિરમાં આવે ત્યારે જોડા ઉતારી મોજા પગમાં પહેરેલા જ રાખી રસોઈ-બાલભોગમાં વ્યવસ્થા જોવા ચક્કર મારી આવે, ત્યાં જવાય કે ન જવાય કે મોજાં ચાલે કે ન ચાલે એનો કોઈ વિચાર જ નહીં. આ મંદિરમાં પણ અમુક સમય પહેલાં ૭ મિનીટમાં જ ભોગ સરાવી દર્શન ખોલી દેવાની ફરજ પાડવામાં આવી હતી.

આવી તો બીજી પણ અનેક ઘટનાઓ છે. આ બધી જ ઘટનાઓ એ પ્રતીત કરાવે છે કે જ્યારથી વૈષ્ણવો પોતાનાં ઘરોને ભગવત્સેવા વિહોણા બનાવવા લાગ્યા અને જ્યારથી નન્દાલયનો હવાલો જાહેર મંદિરના રૂપમાં ટ્રસ્ટીઓના હાથમાં ગયો અને ટ્રસ્ટીઓ જ્યારથી ધર્મગુરુ તરીકે વ્યવસ્થાના નામ પર પરબારાજ ધર્મવિમુખ નિર્ણયો લેવા માંડ્યા અને જ્યારથી વૈષ્ણવ સમુદાય આવાં મન્દિરોનો ઓશિયાળો બન્યો, ત્યારથી સમ્પ્રદાયમાં એવો પલટો આવ્યો કે પુષ્ટિ સમ્પ્રદાય એમ નામ માત્ર રહી ગયું. વર્ના સમ્પ્રદાયમાં આવાં સ્થળોમાં મર્યાદા જ નહીં, સર્વથા પ્રવાહિતા આવી ગઈ. આનું કારણ એ જ છે કે આપણાં ગૃહોમાં ભગવાન અને સેવા માટેનો દેશ-પ્રદેશ જ રહ્યો નહીં.

જેમ ભક્તિ-સેવાને યોગ્ય દેશ અને કાલનો અભાવ આ યુગમાં વર્તાય છે. તેમ દ્રવ્યનો પણ અભાવ છે. ભગવાન જે સ્વીકારે - જે પસંદ કરે તે દ્રવ્ય ભક્તિને યોગ્ય કહેવાય. અથવા તો જે સાત્ત્વિક દ્રવ્ય છે તે ભક્તિ યોગ્ય કહેવાય. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ પોતાના સમયમાં ફૂંકી-ફૂંકીને દ્રવ્ય સ્વીકારવાનો પ્રકાર રાખેલો. તે ત્યાં સુધીનો વિચાર રખાતો કે ભલે ઉચ્ચ કોટિના હોય તો પણ મર્યાદા ભક્તોનું દ્રવ્ય પણ સેવામાં અંગીકાર કરાવાતું નહીં. જ્યારે આજે હું જોઈ રહ્યો છું કે અન્યમાર્ગીઓ કે જે વેદના પણ નિંદકો છે અને રામકૃષ્ણના પણ નિન્દકો છે તેમનો રાજભોગનો મનોરથ નોંધાય છે અને તેમનું સેવારૂપ દ્રવ્ય સ્વીકારાય છે. વધુ સારી રીતે સેવા કરી શકાય તેના ઓઠા હેઠળ દ્રવ્યસંગ્રહનો એટલો બધો ઘનિષ્ઠ પ્રયાસ જોવામાં આવે છે કે જેમ કોઈ દુકાનદારના એજન્ટો ઘરાક શોધી લાવવા જ્યાં-ત્યાં ફરતા હોય તેમ વધુ સારી સેવા થઈ શકેના એજન્ટો ફરતા સર્વત્ર દેખાતા થઈ ગયા છે. ઉપરાંત આની એક બીજી હોડ-હરીફાઈ પણ ચાલુ થઈ ગઈ કે આણે ૧૦૦ ડબ્બા ઘીનો મનોરથ કર્યો તો હું ૧૫૦ ડબ્બાનો કરું. આ હોડમાં પછી દ્રવ્ય ભેગું કરવા એજન્ટોની દોડાદોડ, પત્રિકાઓ મારફત પ્રાઈસ લીસ્ટ જેવી ન્યોછાવર નામની અને પેપરો મારફત જાહેરાતો, **‘कस्माद् भजन्ति कवयो धनदुर्मदान्धान्’** ની શુકદેવજીની ઉક્તિને ક્યાંય અભરાઈ પર ચડાવી ઈશ્વરથી પણ પોતાને એક બિલાંત વધુ સમજતા અહંકારી શ્રીમન્તોની ચાપલૂસી અને તેમના દ્રવ્યથી ભક્તિનું-સેવાનું - મનોરથાદિનું સમ્પાદન, આ દ્રવ્ય આજે શું છે ને કેવું છે તેનું દર્શન છે. **‘सामिभुक्तसमर्पणम्’** ની શ્રીઆચાર્યચરણની ઉક્તિનો તો અમલ ન જ કરવો એમ કેટલાક લોકોએ કસમ ખાધેલી છે. એક વખત એક બહેન મારી પાસે આવ્યાને કહ્યું કે આ એક વિદેશી કાપડ છે જો ઠાકોરજીમાં કામ લાગે તો લગાડજો, કારણ કે મારી છોકરીએ ડ્રેસ બનાવવા લીધેલું પણ દરજી કહે છે આમાં પૂરો ડ્રેસ થશે નહીં અને હવે કપડું પાછું પણ કોણ લે, તેથી મને થયું કે મહારાજશ્રી છે તેમને આપું જો તમને સેવામાં કામ લાગી શકતું હોય તો. તો શું ઠાકોરજી એટલી કંગાલ હાલતમાં આવી ગયા છે કે લોકોનું બચેલું કપડું પહેરે, જમણવારમાં રાંધતાં બચેલા અનાજનો ભોગ આરોગે ? જેમ બાંગ્લાદેશના શરણાર્થીઓ માટે કે એક વખત ભારતમાં પડેલા દુષ્કાળગ્રસ્તો - ભારતના ભૂખ પીડિતો માટે લંડન-અમેરિકાની હોટલોમાં ટીપ થતી હતી તે રીતે ઠાકોરજીની સામગ્રી માટે, શાકભાજી માટે, લોકો પાસેથી ઉઘરાણાં કરવા પડે ? પોતાનામાં શ્રીયશોદાજીનું-શ્રીમહાપ્રભુજીનું -

શ્રીપ્રભુચરણનું હૃદય સાથે રાખી વિચારો કે તેમના લાડલા કૃષ્ણ માટે આ પ્રકારના ઉઘરાણાથી તેમનું હૃદય પ્રસન્ન થતું હશે કે તેમનું હૃદય ફાટ-ફાટ થતું હશે ? જે સમ્પ્રદાયમાં પોતાના ઘરનું સર્વ એ શ્રીપ્રભુ સેવાર્થ જ છે એ વિભાવના શ્રીમહાપ્રભુએ આ સમ્પ્રદાયના પોતાના સહુ સેવકોને આપી ત્યાં એ સમ્પ્રદાયના આધુનિક વૈષ્ણવો પોતાનું બચેલું શ્રીપ્રભુમાં વાપરવા વિચારે ત્યારે માનવું જ પડે કે ભક્તિ માટેના દ્રવ્યનો પણ અભાવ છે. જે દ્રવ્ય શુદ્ધ - પવિત્ર હોય અને ધર્મ-ભક્તિના હેતુથી ધર્મ-ભક્તિપૂર્વક ઉપાર્જિત કરવામાં આવ્યું હોય તેમજ **‘तदहं भक्त्युपहृतमश्नामि’** એ ગીતા વાક્યાનુસાર ભક્તિહેતુથી લવાયેલું હોય - તેમાં બીજો કોઈ આશય ન હોય અને તે અત્યંત આદર-ભાવ-પ્રીતિપૂર્વક સમર્પણ કરવામાં આવેલું હોય તો તે દ્રવ્ય ભગવાન વડે અંગીકાર કરવા યોગ્ય- સેવા યોગ્ય દ્રવ્ય કહેવાય. શાસ્ત્રમાં જેને અપવિત્ર કહ્યું હોય યા તામસી કહ્યું હોય તેવું મદિરા, કાંદા, લસણ વગેરે દ્રવ્ય, ખાટકી વગેરેનું હિંસા કરી મેળવેલું, વેશ્યા વગેરે વ્યવસાયથી અધર્મપૂર્વક મેળવેલું, બીજાઓને ક્લેશ આપીને કે અનધિકારપૂર્વક યા કોઈનું દગા-ફટકા કે બળપૂર્વક છીનવી લીધેલું દ્રવ્ય, વ્યાજમાંથી મેળવેલું દ્રવ્ય, મરણોત્તર ક્રિયા વગેરેથી મેળવેલું દ્રવ્ય, ભગવન્નામ-સ્વરૂપ વિક્રયથી મેળવેલું દ્રવ્ય, ઉધાર લાવેલું દ્રવ્ય, હીન સ્વરૂપનું - હીન પ્રકારે મેળવેલું કે હીન સ્થળે રહેલું દ્રવ્ય આ બધી જ પ્રકારનાં દ્રવ્યો સેવા માટે અયોગ્ય કહેવાય છે. ઉપરાન્ત બધી જ રીતે શુદ્ધ હોઈને પણ જો તે કોઈને માટેનું કે કોઈના બીજાના ભાગનું હોય કે ભગવાન સિવાય બીજાને અર્થે લવાયેલું હોય કે પછી તેના દ્રવ્યમાંથી ભગવાન માટે કાઢેલું યા તેવું દ્રવ્ય ભગવાનને સમર્પાય તો પણ તે દ્રવ્યનો ભગવાન અંગીકાર કરતા નથી અને બધું હોઈને પણ જો અહંકારાદિ દોષથી યુક્ત થઈ યા સ્વાર્થ કોઈ ફલનો વિચાર કરી યા બદલો મેળવવાની ભાવનાથી ધરેલું પ્રીતિ-આદર રહિત, દુર્ભાવના-દુરાશયથી યુક્ત એવું દ્રવ્ય પણ ભક્તિમાર્ગમાં ભગવાન સ્વીકારતા નથી. આજે આવું ભક્તિયોગ્ય-ભક્તિમાં સેવામાં ઉપયોગમાં આવી શકે તેવું દ્રવ્ય ક્યાં ઉપલબ્ધ છે ? અને જો ક્યાંક કોઈ ગરીબનો મહેનતનો આવો રૂપિયો હોય તો તેની આજે કોણ પૂછ કરે છે ? જે દુર્યોધનના ૫૬ ભોગ ભગવાને ઠુકરાવ્યા અને વિદુરજીનું શુદ્ધ - ભક્તિમય દ્રવ્ય સ્વીકાર્યું ત્યાં આજે અનેકો દુર્યોધનોના દ્રવ્યનો જ સેવાર્થ વિનિમય જોવા મળે છે એ પણ આજે ભક્તિમાર્ગમાં એક વિટમ્બણા જ છે. આજથી ૪૦ વર્ષ પર હું ગુજરાતમાં અમદાવાદ પાસે આવેલ ધંધુકાગામ કે જેની નજીક જ તગડી ગામમાં શ્રીમહાપ્રભુજીની બેઠક છે ત્યાં ગયો હતો. ત્યાં કાંકરોલીવાળા શ્રીમહારાજશ્રીનું મંદિર છે. ત્યાં નીચે ચોકમાં શ્રીમંત ઘરાણાની બહેનો કપાસના કાલાં લાવી ફોલી રહી હતી. આ જોઈને તે વખતના ત્યાંના મન્દિરના અધિકારી ગોપાલભાઈને મેં પૂછ્યું આ બહેનો શું કરી રહી છે ને શા માટે કરે છે ? ત્યારે એમણે જણાવ્યું કે ખેડૂતો કપાસનો ઢગલો જે વેપારીને વેચે તે વેપારી કપાસના કાલા (ઉપરનું કડક ફોતરું) કઢાવવા બહેનોને રાખે અને તેની મજૂરી આપે તે આ બહેનો એ મજૂરીનું કામ કરી રહી છે. આ રીતે દિવસભરમાં આ બહેનો ૨-૪ રૂપિયા કમાવા મજૂરી કરે તે તો સમજી શકાય છે પણ શ્રીમંત ઘરાણાની - વેપારીઓનાં ઘરોની સ્ત્રીઓ આમ મજૂરી કરે એનું કારણ શું ? તો એમણે કહ્યું કે આ બહેનોનો નિયમ છે કે કાળાબજારિયા પતિઓની કાળી કમાઈના દ્રવ્યથી ઠાકોરજીની સેવા નહીં કરવી પણ જાત મહેનતની શુદ્ધ કમાઈવાળા દ્રવ્યથી સેવા કરવી. તેથી આ મજૂરીના પૈસા ભેગા કરી તેમાંથી આ બહેનો ભગવત્સેવાનો બધો વ્યવહાર કરે છે. ખરેખર આ ભક્તિમય-ભક્તિયોગ્ય દ્રવ્ય છે. પ્રભુ ભક્તિ અર્થે લાજ-શરમ છોડી, નાના-મોટાનો ભાવ છોડી પરિશ્રમપૂર્વક-જાત મહેનતે સેવોપયોગી દ્રવ્યનું ઉપાર્જન કરવાનો તેમનો પ્રયત્ન અને કાળા બજારિયા પતિના દ્રવ્યનો નિર્ભીકતાથી અનુપયોગ એ શ્રીમહાપ્રભુજીની કૃપા વિના શક્ય નથી. આવું ભક્તિયોગ્ય શુદ્ધ દ્રવ્ય આજે ક્યાં ઉપલબ્ધ છે ? જ્યાં આવું દ્રવ્ય છે અને તેવા દ્રવ્યથી જ જેઓ સેવા કરે છે તેઓ ખરેખર અનેક-અનેક અભિનન્દનોને પાત્ર છે એમાં શંકા નથી.

ત્યારબાદ કર્તાનો વિચાર કરીએ તો મહાત્માઓના સંગથી તો સંસાર

પાર જવાય, પણ જો મહાતમાનો સંગ થઈ ગયો તો **‘दोनों नरकमें ठेलमठेला’** ની જ હાલત થાય. મહાત્માનો વેષ ધારણ કરેલાઓ પણ આજે ઘણું કરીને તેમની અન્દરની વૃત્તિઓ, વિચારો અને કૃતિઓથી મહાતમા જોવા મળે છે. ઉપરાન્ત આપણા માર્ગમાં આજે ભક્તિમાર્ગના ઉપદેષ્ટાઓનું વધુ પડતું બાહુલ્ય છે. માર્ગના વૈષ્ણવો આજે શ્રીમહાપ્રભુના ગ્રંથોનું કે તેમાં નિર્દિષ્ટ સિદ્ધાન્તોનું અનુસરણ નહીં કરી અન્યથા પ્રકારોનું જ અનુસરણ કરતા જોવા મળે છે અને એનું કારણ એ છે કે નિજબુદ્ધિથી શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તોને જાણવાની ચેષ્ટા પણ નહીં કરીને શ્રીમહાપ્રભુનું સેવકત્વ નહીં ધારણ કરી **‘वृथा तज्जन्म भूतले’** પ્રકારમાં કહેવાયા મુજબના **‘માં’** ઓ, **‘બાપા’**ઓ અને તથાકથિત **‘પ.ભ.’**નું સેવકત્વ સ્વીકારી લે છે. તે વૈષ્ણવોનું ભક્તિમાં પ્રવર્તન શ્રીમહાપ્રભુના ગ્રન્થોના આધાર પર નહીં, પણ એવા માં, બાપા, ભગવદીયો વડે થતું હોય છે જેમને ષોડશ ગ્રન્થનો એક ગ્રંથ પણ જાણવાની તો વાત દૂર રહી શુદ્ધ બોલતાં પણ આવડતું ન હોય. આવા લોકો ભાવ-ભાવનાની આડ લઈ પોતાના આંતરિક કાલુષ્યને પોષતા હોય છે. આજે યા તો કોઈ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ થઈ બેઠા છે, યા કોઈ સાક્ષાત્ શ્રીવલ્લભ છે યા વલ્લભના આવેશવાળા છે, યા કોઈ શ્રીદામોદરદાસના અવતાર થઈ બેઠા છે. એક જગ્યાએ કેટલીક બહેનો ભજન ગાઈ રહી હતી, તેમાં એક વાક્ય સાંભળવા મળ્યું - **‘શ્રીવલ્લભ મારે નયનનાં બાણ’** આ સાંભળી મેં એમને કહ્યું શ્રીવલ્લભ નયનનાં બાણ નથી મારતા, પણ એમણે તો વાણીનાં બાણ માર્યા છે, જો એમના વાણીનાં બાણ તમારા કાન સુધી પહોંચી હૃદય વીંધાયું હોતે તો જાણાતે કે તે બાણ કેવાં છે - **‘विषयाक्रान्तदेहानां नावेशः सर्वथा हरेः’ ‘न लौकिकः प्रभुः कृष्णः मनुते नैव लौकिकम्’ ‘लोकार्थी चेद्भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा’** વગેરે વગેરે. વિદ્વાન્ વલ્લભકુળના બાળકો પાસેથી કે પછી સમ્પ્રદાયના વિદ્વાન્ તજ્જ્ઞ શાસ્ત્રીજીઓ પાસેથી બેસીને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોને જાણવા કરતાં બાહ્યાડમ્બરથી આવા ભગવદીયોની **‘पुष्पितां वाचम्’**માં વધુ શ્રદ્ધા રાખી સેવામાં પ્રવર્તવાની પ્રવૃત્તિથી આજે અનેક અનિષ્ટોને ઘેર-ઘેર થતાં જોવા મળે છે. કર્તા એટલે જેનું અંતઃકરણ ભક્તિમાર્ગાનુકૂલ છે. જેના મનની ભાવનાઓ, જેની બુદ્ધિના વિચારો, જેના ચિત્તનું ચિન્તન શ્રીવલ્લભાચાર્યોપદિષ્ટ ભક્તિમાર્ગના અનુરૂપનું છે અને પોતાનામાં અન્ય સર્વ ભાવોને નહીં વિચારી જે શ્રીમહાપ્રભુજીના દાસભાવની અસ્મિતાવાળો છે તેવો કર્તા આજે સર્વસાધારણ લોકો માટે દુર્લભ હોવાથી કર્તાનો પણ અભાવ છે.

તેવી જ રીતે મન્ત્ર પણ નથી રહ્યો. મન અને મનન સાથે મન્ત્રનો ઘનિષ્ટ સંબંધ છે. પરમ્પરા નિભાવવા બ્રહ્મસંબંધ લેવાય અને વિવાહાદિ કામનાપૂર્તિ માટે અષ્ટાક્ષરનો જપ થાય ને સંકલ્પપૂર્તિ, પ્રેતબાધા નિવૃત્તિ વગેરે માટે ભાગવતાદિનું પઠન થાય પછી ત્યાં શું કહેવું બાકી રહે છે ? મન તો ઓલરેડી પહેલેથી જ લૌકિકમાં અતિશય વ્યાપૃત હતું અને તેમાં આવી ઉચ્ચ વસ્તુઓનું પણ હીન પ્રકારમાં ઉપયોગ થાય પછી જો ઘરમાં શાલિગ્રામના પથ્થરથી ચટણી વાટી સેવા સમયે ગાદી પર પધરાવો તો તેનો કોઈ અર્થ ખરો? આમ મંત્રનો પણ અભાવ દેખાય છે.

અને છેલ્લે કર્મ એટલે ક્રિયા એ પણ એટલી હદ સુધી દૂષિત છે કે તે કર્મ સંજ્ઞાને જ પ્રાપ્ત નથી રહી. તેમાં પણ જવાબદાર **‘वृथा तज्जन्म भूतले’** માં કહેવાયા મુજબના લોકો જ છે. હમણાં હું ૧૫ દિવસ પહેલાં મુંબઈ-પાર્લામાં પ્રવચનના કાર્યક્રમ નિમિત્તે હતો ત્યારે આવું મહાન કર્મ કરનારાઓની કથા સાંભળવા મળી. સમ્પ્રદાયના પ્રસિદ્ધ એક પૂર્વોક્ત પ્રકારના પરમ ભગવદીયે ગોકુળમાં એક મનોરથ યોજ્યો હતો. મનોરથ હતો શ્રીમદનમોહનજી ઠાકોરજીના વિવાહ ઉત્સવનો. એમાં શ્રીસ્વામિનીજી અને શ્રીમદનમોહનજી બેમાંથી એકને મુંબઈમાં પધરાવ્યા અને બીજાને ગોકુળમાં પધરાવ્યા અને મુંબઈ બિરાજતા સ્વરૂપને ધામધૂમથી વાજતે ગાજતે રેલ રસ્તે પધરાવવાના હતા જેમ બરાત જાય તે રીતે અને પછી ગોકુળ જઈ વિવાહનો

ઉત્સવ યોજેલો હતો. એમાં કન્યાદાન કરનારા વગેરે મનોરથીઓ પણ નક્કી કરાયા હતા. અને લગ્નવત્ દાગીના વસ્ત્ર વગેરે પણ તૈયાર કરાયાં હતાં. આ બધાના પણ પાછા મનોરથીઓ જ હતા. અને મુંબઈથી સેંકડો વૈષ્ણવો લગ્ન માણવા સાથે જવાના હતા. લગ્નમાં પણ ફેંકી દેતા ૫-૬ લાખનો ખર્ચ થવાનો હતો. આ વૈષ્ણવો પૈકી ૨-૪ વૈષ્ણવો જે મારા પરિચિત હતા તે મારી પાસે આવ્યા ને મને કહ્યું અમે ગોકુળ લગ્નમાં જઈ રહ્યા છીએ, આપ જવાની આજ્ઞા આપો. બધી હકીકત તેમના મુખે સાંભળી મેં તેમને કહ્યું મહાપાખંડમાં જવાની આજ્ઞા તમે મારાથી શા માટે માંગો છો ? આની આજ્ઞા તો આવા કોઈ સમર્થ ભગવદીયો જ આપી શકે છે. આવા અનેક પાખંડો ક્રિયામાં પ્રવેશી ગયા હોઈ ભક્તિના ઉત્તમ ભાવો ક્રિયામાં ન રહેતાં તે ક્રિયાઓ પણ **‘कर्माप्येकं तस्य देवस्य सेवा’** એ ભક્તિરૂપ કર્મ ન રહ્યું હોવાથી કર્મનો પણ અભાવ છે એમ કહી શકાય છે.

આ બધી વાતોને વધુ નથી વિસ્તારતો, પણ આ બધું એટલા માટે લખ્યું છે કે **‘कृष्ण एव गतिर्मम’** નું શ્રીઆચાર્યચરણનું વાક્ય માત્ર મર્યાદામાર્ગીઓ માટેનું જ છે એમ નથી પણ આ એવો કાલ છે જેમાં આ માર્ગના વૈષ્ણવો માટેની પણ જે-જે ભક્તિ સંસ્થાઓ હતી તે આજે શુદ્ધ રૂપમાં ઉપલબ્ધ નથી રહી. **‘सत्सङ्गः सर्वथा कार्यः’ ‘निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः’ ‘अतः स्थेयं हरिस्थाने’ ‘यत्र पूजा प्रवाहः स्यात्’ ‘भजेज्जिज्ञासुरादरात्’ ‘कथायां वा’**વગેરે વાક્યોથી જે સત્સંગ, તાદશી વૈષ્ણવો, હરિસ્થાન, પૂજા પ્રવાહવાળાં સ્થાન, ઉપદેશકો, ભગવત્ કથા કરનારાઓ વગેરે જે સંસ્થાઓ હતી કે જ્યાં પ્રપત્તિ કરવાથી ભક્તિનો માર્ગ પ્રશસ્ત થતો હતો તે સંસ્થાઓમાં પણ દોષો વડે અતિ દૌર્બલ્ય દેખાતાં હવે કૃષ્ણ સિવાય બીજી કઈ ગતિ હોઈ શકે છે આ માર્ગવાળાઓ માટે પણ ? એ સ્પષ્ટ કરવા લખ્યું છે. ખરેખર જોવામાં આવે તો આ માર્ગના વૈષ્ણવોએ ભાષ્યમાં જેમ પ્રતીકોપાસનાનો નિષેધ કર્યો છે તેમ વ્યક્તિગત નિષ્ઠા કે વ્યક્તિવિશેષનો પ્રતીકોપાસના વત્ આશ્રય એ બન્ને ત્યાગી સમ્પ્રદાયના નીતિ-નિયમોનો યથાશક્ય નિર્વાહ કરતાં શ્રીમહાપ્રભુ અને તેઓશ્રીના સિદ્ધાન્તમાં નિષ્ઠા રાખી-સીધો જ તેઓશ્રીનો આશ્રય કરી રહેવું એ જ પરમ હિતકારક છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે શ્રીમહાપ્રભુ અને તેઓશ્રી પ્રદર્શિત સિદ્ધાન્ત સિવાયની બીજી કોઈ પણ ગતિ જ નથી અને તે સિવાયની બીજી કોઈ પણ ગતિ તેમનું હિત સાધી શકે તેમ પણ નથી.

આ પ્રકારે ભક્તિમાર્ગમાં અપેક્ષિત જે કાલ, દેશ, કર્તા વગેરેની અપેક્ષા રહે છે તે સર્વનો અભાવ છે. ભક્તિનાં શ્રવણ વગેરે નવ સાધનો કહ્યાં છે, પણ આ નવે સાધનો સરણીરૂપ કહ્યાં છે તેથી પ્રથમ પગથિયું બરાબર હોય તો બીજા પર જઈ શકાય. શ્રવણભક્તિ સિદ્ધ કરવામાં પોતે શ્રવણ કરનાર શ્રોતા અને બીજો શ્રવણ કરાવનાર વક્તા એ બંને અધિકારી જોઈએ અને શ્રોતા-વક્તાના અધિકારોનું શ્રીઆચાર્યચરણે જલભેદગ્રંથથી વક્તાના અને પંચપદ્યાનિ ગ્રંથથી શ્રોતાના અધિકારનું નિરૂપણ કરેલું છે. અતઃ તેમાં જણાવ્યા મુજબના જેમાં ભગવદ્ રતિભાવનું વર્ધન થાય તેવા શ્રવણ કરનાર-કરાવનાર ક્યાંથી ઉપલબ્ધ કરવા ? વક્તા હૃદયમાં ભગવાનને ધારણ કરી ભગવદ્ યશ-ગુણને કહે અને શ્રોતા ભગવાનને હૃદયમાં રાખી તેનું શ્રવણ કરે ત્યારે શ્રવણ ભક્તિ સમ્પન્ન થાય છે. પ્રાયઃ કરીને આજે શ્રવણ વિષયમાં બંને તરફ હૃદયમાં ભગવાનની સ્થિતિ જોવામાં આવતી નથી, બલ્કે તેથી વિરુદ્ધની જ પરિસ્થિતિ દૃષ્ટિગોચર થાય છે તેથી પહેલું પગથિયું જ નષ્ટ થયેલું દેખાય છે. તેવી રીતે કીર્તન ભક્તિને વિચારીએ તો શ્રીમહાપ્રભુજી સુબોધિનીજીમાં જણાવે છે કે ભગવાનના ગુણો જણાતાં શ્રવણ થાય છે અને સ્વરૂપ જાણતાં કીર્તન થાય છે. ભગવત્સ્વરૂપનું જ્ઞાન થવા માટેનું સાધન એ ભાગવતાદિનું શ્રવણ છે તે પગથિયું જ નષ્ટ થતાં સ્વરૂપજ્ઞાન વિના કીર્તન શક્ય નથી અને આજે વૈષ્ણવોની બહુલતા સંખ્યામાં દેખાતી હોવા છતાં ભગવત્સ્વરૂપના જ્ઞાનથી અજાણતાં જ પ્રાયઃ કરીને વ્યાપી રહી છે. તેથી કીર્તન ભક્તિરૂપ બીજું

પગથિયું પણ નષ્ટ થયેલું છે. આ રીતે જ ૩-૪-૫-૬-૭-૮ પગથિયાંઓ પણ નષ્ટ થયેલાં જ છે. અને છેલ્લે આત્માનિવેદન ભક્તિને વિચારીએ તો આત્મનિવેદન ભક્તિમાં પોતાની જાત ઉપર એકમાત્ર પરમેશ્વરની સત્તાનો સ્વીકાર કરી તે મુજબ સર્વ વ્યવહાર કરવાનો હોય છે. જ્યારે આજે આપણે તો ભક્તિના નામ પર પણ ધીમે ધીમે ભગવાન પર આપણી સત્તા સ્થાપવાની ઈચ્છાવાળા બનતા જઈ રહ્યા છીએ. આપણી ઈચ્છા મુજબ ભગવાન વર્તે અને જે વખતે આપણે જે ઈચ્છીએ તે ભગવાન આપણી આગળ હાજર કરી દે આવી આપણી મનોદશામાં એક નાનું અમથું નિવેદન પણ શક્ય નથી ત્યાં આત્માનું નિવેદન કરવા માટેની એવી હૃદયની ધનાઢ્યતા ક્યાં છે ? અતઃ શ્રવણથી આત્મનિવેદન સુધીની સરણીરૂપ ભકિતમાર્ગનાં સાધનો અસાધ્ય બનતાં ભક્તિમાર્ગ પણ અસાધ્ય બન્યો છે. તેમજ જો ભક્તિમાર્ગના નામે ઉપાસનામાર્ગને કહેવામાં આવે તો ઉપાસના માર્ગ વેદાદિશાસ્ત્રોમાં નિર્દેશ કરાયેલો છે પણ ત્યાં ઉપાસનાથી શાસ્ત્રોનું તાત્પર્ય ભગવાનની ઉપાસના માટેનું જ છે, નહીં કે અલગ-અલગ વિભૂતિઓનું. શાસ્ત્રોમાં જુદા-જુદા દેવો શિવથી, શક્તિથી, ગરુડથી વગેરેથી સૃષ્ટિની ઉત્પત્તિ કહેવાયેલી છે અને તેથી ત્યાં તેમને ઈશ્વર નામે નવાજવામાં આવેલા છે તથા તેમની ઉપાસના પણ ત્યાં-ત્યાં દર્શાવવામાં આવી છે. તેવી જ રીતે વેદોમાં સૂર્ય, અગ્નિ, બ્રહ્મા, ઈન્દ્ર, યમ, વરુણ, વાયુ, શિવ, વિષ્ણુ વગેરેની ઉપાસના બતાવાયેલી છે. જેમ તૈત્તિરીયમાં **‘नमो ब्रह्मणे । नमस्ते वायो । त्वमेव प्रत्यक्षं ब्रह्मासि । त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि’** વગેરે વાક્યોમાં તથા ઋગ્વેદમાં **‘त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम्’** અહીં ત્ર્યમ્બક નામથી લોકોમાં પાર્વતીપતિ શિવની ભ્રાન્તિ થાય છે પણ સાયણાચાર્ય પોતે પણ આ મંત્રના ભાષ્યમાં ત્ર્યમ્બક પદનો અર્થ **‘ब्रह्मविष्णुरुद्राणां त्रयाणां अम्बकं पितरम्’** આ રીતે પરબ્રહ્મ પરક કરે છે. અતઃ વાસ્તવમાં જુદાં-જુદાં સર્વ નામો પરબ્રહ્મ ભગવાનનાં જ છે, જે કંઈ પણ આ સમસ્ત વિશ્વમાં શક્તિ છે તે પરબ્રહ્મની જ છે અને સમસ્ત જગતના જન્મ, સ્થિતિ, લય ભગવાન થકી જ છે તેથી વેદોમાં જુદાં-જુદાં નામોથી પરબ્રહ્મનું જ સ્તવન કરવામાં આવ્યું છે અને જુદા-જુદા દેવરૂપે પણ વિચારવામાં આવે તો પરબ્રહ્મના વિરાટ્ સ્વરૂપમાં આ બધા જ દેવો અંગ રૂપ હોવાથી જુદા-જુદા અંગોની સ્તુતિથી પરમેશ્વરનું જ સ્તવન કરવાનો વેદોનો પ્રયત્ન છે, જેમ કોઈ પ્રેમી પ્રેમિકાના આંખ, નાક, મુખ, કેશ વગેરેના સૌન્દર્યને નવાજે છે. તેમ છતાં પણ ભ્રાન્તબુદ્ધિવાળા સુખલોલુપ વ્યક્તિઓએ વેદોમાંથી પરબ્રહ્મનું તાત્પર્ય ગ્રહણ નહીં કરી પરબ્રહ્મથી અલગ પ્રકારે વિભૂતિઓની ઉપાસનાનો માર્ગ પ્રશસ્ત કર્યો તેથી ભગવાનની શક્તિથી વિહોણો બનેલો એવો ઉપાસના માર્ગ પણ ઉચ્ચશ્રેય રૂપ ફલ સાધવા અસમર્થ બન્યો તેથી આ માર્ગનો પણ નાશ થયો છે. આ પ્રકારે આ ખલધર્મવાળા કલિકાલમાં શ્રેયપ્રાપ્તિના સર્વમાર્ગો નષ્ટ થયા છે અને તેથી જીવ એકવાર તો એમ અનુભવે છે કે આ કાલમાં તો હવે કોઈ ગતિ જ નથી.

આ પ્રકારે વિચારતાં અહીં ગતિ શબ્દનો પ્રથમ અર્થ કાર્યસિદ્ધિ અથવા તો સુખેન સ્થિતિ એમ થશે. અત્યંત દુઃખોમાં અને ભયાનક ક્લેશમાં આવી પડેલા જીવને માટે જેનાથી દુઃખ-ક્લેશનું પરિત્રાણ કરાય તે કાર્ય અને દુઃખ-ક્લેશથી પરિત્રાણ થવું તે સિદ્ધિ છે. આ ત્રણે માર્ગો જીવને સંસારનાં ભયાનક દુઃખો-ક્લેશોથી મુક્ત કરનાર આશ્રયરૂપ છે અને એ આશ્રયરૂપ માર્ગોનો નાશ થતાં હવે શું કરવું એ અર્થમાં ગતિ છે અને તેવી કોઈ ગતિ દેખાતી ન હોવાથી તે સર્વથા અગતિક બન્યો છે એમ શ્રીરઘુનાથજીની ઉક્તિ અત્ર સુસંગત છે.

કલિપ્રવેશે ધર્મનો નાશ થયો છે તેથી ધર્માશ્રય રહ્યો નથી પણ લોકાશ્રય તો છે જ, પછી શા માટે ફિકર કરવી ? તો શ્રીઆચાર્યચરણ જણાવે છે કે - **‘पाषण्डः प्रचुरे लोके’** સર્વ લોક પાખંડમાં પ્રચુર બનેલો છે. આપણા શાસ્ત્રો અનુસાર લોકની સ્થિતિ કે એની સર્વ જીવો માટેની આશ્રયરૂપતા એ ધર્મ થકી છે. વિના ધર્મ લોક ટકી શકે તેમ નથી તેથી ધર્મનો નાશ થતાં લોકનો પણ

નાશ આપોઆપ સમજી શકાય છે. અતઃ અધુના લોક-પણ નષ્ટ જેવો જ છે. ગીતામાં જણાવ્યા અનુસાર :-

अन्नाद् भवन्ति भूतानि पर्जन्यादन्नसम्भवः ।
यज्ञाद् भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥
कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥

(ગીતા. ૩-૧૪,૧૫)

આમાં કર્મથી યજ્ઞ, યજ્ઞથી પર્જન્ય, પર્જન્યથી અન્ન અને અન્નથી સર્વ ભૂતોની ઉત્પત્તિ કહેવાઈ છે. તેમજ સર્વ ભૂતોનું જીવન પણ અન્ન અને જલથી છે જે યજ્ઞથી પ્રાપ્ત છે. અતઃ સર્વ લોકની સ્થિતિ એ ધર્મના આધારે છે. પૃથ્વીની ધારણ કરવાની શક્તિ, અન્ન વગેરે આહારને ઉત્પન્ન કરવાની શક્તિ, પર્વતો-વૃક્ષો વગેરેની સ્થિરતા વગેરે આ બધું પણ ધર્મવૃદ્ધિથી બને છે અને ધર્મહ્રાસમાં ક્ષીણ થાય છે. જેમ ગ્રહણ, ક્ષયાતિથિ, ક્ષયમાસ, અશુભ આકાશી યોગો વગેરે યુગમાનને ઘટાડે છે અને વિશિષ્ટ આકાશી શુભયોગો, જયન્તીયોગ, વિષ્ણશ્રૃંખલ યોગ, ચન્દ્ર દ્વારા રોહિણી શકટભેદ યોગ વગેરે શુભયોગો યુગમાનમાં વૃદ્ધિ કરે છે. તેમ ધર્મવૃદ્ધિ-ધર્મની યથોચિત પ્રવૃત્તિ વગેરે લોકમાં સ્થિરતાને આપે છે અને તેના વિપરીત અધર્મની પ્રવૃત્તિ યુગમાનને પણ ઘટાડે છે અને લોકમાં પૃથ્વી આદિની શક્તિઓને પણ ક્ષીણ કરે છે. અતઃ ધર્મનાશ કહેતાં લોક નાશ પણ કહેવાયેલો જ છે કારણ કે વૃદ્ધિ સત્ત્વગુણથી જ છે, ઉદ્‌ભવ રજોગુણથી જ છે અને પ્રલય પ્રવૃત્તિ તમોગુણ થકી જ છે. તેથી જ તો ભગવાનના તમોગુણાવતાર શ્રીશિવનું તમોગુણી તાંડવ નૃત્ય લોકપ્રલયમાં કારક બને છે. ધર્મની વૃદ્ધિથી સત્ત્વગુણ વૃદ્ધ થાય છે અને અધર્મની વૃદ્ધિથી તમોગુણની વૃદ્ધિ થાય છે. અતઃ આ કાલમાં જે ધર્મનાશ કહ્યો છે તે કાલની તમોગુણવર્ધનની પ્રવૃત્તિથી છે અને એ જ તમોગુણ લોકનાશનું પણ કારણ છે. તેવી જ રીતે જે લોકમાં રહેલા લૌકિકો કે લોકસમ્બન્ધી છે તેનો પણ તમોગુણથી નાશ છે. દેહમાં પણ સત્ત્વવૃદ્ધિએ જાગરણ અને તામસ વૃદ્ધિએ નિદ્રા તેમજ રજોગુણે જન્મ, સત્ત્વવૃદ્ધિથી જીવનસ્થિતિ અને તમોગુણ વૃદ્ધિએ મૃત્યુ એમ વ્યવસ્થા છે. શ્રીમહાપ્રભુનાં વાક્યમાં જે લોકની પાખંડ પ્રચુરતા કહેવાઈ છે તે પાખંડ અધર્મનું અતિતામસ્ સ્વરૂપ જ છે. અતઃ મને એમ લાગે છે કે પાખંડ પદથી ભાગવતોક્ત અધર્મની સર્વશાખાઓ ગ્રહણ કરવી જોઈએ :-

विधर्मः परधर्मश्च आभासः उपमा छलः ।
अधर्मशाखाः पञ्चेमा धर्मज्ञोऽधर्मवत् त्यजेत् ॥
धर्मबाधो विधर्मः स्यात् परधर्मोंऽन्यचोदितः ।
उपधर्मस्तु पाखण्डो दम्भो वा शब्दभिच्छलः ॥
यस्त्विच्छया कृतः पुम्भिराभासो ह्याश्रमात् पृथक् ।
स्वभावविहितो धर्मः कस्य नेष्टः प्रशान्तये ॥

(ભાગ. ૭-૫-૧૨,૧૩,૧૪)

વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા અને છલ, અધર્મની આ પાંચ શાખાઓ છે જેને સારી રીતે ધર્મને જાણનારાઓએ અધર્મ સમજી છોડવા. બીજાને માટે જે કાર્ય ધર્મ રૂપ હોવા છતાં પણ પોતાના ધર્મને જે બાધ કરે તે વિધર્મ કહેવાય, બીજાઓના અર્થે કહેવાયેલો હોય પણ તેમાં આપણો કોઈ સમ્બન્ધ ન થતો હોય તે પરધર્મ, જેમ કે ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું યુદ્ધ કર, દ્રોણ-ભીષ્મ વગેરેને માર, તેથી આપણે યુદ્ધ કરવું કે બ્રાહ્મણો-વડીલોની હત્યા કરવી એ પરધર્મ કહેવાય, ઉપમા ઉપધર્મ એટલે પાખંડ-દંભ કરવો એ પણ અધર્મની શાખા છે, શાસ્ત્રોનાં વચનોનો પ્રકરણ-તાત્પર્ય વગેરેને અવગણી જે અર્થ થતો હોય તેથી વિરુદ્ધનો જ અર્થ ગ્રહણ કરવો એ છલ

છે અને પોતાના આશ્રમથી વિરુદ્ધને જ પોતાનો ધર્મ માની આચરણ કરવું તે આભાસ છે. જેમકે બ્રહ્મચર્યાશ્રમમાં કોઇ હોય અને કામાર્ત સ્ત્રી પર દયા ખાઇ તેની વિષય ભોગેચ્છાને પૂર્ણ કરવા તત્પર થવું તેમાં જે દયા કરી તે દયા ધર્મ રૂપ નહીં પણ અધર્મરૂપ આભાસ છે. લોકમાં આ અધર્મના જ અત્યન્ત વ્યાપને શ્રીઆચાર્યચરણ પાખંડથી પ્રચુર લોક એમ જણાવે છે. બીજી રીતે આને વિચારીએ તો આ કલિરૂપ કાલમાં જે પૂર્વોક્ત ખલધર્મવાળો છે તેમાં ધર્મ કે લોકનું વાસ્તવમાં આશ્રયપણું જ રહ્યું નથી તેમ છતાં આ બન્નેમાં જે આશ્રય છે તેવો આભાસ થાય છે તે જ આ બન્નેનું - બન્નેમાં રહેલું પાખંડ છે. આ પ્રકારે અર્થ કરતાં **‘लोके’** પછીથી **‘धर्मे च’** એટલું અધ્યાહાર સમજવું જોઇએ. આથી આજે પાખંડથી પ્રચુર લોક પણ છે અને પાખંડથી પ્રચુર ધર્મ પણ છે તેથી જ્યાં લોક અને ધર્મ બન્ને જ પાખંડમાં ગળાડૂબ હોય ત્યાં જીવ માટે બીજી કોઇ ગતિ શેષ કેવી રીતે રહી શકે છે ? આનાથી એમ સમજાય છે કે આ કલિકાલ એવી ઉધઇ છે કે જેણે અન્દર અન્દરથી જ લોક અને ધર્મની ઇમારત એ રીતે ફોલી ખાઇ પોલીપટ બનાવી દીધી છે કે ટકેલું યા દેખાતું માળખું માત્ર કલરના પોપડા જેટલું જ બચ્યું છે તેથી તે ગૃહરૂપ કે રક્ષા કરનાર રૂપે આશ્રયરૂપમાં કોઇ સંજોગોમાં બચ્યું નથી. તેમ છતાં પણ મોહવશ આનો જ આશ્રય કરીને રહેલા લોકોને માટે સર્વનાશ સિવાય બીજું કોઇ પરિણામ થઇ શકે તેમ નથી.

જ્યારે આ કલિકાલ જ એવો છે કે એમાં સર્વ આશ્રયો નાશ પામ્યા છે અને આ કાલનું આપણાથી પરિવર્તન થઇ શકે તેમ નથી તેથી આનાથી બચવાનો બીજો કોઇ ઉપાય પણ નથી. કારણ કે બીજા કોઇથી તો બચી પણ લેવાય પણ કાલ તો જ્યાં પણ જશો ત્યાં રહેવાનો જ છે, અતઃ જ્યારે જે થવાનું હશે તે થઇને રહેશે અને જ્યારે જે થશે ત્યારે જોઇ લેવાશે, પણ આજે ગતિ માટેનો મિથ્યા ઉદ્યમ શા માટે કરવો ? જ્યારે કંઇ વળવું શક્ય નથી. તો આના ઉત્તરમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે કે - **‘कृष्ण एव गतिर्मम’**

સર્વકાલના પ્રેરક, સ્વામી શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો. જે ખલધર્મવાળા કલિ નામના કાલની ચર્ચા કરી ગયા અને તેમાં ધર્મ-લોક સર્વનો નાશ વિચારી ગયા, આવા કલિ નામના કાલરૂપ યુગો હજારો કલિયુગો આવી ગયા, પ્રવર્તી ગયા, સર્વનાશ કરી ગયા અને ફરી ત્યારબાદ ધર્મની પૂર્ણતારૂપ હજારો સત્યયુગો પણ આવી ગયા. તેમ છતાં પણ શ્રીકૃષ્ણ તેના તે જ છે, તેમાં કે તેમના સમ્બન્ધી બાબતોમાં ક્યારેય કોઇ ઊણપ આવી શકી નથી. કાલ એ તો કૃષ્ણસેવક છે અને ભગવાને પોતાની લીલાને અર્થે એને પણ પ્રકટ કર્યો છે. અતઃ ભગવાનની માયાથી મોહિત થયેલા એવા જીવો કે જેમના ચિત્તમાં કૃષ્ણનાં સ્વરૂપ અને નામનું સ્ફુરણ થતું નથી અને તેને કારણે ભગવત્સેવાને છોડી જે વાસ્તવમાં આશ્રય નથી તેવા મૃગજળ આશ્રયવાળા થઇ ઇતરનો આશ્રય ભક્તિ કરનારા છે તેવા અન્યાશ્રયી લોકોનું જ આ કાલ ભક્ષણ કરી લે છે પણ જેમના પર શ્રીપ્રભુનો વિશેષ અનુગ્રહ હોય છે તેવા જીવોને આ માયા પણ મોહિત કરી શકતી નથી અને તેમ છતાં પણ દુઃસંગ વગેરે દોષોથી અનુગ્રહભાજી જીવો માયાથી મોહિત થઇ પણ જાય તો પણ અનુગ્રહ દ્વારા તેમનાં હૃદયમાં સ્થપાયેલો ભક્તિનો બીજરૂપ ભાવ વારંવાર ભગવાનનું સ્મરણ કરાવી માયામાંથી ઉગારી ભગવાનનું સામ્મુખ્ય સિદ્ધ કરાવતો રહે છે, તેથી તેઓને ઘણું કરીને અન્યાશ્રય દોષ પ્રાપ્ત થતો નથી. છતાં પણ જો પ્રાપ્ત થઇ જાય તો ભાગવતાદિ શાસ્ત્રોનાં અનેક વાક્યો કે પછી શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણ વગેરે મહાનુભાવોના આશ્રયને દૃઢતાથી સ્થાપનારા કૃષ્ણાશ્રય પ્રભૃતિ ગ્રન્થોનાં વાક્યો કોઇને કોઇ રૂપે તેમની બુદ્ધિ સમક્ષ આવી જ જાય છે અને તેમનાં હૃદયમાં આ વાક્યો ખૂબ જ જલદીથી સ્થાન મેળવી તેમના અન્યાશ્રય દોષને દૂર કરી નાંખે છે. અતઃ આવા લોકો કે જે ભગવદાશ્રયવાળા છે તેમનો ગ્રાસ કરવાનું પ્રયોજન નહીં હોવાથી તેમજ તેવાઓનો ગ્રાસ કરવાનું સામર્થ્ય ન હોવાથી કાલ તેમનો ગ્રાસ કરતો નથી બલ્કે આવા વૈષ્ણવો માટે તો ખલધર્મની વ્યાખ્યામાં વિચારી ગયા તે મુજબ કાલ તેમને માટે વિશેષ અનુકૂળ બનીને રહે છે. અતઃ કાલ અન્ય સર્વને અવરોધી શકે છે પણ ભગવાનને કે ભગવદાશ્રયી

જીવોને અવરોધવાનું તેનામાં સામર્થ્ય નથી. કાલસ્વરૂપ ગરુડજી ઉપર તો ભગવાન બિરાજે છે અને કાલ સ્વરૂપ નાગ-કાલીયનાગના માથા પર આનંદપૂર્વક નૃત્ય કરે છે અને લોકાન્તક શિવાદિ દેવો પરબ્રહ્મની ભક્તિ-સ્તુતિ કરતા હોય છે અને જેવા ભગવાન તેવા જ તેમના સેવકો છે તેથી તેઓ પણ કાલના માથા પર પગ મૂકી સર્વત્ર નિર્ભય રીતે વિચરણ કરે છે. જે ભાગવતમાં કહ્યું છે કે :-

तथा न ते माधव तावकाः क्वचित्
भ्रश्यन्ति मार्गात् त्वयि बद्धसौहृदाः ।
त्वयाभिगुप्ता विचरन्ति निर्भयाः
विनायकानीकपमूर्धसु प्रभो ॥

(ભાગ. ૧૦-૨-૩૩)

જે લોકોની અશુદ્ધ અવિદ્યાગ્રસ્ત બુદ્ધિ છે અથવા જેમની બુદ્ધિમાં ભગવદ્ભાવનો પ્રકાશ નથી એવા અશુદ્ધ બુદ્ધિ લોકો અન્ય-અન્ય ઉપાયો કરીને વ્યર્થમાં જ પોતાને વિમુક્ત માનીને બેઠા છે અને તેવા અહંકારને વશ થઈ - હું જ વિમુક્ત બ્રહ્મ છું તેવા અહંકારને વશ થઈ ભગવદાશ્રયભાવ વિહોણા છે તેવા લોકો તપ વગેરે શુદ્ધિના કષ્ટસાધ્ય ઉપાયો કરીને ઉચ્ચ પદ પામે પણ ખરા તો એ ભગવચ્ચરણાશ્રયનું બળ નહીં હોવાથી ત્યાંથી તેમનું અધઃપતન થાય છે. પરંતુ હે માધવ ! તાવકાઃ એટલે કે જે તમારા નિજજનો છે કે જેમને આ મારા નિજ છે તેમ તમે માન્યું છે તેવા નિજજનો કે જેઓ તમારી સાથે હૃદયની અતૂટ પ્રીતિથી બંધાઈને રહેલા છે અને આપના દ્વારા જેઓ સર્વ પ્રકારે સુરક્ષિત છે તેવા લોકોનું પેલા પૂર્વોક્ત અન્યમાર્ગાશ્રયી મિથ્યાભિમાનીઓની માફક ક્યારેય અધઃપતન થતું નથી બલ્કે તેઓ વિઘ્ન કરનારાઓની જે સેના તેના પણ જે નાયકો વિનાયકો (વિઘ્ન કરનારી જે-જે પણ શક્તિઓ છે તેના વિઘ્નકર્તા ગણના ઈશ એવા ગણેશને શાસ્ત્રોમાં

વિનાયક નામે ઓળખવામાં આવે છે અને તેમને જ જો પહેલેથી પૂજ્ય કરીને બેસાડવામાં આવે તો કોઈ વિઘ્નની સંભાવના ન રહે એ અર્થમાં વિઘ્નહર તરીકે સર્વ મંગલકાર્યોના આરંભે સ્થાપના થાય છે.) આવા જે વિઘ્નકર્તા સેનાના નાયકો-સરદારો એની પણ સેના જેટલી સંખ્યા છે તેમના માથા પર પગ મૂકી સર્વત્ર નિર્ભય બની વિચરણ કરે છે અને ચ્યુત થયા વિના પોતાના લક્ષ્ય તરફ એક ધારા આગળ વધતા રહે છે.

આ પ્રકારે જે ભગવદાશ્રયવાળા છે તેમને કાલના કોઈ પણ પ્રકારમાં બાધા થતી નથી. જેનો આશ્રય જ ભગવાન છે તેવાઓના આશ્રયક્ષેત્રમાં હાથ નાંખવાનું કોનું સામર્થ્ય છે. **‘अनुव्रजाम्यहं नित्यम्’** (ભાગ.૧૧-૧૪-૧૬) આ એકાદશ સ્કન્ધના વાક્યાનુસાર ભગવદાશ્રિત જ્યાં પણ જાય છે ત્યાં ભગવાનની પણ સ્થિતિ હોય જ છે. ભગવાન કોઈ બીજા પ્રકારે નથી હોતા પણ સ્વયં જ હોય છે તેથી **‘अहम्’** પદ મૂક્યું છે અને ક્યારેક કોઈક ભક્તની ભક્તિવિશેષની અવસ્થામાં જ ભગવાન હશે તેવી શંકાને નિર્મૂળ કરવા **‘नित्यम्’** પદ મૂક્યું છે તેથી નિત્ય એટલે ભક્તની કોઈ પણ અવસ્થામાં ત્યાં ભગવાનની પણ સ્થિતિ હોય જ છે. જેમ નાનું બાળક નિશ્ચિન્ત બનીને માતાની ગોદરમાં રમે છે, હસે છે, ખાય છે, પીએ છે અને સૂઈ પણ જાય છે પણ તેની સર્વ અવસ્થામાં બાળક ક્યાંક પડી ન જાય, ભળતું જ ખાઈ-પી ન લે, કંઈ વાગી ન જાય, કે પછી કોઈ જન્તુ જનાવર ન પજવે તેની રક્ષાની પૂર્ણ જવાબદારી પ્રતિક્ષણ માતા જ રાખતી હોય છે તેમ ભક્ત બાળકની માફક ભગવદાશ્રય ધારણ કરી નિશ્ચિન્ત બની પોતાની સર્વ ક્રિયાઓ કરે છે અને તેની ઐહિક, પારલૌકિક, અલૌકિક સર્વ પ્રકારની રક્ષા સતત સાથે રહી ભગવાન જ નિભાવતા હોય છે. તેથી ગમે તેવો કાલ બહાર હોય પણ કાલ અને અંતર્યામી એ અંદર-બહાર બંને ભગવાનનાં જ રૂપો હોવાથી ભક્તનો કાલમાં ગ્રાસ ક્યારેય થતો નથી. પણ ભગવાનના આનંદ વડે તેનું આપ્યાયન જ થાય છે.

'कृष्ण एव' અહીં જે એવકારનો પ્રયોગ છે તેથી કૃષ્ણથી અતિરિક્ત-ઉતરતું કંઈ પણ આશ્રયરૂપમાં શ્રીઆચાર્યચરણને ખપતું નથી એ સૂચિત કર્યું છે. કૃષ્ણ એટલે સદાનંદ, અગણિતાનંદ, પરમાનંદ, રસરૂપ, પરમ સર્વોત્કૃષ્ટ ફલરૂપ શ્રીકૃષ્ણ. આમ કહી ભગવાનના જેટલાં પણ જે કોઈ પણ સાધન રૂપો છે તેનો આશ્રયપણામાં નિષેધ કર્યો છે. મારી ફલરૂપ કૃષ્ણ જ ગતિ હો એમ કહેવાથી કૃષ્ણનાં જે સાધન રૂપો છે તે મારી ગતિ ન હો એમ અનુક્ત સિદ્ધ થઈ જાય છે. ભક્તિમાર્ગમાં ભગવાનનાં બે રૂપો છે ને ભગવત્ પ્રાકટ્ય - બે પ્રકારે થાય છે. એક ફલ પ્રકારે અને બીજું સાધન પ્રકારે. જીવ પાસે જ્યારે અન્ય કોઈ સાધન નથી રહેતું ત્યારે તેના સાધન રૂપમાં ભગવાન જ પ્રકટ થઈ તેની પાસે તે ભક્તિનાં સાધન કરાવી તેને ભક્તિનું ફળ દાન કરે છે. ભાગવત પ્રથમ સ્કન્ધમાં નારદજીના પ્રસંગમાં પ્રથમ ભગવાને સાધનરૂપે દર્શન આપી નારદજીના અંતરમાં પોતાની ભક્તિ સ્થાપી તેમના વડે ભક્તિરૂપ સાધન કરાવ્યું. અતઃ શ્રીવ્રજરાયજી પ્રભૃતિની ટીકામાં જ્યાં **'फलरूपत्वमतिरोभावयित्वा तत्र साधनरूपोऽस्त्विति प्रार्थयन्ति'** વગેરે વાક્યો છે ત્યાં એવો અર્થ ગ્રહણ કરવો જોઈએ નહીં કે ફલરૂપ ભગવાન પહેલાં સાધનરૂપે પ્રકટ થઈ વૈષ્ણવ પાસે સેવાનું સાધન કરાવી પછી ફલનું દાન કરે છે. સાધનાપેક્ષા જ્યાં આવી ત્યાં જ મર્યાદા સમજી લેવી જોઈએ. પુષ્ટિ પુરુષોત્તમનો અર્થ જ સાધન નિરપેક્ષ પુરુષોત્તમ થાય છે. તેથી જ તો શ્રીઆચાર્યચરણ સુબોધિનીમાં જણાવે છે કે :-

निःसाधनफलात्माऽयं प्रादुभूर्तोऽस्ति गोकुले ।

તેથી દશમ સ્કન્ધના તામસ ફલપ્રકરણમાં તામસ ભક્તોનું ફલ કહેવાયું છે તેથી કરીને સાધન પ્રકરણમાં ફલરૂપ પ્રભુ નથી અને તે સાધનરૂપ છે એમ માનવાની કોઈ આવશ્યકતા નથી. **'नन्दस्त्वात्मज उत्पन्ने'** થી લઈને વ્રજસ્થ ભગવાનનું જે પણ ચરિત્ર છે તે સમ્પૂર્ણ ફલરૂપ પ્રભુનું જ છે, તેથી

ગોકુલમાં જે ભગવત્ પ્રાકટ્ય થયું છે તે સાધનરૂપમાં થઈ ભક્તોમાં પ્રેમ, આસક્તિ, વ્યસન સિદ્ધ કરી પછી ફલરૂપમાં પ્રાકટ્ય છે અથવા તો ગોકુલમાં ભક્તોનાં સાધનરૂપે પ્રકટી મહારાસના સમયે **'साक्षान्मन्मथमन्मथः'** સમયે ફલરૂપ પ્રાકટ્ય થયું છે તેમ નથી. જો એમ જ હોતે તો શ્રીઆચાર્યચરણના વાક્યમાં થોડો ફેરફાર હોતે ને તેઓ આમ લખતે કે

निःसाधनानां साधनोऽयं प्रादुर्भूतोऽस्ति गोकुले ।

અતઃ ગોકુલમાં પ્રગટેલા શ્રીપ્રભુ એ નિઃસાધન ભક્તોના સાધનાત્મા નહીં અપિતુ ફલાત્મા છે. તેથી ફલપ્રાપ્તિમાં ફલને જ સાધન કહેવું એ **'राहोः शिरम्'** જેવું છે. ઘણા લોકોને એમ કહેતા સાંભળવા મળે છે કે વૈષ્ણવોને ઘરે ઠાકોરજી પ્રથમ સાધનરૂપે બિરાજે છે અને પછી ભક્તિ સિદ્ધ થતાં ફલરૂપમાં બિરાજી સાનુભવ જતાવે છે પણ આ વાત બરાબર નથી લાગતી. કારણ કે શ્રીપુરુષોત્તમ પ્રતિષ્ઠા પ્રકાર ગ્રન્થમાં શ્રીપ્રભુચરણ પ્રથમ ભગવત્ સ્વરૂપાવિર્ભાવ કેમ કરવો તેની સર્વ વિધિ જણાવે છે ને ત્યારબાદ જણાવે છે કે - **'श्रीकृष्णपदार्थनिरूप्योऽयमेवेति ध्यायन् श्रीकृष्णं सिंहासने स्थापयेत्'** શ્રીહરિરાયચરણ સ્વમાર્ગીય સ્વરૂપ સ્થાપન પ્રકારમાં અંતે જણાવે છે :-

स्वसेवकाय शुद्धाय सततं प्रयतात्मने ।
प्रयच्छेत्तत्स्वरूपं तु फलरूपतया पुनः ॥

આ જ સાક્ષાત્ ફલરૂપ શ્રીકૃષ્ણ જ છે તેવા ભાવપૂર્વક સેવા કરવા શ્રીપ્રભુચરણ-શ્રીહરિરાયચરણ આદેશ આપે છે. તેથી સાધનદશા અને ફલદશા એ શબ્દો તેમજ એ વિષય એ જીવપરક છે, ભગવત્સ્વરૂપ પરક નથી. નહીંતર પછી જીવોને જે ભગવત્સ્વરૂપ સમક્ષ આત્મનિવેદન કરાવવામાં આવે છે ત્યાં પણ પછી એ જીવનો સંબંધ ફલરૂપ કૃષ્ણ સાથે થશે નહીં કારણ કે જ્યાં

તુલસીદલ સમર્પવામાં આવ્યું છે તે સ્વરૂપ તો માન્યતાનુસાર સાધનરૂપે બિરાજે છે ? પછી તો નિવેદનમંત્રમાં પણ ઉભયવિધતા બતાવવી જરૂરી થઈ જશે કે સાધનરૂપ નિવેદનમંત્ર અને ફલરૂપ નિવેદનમંત્ર. સ્વરૂપનું ફલ રૂપ હોવું અને સ્વરૂપનો ફલરૂપે અનુભવ થવો તેમાં જીવને ફલાનુભવમાં પ્રથમ ફલરૂપ ભગવાન હોય તો જીવને ફલાનુભવ થાય ? કે જીવની ફલદશા સિદ્ધ થતાં સ્વરૂપમાં ફલરૂપે આવિર્ભાવ થાય ? ત્યાં ભગવાનની ફલરૂપ સ્થિતિ વિના જીવની ફલદશા કહેવી જ સંભવ નથી અને જીવની ફલદશા વિના પણ જો ભગવાનની ફલરૂપ સ્થિતિ માનો તો પછી ભગવત્સ્વરૂપમાં આવા બે ભેદ ઉત્પન્ન કરવાની કોઈ જરૂરિયાત જ નથી રહેતી. તેથી વૈષ્ણવોને ત્યાં જે સ્વરૂપ બિરાજે છે તે કોઈ લૌકિક વ્યક્તિના તરફે નથી બિરાજતા પણ શ્રીમહાપ્રભુજીના હૃદયના ભાવરૂપે **'नमामि हृदये शेषे'** માં જણાવેલા સ્વરૂપે બિરાજે છે અને શ્રીમહાપ્રભુના હૃદયનો ભાવ કે શ્લોકોક્ત સ્વરૂપ કોઈ પણ રીતે સાધનરૂપ સિદ્ધ થઈ શકે તેમ નથી.

ભગવત્સ્વરૂપમાં સાધનરૂપતા કહેવાથી તો એક બીજો પણ સૈદ્ધાંતિક દોષ આવી પડશે. વેદાન્તની અને સેવા વિષયની જેની બુદ્ધિમાં સારી રીતે સ્પષ્ટતા હશે અથવા તો ભાષ્ય અને સુબોધિની તથા ષોડશગ્રંથનો જેની બુદ્ધિમાં સારી રીતે સમન્વય સધાયો હશે તે જાણી શકશે કે ફલરૂપ અને સાધનરૂપના ભેદ કહેવાથી બંને વચ્ચેનો ન્યૂનાધિકતાથી ભેદ બતાવવો જરૂરી થઈ જશે. રસાત્મક પરબ્રહ્મ રસરૂપે ક્યારેય સાધનરૂપ નથી હોતા પણ તેની નિત્ય ફલરૂપતા છે અને ફલરૂપ બ્રહ્મનું સાધન પણ ઉપનિષદ્‌માં સાધનબ્રહ્મ તરીકે અક્ષર બ્રહ્મને કહ્યા છે. **'ब्रह्मविदाप्नोति परम्'** (તૈ.ઉપ.બ્રહ્મવિત્પ્રપાઠક) આ શ્રુતિમાં ફલરૂપે જે બ્રહ્મોપલબ્ધિ કરવાની છે તે બ્રહ્મને પરમ અથવા રસ અથવા આનંદમય શબ્દથી કહ્યા છે અને એના સાધનરૂપે જે બ્રહ્મ શબ્દ પ્રયોગ થયેલો છે તે અક્ષરવાચક છે. આની ઘણી બધી છણાવટો ભાષ્યમાં, ભાષ્યપ્રકાશમાં, રશ્મિમાં, વિવરણમાં, પ્રદીપમાં વગેરેમાં તથા તૈત્તિરીય ઉપનિષદ્ બ્રહ્મવિત્પ્રપાઠક ઉપરની શ્રીજયગોપાલજી ભટ્ટની ટીકામાં ખૂબ જ નિપુણતાથી સચોટ રીતે કરવામાં આવી છે. અતઃ સાધનરૂપ ભગવાન = સાધનરૂપ બ્રહ્મ = અક્ષર, આ રીતે સેવામાં અક્ષરોપાસનાનો દોષ આવી પડશે. ભગવાન શ્રીકૃષ્ણનું જે લોક-વેદપ્રથિત પુરુષોત્તમરૂપ છે કે જેને નારાયણ નામથી જાણવામાં આવે છે તેનાં કરતાં પણ આ રીતે ન્યૂન રૂપે સેવ્યસ્વરૂપ સિદ્ધ થશે અને આ પ્રકારે પુષ્ટિભક્તિમાં મહાવિપ્લવ મચી જશે. પછી તો અત્યારે સમ્પ્રદાયમાં બિરાજમાન શ્રીનાથજી, સાત-નવ કે દશ વર્તમાન સમ્પ્રદાયમાં પ્રસિદ્ધિ અનુસાર મુખ્ય નિધિ સ્વરૂપો, શ્રીમહાપ્રભજી-શ્રીગુસાંઈજીનાં સેવ્ય નિધિ સ્વરૂપો આ બધાં જ સ્વરૂપો બાબતમાં પણ પછી તો પ્રશ્નાર્થચિહ્ન લાગી જશે કે પછી એ બધાં કયા સ્વરૂપે બિરાજે છે ? અતઃ ખરી હકીકત આ જ છે કે વૈષ્ણવોને ત્યાં હોય કે વલ્લભવંશજોને ત્યાં હોય પુષ્ટિપુરુષોત્તમ કે જે નારાયણ-વિષ્ણુ આદિ રૂપોથી ભિન્ન ફલરૂપ છે તે જ **'भजनीयो व्रजाधिपः'** બિરાજે છે અને તેથી પોતાને ઘરે બિરાજતા શ્રીઠાકોરજીમાં રત્તિભર ન્યૂનતા માનવી કે જાણવી એ પુષ્ટિ ભક્તિમાર્ગ વિરુદ્ધ પણ છે અને બિરાજતા ઠાકોરજીની અવહેલના રૂપ ભગવદપરાધ પણ છે.

આ પ્રકારે પુષ્ટિસેવામાં ફલરૂપ કૃષ્ણ જ બિરાજીને વૈષ્ણવો વડે કરાયેલી સેવાને ફલસ્વરૂપે જ સ્વીકારે છે. તેથી જ ગીતામાં પણ **'भक्त्युपहृतमश्नामि'** એમ ભગવાન સર્વસાધારણપણે વર્તમાનકાળ પરસ્મૈપદમાં જણાવે છે. **'अश्नामि'** પ્રયોગ પ્રત્યક્ષ-સ્વરૂપતઃ સ્વીકારને દર્શાવે છે, પરોક્ષરૂપે સ્વીકારને નહીં. અતઃ ભગવાનને ભક્તિપૂર્વક જે પણ નિવેદન કરવામાં આવે છે તેનો ભગવાન પ્રત્યક્ષ સ્વીકાર કરે છે અને તેથી જ ભગવન્નિવેદિત પદાર્થને ઉપભુક્ત પ્રસાદ કે પ્રસાદી રૂપમાં લઈએ છીએ. મર્યાદામાર્ગની માફક ભક્તિમાર્ગમાં વાસનાત્મક અંશરૂપે ભોગ નથી, પણ ભગવાન દ્વારા પ્રત્યક્ષ ભોગ છે અને એ જ સ્વરૂપની ફલરૂપતાને દર્શાવે છે. તેથી સ્વરૂપને સાધનરૂપ કહેતાં સમર્પણની ભાવનામાં પણ મોટો વિપ્લવ થશે.

આ સર્વ પ્રમાણોથી એ નિશ્ચય થાય છે કે સેવામાં બિરાજતું ભગવત્સ્વરૂપ એ ફલરૂપ સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે, તેનાથી જરાયે ન્યૂન નથી. તેથી જ સાધન ભક્તિ કહેવાથી ફલોપલબ્ધિ અર્થેની આ સાધનભક્તિ છે એમ નથી પણ ભક્તિની જે ફલરૂપતા છે તેની આ સાધનરૂપતા છે. ફલરૂપા એ પરાભક્તિ અને સાધનરૂપા એ અપરાભક્તિ, એમાં અપરા-સાધનરૂપા ભક્તિથી પરા-ફલરૂપા ભક્તિ સિદ્ધ થાય છે જેને શ્રીઆચાર્યચરણ કૃષ્ણમાં ચિત્તનું પ્રવણ-પરાયણ થઈ જવું એ પરાભક્તિની વ્યાખ્યામાં જણાવે છે અને આ પરાભક્તિની ચરમદશાએ ભક્તિ કરતાં-કરતાં જ મધ્યમાં જ જે ફલ થાય છે તે ફલનું નિરૂપણ **‘सेवायां फलत्रयम्’** વગેરે વાક્યોથી સેવાફલગ્રન્થમાં થયેલું છે. અતઃ સાધનદશામાં જે સ્વરૂપાનુભવ પ્રત્યક્ષ નથી થતો તેમાં જવાબદાર ચિત્તગત દોષો અથવા તો મનમાં પ્રેમની ઊણપ છે અને તે ઊણપ યા દોષો દૂર થતાં - ચિત્તની સેવ્ય ભગવત્ સ્વરૂપમાં એકતાનતા સિદ્ધ થતાં ભગવાન વડે સેવાના સ્વીકારની ક્રિયાઓનો ભક્તને અનુભવ થવા માંડે છે. જેમ અતિશય પ્રકાશમાં અંજાઈ ગયેલાં નેત્રો સામે ભોજન કરતાં વ્યક્તિને જોઈ શકતા નથી પણ જેમ જેમ નેત્રદોષ દૂર થાય છે તેમ તેમ તે ભોજન કરી રહેલાની સર્વક્રિયાઓ પ્રત્યક્ષ જોઈ શકે છે. તેમાં નહીં જોઈ શકવામાં ત્યાં તે જમતો ન હતો માટે તેમ ન દેખાયું એ કારણ નથી, એ તો પહેલેથી જ જમતો હતો પણ જોનારના નેત્રદોષે તે જોવા દીધું નથી. તેમ ભગવાન ફલરૂપે જ બિરાજી સર્વ સેવાઓ પ્રત્યક્ષ અંગીકાર કરે જ છે પણ ઈન્દ્રિયો, મન કે અંતઃકરણમાં વ્યાપી રહેલી અતિ લૌકિકતા એ અલૌકિક ભગવત્ક્રિયાને જોવા દેતી નથી -અનુભવવા દેતી નથી. તેથી કરીને પોતાના દોષોનો આરોપ ભગવાનમાં કરી ભગવાનને સાધનરૂપ માનવાની કોઈ આવશ્યકતા નથી.

આ પ્રકારે જે આપણા ફલરૂપ પ્રભુ છે એની જ હૃદયમાં ભાવરૂપ સ્થિતિને શ્રીઆચાર્યચરણ ગતિ યા આશ્રયના અર્થમાં કૃષ્ણાશ્રયમાં જીવ નિમિત્તથી પ્રાર્થે છે. અર્થાત્ તે ફલરૂપ પરમાનંદ ભગવાનની જ મારા હૃદયમાં ભાવરૂપે સ્થિતિ થાઓ એમ સ્તવન-સ્તુતિ આ ગ્રંથમાં કરવામાં આવી છે. આ ફલરૂપ ભગવાનની હૃદયમાં સ્થિતિથી જ ચિત્ત કૃષ્ણમાં પૂર્ણ પરાયણ બની રહે છે. આમ આ ફલરૂપ આશ્રય આને પરાભક્તિનો પારસ્પરિક સંબંધ છે. તેમજ વિવેકધૈર્યાશ્રયમાં સાધનરૂપ આશ્રય ત્યાં કહેવાયો છે એમ સમજવું. સાધનરૂપ આશ્રયમાં વિવેકધૈર્યાશ્રયમાં શ્રીઆચાર્યચરણે સાધનનું જે સ્વરૂપ બતાવ્યું છે ત્યાં **‘एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत्’** વાક્યોથી જણાવ્યું છે. ત્યાં પોતાની સર્વ પ્રકારની સ્થિતિમાં પણ તે જ શ્રીહરિ કે જે અગણિતાનંદ પરમાનંદ છે અને તેઓ પોતાને જ અર્થે પોતાના આનંદ વડે ક્રીડી રહ્યા છે તેમ ફલરૂપ ભગવાનનું જ ભાવરૂપે મનમાં ભાવન અને વાણીથી કીર્તન કરવાનું જણાવ્યું છે **‘भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते’** આ સંન્યાસનિર્ણયના વાક્યનું પણ આ જ સ્વારસ્ય છે. ફલરૂપ ભગવાનના ભાવન વડે જ હૃદયમાં ભાવ સિદ્ધ થાય છે, ફલરૂપ ભગવાનના ભાવન સિવાયનાં બીજા કોઈ સાધનથી ફલરૂપ ભગવાનની હૃદયમાં સ્થિતિ થવી સંભવ નથી. આ આશ્રયને (વિવેકધૈર્યાશ્રોક્ત આશ્રયને) સાધનરૂપ એટલા માટે કહ્યો છે કારણ કે ભાવન કરવું એ જીવપ્રયત્ન છે અને કૃષ્ણાશ્રયોક્ત આશ્રય ફલરૂપ એટલા માટે છે કારણ કે ફલરૂપ ભગવાનની હૃદયમાં ભાવરૂપે સ્થિતિ થવી એ માત્ર ભગવત્ કૃતિ સાધ્ય છે. એ બન્નેનાં નિરૂપક આ ગ્રન્થો હોવાથી આ બે ગ્રન્થો દ્વારા સાધનાશ્રય-ફલાશ્રયનું નિરૂપણ થયું છે. સાધનાશ્રયમાં જેમ ફલરૂપભાવનું ભાવન-કીર્તન છે તેમ સાધન ભક્તિમાં ફલરૂપ ભગવાનનું શ્રવણ-કીર્તનાદિ સાધનો વડે સેવન છે. આ મુજબ બન્ને આશ્રયો બન્ને ભક્તિ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે અને તે સંકલના જ નવરત્નના છેલ્લા શ્લોક પરની ટીકામાં શ્રીપ્રભુચરણે **‘सेवापरतया स्थेयम्’** વાક્યથી અષ્ટાક્ષર મંત્રનું મનન-રટણ કરતાં સેવામાં પરાયણ થઈને રહેવું એમ જણાવ્યું છે.

‘कृष्ण एव गतिर्मम’ વાક્યમાં કુલ ચાર શબ્દોનો સમૂહ છે **કૃષ્ણ, એવ, ગતિઃ મમ.** આમાંથી **‘કૃષ્ણએવ’** પદનો બાકીના બ્નને સાથે અલગ-

અલગ સમ્બન્ધ કરીને અર્થ વિચારીએ તો **મમ** સાથે સમ્બન્ધ કરતાં **'मम कृष्ण एव'** મમપદવાચ્યમાં જો કંઈ મારું હોય તો તે કૃષ્ણ જ છે તે સિવાય બીજું કંઈ મારું નથી અને બીજો કોઈ મારો છે નહીં. તેવી જ રીતે **'गतिः'** સાથે સમ્બન્ધ કરીને વિચારીએ તો આ કરાલ કાલ કલિમાં **'कृष्ण एव गतिः'** એક માત્ર કૃષ્ણ જ ગતિ છે તે સિવાય બીજી કોઈ ગતિ જ નથી. આ બન્ને અર્થોની સંકલના કરીને વિચારીએ ત્યારે એ અર્થ બને છે કે મારો કૃષ્ણ જ છે તેથી કૃષ્ણ મારો છે અને તે મારો છે એમ તે પણ સ્વીકારે છે તેથી જ હું કૃષ્ણથી ઈતર અન્ય માર્ગોમાં અટવાઈ ન જાઉં અને કૃષ્ણથી ઈતર ગતિ મારી ન થાય માટે જ તેણે આત્મીયતાપૂર્વક અનુગ્રહપૂર્વક અન્યગતિના જે પણ માર્ગો કે પછી અન્યગતિરૂપ જે પણ આશ્રયો હતા એને કૃષ્ણે જ સ્વકૃતિથી નાશ કરી મને અનન્યગતિક - કૃષ્ણગતિક બનાવ્યા છે તેથી હવે મારી બીજી કોઈ ગતિ જ નથી તેથી કૃષ્ણ જ મારી ગતિ હો. આવા કરાલ કાલમાં પણ જ્યારે કૃષ્ણ ગતિ-કૃષ્ણ-આશ્રય નિર્બાધ યથાવત્ રહે છે તો બીજા કાલમાં તો તેની નિર્બાધિતામાં સન્દેહ જ નથી તેથી હે પ્રભુ સર્વકાલમાં, સર્વત્ર, સર્વપ્રકારે મારી કૃષ્ણ જ ગતિ હો-કૃષ્ણ જ આશ્રય હો એમ આ કાલની અસાધકતા નિરૂપક શ્લોકમાં **'કૃષ્ણ એવ ગતિર્મમ'** નો આશય સમજી શકાય છે.

◆◆◆◆◆◆

શ્લોક - બીજો

म्लेच्छाक्रान्तेषु देशेषु पापैकनिलयेषु च ।
सत्पीडा व्यग्रलोकेषु कृष्ण एव गतिर्मम ॥ २ ॥

अन्वय : देशेषु म्लेच्छाक्रान्तेषु सत्सु च पापैकनिलयेषु,
सत्पीडाव्यग्रलोकेषु, कृष्ण एव मम गतिः (अस्तु) ।

અર્થ : (શાસ્ત્રોમાં કહેવાયેલ પુણ્ય ક્ષેત્રવાળા) દેશો મ્લેચ્છોથી આક્રાન્તિત હોતાં અને તેથી કરીને એક માત્ર પાપનું ધામ બની ચૂક્યા હોતાં અને સત્પુરુષોને પીડા-કષ્ટ થતું જોઈ સમગ્ર લોક વ્યગ્ર હોતાં કૃષ્ણ જ મારી ગતિ હો ॥ ૨ ॥

સ્તોત્ર વિવરણ - પ્રથમ શ્લોકમાં કાલની અસાધકતા તેમજ લોકાશ્રય, ધર્માશ્રયનો કલિરૂપ કાલમાં નાશ થયેલો જાણાવી હવે આ બીજા શ્લોકમાં ધર્મનું બીજું અંગ દેશની પણ આ કાલમાં અસાધકતા છે તેમ જાણાવે છે. એકથી છ શ્લોકમાં દરેક સ્થળે **'कलौ च खलधर्मिणि'** આટલો પાઠ અધ્યાહાર સમજવો. એટલે કે આ ખલધર્મવાળા કલિમાં કાલ, દેશ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર, કર્મ અશુદ્ધ બની ધર્મસમ્પત્તિ કરવા અસમર્થ-અસાધક બન્યા છે.

પુણ્યકર્મો કરવા માટેના પુણ્ય દેશોનું વિધાન શાસ્ત્રોમાં કરાયેલું છે કે જે સ્થળે કર્મ કરવાથી અધિક પુણ્ય અર્જિત થાય છે. આવાં સ્થળોમાં જ્યાં ભૂમિ સમ્બન્ધથી પુણ્યરૂપતા કહેવાઈ છે તેને ક્ષેત્ર નામથી ઓળખવામાં આવે છે અને જ્યાં જલના સમ્બન્ધથી પુણ્યરૂપતા કહેવાઈ છે એને તીર્થ નામે ઓળખવામાં આવે છે. જેમ ગંગા-યમુના સંગમ, ગંગા-સાગર સંગમ, કોઈ પણ બે નદીનો સંગમ, ગંગા, યમુના, સરસ્વતી, નર્મદા, તાપી, ગોદાવરી વગેરે નદીઓ, માનસરોવર, ગોપીતલાવ, બિન્દુ સરોવર, સ્યમન્તપંચકક્ષેત્ર

મધ્યે આવેલા કુંડો વગેરે સરોવરો, ગંગા-યમુના વગેરે નદીઓના ઉદ્‌ગમ સ્થળો વગેરેને તીર્થ નામે જાણવામાં આવે છે. આ બધા જ સ્થળોમાં જલ સમ્બન્ધથી પુણ્ય કહેવાયેલું છે. તેવી જ રીતે ભૂમિ સમ્બન્ધથી જ્યાં પુણ્ય કહેવાયું છે તે ક્ષેત્રો કહેવાય છે. જેમ કુરુક્ષેત્ર, પુષ્કરક્ષેત્ર, પુરુષોત્તમક્ષેત્ર, વારાહ ક્ષેત્ર, પરશુરામક્ષેત્ર, ગયા ક્ષેત્ર, બદરી ક્ષેત્ર વગેરે. આ તીર્થો-ક્ષેત્રોમાં રહી તેનું સેવન કરવાથી મનુષ્ય પાવન થાય છે, એનું પુણ્યબળ વધે છે અને પાપોનો નાશ થાય છે જે પરિણામે મનુષ્યની મોક્ષયોગ્યતા સમ્પાદન કરે છે. આવા કેટલાક પુણ્ય દેશો કે ક્ષેત્રોનાં નામ શ્રીભાગવતમાં ઉલ્લેખ્યા છે જે આ મુજબ છે :-

अथ देशान् प्रवक्ष्यामि धर्मादिश्रेय आवहान् ।
स वै पुण्यतमो देशः सत्पात्रं यत्र लभ्यते ॥
बिम्बं भगवतो यत्र सर्वमेतच्चराचरम् ।
यत्र हि ब्राह्मणकुलं तपोविद्यादयान्वितम् ॥
यत्र यत्र हरेरर्चा स देशः श्रेयसां पदम् ।
यत्र गङ्गादयो नद्यः पुराणेषु च विश्रुताः ॥
सरांसि पुष्करादीनि क्षेत्राण्यर्हाश्रितान्युत ।
कुरुक्षेत्रं गयशिरः प्रयागः पुलहाश्रमः ॥
नैमिषं फाल्गुनं सेतुः प्रभासोऽथ कुशस्थली ।
वाराणसी मधुपुरी पम्पा बिन्दुसरस्तथा ॥
नारायणाश्रमो नन्दा सीतारामाश्रमादयः ।
सर्वे कुलाचला राजन् महेन्द्रमलयादयः ।
एते पुण्यतमा देशा हरेरर्चाश्रिताश्च ये ।
एतान् देशान् निषेवेत श्रेयस्कामो ह्यभीक्ष्णशः ।

धर्मो ह्यत्रेहितः पुंसां सहस्राधिकफलोदयः ॥

(ભાગ. ૭-૧૪-૨૭ થી ૩૩)

(નારદજી યુધિષ્ઠિરને કહે છે) હે યુધિષ્ઠિર ! હવે તારા સમક્ષ એ દેશો - સ્થળોનું વર્ણન કરીશ જે સ્થળો ધર્માદિ શ્રેયને પ્રાપ્ત કરાવવાવાળાં છે, નિશ્ચય કરીને તે પુણ્યતમ-સર્વશ્રેષ્ઠ દેશ (પુણ્યદેશ, પુણ્યતરદેશ, પુણ્યતમદેશ) છે જ્યાં સત્પાત્રો ઉપલબ્ધ થતાં હોય. તેમજ જેમાં આ સર્વ ચર-અચર વિશ્વ છે તે ભગવાનનું બિમ્બ-પ્રતિમા જ્યાં હોય તે, જ્યાં તપ, વિદ્યા, દયાથી યુક્ત બ્રાહ્મણ કુલ હોય, જ્યાં-જ્યાં પણ ભગવાન શ્રીહરિની અર્ચના થતી હોય તે દેશ સર્વ પ્રકારે કલ્યાણ કરનાર ઉચ્ચ ધામ છે. જેનો પુરાણમાં વિશેષ પ્રકારે ઉલ્લેખ થયેલો છે તે ગંગા જેમાં સર્વશ્રેષ્ઠ છે તેવી જ્યાં જે પ્રદેશમાં નદીઓ છે (એટલે કે આવી નદીઓના તટવર્તી પ્રદેશો), પુષ્કર આદિ સરોવરો, સિદ્ધ-માન્ય પુરુષોના આશ્રમો અથવા તો શ્રીવિષ્ણુના આશ્રિત એવા પુરુષોત્તમ, વરાહ આદિ વૈષ્ણવ ક્ષેત્રો, કુરુક્ષેત્ર, ગયના શિર પર વસેલું ગયશિર-ગયા ક્ષેત્ર, ગંગા-યમુનાના સંગમ પર્યન્તમાં બન્નેના વચમાં આવેલો પ્રદેશ પ્રયાગ ક્ષેત્ર, પુલહાશ્રમ-શાલગ્રામક્ષેત્ર (નેપાળ), નૈમિષારણ્ય, ફાલ્ગુન-અર્જુન સમ્બન્ધી ક્ષેત્રો (બાણગંગા, તેમજ જ્યાં અર્જુને તપ કર્યું હોય તેવાં ક્ષેત્રોનો આમાં સમાવેશ કરવો), સેતુ એટલે સેતુબન્ધ રામેશ્વર, પ્રભાસ ક્ષેત્ર (સૌરાષ્ટ્રમાં), કુશસ્થલી એટલે દ્વારકાની ભૂમિનો પ્રદેશ, વારાણસી-કાશી (વરુણઘાટ અને અસીઘાટ જ્યાં વરુણા અને અસિ નદીનો ગંગામાં સંગમ થાય છે તે બન્ને સ્થળો વચ્ચે આવેલો પ્રદેશ, મધુપુરી એટલે મથુરાનગરીનો પ્રદેશ, પમ્પા સરોવર પરનો પ્રદેશ, બિન્દુ સરોવરની આસપાસનો સિદ્ધક્ષેત્ર સિદ્ધપુરમાં મધ્યે આવેલો પ્રદેશ (જ્યાં હાલ શ્રીમહાપ્રભુજીની બેઠકજી છે), નારાયણાશ્રમ એટલે બદરિકાશ્રમ, નન્દા એટલે અલકનન્દાનો તટવર્તી પ્રદેશ, શ્રીસીતા-શ્રીરામના આશ્રમ વગેરે (ચિત્રકૂટ, પંચવટી વગેરે આશ્રમો તથા તેમના સમ્બન્ધી અયોધ્યા, જનકપુર, ધનુષ્કોટિ વગેરે પ્રદેશો), મહેન્દ્રાચલ-

મલયાદ્રિ વગેરે સર્વ કુલપર્વતો (કુલપર્વત એટલે જેમાં જુદા જુદા અનેક પર્વતોનો સમૂહ ભેગો મળી એક નામ સંજ્ઞા પ્રાપ્ત થઈ હોય તે) તેમજ (આ બધા પુણ્યદેશોમાં પણ) જ્યાં ક્યાંય પણ જે કોઈ પણ ભગવાન શ્રીહરિની આરાધના-અર્ચા-પૂજામાં આશ્રિત હોય તેવા શ્રીનાથદ્વાર, શ્રીરંગજી, તિરુમલૈ, પદ્મનાભ, જનાર્દન, પન્નાનૃસિંહ, વિષ્ણુકાંચિ જગન્નાથપુરી, પંઢરપુર વગેરે પ્રદેશો આ બધા તો પુણ્ય દેશ જ નહીં, પુણ્યતર દેશ નહીં પણ પુણ્યતમ દેશો સમજવા. જે લોકો શ્રેયને પામવાની ઈચ્છાવાળા છે તેમણે વારંવાર યા નિરન્તર આ દેશોનું સેવન કરવું, કારણ કે આ પ્રદેશોમાં જે કંઈ ધર્મનું આચરણ કરવામાં આવે છે તેનાથી તેના કરતાં હજારગણા વધુ ફલનો ઉદય થાય છે.

આ બધા દેશો તેમજ આવા બીજા પણ જેનો ઉલ્લેખ આમાં થયો નથી તેવા દેશોમાં શ્રદ્ધા, આદર અને નિયમ-વિધાનપૂર્વક નિવાસ કરવાથી દેહ-અન્તઃકરણ વગેરેને શુદ્ધ કરી પવિત્રતા અર્પનારા દેશો છે. જેમ ગંગા, યમુના, નર્મદા વગેરે તીર્થરૂપ નદીઓની આધિદૈવિકી અધિષ્ઠાત્રી દેવતાઓ તે-તે નામ સંજ્ઞાવાળી જ છે જેમ મકર વાહની ગંગાદેવી, કચ્છપ વાહની યમુના વગેરે, તેવી જ રીતે આ દરેક ક્ષેત્રોના પણ અધિષ્ઠાત્રી દેવતાઓ શાસ્ત્રમાં ગણાવાયેલા છે, જેમ પુષ્કરના બ્રહ્મા, વારાણસીના શિવ, મથુરાના વિષ્ણુ, પુરુષોત્તમ ક્ષેત્રના વાસુદેવ, બદરિકાશ્રમના નરનારાયણ, અંબિકાવનની અંબિકા વગેરે. આ દેવતાઓની પોતપોતાનાં ક્ષેત્રમાં સ્થિતિમાંજ આ ક્ષેત્રો પવિત્ર કે પાવનકર કહેવાયા છે. જેમ આ દેહ રૂપી ક્ષેત્રમાં અધિષ્ઠાત્રી જીવની સ્થિતિમાં જ દેહની પવિત્રતા અને કર્મોત્પાદકતા કહેવાઈ છે, જીવ રહિત શરીરને શવ કહેવામાં આવે છે અતઃ એને સર્વ તીર્થોનાં જલથી સ્નાન કરાવવામાં આવે તો એ એના સ્પર્શથી આશૌચ જ ઉત્પન્ન થાય છે. તેમ આ સર્વ ક્ષેત્રોનું જે પાવકત્વ-કર્મોપકારકત્વ છે તે એની આધિદૈવિકતાએ જ કહેવાયું છે. આ અધિદેવોની તિરોભૂત અવસ્થામાં એ કોઈ પણ પ્રકારે પાવન કરવા સમર્થ રહેતા નથી, આ દેવોને પણ તે તે ક્ષેત્રમાં સ્થિત થઈ પોતાનું અધિદૈવતનું કાર્ય સમ્પન્ન કરવા માટે કેટલીક જરૂરી અપેક્ષાઓ છે. જેમ બ્રાહ્મણ દેહમાં બ્રાહ્મણ્ય નામના દેવતાને સ્થિતિ કરવા માટે અમુક નિશ્ચિત અપેક્ષાઓ શાસ્ત્રોમાં કહેવાયેલી છે. તે વિના તે બ્રાહ્મણ્ય દેવતા પણ પોતાના તે દેહરૂપ ક્ષેત્રને છોડી તિરોભૂત થઈ જાય છે. બ્રાહ્મણ વંશમાં જન્મ લીધેલો વ્યક્તિ હોય, જન્મ્યા પછીથી પણ યથાવિધિ ઉપવીત થાય, ઉપવીત થયા પછી પણ પોતાના સદાચરણથી યુક્ત રહેતો હોય, સતત ત્રણ દિવસ ગાયત્ર્યાદિ કર્મથી વંચિત રહ્યો ન હોય, સદૈવ યજ્ઞોપવીત વગેરે ચિહ્નોથી યુક્ત રહેતો હોય, એવા બીજાં પણ જરૂરી લક્ષણો હોતાં તે બ્રાહ્મણ્ય દેવતા બ્રાહ્મણ પુત્રના દેહમાં આવિર્ભૂત રહે છે અને આથી વિપરીત લક્ષણો હોતાં તે એમાંથી તિરોધાનને પામે છે, એવી જ રીતે ક્ષત્રિય-વૈશ્યમાં પણ સમજવાનું છે. આ રીતે જ દેશ નામથી પ્રસિદ્ધ સર્વ ક્ષેત્રોમાં તેમના અધિપતિઓને સ્થિતિ કરવા માટે પણ એક નિશ્ચિત આવશ્યકતાઓ છે. જેમ કે તે ક્ષેત્રો ધર્મનાં કાર્યોમાં ઉપયોગમાં આવતાં હોય, ભક્તિ-યજ્ઞ-યોગ વગેરે અલૌકિક કાર્યોનો સતત પ્રવાહ ચાલતો હોય, જ્યાં ધર્મનું અનુશાસન હોય, જ્યાં અધર્મની પંચશાખાઓ સહિતના અધર્મનું પ્રવર્તન થતું ન હોય, જ્યાં હિંસા, વ્યભિચાર, પરપીડા વગેરે પ્રવર્તતા ન હોય, જ્યાં મદિરાપાનાદિ થતા ન હોય, જે ક્ષેત્રોનો ઉપયોગ અધર્મ કે ભોગવાદી વિષયો માટે થતો ન હોય, જે ક્ષેત્રમાં મલીન લોકો ન વસતા હોય પણ જ્યાં દૈવી પુરુષોનો નિવાસ હોય, ભગવત્ કથા, કીર્તન, સ્મરણ સેવાદિ થતા હોય આવાં બીજાં પણ અનેક લક્ષણો હોય તેવા ક્ષેત્રમાં આ દેવતાઓ આવિર્ભૂત રહે છે. જેમ દેહમાં જીવસ્થિતિ માટે બલવાન પ્રાણની સ્થિતિ જરૂરી છે, આયુષ્ય શેષ હોવું જરૂરી છે તેમ આ બધાં લક્ષણો ક્ષેત્રમાં દેવસ્થિતિ માટે બલવાન પ્રાણ સમાન છે. આ સ્થિતિને સ્પષ્ટ કરતાં શ્રીઆચાર્યચરણ જણાવે છે **‘સર્વ દેશો મ્લેચ્છોથી આક્રાન્ત દશાવાળા છે’** અહીં **‘देशेषु’** થી જે દેશો એમ કહ્યું છે ત્યાં દેશો એટલે રાજનૈતિક સીમાંકનથી બનેલા દેશો નહીં પરન્તુ ધર્મોત્પાદક કર્મોપકારક દેશો કે જે પૂર્વમાં જોઈ ગયા તે ભાગવતાદિમાં કહેવાયેલા અથવા તો વેદોમાં **‘ये**

गङ्गायमुनयोर्मध्ये वसन्ति’ વગેરે વાક્યોથી બ્રહ્માવર્ત વગેરે દેશો કે જે તપોભૂમિ છે, યજ્ઞભૂમિ છે અથવા તો દેવભૂમિ છે તેવા દેશો એમ સમજવું. સામાન્ય રીતે દેશ શબ્દ ભાષામાં અનેક પ્રકારે ઉપયોગમાં લેવાયેલો છે, જેમ લલાટ પ્રદેશ, નાભિ પ્રદેશ, હૃદય પ્રદેશ વગેરે, ભાષાકીય યા સાંસ્કૃતિક વિભેદોથી બનેલા દેશો ગુજરાત, મહારાષ્ટ્ર, કોંકણ, આન્ધ્ર, બંગાલ વગેરે, જ્યોતિષ શાસ્ત્રીય દેશો ગંગા યમુનાનો પ્રદેશ, ગંગા-ગોદાવરીનો પ્રદેશ, નર્મદા-તાપીનો પ્રદેશ, સિન્ધુ-સતલજનો પ્રદેશ, લંકોદય પ્રદેશ, અવન્તિકોદય પ્રદેશ વગેરે, રાજનૈતિક સીમાંકનથી ભારત, બાંગ્લાદેશ, બ્રહ્મદેશ, નેપાલ, પાકીસ્તાન વગેરે, ભૂખંડીય પ્રદેશો અમેરિકા દેશ, આફ્રિકા દેશ, ઓસ્ટ્રેલિયા દેશ, એશિયા દેશ, યુરોપીય દેશ વગેરે, જાતિના નિવાસથી પ્રસિદ્ધ થયેલા કિરાતદેશ, હૂણદેશ, આન્ધ્ર દેશ, દ્રવિડ દેશ, યવન દેશ વગેરે, આમ અનેક રીતે દેશ શબ્દના ઉપયોગમાં ઉપર મુજબ તપોભૂમિ વગેરેને ભાગવતાદિમાં પુણ્યદેશ તરીકે કહ્યા છે. તેથી જ પૂર્વમાં સપ્તમ સ્કન્ધના વાક્યમાં **‘सीतारामाश्रमादयः’** આમાં સીતા-રામના સ્મરણનાં પ્રત્યેક સ્થળોને નહીં લઈ માત્ર તેમના આશ્રમને જ ઉલ્લેખ્યા છે. નહિંતર શ્રીરામચરિત્રમાં તો લંકાનું પણ સ્થળ તરીકે ઘણું જ મહત્ત્વ છે તેથી લંકાને પણ ક્ષેત્રમાં કહેતે. અતઃ શ્રીરામે આત્મીયતાથી જે ભૂમિને સ્વનિવાસ યોગ્ય ગણી ત્યાં આશ્રમ કરી નિવાસ કર્યો તે સ્થળ તેને પુણ્યદેશમાં કહ્યા છે, લંકા એ તો દૈત્યભૂમિ-ભોગભૂમિ છે અને શ્રીરામે રાવણના વધ પૂરતી જ ત્યાં સ્થિતિ કરી છે તે છતાં પણ નગરમાં તો નથી જ પ્રવેશ્યા. તેવી જ રીતે ભાગવત વાક્યમાં કિષ્કિન્ધા નગરીને નહીં જણાવી પમ્પા સરોવરનો જ ઉલ્લેખ કર્યો. ભાગવત વાક્યમાં એક બીજી પણ વાત સૂચક છે કે પુણ્યદેશોના નામે જે ક્ષેત્રો ગણાવ્યાં છે તે બધા જ વિષ્ણુપ્રધાન વૈષ્ણવક્ષેત્રો છે, શૈવક્ષેત્રોને આમાં ગણાવ્યા નથી. કારણ કે પુણ્યદેશોમાં પણ જે મોક્ષમાર્ગમાં ઉપયોગી ક્ષેત્રો છે તે **‘मोक्षमिच्छेज्जनार्दनात्’** એ વાક્યથી તેમજ **‘अकामः सर्वकामो वा मोक्षकाम उदारधीः । तीव्रेण भक्तियोगेन यजेत पुरुषं परम्’** (ભાગ.

૨-૩-૧૦) વગેરે વાક્યોથી મોક્ષમાં વિષ્ણુ જ મુખ્ય હોવાથી જેનાથી-જેના સેવનથી મોક્ષમાર્ગમાં સુવિધા થાય તેવા પુણ્યદેશો-વૈષ્ણવ ક્ષેત્રો ગણાવ્યાં છે. તેથી હરમન્દિર-શિવાલયને પુણ્યદેશમાં નહીં ગણી હરિનાં પૂજા સ્થળો કહ્યાં છે. રામેશ્વરમાં પણ મહત્ત્વ સેતુબન્ધક્ષેત્રનું છે કે જે શ્રીરામ દ્વારા નિર્મિત-આશ્રિત છે. શ્રીમહાપ્રભુજી પણ વૈષ્ણવક્ષેત્રને હિસાબે જ ત્યાં પધાર્યા છે. જેમ અવન્તિકામાં પણ મહાકાલક્ષેત્રમાં નહીં બિરાજી શ્રીકૃષ્ણ વિદ્યાભૂમિ સાંદિપની આશ્રમમાં બિરાજ્યા છે, જેમ ભરૂચમાં નર્મદાના હિસાબે નહીં પણ વામનક્ષેત્રના હિસાબે બિરાજ્યા છે, પ્રયાગમાં પણ શિવ અને બ્રહ્માના અધિદૈવતવાળાં ક્ષેત્રોમાં નહીં બિરાજી આદિત્યના અગ્નિક્ષેત્રમાં બિરાજ્યા છે. (અડેલ અગ્નિક્ષેત્રમાં આવે છે). આમ દરેક જગ્યાએ જોઈ શકાય છે. આ પ્રકારે મોક્ષમાં ઉપકારક-મોક્ષ માટે પ્રયત્નશીલ પુરુષોને જે પ્રદેશોનાં સેવનથી મોક્ષોપયોગી પાવિત્ર્ય સિદ્ધ થતું હોય તેવા દેશો પણ અધુના મ્લેચ્છોથી આક્રાન્ત હોવાથી તે પ્રદેશો પણ અત્યારે ધર્મસિદ્ધિ વડે શ્રેયસ્કર રહ્યા નથી એમ તાત્પર્ય છે. ક્ષેત્રની ગણનાથી ભાગવતાનુસાર જે દેશો આપણે જોઈ ગયા તેમાં પણ ભગવાન એકાદશ સ્કન્ધમાં થોડી વધુ સ્પષ્ટતા કરતાં જણાવે છે -

अकृष्णसारो देशानामब्रह्मण्योऽशुचिर्भवेत् ।
कृष्णसारोऽप्यसौवीरकीकटासंस्कृतेरिणम् ॥
(ભાગ. ૧૧-૨૧-૮)

પુણ્યક્ષેત્ર કે પુણ્યદેશમાં કહેવાયેલાં સ્થળોમાં પણ જ્યાં કૃષ્ણસાર એટલે કાળામૃગ જ્યાં વિચરતા હોય અને જ્યાં સ્વવર્ણોચિત ધર્મનું યથાવિધિ પાલન કરનારા વિહિત-નિષિદ્ધના વિવેકવાળા બ્રાહ્મણો નિવાસ કરતા હોય તે સ્થળો કર્મોપકારક શ્રેયસ્કર છે પરંતુ જ્યાં કાળામૃગો વિચરતા ન હોય બ્રહ્મણ્યથી હીન થયેલા બ્રાહ્મણોચિત ધર્મથી વિરુદ્ધ વર્તનારા એવા બ્રાહ્મણ પરિવારો રહેતા હોય તેવાં સ્થળોને તો અપવિત્ર જ માનવા જોઈએ, ઉપરાંત

આ સ્થળો સિવાય પણ બીજા સ્થળે જો આ બે લક્ષણો દેખાતાં હોય તેને પણ પવિત્ર દેશ માનવા જોઈએ, પરંતુ એમાં એટલો વિવેક જરૂરી છે કે કૃષ્ણમૃગ અને શુદ્ધ બ્રાહ્મણો હોય તેવા દેશોમાં પણ અસૌવીર દેશ એટલે કે સિન્ધુ અને જેલમ વચ્ચેના પ્રદેશને સૌવીર દેશ તરીકે જાણવામાં આવે છે કે જે સિન્ધુદેશનો એક ભાગ છે તેથી સૌવીર દેશવાળો ભાગ છોડીને બાકીનો સંપૂર્ણ સિંધદેશ, તેમજ કીકટ એટલે વર્ણ પર્વતથી ગૃધ્રકૂટ સુધીનો મગધદેશનો દક્ષિણ વિભાગનો પ્રદેશ કીકટ કહેવાય છે તે તેમજ જે કોઈ પણ અસંસ્કૃત પ્રદેશો હોય તે બધા પણ કૃષ્ણસાર-શુદ્ધ બ્રાહ્મણો હોતાં પણ અપવિત્ર દેશ સમજવા. અસંસ્કૃત એટલે જ્યાં સંસ્કારહીન-વેદ વિરુદ્ધ આચરણવાળી-મલીનવૃત્તિ અને વિષયમાં રત રહેનારી અસંસ્કૃત પ્રજા હોય તેવા દેશો અથવા સંસ્કાર થયા વિનાના પૂર્વમાં સ્મશાન વગેરે રૂપમાં રહી ચૂકેલા પ્રદેશો અથવા જેનો સંસ્કાર કરાતાં પણ સંસ્કૃત ન થઈ શકે તેવા અતિક્ષારવાળા ઊસર ભૂમિના પ્રદેશો આ બધાને અપવિત્ર-નહિ વસવા યોગ્ય ગણવા. તેથી જ્યાં ભોગવાદી આસુરી પ્રવૃત્તિઓ પ્રવર્તતી હોય તેવા આફ્રિકા-યુરોપ વગેરેના દેશોમાં મોક્ષકામ લોકોએ નિવાસ કરવો નહીં એમ ભગવદાશય જાણી શકાય છે. વેદમાં શુદ્ધિ કર્મમાં **'आपः पुनन्तु पृथिवीं पृथिवी पूता पुनातु माम्'** એમ ઉચ્ચારણ કરવામાં આવે છે પરંતુ શ્રીભાગવતમાં કહ્યા મુજબ જો **'सुराकुम्भमिवापगाः'** ની જેમ મદિરા ભરેલો ઘડો હોય તેના ઉપર ઘડાઓ ભરીને ગંગાજળ ઢોળવામાં આવે તો પણ તે તેને પાવન કરી શકતું નથી, તેમ કૃષ્ણસાર-ઉત્તમ બ્રાહ્મણો વગેરે હોતાં પણ યા જે - તે પુણ્યદેશ નામે કહેવાયેલ હોવા છતાં પણ જો તે સ્થળો અસજ્જનો-અધાર્મિકોની અસદ્ ભોગાદિ વૃત્તિઓથી ભરપૂર હોય તો તેવાં સ્થળો પણ જીવન વ્યતીત કરવા છતાં પણ પાવક બની શકતાં નથી, બલ્કે પેલી ઉક્તિ મુજબ :-

अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे गमिष्यति ।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥

આ મુજબ તીર્થ-ક્ષેત્રમાં કરાયેલું પાપ વજલેપ નહીં થાય તો બીજું શું થશે ? પુણ્યકર્મ માટેના પદાર્થો કે ભૂમિનો તે કર્મોથી ઈતર સ્વભોગાદિમાં ઉપયોગ, જેમ ભગવન્મન્દિરનો નૃત્ય-ગાનાદિ વડે સ્ત્રી લોલુપતામાં કે પછી સ્વાર્થવશ, ભગવત્સેવાનો દ્રવ્યોપાર્જન માટે ઉપયોગ થવો, ગંગા વગેરે પવિત્ર નદીઓનો જલવિહારાદિ કે પછી પ્રક્ષાલનાદિ માટેનો ઉપયોગ, યજ્ઞ-મન્ત્ર-જપ વગેરેનો વશીકરણ-ઉચ્ચાટનાદિ માટે ઉપયોગ, યજ્ઞ-તપ વગેરે માટેની પુણ્યભૂમિનો અપવિત્ર વિહાર, અભક્ષ્ય પાચન, અપેય પાન, અધર્મના સ્વરૂપનાં કાર્યો માટેનાં ભવનોનું નિર્માણ આ બધાં જ તેવાં સ્થળોમાં પુણ્યની અપેક્ષા પાપને ઉત્પન્ન કરનારાં બની જાય છે. આ પવિત્ર સ્થળોની આવી દશાને જ દર્શાવતાં શ્રીઆચાર્યચરણ કહે છે - **આ બધા સ્થળો એક માત્ર પાપના જ ધામ બની ગયા છે.**

મ્લેચ્છોથી આક્રાન્ત એવા દેશો એ પાપના ધામ જ બને, પુણ્યનાં કેન્દ્રો રહી શકે નહીં. મ્લેચ્છ એટલે બોધાયન ઋષિના જણાવ્યા અનુસાર :-

गोमांसखादको यस्तु विरुद्धं बहु भाषते ।
सर्वाचारविहीनश्च म्लेच्छ इत्यभिधीयते ॥

અર્થાત્ - જે ગોમાંસનું ભક્ષણ કરતો હોય, જે વેદ-શાસ્ત્ર વિરુદ્ધ જ આખો સમય બોલ્યા કરતો હોય અને સર્વપ્રકારના શાસ્ત્રોક્ત સદાચારથી અત્યન્ત હીન હોય તેને મ્લેચ્છ કહેવામાં આવે છે. **'म्लेच्छृ अव्यक्ते शब्दे'** એમ મ્લેચ્છ્ ધાતુથી બનેલો મ્લેચ્છ શબ્દ અસ્પષ્ટ અડંગ-બડંગ ગમે તેમ બોલનાર જંગલી જેવાઓને માટે ઉપયોગ થાય છે. અતઃ અડંગ-બડંગ સ્વેચ્છાચારી આચરણ કરનાર ઈન્દ્રિયોને વશ થઈ રહેનારા અતિશય વિષયાસક્ત પશુવત્ આહાર, નિદ્રા, ભય, મૈથુનમાં રત રહેનારાઓ એવા મ્લેચ્છો, આવા મ્લેચ્છો બે પ્રકારના મનાય છે (૧) જાતિથી (૨) કર્મ-આચરણથી.

બોધાયને જે મ્લેચ્છની પરિભાષા આપી છે તે વ્યાકરણ સાથે તેમજ બંને મ્લેચ્છના પ્રકારો સાથે સંગત થાય છે. કારણ કે મન, વાણી અને ક્રિયાનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ છે. યજુર્વેદે પણ આજ સિદ્ધાન્ત પ્રસ્થાપિત કર્યો છે કે - **‘तस्मात्पुरुषः यन्मनसानुगच्छति तद् वाचा वदति तत् कर्मणा करोति’** (તૈત્તિરીય આરણ્યક) મનુષ્ય મનથી જેનું સતત ધ્યાન કરે છે તે તેની વાણીમાં આવે છે અને મન તથા વાણીના વિષયનો પ્રભાવ તેની કૃતિમાં પણ અવશ્ય આવે જ છે. તેથી જ સ્ત્રી વિષયક રસપ્રદ ચર્ચા તે પણ શાસ્ત્રાનુસાર આઠ પ્રકારના મૈથુનોમાં એક છે. અતઃ શાસ્ત્ર વિરુદ્ધ બોલવું તેથી દેહલી દીપન્યાયે મનથી શાસ્ત્ર વિરુદ્ધ વિષયસુખોની ઈચ્છાવાળો તથા શાસ્ત્ર વિરુદ્ધ આચરણ કરવાવાળો એમ ત્રણે ગ્રહણ કરવા જોઈએ. આવા મ્લેચ્છોથી આક્રાન્ત થયેલા પુણ્યદેશો. **‘क्रमु पादविक्षेपे’** થી આક્રમ+ક્તથી બનેલો આક્રાન્ત જેનાં પર આક્રમણ થયું હોય, પકડ્યો હોય, પોતાના અધિકારમાં કરી લીધો હોય, પરાજિત કર્યો હોય, ગ્રસિત હોય, પ્રાપ્ત, અધિકારયુક્ત હોય આવા અર્થોમાં આક્રાન્ત શબ્દ વપરાય છે. આમાંનો કોઈ પણ અર્થ અત્ર સંગત છે અથવા તો અલગ-અલગ સ્થળોમાં જુદી-જુદી પરિસ્થિતિને હિસાબે બધા જ અર્થો ગ્રાહ્ય બની શકે છે. ગમે તે અર્થ લેવામાં આવે પણ કોઈ પણ અર્થથી તે-તે દેશોના પુણ્યત્વની તો હાનિ થાય જ છે. અત એવ પ્રાચીન કાળમાં પણ શાસ્ત્રોમાં અંગદેશ, બંગદેશ વગેરેને પણ સંસ્કારહીન દેશ ગણી પુનઃ સંસ્કારની વાત કહી છે :-

अङ्गबङ्गकलिङ्गेषु सौराष्ट्रमगधेषु च ।
तीर्थयात्रां विना गच्छन् पुनः संस्कारमर्हति ॥

અંગ (બિહાર-આસામનો સીમાવર્તી પ્રદેશ), બંગ (બંગાળ), કલિંગ (ઓરિસા), સૌરાષ્ટ્ર (હાલનું સૌરાષ્ટ્ર નહિ પણ મહાભારતમાં દિગ્વિજય વખતે સહદેવે જીતેલો ભારતવર્ષીય એક દેશ કે જેના નૈઋત્યમાં શૂર્પારિક દેશ આવેલો છે), મગધ (પ્રસિદ્ધ છે), તેમજ બીજા એવા સંસ્કારહીન દેશો, આ બધા દેશોમાં જો તીર્થયાત્રાના નિમિત્તથી ઈતર બીજા કોઈ પણ હેતુથી જવામાં આવે તો પુનઃ બ્રાહ્મણ્યાવિર્ભાવાદિ સંસ્કાર કરવા તેને માટે આવશ્યક છે. અહીં તીર્થયાત્રા એમ કહી તે ઉદ્દેશ સિવાયના બીજા કોઈ ઉદ્દેશથી જવામાં આવે તો એમ તાત્પર્ય છે. તીર્થયાત્રાનો ઉદ્દેશ હોતાં શાસ્ત્રમાં કહેવાયેલા તીર્થયાત્રાના સંકલ્પથી લઈને ઘરેથી યાત્રા આરંભકાળથી લઈને પુનઃ ઘરે પાછા આવતા સુધીમાં યાત્રાના નિયમોનું યથાવિધિ પાલન કરાતાં સંભાષણ-સંસર્ગાદિ દોષો લાગવા શક્ય ન હોવાથી તેને બાદ કરતા એમ કહ્યું છે. અતઃ મને એમ લાગે છે કે આ વાક્ય જ્યારે લખાયું તે સમયની સ્થિતિ આધારે છે પણ પાછળની સ્થિતિ વિચારતાં કૃષ્ણાશ્રયોક્ત શ્રીવલ્લભાચાર્યજીની ઉક્તિને ધ્યાનમાં રાખતાં તો વારાણસી-પ્રયાગાદિ ક્ષેત્રોને માટે પણ આ વાક્ય લાગૂ પડે છે. કારણ કે આ બધાં ક્ષેત્રોમાં તો આક્રાન્ત શબ્દના બધા જ અર્થો એકી સાથે પ્રાપ્ત થાય છે.

આ પ્રકારે વિચારતાં પુણ્યદેશો કે જે કર્મોપકારકત્વેન-મોક્ષોપયોગિત્વેન કહેવાયેલા છે તેની કર્મ કે મોક્ષમાં માત્ર અનુપકારકતા જ નહીં અપિતુ વિરુદ્ધ સ્થિતિસ્થાપકતા આ કાલમાં બની છે. તેથી ધર્મનું દેશરૂપ સાધન પણ બચ્યું નથી. આ સ્થળો બીજા દેશોમાંથી આવેલા મ્લેચ્છોથી પણ આક્રાન્તિત છે અને તેમના દીર્ઘ સંસર્ગથી તે-તે દેશોના લોકોના અત્ર સતત આવાગમનથી અને આ દેશના લોકોના તેવા દેશોમાં સતત ગમનાગમનથી સંસર્ગદોષ એટલો ઘનિષ્ઠ રીતે આ દેશોમાં વસી રહેલી પ્રજાનાં મન-બુદ્ધિને ગ્રસિત કરી લીધો છે કે સમગ્ર પ્રજા મ્લેચ્છાચારવાળી બની ગઈ છે અને ધર્મનો માત્ર બાહ્ય દેખાવ જ રહી ગયો છે, અન્તઃ રજોગુણ-તમોગુણજન્ય દોષોથી ભરપૂર છે. અતઃ જેમ કાલ વિષયમાં જોઈ ગયા તે વાક્યો દેશ વિષયમાં પણ લાગૂ પડે છે કે **‘कलौ च खलधर्मिणि पाषण्डः प्रचुरे लोके कृष्ण एव गतिर्मम’**

પુણ્યદેશના નામે પ્રસિદ્ધ સ્થળો પણ માત્ર દામ્ભિક પ્રકારે જ પ્રસિદ્ધ રહ્યા છે, વર્ના વાસ્તવમાં તો તે પણ પાપ માત્રનાં ધામ અધુના બની રહ્યાં છે. આ બધા દેશોમાં જેમ ધર્મ વિપરીત આચરણનું બાહુલ્ય જોવા મળે છે તેમ ધર્મનું આચરાણ થતું પાણ ઘણું બધું જોવા મળે છે, બલ્કે પૂર્વાપેક્ષા લોકોની આવા પવિત્ર દેશોમાં યાત્રા નિમિત્તથી સ્થિતિ વધુ જોવા મળે છે. જ્યાં પહેલાં પાંચ યાત્રાળુની પણ માંડ મહિને સંખ્યા થતી હશે ત્યાં આજે પાંચસો યાત્રાળુ રોજના જોવા મળે છે ને તે પણ યાત્રા સ્થળે સ્નાન, દાન, યજ્ઞ વગેરે ધર્માચરણ કરતા પણ જોવામાં આવે છે, તો પછી માત્ર મ્લેચ્છ જાતિ કે કર્મવાળા લોકોને જ માત્ર જોઈને એમ કેમ કહી શકાય કે આ દેશોનું પુણ્યત્વ જતું રહ્યું છે ? આવી શંકાને નિર્મૂળ કરવા શ્રીઆચાર્યચરણ કહે છે **‘पापैकनिलयेषु च’** એક માત્ર પાપના નિલય એટલે કે કેવળ જેમાં પાપ જ રહેતું હોય તેવા પાપનાં ઘર બની રહ્યાં છે.

આધુનિક સમયમાં તીર્થો-ક્ષેત્રોની દશાનો વિચાર કરીએ તો સાફ જોઈ શકાય છે કે કઈ રીતે આપણાં આ પવિત્ર ધામો પાપધામમાં ફેરવાઈ ગયાં છે. જે વારાણસી સમસ્ત સનાતની જગતનું અતિ પ્રાચીન અને મુખ્ય કેન્દ્ર મનાય છે ત્યાં દ્વાદશજ્યોતિલિંગ પૈકીનું એક વિશ્વનાથ મહાદેવનું મંદિર ત્યાં પ્રાચીન સ્થળે મસ્જિદ ઊભી છે અને ત્યાં હિન્દુઓ પોતાનું કોઈ ધર્મકાર્ય કરી શકતા નથી, ઉપરાંત ગંગાના પવિત્ર પ્રવાહમાં પણ સહેલાણીઓનો વેશ્યાઓના નાચ-ગાન સાથેનો બજરીમાં જલવિહાર પ્રસિદ્ધ છે, ત્યાંને માટે તો કોઈ કવિએ લખી નાખ્યું છે કે **‘રાંડ, સાંઢ, સીઢી, સંન્યાસી, ઇનસે બચે તો સેવે કાશી’** આમાં વારાણસી જેવા ધર્મસ્થળમાં રાંડ એટલે વેશ્યાનો વ્યવસાય કરતી ઢગલાબંધ સ્ત્રીઓથી બચવું પડે એ પણ દુર્દૈવ છે અને કેવલ સંન્યાસનો વેષ ધારાણ કરી લાભ-પૂજાર્થ પ્રજાને કનડતા સંન્યાસીઓનું પ્રાબલ્ય એ પણ દુર્દૈવ જ છે, તેવી જ રીતે મથુરા, અયોધ્યા અને ગુજરાતમાં પાવાગઢમાં અનુક્રમે કૃષ્ણજન્મભૂમિ, રામજન્મભૂમિ અને કાલિકાદેવીનું મંદિર એમ ત્રણે સ્થળે કાશીની માફક જ સ્થિતિ છે અને ત્યાં મસ્જિદ ઊભી કરાયેલી છે, તીર્થરાજ તરીકે શાસ્ત્રમાં પ્રસિધ્ધ પ્રયાગનું તો નામ જ બદલી નાંખી અલાહાબાદ કરી નંખાયેલું છે, પુષ્કર ક્ષેત્રથી ૩૦ કિ.મી. દૂર અજમેરમાં વિધર્મીઓની વિશાલ ચિશ્તિ છે અને દુનિયાભરના વિધર્મીઓ ત્યાં વખતો વખત ઠલવાય છે, બદરિકાશ્રમ કે જે તપોભૂમિ છે ત્યાં આજે મોટામાં મોટું સૈનિક સેન્ટર છે અને સૈનિક વાહનોની ધમાધમથી તેમજ ટેન્કો, તોપો, બોમ્બના કાન ફાડી નાંખે તેવા અવાજોથી વિસ્તાર ધાણધાણી રહ્યો છે, ત્યાંથી ૧૫ કિ.મી. દૂર પર જ ચાઈના સરહદ આવેલી છે અને ત્યાં પણ ચાઈનાનું ઘણું મોટું સૈનિક સેન્ટર છે, આ બંને સ્થળો હિમાલયના પવિત્ર વાતાવરણને ડહોળી રહ્યાં છે, જ્યારે માનસરોવર તો આજે ચાઈનાના કબજા હેઠળ જ છે જેથી યાત્રાળુએ ત્યાંની સરકારની પરવાનગી લઈ ભયના વાતાવરણમાં યાત્રા કરવી પડે છે. ગોકર્ણ ક્ષેત્ર-ગોવા તો સદીઓ સુધી વિદેશી-પોર્ટુગીઝોના અધિકારમાં પરતંત્ર રહ્યું ને આજે ત્યાંનો દરિયાકાંઠાનો રમણીય વિસ્તાર સુરાસુન્દરીની મહેફિલથી દૈત્ય સ્વર્ગની યાદ અપાવે છે. તેની પાસે આવેલ ત્રિકૂટ પૈકીનો લોહકૂટ પર્વત જે લોહગઢ નામે પ્રસિધ્ધ હતો ત્યાં આજે લોઢાની મોટી મોટી ખાણો અને તેના વિશાલ કારખાનાઓ સિવાય ત્યાં બીજું કંઈ ઉપલબ્ધ નથી, આ સ્થળે શ્રીમહાપ્રભુજી પણ પધાર્યા છે, કામાખ્યાદેવી (આસામ) પણ આજે ખ્રિસ્તીઓના અનુશાસન યા પ્રભાવ હેઠળ છે, અમરનાથ (કાશ્મીર) તથા વૈષ્ણવદેવી ત્યાં તો હાલમાં જ જે ઉપદ્રવ મચ્યો અને અત્યંત ભયના વાતાવરણમાં યાત્રાળુઓએ યાત્રા કરવી પડી તે જાણીતી જ છે, સંપૂર્ણ કાશ્મીર મંડળ જે આપણાં શાસ્ત્રોમાં પ્રસિધ્ધ છે તે તો સંપૂર્ણપાણે મ્લેચ્છોથી જ ભરપૂર છે.

અશ્વિનિકુમાર ક્ષેત્ર (સુરત) કે જે સૂર્યપુર યા સૌરાષ્ટ્ર નામે ઈતિહાસમાં જાણીતું છે તે પણ વર્ષોથી નવાબી રાજ્ય રહ્યું છે, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ, આસામ, મણિપુર, ત્રિપુરા વગેરે પ્રદેશો તો વિદેશથી

આવેલા બિનભારતીય એવા મ્લેચ્છોથી ઉભરાઈ રહ્યાં છે અને તેમની મ્લેચ્છ સંસ્કૃતિનું પ્રવર્તન, પ્રાબલ્ય આ ક્ષેત્રોમાં સ્પષ્ટપણે છે. આ રીતે બીજા પણ અનેક સ્થળો ગણાવી શકાય તેમ છે. આ બધામાં જ જેમ-જેમ મ્લેચ્છ યા યાવની પ્રભાવ- પ્રભુત્વ વધતા ગયાં તેમ-તેમ સામાન્ય પ્રજાકીય જીવન વ્યવહારમાંથી પણ ભારતીય સંસ્કૃતિના ઉચ્છેદ સાથે ભોગવાદી મલિન સંસ્કૃતિનું પ્રભુત્વ વધતું રહ્યું છે.

આ તો વાત થઈ જાતિથી મ્લેચ્છોના ઉપદ્રવની. પરંતુ જેમના જ્ઞાન, ક્રિયા, ઈચ્છા પણ મ્લેચ્છને શરમાવે તેવા મલિન છે તે કર્મથી મ્લેચ્છનો ઉપદ્રવ પણ કંઈ કમ નથી. વેદના તાત્પર્યને અવગણીને વેદના ખોટા-ખોટા અર્થો કરી જ્ઞાનના નામ પર પ્રજાને પોતાના કર્તવ્યથી ચ્યુત કરી ગેરમાર્ગે દોરવનારા માયાવાદીઓ, ફલશ્રુતિ માત્ર ગ્રહણ કરીને કર્મના નામ પર હિંસા પ્રાચુર્યવાળા તથા પરપીડાનાં કર્મોમાં લોકોને પ્રેરનારા કર્મમાર્ગીઓ, સુરા અને સુંદરીને જ પોતાની ધર્મસાધનાનું સાધન માનનારા અતિશય ભ્રષ્ટ એવા વામમાર્ગીઓ-કાપાલિકો, શક્તિ ઉપાસનાના નામ પર હજારો પશુઓને વધેરી નાંખી પ્રસાદના ઓઠા હેઠળ માંસાદિ ભક્ષણમાં રત એવા શાક્તો, યોગશાસ્ત્રીય યમ-નિયમાદિ અંગોને અવગણી મોક્ષસાધન યોગનો ભોગોપયુક્ત દેહને સિદ્ધ કરવા ઉપયોગ કરતા-કરાવતા તથાકથિત યોગીઓ, દાન પુણ્યનાં નામ પર પૈસો જ ખસોટવાની વૃત્તિ રાખતા અને તે માટે શાસ્ત્રના નામ પર નવા-નવા કીમિયા બતાવતા-પ્રચલિત કરતા લોકો, પોતાનામાં કૃષ્ણ વગેરે ભગવત્ સ્વરૂપનો કે મહાપુરુષોનો નિત્ય આવિર્ભાવ દર્શાવી કલ્યાણના નામ પર પોતાની વ્યભિચારી વૃત્તિને પોષતા અને સામાવાળામાં વ્યભિચારી વૃત્તિને ઉકસાવતા તથાકથિત ગુરુજનો આ બધા પણ પોતાનાં જ્ઞાન, કર્મ, ઈચ્છાથી મ્લેચ્છો જ છે અને તેમણે પણ સર્વ દેશોમાં ફેલાઈ પોતાની અધર્મયુક્ત પાખંડી પ્રવૃત્તિને આડંબરથી એટલી વધુ વિસ્તારી રાખી છે કે તેનાથી પણ માત્ર પુણ્યદેશો જ નહીં પણ જે સાધારણ પ્રદેશો છે તેને પણ પાપનાં ધામ બનાવી રાખ્યાં છે. આની વધુ વિસ્તારથી ચર્ચા અમે આગળ કર્મનાશના નિરૂપણમાં

છઠ્ઠા શ્લોકના વ્યાખ્યાનમાં કરીશું.

આ પ્રકારે જ્યાં કર્મ કરવાથી કર્યા કરતાં અનેકગણું ફલ ઉત્પન્ન થાય છે તેવા વિશેષ પુણ્યરૂપ પુણ્યદેશો જ નહીં પરંતુ હિમાલયથી કન્યાકુમારી પર્યન્તમાં આવેલ ભારત વર્ષ જે કર્મભૂમિ છે અને જ્યાં કર્મ કરી શકાય છે તેવી અધિકૃત ભૂમિના સર્વ દેશો પણ આ રીતે બંને પ્રકારના મ્લેચ્છોથી આક્રાન્ત થઈ પોતાની કર્મરૂપતા-પુણ્યરૂપતા ખોઈ પાપરૂપ બની ગયા છે.

‘पापैकनिलयेषु’ આના વ્યાખ્યાનમાં શ્રીરઘુનાથજી જણાવે છે : **‘कलिना ग्रस्तत्वात्पापस्यैवैकस्य निलयाः स्थानभूता जाताः । चकारादनेवंविधेष्वपि । एतेन धर्मादिषु बाह्यसाधननिवृत्तिरुक्ता ।’** અર્થાત્ - કદાચિત્ એવી શંકા થાય કે આવા પ્રકારના મ્લેચ્છોથી આક્રાન્ત દેશોમાં પણ (વધુ નહીં તો કેટલાક તો) પુણ્યાત્માઓ તો હશે જ તેમના સહવાસમાં સાથે રહીને ધર્મ વગેરેનું આચરણ કેમ શક્ય નથી ? તો એના ઉત્તરમાં આ બધા કહેવાયેલા પુણ્યદેશો મ્લેચ્છોથી એવી રીતે આક્રાન્ત થયેલા છે કે જેમાં એ કલિના કાલ પ્રભાવ વડે અત્યંત ગ્રસ્ત થઈ જવાથી આ પુણ્ય દેશો પુણ્યોત્પાદનનું કાર્ય નહીં કરી એક માત્ર પાપના જ નિલય એટલે કે સ્થાનભૂત-રહેવાના ઘરરૂપ થઈ ગયેલા છે, સાથે ચ કાર પ્રયોગ કરેલો હોવાથી જે સ્થળો (જાતિથી) મ્લેચ્છો વડે આક્રાન્ત નથી તેવાં સ્થળો પણ (કર્મથી મ્લેચ્છો વડે આક્રાન્ત હોઈ તે પણ) પાપનાં જ માત્ર ધામ બની રહ્યા છે.

શ્રીકલ્યાણરાયજી જણાવે છે : **‘ननु म्लेच्छा अपि न्यायवर्तिनश्चेत्तदा को दोषस्तत्राहुः - पापैकनिलयेष्विति । पापरूपा एव ते तदेकनिलयेषु, पापा ये मुख्यास्तन्निलयेषु, पापस्य वा । अथवा पूर्वोक्तेषु पापैकनिलयेषु च अङ्गबङ्गादिषु, यत्र गमनमात्रेण पुनः संस्कारसम्भवः ।’**

અર્થાત્ જો કદાચ એમ શંકા થાય કે ભલે પુણ્યદેશો મ્લેચ્છોથી આક્રાન્ત રહ્યા, પણ જો તે મ્લેચ્છો પણ ન્યાય-નીતિના અનુસાર વર્તનારા ધર્મને અનુકૂલ હોય તો પછી તેમના હોવાથી શો દોષ છે ? તો તેના ઉત્તરમાં -એ મ્લેચ્છો સાક્ષાત્ પાપરૂપ જ છે અને તે પાપરૂપ મ્લેચ્છોની આ પુણ્યદેશો રાજધાની-મુખ્યસ્થાન બનેલાં છે. બીજો અર્થ લેવામાં આવે તો મુખ્ય પાપીઓ અથવા તો મુખ્ય-મુખ્ય પાપ તેના ઘર યા મુખ્ય કેન્દ્ર બનેલા દેશો. ત્રીજા અર્થે વિચારવામાં આવે તો પૂર્વમાં કહેવાયેલ પાપ-પાપીની રાજધાની બનેલા અને અંગ, બંગ વગેરે દેશો કે જે આ દેશોમાં જવા માત્રથી ફરીથી બધા સંસ્કારો કરવા પ્રાપ્ત થાય છે તેવા આ પુણ્ય દેશો બની ગયા છે.

શ્રીદ્વારિકેશ્વરજી લખે છે : **‘सर्व एव देशाः पापैकनिलया जाताः पापानामेको निलयः स्थानं तादृशा जाताः । तेन कुत्रापि धर्मवार्ता न श्रूयते । यद्वा पापास्त एव महीभोक्तारस्तदेकनिलयत्वात्तथा । येऽपि तद्विपरीतधर्मास्ते तु पूर्वजन्मनि वैष्णवा भूत्वा वेदनिन्दां कृतवन्त इति तादृशेषु जन्म प्राप्तवन्तोऽपि सत्स्वेव प्रविष्टा न तु तेषु। तेन सतामिव तेषामपि धर्मादिनियन्तृत्वाभावः सूचितः ।’** અર્થાત્ બધા જ દેશો મ્લેચ્છોના આધિપત્યમાં હોઈને પણ કંઈ બધા જ મ્લેચ્છો ખરાબ જ હોય એવું નથી હોતું. કેટલાક એમાં સારા ગુણી પણ હોય છે. તેથી મ્લેચ્છ જાતિના લોકોના નિવાસ માત્રથી બધા જ દેશો માટે એમ કહેવું બરાબર નથી તેથી બધા ન સહી તો કેટલાક દેશોમાં તો ધર્મસાધનતા બચી જ હશે ? તેના ઉત્તરમાં - બધા જ દેશો પાપૈકનિયલય એટલે કે પાપોનું જ એકમાત્ર નિલય-સ્થાન હોય તેવા થઈ ગયાં છે, તેથી કરીને (આ સ્થળોમાં) ક્યાંય ધર્મવાર્તા શ્રવણ થતી નથી, કારણ કે જે લોકો સાક્ષાત્ પાપરૂપ છે એવાઓના આધિપત્યમાં - અધિકારમાં આ દેશો આવી તેવાઓના જ નિવાસરૂપ અને તેમના આધિપત્યવાળા આ દેશો છે. જે મ્લેચ્છો પાપરૂપ નથી પણ સારા-ગુણી અને ધર્મને અનુકૂળ છે તેવા મ્લેચ્છો તો પૂર્વજન્મમાં (નિબંધમાં **‘न भवन्ति नरके पातः क्वचिद्हीनेषु जायते’** માં જણાવેલ વ્યવસ્થા મુજબ) વૈષ્ણવ થઈને તેમના દ્વારા વેદનિંદા થવાથી તેવાઓ આવી મ્લેચ્છાદિ યોનિમાં જન્મપ્રાપ્ત કરીને પણ સજ્જન એવા મ્લેચ્છોમાં જ તેમનો પ્રવેશ થાય છે, આવા સાક્ષાત્ પાપરૂપ મ્લેચ્છોમાં તે પ્રવેશતા નથી (જેમ કે રસખાન-અલીખાનાદિ). અતઃ આગળ જણાવ્યા પ્રકારે સત્પુરુષોની માફક આવા સજ્જન મ્લેચ્છોનું પણ ધર્માદિ નિયન્તૃત્વનો અભાવ છે તેમ સૂચિત કર્યું છે (મતલબ કે આ પુણ્ય દેશો સજ્જન મ્લેચ્છોના અધિકાર-આધિપત્યમાં છે તેમ નથી, પણ સાક્ષાત્ પાપરૂપ મ્લેચ્છોના નિવાસભૂત થઈ રહ્યા છે તેથી આવા સમયે આ સ્થળોમાં જેમ સત્પુરુષો પીડિત છે તેમ તેની સાથે સાથે આવા સજ્જન મ્લેચ્છો પણ પીડિત જ છે, તેથી તેમનું સાહચર્ય કોઈ પણ રીતે ધર્મમાં ઉપકારક બનતું નથી. બલ્કે આવી એમની દશા જોઈને તો આગળ કહ્યા મુજબ બીજાઓની ધર્મમાંથી શ્રદ્ધા ડગી જઈ વ્યગ્રચિત્ત બની જવાય છે. એમ ગ્રંથનું સ્વારસ્ય ટીકાકાર જણાવે છે.

શ્રીવ્રજરાયચરણ જણાવે છે કે : **‘देशेषु म्लेच्छैर्यवनैः उपलक्षणमेतत् अतितामसैरिति यावत्, तैराक्रान्तेषु व्याप्तेषु । व्याप्तिरत्र तदाज्ञाद्यनुरूपस्थितिकत्वम् । तदाज्ञानुरूपस्थितौ को दोष इत्यत आहुः पापेत्यादि । ‘एकेमुख्यान्यकेवलाः’ तत्पुरुषगर्भः कर्मधारयः । पापानां व्यभिचारचौर्यदौर्जन्यादीनामेकनिलयेषु मुख्यस्थानेषु । ते हि लुब्धाः कामिनो हिंसाश्च ततस्तत्र व्यभिचारादिकं कुर्वन्ति चौर्यादिकं कारयन्ति च । तदवलोकलोका अपि पैशुन्यशाम्भल्यादिना तथा विदधतीत्येष दोष इत्यर्थः ।’** અર્થાત્ - મ્લેચ્છો વડે એટલે કે યવનો વડે એમ આ ઉપલક્ષણ છે, કહેવાનું તાત્પર્ય છે અતિતામસો વડે (અતિ તામસ એટલે અતિશૂદ્રથી પણ હીન-વર્ણહીન જાતિઓ અથવા તો અતિતામસ લક્ષણવાળા પુરુષો વડે) પુણ્યદેશો આક્રાન્ત

છે, આક્રાન્ત એટલે વ્યાપ્ત છે, અતિ તામસો જેમાં વ્યાપ્ત થયેલા છે તેવા આ પુણ્યદેશો છે, વ્યાપ્ત કહેવાથી વ્યાપ્તિ એટલે તેવા અતિતામસોની આજ્ઞા, કાયદા-કાનૂન મુતાબિક સ્થિતિ કરવી તે. તેમની આજ્ઞાને અનુરૂપ-તેમના કાયદાઓને અનુરૂપ સ્થિતિ કરવામાં શો દોષ છે ? તો કહે છે - વ્યભિચાર, ચોરી દુર્જનતા વગેરે પાપોના એક એટલે મુખ્ય સ્થાનરૂપ એવા, મ્લેચ્છો નિશ્ચયે લોભી, કામી અને હિંસા કરનારા છે, તેથી તેઓ વ્યભિચાર વગેરે સ્વયં કરે છે અને ચોરી લૂંટ-ફાટ વગેરે (પોતાના સેવકો-શાગિર્દો વડે) કરાવે છે, એમની આવી પ્રવૃત્તિઓને જોનારા-જાણનારા લોકો પણ ચુગલી-ઈર્ષ્યા વગેરે વડે તેમનાં પાપોને જ ધારણ-પોષણ કરે છે - તેમની તેવી પાપ સ્વરૂપની આજ્ઞા-કાયદામાં સ્થિતિ કરે છે અને તેના અનુરૂપ પ્રવર્તે છે આ એમની આજ્ઞામાં રહેવાનો મુખ્ય દોષ છે.

વિવરણકાર શ્લોકની ઉત્થાનિકામાં - **‘ननु तर्हि भगवल्लीलाप्रदेशेषु गत्वा स्वधर्मनिर्वाहः कर्तव्य इति चेत्तत्रापि प्रतिबन्धकबाहुल्येन देशानामसाधकत्वेन शरणमेव निरूपयन्ति म्लेच्छेति’** અર્થાત્ (પૂર્વશ્લોકમાં કાલકૃત પ્રતિબન્ધોને વિચારતાં-) તો પછી ભગવાનની વિવિધ લીલાઓના પ્રદેશમાં જઈને ત્યાં સ્વધર્મનો નિર્વાહ કરવો એમ જો વિચારવામાં આવે તો ત્યાં પણ અનેક પ્રતિબંધોને કારણે તે ભગવલ્લીલા પ્રદેશોમાં ધર્મની સાધકતા રહી નથી તેથી શરણ એ જ શક્ય છે એમ મ્લેચ્છાક્રાન્ત દેશો વગેરે વાક્યોથી નિરૂપણ કરે છે એમ જણાવી શ્લોકના વ્યાખ્યાનમાં બીજા ટીકાકારોથી જુદો જ ભાવ પ્રકટ કરતાં જણાવે છે - **‘मलिनपदार्थमेवेच्छन्तीति म्लेच्छा विषयिणो, मन्त्राद्युपासकाः, कर्ममार्गीयाश्च यद्यपि तेऽनिषिद्धं विहितमेव कुर्वन्ति तथापि स्वार्थपराः ‘क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ती’ त्याद्युक्त्या कर्मफलं मलिनमेवेति तत्पराणां तथात्वेन निर्देशः कृतः । तादृशैस्तैराक्रान्ताः सर्वे प्रदेशा, अत एव तत्तल्लीलादीनां तिरोभावान्न ते साधका इति भावः ।’**

અર્થાત્ - મલિન પદાર્થોથી જ જે ઈચ્છા કરે છે તે મ્લેચ્છો-વિષયવાળાઓ, મંત્ર વગેરે વડે ઉપાસના કરનારા ઉપાસકો અને કર્મમાર્ગીઓ, જો કે તે લોકો પણ જેનો શાસ્ત્રમાં નિષેધ કરવામાં આવ્યો નથી તેમજ જેનું શાસ્ત્રોમાં વિધાન કરાયેલું છે તે વિહિત જ કરે છે તેમ છતાં પણ તે બધા સ્વાર્થ પરાયણ-કામના-આશાઓમાં બંધાયેલા કર્મફલભોગની ઈચ્છાવાળાઓ છે અને તે લોકો પુણ્ય ક્ષીણ થતાં મૃત્યુલોકમાં પુનઃ આવે છે એમ ગીતામાં જણાવ્યા મુજબ કર્મફલ છે તે મલિન જ છે. અતઃ તેવા મલિન કર્મફલમાં પરાયણચિત્ત લોકો એ પણ મ્લેચ્છો જ છે તેથી તેવાઓનો અત્ર નિર્દેશ કર્યો છે, તેવા મ્લેચ્છો વડે આક્રાન્ત સર્વ પ્રદેશો છે, તેથી જ તે-તે દેશો સંબંધી જે લીલા વગેરે છે તેનો તિરોભાવ થવાથી તેવા દેશો પણ ધર્મસાધક નથી એમ કહેવાનો આશય છે. આ રીતે જણાવી **‘पापैकनिलयेषु च’** ના વ્યાખ્યાનમાં લખે છે - **‘कर्मणां हिंसाप्रचुरत्वात्तथोक्तम् । एतेन तत्र गमनमात्रेण तत्सम्बन्धात्स्वधर्मनाशो भवतीति भावः । एवं सति भगवतो मन्त्रोपासनाद्यस्पृष्टत्वेनास्मिन्श्लोके मन्त्रोपासनवैदिक-तांत्रिकदीक्षार्चनानां सङ्ग्रहेणासाधकत्वं निरूपितम्’** અર્થાત્ તેવા કર્મોનું હિંસાપ્રચુરપણું હોવાથી એકમાત્ર પાપનાં સ્થાનરૂપ છે એમ કહ્યું છે, આમ જણાવી તેવા દેશોમાં બીજું કંઈ નહીં કરીને પણ જવા માત્રથી જ - તે દેશોના સંબંધ માત્રથી જ સ્વધર્મનો નાશ થાય છે તેમ કહેવાનો આશય છે. આ પ્રમાણે હોતાં (આ પ્રકારમાં) ભગવાનનું મન્ત્ર-ઉપાસના વગેરે વડે અસ્પૃષ્ટપણું હોવાથી મન્ત્ર, ઉપાસના, વૈદિક દીક્ષા તથા વૈદિક પ્રકારે અર્ચન, તાંત્રિક દીક્ષા તથા તંત્ર પ્રકારે અર્ચન એ બધાની સમુદાયમાં અસાધકતા (આના વડે) નિરૂપણ કરી છે. આ પ્રકારે આ બાબતમાં બધા જ ટીકાકારોના

અભિપ્રાયો રહેલા છે.

'सत्पीडा व्यग्रलोकेषु' અવ્વલ તો જે સત્ પુરુષો છે, સાધુપુરુષો છે, સજ્જનો છે તે લોકો આવા દેશોમાં નિવાસ કરવો પસંદ જ કરતા નથી. જેમ આગ લાગતાં પક્ષીઓ વૃક્ષનો ત્યાગ કરી બીજે ચાલ્યાં જાય છે, જેમ પ્રલયકાલ વખતે ત્રિલોકીમાં પ્રલયાગ્નિ વ્યાપ્ત થઈ જતાં અગ્નિની જ્વાલા જનલોકને પણ દાહક બને છે ત્યારે ત્યાં સ્થિતિ સપ્તર્ષિઓ તે લોક છોડી તપોલોકમાં ચાલ્યા જાય છે તેમ સાધુપુરુષો પોતાની પુણ્ય દેશમાં સ્થિતિને ચાહતા હોય છે તેથી જ્યારે જ્યાં પુણ્યત્વનો લોપ થાય ત્યારે તે દેશને સાધુપુરુષો ત્યાગી દે છે, જેમ સ્વર્ગમાં અસુરોનું રાજ્ય સ્થપાતાં દેવો સ્વર્ગ છોડી આમ તેમ છુપાઈ ગયા હતા. કારણ કે આવા દેશોમાં એનું પૂર્વ સ્વરૂપ ગમે તે પ્રકારનું રહ્યું હોય પણ વર્તમાન રૂપમાં તો એમને ક્લેશ અને પીડા જ મળી શકે છે તે સિવાય બીજું કંઈ શક્ય નથી. જે લોકોનું ધર્માચરણમાં જ સુખ છે અથવા તો ધર્મથી પ્રાપ્ત સુખની જ જે ઈચ્છાવાળા છે તેવા સાત્ત્વિક પ્રકૃતિના લોકો માટે અતિ તામસની સ્થિતિ એ એકદમ સ્વસ્થ વ્યક્તિના દેહમાં કફ-વાતના વિકારથી થતી પીડા સમાન જ પીડાકારક હોય છે. જ્યારે કોઈ એક દેશમાં પુણ્યત્વની હાનિ થઈ હોય ત્યારે તો આ સાધુપુરુષો તેને છોડી બીજા પુણ્યદેશમાં - ધર્માનુકૂલદેશમાં ચાલ્યા જઈ શકે પણ જ્યારે સર્વદેશો એક સમાન પુણ્યહીન-પાપયુક્ત યા પાપનિવાસ બન્યા હોય ત્યારે કોણ ક્યાં જવાનું વિચારી શકે કે કોણ ક્યાં ચાહીને પણ જઈ શકે ? મ્લેચ્છોથી આક્રાન્ત દેશના પદમાં દેશેષુ એમ બહુવચન પ્રયોગ સર્વ દેશોને માટેની સ્થિતિ દર્શાવે છે તેથી તેવી સ્થિતિમાં મજબૂર બની રહેલા સત્ પુરુષો અત્યન્ત અનિચ્છાએ આવા દેશોમાં વસી રહ્યા છે તે અનેક પીડાઓને, કષ્ટોને, અનીતિ, અન્યાયને મૂંગે મોંએ સહન કરીને વસી રહ્યાં છે એમ સત્પીડા શબ્દથી સૂચિત થાય છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન કહે છે -

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥

(ગીતા-૪-૭,૮)

આમાં ભગવાન કહે છે - જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, અધર્મ વિકરાળ રૂપમાં સર્વત્ર પોતાનું આધિપત્ય સ્થાપે છે, ત્યારે-ત્યારે સાધુપુરુષોનાં રક્ષણ માટે, દુષ્ટ પુરુષોનો વિનાશ કરવા અને સમાજમાં ઉખડી ચૂકેલા સદ્ધર્મની પુનઃ સ્થાપના કરવા હું યુગ-યુગમાં પ્રકટ થાઉં છું આ આખા વાક્યથી એક વાત તારવી શકાય છે કે ધર્મની ગ્લાનિ અને સાધુજનોને ત્રાસ આ બે ત્રણ ભગવન્નિશ્ચયથી જ કાલરૂપે પ્રવર્તે છે. ભગવાન દ્વારા સંસ્થાપિત ધર્મનો ઉચ્છેદ કરવાનું સામર્થ્ય કાલમાં પણ નથી તેમજ કાલ ભગવાનનો સેવક હોવાથી ભગવાન વડે સંસ્થાપિત ધર્મનો ઉચ્છેદ પોતાની સ્વતંત્રતાથી કરે પણ નહીં. શેઠ બેઠા હોય અને તેમની સામે જ જો તેમનો પટાવાળો કે મેનેજર આવીને કોઈ બેઠેલા વ્યક્તિને રૂમમાંથી બહાર જવાની સૂચના આપે અને તે જોઈને પણ શેઠ તેને રોકે નહિ તો એનાથી કોઈ પણ બુદ્ધિશાળીએ જાણી જ લેવું જોઈએ કે ભલે પટાવાળાના મુખથી સૂચના મળી છે પણ સૂચના તો શેઠની જ છે. તેથી ગીતાવાક્યમાં પણ ભગવાન જે **'यदा यदा'** થી કાલ ઉપદ્રવ બતાવી રહ્યા છે તે ઉપદ્રવ પણ ભગવન્નિશ્ચયથી જ છે. અતઃ ગીતા વાક્યમાં કહેવાયેલ વિષયને દરેક પંક્તિમાં ભગવાનને વચમાં રાખી વિચારતાં ધર્મની ગ્લાનિ થાઓ અને સાધુજનોને ત્રાસ થાઓ અને ત્યારે તેમની રક્ષા અને ધર્મની સ્થાપના માટે હું પ્રકટ થાઉં એવી ભગવાનની ક્રીડા માટેની ઈચ્છા જ કારણ છે અને તેથી ગ્લાનિ - ત્રાસ પણ ભગવત્ ક્રીડા જ છે. વરસાદ ધોધમાર પડતો હોય છતાં પણ જો આપણે ઘરના આશ્રયમાં બેઠા હોઈએ તો છત્રીનો આશ્રય

કરતા નથી પણ ખુલ્લા મેદાનમાં ચાલી રહ્યા હોઈએ ને વરસાદ પડે તો બચવા માટે છત્રીની યાદ આવે છે અને જો છત્રી સાથે લીધી હોય તો છત્રીનો આશ્રય કરીએ છીએ તેવી જ રીતે જીવને અન્ય સાધન ઉપલબ્ધ હોતાં તે ભગવદાશ્રયની ઈચ્છાવાળો બનતો નથી પણ સાધનોના અભાવમાં જ ભગવાનની યાદ આવે છે. તેવી જ રીતે બીજું કોઈ પણ સ્થળ સાધનરૂપમાં શેષ રહેતાં સાધુપુરુષો તે સ્થળે જ નિરાંતનો શ્વાસ લેવા પ્રયત્ન કરે છે પણ જ્યારે તેવું કોઈ સ્થળ જ શેષ ન રહેતાં સર્વથા અસુરક્ષિત સ્થળમાં પણ તેઓએ લાચાર બની નિવાસ કરવો પડે છે અને જે લાચાર બની રહે છે તે લોકો પોતાના મનમાં આવી દુર્દશાથી અપાર કષ્ટ સહન કરતા હોય છે પરંતુ આ સહન કરવાની શક્તિ પણ ભગવાન અમારું રક્ષણ કરશે તેવી શ્રદ્ધાથી તેઓ સહન કરી શકે છે અને તેમાં તેઓ પોતાનું સારાપણું સહન કરીને કેમે કરીને ટકાવી રાખે છે. જે લોકોને તેવી ભગવાન પર શ્રદ્ધા નથી હોતી તેવા લોકો પોતાના જીવનમાં ભાંગી પડી પરિસ્થિતિ આગળ ઘૂંટણ ટેકવી તેને આધીન બની જાય છે. પરંતુ જે લોકો સર્વ સ્થિતિને ભગવાનની લીલાના વિચારે ભગવદાશ્રય ધારણ કરેલા છે તે લોકો ક્યારેય કોઈ પણ સ્થિતિમાં લાચાર બનતા નથી અને તેમણે લાચારીનો સામનો કરવાની પણ જરૂર પડતી નથી કારણ કે ત્રાસ અને ત્રાણ બંનેમાં તેઓ પ્રિયતમ કૃષ્ણના પ્રેમને જ અનુભવતા હોય છે. શ્રીગોપીજનો રાસપંચાધ્યાયી-ગોપીગીતમાં બે શ્લોકો વડે એક વાત સ્પષ્ટ કરે છે :-

जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि ।

(ભાગ. ૧૦-૩૧-૧)

विषजलाप्ययाद् व्यालराक्षसाद् वर्षमारुताद् वैद्युतानलात् ।
वृषमयात्मजाद् विश्वतो भयात् वृषभ ते वयं रक्षिता मुहुः ॥

(ભાગ. ૧૦-૩૧-૩)

આ બંને વાક્યો ગોપીગીતનાં છે. પ્રથમ વાક્યમાં અત્યંત તામસદેશભૂમિ વ્રજ એનો પણ પ્રભુ ! તમારા જન્મ થકી વૈકુંઠથી પણ અધિક જય છે, આની સુબોધિનીમાં શ્રીમહાપ્રભુજી લખે છે - **‘न हि एवं विधां लीलां भगवान् कदाऽपि वैकुण्ठे करोति’** આ પ્રકારની અતિશય અનુગ્રહ પ્રકારની ભક્તવશ્યતાના સ્વરૂપની કે સ્વરૂપાનન્દ દાનની લીલા ભગવાન ક્યારેય વૈકુંઠમાં નથી કરતા કે જે પ્રકારની આ વ્રજમાં અત્યારે પ્રકટ કરી છે; આમ વ્રજનો અને વ્રજવાસીઓનો સર્વતઃ ઉત્કર્ષ જણાવીને ત્રીજા શ્લોકમાં ભક્તો પર આવતી આપત્તિઓ અને તેમાં ભગવાનના પોતાના દ્વારા રક્ષણને જણાવતાં કહે છે કે આપના આ વ્રજમાં જન્મ પછી આટલી આટલી આપત્તિઓ આવી છે અને તેમાં દરેક વખતે આ વ્રજ અને વ્રજવાસીઓનું રક્ષણ આપે પોતે જ કર્યું છે. ત્યારે વૈકુંઠ કે જે સર્વ પ્રકારનાં દુઃખોથી સર્વથા રહિત છે તેથી પણ અધિક જેનો ઉત્કર્ષ છે એવા વ્રજમાં પણ અને તે પણ સાક્ષાત્ ભગવાનની પ્રકટ સ્થિતિ અને ભગવાન સાથે હરતાં, ફરતાં, બોલતાં આ આપત્તિઓ આવી છે કે આવી શકી છે તેમાં યા તો ભગવાનની તેવી ઈચ્છા જ કારણમાં માનવી જોઈએ યા તો પછી ભગવાનથી પણ અધિક આપત્તિઓનું બળ માનવું જોઈએ. અથવા તો ભગવાનથી પણ અધિક કર્મફલનું બળ માનવું જોઈએ. અતઃ ભક્તોનાં જીવનમાં દેખાતી આપત્તિ અથવા તો એમના જીવનમાં દેખાતી કોઈ પણ પ્રકારની લાચારી એમાં ભગવાનની તેવી ઈચ્છા જ મુખ્ય કારણ છે. ગોપીગીતના પ્રથમ વાક્યમાં **‘व्रजः’** કહ્યું છે જેથી શાસ્ત્રોમાં કહેવાયેલ પુણ્યદેશ મથુરાની ભ્રાન્તિ થાય નહીં, જો કે શાસ્ત્રોમાં પણ મથુરાને તીર્થરાજ પ્રયાગથી અધિક કહ્યું છે ત્યાં પણ ભગવાનની પ્રિયત્વેન નિત્યસ્થિતિથી જ અધિકતા કહી છે **‘नित्यं यत्र सन्निहितो हरिः’** તેમ છતાં પણ કોઈ દુરાગ્રહી ત્યાં પણ પુણ્યત્વને જ વિચારે-કહે તેથી અહીં તો વ્રજમાં તો તેવું પુણ્યત્વ પણ નથી તેથી સર્વ પુણ્ય રહિત વ્રજ-વ્રજવાસી છે જે દ્વિતીય સ્કંધમાં **‘अहृन्यापृतम्’** થી કહેવાયું છે. આવો અપુણ્ય તામસ દેશ પણ જ્યારે

માત્ર ભગવત્ પ્રાદુર્ભાવથી જ વૈકુંઠથી અધિક થયો છે તેમાં ભગવત્ પ્રાદુર્ભાવથી અતિરિક્ત બીજું કોઈ કારણ નથી તે જણાવવા **‘ते जन्मना’** એમ કહ્યું છે. આ પ્રકારે વાસ્તવમાં આવી દોષયુક્ત યા દોષરૂપ દેશ સ્થિતિમાં સત્ પુરુષોને પીડા થવી અને તેમ છતાં પણ લાચાર બની રહેવું એમાં ભગવદિચ્છા જ કારણભૂત છે. આવી લાચાર મનોદશામાં- પોતાના દ્વારા થઈ શકતા સર્વ પ્રયત્નો વિફલ જતાં, કોઈ વિકલ્પ માર્ગ શેષ નહીં દેખાતાં પછી જ -તેવી મનોદશાના અનુભવમાં જ પછી સાધનાભિમુખ સાધુજનોના હૃદયમાં ભગવદાશ્રયભાવ વિચાર સ્ફુરે છે કે હવે તો ભગવાન જ જે કરે તે ખરું, આમાં હવે આપણાથી કંઈ ઉપજી શકે તેમ નથી. પરંતુ સાધુજનોની પૂર્વોક્ત અન્તઃ સ્થિતિને તેમજ ભગવાનની આ કૃતિને નહીં સમજી શકનારા લોકો સાધુજનો-ધર્માચરણ કરવામાં પ્રવૃત્ત લોકોને પ્રાપ્ત થતી પીડાને જોઈ સંદેહવાળા થઈ જાય છે કે ધર્માચરણ કરીને પણ જુઓ આ લોકોને કેવાં કેવાં કષ્ટો થાય છે, જ્યારે આ અધર્મી લોકોને જુઓ કે એમને કોઈ જ કષ્ટ નથી બલ્કે સર્વ પ્રકારે સુખ ભોગવી રહ્યા છે. તેથી સાધુપુરુષોને જોઈને પણ જ્યારે ધર્મ બાબતમાં લોકો વ્યગ્ર ચિત્તવાળા થઈ જાય છે તેથી કેટલાંક સ્થળોએ સાધુપુરુષો હોય પણ ખરા તો પણ અધુના યુગમાં તે તેમનો સંગ સહવાસ ધર્માચરણમાં મદદરૂપ બની શકતો નથી.

પુણ્ય દેશોની આવી દશા અને તેને લઈને ઉત્પન્ન થયેલી પરિસ્થિતિ એમાં આત્મશ્રેયની ઈચ્છાવાળો જીવ સર્વથા અગતિક છે એમ બીજા શ્લોકના ૧-૨-૩ ચરણથી જાણી શકાય છે. પરંતુ તે ચર્ચામાં આપણે જે વ્રજ પ્રદેશની ચર્ચા ગોપીગીતના માધ્યમથી કરી ગયા તે સમયે પણ આ વ્રજ ભૂમિ મ્લેચ્છાક્રાન્ત હતી જ એમાં કોઈ સંશય નથી. કારણ કે તે સમયે મથુરા પર કંસનું રાજ્ય પ્રવર્તી રહ્યું હતું અને કંસ એ કાલનેમીનો અવતાર હતો કે જેનો સમુદ્રમંથન સમયે વિષ્ણુએ વધ કર્યો હતો. અતઃ તે જીવત્વેન મ્લેચ્છ જ મલિન જ હતો. તે સમયે પણ ઉગ્રસેન કેદમાં હતા, વસુદેવ-દેવકી જેવા સાધુજનો કેદમાં અપાર પીડાને પ્રાપ્ત હતા, કોઈ પણ અપરાધ કર્યા વિના પોતાની સગી બહેન દેવકીના નવજાત શિશુઓને ઘાતકી રીતે મારી નાંખવાનું મહા પાપ કંસ આચરી રહ્યો હતો, કંસના આદેશ અનુસાર યજ્ઞ, દાન, પુણ્ય, હવન વગેરે ધર્મની ક્રિયાઓ પર પ્રતિબંધ હતો, ભોગ, વિલાસ અને વ્યભિચારની આસુરી સંસ્કૃતિના સમુદ્રની મોટી-મોટી છોળમાં પ્રજા ડૂબી રહી હતી અને અક્રૂર વગેરે જેવા સાધુજનો-યાદવો લાચાર બની મૂક-પ્રેક્ષક બની કંસની સેવામાં પ્રવૃત્ત હતા. આ બધી જ પરિસ્થિતિ કૃષ્ણાશ્રયોક્ત દેશ-કાળ જેવી જ હતી. તેમ છતાં પણ આવા ઘોર સમયમાં અને સ્થિતિમાં પણ અતિતામસ એવા વ્રજપ્રદેશને પણ વૈકુંઠથી પણ અધિકતા આપવાનું ભગવત્ સામર્થ્ય છે જ તે તરફ શ્રીઆચાર્યચરણ ઈશારો કરતાં કહે છે કે - **‘कृष्ण एव गतिर्मम’**

કંસના શાસનકાળમાં તીર્થરાજ પ્રયાગ કે પુષ્કરથી પણ શ્રેષ્ઠ એવા મથુરા દેશની પણ જ્યાં દુર્દશા હતી તેવા સમયે પણ કેવલ કૃષ્ણનો આશ્રય કરી રહેલાઓ માટે કોઈ દુવિધા કે આપત્તિ ન હતી બલ્કે તેમને માટે સર્વ કંઈ સુલભ હતું, તો પછી તે કૃષ્ણનો આશ્રય તો આજે પણ દેશની સ્થિતિમાં પણ સુલભ છે તેથી દેશસ્થિતિને જોઈને પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે નાસીપાસ થવાની કોઈ આવશ્યકતા નથી. શુદ્ધ પુષ્ટિ અધિકારવાળાઓ માટે સાક્ષાત્ ભગવદ્ ભજનથી ઈતર બીજો કોઈ ધર્મ જ અપેક્ષિત રહેતો નથી જેનું નિરૂપણ રાસપંચાધ્યાયીના પ્રથમ અધ્યાયમાં **‘प्रेष्ठो भवाँस्तनुभृतां किल बन्धुरात्मा’** ની સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણે કર્યું છે, પરંતુ જે તેવા ઉત્તમ અધિકારવાળા નથી અને જેઓ મધ્યમાધિકાર કે હીનાધિકારવાળા છે કે જેમને માટે વેદોક્ત સાધનો વડે ક્ષીણપાપ બની ભક્તિમાં પ્રવેશો તેવી ભગવાનની ઈચ્છાનાં ક્ષેત્રમાં આવેલા જીવો છે તેમને માટે વેદોપદિષ્ટ યજ્ઞદાનાદિ સાધનો અપેક્ષિત છે અને તે અર્થે શુદ્ધ દેશ-કાલ વગેરે ષટ્કની અપેક્ષા રહે છે. અતઃ તેવા લોકો પણ જો ધર્મનો કે તેના અંગ દેશ, ગંગા, મંત્ર વગેરેનો આશ્રય ન રાખી માત્ર ભગવદાશ્રય રાખી ધર્મમાં પ્રવૃત્ત થાય તો તેમના વડે આચરાતા ધર્મમાં કોઈ બાધા રહેતી નથી.

કારણ કે તેમને માટે યોગ-ક્ષેમનું રક્ષણ ભગવાન પોતે જ કરતાં હોય છે. અતઃ પુણ્યદેશમાં કે જેનું વિશેષ માહાત્મ્ય શાસ્ત્રોમાં ગવાયું છે તેવાં સ્થળોમાં નિવાસ કરી સ્વધર્મ પરિપાલનપૂર્વક કૃષ્ણને ભજતાં કૃષ્ણાશ્રયે જીવન જીવે તો તે નિશ્ચિત ઉત્તમફલ કૃષ્ણસંબંધી ફલ કે જેને શ્રીઆચાર્યચરણે સેવાફલ ગ્રન્થમાં નિરૂપ્યાં છે તેને પ્રાપ્ત કરનારા બને છે તેમાં કંઇ સંદેહ નથી. આ મુજબની પ્રપત્તિને જ શ્રીઆચાર્યચરણ સર્વનિર્ણય નિબંધમાં

जगन्नाथे विठ्ठले च श्रीरङ्गे वेङ्कटे तथा ।
यत्र पूजाप्रवाहः स्यात् तत्र तिष्ठेत तत्परः ॥

(સર્વનિર્ણયનિબંધ)

તેમજ ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં પણ -

अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः ।
अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दूष्यति ॥

આ બંને વાક્યોમાં ભક્તિમાર્ગીય દેશ નિવાસ સંબંધી પ્રપત્તિ દર્શાવાઈ છે. તેવી જ રીતે ભક્તિવર્ધિનીનાં વાક્યમાં કર્તા સંબંધી પ્રપત્તિ પણ જણાવી છે. **‘तदीयैः तत्परैः सह’** વાક્યથી. આ બંને વાક્યોને કૃષ્ણાશ્રય સાથે સંગત રહીને વિચારવામાં આવે ત્યારે આ રીતે વિચારી શકાય છે કે ભક્તિમાર્ગમાં પ્રવૃત્તિ કરી રહેલા અથવા તો ભગવદ્ ભજનની ઈચ્છાવાળા મધ્યમાધિકારીઓએ લૌકિક વ્યાવૃત્તિ જ્યાં વધતી હોય તેવા સ્થળને ત્યાગી જ્યાં ભગવદ્ ભક્તિમય સ્થળ હોય ત્યાં નિવાસ કરવો, પુણ્યદેશોમાં પણ એ દેશોમાં જ રહેવું જ્યાં **‘यत्र पूजाप्रवाहः स्यात्’** **‘हरिस्थाने’** જ્યાં સતત પૂજા-સેવાનો પ્રવાહ ચાલતો હોય જેથી ચિત્તની ઈતર વ્યાવૃત્તિ થવાનો પ્રશ્ન જ ન રહે, ત્યાં-તે સ્થળોએ સ્વધર્મપૂર્વક વર્ણ-આશ્રમને ઉચિત ધર્મપૂર્વક સેવામાં ચિત્ત પરોવવું. આ પ્રકારે રહેવાથી ભગવદાશ્રયે ધર્મની પણ પૂર્તિ થશે

અને તે ધર્મ ભક્તિમાં ઉપયોગી ચિત્તશુદ્ધિને પણ સાધશે. આ અર્થમાં જ દેશ વિષયમાં પણ માત્ર કૃષ્ણનો જ આશ્રય કર્તવ્ય છે તે અર્થે શ્લોકના અંતે **‘कृष्ण एव गतिर्मम’** એમ જણાવે છે.

◆◆◆◆◆◆

શ્લોક – ત્રીજો

गङ्गादितीर्थवर्येषु दुष्टैरेवावृतेष्विह ।
तिरोहिताधिदैवेषु कृष्ण एव गतिर्मम ॥ ३ ॥

अन्वय :- इह गङ्गादितीर्थवर्येषु दुष्टैरेवावृतेषु सत्सु तिरोहिताधिदैवेषु कृष्ण एव मम गतिः (अस्तु) ।

અર્થ - ગંગા જેમાં પ્રથમ-મુખ્ય છે એવાં શ્રેષ્ઠ તીર્થો પણ દુષ્ટ પુરુષોથી આવૃત્ત હોતાં તેના અધિદૈવ તે સ્થળમાંથી તિરોહિત હોતાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો ॥ ૩ ॥

સ્તોત્ર વિવરણ - બીજા શ્લોકમાં દેશની ધર્મમાં અસાધકતા જણાવી, તે વિષયમાં પણ કૃષ્ણનો જ આશ્રય કર્તવ્ય છે અને તેવા લોકોને માટે સર્વ સુલભ છે તેવો નિશ્ચય કરી હવે આ ત્રીજા શ્લોકમાં ધર્મનું ત્રીજું અંગ દ્રવ્યની પણ આ કાલમાં અસાધકતા છે તેમ જણાવે છે. અહીં પણ **‘कलौ च खलधर्मिणि’** એટલું પૂર્વવત્ અધ્યાહાર સમજવું.

અહીં **‘इह’** પદનો અર્થ બે ટીકાકારો જણાવે છે. શ્રીરઘુનાથજી જણાવે છે - **‘इह अस्मिन् भूलोके काले वा कृष्ण एव गतिर्ममेति पूर्ववत्’** ઈહ એટલે આ ભૂલોકમાં અથવા આ કાલમાં કૃષ્ણ જ મારી ગતિ હો. શ્રીવ્રજરાયજી જણાવે છે - **‘इह भारतवर्षे गङ्गादीनी यानि तीर्थश्रेष्ठानि’** ઈહ એટલે આ ભારતવર્ષમાં જે કોઈ પણ ગંગા આદિ તીર્થશ્રેષ્ઠો છે, ભૂલોક, કાલ અને ભારત વર્ષ આ ત્રણે અર્થોમાં પરસ્પર કોઈ વિરોધ નથી.

ગંગા આદિ તીર્થવર્યો - તીર્થ શબ્દ પ્રવાહ રૂપતાને દ્યોતે છે. **‘तृ’** ધાતુ પરથી બનેલો તીર્થ શબ્દ **‘तृ-प्लवनतरणयोः’** થી પ્રવાહ રૂપતાના અર્થમાં વ્યાકરણ શાસ્ત્રસિદ્ધ છે. તેમ પ્રવાહરૂપ જલનું પાવકત્વ **‘आपः पुनन्तु पृथिवीं’** વગેરે વેદમંત્રોથી પ્રસિદ્ધ છે. જો કે પંચમહાભૂતો પોતાનાં મૂલસ્વરૂપમાં પાવક હોય છે તેમ છતાં પણ સંસર્ગદોષથી તેમનામાં જે અશુદ્ધિ ઉત્પન્ન થાય છે તેની શુદ્ધિ તેનાં પૂર્વ-પૂર્વના મહાભૂતો દ્વારા થાય છે. જેમ પૃથ્વી-માટીથી દેહશુદ્ધિ થાય પણ મૃત્તિકામાં રહેલી અશુદ્ધિ એ જલ વગેરેથી દૂર થાય છે, જલમાં રહેલી અશુદ્ધિ તેજ-વાયુથી દૂર થાય છે, વાયુમાં રહેલી અશુદ્ધિ આકાશમાં પ્રવાહિત થવાથી થાય છે. પાર્થિવ પદાર્થમાત્રની શુદ્ધિ જલથી થાય છે, તેથી જલમાં સ્નાન કરવાથી દેહ શુદ્ધ થાય છે, જલમાં વસ્ત્ર યા પાત્ર વગેરે ધોવાથી જલ-પાત્ર વગેરે શુદ્ધ થાય છે. ભૂમિ પર જલ છાંટવાથી ભૂમિ શુદ્ધ થાય છે, જલથી આચમન કરવાથી પ્રાણો શુદ્ધ થાય છે વગેરે. અતઃ ઝરણું હોય, તળાવ હોય, નદી હોય, સરોવર હોય, સમુદ્ર હોય યા કોઈ પણ જલાશય એ તીર્થ છે. શાસ્ત્રોમાં ભગવત્ ચરણોદક પણ તીર્થ નામે પ્રસિદ્ધ છે અને આજે દક્ષિણ ભારતનાં મંદિરોમાં ચરણોદકને તીર્થમ્ નામે આલેખવામાં આવે છે. વાસ્તવમાં જલ એ તો આ ભૂલોકની મોટી સમૃદ્ધિ-સંપત્તિ છે અને તેથી કહેવામાં આવ્યું છે કે - **‘जलं हि जीवनं पुंसाम्’** આવા જલરૂપ શુદ્ધિકારક તીર્થો આ પૃથ્વી પર સર્વત્ર સર્વ પ્રદેશોમાં ઉપલબ્ધ-વિદ્યમાન છે, તેથી જ શ્રાદ્ધાદિ ધર્મકાર્યો જ્યાં જલાશય હોય ત્યાં કરવાનું વિધાન છે. આવાં અનેક તીર્થોમાં કેટલાકને શાસ્ત્રોએ અલગથી તારવીને તે તીર્થોનું વિશેષ માહાત્મ્ય વિશેષ પ્રકારે પાવકત્વનાં રૂપમાં વર્ણવ્યું છે અતઃ તે બધાં જ તીર્થવર્યો એટલે કે તીર્થોમાં શ્રેષ્ઠ છે. આ તીર્થવર્યોને જ શાસ્ત્રમાં સાધારણ રૂપમાં તીર્થ નામે કહેવામાં આવ્યા છે. આ બધા જ તીર્થવર્યોમાં ગંગા એ પ્રથમ-મુખ્ય છે. ગંગાનું માહાત્મ્ય શ્રીમદ્ ભાગવતના નવમ સ્કન્ધમાં કહ્યા મુજબ -

यज्जलस्पर्शमात्रेण ब्रह्मदण्डहता अपि ।

सगरात्मजा दिवं जग्मुः केवलं देहभस्मभिः ॥
भस्मीभूताङ्गसङ्गेन स्वर्याताः सगरात्मजाः ।
किं पुनः श्रद्धया देवीं ये सेवन्ते धृतव्रताः ॥
न ह्येतत् परमाश्चर्यं स्वर्धुन्या यदिहोदितम् ।
अनन्तचरणाम्भोजप्रसूताया भवच्छिदः ॥
सन्निवेश्य मनो यस्मिञ्छ्रद्धया मुनयोऽमलाः ।
त्रैगुण्यं दुस्त्यजं हित्वा सद्यो यातास्तदात्मताम् ॥

(ભાગવત ૯-૯-૧૨ થી ૧૫)

અર્થાત્ - યદ્યપિ સગર રાજાના પુત્રો બ્રાહ્મણના તિરસ્કારને કારણે બ્રહ્મદંડ વડે હણાયા અને ભસ્મીભૂત થયા, પરંતુ એમના દેહની ભસ્મ સાથે જ ગંગાજલના સ્પર્શ માત્રથી તેઓએ દિવ્યલોકને પ્રાપ્ત કર્યો. જ્યારે સગર રાજાના પુત્રોને એમના શરીરની ભસ્મ સાથે માત્ર સ્પર્શથી જ જો સ્વર્ગપ્રાપ્તિ થઈ તો પછી જો નિયમપૂર્વક શ્રદ્ધા વડે ગંગાજીનું કોઈ સેવન કરે તો તેમનાં કલ્યાણ માટે તો કહેવું જ શું છે. (શુકદેવજી કહે છે-) મેં જે ગંગાજીનું આ પ્રકારે માહાત્મ્ય જણાવ્યું છે તેમાં કોઈ આશ્ચર્યની વાત નથી કારણ કે જેનો અંત નથી એવા અનંત ભગવાનનાં ચરણ કમલોથી ઉત્પન્ન છે તેથી તે સંસારનાં બંધનો કાપનારી છે (તેમાં કોઈ આશ્ચર્ય નથી). એવા કેટલાયે વિશુદ્ધ ચિત્ત મુનિઓ જેમાં શ્રદ્ધાપૂર્વક પોતાનું મન નિવેશીને દુસ્ત્યજ એવા માયાના ત્રિગુણનો ભાવ હણીને તત્કાળ તદાત્મતાને પામ્યા છે.

આ ઉપરાંત શ્રીભાગવત પ્રથમ સ્કન્ધમાં જણાવ્યા મુજબ :-

या वै लसच्छ्रीतुलसीविमिश्रकृष्णाङ्घ्रिरेण्वभ्यधिकाम्बुनेत्री ।
पुनाति लोकानुभयत्र सेशान् कस्तां न सेवेत मरिष्यमाणः ॥

(ભાગવત ૧-૧૯-૬)

અર્થાત્ શોભાયમાન તુલસી વડે મિશ્રિત, શ્રીકૃષ્ણના ચરણકમલની રજ જેની અંદર ઘણી છે એવાં જળને વહન કરનારા જે ગંગાજી પોતાનું સિંચન થવાથી મહાદેવાદિ સાથેના લોકને બહારથી અને અંદરથી પવિત્ર કરે છે તે ગંગાજીને જેનું મરણ સમીપ છે તેવો કયો પુરુષ ન સેવે ?

પ્રથમ સ્કન્ધનાં વાક્ય પરની સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણે શ્રીગંગાજીનું માહાત્મ્ય અદ્ભુત રીતે વર્ણવ્યું છે. અતઃ સર્વ તીર્થો કે તીર્થ શ્રેષ્ઠોમાં ગંગાજી મુખ્ય હોવાથી શ્રીઆચાર્યચરણ તેનો ઉલ્લેખ કરે છે **‘गङ्गादि.....’** વાક્યથી. ગંગાજીનું સર્વાધિક મુખ્યત્વ છે એનું કારણ પ્રથમ સ્કન્ધનાં વાક્યમાં જણાવ્યા મુજબ તેનું મૂલ-ઉદ્ગમ સ્થાન ભગવાનનું ચરણારવિન્દ છે તેમજ તેના જલ પ્રવાહમાં જલાપેક્ષયા ભગવાનનાં ચરણની રજની અધિકતા છે તેથી ગંગાજીનું ભગવચ્ચરણથી ઉદ્ભવ થનારા રૂપના સ્મરણ સાથે શ્રદ્ધા-ભક્તિપૂર્વક સેવન કરનારાને ગંગાજી ભક્તિ પ્રદાન કરે છે અને ભક્તિ યોગ્ય ભગવદીય દેહ સમ્પાદન કરે છે. નવમ સ્કન્ધમાં કહેવાયેલ ગંગાજીનું માહાત્મ્ય પ્રાકૃતભાવનો નાશ કરી મોક્ષનું સમ્પાદન કરવું તેનાથી પણ વિશેષ માહાત્મ્ય પ્રથમ સ્કન્ધનાં વાક્યમાં કહેવાયું છે. ગંગાજીનું જે આ સર્વાધિક માહાત્મ્ય છે તેવું માહાત્મ્ય શ્રીયમુનાજીના આધિભૌતિક સ્વરૂપનાં વર્ણનમાં શ્રીઆચાર્યચરણે **‘मुरारिपदपङ्कजस्फुरदमन्दरेणूत्कटाम्’** વાક્યોથી જણાવ્યું છે. ભગવચ્ચરણ રેણુના આધિક્યે જેમ શ્રીયમુના **‘भुवं भुवनपावनीम्’** છે તેવી જ રીતે શ્રીગંગા પણ ભગવચ્ચરણ રેણુના આધિક્યે મહાદેવજી વગેરે સંબંધી ઉત્તમ લોક કે જે દેવસ્વર્ગાદિથી પણ ઉત્તમ છે અને સત્યાદિ લોકો કે જ્યાં અત્યંત મહાન્ તપને અંતે તેના ફલરૂપે મુનિઓ જે લોકમાં સ્થિત છે તથા જ્યાં મુક્તજીવોનો નિવાસ છે તેવા લોકને પણ પવિત્ર કરવાનું વિશેષ પાવકત્વ શ્રીગંગામાં છે. એ પાવકત્વ ભક્તિનું દાન અને ભગવાનનું સ્મારકત્વ છે. મુક્તજીવોને કે શિવ-બ્રહ્માદિ દેવોને માટે ભક્તિ સિવાયનું બીજું શું પાવક હોઈ શકે છે ?

આ પ્રકારે તીર્થ હોય, તીર્થવર્ય હોય કે પછી તીર્થવર્યોમાં પણ મુખ્ય હોય તેનો ઉપયોગ પાવકત્વથી શાસ્ત્રોમાં કહેવાયેલો છે. તીર્થ એટલે પ્રવાહરૂપ જલાશય એ માત્ર ભૌતિક પદાર્થો સંબંધી બાહ્ય દોષોને દૂર કરે છે જેમ સ્નાનાદિથી દેહની શુદ્ધિ. તીર્થવર્યો એ ભૌતિક બાહ્ય દોષો ઉપરાંત અંતઃ શુદ્ધિ સાધી પાપરૂપ દોષોને પણ દૂર કરે છે અને સત્ત્વશુદ્ધિને સાધવામાં ઉપયોગી બને છે જેથી જીવ સ્વર્ગાદિ ઉપરના એના લોક તરફ ગતિ કરી શકે. આ વિશેષ પાવકપણાથી જ એને તીર્થવર્ય નામે જણાવવામાં આવે છે. અને એવા તીર્થવર્યોમાં પણ મુખ્ય ગંગાજી એ પ્રાકૃતભાવને દૂર કરી મોક્ષમાં કારક બને છે એ જ એમનું મુખ્યત્વ છે. આમાંથી સામાન્ય રીતે ધર્મસાધનામાં કે સત્ત્વશુદ્ધિમાં અપેક્ષિત પાવિત્ર્ય તીર્થવર્યોથી સિદ્ધ થાય છે. આ તીર્થવર્યો બધા જ આ નવ વર્ષ વાળી પૃથ્વીમાં ભારતવર્ષમાં આવેલાં છે કે જે શ્રીભાગવત દશમ ઉત્તરાર્ધમાં શ્રીબલદેવજી વડે તીર્થયાત્રાના પ્રસંગમાં જણાવવામાં આવેલાં છે જે આ મુજબ છે :-

श्रुत्वा युद्धोद्यमं रामः कुरूणां सह पाण्डवैः ।
तीर्थाभिषेकव्याजेन मध्यस्थः प्रययौ किल ॥ १ ॥
स्नात्वा प्रभासे सन्तर्प्य देवर्षिपितृमानवान् ।
सरस्वतीं प्रतिस्रोतं ययौ ब्राह्मणसंवृतः ॥ २ ॥
पृथूदकं बिन्दुसरस्त्रितकूपं सुदर्शनम् ।
यमुनामनु यान्येव गङ्गामनु च भारत ।
जगाम नैमिषं यत्र ऋषयः सत्रमासते ॥ ४ ॥

(ભાગવત ૧૦-૭૮-૧૭થી ૨૦)

अथ तैरभ्यनुज्ञातः कौशिकीमेत्य ब्राह्मणैः ।
स्नात्वा सरोवरमगाद् यतः सरयुरास्रवत् ॥

अनुस्रोतेन सरयूं प्रयागमुपगम्य सः ।
स्नात्वा सन्तर्प्य देवादीन् जगाम पुलहाश्रमम् ॥
गोमतीं गण्डकीं स्नात्वा विपाशां शोण आप्लुतः ।
गयां गत्वा पितॄनिष्ट्वा गङ्गासागरसङ्गमे ॥
उपस्पृश्य महेन्द्राद्रौ रामं दृष्ट्वाभिवाद्य च ।
सप्तगोदावरीं वेणां पम्पां भीमरथीं ततः ॥
स्कन्दं दृष्ट्वा ययौ रामः श्रीशैलं गिरिशालयम् ।
द्रविडेषु महापुण्यं दृष्ट्वाद्रिं वेङ्कटं प्रभुः ॥
कामकोष्णीं पुरीं काञ्चीं कावेरीं च सरिद्वराम् ।
श्रीरङ्गाख्यं महापुण्यं यत्र सन्निहितो हरिः ॥
ऋषभाद्रिं हरेः क्षेत्रं दक्षिणां मथुरां तथा ।
सामुद्रं सेतुमगमन्महापातकनाशनम् ॥
तत्रायुतमदाद् धेनूर्ब्राह्मणेभ्यो हलायुधः ।
कृतमालां ताम्रपर्णीं मलयं च कुलाचलम् ॥
तत्रागस्त्यं समासीनं नमस्कृत्याभिवाद्य च ।
योजितस्तेन चाशीर्भिरनुज्ञातो गतोऽर्णवम् ।
दक्षिणं तत्र कन्याख्यां दुर्गां देवीं ददर्श सः ॥
ततः फाल्गुनमासाद्य पञ्चाप्सरसमुत्तमम् ।
विष्णुः सन्निहितो यत्र स्नात्वास्पर्शद् गवायुतम् ॥
ततोऽभिव्रज्य भगवान् केरलांस्तु त्रिगर्तकान् ।

गोकर्णाख्यं शिवक्षेत्रं सान्निध्यं यत्र धूर्जटेः ॥
आर्यां द्वैपायनीं दृष्ट्वा शूर्पारकमगाद् बलः ।
तापीं पयोष्णीं निर्विन्ध्यामुपस्पृश्याथ दण्डकम् ॥
प्रविश्य रेवामगमद् यत्र माहिष्मती पुरी ।
मनुतीर्थमुपस्पृश्य प्रभासं पुनरागतम् ॥

(ભાગવત ૧૦-૭૯-૮ થી ૨૧)

આ પ્રકારે અહીં જણાવેલાં તીર્થો તેમજ ભાગવત પંચમ સ્કન્ધમાં ભારત વર્ષની નદીઓનાં ઉદ્‌ગમ સ્થળો, સમુદ્રમાં સંગમ સ્થળો, બે કે ત્રણ નદીઓનાં સંગમ સ્થળો કે તે નદીઓના તટના પ્રદેશો એ પ્રધાન તીર્થો છે. આ ઉપરાંત પણ શ્રીભાગવતના બીજાં-બીજાં સ્થળોએ તથા પુરાણોમાં જણાવેલાં સ્થળો પણ મુખ્ય તીર્થો છે. આ બધાં જ તીર્થવર્યોને જીવોનાં કલ્યાણ અર્થે પવિત્ર કરવાની પોતાની શક્તિ આપી ભગવાને આ જગતમાં સ્થાપ્યા છે. ઉપરાંત આ તીર્થો યજ્ઞની સમાન જ કર્તાને પવિત્રતા પણ આપે છે અને ઉત્તમ ફલ પણ પ્રદાન કરે છે. જેમ શ્રીરામચરિત્રમાં રાવણના વધથી પ્રાપ્ત થતો બ્રહ્મહત્યાનો દોષ તેના નિવારણ અર્થે ઋષિ-મુનિઓની સલાહથી શ્રીરામે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. વેદોમાં પણ કહેવાયું છે કે **'तरति ब्रह्महत्यां योऽश्वमेधेन यजते'** તેવી જ રીતે શ્રીભાગવત દશમ સ્કન્ધ ઉત્તરાર્ધમાં શ્રીબલદેવજી દ્વારા કૌરવ-પાંડવોના યુદ્ધમાં ભાગ ન લેવાના વિચારથી તીર્થયાત્રાના બહાને બહાર નીકળી ગયા, પણ કારણ અને સંકલ્પ વિનાની તીર્થયાત્રા ફલપ્રદ બનતી નથી તેથી યાત્રાના મધ્યે જ ભગવદિચ્છાથી યાત્રાનું નિમિત્ત ઉત્પન્ન થયું કે નૈમિષારણ્યમાં ઋષિઓએ પોતાનું બ્રહ્મતેજ સૂતજીમાં સ્થાપી તેમને પુરાણ પ્રવચન માટે વ્યાસાસને સ્થાપ્યા હતા તેમનો શ્રીબલદેવજી દ્વારા દર્ભશલાકાથી વધ કરાતાં ઋષિઓની પ્રાર્થનાથી લોકસંગ્રહ માટે બ્રહ્મહત્યા દોષનિવારણાર્થે શ્રીબલદેવજીએ ભારતમાં ચારે દિશામાં ફરી તીર્થયાત્રા કરી હતી જે તીર્થોનો ઉલ્લેખ આપણે આમાં પૂર્વમાં જોઈ ગયા છીએ. 'તીર્થચિંતામણિ'માં જણાવ્યું છે કે :-

ऋषिभिः क्रतवः प्रोक्ता वेदेष्विह यथाक्रमम् ।
फलं चैव यथातत्त्वं प्रेत्य चेह च सर्वशः ॥
न ते शक्या दरिद्रेण यज्ञाः प्राप्तुं महीपते ।
बहूपकरणा यज्ञा नाना सम्भारविस्तराः ॥
प्राप्यन्ते पार्थिवैरेव समृद्धैर्वा नरैः क्वचित् ।
नार्थन्यूनैरवगणैरेकात्मभिरसंहतैः ॥
यो दरिद्रैरपि विधिः शक्यः प्राप्तुं नरेश्वर ।
तुल्यो यज्ञफलैः पुण्यैस्तन्निबोध युधां वर ॥
ऋषीणां परमं गुह्यमिदमुक्तं मयाऽनघ ।
तीर्थाभिगमनं पुण्यं यज्ञैरपि विशिष्यते ॥
अनुपोष्य त्रिरात्राणि तीर्थान्यनभिगम्य च ।
अदत्वा काञ्चनं गाश्च दरिद्रो जायते नरः ।
अग्निष्टोमादिभिर्यज्ञैरिष्ट्वा विपुलदक्षिणैः ।
न तत्फलमवाप्नोति तीर्थाभिगमनेन यद् ॥

(તીર્થ ચિન્તામણિ)

આ પ્રકારે સુવર્ણ-ગાય તથા ઈતર વિપુલ દક્ષિણા સહ કરવામાં આવેલા અગ્નિષ્ટોમાદિથી જે ફલ થાય તેથી પણ અધિક ફલ તીર્થાટનથી થાય છે. આ વસ્તુસ્થિતિને જ સામે રાખી શ્રીઆચાર્યચરણ સર્વનિર્ણય નિબન્ધમાં જણાવે છે કે :-

तीर्थपर्यटनं श्रेष्ठं सर्वेषां वर्णिनां तथा ।
यज्ञास्तीर्थानि च पुनः समानि हरिणा कृताः ।
अतस्तेष्वप्रतिग्राही तद्विनान्नाधिकस्य हि ॥
हतत्रपः पठन्नित्यं नामानि च कृतानि च ।
एकाकी निस्पृहः शान्तः पर्यटेत्कृष्णतत्परः ॥
देहपातनपर्यन्तमव्यग्रात्मा सदागतिः ।
उत्तमोत्तममेतद्धि पूर्वमुत्तममीरितम् ॥

(સર્વનિ.નિબન્ધ ૨૪૭થી ૨૫૦)

આ પ્રકારે જેમ યથાવિધિ યજ્ઞ કરાતાં ધર્મસમ્પત્તિ થાય છે તેવી જ રીતે તીર્થસેવનથી પણ ધર્મસમ્પતિ થાય છે. જેમ આજીવન યજ્ઞ વગેરે કરવાથી સત્ત્વશુદ્ધિ થતાં કર્તા મોક્ષ માટે યોગ્ય બને છે અને તેથી જ ભગવાન ગીતામાં યજ્ઞાદિને આવશ્યકમાં જણાવે છે કે :-

यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥

(ગીતા ૧૮-૫)

તેમ જે લોકો યજ્ઞાદિ કરવા માટે સાધન સમ્પન્ન નથી તે લોકો યદિ આજીવન તીર્થ સેવન કરે તો પણ તેમને માટે ફલ થાય છે. ઉપરાન્ત પુણ્યદેશ કે પુણ્યતીર્થોમાં જો યજ્ઞ, દાન, તપ, શ્રાદ્ધ વગેરે કરવામાં આવે તો અન્યસ્થળ કરતાં અત્ર અનેકગણું તેનું ફળ થાય છે એમ આપણે પૂર્વમાં (બીજા શ્લોકના વ્યાખ્યાનમાં) સપ્તમ સ્કન્ધનાં વાક્યથી જોઈ ગયા છીએ, તેથી તેવાં ફળને ઉત્પન્ન કરનારાં આ સ્થળો હોવાથી આને તીર્થવર્ય કે તીર્થશ્રેષ્ઠ તરીકે ઓળખવામાં આવે છે.

'दुष्टैरेवावृतेष्विह' આ તીર્થવર્યો પણ પોતાનું સેવન કરનારા પાપીઓનાં પાપને ધુએ તો છે પણ જેમ કોઈ નાનું થોડા વિસ્તારવાળું જલાશય હોય અને કોઈક જ પરિમિત લોકો તેમાં સ્નાન વગેરે કરે તો તેની જે અશુદ્ધિ જલમાં આવે એ ભૂમિ, વાયુ તેજ વગેરેથી શુદ્ધ થઈ જાય, પરન્તુ એ નાના જલાશયમાં જો ઘણા બધા લોકો સ્નાન-વસ્ત્ર પ્રક્ષાલન વગેરે ઘણો સમય કરે તો એની અશુદ્ધિ વધુ પ્રમાણમાં જલમાં જતાં અત્યન્ત અશુદ્ધ જલની શુદ્ધિ ભૂમિ, વાયુ, પ્રકાશથી દૂર થવી સંભવ નથી હોતી અને એ જલ અનુપયોગી-અશુદ્ધ બની જાય છે. તેવી જ રીતે સામાન્ય પ્રમાણમાં પાપીઓનાં પાપ તીર્થમાં ધોવાય તો તે તીર્થમાં અન્ય લોકો દ્વારા થતા ધર્માચરણ વગેરેથી તે તીર્થોમાં ભેગા થયેલા પાપોનો નાશ થાય છે. પરન્તુ મહાપાપીઓ મોટી સંખ્યામાં તીર્થોમાં પાપ ઠાલવે તેમજ તીર્થ સ્થળમાં ધર્માચરણની જગ્યાએ પાપાચરણનું પ્રમાણ વધી જાય ત્યારે તે તીર્થોમાં ઠલવાયેલો પાપનો જથ્થો તીર્થોને પણ અશુદ્ધ-સત્ત્વહીન-પુણ્યહીન બનાવે છે અને ત્યારે તે તીર્થોનું પાવકપણું રહેતુંનથી. સર્વ તીર્થવર્યોમાં પણ મુખ્ય, શ્રેષ્ઠ, અગ્રણી એવા ગંગાજી પણ જ્યારે આવા પાપીઓના મહાપાપથી ગભરાય છે તો પછી બીજા તીર્થોની તો વિસાત જ શી છે ? શ્રીભાગવત નવમ સ્કન્ધમાં સગરરાજાના પુત્રો કે જેઓ કપિલ મુનિનો તિરસ્કાર કરવાથી તેમના યોગાગ્નિ વડે બળીને ભસ્મ થઈ ગયા અને તેમની મુક્તિ ગંગાજી વડે જ શક્ય છે તેમ જણાવતાં સગરના પૌત્ર અંશુમાને ગંગાનાં અવતરણ અર્થે ઘણો લાંબો સમય તપ કર્યું પણ એમને સફલતા ન મળી, અંશુમાનના મૃત્યુ પછી એમના પુત્ર દિલીપે ઘણું તપ કર્યું પણ તે પણ અસફલ રહ્યા. દિલીપ પછીથી એમના પુત્ર ભગીરથે મહાન્ તપ કર્યું અને તેમને સફલતા મળી કે સાક્ષાત્ ગંગાદેવીએ મૂર્તિના આકારમાં ભગીરથને દર્શન આપી વરદાન માંગવા જણાવ્યું, ત્યારે ભગીરથે વરદાનમાં માંગ્યું કે તમે સ્વર્ગથી આ ભૂલોકમાં પ્રવાહરૂપે આવી સગરના પુત્રો કે જે પોતાના પૂર્વજો છે તેમને તમારા જલસ્પર્શ વડે મુક્તિ આપો, ત્યારે ગંગાદેવીએ ભૂલોકમાં આવવાની અનિચ્છા દર્શાવતાં બે કારણો

જાણાવ્યાં એમાં પહેલું કારણ તો એ કે હું જ્યારે સ્વર્ગથી પૃથ્વી પર અવતરણ કરું ત્યારે મારા પ્રચંડ વેગને કોઈ ધારણ કરી શકે તેવો સમર્થ વ્યક્તિ જોઈએ અન્યથા પૃથ્વી ફોડી રસાતલમાં હું પ્રવેશી જઈશ અને એવો કોઈ સમર્થ પૃથ્વીમાં દેખાતો નથી અને બીજું કારણ જાણાવ્યું કે :-

किं चाहं न भुवं यास्ये नरा मय्यामृजन्त्यघम् ।
मृजामि तदघं कुत्र राजंस्तत्र विचिन्त्यताम् ॥

(ભાગવત ૯-૯-૫)

અર્થાત્ - હે રાજા ભગીરથ ! વળી હું આ કારણથી પણ ભૂલોકમાં નહીં આવીશ કારણ કે બધા જ લોકો પોતાનાં પાપ મારામાં ધોશે-ઠાલવશે, એ મારામાં ધોવાયેલાં-ઠલવાયેલાં પાપોને હું ક્યાં ધોઈશ-ઠાલવીશ તેનો તમે વિચાર કરી મને જાણાવો.

આ પ્રકારે મહાપાતકીઓના ચારે તરફથી મહાપાતકો પોતાનામાં ઠલવાતાં પોતાના તીર્થત્વની શક્તિ કુંઠિત થશે તેવો ભય ગંગાજી પણ સેવી રહ્યા છે તો પછી બીજાં તીર્થોની શક્તિ કુંઠિત બને તેમાં શી નવાઈ ? તેથી ગંગાજી સહિત સર્વ તીર્થશ્રેષ્ઠો દુષ્ટ પુરુષો-દુર્જનોથી આવૃત-ઘેરાયેલાં બન્યાં છે એ શ્રીઆચાર્યચરણ જાણાવે છે કે ગંગા વગેરે તીર્થવર્યો પણ દુષ્ટોથી જ આવૃત્ત બન્યાં છે. જ્યારે ગંગાજીએ પાપોનો ભય બતાવ્યો ત્યારે તેના ઉત્તરમાં ભગિરથ રાજાએ ઉત્તર આપ્યો :-

साधवो न्यासिनः शान्ता ब्रह्मिष्ठा लोकपावनाः ।
हरन्त्यघं तेऽङ्गसङ्गात् तेष्वास्ते ह्यघभिद्धरिः ॥

(ભાગવત. ૯-૯-૬)

અર્થાત્ - હે દેવી ! હું મારામાં ભેગાં થયેલાં પાપ ક્યાં ધોઉં એમ તમે જે પ્રશ્ન કર્યો તો એના ઉત્તરમાં જાણાવવાનું કે જેમ પાપીઓ જ્યારે તીર્થમાં

સ્નાનાદિ કરે છે ત્યારે તે તીર્થમાં પોતાનાં પાપ ધોતાં હોય છે, તેમ સ્વકામનાઓ અનેકામ્યકર્મોને ત્યાગીને એકમાત્ર લોકકલ્યાણને અર્થે જ જીવન જીવનારા અને જીવનની સર્વ ક્રિયા કરનારા એવા સાધુપુરુષો કે જેઓ શાન્ત અને બ્રહ્મમાં નિષ્ઠ થયેલા છે તેમજ જેઓ પોતાનાં દર્શન, આચરણ, ઉપદેશ વગેરેથી સર્વલોકને પવિત્ર કરનારા છે તે લોકો પાસે પાપ તો હોતું જ નથી કે જેને તેઓ ધુએ તેથી તેવા લોકો તીર્થસેવન કરે છે ત્યારે તેઓ પોતાનાં અંગનો તીર્થજલને સંગ કરાવી (સ્નાનાદિ વડે) તીર્થમાં ભેગાં થયેલાં પાપોનો નાશ કરે છે, કારણ કે સર્વ પાપોનું હરણ કરનારા શ્રીહરિ તેમનામાં સદૈવ વિદ્યમાન-બિરાજમાન હોય છે. અતઃ તીર્થોના અધિદેવો પણ દુર્જનોના દુસ્ત્વથી દૂર ભાગવાનો પ્રયત્ન કરે છે. તેથી તીર્થશ્રેષ્ઠો દુષ્ટો વડે આવૃત છે એમ જાણાવવા પાછળ એ આશય છે કે પાપી, પાતકી, દોષિતો વગેરે શબ્દોનો પ્રયોગ ન કરી દુષ્ટો વડે કહ્યું છે તેથી આ તીર્થોમાં એ લોકોની ભરમાર નથી કે જેમનાથી કોઈક-ક્યારેક-ક્યાંક પાપ થઈ ગયાં હોય અને તેના પ્રાયશ્ચિત્ત રૂપે દોષ નિવારણાર્થ તીર્થસેવન કરવાના હેતુથી વસતા હોય, કિન્તુ આ તીર્થો એ લોકોથી આવૃત્ત છે જે તીર્થક્ષેત્રની પણ મર્યાદાને અવગણી એ સ્થળ કે તીર્થનો પોતાના પાપાચરણમાં ઉપયોગ કરતા હોય. તીર્થસેવન માટે વિધાન થયેલા સર્વ નિયમોથી સર્વથા વિપરીત જ નહીં પણ અતિશય મલિન સ્વરૂપનાં પાપનું જ આચરણ કરનારા લોકોથી તીર્થો આવૃત-ઘેરાયેલાં છે. તીર્થો દુષ્ટો વડે ઘેરાયેલાં છે આ વાક્યમાં એ સ્પષ્ટતા નથી કે તીર્થમાં રહેનારા લોકો તેવા છે કે પછી બહારથી તીર્થમાં જનારા તેવા છે. કોઈ પણ પ્રકારનો વિશેષ ઉલ્લેખ કર્યા વિના સામાન્યપણે દુષ્ટ શબ્દ પ્રયોજાયેલો છે તેથી માલૂમ પડે છે કે આ શબ્દ બન્નેને લાગૂ પડે છે અને તેથી જ દુષ્ટ શબ્દની સાથે **‘एव’** નો પ્રયોગ કર્યો છે. તેથી દુષ્ટતાનો દોષ બન્નેમાં વ્યાપેલો છે. તીર્થમાં રહેનારાઓ પણ પોતાના વર્ણ અને આશ્રમને ઉચિત કાર્યોને છોડી અન્યથા ક્રિયામાં જ પરાયણ થઈ ગયા છે. આનો નમૂનો એ જ છે કે એક વખત એક તીર્થસ્થળમાં મુંબઈના એક શ્રીમન્ત પરિવારે પોતાના તીર્થ પુરોહિતને પત્રથી ખબર આપી કે અમે

સપરિવાર યાત્રા કરવા અમુક દિવસે પહોંચી રહ્યા છીએ તેથી બધી વ્યવસ્થા ગોઠવશો અને એમની વ્યવસ્થામાં કોઈક કમી રહી ગઈ હશે તેને લઈને પેલા શેઠ સાહેબ ક્રોધે ભરાઈ હલકી ભાષાનો પ્રયોગ કરી અપશબ્દોમાં પુરોહિતજીને નોકર કરતાં પણ વધુ બુરી રીતે ફટકારી રહ્યા હતા અને પુરોહિતજી તે બધું સાંભળી ચુપચાપ સહન કરી ફરી આવી ભૂલ નહીં થશે આ વખતે ક્ષમા કરો એમ કરગરી રહ્યા હતા. ન તો શેઠ સાહેબને વિવેક છે કે બ્રાહ્મણ અને તેમાં પણ પુરોહિત એ તો ગુરુસ્થાનીય કહેવાય, તેના પ્રત્યે કેવા આદરથી વર્તાવ કરવો જોઈએ અને પેલી બાજુ પુરોહિતજીને પણ એનું વિસ્મરણ હતું કે પોતે યાચક યા ભિક્ષુક નહીં પણ ગૌરવપૂર્ણ-આદરણીય સ્થાનાપન્ન છે અને આવા ધનમદાન્ધો આગળ બ્રાહ્મણના ઘુંટણ ટેકવાય નહીં એ તો ભગવાન યા તો શિવ-બ્રહ્માદિ દેવોને જ ઝૂકે. બૃહસ્પતિએ ઈન્દ્રની મદાન્ધતા અને એક અવિવેક પાછળ ઈન્દ્રનો સ્વર્ગ સહિત ત્યાગ કર્યો હતો. ત્યારે જે પુરોહિતનો ઉપયોગ પાપના પ્રાયશ્ચિત્તાદિ કર્મમાં કે પછી દાન, પૂજન, સ્નાનાદિ કર્મમાં સંકલ્પ કરાવવા-વિધિ કરાવવા વગેરેમાં હોતા-અધ્વર્યુ સમાન ઉપયોગ છે ત્યાં તેનો પોતાની ભૌતિકી સુવિધાઓમાં મેનેજર જેવો ઉપયોગ એ દુરુપયોગ-દુષ્ટ ઉપયોગ નહીં તો બીજું શું કહેવાય ? તેવી જ રીતે નદી-સરોવર-કૂપ વગેરે પુણ્ય તીર્થોના તટપ્રદેશો વનો-ઉપવનો વગેરે યજ્ઞ, તપ, સ્નાન, દાન, હવન યોગ વગેરે માટે પ્રશસ્ત છે તેનો ચોરી, લૂંટ, ખૂન, ઠગાઈ, બેઈમાની, વ્યભિચાર, ઐયાશી વગેરેમાં ઉપયોગ થતો હોય તો તે દુરુપયોગ-દુષ્ટ ઉપયોગ નહીં તો બીજું શું કહેવાય ? જ્યાં ભગવન્મન્દિર હોય તેવાં પવિત્રધામોમાં લોકો લગ્ન કરી હનીમુન માણવા જાય અને પુણ્યદેશ નિવાસીઓ માટેની-યાત્રાળુઓ માટેની જગ્યાઓ હનીમૂન માટે ભક્ષ્યાભક્ષ્યનો વિચાર રાખ્યા વિના અને અપેય પાનાદિ માટે થતો હોય, શ્રીકૃષ્ણની લીલાભૂમિ વ્રજમાં યાત્રાના નામ પર જઈને યાત્રા સ્થળમાં-પડાવની પરિધિમાં નહીં આચરવાના સર્વકર્મો આચરાય અને સર્વ નિષિદ્ધ ભોજન-પાન થાય અને શરાબની મહેફિલ જામતી હોય એવા પણ દાખલાઓ સાંભળવામાં નહીં પણ જોવામાં પણ આવ્યા છે. ત્યારે

પ્રાચીનકાળમાં ધર્મશાસ્ત્રોએ તે પ્રદેશોમાં ધર્મવિરુદ્ધ બાબતોનું આધિક્ય જોઈને વિધાન કર્યું કે :-

अङ्गबङ्गकलिङ्गेषु सौराष्ट्रमगधेषु च ।
तीर्थयात्रां विना गच्छन् पुनः संस्कारमर्हति ॥

અર્થાત્ - અંગ દેશ, બંગ (બંગાળ) દેશ, કલિંગ દેશ, સૌરાષ્ટ્ર દેશ, મગધ દેશ, આ દેશોમાં તીર્થયાત્રાના નિમિત્ત વિના જો જવામાં આવે તો ફરીથી સર્વસંસ્કારો કરવા પ્રાપ્ત થાય છે. પરંતુ જે લોકો તીર્થયાત્રાના નિમિત્તે પુણ્યતીર્થોમાં જઈને પણ તીર્થના વિધિ-નિયમોનું પાલન નહીં કરીને માત્ર અધર્મનું જ આચરણ કરતા હોય ત્યારે તો તેવા લોકો માટે તો એ જ ઉક્તિ લાગુ પડશે કે :-

अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे गमिष्यति ।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥

તીર્થક્ષેત્રમાં પાપાચરણ કરનારને તો પાપનો વજલેપ એટલે કે ક્યારેય કોઈનાથીયે ન છૂટી શકે તેવો સખત થાય છે. અતઃ આવા લોકોને તો પુનઃ તો શું પણ ૧૦ વાર સંસ્કાર કરવામાં આવે તો પણ તેઓ સંસ્કૃત થઈ શકે તેમ નથી અને આવો વજલેપ જેને થયેલો છે તેવા દુષ્ટોથી આ તીર્થો ઘેરાયેલાં છે. તીર્થમાં નિવાસ કરનારાઓ પણ **'अतिपरिचयादवज्ञा भवति'** ન્યાયે સતત નિવાસ રૂપ અતિપરિચયવશ તીર્થનું મહત્ત્વ-માહાત્મ્ય ચિત્તમાં નહીં રહેવાથી તીર્થ સ્થળમાં પણ પોતાની સર્વ દોષમયી-સાંસારિકી અનીતિ, અન્યાય વગેરે સ્વરૂપની પ્રવૃત્તિઓ દ્વારા તેમજ તીર્થદ્રવ્ય-જલનો પ્રક્ષાલન, કોગળા વગેરે દ્વારા ઉપયોગ થતો હોય છે જે બધું જ દોષરૂપ છે તેથી નિવાસ કરનારા તેમજ આંગુતકો બંનેને આવરી લઈને અહીં દુષ્ટ શબ્દ પ્રયોજાયેલો છે.

‘तिरोहिताधिदैवेषु’ ભલે તીર્થવર્યો દુષ્ટોથી આવૃત રહ્યાં, ભલે દુષ્ટતાપૂર્વક તીર્થ સેવન કરનારાને વજ્રલેપ થાય અને પુણ્યાર્જન ન થાય, પરંતુ જે લોકો શ્રદ્ધા-ભક્તિપૂર્વક નિયમોનું યથોચિત પાલન કરતાં તીર્થસેવા કરશે તેને તો અવશ્ય જ કલ્યાણમાં-મોક્ષમાં ઉપયોગી શુદ્ધતા સમ્પાદન થશે એમ વિચારનારાઓ માટે શ્રીઆચાર્યચરણ જણાવે છે આ તીર્થો પણ પોતાના અધિદૈવની ઉપસ્થિતિ-સાન્નિધ્યમાં જ પુણ્ય આપી શકે છે, શુદ્ધ કરી શકે છે, કલ્યાણમાં ઉપયોગી બને છે, પણ તેની કોઇ પણ પ્રકારે અનુપસ્થિતિ-અસાન્નિધ્યમાં તેનો માત્ર જલપ્રવાહ તો નિર્જીવ માનવદેહ જેવો છે. તેવી સ્થિતિમાં તે જલ આધિદૈવિકતાના અભાવે માત્ર તેનું ભૌતિક દ્રવ્યાત્મક રૂપ કપડાં ધોવાં, મુખ શુદ્ધિ, દેહ શુદ્ધિ જેવું જ શુદ્ધતા કરવાનું કાર્ય કરી શકે છે પણ તેમાં પુણ્યરૂપતા હોતી નથી. પાપોને ધોવા કે મોક્ષ માટેની યોગ્યતાના સમ્પાદનમાં તો આધિદૈવિકતાનું સાન્નિધ્ય સર્વથા અપેક્ષિત રહે છે. તેમજ પુરાણાદિ શાસ્ત્રોમાં દરેક તીર્થ-ક્ષેત્રોના આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક એમ ત્રણ રૂપો નિરૂપવામાં આવ્યાં છે. તેથી જ મથુરા માહાત્મ્યમાં પ્રયાગતીર્થને તીર્થરાજ તરીકે બ્રહ્માજીએ સ્થાપ્યા પછીથી તીર્થરાજ પ્રયાગે સર્વતીર્થોને પોતાને ભેગા મળવા આમંત્રણ મોકલ્યું. એક પ્રકારે તે તીર્થરાજનો સર્વને આદેશ જ હતો. નિયત દિવસે બધાં જ તીર્થો નિયતસ્થળે ભેગાં મળ્યાં પણ એમાં મથુરા તીર્થ પહોંચ્યું નહીં. તેથી પોતાની અવગણના થવાથી ક્રોધે ભરાઇ પ્રયાગે શિકાયત કરી ત્યારે તેના ઉત્તરમાં પ્રયાગને કહેવામાં આવ્યું કે ભાઇ, તમને બધાં જ તીર્થોના રાજા બનાવ્યા છે એ સાચું પરંતુ મથુરા એ તો સાક્ષાત્-શ્રીકૃષ્ણના આધિપત્યમાં હોઈ એમાં તો બ્રહ્માનું પણ કંઇ ચાલી શકે નહીં પછી પ્રયાગની તો વિસાત જ શી ? અને મથુરા એ સાક્ષાત્ શ્રીકૃષ્ણના સેવકપણામાં હોઇ ત્યાં તો કાળનું પણ કંઇ ઉપજતું નથી, બલ્કે તીર્થરાજ પ્રયાગસહિત બધાં જ તીર્થોએ મથુરાનો આદર કરવો જોઇએ, એના સંગથી તો બીજાં તીર્થો પણ કૃતાર્થ થઇ રહે છે. આ સાંભળી-મથુરાની આવી દિવ્યતા જાણી પ્રયાગ સહિત બધાં જ તીર્થોએ નક્કી

કર્યું કે હવે પછીથી કયારેય મથુરાને બોલાવવા બાધ્ય કરવામાં આવશે નહીં, પણ બધાં જ તીર્થો કૃતાર્થ બની રહે તે માટે વર્ષાઋતુ અને શરદઋતુના બબ્બે માસ મળી કુલ ચાર માસ બધાં જ તીર્થો મથુરામંડળમાં આવી વસશે અને આ ચાર માસ દરમિયાન જે કોઇ પણ મથુરામંડળ (વ્રજ) ની યાત્રા કરી વ્રજમાં તે-તે સ્થળે જશે અને દાન-સ્નાન-પુણ્યાદિ કરશે તેને તે-તે તીર્થનું ફળ તે તીર્થમાં ગયા વિના જ વ્રજમાં જ તેને મળી રહેશે. તેથી જ આજે પણ વ્રજમંડળમાં અલગ-અલગ સ્થળે બદ્રી, કેદાર, પ્રયાગ, કાશી, અયોધ્યા, શેષનાગ વગેરેનાં સ્થળો બનેલાં છે અને વ્રજયાત્રા દરમિયાન યાત્રાળુઓ તે-તે સ્થળે પણ યાત્રાર્થ જાય છે ને ત્યાં-ત્યાં સંકલ્પાદિ કરે છે, તેમજ વ્રજયાત્રામાં લીલી પરિક્રમા એટલે કે ભાદ્રપદશુક્લમાં આરંભ કરી દોઢ માસની યાત્રા કરવાનો આજે પણ આગ્રહ જોવામાં આવે છે કારણ કે તે સમયે સર્વ તીર્થો આધિદૈવિકતાએ વ્રજમાં જ વિદ્યમાન હોય છે. આ તીર્થોની ત્રિરૂપતા શ્રીગુસાંઇજી પ્રભુચરણે સિદ્ધાન્તમુક્તાવલી ગ્રંથના વ્યાખ્યાનમાં સમજાવી છે :- **‘द्विरूपं चापि गङ्गावज्ज्ञेयं सा जलरूपिणी’** આ શ્લોકના વ્યાખ્યાનમાં **‘अस्ति गङ्गायां त्रिरूपत्वम् । आधिभौतिकं जलरूपमेकम्, यद् दृष्ट्वातपाभ्यां वृद्धिह्रासौ भजते, सर्वव्यवहारयोग्यं च । अग्रिमा द्वितीयाध्यात्मिकी तीर्थरूपा, योद्धृतजलाविशेषेऽपि मर्यादामार्गसम्बन्धी यो विधिस्तेन तत्रैव स्नानपूजादिभिः फलदा । आधिदैविकं रूपमाहुः तत्रैवेति । उक्तद्विरूपायां गङ्गायामेव देवतारूपा सा तद्भिन्नास्तीत्यर्थः । तत्र प्रमाणमाहुः मूर्तिरिति । भक्त्यैव, न तु मर्यादामार्गविधिनोपासनयेत्यर्थः । तदपि क्वचिदेव भक्त्युद्रेकदशायामेव । अथवा । यत्र क्वचिद्गृहादिष्वपीत्यर्थः । भक्तविशेषे विशेषमाहुः गङ्गायामिति। देवतारूपायां गङ्गायां भक्त्युद्रेकेण**

दृश्यमानप्रवाहादभिन्नत्वेन यस्य बुद्धिस्तस्मै गङ्गायां प्रवाहमध्य एव (देवतारूपा गङ्गा) प्रत्यक्षा भवतीत्यर्थः ।'

(સિદ્ધાંત મુક્તાવલી વિવૃત્તિ ૫ થી ૮)

આ પ્રકારે (૧) આધિભૌતિક રૂપ = તીર્થમાં જલરૂપ, (૨) આધ્યાત્મિક રૂપ = તીર્થમાં જલમાં પ્રવાહ રૂપમાં (ગંગા-યમુના વગેરેનું જલ તીર્થમાંથી ઘડો ભરીને ઘરે લાવી સ્નાન કરવામાં આવે તો તીર્થસ્નાનનું ફળ મળતું નથી, તેથી જલરૂપથી ભિન્ન પ્રવાહરૂપમાં એક જુદું રૂપ છે જે મર્યાદામાર્ગમાં જણાવ્યા મુજબ વિધિ સ્નાન-દાનાદિ કરાતાં તે ફલ આપનારાં બને છે તે આધ્યાત્મિક રૂપ) અને (૩) આધિદૈવિક રૂપ = તીર્થનું દેવસમૂહના મધ્યે રહેલું દેવતારૂપ કે જેની ચર્ચા આપાણે મથુરા માહાત્મ્યના પ્રસંગમાં કરી ચૂક્યા છીએ તે અતિશય ભક્તિની ઉદ્રેકદશામાં તે તીર્થદેવતા ભક્તની સામે પ્રસન્ન થઈ મૂર્તિમન્ત દર્શન આપે તે. તીર્થોનાં આધિદૈવિક રૂપને અધિદૈવ શબ્દની વ્યાખ્યામાં શ્રીવ્રજરાયજી આ રીતે સમજાવે છે. **'देवानां समूहो दैवम्, दैवे इत्यधिदैवं, देवसमूहे विद्यमानं गङ्गादेर्देवतारूपम्, तिरोहितं अधिदैवं यस्मिंस्तत्तिरोहिताधिदैवम् । तथा च देवसंसदि विद्यमानं यद् गङ्गादेराधिदैविकं रूपं तत्तिरोधानाच्छक्तिकौण्ठ्यतादवस्थ्यमित्यर्थः। यद्वा तिरोहित आधिर्यस्य तत्तिरोहिताधि, तादृशं दैवं देवसमूहो येष्विति ।'**

શ્રીરઘુનાથજી આ બાબતમાં જણાવે છે કે : **'आधिभौतिकाध्यात्मिकाधिदैविकादिभेदेन त्रैविध्यं तीर्थादावप्यस्ति, तत्र 'पुरुषश्चाधिदैवत' मितिवचनाद् भगवद्रूपमेव तीर्थादौ सामर्थ्यरूपेणास्तीति मन्तव्यं, तच्च भगवदिच्छयेदानीं बहुधा तिरोहितं, न तु सर्वथा,'** અર્થાત્ તીર્થ વગેરેમાં પણ આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક વગેરે ભેદ વડે ત્રિવિધતા છે, એ ત્રણ પૈકી પુરુષ એ અધિદૈવત છે, એ (ગીતા ૮-૪) નાં વચનથી અધિદૈવ એ તીર્થોમાં સામર્થ્યરૂપ વડે ભગવદ્રૂપ જ છે એમ જાણવું, તે ભગવદ્રૂપ અધિદૈવ સામર્થ્ય તીર્થોમાંથી હાલ ભગવદિચ્છાને લઈ ઘણું કરીને તિરોહિત છે, સર્વથા તિરોહિત છે તેમ નથી.

શ્રીકલ્યાણરાયજી લખે છે : **'न ह्यग्निः कदाचिन्न दहतीत्याशङ्क्याधिदैविकदेवतारूपतिरोधानाद्वस्तुन एवाभावादित्याहुः तिरोहिताधिदेवेष्विति । दुष्टान्प्रत्याधिदैवतिरोधानात्सतः प्रत्येव प्राकट्यात्'** અર્થાત્ ક્યારેક અગ્નિ પણ બાળતો નથી એમ બનતું નથી (તેમ તીર્થમાં દેવત્વ હોતાં તે પણ ક્યારેક પવિત્ર ન પણ કરે તેમ બની શકે નહિ) તેમ આશંકા થાય તેથી આધિદૈવિક -દેવતાના તિરોધાનથી તીર્થમાં (પાવન કરનાર-ફલ દેનાર) વસ્તુનો જ અભાવ છે તે જણાવવા શ્રીઆચાર્યચરણ લખે છે **'तिरोहिताधिदैवेषु'** જે દુષ્ટો છે તેમના પ્રતિ તીર્થોમાંથી અધિદૈવનું તિરોધાન છે તેમજ તે અધિદૈવનું સત્પુરુષો પ્રતિજ - તેમનાં હોતાંજ પ્રકટપણું હોય છે.

શ્રીદ્વારિકેશ્વરજી લખે છે **'ननु गङ्गादेराधिदैविकरूपस्य विद्यमानत्वात् कथं तादृशैरावरणं तीर्थरूपनाशो वा भवेत्तत्राहुः तिरोहितेति । जलस्थलरूपेभ्य आधिदैविकं तिरोहितं तस्माद् दुष्टसंसर्गे अक्षरात्मकमपि तथैव जातम् ।'** અર્થાત્ - ખરેખર ગંગા વગેરેના આધિદૈવિક રૂપોનું વિદ્યમાનપણું હોવાથી કેમે કરીને તેવાં તીર્થોનું આવરણ ઢંકાઈ જવાપણું થાય અથવા તો તેવાં તીર્થોનો તીર્થ રૂપે નાશ થાય? (અહીં તિરોહિત શબ્દના ઢંકાઈ જવું-નાશ થવો એમ બન્ને અર્થો લઈ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે) ત્યાં શ્રીઆચાર્યચરણ જણાવે છે **तिरोहित** વગેરે વાક્યોથી. તીર્થોનાં જલ અને સ્થલ રૂપમાંથી આધિદૈવિક રૂપ તિરોહિત થયું છે, તેથી દુષ્ટોના સંસર્ગમાં અક્ષરાત્મક પણ (જે ભગવદ્રૂપ-વિભૂતિ છે તે પણ)

તિરોહિત થયું છે.

વિવરણકાર જણાવે છે : **'तिरोहितमधिदैवस्वरूपं येषु । यथा जलप्रवाहे मूर्तिमत्या गङ्गायास्तिरोधानं तथा प्रवाहमार्गेऽपि साक्षात्पुरुषोत्तमस्वरूपतिरोधानम् । विभूतिरूपस्यैव तेषां भजनं तद्रूपमेव फलं, न तत्राधिदैविकभजनं फलं चेति द्रव्याशुद्ध्या पुष्टिमार्गीयाणां तत्सङ्गो न साधक इति शरणागतिमेवोपदिशन्ति कृष्ण एवेति ।'** અર્થાત્ - જેમાંથી અધિદૈવસ્વરૂપ તિરોહિત થયું છે. જેમ જલ પ્રવાહમાંથી મૂર્તિમતી ગંગાનું તિરોધાન થયું છે તેમ પ્રવાહમાર્ગમાં પણ સાક્ષાત્ પુરુષોત્તમ સ્વરૂપનું તિરોધાન થયું છે, તેથી ત્યાં વિભૂતિરૂપનું જ તે લોકો ભજન કરે છે, તેમજ તે લોકોને વિભૂતિરૂપ જ ફલ થાય છે, ત્યાં દ્રવ્યની અશુદ્ધિ વડે કરીને આધિદૈવિક ભજન પણ નથી અને તેમને આધિદૈવિક ફલ પણ થતું નથી, તેથી પુષ્ટિમાર્ગીઓનો તેવાઓનો સંગ કંઈ પણ સાધી શકે તેમ નથી અતઃ (તેને છોડી) શરણાગતિનો જ ઉપદેશ કરે છે કે કૃષ્ણ જ મારી ગતિ હો.

આ પ્રકારે તીર્થોનાં ત્રણ સ્વરૂપો પૈકી મુખ્ય જે આધિદૈવિક સ્વરૂપ છે તેનું તિરોધાન છે તેથી તીર્થમાં માત્ર તેનું ભૌતિક દ્રવ્યપણું જલપ્રવાહ જ બચ્યું છે. અતઃ આધિદૈવિકતાની અનુપસ્થિતિ-અસન્નિધાનમાં તે તીર્થો પવિત્ર કરવા કે મોક્ષ સાધવા કે ઈતર શ્રેય સાધવા સમર્થ નથી તે નિર્વિવાદ સિદ્ધ છે.

कृष्ण एव गतिर्मम :- બીજી એક વાત મને તો એમ પણ લાગે છે કે નવમ સ્કન્ધોક્ત ભગીરથના પ્રસંગને બરાબર વિચારતાં માલૂમ પડે છે કે તીર્થની બાબતમાં અધિષ્ઠાન અને અધિષ્ઠાતા બન્ને સાથે હોય ત્યારે જ કાર્યસિદ્ધિ શક્ય બને છે, બેમાંથી કોઈ પણ એકના અભાવમાં કાર્યસિદ્ધિ થવી શક્ય નથી. એટલે કે તીર્થસ્થળ, એમાં જલપ્રવાહ અને એમાં અધિષ્ઠાતા અધિદૈવની ઉપસ્થિતિ એમ ત્રણે વસ્તુ ભેગી હોય ત્યારે જ તે તીર્થ પવિત્રતા,

મોક્ષ, ઈતર શ્રેય વગેરે સાધી શકે છે. જો તેમ ન હોતે અને અધિષ્ઠાન વિના જ માત્ર અધિષ્ઠાતાથી જ - અધિદૈવથી જ કાર્યસિદ્ધિ થઈ જતી હોતે તો ગંગાજીએ ભૌતિક પ્રવાહરૂપમાં આવવાની જરૂર નહીં રહેતે અને પોતાના અધિદૈવ સ્વરૂપે સગરપુત્રો બળ્યા હતા ત્યાં પ્રકટ થઈ તેમને મોક્ષ આપી દેતે, પણ તેમ ન થઈ સાક્ષાત્ ગંગાજીએ પ્રકટ થઈને પણ તેમના ઉદ્ધાર માટે તો જલપ્રવાહરૂપે જ તે સ્થળે જવું પડચું છે અને ત્યારે જ ભગીરથનાં કાર્યની સિદ્ધિ થઈ શકી છે તે એમ દર્શાવે છે કે અધિષ્ઠાન-અધિષ્ઠાતા બન્ને આવશ્યક છે. અતઃ અધિદૈવની ભક્તિ-ઉપાસના એ અલગ વાત છે અને અધિદૈવના સન્નિધાનમાં તીર્થસેવન એ અલગ વાત છે. અધિદૈવની ઘરે બેઠા ભક્તિ-ઉપાસના કરવાથી તેમનું સ્મરણ-ધ્યાનાદિ કરવાથી તીર્થસેવનનું જે ફળ છે તે થઈ શકતું નથી, તીર્થસેવનનું ફળ તો યથાવિધિ તીર્થસેવન કરવાથી જ થઈ શકે છે.તેથી પુરાણાદિ શાસ્ત્રોમાં અથવા તો **'सीतासीते यत्र सङ्गते'** વગેરે મંત્રોથી જે પ્રયાગાદિનું માહાત્મ્ય કહેવાયું છે તે તીર્થપરક છે, દેવ-દેવી પરક નથી એમ જાણી શકાય છે. જ્યારે તે-તે અધિદૈવોની પ્રકૃષ્ટ ઉપાસના-ભક્તિ વગેરે કરવામાં આવે છે અને કદાચિત્ અતિ પ્રસન્નતાએ તેઓ પ્રત્યક્ષ મૂર્તિમન્ત દર્શન પણ આપે તો એ તેનાંથી ઈતર ભૌતિક ફલો કે પછી તેમની તેમની સલોકતા કે સાયુજ્ય સાધી શકાય છે પણ તેથી અક્ષર સાયુજ્યાદિ ફલ તો નહીં જ થઈ શકે. તેવા મોક્ષાદિ ફલ માટે તો તીર્થસેવનથી મોક્ષયોગ્ય શુદ્ધતા સમ્પાદન થાય છે તે પછી જ તેથી જ મોક્ષ શક્ય બને છે. તેમજ તીર્થમાં થનારી મુક્તિ બાબત પણ શ્રીઆચાર્યચરણ નિબન્ધમાં આજ્ઞા કરે છે કે -

तीर्थादावपि या मुक्तिः कदाचित् कस्यचित् भवेत् ।
कृष्णप्रसादयुक्तस्य नान्यस्येति विनिश्चयः ॥

(નિબંધ શાસ્ત્રાર્થ પ્ર.-૪૭)

કાશી વગેરે તીર્થોમાં પણ જે મુકિત થાય છે તે સર્વને સર્વદા પ્રાપ્ત

છે તેમ નથી. એટલે કે દરેકને કાશીતીર્થનાં સેવનથી કોઈ પણ સમયે મુક્તિ મળી શકે છે તેમ નથી પણ તેવાં તીર્થોમાં પણ ક્યારેક જ અને કોઈકને જ મુક્તિ ફળ થાય છે, (કોઈકને જ અને ક્યારેકની ચોખવટ કરતાં કહે છે) કે જે કૃષ્ણપ્રસાદયુક્ત હોય એટલે કે આ જીવ તીર્થાદિ સાધનો વડે કૃતાર્થ થાઓ તેવી કૃપાપૂર્ણ ભગવાનની ઈચ્છાથી ભગવદનુગ્રહવાળા હોય તેવાઓને ભગવાન જ્યારે તીર્થમાહાત્મ્ય પ્રકટ કરે અને તેના વડે મુક્ત કરે ત્યારે મુક્તિરૂપ ફળ થાય છે, આ સિવાયના કૃષ્ણપ્રસાદ સંપત્તિ વિનાના લોકોની તીર્થસ્થળોમાં મુક્તિ થતી નથી એ નિશ્ચિતછે. જેમ અજામિલના પ્રસંગમાં પોતાના નામનું માહાત્મ્ય ભગવાને પ્રકટ કરી અજામિલની યમયાતના ટાળી, આનો વધુ વિચાર આગળ થશે જ, તેથી અહીં કરતો નથી, તે ભગવાન જો પોતાના નામનું માહાત્મ્ય પ્રકટ ન કરે તો પુત્રને અર્થે લેવાયેલા નારાયણ નામથી વિષ્ણુદૂતોનાં દર્શન અજામિલને થાય નહીં, પણ તેમાં પણ જેમ કૃષ્ણપ્રસાદ જ માત્ર કારણ છે. તેમ અહીં તીર્થસેવનમાં પણ જો કૃષ્ણપ્રસાદ હોય અને ભગવાન તીર્થ માહાત્મ્ય પ્રકટ કરે તો જ મુક્તિ શક્ય બને છે.

અતઃ તીર્થસેવન પણ જો ધર્મસાધન બુદ્ધિથી કરવામાં આવે અથવા શાસ્ત્રોના તીર્થમાહાત્મ્યનાં વાક્યો સાંભળી તીર્થના અધિદૈવોમાં શ્રદ્ધા-ભક્તિ રાખી તેમની ઉપાસનાના અનુષંગ તે દેવોમાં પ્રીતિ રાખી તીર્થસેવન કરવામાં આવે તો તેવા વખતે તે તીર્થો મુક્તિ જેવા વિશિષ્ટફલના સાધક બની શકતા નથી. પરંતુ શાસ્ત્રોને ભગવદાજ્ઞા માની કૃષ્ણપ્રસાદને - કૃષ્ણપ્રીતિને અર્થે અથવા તો સાંસારિક રજોગુણ વગેરેના સંબન્ધથી મુક્ત રહી કૃષ્ણમાં ચિત્તને તત્પર કરવા કૃષ્ણને અર્થે જો તીર્થસેવન કરવામાં આવે અને તે પણ તીર્થાદિનું સર્વ માહાત્મ્ય પણ વસ્તુતઃ કૃષ્ણનું જ છે એમ જાણીને શ્રદ્ધાપૂર્વક તીર્થસેવન કરવામાં આવે ત્યારે ત્યાં તીર્થનો આશ્રય નહીં થઈ કૃષ્ણના આશ્રયવાળી બુદ્ધિ રહેવાથી પોતાના આશ્રિત માટે કૃષ્ણની પ્રસન્નતા થઈ તે જીવ મુક્ત થાય છે.

આ પ્રકારે ધર્માશ્રય બુદ્ધિથી કે પછી તીર્થાશ્રય બુદ્ધિથી કે પછી અધિદૈવાશ્રય બુદ્ધિથી તીર્થસેવન નહીં કરીને માત્ર કૃષ્ણાશ્રય ભાવે કૃષ્ણપ્રીતિ-ભક્તિને અર્થે તીર્થસેવન કરવું એ આશયને હૃદયમાં રાખી શ્રીઆચાર્યચરણ ત્રીજા શ્લોકના અન્તે **'कृष्ण एव गतिर्मम'** એમ જણાવે છે. કારણ કે તીર્થસેવન-પર્યટન એ પણ કૃષ્ણભક્તિનું એક અંગ છે. શ્રીમદ્ ભાગવત એકાદશ સ્કન્ધમાં પણ ઉપદેશના આરંભે અને અન્તે જે પર્યટન-તીર્થસેવનની આજ્ઞા ઉદ્ધવને ભગવાને કરી છે તે પણ ભક્તિના અંગરૂપે જ કરી છે. ત્યાં આરંભે ભગવાન કહે છે :

त्वं तु सर्वं परित्यज्य स्नेहं स्वजनबन्धुषु ।
मय्यावेश्य मनः सम्यक् समदृग् विचरस्व गाम् ॥

(ભાગવત ૧૧-૭-૬)

અર્થાત્ - હે ઉદ્ધવ ! સ્વજન બન્ધુ બાન્ધવો વગેરેમાં સ્નેહ વગેરે સર્વનો પરિત્યાગ કરીને સર્વ માટે સમદષ્ટા બની મારામાં મનનો સારી રીતે નિવેશ કરાવી પૃથ્વી પર વિચરણ કર.

તેમજ આગળ ઉપદેશના અન્તે ભગવાન આદેશે છે કે :-

गच्छोद्धव मयाऽऽदिष्टो बदर्याख्यं ममाश्रमम् ।
तत्र मत्पादतीर्थोदे स्नानोपस्पर्शनैः शुचिः ॥
ईक्षयालकनन्दाया विधूताशेषकल्मषः ।
वसानो वल्कलान्यङ्ग वन्यभुक् सुखनिःस्पृहः ॥
तितिक्षुर्द्वन्द्वमात्राणां सुशीलः संयतेन्द्रियः ।
शान्तः समाहितधिया ज्ञानविज्ञानसंयुतः ॥
मत्तोऽनुशिक्षितं यत्ते विविक्तमनुभावयन् ।

मय्यावेशितवाक्चित्तो मद्धर्मनिरतो भव ।
अतिव्रज्य गतिस्तिस्रो मामेष्यति ततः परम् ॥

(ભાગ. ૧૧-૨૯-૪૧ થી ૪૪)

અર્થાત્ - હે ઉદ્ધવ ! હવે તું મારી આજ્ઞા પ્રમાણે અહીંથી મારો જ આશ્રમ જે બદરી (બદરિકાશ્રમ) નામે ઓળખાય છે ત્યાં જા, ત્યાં મારા ચરણના તીર્થજલવાળી એવી અલકનન્દા ગંગામાં સ્નાન, પ્રોક્ષણ, પાન વગેરેથી આન્તર-બાહ્ય પાવિત્ર્યને પામ, તે અલકનન્દા એવી દિવ્ય છે કે એનાં દર્શન માત્રથી અશેષ પાપ ધોવાઈ જાય છે, ત્યાં એના તીરે નિવાસ કર, તેમજ વૃક્ષોની છાલનાં વલ્કલ વસ્ત્ર પહેર, વનમાં પેદા થનારાં કન્દ, મૂલ, ફૂલ વગેરેનું અશન કર, તેમજ કોઈ પણ પ્રકારના સુખ ભોગની સ્પૃહા નહીં રાખી નિઃસ્પૃહભાવે પ્રસન્નચિત્ત રહે, સર્દી-ગર્મી-સુખ-દુઃખ વગેરે જે પણ દ્વન્દ્વમાત્ર છે અને તે આવી પડે એને પ્રતિકાર કર્યા વિના સહન કરી લે, અન્તઃકરણમાં અપવિત્ર ભાવો દૂર કરી સદૈવ પવિત્ર અને સુન્દર ભાવના સેવનથી સુન્દર સ્વભાવ રાખજે, ક્યારેય ઈન્દ્રિયોના વશમાં ન થઈ પોતાની સર્વ ઈન્દ્રિયોને પોતાના વશમાં જીતીને રાખજે, લય-વિક્ષેપ રહિત ચિત્તને સદૈવ શાન્ત રાખજે, એકાગ્ર અને ભગવદર્પણ બુદ્ધિની સાથે જ્ઞાનવિજ્ઞાનથી સારી રીતે સંયુક્ત થઈને રહેજે, આ પ્રકારે રહેતાં મેં જે તને ઉપદેશ-શિક્ષા આપી છે તેનું એકાન્તમાં અનુભાવન કરતાં પોતાનાં વાણી અને ચિત્તને મારામાં આવેશિત કરનારો બની મારા ધર્મો-ભગવદ્ધર્મોમાં નિરત-પરાયણ બની રહેજે. આ પ્રકારે આયુષ્ય વિતાવતાં અન્તે સકાર્ય પ્રકૃતિના ત્રણે ગુણોને પાર કરીને ત્યારબાદ તું મનેજ પરમતત્ત્વને જ પામશે.

અહીં કેટલાકને એમ ભ્રાન્તિ થઈ શકે છે કે અહીં એકાદશ સ્કન્ધમાં બન્ને સ્થળોએ ભગવાને સંન્યાસ ધર્મનો આદેશ આપ્યો છે. પરન્તુ ખરેખર તીર્થ પર્યટન એ ચારે વર્ણના અને ચારે આશ્રમના લોકોને માટે હિતકર, કલ્યાણકર વિહિત છે તેમજ તે પર્યટનના કાલમાં સર્વએ વાનપ્રસ્થવત્ ધર્માચરણ કરવાનું

હોઈ એક પ્રકારે કેટલાક કાલ માટે સર્વ ત્યાગ કરીને જ તેવું ધર્માચરણ શક્ય બને છે. આ પ્રકારે સંન્યાસની દીક્ષા લીધા વિના જ તદ્વત્ આચરણ એનો પ્રકાર, એનો હેતુ વગેરે બધી જ બાબતોને શ્રીઆચાર્યચરણે સંન્યાસનિર્ણય ગ્રન્થમાં સવિસ્તર બતાવ્યો છે તે પ્રકારને સંગત જ અત્ર એકાદશ સ્કન્ધમાં ભગવદ્ આદેશ છે અને તે ઉદ્ધવના નિમિત્તથી ભક્તિમાર્ગીય સર્વવર્ણના-સર્વ આશ્રમના લોકોને ઉદ્દેશીને છે. તેથી જ શ્રીઆચાર્યચરણ નિબન્ધમાં જણાવે છે.

तीर्थ पर्यटनं श्रेष्ठं सर्वेषां वर्णिनां तथा ॥
यज्ञास्तीर्थानि च पुनः समानि हरिणा कृता ।
अतस्तेष्वप्रतिग्राही तद्दिनान्नाधिकस्य हि ॥
हतत्रपः पठन्नित्यं नामानि च कृतानि च ।
एकाकी निःस्पृहः शान्तः पर्यटेत्कृष्णतत्परः ॥
देहपातनपर्यन्तमव्यग्रात्मा सदागतिः ।
उत्तमोत्तममेतद्धि पूर्वमुत्तममीरितम् ॥

(સર્વનિર્ણય નિબન્ધ - ૨૪૭ થી ૨૫૦)

અર્થાત્ - સર્વવર્ણના બ્રાહ્મણથી લઈને શૂદ્ર પર્યન્તના સર્વને માટે તીર્થ પર્યટન એ શ્રેષ્ઠ છે, શ્રીહરિએ પોતે જ યજ્ઞ અને તીર્થો બન્નેને સમાન કર્યાં છે (જેથી જેમનો યજ્ઞમાં અધિકાર નથી તેવાઓને માટે પણ યજ્ઞ સમાન જ તીર્થાટન ઉપકારક છે), તેથી આ તીર્થોમાં અપ્રતિગ્રહ રાખી પર્યટન કરવું. આગલા બીજા દિવસને અર્થે જો અન્ન ન હોય તો બીજા દિવસે ચાલે તેટલું જ માત્ર અન્ન ગ્રહણ કરવું- સાથે રાખવું, તેથી અધિક ગ્રહણ કરવું નહીં, પર્યટન કરતાં કોઈ પણ પ્રકારની લાજ-શરમ નહીં રાખી ને ઉચ્ચ સ્વરે ભગવન્નામસંકીર્તન તથા ભગવચ્ચરિત્રનું ગાન કરતાં જવું, પર્યટન સમૂહમાં

નહીં પણ એકાકી કરવું, તે પણ સર્વપ્રકારની લૌકિકી ભોગ-વિલાસ વગેરેની કામનાઓ છોડી શાન્તચિત્તે (ચિત્તને વ્યગ્ર નહીં રાખી) ચિત્તને કૃષ્ણમાં પરાયણ રાખી પર્યટન કરવું, તીર્થમાં કે યાત્રાફલમાં કે તીર્થના અધિપતિ દેવોની પ્રસન્નતાના વિચારે કે હેતુથી તીર્થ પર્યટન કરવું નહીં પરન્તુ માત્ર પર્યટન તાત્પર્ય કૃષ્ણ, કૃષ્ણપ્રીતિ, કૃષ્ણભક્તિના તાત્પર્યને જ હૃદયમાં રાખી પર્યટન કરવું, આ પ્રકારે જ્યાં લગી દેહ પાત ન થાય એટલે કે મૃત્યુકાલ આવતાં સુધી પર્યટન કરતાં રહેવું અને તે પણ મન, બુદ્ધિ, ચિત્ત ને વ્યગ્ર રાખ્યા વિના અવ્યગ્ર અન્તઃકરણે રહેવું, આ પ્રકારમાં અન્તઃ શ્રીકૃષ્ણ સદા સ્ફુરાયમાન રહે છે તેથી આ પક્ષ ઉત્તમોત્તમ છે. આ પક્ષ સૂચવીને શ્રીઆચાર્યચરણ ભક્તિમાર્ગીય જીવને તેની સંસારાસક્તિ છોડાવી ચિત્તને વધુને વધુ શ્રીકૃષ્ણપરાયણ બનાવવા માંગે છે. આ પ્રકારે આ તીર્થપર્યટન એ કૃષ્ણભક્તિનું જ એક અંગ હોવાથી કૃષ્ણના આશ્રયભાવની દઢતા સાથે જો વૈષ્ણવો તીર્થપર્યટન કરે તો આશ્રયભાવ પણ વધુ દઢ થાય અને જીવમાં ભક્તિની પ્રવૃત્તિ પણ વધુ થાય.

જે લોકોને ભગવત્સેવા-પૂજામાં દોષોની બાધકતા હોય તેવા લોકો માટે પ્રતિબન્ધક દોષોના નિવારણ અર્થે તીર્થ પર્યટન એ રામબાણ ઈલાજ છે. ગૃહસ્થો જ્યારે સેવા-પૂજામાં પ્રવૃત્ત થાય છે ત્યારે તેમાં પાંચ દોષોની સંભાવના હોય છે અને તે શ્રીઆચાર્યચરણના બતાવ્યા મુજબના આ પ્રકારે છે.

गृहस्थानामपि पूजायां पञ्चदोषसम्भवे पर्यटनमेव श्रेष्ठमित्याहः -

विक्षेपादथवाऽशक्त्या प्रतिबन्धादपि क्वचित् ।
अत्याग्रहप्रवेशे वा परपीडादिसम्भवे ।
तीर्थपर्यटनं श्रेष्ठं सर्वेषां वर्णिनां तथा ॥

(સર્વનિર્ણયનિબંધ)

ગૃહસ્થોને પણ પૂજામાં પાંચ દોષ સંભવ હોતાં તેમને માટે પણ

પર્યટન જ શ્રેષ્ઠ છે તે જણાવે છે - આ પાંચમાં પ્રથમ દોષ છે **(૧) વિક્ષેપ** - પોતાની મેળે સેવામાં પ્રવૃત્તિ રહિત અને લડી-ઝઘડીને બળપૂર્વક ભગવાનમાં યોજવામાં આવેલી ઈન્દ્રિયો ચિત્તમાં વિક્ષેપ ઉત્પન્ન કરે છે અને તેથી પોતે પણ વિક્ષેપવાળી થાય છે. (૨) **અશક્તિ** - જ્વર-તાવ આવવો વગેરે તથા બીજી-બીજી વ્યાધિઓ વડે સેવાકરણમાં શક્તિનો અભાવ હોવો, (૩) **પ્રતિબન્ધ**- લોકો-લૌકિકો વડે અલગ-અલગ પ્રકારે સેવાકરણમાં પ્રતિબન્ધ આવવો, **(૪) અત્યાગ્રહમાં પ્રવેશ** - પોતાનો ગૃહાદિમાં તીવ્ર ભાવ-પ્રવેશ અથવા તો પોતાનામાં તીવ્રતાથી મદ-ક્રોધ વગેરેનો વારંવાર આવેશ થવો, જેને કારણે અત્યન્ત તામસવાળી પોતાની અવસ્થામાં ભગવાનનું સ્મરણ ન થવું, (૫) **પરપીડા** - પોતાના વડે બીજા લોકોને પીડા થતી હોય અથવા તો લોકો વડે પોતાને પીડિત કરવામાં આવે. આ પાંચ દોષોમાંથી ગમે તે એક કે પાંચે દોષો સંભવે ત્યારે - જ્યારે આ પાંચ દોષો દેખાતા હોય ત્યારે પોતાના ઘરમાં રહીને ભગવત્ પૂજા નહીં કરીને - ઘરે ભગવત્ પૂજાનો માર્ગ નહીં અપનાવીને જે કોઈ પણ બીજા પવિત્ર સ્થળ હોય કે જ્યાં સેવા સમ્પન્ન થતી હોય અને જ્યાં આ પાંચદોષો નહીં સંભવતા હોય ત્યાં જઈને સેવા કરવી, પરન્તુ ત્યાં જઈને પણ જો આ દોષો પિંડ ન છોડે ત્યારે તો પછી જે પ્રકારે આ દોષો નિરાકૃત થાય તે પ્રકારે તીર્થ પર્યટન કરવું એ જ શ્રેષ્ઠ છે (એ પ્રકાર તીર્થયાત્રાનો આના પૂર્વ નિબન્ધવાક્યથી જણાવી ચૂક્યા છીએ), તીર્થયાત્રા જે રીતે ભક્તિમાં - ભગવત્સેવામાં ઉપકારક બને તેનો પ્રકાર પૂર્વાચાર્યોના આશયના આધારે અમે અમારા દ્વારા લિખિત **વૈષ્ણવ માર્ગ પ્રદર્શિકા** પુસ્તિકામાં લખ્યો છે તેમ છતાં પણ સહુની સુવિધા અર્થે અહીં પણ આપવામાં આવે છે :-

(તીર્થયાત્રાના નિયમો)

(જો સદાને માટે તીર્થપર્યટન શક્ય ન હોય તો કમ સે કમ) શ્રાવણમાસ, અધિકમાસ, ચતુર્માસ જેવા પવિત્ર દિવસોમાં અથવા દીવાળી, હોળી જેવા ઉત્સવોના દિવસોમાં પોતાના ઘરે ન રહેતાં નાથદ્વાર, વ્રજ,

જગન્નાથપુરી, તિરુપતિબાલાજી-શ્રીરંગજી, પંઢરપુર-શ્રીવિઠ્ઠલનાથજી, ડાકોર- શ્રીરણછોડરાયજી, બેટદ્વારિકા, અથવા ચમ્પારણ્ય કે પછી સૌરાષ્ટ્રની બેઠક યાત્રા, દક્ષિણની બેઠક યાત્રા, ભારતની બેઠક યાત્રા વગેરે એ યાત્રાસ્થળો કે જે ભક્તિમાર્ગીય હોય તેવાં યાત્રાસ્થળોમાં વિચરણ કરવું.

યાત્રાના નિયમો :

(૧) યાત્રામાં સાથે જરૂરિયાત મુજબ ઓછામાં ઓછો સામાન સાથે રાખવો.

(૨) યાત્રા દરમિયાન બ્રહ્મચર્યનું કડકાઈથી પાલન કરવું.

(૩) યાત્રા દરમિયાન પરિગ્રહ (બીજાનાં અન્ન,વસ્ત્ર, દ્રવ્ય વગેરે સ્વીકારવા યા દાન, ભેટ, બક્ષિસ વગેરે લેવા) નહીં.

(૪) યાત્રા દરમિયાન સાત્ત્વિક આહાર જ લેવો **સાત્ત્વિક આહાર :-** દૂધ તથા દૂધની બનેલી વસ્તુઓ, દહીં તથા દહીંની બનેલી વસ્તુઓ, ફળ તથા ફળોના રસ, **શાકભાજી** -કાંદા, લસણ, મૂળા, મોગરી, ગાજર, કોબીજ, ફુલાવર, ટમાટર, બીટ વગેરે તામસ રાજસમાં ગણાતાને છોડીને બાકીનાં શાકભાજી, મસૂરની દાળ છોડીને બાકીના અન્નના પ્રકારો સારી રીતે સિજાવેલા શેકેલા યા ભૂંજેલા હોય, ઉપર મુજબના પદાર્થો તાજા (વાસી ન હોય તેવા), સડેલા, ગન્ધ મારતા કે લાળ નીકળતા ન હોય તેવા,સ્વાદિષ્ટ, તીખાતમતમતા - વધુ પડતા ખાટા-ખારા ન હોય તેવા, વધુ પડતા મસાલા વિનાના તથા પ્રમાણસર મસાલાવાળા, બને ત્યાં સુધી તળેલા ન હોય અથવા તેલનો વધુ પડતો ઉપયોગ ન થયો હોય તેવા અતિ ગરિષ્ઠ ન હોય પણ પચવામાં જે હલકા હોય તેવા, ઋતુ અને કાળને અનુકૂલ હોય તેવા, આયુર્વેદમાં જેનો નિષેધ છે તેવા ભેળસેળ વિનાના (જેમકે દૂધ અને લૂણની વસ્તુઓનું ભેળસેળ, દૂધમાં કેરી છોડીને બાકીનાં ફળોના મિશ્રણવાળા વગેરેની ભેળસેળ, કોઢ-એસીડીટી વગેરે રોગકારક હોઈ નિષિદ્ધ છે) આ બધા પ્રકારના પદાર્થો પણ પવિત્ર સ્થાનમાં બનેલા હોવા જોઈએ, પવિત્ર રીતે બનેલા હોવો જોઈએ, પોતાની (ખાનારની) પવિત્ર અવસ્થા જોઈએ અને પવિત્ર સ્થાનમાં બેસીને પવિત્રાપૂર્વક લેવાયેલા

હોવા જોઈએ **(ભગવત્ પ્રસાદ લેવામાં પણ આમાં જણાવેલા નિયમોનો વિચાર અવશ્ય કરવો. ઉપર મુજબના અનુકૂળ પદાર્થો છોડી બાકીના ગરિષ્ઠ પદાર્થોનો પ્રસાદ; માત્ર પ્રસાદ તરીકે રંચક-કણિકા લઈ પ્રસાદનો આદર કરવો. પણ દેહ પોષણ ઉપર મુજબના નિયમથી જ કરવું.).**

(૫) યાત્રા દરમિયાન હજામત નહીં કરવી કે કરાવવી પોતાની જાતે પણ નહીં અને નાઈ દ્વારા પણ નહીં).

(૬) યાત્રા દરમિયાન વ્યસનમાં ગણાતા કોઈ પદાર્થ નહીં સેવવા.

(૭) યાત્રા દરમિયાન એકટાણું કરવું.

(૮) યાત્રા દરમિયાન નાગરવેલના પાનનો ઉપયોગ નહીં કરવો.

(૯) યાત્રા દરમિયાન સુગન્ધીવાળા તેલ માથે નાંખવા કે પાવડર ક્રિમ, સ્નો, લિપસ્ટિક વગેરે સૌન્દર્ય પ્રસાધનોનો ઉપયોગ નહીં કરવો.

(૧૦) યાત્રા દરમિયાન રોજ સવારે મોડામાં મોડા ૪-૦૦ વાગે ઊઠી જઈ અને તરત જ સ્નાન વગેરેથી પરવારી જપ-પાઠનો ક્રમ પૂરો કર્યા પછી જ દૂધ-નાસ્તો વગેરે કંઈ પણ ગ્રહણ કરવા (તેના પહેલા કંઈ નહીં લેવું).

(૧૧) યાત્રા દરમિયાન જ્યાં જ્યાં પણ ભગવન્મંદિરો હોય ત્યાં જેટલા પણ સમાનાં દર્શન થતાં હશે તે દરેક દર્શનનો લાભ લેવો.

(૧૨) યાત્રા દરમિયાન જ્યાં ભગવન્મંદિરો હોય ત્યાં જે પ્રાપ્ત થઈ શકે તેવી શરીરથી થતી સેવાઓ વધુને વધુ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો.

(૧૩) યાત્રા દરમિયાન ભગવન્મંદિરોમાં યથાશક્તિ સેવામાં દ્રવ્યનો વિનિમય કરવો તથા યથાશક્તિ બ્રાહ્મણો, ગરીબો વગરેમાં દ્રવ્યનો વિનિમય કરવો.

(૧૪) યાત્રા દરમિયાન વ્રતો - ઉત્સવો - પર્વો પર (જન્માષ્ટમી, રાધાષ્ટમી, વામનજયંતી, એકાદશી, પૂર્ણિમા, અમાવાસ્યા, ગ્રહણ, દશેરા, અથવા જ્યોતિષના વિશેષ યોગો મુજબના અર્ધોદય વગેરે પર્વ પર) વિશેષ પ્રકારે

દાન, પુણ્ય, સ્નાન, જપ, પાઠ વગેરે કરવા.

(૧૫) યાત્રા દરમિયાન યાત્રા સ્થળો પર સ્થાનિક બ્રાહ્મણો, પંડાઓ વગેરે દ્વારા જો વાણી કે વ્યવહારમાં અતિરેક થાય તો પણ તેમના પ્રત્યે હીનભાવના લાવ્યા વિના તેમનું યથાશક્ય સમાધાન કરવું અને તેમ છતાં પણ જો સમાધાન કરવામાં અસમર્થતા હશે તો પણ તેમના પ્રત્યે ક્રોધભર્યા હીન અથવા અપમાનભર્યા શબ્દો ઉચ્ચારવા નહીં.

(૧૬) યાત્રા દરમિયાન જરૂરી દૈનિક ક્રિયાઓ ઉપરાંતનો બાકીનો સર્વ સમય લૌકિક કે નકામી પ્રવૃત્તિઓમાં વેડફ્યા વિના સેવા, સ્મરણ, જપ, પાઠ, કીર્તન, શ્રવણ , સત્સંગ, દર્શન, ધર્મ અને ભક્તિનું જ્ઞાન આપતાં પુસ્તકોનું પઠન વગેરે આધ્યાત્મિક તથા આધિદૈવિક કાર્યોમાં જ સમય વ્યતીત કરવો.

(૧૭) યાત્રા દરમિયાન છત્ર જોડા-ચપ્પલ વગેરે, પલંગ, રૂની ગાદી,રૂની રજાઈ વગેરે, ભોજન માટે વન્ય પાત્ર (પાતળ-દોના) થી ઈતરનાં પાત્રો, ચરબીના મિશ્રણવાળા સાબૂ, ગળી (ધોએલાં કપડા માટે વપરાય છે તે), અનેક પ્રાણીઓની હિંસા કરી બનેલા પરફ્યુમ- સેન્ટો, ક્રૂર-ઘાતકી રીતે બનેલી ક્રોમલેધરની વસ્તુઓ જુદાં જુદાં અત્તરો, કોડલીવરઓઈલ જેવી ઘાતકી રીતે બનેલી દવાઓ, સ્વમૂત્ર પાન (to drink self-urine) ભારતીય વેશ-ભૂષા સિવાયની વેશભૂષાઓ, રેડિયો સાંભળવો, ટીવી જોવું, ભક્તિથી અલગ એવી બાબતોની વીડીઓ તથા ઓડીઓ કેસેટો-સીડી વગેરેનો ઉપયોગ, દૈનિક, સાપ્તાહિક પત્રોનું વાંચન, સિનેમાના કે ભક્તિ વિનાનાં ઈતર ગીતો ગાવા-ગુનગુનાવા, પોતાના વ્યાપારની કે ગૃહકાર્ય સંબંધની બાબતોનું સંચાલન કરવું યા તે માટે સમય ગાળવો, યંત્રથી ચાલતા અથવા પ્રાણીઓ યા મનુષ્યથી વહન થતા કોઈ પણ પ્રકારના વાહનોનો ઉપયોગ, સટ્ટો-જુગાર રમવા, કોઈ પણ સ્ત્રી સાથે એક આસન પર બેસવું (સ્ત્રી હોય ત્યાં પુરુષ સાથે એમ જાણવું), રસ્તામાં પડેલા નધણિયાતા બિનવારસી દ્રવ્યનો સ્પર્શ કરવો કે પાસે રાખવું, કાળાબજારથી લાવેલી યા લાંચ રિશ્વતથી મેળવેળી વસ્તુઓ, પોતાને અર્થે, દેવ અર્થે કે ધર્મ અર્થે ઉપયોગ કરવો, યાત્રાના કોઈ પણ અર્થે (સેવા ધર્મ કે સ્વનિર્વાહ અર્થે) દેવું કરવું, ભૂખ્યાની સામે ખાવું,તરસ્યાની સામે પીવું, બીજાઓથી પોતાની પૂજા કરાવવી યા પ્રશસ્તિ કરાવવી, દેવ-ગુરુની નિંદા કરવી, કોઈની પણ નિંદા -સ્તુતિમાં ભાગ લેવો, દેવ-ગુરુની બીજાઓના મધ્યે થતી નિંદા સાંભળતાં બેઠા રહેવું, અભદ્ર-અશોભનીય અથવા તો અતિશય લૌકિક ચર્ચાઓ સાંભળતાં બેઠા રહેવું, દેવ-ગુરુને પ્રાપ્ત સમયમાં પણ પ્રણામ ન કરવા, દેવ-ગુરુનો એંઠા મોંએ કે એંઠા હાથે વન્દનાદિ ઉચ્ચારણ કે ક્રિયા દ્વારા સત્કાર કરવો, દેવ-ગુરુ આગળ છત્ર, પાદત્રાણ, વાહનનો ઉપયોગ કરવો, દેવ-ગુરુ સામે પગ પર પગ ચઢાવી બેસવું યા પીઠ ફેરવી બેસવું, દેવ-ગુરુ આગળ સમાન યા તેથી ઊંચા આસને બેસવું, દેવ-ગુરુ અર્થે લૌકિક યા હીન કે તોછડા શબ્દોનો પ્રયોગ કરવો, દેવ-ગુરુ સામે હાથને બગલ તરફ દબાવી અદબ મારી બેસવું યા ઊભા રહેવું, બે પગમાં આંટી મારી સુઈ જવું, મધ્યરાત્રીના યા બ્રાહ્મમુહૂર્તથી પૂર્વ કોઈ પણ જલાશયનો ઉપયોગ કરવો, એક સૂર્યમાં (સૂર્યોદયથી સૂર્યાસ્તના વચમાં) બે વખત અન્ન લેવું, જમતાં જમતાં ભાણા પરથી એકવાર ઊભા થઈ ફરી પાછા તે જ ભાણા પર બેસી આગળનું ભોજન આરંભવું, સંધ્યાકાળમાં ભોજન કરવું, જમવામાં અન્નનો બગાડ કરવો, બીજાને પોતાનું ઉચ્છિષ્ટ આપવું, આશૌચ-અપવિત્ર કાલ યા અવસ્થામાં યાત્રા કરવી (ગ્રહણ હોય કે સૂતક હોય, રજસ્વલા સ્ત્રી હોય કે પછી સંડાસ જઈ સ્નાન કર્યા વિના યાત્રા કરવી), ગુરુ યા પુરોહિત વિના યાત્રા કરવી, વિશિષ્ટ-અસાધારણ કારણ વિના યાત્રા વચમાં જ છોડી દેવી, આ બધી જ જણાવ્યા મુજબની બાબતો નિષિદ્ધ છે, તેથી યાત્રા કરનારે તેનો સર્વથા ત્યાગ કરવો. આ બધી જ બાબતોથી સર્વથા દૂર રહેવું અને આ બધી જ વાતોનો યાત્રા દરમિયાન ત્યાગ કરવો.

(૧૮) યાત્રા દરમિયાન હોટલ,લોજ, વીશી,દુકાન કે લારી પરથી તૈયાર બનેલા ભોજ્ય પદાર્થો આરોગવા નહીં.

(૧૯) યાત્રા દરમિયાન સટ્ટો, જુગાર, લોટરી, રેસ, વરલીમટકા, આંકડા વગેરેની પ્રવૃત્તિઓથી સર્વથા દૂર રહેવું.

(૨૦) ઉપર જણાવેલા સમય દરમિયાન કોઈ પણ પ્રકારના વ્યાજમાંથી થયેલી કમાણીથી જીવન નિર્વાહ, દેવસેવા, દાન-પુણ્યાદિ ધર્મનાં કાર્યો કરવાં નહીં.

(૨૧) યાત્રા દરમિયાન દેવ, ગુરુ, બ્રાહ્મણ કે ઈતર ધર્મનાં કાર્યોમાં પોતાના દ્રવ્યનો સદ્ વિનિમય કરવામાં આવે તેનો દેખાવ કે જાહેરાત કરવી નહીં પણ શક્ય ત્યાં સુધી ગુપ્તતા જાળવવી તેમજ દ્રવ્યનો જે સદ્વ્યય કરવામાં આવે તેનો યશ મેળવવાના કે પ્રસાદ મેળવવાની લોભવૃત્તિથી કરવો નહીં તેમજ જે પ્રસાદ મળે તેને પણ સ્વજનો, વૈષ્ણવો વગેરેમાં વિતરણ કરી પોતે હથેલીમાં આવે તેટલો પ્રસાદ ગ્રહણ કરવો.

(૨૨) યાત્રા દરમિયાન કૃષ્ણાશ્રયનો પાઠ, અષ્ટાક્ષરનું સ્મરણ-રટણ કીર્તન તથા વ્રજમાં શ્રીકૃષ્ણે કરેલી લીલાઓનું સ્મરણ-કીર્તન વધુને વધુ કરવું.

(૨૩) યાત્રાનાં સ્થળોમાં જ્યાં-જ્યાં પણ અન્ય દેવોનાં સ્થળો આવે ત્યાં-ત્યાં કોઈ દેવી-દેવતાનો અનાદર કરવો નહીં તેમજ પોતે પણ મન, વાણી અને ક્રિયાથી કોઈ પણ પ્રકારે અન્યાશ્રય થાય તેમ કરવું નહીં અને કામક્રોધ વગેરેનો આવેશ ન આવે તથા અહંકાર-અભિમાન ન થાય તે રીતે પોતાનામાં કૃષ્ણનો દાસ છું તેવી ભાવના રાખી અનન્ય ભાવે કૃષ્ણાશ્રય રાખવો.

(૨૪) જે લોકો સમ્પન્ન હોય તેમણે યાત્રાના અન્તે પ્રત્યક્ષ ગોદાન અને યથાશક્તિ બ્રહ્મભોજન અવશ્ય કરાવવાં તથા વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવો. તેમજ જે લોકો સમ્પન્ન ન હોય તેમણે યથાશક્તિ ગોદાન નિષ્ક્રય તથા બ્રહ્મભોજન નિષ્ક્રયરૂપમાં દ્રવ્ય યથાશક્તિ અવશ્ય આપવું.

આ પ્રકારે આવા નિયમો અને ભાવનાથી જો તીર્થસેવન કરવામાં આવે તો તે પણ ભગવત્ પ્રપત્તિનો જ એક પ્રકાર છે. નિબન્ધ-સુબોધિનીના વિષયોને જોતાં મને તો એમ લાગે છે કે પુષ્ટિમાર્ગીયોએ તીર્થ વગેરેમાં પણ જે ભક્તિમાર્ગીય તીર્થ હોય કે પછી જે સ્થળ ભગવચ્ચરિત્ર સાથે સંકળાયેલું હોય તેવાં તીર્થોમાં પર્યટન કરવું એમ શ્રીઆચાર્ય હૃદયનો આશય છે. સપ્તમ સ્કન્ધમાં પણ જે પુણ્યદેશોનો ઉલ્લેખ થયેલો છે તે પણ બધાં જ વૈષ્ણવ સ્થળો છે યા તો ભગવચ્ચરિત્ર સાથે સંકળાયેલાં છે. જેમ કે રામેશ્વર-સેતુબન્ધ, યદ્યપિ તે શિવનું સ્થાન છે છતાં પણ તે શ્રીરામચરિત્ર સાથે સંકળાયેલું સ્થળ છે અને રામેશ્વર એટલે રામના ઈશ્વર એમ નહીં પણ રામ જેના ઈશ્વર-નિયામક છે તે રામેશ્વર, તેથી જ શ્રીમહાપ્રભુએ પણ પોતાની ભારત યાત્રા દરમિયાન ઉપર મુજબ સિદ્ધાન્તને અનુસરીને જ સ્થળો પસન્દ કર્યાં છે, બાકીનાં તીર્થોમાં તેઓશ્રીની ઉપેક્ષા જોવા મળે છે. આ રીતે જે વૈષ્ણવ તીર્થો હોય ત્યાં પર્યટન કરવું પણ જ્યારે તીર્થમાં નિવાસ કરવાનો પ્રસંગ આવે ત્યારે તો **‘अतः स्थेयं हरिस्थाने’** અને **‘यत्र पूजाप्रवाहः स्यात् तत्र तिष्ठेत’** નો જ વિવેક અવશ્ય રાખવો. આ પ્રકારે તૃતીય શ્લોકમાં કૃષ્ણ જ મારી ગતિ હો. એ વાક્યથી જે આપણે તીર્થ વિષયથી ભગવત્ પ્રપત્તિનો માર્ગ વિચારી ગયા એ માર્ગે જ પોતાના જીવનનો નિર્વાહ થાય તેવી ભગવત્ પ્રાર્થના ધ્વનિત થાય છે. આ શ્લોક દ્રવ્યની અસાધકતા દર્શાવનાર છે તેની ચોખવટ શ્રીકલ્યાણરાયજીની ટીકા પરના ટિપ્પણમાં સુન્દર કરી છે તે ત્યાંથી જોવું.

◆ ◆ ◆ ◆ ◆ ◆

શ્લોક-ચોથો

अहङ्कारविमूढेषु सत्सु पापानुवर्तिषु ।
लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम ॥ ४ ॥

अन्वय - सत्सु अहङ्कारविमूढेषु पापानुवर्तिषु लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिः (अस्तु) ।

અર્થ :- લોકમાં સત્પુરુષોને નામે પ્રસિદ્ધ એવા પંડિતો, માર્ગપ્રચારકો, ઉપદેશકો વગેરે અહંકારમાં વિશેષ પ્રકારે વિમૂઢ થતાં તેમજ તે લોકો પાપીપુરુષોનું અનુવર્તન કરનારા હોતાં અને પોતાનો લાભ તથા પોતાની પૂજા અર્થે જ યત્નશીલ હોતાં કૃષ્ણ જ મારી ગતિ હો ॥ ૪ ॥

સ્તોત્રવિવરણ - ત્રીજા શ્લોકમાં દ્રવ્યની ધર્મમાં અસાધકતા જણાવી, તીર્થાશ્રય કે તેના અધિદૈવોનો આશ્રય નહીં કરી માત્ર કૃષ્ણનો જ આશ્રય કર્તવ્ય છે અને તીર્થપર્યટન એ ભક્તિનું અંગ હોઈ કૃષ્ણપ્રીતિ-ભક્તિને અર્થે કૃષ્ણમાં ચિત્તને પરાયણ રાખી કૃષ્ણના આશ્રયભાવે તીર્થમાં સ્થિતિ કરવી યા પર્યટન કરવું એ પણ કૃષ્ણ પ્રપત્તિ જ છે એમ નિશ્ચય કરી હવે આ ચતુર્થ શ્લોકમાં ધર્મનું ચોથું અંગ **કર્તા** એની પણ અસાધકતા છે તે જણાવે છે **અહંકાર** વગેરે વાક્યોથી.

‘सत्सु’ અહીં પણ **‘कलौ च खलधर्मिणि’** એ પદ અધ્યાહાર છે એમ પૂર્વવત્ સમજવું. સામાન્ય રીતે કર્તા શબ્દ જીવના અર્થમાં પ્રયોજાય છે. ભગવાને જેને જેવી વાસના આપી તે મુજબ તે જીવ તેવા કર્મનો કર્તા બને છે. વાસના ત્રણ પ્રકારની છે સદ્, અસદ્ અને સદસદ્મિશ્ર. સદ્ વાસનાવાળો સાત્ત્વિક કર્તા, અસદ્વાસનાવાળો તામસ્ કર્તા અને મિશ્રવાસનાવાળો રાજસ્ કર્તા કહેવાય છે. આ પ્રકારથી જ દેવ, દાનવ અને માનવ એમ ત્રિવિધ જીવો શાસ્ત્રમાં જાણવામાં આવે છે. આ પ્રકારે જીવનું જે તે કર્મ માટેનું કર્તૃત્વ એ તો સૃષ્ટિના આરંભમાં જ પરમાત્મા દ્વારા નિયત થયેલું છે તેથી કરીને આ કાળમાં કર્તાની અસાધકતા કેમ કહી શકાય ? એવી શંકા થાય. તો તેના ઉત્તરમાં ગીતામાં જે પ્રકારના કર્મથી મોક્ષની યોગ્યતાનું સમ્પાદન કહેવાયું છે તે ચાર વાતો ભેગી મળે ત્યારે શક્ય બને છે. સાત્ત્વિક કર્તા હોય, તે સાત્ત્વિક દેહને પામી તેમજ સાત્ત્વિક જ્ઞાનવાળો થઈ સાત્ત્વિક કર્મનું આચરણ કરે ત્યારે તે કર્મ મોક્ષમાં યોગ્યતા સમ્પાદન કરે છે. તેથી જ ગીતામાં તથા ભાગવતમાં કર્તાના ભેદની સાથે સાથે કર્મ, જ્ઞાન વગેરેના પણ ભેદો દર્શાવાયેલા છે. હવે આ બધા જ પરતંત્ર છે અને સ્વેચ્છાએ દરેકનો સુમેળ કોઈ આપ મેળે બેસાડી શકતા નથી. તેથી ક્યારેક કર્તા સાત્ત્વિક હોય તો તેને તામસ દેહમાં જન્મ મળે અને તેમ છતાં પણ તેનું કર્તુત્વ સાત્ત્વિક હોવા છતાં પણ શાસ્ત્રોક્ત કર્મમાં તેનો અનધિકાર સિદ્ધ થાય છે. સાત્ત્વિક કર્તા હોઈને પણ તેની બુદ્ધિ તામસ હોતાં તે સદ્ વસ્તુને જાણીને પણ અન્તતોગત્વા તે તામસ કર્મમાં પ્રવૃત્ત થાય છે. કર્તા તામસ હોય અને તે સાત્ત્વિક દેહ પામે તોપણ તે સાત્ત્વિક કર્મને તામસ પ્રકારે આચરશે. જેમ કૃષ્ણ, શિવ વગેરેના મંત્રો જપીને પણ તેનો હેતુ કોઈક બીજાની સ્ત્રીને વશ કરવાનો હોય, અથવા તો પરપીડાને અર્થે દેવોપાસના કરે. આમ આ બધું જ ઈશ્વરેચ્છા પર નિર્ભર છે. જેમ આ જીવ આ વાસનાવાળો થાઓ એવી જ ઈશ્વરેચ્છાથી તે જીવ તેવી વાસનાવાળો થયો છે તેવી રીતે તે વાસનાવાળા જીવને આ જન્મમાં આવો દેહ, આવી બુદ્ધિ અને આવું જ્ઞાન મળો તે પણ ઈશ્વરેચ્છાથી જ નિશ્ચય થાય છે. અતઃ ધર્મના ચતુર્થ અંગમાં જે કર્તા કહ્યો છે તે માત્ર જીવપરક અર્થને લઈને નહીં પણ જીવ, દેહ, જ્ઞાન વગેરે સર્વને આવરી લઈ કર્તા કહેવામાં આવ્યો છે. તેથી આ કાળમાં સાત્ત્વિક સમ્પત્તિ સમ્પન્ન હોય તેવા શુદ્ધ સાત્ત્વિક કર્તા આજે અનુપલબ્ધ છે અને સાત્ત્વિક દેહમાં, સાત્ત્વિક વેશમાં અને સાત્ત્વિક કાર્યમાં તેમની સ્થિતિ હોવા છતાં પણ તેમનું આન્તર, તેમના વિચારો, તેમની ઈચ્છાઓ, તેમનો સત્કાર્યમાં હેતુ એ બધું જ રજોગુણ-તમોગુણમાં રંગાયેલું હોવાથી તેવા કર્તાઓ માર્ગદર્શક કે ધર્મોપદેશક હોય તો પણ તેમના દ્વારા કરાયેલું માર્ગદર્શન અને તેમના દ્વારા અપાયેલો ધર્મોપદેશ એ એમની લાભ-પૂજાને જ સિદ્ધ કરવાવાળો

તેમજ મૂઢ અંતઃકરણની દશામાં પાપ પ્રવર્તનની સ્થિતિમાં અપાયેલો હોવાથી તેનાથી કોઇ પણ શ્રેય સિદ્ધ થઇ શકે તેમ નથી બલ્કે તેવાઓના સંગથી તો રહ્યું-સહ્યું શ્રેય પણ નાશ પામી શકે છે એમ જણાવવાનું શ્રીઆચાર્યચરણનું તાત્પર્ય છે. આ બધું ખલધર્મવાળા કલિયુગમાં ઘટતું હોવાથી **‘कलौ च खलधर्मिणि’** એટલું અધ્યાહાર સમજવું જોઇએ.

‘सत्सु’ અહંકારથી વિમૂઢ અંતઃકરણવાળા અને પાપનું અનુવર્તન કરનારા એમ બેના વચમાં સદ્ શબ્દનો પ્રયોગ થયો હોવાથી બન્નેનો સમ્બન્ધ સદ્ શબ્દ સાથે થાય છે અતઃ અહંકારથી વિમૂઢ અન્તઃકરણવાળા અને પાપમાં પ્રવૃત્ત એવા સત્પુરુષો એમ અર્થ થાય છે. જે સત્પુરુષો છે તેમનાં આ બે લક્ષણો હોઇ ન શકે અને આ બે લક્ષણો હોતાં તેને અસત્પુરુષ જ કહેવાય. સત્ સંજ્ઞા તેને લાગે જ નહીં. તેથી સમાજમાં સત્પુરુષોના નામે ખ્યાતિ પામેલા અને સજ્જન-સાધુ જેવા દેખાતા અને સત્ સ્થાન પર આસીન થઇને સત્ પ્રવૃત્તિશીલ દેખાતા એવા આધુનિક માર્ગદર્શકો, ધર્મોપદેશકો, સાધુઓ, સન્તો, પંડિતો, વિદ્વાનો, શાસ્ત્રવેત્તાઓ, ભગવન્નામ સંકીર્તનકારો, ભગવત્ કથાકારો, સમ્પ્રદાય સંચાલકો, ધર્મધુરંધરો વગેરેની બહાર દેખાતી સ્થિતિ કરતાં વિપરીત જ તેમની અન્તઃ સ્થિતિ છે તેથી આમાં કોણ સારું અને કોણ ખોટું તેનો નિશ્ચય કરવો કઠીન છે. તે અર્થમાં આ બધાને જ **‘सत्सु’** શબ્દ પ્રયોગ કરી આવરી લેવામાં આવ્યા છે. આ અર્થમાં બહિર્ધર્માભાસ અન્તર્દુષ્ટ ખલધર્મવાળો કલિ સિદ્ધ થાય છે કે જેમાં આ ઘટી રહ્યું છે.

લોકમાં સત્પુરુષો એ પણ એક આશ્રય છે જેમની નિશ્રામાં કોઇ પણ વ્યક્તિ પોતાનું કલ્યાણ સાધી શકે છે. તેથી કોઇ એમ માને કે સત્પુરુષોનો સંગ-આશ્રય કરી અમે શ્રેય પામીશું તો પછી શા માટે એમ માનવું કે કૃષ્ણ વિના બીજી કોઇ ગતિ જ નથી ? ભલે પુણ્યદેશો અને પુણ્યતીર્થો મ્લેચ્છોથી આક્રાન્તિત થઇ સત્ત્વરહિત થયાં હોય પણ સન્તો તો સર્વ સમયે તેથી પણ અધિક છે. શ્રીભાગવત પણ એ જ જણાવે છે કે :-

न ह्यम्मयानी तीर्थानि न देवा मृच्छिलामया: ।
ते पुनन्त्युरुकालेन दर्शनादेव साधवः ॥

(ભાગ. ૧૦-૪૮-૩૧)

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

(ભાગ. ૩-૨૫-૨૦)

त एते साधवः साध्वि सर्वसङ्गविवर्जिताः ।
सङ्गस्तेष्वथ ते प्रार्थ्यः सङ्गदोषहरा हि ते ॥

(ભાગ. ૩-૨૫-૨૪)

આવા તો બીજા સહસ્ર પ્રમાણો છે કે જે સત્સંગનો મહિમા ગાનારાં છે. અતઃ સત્ પુરુષોનો સંગ એ પણ શ્રેયાર્થે એક આશ્રય છે અને તે આશ્રય પણ શાસ્ત્રસિદ્ધ છે એમ જો કોઇ માને તો તેના નિવારણ અર્થે શ્રીઆચાર્યચરણ જણાવે છે કે બહિર્ધર્માભાસ અન્તર્દુષ્ટ ખલધર્મવાળો આ કલિ હોવાથી સ્વલ્પજ્ઞાન, સ્વલ્પ દષ્ટિ અને અનુભવહીન દશામાં તત્કાળ એ નિશ્ચય કરવો કઠીન છે કે આ વ્યક્તિ સજ્જન છે, સાધુ છે, સત્પુરુષ છે. આવાનો અત્યન્ત આદર અને શ્રદ્ધાપૂર્વક આશ્રય કરી કાલાન્તરમાં એમ અનુભવમાં આવે છે કે આપણે જે જોયું હતું તે બનાવટ હતી, વાસ્તવમાં આ તો મહાધૂર્ત છે ત્યારે આશ્રય કરનારની શી દશા થશે ? આધુનિક કાળમાં આ બાબતમાં મનુષ્યની બુદ્ધિ-દષ્ટિ ધોખો ખાઇ જાય તેની પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે. એમાં તો કોઇ સન્દેહ જ નથી કે સાધુ-સજ્જન સંત પુરુષોનો સંગ સર્વકાળે અને સર્વ રીતે કલ્યાણકર હોય છે પરન્તુ જેનો સંગ કરવામાં આવે તે વ્યક્તિ સાધુ-સજ્જન-સંત હોવો જરૂરી છે. હાલના સમયમાં જોઇ શકાય છે કે ધાર્મિક સન્તો, સામાજિક સન્તો, રાજનૈતિક સન્તોની ભરમાર છે. તેથી એકવાર તો એમ લાગે છે કે ગઇકાલના યુગમાં જ્યાં સન્તોનાં દર્શને દુર્લભ હતાં ત્યાં આજના

યુગમાં ગલી-ગલીએ સંતો સન્માર્ગનો પ્રચાર કરતાં જોવામાં આવે છે. તેથી તો એમ લાગે છે કે ખરેખર ગઈકાલનો યુગ કલિયુગ હતો પણ આજે તો હવે સત્યયુગનું વાતાવરણ જામતું જઈ રહ્યું છે. પણ ખરેખર આપણી આ એક ઘણી મોટી ભ્રાન્તિ જ છે. ગઈ કાલે તો સન્તને સન્ત તરીકે ઓળખવું કઠીન ન હતું કારણ કે ગઈકાલે દંભ-આડંબરનો બકાસુર સૂતેલો હતો, પરન્તુ આજે તો દંભ આડંબરના બકાસુરે પોતાની વિશાલ બે ચાંચો વચ્ચે બધાં જ ક્ષેત્રોને આવરી લીધાં છે જેથી જ્યાં જાઓ ત્યાં દંભ અને આડંબરને છોડી સત્યને પામવું મુશ્કેલ બની ગયું છે. રોજ-રોજ સમાચાર પત્રોમાં પ્રકાશિત થતાં પૂર્વોક્ત ત્રિવિધ સન્તોના છબરડાઓ બકાસુરની પહોળી ચાંચની લંબાઈ દર્શાવે છે. કોઈ વ્યકિત ધર્મપૂર્વક રહે છે તો ઉત્તમ વાત છે, ધર્મપૂર્વક નથી રહેતો અને હું ધર્મને માનતો નથી એમ કહીને તે અધર્મનું આચરણ કરે તો તે ખોટું છે પણ તે દયાને પાત્ર છે કારણ કે સદ્જ્ઞાનના અભાવે ધર્મના મહત્ત્વને નહીં સમજવાથી તે અધર્મમાં પ્રવૃત્ત છે, પરન્તુ જે ધર્મના નામ પર અધર્મ કરે છે અથવા તો આ જ ધર્મ છે એમ માની અધર્મ કરે છે તો આવાને ધર્મ સમજાવવો ઘણો મુશ્કેલ છે. કોઈ કૃષ્ણને માને છે અને કૃષ્ણનો આશ્રય કરી જીવન વિતાવે છે તો તે ઉત્તમ છે, પરન્તુ કૃષ્ણને સારી રીતે નહીં જાણવાથી તે કૃષ્ણને છોડી ઈતર-ઈતરનો આશ્રય-ભક્તિ કરે છે તો તે એની ભૂલ છે, પરન્તુ જો કોઈ સ્ત્રી જે કૃષ્ણ નથી તેવા અતિલૌકિક અને દંભીને કૃષ્ણ માની તેની જ સેવા-ભક્તિ કરે અને તેવા બની બેઠેલા કૃષ્ણ-મિથ્યા વાસુદેવ પૌંડ્રકની પાપરૂપ પાખંડલીલાનો શિકાર બની તેની સાથે રાસક્રીડા કરે તો તેનું મહા અધઃપતન થવાથી ઈતર બીજી શી ગતિ થઈ શકે છે ? અતઃ આવા તથાકથિત પાખંડી સાધુઓનો અજાણ્યે સંગ પણ બહુ મોંઘો જ નહીં પણ બહુ જ નુકશાનકારક સિદ્ધ થઈ શકે છે. જગતમાં મલિન શક્તિઓનો આધાર લઈને મહાચમત્કારી તરીકે પૂજાતા મદારી સન્તોની પણ આજે ક્યાં કમી છે ? સન્ત પીઠ પર ધપ્પો મારે ને અનન્ત ભોગો-ઐયાશી ભોગવવા માણસ પૈસાવાળો થઈ જાય, સન્ત રાખ આપે ને રોગ નાસી જાય, સન્ત આશીર્વાદ આપે અને રાજકારણમાં કાળાં-ધોળાં કરવાનો પરવાનો ચૂંટાણીમાં જીત રૂપમાં મળી જાય, સન્ત કાજળ આંજેને વ્યભિચાર માટે વશીકરણ

શક્તિ આવી જાય, આવા આશીર્વાદદાતાઓને કેવી રીતે સન્ત માની શકાય ? આવા લોકો-ગુરુઓ દ્વારા પ્રવર્તિત થઈ રહેલા ધર્મને ધર્મ પણ કેમ મનાય ? અને તેવા ધર્મનાં આચરણથી કોનું શું કલ્યાણ થઈ શકે છે ? ઘોર કલિયુગની પ્રવૃત્તિમાં પણ કંઈ તીર્થો, મન્દિરો, ધર્મસ્થાનો, ધર્મ પ્રવર્તકો, સન્તો, મહાત્માઓ, ઉપદેશકો, મન્ત્રવેત્તાઓ વગેરે હશે જ નહીં તેવી કલ્પના કરવાની જરૂર નથી પરન્તુ શ્રીભાગવતના કલિધર્મના વર્ણનમાં જણાવ્યા અનુસાર :-

वित्तमेव कलौ नृणां जन्माचारगुणोदयः ।
धर्मन्यायव्यवस्थायां कारणं बलमेव हि ॥
(ભાગ.૧૨-૨-૨)

अनाढ्यतैवासाधुत्वे साधुत्वे दम्भ एव तु । (ભાગ. ૧૨-૨-૫) **‘पाखण्डप्रचुरे धर्मे’** (ભાગ.૧૨-૩-૧૩), **‘गृहप्रायेष्वाश्रमेषु’** (ભાગ. ૧૨-૨-૧૪) **‘इत्थं कलौ गतप्राये जने तु खरधर्मिणि’** (ભાગ.૧૨-૨-૧૬) **‘तपस्विनो ग्रामवासा न्यासिनोऽत्यर्थलोलुपाः’** (ભાગ. ૧૨-૩-૩૩), **‘धर्मं वक्षन्त्यधर्मज्ञा अधिरुह्योत्तमासनम्’** (ભાગ.૧૨-૩-૩૮) **‘प्रायेण मर्त्या भगवन्तमच्युतं यक्ष्यन्ति पाखण्डविभिन्नचेतसः’** (ભાગ.૧૨-૩-૪૩)

અર્થાત્ - આ કલિયુગમાં જેની પાસે અઢળક ધન હશે તે જ વ્યક્તિ કુલવાન, આચારવાન, ગુણવાન કહેવાશે અને જેની પાસે બળ-તાકાત હશે તે લોકો જ ધર્મ અને ન્યાયની બધી વ્યવસ્થા પોતાને અનુકૂલ કરાવી શકશે. જે અનાઢ્ય-સમ્પત્તિહીન હશે તેને લોકો અસાધુ ચોર-બદમાશ જાણશે અને આ કલિમાં સાધુપણું એમાં માત્ર દંભ જ હશે-દંભી લોકો જ સાધુ તરીકે પ્રસિદ્ધ થશે. ધર્મ પાખંડમય બની જશે, જે લોકો વાનપ્રસ્થી કે સંન્યાસી હશે તે લોકો પણ કે જેણે ઘરમાં ન રહી વનમાં જ નિવાસ કરવો ધર્મ છે તે લોકો પણ (લોકોપકાર,

ધર્મસેવા, સમાજસેવા, રાષ્ટ્રસેવા વગેરેના બહાને) વૈભવી ઘરોમાં રહીને જ આશ્રમવાસ કરશે, આ પ્રકારે કલિયુગની સમાપ્તિ સુધીમાં લોકો ખલધર્મ એટલે કે જેનાંથી સર્વનાશ-પ્રલય થાય એવા ધર્મવાળા થઈ જશે, વાનપ્રસ્થી લોકો શહેરોમાં વસી શહેરી-વિલાસી સુવિધાઓને ભોગવશે અને જેણે બધી જ કામનાઓ ત્યાગવી જોઈએ એવા સંન્યાસીઓ અતિશય અર્થલોલુપ-પૈસો જ ભેગો કરવાના લોભી હશે, જેમનું જ્ઞાન જેમના વિચારો, જેમની ઈચ્છાઓ વગેરે અધર્મના સ્વરૂપની છે તેવા લોકો ધર્મના ઉચ્ચ-ગુરુના આસને બિરાજી ધર્મનું વ્યાખ્યાન આપશે, આ કલિકાલમાં પાખંડથી જેનું ચિત્ત પાખંડી પ્રવૃત્તિઓમા ભટકી ગયું છે તેવા પ્રાયઃ કરીને લોકો ભગવાન અચ્યુત શ્રીકૃષ્ણની સેવા વગેરેથી વિમુખ થઈ જશે.

આ પ્રકારે કલિયુગમાં જે ધર્મનો નાશ બતાવ્યો છે તે પ્રલય રૂપમાં નહીં પણ ધર્મનાં કેન્દ્રોમાં જ પરિવર્તન આવી અધર્મ વ્યાપશે જેથી લોકો અધર્મને જ ધર્મ માની ધર્મપ્રવૃત્તિ કરશે. ઉપરનાં વાક્યોમાં આપણે જોઈ ગયા કે અધર્મી લોકો જ ધર્મનું વ્યાખ્યાન કરશે એમ જણાવ્યું છે તેથી તેવા અધર્મીઓ-પાપનું અનુવર્તન કરનારા અહંકારીઓ ધર્મનું જે વ્યાખ્યાન કરશે તેમાં એ ધર્મનું વ્યાખ્યાન નહીં કરે કે જેનાથી સાંભળનાર-શ્રોતાનું હિત સધાય કે કલ્યાણ થાય, પરન્તુ તેઓ દ્વારા એવો ધર્મ જ પ્રવર્તિત થશે કે જેથી વક્તાનું ભલું થાય. આવા લોકો વર્તમાન સમયમાં ઉત્પન્ન થતી વિષમ પરિસ્થિતિનો મજબૂરી-લાચારીથી સ્વીકાર નથી કરતા અપિતુ વિષમ પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવી પરિસ્થિતિના ઓઠા હેઠળ પોતાની કમજોરીઓને છુપાવી અધર્મનું આચરણ કરતા હોય છે. આવા અન્દર-બહાર જુદા દેખાતા દંભી લોકોને માટે પેલી કવિતા પ્રાસંગિક જ કહેવાશે કે :-

નથી દીઠી કદી ભૂખને, છતાંએ ઉપવાસ પર બોલે
અનીતિમયભર્યું જીવન જીવે અને સમાજમાં નીતિ પર બોલે
પરાઈ નારીને દેખી નયન જેના આમ તેમ ડોલે
અને સભામધ્યે ઊભો થઈને પાછો બ્રહ્મચર્ય પર બોલે

ઈર્ષ્યા, મદ અને મમતા, લોભમાં પાંગળો થઈને
વ્યાસની ગાદી પર જઈને પછી એ ભક્તિ પર બોલે

આવા લોકો પર જ્યારે શાસ્ત્રનો ઉપદેશ કરવામાં આવે છે ત્યારે માત્ર શબ્દો જ શાસ્ત્રના હોય છે અને તેને જબરન આમ-તેમ ખેંચી જે અર્થો પ્રસ્તુત કરે છે તે અર્થો શાસ્ત્રને અભીષ્ટ ધર્મયુક્ત નહીં કિન્તુ અધર્મયુક્ત જ હોય છે. ખરેખર ધર્મનો પ્રશ્ન હોય, ધર્મનો ઉપદેશ હોય, ધર્મની કથા હોય, ધર્મનો પ્રચાર હોય કે ધર્મની- ધર્મનાં કાર્યની કોઈ સેવા હોય એ ધર્મની આધારશિલા પર સ્થિત થઈને જ થઈ શકે છે, અધર્મની આધારશિલા પર બેસીને આ શક્ય નથી. પેલી વાર્તા આવે છે કે કોઈક એક નાગરિકની ભૂલથી કોઈ અપરાધ થઈ ગયો અને રાજાનો ન્યાય કડક હોવાથી દંડ ફટકારવામાં આવ્યો કે અપરાધીને બજાર વચ્ચે જાહેર ચોકમાં ઊભા કરી દેવામાં આવે અને આવતા-જતા દરેક રાહદારીઓએ એક-એક કોરડો અપરાધીને કસીને ફટકારવો. અપરાધીને બજાર તરફ સૈનિકો લઈ જતા હતા અને બજારમાં તમાશાના રૂપમાં ભેગા થયેલા લોકો કોરડો ફટકારવાની સહેલ કરવા ભેગા થયા હતા તેના વચમાં એક સંત પુરુષ પણ જઈ ચડ્યા. એમાણે બધી વાત જાણ્યા પછી અપરાધીની એક ભૂલ પર આવડી મોટી સજા અને મોટા-મોટા અપરાધીઓનો ગેલનો અન્યાય એમનાથી સહન થયો નહીં અને ઝટથી જ્યાં અપરાધી હતો ત્યાં પહોંચી જઈ મોટા સાદે ભેગા થયેલા લોકોને સમ્બોધી બોલ્યા કે અપરાધીને એ જ કોરડો ફટકારે જેણે પોતાના જીવનમાં કોઈ અપરાધ ન કર્યો હોય અને જો કર્યો હોય તો તેણે આની માફક પર્યાપ્ત સજા ભોગવી લીધી હોય. આ સન્તની વાત સાંભળી બધા જ પથિકો અવાક્ થઈ રહ્યા, સૈનિકો પણ અવાક્ બની રહ્યા, સૈનિકોએ રાજાને ખબર આપી તો રાજા પોતે ત્યાં આવ્યા અને પરિસ્થિતિનો ક્યાસ કાઢવા પ્રયત્ન કર્યો તો સન્તે રાજાને પણ કહુયં કે રાજન, તમારા રાજ્યમાં એક પણ એવો પાપરહિત નાગરિક નથી જે અપરાધીને કોરડો વીંઝી શકે તેથી હવે તમે તમારું આત્મદર્શન કરી જુઓ અને જો તમે નિરપરાધ હો તો આને કોરડો વીંઝવાનું કામ તમે જ કરો. તો રાજાને પણ ખ્યાલ આવ્યો કે પોતે

પણ નિષ્પાપ-નિરપરાધ નથી. આમ આજે દરેક વ્યક્તિ પોતાના મુખે ધર્મ અને સત્યની તથા નીતિ અને ન્યાયની દુહાઈ દેતા હોય છે અને બીજાના આચરણમાં હીનતા બતાવવાનો પ્રયત્ન કરતા હોય છે પણ બીજાના દોષો જોનાર-કહેનાર પોતે અધર્મના એવરેસ્ટ પર બેઠેલો છે તેનો તેને વિચાર નથી હોતો. તમે જરા વિચારશો તો ખ્યાલ આવશે કે આ માણસ ખરાબ છે એમ કોઈના તરફ એક આંગળી ચીંધવામાં આવે છે ત્યારે તર્જની અંગુલી સામેવાળા તરફ હોય છે અને બાકીની ત્રણ માધ્યમિકા, અનામિકા, કનિષ્ઠા એ પોતાના ચીંધનારા તરફ વળેલી હોય છે જે સૂચવે છે કે જેને તું ખરાબ કહે છે તેથી તું ત્રણગણો વધુ ખરાબ છે. આ જ પરિસ્થિતિ લગભગ સર્વત્ર વર્તાઈ રહી છે. જેમ પચાસો ખૂન કરી ચૂકેલો વ્યક્તિ ખૂનખટલાનો ન્યાય કરવા બેસે, જેમ અનેક સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરનાર વર્ણવ્યવસ્થાની રક્ષાનો ભાર ઉપાડે, જેમ એરકંડિશન્ડ રૂમવાળા આલિશાન વૈભવી બંગલામાં ડનલપના ગાદલા તકિયાવાળા પલંગ પર વિદેશી કપડું ભગવામાં રંગી પલંગ પર બિછાવી પોઢતા સંન્યાસી આશ્રમ વ્યવસ્થાનો આદેશ આપે, જેમ સુરા, સુન્દરી અને સમ્પત્તિના લોભમાં લોભાઈ ગયેલા દુર્બલ હૃદયના લોકો શ્રીરામ ચરિત્રની કથા સંભળાવે, જેમ સભા મધ્યે પોતાની મધુરવાણી અને કંઠના આકર્ષણથી યુવતીઓને પોતાનામાં આકર્ષી યુવતીને કેન્દ્ર બનાવી કટાક્ષમાં તેના સામે જોતાં દ્વિઅર્થી બોલીમાં શ્રીકૃષ્ણ - ગોપીની રાસક્રીડા કોઈ વર્ણવે. આ બધું જ જેમ ધર્મરૂપે આભાસ થઈ અધર્મનું જ પ્રવર્તન છે તેમ આજે સર્વત્ર અધર્મે વ્યાપ્ત થઈ બધાનો એવો ભરડો લીધો છે કે તેમાં અચ્છા અચ્છાઓ ચક્કરમાં આવી જાય.

એક ધર્મગુરુ લેવલના સુપ્રસિદ્ધ વ્યક્તિ સાથે મારો પરિચય છે. તેઓ શ્રીમન્તોની ખૂબ જ ચાપલૂસી કરે અને એમને ખૂબ માખણ મારે. એ વ્યક્તિ શ્રીમન્તને જુએ ને ગાંડા-ગાંડા ગળગળા થઈ જાય. એક વખત વાત-વાતમાં મેં એમને પૂછી નાંખ્યું કે તમારા જેવા સજ્જન, સમજુ, વિદ્વાન અને સન્ત કોટિના વ્યક્તિ શ્રીમન્તોની આટલી ચાપલૂસી કેમ કરો છો ? તો એમણે ઉત્તર આપ્યો, ભલા માણસ, મારી આ જે અનેકવિધલક્ષી ઉત્તમ પ્રવૃત્તિઓ થઈ રહી છે તે બધી

આ શ્રીમન્તોને આભારી છે, જો તેમને પ્રસન્ન રાખવામાં ન આવે તો એમની કૃપા વિના લાખોનાં ડોનેશનો ક્યાંથી આવે ? અને ડોનેશનોનો પ્રવાહ ચાલુ ન રહે તો પછી આ ખર્ચાળ પ્રવૃત્તિઓ કેવી રીતે થઈ શકે ? તેથી સત્ પ્રવૃત્તિઓનો શુભ આશય-હેતુ ચિત્તમાં રાખી આ ધનદુર્મદાન્ધોની ચાપલૂસી કરી તેમને પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરું છું. આજે આના કારણે જ તો આ કેટલાએ દીન-દુઃખી જીવો પર ઉપકાર થઈ રહ્યો છે, આના કારણે ધર્મ અને સંસ્કારની કેટલી બધી પ્રવૃત્તિઓ વિકાસ પામી રહી છે, આ બધું જ આ શ્રીમન્તોની મહેરથી છે. મેં એમને જણાવ્યું કે તમને જે આ ઉત્તમ અને સરળ વિચાર આવ્યો એવો ઉત્તમ અને સરળ વિચાર શ્રીરામભક્ત હનુમાનજીની બુદ્ધિમાં કેમ નહીં સૂઝ્યો હશે ? નહીંતર શ્રીરામે લંકા મોકલ્યા તો ત્યાં રાવણની પગચમ્પી કરીને રાવણને વિનવી સીતાજીને મુક્ત કરવાનો પ્રયત્ન થઈ શક્યો હોતે અને જો તેમ થતે તો આ સેતુબન્ધ બાંધવાનો મહાન પ્રયત્ન પણ કરવો પડ્યો હોતે નહીં અને રામ-રાવણ યુદ્ધમાં થયેલો ખૂનખરાબો પણ થતે નહીં અને રાવણને શ્રીરામ પાસે થોડું માખણ મરાવી આજના શ્રીમન્તોની માફક તેને પણ રામભક્ત-વૈષ્ણવ બનાવી શકાયો હોતે અને જો તેમ થતે તો સોનાની લંકાનો રાજા સેવક થતાં પછી તો ઘણું બધું થઈ શક્યું હોતે ? તમને નથી લાગતું કે હનુમાનજીએ રાવણના માથા પર પગ મૂકી મહાન ભૂલ કરી છે ? તેમજ શ્રીશુકદેવજી પણ શ્રીભાગવતના આરંભે આવા ઉત્તમ અને સરળ ઉપાયોનું ખંડન કરીને સમાજને ઊંધી દિશામાં શા માટે વાળવાનો પ્રયત્ન કરતા હશે ? તેઓ જણાવે છે :

चीराणि किं पथि न सन्ति दिशन्ति भिक्षां
नैवाङ्घ्रिपाः परभृतः सरितोऽप्यशुष्यन् ।
रुद्धा गुहाः किमजितोऽवति नोपसन्नान् ।
कस्माद् भजन्ति कवयो धनदुर्मदान्धान् ॥

(ભાગ.૨-૨-૫)

જ્યારે ભગવાન બધી જ સુવિધાઓ આપે છે અને બીજાનો આશ્રય કર્યા વિના પણ જ્યારે કાર્યસિદ્ધિ થાય જ છે તો પછી જ્ઞાની, બુદ્ધિમાનો, ભક્તો ધનદુર્મદાન્ધો એટલે કે ધનનો દુષ્ટ ગર્વ-અહંકાર તેનાથી અન્ધ બનેલા, ધનસિવાય અને પોતાની સત્તા સિવાય બીજું કંઇ પણ જોઇ-વિચારી ન શકનારા એવા ધનદુર્મદાન્ધોને શા માટે ભજતા હશે ! આ વાત સાંભળી પેલા વ્યક્તિએ સામો તર્ક કર્યો કે તમે ભાગવતનો શ્લોક તો ટાંક્યો તેમ છતાં પણ શુકદેવજીએ ભાગવત તો પરીક્ષિત જેવા સમ્રાટને જ શ્રવણ કરાવ્યું ને કોઈ ગરીબગુરબાને કે નિર્ધનભક્તને તો નહીંજ ને ! કારણ કે પરીક્ષિત જેવાને સંભળાવવાથી જ ભાગવતનો પ્રચાર સર્વત્ર થઈ શક્યો, જો કોઈ નિર્ધનને સંભળાવતે તો માત્ર તેનું એકલાનું જ ભલું થતે, પરીક્ષિત સિવાય બીજા પણ હજારો મરવાના વાંકે જીવતા લોકો હશે પણ તેને માટે શુકદેવજીએ શ્રમ નહીં લઈ પરીક્ષિતનો પ્રસંગ આવતાં સહુ સુધી ભાગવતનો સંદેશ પ્રસારિત કરવાનો શુકદેવજીએ અવસર ઝડપી લીધો છે. મેં કહ્યું તમે તમારા કથા પ્રવચનમાં શ્રીશુકદેવજીનો આવો ત્યાગ આવો ભગવદાશ્રય અને આવું સન્તત્વ શ્રોતાઓ સમક્ષ પ્રતિપાદન કરતા હશો તો પછી શ્રીમહાપ્રભુજીએ નિબન્ધાદિ ગ્રન્થોમાં ઉત્તમ શ્રોતા-વક્તાના, મધ્યમ શ્રોતા વક્તાના, કનિષ્ઠ શ્રોતા-વક્તાના ભેદ સમજાવ્યા છે તેમાં તમે શુકદેવજીને કેવા પ્રકારમાં કહેતા હશો ? ઉત્તમ વક્તાનાં લક્ષણો બતાવી શ્રીઆચાર્યચરણ શુકદેવજીને જે ઉત્તમવક્તા તરીકે ગણાવે છે તે શ્રીમહાપ્રભુની સિદ્ધાન્તમાં થયેલી ભૂલને પણ સુધારવાનો તમે અવશ્ય પ્રયત્ન કરતા જ હશો ? ધન્ય છે તમને ! ધન્ય છે તમારાં સત્કાર્યોને અને ધન્ય છે તમારા શ્રીમન્તાશ્રયને !

આધુનિક સમયમાં આપણા સમ્પ્રદાયમા આ પરિસ્થિતિ ઘટવા જઈ રહી છે. ગઈકાલ સુધી આ સમ્પ્રદાયના સંચાલન-પ્રવર્તનમાં જ્યાં વલ્લભકુલાવતંસ પ્રતાપી મહાનુભાવોનું પ્રાધાન્ય હતું અને તેઓ પણ પોતાની મનસ્વી રીતે નહીં પણ શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણના સિદ્ધાન્તને જીવિત રાખી સર્વ નિર્ણયો કરતા હતા અને જે સમયાનુકૂલ જે કંઈ પણ સુધારા-વધારા થતા હતા તેમાં વિનાકારણની સમ્પ્રદાયાનુવર્તિઓની સંખ્યા વધારવાની ઘેલછા ન હતી પણ શુદ્ધપુષ્ટિ ભક્તિના

સ્વરૂપને બાધ ન આવે અને બીજા જીવોનું પણ આ માર્ગ દ્વારા કલ્યાણ થાય તેવી શુભ ભાવના રાખી બધું વિચારવામાં આવતું હતું. તેમ છતાં પણ સમ્પ્રદાયમાં શ્રીવલ્લભકુલના જ નીતિ-નિયમો-કાયદા-કાનૂનો ચાલતા હતા. પરન્તુ સમય જતાં કેટલાક શ્રીમન્તો પોતાના ધનના જોર પર સમ્પ્રદાયમાં પ્રભુત્વ જમાવતા ગયા તેમ-તેમ સમ્પ્રદાયની જુદી-જુદી સંસ્થાઓ શ્રીમન્તોના હાથે વેચાતી ગઈ અને એ લોકો એક પછી એક ખરીદતા જ ગયા. પરિણામ એ આવ્યું કે જ્યાં શ્રીરઘુનાથજીએ શ્રીપ્રભુચરણની એ ગૌરવ ગાથા ગાઈ કે **‘अनेकक्षितिपश्रेणि-मूर्ध्नाऽऽसक्तपदाम्बुजः’** આ ગાથાથી વિપરીત એવી અવસ્થા સિદ્ધ થવા માંડી અને સમ્પ્રદાયનો ઉચ્ચવર્ગ શ્રીમન્તોને ત્યાં આંટાફેરા મારતાં તેમને આધીન થવા લાગ્યો. આનું સહુથી વિકૃત પરિણામ એ આવ્યું કે વલ્લભકુલની હવેલી એટલે કે ઘર એમાં વલ્લભકુલનું કે એમના કાયદાઓનું વર્ચસ્વ ન રહી શ્રીમન્તોના ઘડેલા કે એમના અનુકૂલ સુધારા-વધારા થતા ગયા અને છેવટે એ શ્રીમન્તોના વારસદારો એમ માનતા થયા કે અમારા પૂર્વજોના ગુરુકુલ પર ઘણા ઉપકારો છે અને તેમણે સામ્પ્રદાયિક સંસ્થાઓને પોતાના સમ્પૂર્ણ વર્ચસ્વમાં લેવા ટ્રસ્ટ કાયદાઓનો આશ્રય લેવા માંડ્યો, જ્યાં-ત્યાં ગુરુવર્ગ અને શિષ્યવર્ગ વચ્ચે કાયદાકીય યુદ્ધ કોર્ટના આંગણે આરંભાયું એ મુદ્દા પર કે શિષ્યવર્ગ કહેવા લાગ્યો કે આ મિલકત મારા પૂર્વજોએ ધાર્મિક હેતુ માટે આપી છે તેથી આમાં ગુરુજનોની અંગત માલિકી નથી પણ આમાં વ્યવસ્થા વગેરેમાં અમે પણ બરાબરના ભાગીદારો છીએ, જ્યારે બીજી બાજુથી એ મુદ્દો રજૂ કરવામાં આવ્યો કે આ મિલકત અમારા પૂર્વજોને અર્પણ થયેલી છે તેથી તેમના વારસ તરીકે એકમાત્ર અમારી જ અંગત માલિકી છે. આ ખંચતાણમાં સંપત્તિ, દાગીના વગેરેનું તો ઠીક પણ વલ્લભકુલનું સર્વસ્વ જે શ્રીઠાકોરજીનું સ્વરૂપ તે પણ અંગત અધિકારમાં ન રહી આ લોકોની વ્યવસ્થા વગેરેમાં આવતા જઈ રહ્યા છે. આ બાબતમાં પણ મોટું મન રાખવામાં આવે કે ભલે શિષ્યો સંભાળતા, વ્યવસ્થાની જફા ઓછી, પણ સામે દેખાતો શિષ્યવર્ગ પણ એટલો બધો ભેળસેળિયો છે કે એ લોકોને સમ્પ્રદાય સાથે, સમ્પ્રદાયના સ્વરૂપ સાથે કે સિદ્ધાન્ત સાથે કોઈ લેવા-દેવા નથી. જેને લેવા-દેવા છે અને જે લોકો વત્તે

ઓછે અંશે પણ સમ્પ્રદાય, શ્રીમહાપ્રભુ ઈત્યાદિ સાથે પોતાના સમ્બન્ધ માને છે અને શ્રદ્ધા ધરાવે છે તે લોકો આમ કે આમ કંઈ પણ કહેવા રાજી નથી અને પોતાની મેળે પોતાનાથી બનતું જે થઈ શકે છે તે કરવાનો પ્રયત્ન કરે છે. પણ એ પણ વાત સત્ય છે કે આવા લોકો પણ સમ્પ્રદાયમાંથી પોતાનું ભાંગ્યું-તૂટ્યું વર્ચસ્વ ગુમાવતા જઈ રહ્યા છે એટલું જ નહીં પણ આ વર્ગ પણ આજે એવા દામ્ભિકો-પાખંડીઓના, ષડયન્ત્રમાં ફસાઈ તેમના દર્શાવેલા સિદ્ધાન્તો કે પછી તેમના દ્વારા ક્ષુદ્ર સ્વાર્થ અને પોતાની હીન ભાવનાઓના પોષક એવા સિદ્ધાન્ત અર્થઘટનને માન્ય કરવા લાગ્યા છે કે જે પૂર્વમાં કહેવાયેલા માઓ, બાપાઓ કે પરમ ભગવદીયોના નામે પ્રસિદ્ધ છે. એ લોકોમાં પણ આજે ગુરુવર્ગ પ્રત્યે માત્ર દૂરનો આદર કે વલ્લભકુલ છે એટલો જ શેષ રહી બાકીનો તેમનો સર્વ સમ્બન્ધ ઉપર મુજબના દામ્ભિકો સાથે બંધાતો જઈ રહ્યો છે.

આ બધી પરિસ્થિતિ નિર્માણ થવાનાં અનેક કારણો છે પણ તેમાં મુખ્ય કારણો જોવામાં આવે તો આ પ્રકારે (૧) પારસ્પરિક વૈમનસ્ય, (૨) પારસ્પરિક શંકિતહૃદય, (૩) જે દ્રવ્યને શ્રીમહાપ્રભુ તથા શ્રીપ્રભુચરણે ફૂંકી-ફૂંકીને સ્વીકારવાની પદ્ધતિ રાખેલી તેથી વિપરીત ધનદુર્મદાન્ધોના દ્રવ્યનો અવિચારી-આંધળો પ્રવાહ, (૪) પોતાના નિજ સેવ્યસ્વરૂપને જનસાધારણની ભક્તિનું સાધન બનાવવું, (૫) શિષ્યવર્ગમાં સિદ્ધાન્તગ્રન્થોના પઠન-પાઠનનો અભાવ, (૬) વધુ પડતા ભાવપક્ષમાં વહી જવું, (૭) શિષ્યો વધારવાની ઘેલછા (૮) શ્રીમહાપ્રભુ પ્રદર્શિત ત્રણ પ્રકારના જીવોને તેમના અધિકારાનુસાર તેમને દીક્ષા-સેવાસોંપણી બાબતમાં (વર્તમાનમાં) પૂરતા વિચારનો અભાવ, (૯) સમ્પ્રદાયના સિદ્ધાન્તોનો દેશ-કાળની પરિસ્થિતિ જોતાં વ્યાવહારિક અમલીકરણના પ્રકારનો વિચારકો, વિદ્વાનો વગેરેનો સમુદાયમાં ભેગા મળી વિચાર વિનિમય કરવાનો અને તેમાં સમાજને આદેશ-માર્ગદર્શન માટે એકનિર્ણય આપવાની પ્રક્રિયા-પદ્ધતિનો અભાવ (૧૦) સિદ્ધાન્ત પક્ષ અને ભાવપક્ષ વચ્ચે શ્રીપ્રભુચરણે જે અભૂતપૂર્વ સંગતિ સાધી હતી તે સંગતિની પદ્ધતિમાંથી સમ્પ્રદાયનું પાછું વળવું (૧૧) અવિદ્વાનો, અવિચારકોનું

સમ્પ્રદાયના સમાજ પર વર્ચસ્વ અને તેમના સ્વાર્થપરાયણ સિદ્ધાન્તોના આવિષ્કાર વડે સમાજનું માર્ગદર્શન થવું, (૧૨) સર્વ બાબતો અને સર્વક્ષેત્રમાં અનુશાસનહીનતા. આવાં-આવાં પ્રધાન કારણોસર જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે અને થતી રહી છે અને તેથી સમ્પ્રદાયનું સૌન્દર્ય જે બદલાઈ રહ્યું છે તે એવી દિશા તરફ જઈ રહ્યું છે કે સમ્પ્રદાયના અન્દર-બહારના બદલાઈ રહેલા માળખાને જોતાં પણ એમ જ કહેવું પડે કે **‘कृष्ण एव गतिर्मम’**

મૂલ વિષય પર આવીએ-અધર્મ પરાયણ લોકોનો સહારો લઈ ધર્મ પ્રવૃત્તિની ઈચ્છાવાળાઓએ પ્રથમ એ જાણી લેવું જોઈએ કે અધર્મનો કે અધર્મ પરાયણોનો સહારો લેવો એ એક પ્રકારનું દૌર્બલ્ય જ છે અને એવી દુર્બલતાઓને આગળ રાખી જ્યારે ધર્મપ્રચાર કરવામાં આવે ત્યારે જે લોકોમાં ધર્મ પ્રચાર કરવાનો છે તે લોકો તો **‘स यत् प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते’** એ ઉક્તિ પ્રમાણે એ અધર્મ પરાયણોનો જ પ્રભાવ બાકીના લોકો ઉપર આવશે અને પરિણામે જે ધર્મભાવનાનો ઉદય થવો જોઈએ, જે સેવા ભાવનાનો ઉદય થવો જોઈએ તે નહીં થઈ તેમનામાં ધર્મ-સેવા વિરુદ્ધના જ ગુણોનો આવિષ્કાર થશે. ઉચ્ચ લોકો દ્વારા ધનદુર્મદાન્ધોની પૂજા થતાં પછી સમાજ ગુણી વ્યક્તિની પૂજા નહીં કરી ધનવાનને જ ગુણી માનશે અને તેની જ પૂજા કરતો થશે. તેથી ભગવાન જે વખતે જેટલું અને જે કરવા સામર્થ્ય આપે તેમાં જ સન્તોષ કરીને કૃષ્ણનો જ આશ્રયભાવ રાખી પોતાનાં સત્કાર્યોને વિકસાવવાં જોઈએ નહીં કે પાપ પરાયણ અહંકારમાં છકેલા મદાન્ધોનો આશ્રય કરી જીવનનો નિર્વાહ કરવો જોઈએ.

મને બરાબર યાદ છે કે ઈસવીસન ૧૯૫૯ માં પ્રવાસ કરતાં કરતાં ખંડવા, ખરગોન, માહેશ્વર થઈ હું ઈન્દોર પહોંચ્યો ત્યારે ઈન્દોરમાં અમારા પિતૃવ્યચરણ (નિ.લી.પૂ.ગો.શ્રીગોવિન્દરાયજી-સુરત) ન્યુપલાસિયા વિસ્તારમાં બિરાજતા હતા અને સમ્પ્રદાયનો ગૃહસેવાનો શુદ્ધ પ્રકાર આપશ્રીના ગૃહમાં પ્રચલિત હતો. મારા પોતાને ત્યાં પણ આ મુજબ જ સેવાનો પ્રકાર રાખવાનો સંકલ્પ ત્યાંથી જ થયો અને તેઓશ્રીથી જ મને પ્રેરણા મળી હતી. આખો પરિવાર પોતાના હાથે સેવા કરે

ને પ્રભુને લાડ લડાવે એ કેવો આનન્દ હતો ! શ્રીગોપીનાથજીના ઉત્સવનો (ભાદ્રપદ કૃષ્ણ-૧૨)નો દિવસ હતો અને ત્યાંની સેવામાં મેં અનુભવ કર્યો કે જે રીતે સુરત શ્રીબાલકૃષ્ણલાલમાં સેવા થાય છે તેથી ક્યાંય કોઈ પ્રકારની ત્યાં ન્યૂનતા ન હતી. ઈન્દોરમાં નિવાસ દરમિયાન પ્રાતઃકાળના સમયે હું આપશ્રી પાસે બેઠો હતો એવામાં સુરત ઘરના એક મોટા શ્રીમન્ત સેવક ત્યાં આવ્યા અને સો-સોની નોટની થોકડી આપશ્રી પાસે મૂકી અને બોલ્યા કે જય ! આપને દ્રવ્ય સંકોચ રહે છે તેથી આ પચીસ હજાર રૂપિયા આપને ભેટમાં મૂક્યા છે. ત્યારબાદ એમને એમ લાગ્યું કે હવે આ દ્રવ્યનો ઉપકાર આપશ્રીને મારી વાત સાંભળવા બાધ્ય કરશે તેથી તેમણે કેટલીક અંગત બાબતો ચર્ચી પોતે જાણે કે વડીલ હોય તે રીતે સલાહ-સૂચનો દબાણ ભરી ભાષામાં આપવા ચાલુ કર્યા. આપશ્રીએ એમની વાત સાંભળી કહ્યું શેઠ બેસો, તમારી વાતનો ઉત્તર હમણાં જ આપું છું, એમ કહી નોટોની થોકડીને એક લોખંડના તારમાં બરાબર બાંધી માચિસ લઈ નીચેથી નોટોને સળગાવી શેઠને કહ્યું કે આ થોકડીને બળતી જોતા જાઓ અને તેની સાથે ધર્મગુરુને પૈસાથી ખરીદવાના કે દબાવાના પાપનું પ્રાયશ્ચિત કરતાજાઓ. આ પ્રકારે આપશ્રીએ પોતાના ગુરુત્વનું જે ગૌરવ જાળવ્યું તે બીજાઓ માટે પ્રેરણાસ્પદ છે.

આ પ્રકારે સત્પુરુષો ધર્મોપદેશકો, માર્ગપ્રવર્તકો વગેરેની કલિયુગમાં તેમની સ્થિતિ તો હશે પણ તેમની મતિમાં વૈષમ્ય આવીને તેઓ યા તો ઉપર જણાવ્યા પ્રમાણે પાપાચારીઓના આધીન થઈ ગયા હશે યા તો તેઓ પોતે જ ધર્મશાસ્ત્રોનો અનર્થ કરી ધર્મનો દુરુપયોગ કરી ધર્મના નામે અધર્મનું આચરણ કરતા હશેને પોતાના શિષ્યોને પણ અધર્મમાં ઢકેલતા હશે. અતઃ સત્પુરુષોના નામે પ્રસિદ્ધોનો પણ સંગ કે તેમનો આશ્રય શ્રેય સાધવા સમર્થ નથી તે જણાવવા અત્ર શ્રીઆચાર્યચરણ **‘सत्सु’** પદનો પ્રયોગ કરે છે.

‘सत्सु’ પદ અંગે ટીકાકારોનો અભિપ્રાય નીચે મુજબ છે -

શ્રીરઘુનાથજી :- **‘सत्सु महापुरुषेषु’** સદ્ એટલે મહાપુરુષો.

શ્રીકલ્યાણરાયજી :- **‘सत्सु पण्डितेषु’** સદ્ એટલે પંડિતો.

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘यथैतत्सम्बन्धात् परमधार्मिकस्यापि विष्णुरातस्य कलेः स्थानदानेन त्रिदोषोत्पत्तौ मौढ्याद् ब्राह्मणातिक्रमे बुद्धिर्जातैवं सतामपि तत्सम्बन्धात्स्वधर्मपरित्यागे बुद्धिर्जातेत्यहङ्कारेण सर्व एव मुग्धा जाताः ।’**

જેમ આ કલિના સમ્બન્ધથી પરમધાર્મિક એવા પરીક્ષિત રાજાને પણ કલિને સ્થાનદાન વડે ત્રિદોષ ઉત્પત્તિ થતા મૂઢતાવશ બ્રાહ્મણનો અતિક્રમ કરવાની બુદ્ધિ થઈ તેમ સત્પુરુષોને પણ કલિનો સમ્બન્ધ થવાથી સ્વધર્મ પરિત્યાગની બુદ્ધિ થઈ તેથી અહંકાર દોષથી બધા જ મુગ્ધ થયેલા છે (અહીં સદ્ એટલે સત્પુરુષો સજ્જનો).

શ્રીવ્રજરાયજી :- **‘सत्सु मार्गप्रचारकेषु’** સદ્ એટલે માર્ગ પ્રચારકો.

વિવરણકાર :- **‘अहं ब्रह्मास्मी त्यहङ्कारेण विशेषेण मूढास्तादृशेषु सत्सु’** હું જ બ્રહ્મ છું એવા અહંકારથી વિશેષ પ્રકારે મૂઢ બનેલા એવા સદ્ ખ્યાતિથી પ્રસિદ્ધ પુરુષો.

‘अहङ्कारविमूढेषु’ અહંકારથી વિશેષ પ્રકારે મૂઢ બનેલા. અહીં જુદા-જુદા ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે :-

શ્રીરઘુનાથજી :- **‘किञ्च वयं सर्वज्ञाः के वास्मत्तोऽधिकवेत्तारो यान् वयं पृच्छाम इत्येवंविधाहङ्कारेण विशेषतो मूढेषु आत्मोद्धारोपायज्ञानशून्येषु’** વળી અમે બધું જ જાણનારા છીએ, વળી અમારાથી વધુ જાણનારા કોણ છે કે જેને અમે પૂછીએ આ પ્રકારે અહંકારથી વિશેષ કરીને મૂઢ બનેલા એટલે કે આત્મોદ્ધારના ઉપાયનું જે જ્ઞાન તેનાથી શૂન્ય એવા.

શ્રીકલ્યાણરાયજી :- **'अहङ्कारेण वयं शास्त्रज्ञा इति गर्वेणान्यं पृच्छन्त्यपि नेति मायावादाद्यभिनिवेशाद्विशेषेण मूढेषु सत्सु'** અમે શાસ્ત્રને જાણનારા છીએ એવા ગર્વ વડે કરીને બીજા કોઈને કંઈ પૂછતા પણ નથી એવા માયાવાદ વગેરેના સર્વપ્રકારે નિવેશથી અહંકારે કરીને વિશેષ પ્રકારે મૂઢ બનેલા સત્પુરુષો (સદ્ એવી ખ્યાતિથી લોકમાં પ્રસિદ્ધ પુરુષો).

શ્રીદ્વારિકેશ્વરજી :- પૂર્વમાં **'सत्सु'** ની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ.

શ્રીવ્રજરાજજી :- **'अहङ्कारेण पाण्डित्याभिमानेन विशेषतो मूढेषु सत्सु'** અહંકાર વડે એટલે કે પોતાના પાંડિત્યના અભિમાન વડે વિશેષ કરીને મૂઢ બનેલા.

વિવરણકાર : પૂર્વમાં **'सत्सु'** ની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ.

આ પ્રકારે પ્રાયઃ કરીને દરેક ટીકાકાર અહંકારથી મૂઢ બનેલાના વ્યાખ્યાનમાં પોતે સર્વજ્ઞ, શાસ્ત્રજ્ઞ, પંડિત અથવા પોતાને બ્રહ્મ માની બેઠેલા અહંકારીઓના અર્થમાં વ્યાખ્યાન કરે છે. સર્વ ટીકાકારોનો આશય લેતાં અને સ્તોત્રમાં પાપાનુવર્તિ પદ સાથે આની સંગતિ કરતાં મને એમ લાગે છે કે ભાગવત પ્રથમ સ્કન્ધ કુન્તાસ્તુતિમાં કહેવાયેલા ચાર પ્રકારના મદમાં ઉન્મત્ત લોકોની મદોન્મત્તતાને અહીં અહંકારથી મૂઢતાના શબ્દે કહી છે. કારણ કે મદમાં જે ઉન્મત્ત હોય, જેની બુદ્ધિ નશામાં ચૂર-ચૂર થઈ હોય તેની દષ્ટિ, કૃતિ વગેરે સર્વ અશુદ્ધ અને વિવેકહીન હોય છે. તેમજ આવા જ લોકો પાપ-પુણ્યના, ધર્મ-અધર્મના, કરણીય-અકરણીયના વિવેકથી શૂન્ય બની **'बुद्धिनाशात्प्रणश्यति'** ના પરિણામને પામતા હોય છે. આવા લોકો જ પોતાના મિથ્યાભિમાનને પોષવા જ્યારે બુદ્ધિનો ખેલ પૂરો થઈ જાય છે ત્યારે નિષિદ્ધ પાપમાર્ગને પોષવા નિષિદ્ધ પાપમાર્ગને પણ અનુસરીને મહાપાપમાં પ્રવૃત્ત થઈને પણ પોતાના મિથ્યા ગર્વને પોષવા પ્રયત્નશીલ બને છે. આ ચાર પ્રકારના મદમાં ઉન્મત વ્યક્તિ ભગવદ્રૂપને કે ભગવદ્ જ્ઞાનને કે

ભગવદ્ ભક્તિને યથાર્થરૂપે વિષયી કરી શકતા નથી એ કુન્તિ જણાવે છે કે :-

जन्मैश्वर्यश्रुतश्रीभिरेधमानमदः पुमान् ।
नैवार्हत्यभिधातुं वै त्वामकिञ्चनगोचरम् ॥

(ભાગ.૧-૮-૨૬)

આમાં ભગવાનને અકિંચનગોચર કહ્યા છે એટલે કે ઉપરના ચાર મદવાળા લોકોથી ભગવાન અગોચર છે. આની સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ લખે છે કે **'भगवानेव हृदये नाऽऽयाति । भगवद्गुणाश्च मुखे आगच्छन्तोऽपि व्यवहारत्वेनाऽऽगच्छति । शौचे गङ्गाजलवत् । अकिञ्चनगोचरस्वभावत्वात् ।'** આવા મદવાળા લોકો પોતાના મુખથી ભગવદ્ ગુણ ગાય પણ ખરા તો પણ તેમની વાણીમાં ભગવાનનું નામ વ્યવહાર માત્રથી જ હોય છે પણ એમના હૃદયમાં ભગવાન આવતા નથી. જેમ શૌચશુદ્ધિમાં ગંગાજલનો ઉપયોગ કરાતાં તે તીર્થફલ આપતું નથી તેવી જ રીતે આવા લોકો દ્વારા લેવાયેલું ભગવન્નામ પણ ફલ આપનારું બનતું નથી, ભગવાનનો અકિંચનગોચર સ્વભાવ હોવાથી. આવા મદોન્મત્ત લોકોની જ મુગ્ધતાને શ્રીઆચાર્યચરણ નિબન્ધમાં જણાવે છે કે -

अयमेव महामोहो हीदमेव प्रतारणम् ।
यत् कृष्णं न भजेत् प्राज्ञः शास्त्राभ्यासपरः कृती ॥

આ જ એમની મહાન મુગ્ધતા-મોહ છે કે જ્ઞાન, ક્રિયાશક્તિવાળો હોઈને પણ શાસ્ત્રના અભ્યાસમાં ઉત્તમ હોઈને પણ સર્વ સમ્મત એવા વેદોમાં જેનું અનેક પ્રકારે પ્રતિપાદન થયેલું છે તે શ્રીકૃષ્ણને ભજતા નથી, ખરેખર આ જ એમની પ્રતારણા-છેતરપીંડી છે. શાસ્ત્રનો અભ્યાસ કરીને પણ તેમના દુર્દૈવવશ તેમનામાં મિથ્યાજ્ઞાનનો અભિનિવેશ થયેલો છે, ભગવદ્ જ્ઞાન સ્ફુર્યું નથી. અતઃ આ મુજબ શાસ્ત્રોનો અભ્યાસ કરીને પણ જેમને સંસાર જ ફળે એવી દુર્દૈવવશ નિયતિ છે

તેમનામાં મિથ્યા જ્ઞાનના અભિનિવેશે અને મદોન્મત્તતા વ્યાપેલી હોવાથી મિથ્યાજ્ઞાનના અહંકારથી મૂઢ-મુગ્ધ બનેલા એવા લોકો એમ અર્થ સમજવો.

ભક્તિમાર્ગીયો કે પુષ્ટિમાર્ગમાં આવેલા લોકો પણ જ્યારે શ્રીમહાપ્રભુની કૃપા અને કૃષ્ણના શરણનું અનુસંધાન નહીં કરીને જ્યારે માર્ગમાં પ્રવૃત્ત થાય છે અને સેવા-કથા વગેરે આચરે છે ત્યારે તેમનામાં પણ **‘सिद्धोऽहम्’** નો અહંકાર પ્રવેશી તેમને મૂઢતા પ્રદાન કરે છે અને ત્યારે તેમને આ માર્ગના સિદ્ધાન્તોને જાણીને પણ કૃષ્ણ પદાર્થની નિષ્પત્તિ થતી નથી પણ જેના થકી સંસાર જ ફળે તેવા વિરુદ્ધ અર્થોનું તેમને સ્ફુરણ થાય છે અને કૃષ્ણસેવા પરાયણતા તથા દંભ, ક્રોધ, લોભ, મોહ, કામ વગેરેથી રહિતપણું અને શ્રીભાગવતાદિ વૈષ્ણવશાસ્ત્રના તત્ત્વનું સમ્યક્જ્ઞાન તેમને પ્રાપ્ત ન થઈ તેથી વિરુદ્ધનું જ જ્ઞાન અને ક્રિયા તેમની થાય છે. અતઃ આ માર્ગમાં પણ અહંકારાદિ દોષોથી બચવા માટે કૃષ્ણશરણનું સતત ભાવન-ચિન્તન-કથન સર્વ માટે સદૈવ સર્વથા અનિવાર્ય અપેક્ષિત છે. આ અર્થમાં જ શ્રીઆચાર્યચરણે વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં આશ્રયસિદ્ધિમાં આવશ્યક - ઉપકારક-સહાયક એવા વિવેકમાં **‘अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्वभावनात्’** સ્વામીને પોતે આધીન છે તેવી ભાવનાથી અભિમાન સર્વથા સર્વ રીતે ત્યાગવું એમ જણાવે છે. તેથી સ્વામીને આધીનપણાનો વિવેક-બુદ્ધિમાં સતત એનું ભાન અને એ મુજબનો જીવન વ્યવહાર કરવાથી જ પુષ્ટિમાર્ગીયો પણ અહંકારાદિ દોષોથી બચી શકે છે. અન્યથા એ વિભાવનાની હાનિએ મૂઢતાનો દોષ લાગુ પડવા તૈયાર જ બેઠો છે. સેવામાં શ્રીમહાપ્રભુ-શ્રીગુસાંઈજી પ્રભૃતિની કાનીથી સર્વ સેવાનો વ્યવહાર કરવાની તથા સેવાના આરંભે-અન્તે શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરવાની પ્રણાલિકા પણ આ અહંકારની અનુત્પત્તિ માટે પણ છે. પરન્તુ એ કાનીના શબ્દો આજે સેવામાં માત્ર વાણીના વિલાસરૂપ રહી ગયા છે અને તેનું ચિત્તમાં ભાવન નથી રહ્યું તેના જ પરિણામે લોકો ભગવદીય, પંડિત, જાણકાર, ગુરુ, કૃપાપાત્ર વગેરેના અહંકારમાં છકી જતા હોય છે.

‘पापानुवर्तिषु’ અહીં ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે :-

શ્રીરઘુનાથજી :- **‘पापं दुष्टाचरणमपकार इति यावत्, तमनुवर्तयन्त्यनुतिष्ठन्ति ये ते पापानुवर्तिनः एवं विधेषु सत्सु, अथवा जीविकाद्यर्थं सत्सु सत्पुरुषेषु पापानुवर्तिषु निषिद्धाचरणपरेषु’** પાપ એટલે દુષ્ટ આચરણ અપકરણ તેનું અનુવર્તન કરનાર એટલે કે તેવા આચરણમાં સ્થિતિ કરનાર જે છે તે પાપાનુવર્તી છે, એ પ્રકારના સત્પુરુષો હોતાં, અથવા પોતાની જીવિકા વગેરેના અર્થે સત્પુરુષો પાપાનુવર્તી એટલે કે નિષિદ્ધ આચરણમાં પરાયણ હોતાં.

શ્રીકલ્યાણરાયજી : **‘पापान् पुंसः, पापं वाऽनुवर्तन्ते’** પાપ એટલે પાપી પુરુષ તેનું અનુવર્તન કરનાર અથવા પાપ-દુષ્ટ આચરણનું અનુવર્તન કરનાર.

શ્રીદ્વારિકેશ્વરજી - **‘पापा निषिद्धकृतिभिस्तत्फलरूपतां प्राप्तास्तद्दत्तविषयभोक्तृत्वेनानुवर्तित्वम् ।’** પોતાની નિષિદ્ધ કૃતિઓ વડે તેની ફલરૂપતાને પ્રાપ્ત થયેલા એવા પાપો (પાપરૂપો) તેવા લોકો દ્વારા અપાયેલા વિષયોનો ભોગ કરનારા હોવાથી તે લોકો પાપાનુવર્તી છે.

શ્રીવ્રજરાજજી - **‘पापः पापकर्तारो राजसास्तामसाश्च म्लेच्छादयस्तदनुवर्तिषु तदुपजीविकेषु ।’** રાજસો, તામસો અને મ્લેચ્છ વગેરે કે જે પાપ કરનારા છે તેને અહીં પાપ જાણવા તેવા પાપો (પાપરૂપો)નું અનુવર્તન કરનારા એટલે કે એ પાપરૂપો જેમના જીવન નિર્વાહનું સાધન છે. પાપરૂપોના સહારે - આશ્રયે જીવનારા એ પાપાનુવર્તી.

વિવરણકાર :- **‘पापानुवर्तिष्विति । ‘स्वर्गापवर्गनरकेष्वपि तुल्यार्थदर्शिन’ इति वाक्यात्पुष्टिमार्गीयाणां फले प्रतिबन्धकत्वात्साक्षात्पुरुषोत्तमज्ञानाभावरूपस्य तादृशज्ञानस्य पापत्वात्तदनुवर्तिनां**

पापानुवर्तित्वमेवेति तथोक्तम् ।' જે લોકો ભગવાન નારાયણમાં પરાયણ થઈને રહેલા છે તે લોકો સ્વર્ગ, મોક્ષ, નરક બધું જ એક સમાન જોનારા હોય છે તેથી તેઓ ક્યાંય ડરતા નથી. (ભાગવત ૬-૧૭-૨૮) આ વાકયથી પુરુષોત્તમજ્ઞાનથી અતિરિક્ત બીજા કોઈ પણ પ્રકારનું જ્ઞાન એ પુષ્ટિમાર્ગીયોને ફલમાં પ્રતિબન્ધ કરનારું હોઈ પુરુષોત્તમ જ્ઞાનનો જેમાં અભાવ હોય તેવું જ્ઞાન પાપરૂપ હોવાથી તેવા જ્ઞાનવાળાઓનું અનુવર્તન કરનારાઓ પાપાનુવર્તીજ છે તેથી **'पापानुवर्तिषु'** તેમ કહ્યું છે. આ પ્રકારે વિવરણકાર વિશિષ્ટ રીતે પોતાનો અભિપ્રાય દર્શાવે છે કે પુરુષોત્તમ સમ્બન્ધી વિષય છોડીને બાકીના બધા જ વિષયો એ પુષ્ટિમાર્ગીયો માટે પાપરૂપ છે અને તેવા લોકોનું અનુવર્તન કરનારા અન્યમાર્ગીઓ એ આ માર્ગવાળા માટે પાપરૂપ-દોષરૂપ છે, ત્યારે આ સિવાયના બધા જ ટીકાકારો નિષિદ્ધાચરણ પર ભાર મૂકે છે.

આ બાબતમાં મારો અભિપ્રાય એમ છે કે - બધા જ ટીકાકારોના અભિપ્રાયની સંકલના કરી વિચારવામાં આવે તો બધાનું એ જ તાત્પર્ય છે કે જ્ઞાન, કર્મ, ભક્તિ એ ત્રણ માર્ગો જે શ્રેયાર્થે કહેવાયા છે તેની અસાધકતા પૂર્વમાં કહેવાઈ જ ગઈ છે પણ તેમ છતાં પણ તે માર્ગો તો આજે પ્રચલિત તો છે જ અને તેના ઉપદેશકો, પ્રચારકો, અનુવર્તિઓ પણ આજે જોવામાં તો આવે જ છે અને તે બધા પણ તે-તે માર્ગ ધર્માચરણ કરી જ રહ્યા છે તો પછી તેમને શ્રેય કેમ નહીં મળે ? તેવી શંકા થાય તેમજ આવા લોકોપકારી સત્પુરુષો લોકકલ્યાણ અર્થે વિશ્વમાં વિચરણ કરતા દેખાય છે તો તેમના અનુગ્રહથી પણ શ્રેય સિદ્ધ થઈ શકે છે તેમ કોઈ માને તો તેના માટે શ્રીઆચાર્યચરણ જણાવે છે કે આ બધા સત્ પુરુષોના નામે જગતમાં પ્રસિદ્ધ એવા લોકો ધર્મનો ઉપદેશ આપતાં અને ધર્માચરણ કરતાં દેખાય છે પણ કલિ આમનામાં પણ વ્યાપેલો છે અને બહિર્ધર્માભાસ અન્તર્દુષ્ટ ખલધર્મવાળો કલિ હોવાથી તેના ગુણધર્મો આમનામાં પણ વ્યાપી રહ્યા છે તેથી બહાર દેખાતું લોકકલ્યાણ સ્વરૂપ અન્દરથી અહંકારપૂર્ણ અને પાપાચરણના સ્વરૂપનું છે. અહંકાર એ કોઈ પણ આત્મશ્રેયના માર્ગમાં પ્રતિબન્ધક છે અને તે

અહંકાર તો આ લોકોના અન્તઃકરણમાં ભરપૂર છે તેથી અહંકાર વડે આ લોકોની મતિ પણ અતિશય મૂઢ બનેલી હોવાથી મદમાં ચકચૂર વ્યકિત જેમ સીડીનાં પગથિયાં બરાબર જોઈ ન શકવાથી નીચે ગબડી પડે છે અને તેનું માથું ભાંગે છે તેમ આ માર્ગપ્રવર્તકો, સત્પુરુષો, ધર્મોપદેશકો, સન્તો વગેરે કાલ બળે પૂર્વોક્ત મદમાં એટલા ઉન્મત્ત બની રહ્યા છે કે તેઓ અહંકારપૂર્ણ બુદ્ધિની મૂઢતાવશ મદોન્મત્તતામાં એ પણ જોઈ-વિચારી શકતા નથી કે તેઓ પોતે જે માર્ગનું અનુસરણ કરી રહ્યા છે કે પછી તેઓ પોતે બીજાઓને જે માર્ગ ચીંધી રહ્યા છે તેનું અધુના માર્ગત્વ છે પણ ખરું કે નથી. **'महाजनो येन गतः स पन्थाः'** એ વાત તો સાચી પણ મહાજનોના ગયા પછી કાળબળે એ પન્થમાં વચ્ચે કોઈ ગાબડાં પડ્યાં છે કે ખાડા થઈ ગયા છે કે તે માર્ગ મિટાવી મકાન ઊભું કરવામાં આવ્યું છે કે લાંબાકાળ સુધી માર્ગની સુધારણા ન થતાં માર્ગમાં ધૂળ-ઘાંખર-કાંકરા-કાંટા-અવરોધો વગેરે શું શું પેદા થઈ ગયું છે તેને પણ જોવાનો વિવેક તો જરૂરી જ છે. બાપ-દાદા આ સીડી ચઢી ઉપર જતા હતા અને ઘણો સમય વીતી ગયો તો આજે આ સીડીનાં પગથિયાં પગ મૂકવા જેવાં રહ્યાં છે કે નહીં કે પછી સડી ગયાં છે, અથવા તો સીડીના આજુબાજુના બે મુખ્ય આધારો મજબૂત રહ્યા છે કે કેમ કે પછી સીડી નીચેની જમીન મજબૂત રહી છે કે કેમ કે પછી ધસું-ધસું થતી દિવાલમાં ખીલાના જોરે જ માત્ર સીડી અધ્ધર અટકી રહી છે તે જોવાનો પણ વિવેક તો જરૂરી જ છે. તેવી જ રીતે શાસ્ત્રોમાં આ બધાને માર્ગ સંજ્ઞા મળી તે એના માર્ગત્વમાં કયા કયા ગુણધર્મો જરૂરી છે અને તે અધુના શક્ય છે કે કેમ તે તો વિચારવું જ જોઈએ, નહીં કે આંધળુ-કિયા કરીને કોઈને અડીએ ચઢાવી દેવા જોઈએ કે શાસ્ત્રમાં લખ્યું છે કે **'स्वर्गकामो यजेत'** અથવા **'तरति ब्रह्महत्यां योऽश्वमेधेन यजते'** એટલે જ સ્વર્ગકામેષ્ટિ કરાવ, મર્યા પછી સ્વર્ગમાં પહોંચી જશે કે પછી અશ્વમેધ યજ્ઞ કરાવ, બધાં પાપોથી તારો છુટકારો થઈ મોક્ષ પામશે. જે વેદમાં આ વાત લખી છે તે વેદમાં આ યજ્ઞો માટેનાં જરૂરી સાધનો કે જે દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર, કર્મ વગેરે રહ્યાં છે તે આજે શુદ્ધ રૂપમાં ઉપલબ્ધ છે ? અને જો ન હોય તો તેવાં અશુદ્ધ સાધનોથી કરવામાં આવેલ કર્મ ઉક્ત સત્ ફલને સાધી શકે છે ? એનો નિર્ણય પણ વેદોથી જ

કરવો જોઈએ કે જે આજે કરવામાં આવતો નથી. તેવી જ રીતે વેદોમાં **‘आत्मा वाऽरे दृष्टव्य....’** **‘तत्त्वमसि’** **‘अहं ब्रह्मास्मि ब्रह्माहमस्मि’** વગેરે વાક્યોમાં આત્મા દ્દષ્ટવ્ય-શ્રોતવ્યાદિ છે. આત્માના અર્થે સર્વ પ્રિય થાય છે. આત્મલાભથી અધિક કંઈ પણ નથી વગેરેમાં વપરાયેલો આત્મ શબ્દ જીવ પરક છે કે પરબ્રહ્મ પરક છે ? તેમજ તે તું છે કે હું બ્રહ્મ છું વગેરે વાક્યો વેદોમાં કયા સન્દર્ભમાં કેવી રીતે કહ્યાં છે ? તેનો પણ વિચાર જરૂરી છે. આજથી ઘણાં વર્ષો પૂર્વ વડોદરાના કલેકટર તરીકે લલિતચન્દ્ર દલાલ હતા. તે ઘણીવાર જરૂર પડતાં આવેશમાં બોલી દેતા કે હું જ ભારત સરકાર છું. એમની આ વાત તો સાચી છે કે વડોદરામાં ભારત સરકારનું કાર્ય કરવા કલેકટર પદ અધિકૃત છે પણ તેથી કંઈ તેમનામાં પ્રધાનમંત્રીની કે પછી રાષ્ટ્રપતિની સત્તા શક્તિ તો ન જ માની શકાય અને તેમ છતાં પણ જો કોઈ કલેકટર તેની બરોબરીની અનધિકાર ચેષ્ટા કરવા જાય તો મોટો દંડ ભરવા સિવાય બીજું શું પરિણામ તેને મળી શકે તેમ છે ? આ પણ વિચારણીય છે. તેવી જ રીતે ભક્તિશાસ્ત્રોમાં **‘भक्त्या त्वनन्यया शक्य’** **‘भक्त्या मामभिजानाति’** **‘भक्त्याहमेकया ग्राह्यः’** વગેરે વાક્યોથી ભક્તિને ભગવત્ પ્રાપ્તિનું એક માત્ર સાધન કહેવાયું છે તેથી શું ભગવાન જીવકૃત સાધનોથી સાધ્ય-પ્રાપ્ય છે ? ભક્તિ એ જીવકૃત સાધન સાધ્ય છે કે પછી ભગવત્ કૃપા સાધ્ય છે ? તેમજ ભાગવતાદિ શાસ્ત્રોમાં -

दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः ।
श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यते ॥
बहुजन्मविपाकेन तपोध्यानसमाधिभिः ।
नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते ॥

વગેરે વાક્યોથી વૈદિક પૂર્વકાંડોક્ત-ઉત્તરકાંડોક્ત કર્મોથી ક્ષીણપાપ થવું એ કૃષ્ણભક્તિનું સાધન છે તો પછી જ્યારે સાધનોથી ભક્તિ અને ભક્તિથી ભગવાન લભ્ય છે તો શા માટે ભગવત્ કૃપાની આકાંક્ષા રાખવી ? અગર તો આ વૈદિક સાધનો ભગવત્ કૃપાનાં સાધનો છે ? શું ભગવત્ કૃપા પણ સાધનસાધ્ય છે ? જો એમ જ હોતે તો ભાગવતના છઠ્ઠા સ્કન્ધના આરંભે શ્રીશુકદેવજી કહે છે -

तपसा ब्रह्मचर्येण शमेन च दमेन च ।
त्यागेन सत्यशौचाभ्यां यमेन नियमेन च ॥
देहवाग्बुद्धिजं धीरा धर्मज्ञाः श्रद्धयान्विताः ।
क्षिपन्त्यघं महदपि वेणुगुल्ममिवानलः ॥
केचित् केवलया भक्त्या वासुदेवपरायणाः ॥
अघं धुन्वन्ति कार्त्स्न्येन नीहारमिव भास्करः ॥
न तथा ह्यघवान् राजन् पूयेत तप आदिभिः ।
यथा कृष्णार्पितप्राणस्तत्पूरुषनिषेवया ॥
सध्रीचीनो ह्ययं लोके पन्थाः क्षेमोऽकुतोभयः ।
सुशीलाः साधवो यत्र नारायणपरायणाः ॥
प्रायश्चित्तानि चीर्णानि नारायणपराङ्मुखम् ।
न निष्पुनन्ति राजेन्द्र सुराकुम्भमिवापगाः ॥

(ભાગ.૬-૧-૧૩થી ૧૮)

गुरूणां च लघूनां च गुरूणि च लघूनि च ।
प्रायश्चित्तानि पापानां ज्ञात्वोक्तानि महर्षिभिः ॥
तैस्तान्यघानि पूयन्ते तपोदानजपादिभिः ।
नाधर्मजं तद्हृदयं तदपीशाङ्घ्रिसेवया ॥

(ભાગ.૬-૨-૧૬,૧૭)

श्रृण्वतां गृणतां वीर्याण्युद्दामानि हरेर्मुहुः ।
यथा सुजातया भक्त्या शुद्ध्येन्नात्मा व्रतादिभिः ॥
(ભાગ. ૬-૩-૩૨)

અર્થાત્ - તપ, બ્રહ્મચર્ય, શમ, દમ, ત્યાગ, સત્ય, શૌચ, યમ, નિયમ આ બધા ઉપાયો વડે ધર્મને જાણનારા, શ્રદ્ધાયુક્ત ધીરપુરુષો દેહ, વાણી, બુદ્ધિથી ઉત્પન્ન થયેલા મહાન પાપનો પણ નાશ કરે છે જેમ અગ્નિ વાંસના જંગલને બાળી નાંખે છે. વાસુદેવ ભગવાનમાં પરાયણ થયેલા એવા કેટલાક લોકો પૂર્વોક્ત સાધનોનો ઉપયોગ ન કરી કેવલ ભક્તિ વડે પોતાનાં સર્વ-સમ્પૂર્ણ પાપોનો નાશ કરે છે જેમ સૂર્ય ધુમ્મસનો નાશ કરે છે. હે રાજા પરીક્ષિત ! કૃષ્ણને અર્પિત થઈ ચૂકેલા છે તેવા એક માત્ર કૃષ્ણના જ હેતુથી જીવન જીવતા લોકો પરમ પુરુષ પરમાત્મા શ્રીકૃષ્ણની સેવામાં જ અર્પણ કર્યા છે પોતાના પ્રાણો જેમણે તેવા લોકોના સેવનથી જે પ્રકારે પાપનો નિઃશેષ નાશ થાય છે તે પ્રકારે જેના પાપો નિઃશેષ નાશ થયા છે તેવું પાવિત્ર્ય પૂર્વોક્ત તપ વગેરે સાધનોથી પાપીઓનું થતું નથી. આ લોકોમાં (ત્રિલોકીમાં) આ જ માર્ગ સર્વશ્રેષ્ઠ કલ્યાણકાર અને મોક્ષના સ્વરૂપનો છે કારણ કે નારાયણમાં પરાયણ થયેલા એવા ઉત્તમ ચરિત્ર અને સુંદર સ્વભાવવાળા સાધુજનો આ માર્ગમાં રહેલા છે. હે રાજેન્દ્ર ! જેમ મદિરાથી ભરેલા ઘડાને ગંગા જેવી પવિત્ર નદીઓના જળ પવિત્ર કરી શકતા નથી તેમ ભગવાન શ્રીનારાયણથી વિમુખ લોકોને વારંવાર-અનેકવાર કરાયેલા પ્રાયશ્ચિત્તાદિ પણ પવિત્ર કરી શકતા નથી.

અર્થાત્ - નાનાં-મોટાં પાપોના નાના-મોટા પ્રાયશ્ચિત્તો ધર્મને જાણનારા એવા મહર્ષિઓએ જાણી-સમજીને જ કહ્યા છે. તે તપ, જપ, દાન વગેરે પ્રાયશ્ચિત્તો વડે પાપોનો નાશ થાય છે પરંતુ અધર્મરૂપ પાપોથી અશુદ્ધ બનેલું પાપાચરણના સ્વભાવવાળું અન્તઃકરણ તે તો શુદ્ધ નથી જ થતું, તે અન્તઃકરણ પણ ભગવાનનાં ચરણારવિન્દની સેવાથી અથવા તેમના ચરણનું સેવન કરનારા ભક્તોના સેવનથી શુદ્ધ થાય છે.

અર્થાત્ - સર્વદુઃખ-સર્વપાપનાં હરણ કરનારા એવા શ્રીહરિના સ્વતંત્રક્રીડાપૂર્વક કરેલા મહાન ચરિત્રો વારંવાર સાંભળતાં, ગાતાં એમનામાં જે પ્રભુ પ્રત્યેની સુંદર-પ્રેમમયી ભક્તિ ઉત્પન્ન થાય છે તે ભક્તિ વડે જે પ્રકારની સારી રીતે શુદ્ધિ થાય છે તેવી શુદ્ધિ વ્રત-તપ-જપ વગેરેથી થતી નથી.

આ બધાં વાક્યોથી એમ જાણી શકાય છે કે ઈતર શુદ્ધિનાં સાધનો કરતાં ભક્તિથી જ નિઃશેષ પાપનાશ થાય છે અને ભગવાનના ભક્તો પોતાની શુદ્ધિ અર્થે ભક્તિ સિવાય બીજા સાધનોનો ઉપયોગ નથી કરતા. તેમજ આ બધામાં પણ ભક્તિની જે ઉત્તમતા અને ઉત્તમગુણો કહેવાયેલા છે તે ભગવાન થકી કહેવાયેલા છે. ભક્તિની શ્રવણાદિ ક્રિયામાં જ્યારે ભગવાનનો આવિર્ભાવ થાય ત્યારે જ ભક્તિ પણ ઉત્તમગુણોવાળી બને છે તેમજ ભગવાનનો તેવો આવિર્ભાવ થવો એ જીવકૃત સાધનોથી સાધ્ય નથી. તેથી ભગવાન જ પોતાના અનુગ્રહે જીવને ભક્તિ પ્રદાન કરે છે અને તેના ભક્તિકરણમાં પોતે આવિર્ભૂત થઈ સાક્ષાત્ સ્વરૂપ ભક્તિને યોગ્ય તેની શુદ્ધિ સમ્પાદન કરે છે. તેથી ભક્તિમાં વેદોક્ત સાધનોની નિષ્ઠાથી ભક્તિ શક્ય નથી તો પછી ભગવદ્દનુગ્રહ અર્થે જે જરૂરી છે તેનું જ આચરણ કેમ ન કરવું એ વિહિત ભક્તિનો ઉપદેશ આપનારાઓએ પણ વિચારણીય છે. તેમ છતાં પણ દુરાગ્રહીઓ ભક્તિને અર્થે વેદોક્ત સાધનોની અપેક્ષા કરતા હોય તો તે સાધનો શું આજે સુલભ કે શક્ય છે ? એ પણ વિચારણીય છે.

આ પ્રકારે શાસ્ત્રોમાં જે-જે પણ આત્મશ્રેયને માટે માર્ગો ચીંધાયેલા છે તે માર્ગોનું આ વિકરાલ કલિકાલમાં માર્ગત્વ જ નથી રહ્યું અને આ માર્ગો સ્વરૂપથી, સાધનથી અને ફલથી નાશ પામેલા છે તેથી એવા માર્ગો પર ચાલીને -ચલાવીને કોઈનું પણ કોઈ પણ પ્રકારનું શ્રેય સિદ્ધ થઈ શકે તેમ નથી. તેમ છતાં પણ પોતાની વિદ્વત્તા-પાંડિત્યના અહંકારમાં મૂઢ બનેલા એવા લોકો શાસ્ત્રનું તાત્પર્ય નહીં જાણીને લોકમાં તે અમાર્ગ માર્ગોનો જે ઉપદેશ કરે છે તે વાસ્તવમાં અકલ્યાણકર-દોષરૂપ જ છે અને તેવા ઉપદેશોનું અનુસરણ કરનારાઓ પણ વાસ્તવમાં ધર્મના નામ પર અધર્મ જ આચરી રહ્યા છે. કારણ કે **‘धृञ् धारणे’** થી બનેલો ધર્મ શબ્દ જે-તે

સમયે ધારણ કરવા યોગ્ય કર્તવ્યનો નિર્દેશ કરે છે અને શ્રીભાગવત જણાવે છે કે - **‘तत्कर्म हरितोषं यद् सा विद्या तन्मतिर्यया’** સાચું કર્મ એ જ છે કે જે કરવાથી શ્રીહરિને સંતોષ થાય અને સાચું જ્ઞાન-વિદ્યા એ જ છે કે જે જાણવાથી ભગવાનમાં બુદ્ધિ થાય. જેનાથી હરિનો સંતોષ ન થાય અને જેનાથી ભગવાનમાં મતિ ન સધાય તે ક્રિયા-જ્ઞાન મિથ્યા જ છે. તેથી તેવા ક્રિયા-જ્ઞાન ધારણ કરવાં યોગ્ય નથી એ નક્કી છે. તેમ છતાં પણ માર્ગપ્રવર્તકો - ઉપદેશકો વગેરે જે તપ, યજ્ઞ, દાન, યોગ વગેરે માર્ગોનું પ્રવર્તન કરી રહ્યા છે તે વાસ્તવમાં નર્યો આડમ્બર અને પાખંડ માત્ર છે. કારણ કે જે હેતુથી આ બધાનો ઉપદેશ આપે છે તે હેતુ તો બર આવે તેમ છે જ નહીં. આડંબર એટલા માટે છે કે જેમ પહેલા સુરતમાં એવા કારીગરો હતા કે સોના ચાંદીમાંથી પાતળા દોરા જેવા તાર ખેંચી આપતા હતા અને તે તારને બરાનપુર (મ.પ્ર.) ના કારીગરો લાલ, લીલા, પીલા, કાળા દોરા સાથે વણીને લાલ, લીલું, પીળું, કાળું, રૂપેરી જરીનું કપડું તૈયાર કરતા હતા ત્યારે તેવા કપડાનો ધંધો કરનારા લોકો દુકાન પર લખતા કે **‘સોના ચાંદીના તારમાંથી બનેલાં જરીનાં કપડાં અહીંથી મળશે.’** પણ છેલ્લા ૩૦-૪૦ વર્ષથી સુરતના અને બરાનપુરાના કારીગરો પરવારી ગયા અને બજારમાંથી મોરારજી દેસાઈ કૃત ગોલ્ડકંટ્રોલ યોજના અમલમાં આવી તેથી સોનું પણ દુર્લભ થઈ ગયું અને સોના-ચાંદીના ભાવો પણ આસમાને પહોંચ્યા તેથી એ ધંધો પડી ભાંગ્યો, પણ દુકાનદારોએ તેથી તેમણે દુકાનના બોર્ડમાં સામાન્ય લખાણનો ફેરફાર કરી બોર્ડ ચાલુ રાખ્યું અને તેમાં લખ્યું કે **‘સોનેરી રૂપેરી તારમાંથી બનેલ જરીનું કપડું અહીંથી મળશે.’** આમાં સોના-ચાંદીની જગ્યાએ જેમ સોનેરી-રૂપેરી તાર એ પાખંડ છે, સોના જેવું-ચાંદી જેવું ચમકતું કપડું હોવા છતાં પણ સત્ત્વહીન છે, લોકો માત્ર ચમકતું છે તે જોઈ આકર્ષાય છે અને વધારે પાલીસ કરી ચમકતું રાખી લોકોને આકર્ષે છે, તેમ આ માર્ગો પણ સત્ત્વહીન હોવા છતાં સોનેરી-રૂપેરી જેવા ચમકતા છે અને લોકો ચમકમાં અંજાઈ એ માર્ગોમાં વળી રહ્યા છે. આ રીતે માત્ર અહંકારથી મૂઢ બનીને પોતાના જ્ઞાનનો ખોટો ઘમંડ રાખી યેન-કેન પ્રકારેણ પોતાનું ગુરુસ્થાન જાળવી રાખી શિષ્યનું કલ્યાણ થાય કે ન થાય પોતાનું ગુરુપદ જળવાઈ રહે તે માટે અનેક લોકોને તેવા માર્ગમાં વાળવા એ

પાપ જ છે, એવા પાપમાં સ્થિતિ કરવી એ પાપાનુવર્તિત્વ છે. જે બ્રાહ્મણો ગાયત્રીનો જપ પણ ન કરતા હોય અને સંધ્યાવન્દનાદિ પણ ન કરતા હોય તેમજ આચાર-વિચારથી પણ રહિત થઈ ગયા હોય તેવા લોકો સંક્રાન્તિ વગેરે પર્વો પર દાનગ્રહણ-બ્રહ્મભોજનાદિ કરે, ઉપનયન- વિવાહાદિ પ્રસંગોએ કર્મ કરાવે ત્યારે એમનામાં કર્મનું કર્તૃત્વ જ ન હોવા છતાં કર્મો માત્ર બ્રાહ્મણવેશે કરાવવા એ પાખંડ જ છે, યોગની બે-ચાર વાતો જાણી લઈ યોગસિદ્ધિ વિના લોકોને યોગનો ઉપદેશ અને લોકોની યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરાવવી અને તે પણ જે યોગ મોક્ષનું સાધન છે તેને ભોગેષણાવાળા દેહના સ્વાસ્થ્ય માટેનો ઉપયોગ એ પાખંડ નહીં તો બીજું શું છે ? આ જગતને શૂન્ય માની વૈરાગ્યના આડંબરમાં સુરા અને સુન્દરીઓમાં લપેટાઈને રહેવું એ પાખંડ નહીં તો શું છે ? યજ્ઞમાં પશુ હોમાતાં જોઈ અહિંસાનું નગારું પીટનારા જીવતા માણસનું બેઈમાનીથી લોહી ચૂસી જનારાઓનું અહિંસા નામ નીચે પાખંડ નહીં તો શું છે ? પોતાનામાં ઈશ્વરત્વનો એક છાંટોએ ન હોવા છતાં પોતાના નામની સાથે પ્રગટબ્રહ્મ, પ્રગટ પુરુષોત્તમ, પ્રગટ કૃષ્ણ, સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ, શિવ સ્વરૂપ, આધુનિક તુલસીદાસ, આધુનિક સાક્ષાત્ શુકદેવસ્વરૂપ, ભગવાન ફલાણા વગેરે ઉપાધિઓથી પ્રસિદ્ધિ કરાવવી એ પાખંડ નહીં તો શું છે ? જો કોઈ બારીકાઈથી વિચારશે તો આજે ગુરુ, સંત, મહાત્મા કે આચાર્ય એ જ છે જે મદારીની માફક ચમત્કારો રજૂ કરતા હોય, માત્ર આવા ચમત્કારોથી જ તેમને ઉપરની ઉપાધિઓ મળી જતી હોય છે. પાખંડની એક વાત કહું-હું ગયે વર્ષે જયપુર ગયો હતો, ત્યાં એક પરિચિત સ્ત્રીએ મારા હાથમાં એક માદળિયું મૂક્યું અને પૂછ્યું કે થોડા વખત પહેલાં આપણા સમ્પ્રદાયના જ એક શાસ્ત્રીજી ભાગવત સપ્તાહ કથા વાંચન નિમિત્તે જયપુર આવ્યા હતા, તેઓ ખૂબ જ ભગવદીય અને પરમ વૈષ્ણવ હતા અને શ્રીમહાપ્રભુજી પર તેમનો અડગ વિશ્વાસ હતો, તેમણે આ માદળિયું આપ્યું છે અને આવા માદળિયા એમણે ઘણા લોકોને પહેરાવ્યાં છે અને જેને આપ્યાં છે તેનાં કાર્ય સિદ્ધ થયેલાં છે, પરંતુ આપની આજ્ઞા અર્થે આ માદળિયું મેં પહેર્યું નથી, તેથી જો આપ આજ્ઞા આપો તો પહેરું. મેં કહ્યું જોયા-જાણ્યા વગર કોઈને હા-ના કહેવાય નહીં તેથી માદળિયું મને આપો હું જોઉં કે તેમાં શું છે કે શું લખ્યું છે, એ

બહેન અને તેના પતિ-પુત્રાદિ પરિવારના વચમાં જ એ માદળિયું ખોલ્યું તો એમાંથી એક પડીકીની માફક દોરો વીંટાળેલું નાનું ભોજપત્ર હતું, તેને પણ સાચવીને ખોલતાં જોયું અને જોતાં જ બધા જ અવાક રહી ગયા. એની અંદર વાંદા વગેરે પ્રાણીઓના શરીરનાં અંગો મૂકેલાં હતાં. મેં કહ્યું આ મલિન તાંત્રિક પદ્ધતિથી બનાવેલું માદળિયું છે તે વૈષ્ણવો કેમ ધારણ કરી શકે ? આને પણ નર્યો પાખંડ નહીં તો શું કહેવાય ? અમારા એક સજાતીય વિદ્વાનની કે જે પુષ્ટિમાર્ગીય મંદિરમાં રોજ સવારે ભાગવત વાંચે છે અને કથા-પ્રવચનો કરે છે તેમની આ કથા છે- એક બહેન મને મળ્યા, મને ખબર હતી કે એમને એમના પતિ સાથે અણબનાવ છે અને એમના પતિ એમને હડધુત કરતા હતા, એક દિવસ મેં એમને પૂછ્યું કેમ તમારા બંને વચ્ચે કેમ ચાલે છે ? તો તેમણે કહ્યું કે મારા પર તો ભટ્ટજીની કૃપા થઈ અને પહેલાં કરતાં હવે ઘણો ફરક પડચો છે ભટ્ટજીની કૃપા કઈ રીતે થઈ તે જાણવા મેં પ્રશ્ન કર્યો તો તેમણે જણાવ્યું કે ભટ્ટજી જ્યોતિષ જાણે છે તેથી હાથ બતાવા ગઈ હતી, એમણે હસ્તરેખા-જન્માક્ષર જોઈ મને કહ્યું કે હું બતાવું તે ઉપાય કરો તો બધું સારું થઈ જશે. મેં કહ્યું હું પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ છું તેથી મારે અન્યાશ્રય નથી કરવો, તો ભટ્ટજીએ કહ્યું કે તમે તો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ છો પણ હું તો પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોને જાણનાર પંડિત છું તેથી કૃષ્ણમંત્ર સિવાય બીજા મંત્રોનો હું પ્રયોગ કરું જ નહીં, તમે મારા પર શ્રદ્ધા રાખો. ત્યાર બાદ પેલા બહેને વધુમાં જણાવ્યું કે એ ભટ્ટજી જે અનુષ્ઠાન કરવાના હતા તેની વિધિમાં જરૂરી હોઈ તે સ્ત્રીના રજસ્વલા અવસ્થાના રજોયુક્ત વસ્ત્ર માગ્યાં અને તે વસ્ત્રને પોતાના આસન નીચે દબાવી મંત્રો જપવા માંડચા, પણ જ્યારથી અનુષ્ઠાન ચાલુ થયું થોડા જ દિવસમાં પતિદેવના વ્યવહારમાં ફરક પડતો ગયો. મેં એ બહેનને કહ્યું કે ભટ્ટજીએ ભલે તમને જે પણ કહ્યું પણ આવી મલિન વસ્તુ સાથેની સાધના એ કૃષ્ણભક્તિમાં કે સમ્પ્રદાયમા એનું સ્થાન જ નથી, નક્કી એમણે કોઈ મલિન તાંત્રિક પ્રયોગ કરેલો છે. આ પાખંડ નહીં તો શું છે ? આવા જ કોઈક પાખંડીએ પોતાની વિદ્વત્તાનો દુરુપયોગ કરી **‘સુદર્શન કવચ’** જેવા મંત્રસાધનાના ગ્રંથને શ્રીઆચાર્યચરણના નામ પર ચડાવી વૈષ્ણવ જગતને છેતરવાનો ધંધો કર્યો છે. કૃષ્ણાશ્રયસ્તોત્રના રચયિતા શ્રીવલ્લભાચાર્યચરણ આવા

સાહિત્યનું નિર્માણ કરે એ સ્વપ્નમાંએ માની જ નહીં પણ વિચારી શકાય તેમ પણ નથી. આ ગ્રંથ એ પણ પાખંડ જ છે. હું લગભગ ૧૩-૧૪ વર્ષની વયનો હતો ત્યારે વિસનગર ગયો હતો, ત્યાં આપણા એક વૈષ્ણવ જ (માત્ર નામના) હતા પણ તેમની નિષ્ઠા હિન્દુ ધર્મના સુપ્રસિદ્ધ મોટા આચાર્યમાં હતી, તેમણે જણાવ્યું કે હું એમને મનથી ગુરુજી માનું છું અને એમણે મને સેવાર્થ પોતાની ચરણ પાદુકા પધરાવી આપી છે, ગુરુજી આશ્રમે સંન્યાસી હતા, પણ પેલા ભાઈના જણાવ્યા અનુસાર એમને ભોજન કરાવવું હોય તો તેનો ચાર્જ તે વખતે ૧૦૦૧ હતો કારણ કે એમની દાળમાં પણ બદામ-પિસ્તાની કાતરી પડતી હતી. અને એમની પધરામણીનો ચાર્જ ઓછામાં ઓછા રૂ.૧૦૦૧ હતો, તેઓ મખમલના જ ગાદી-તકિયાને આસનોનો ઉપયોગ કરતા હતા, એમનાં પાત્રો પણ ઘણું કરીને સુવર્ણનાં તથા ચાંદીનાં હતાં. મને થયું સારું છે કે આ સંન્યાસી છે વર્ના તો પછી પાના-માણેકનાં જ પાત્રો અને પરવાળાના ચમચા વાપરતે. આ પણ સંન્યાસનો મહા આડંબર છે. એક સમ્પ્રદાયમાં તેમના સાધુઓએ કમંડલમાં જ બધી ભિક્ષા લેવાની હોય છે અને જે મળે તે બધુ ભેગું મેળવીને જ જમવાનું હોય છે. થોડા વખત પહેલાં એક આધુનિક કમંડલ મારા જોવામાં આવ્યું કે જેનો આ સાધુઓ ઉપયોગ કરે છે, એ કમંડલને એવી રીતે બનાવવામાં આવ્યું હતું કે અલગ-અલગ એમાં ચાર ખાના હોય જેથી કમંડલમાં ભિક્ષા લેવાનો ધર્મ પણ સચવાય અને દાળ, ભાત, શાક જે મળે તેને સ્વાદેન્દ્રિય પોષવા જુદા રાખી પણ શકાય. આ કેવો આડંબર ? ભગવાં વસ્ત્ર ધારણ કરી સદૈવ મુખથી જનકલ્યાણની વાતને બોલનારા અને વળી પાછા સ્ત્રી શરીરથી ૨૫ ફૂટ દૂર જ રહેનારાઓને પણ સજાતીય સંબંધો-હોમોસેક્સ (Homosex) માં સંડાવોયેલા જાણવા-સાંભળવા મળે છે. આ બધી જ બાબતો ઉચ્ચવર્ગની પાપમાં સ્થિતિને દર્શાવે છે. તેથી પાપાનુવર્તી પદ પ્રયોગમાં બંને અર્થો લઈએ ત્યારે ઉચ્ચવર્ગ પાપમાં સ્થિતિ કરી રહ્યો છે અને તેથી તેનું અનુવર્તન કરનારાઓ પણ પાપાનુવર્તી જ છે એમ નિશ્ચય થાય છે.

આ બધાંની પાપમાં જ સ્થિતિ છે તો પછી એ લોકો ધર્મનો આશ્રય કરી

સન્માર્ગનો સદુપદેશ કેમ કરતા હશે ? એવો પ્રશ્ન થાય તેથી શ્રીઆચાર્યચરણ કહે છે કે -

‘लाभपूजार्थयत्नेषु’ એ લોકો સદુપદેશ સદાશયથી નહીં, અપિતુ સ્વાર્થ પોતાનો લાભ અને પોતાની પૂજા સદા થતી રહે તે હેતુથી કરતા હોય છે. અહીં ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે :

શ્રીરઘુનાથજી - **‘लाभो द्रव्यादेः पूजा स्वोन्नतिपूर्वकं लोककृतसन्माननम्, अर्थः स्वप्रयोजनं, एतत् त्रितयसिद्ध्यर्थमेव यत्न उद्यमो येषां तेषु सत्सु’** લાભ=દ્રવ્ય વગેરેનો, પૂજા =પોતાની ઉન્નતિપૂર્વક લોકો દ્વારા કરાતું સન્માન, અર્થ = સ્વપ્રયોજન (પોતાને અર્થે), આ ત્રણ વાતની સિદ્ધિને અર્થે જ જેનો યત્ન-ઉદ્યમ છે એવા સત્પુરુષો.

શ્રીકલ્યાણરાયજી - **‘ज्ञानवत्कृतिरपि तेषां दुष्टेत्याहुः लाभपूजार्थयत्नेष्विति । लाभपूजार्थमेवयत्नो येषां, ते पारमार्थिकमपि कर्म लाभपूजाभ्यामेव कुर्वन्ति ।’** તેમનું જેમ અહંકારથી મૂઢ સ્વરૂપનું જ્ઞાન દુષ્ટ છે તેમ તેમની કૃતિ પણ દુષ્ટ છે - જ્ઞાન-કૃતિ બંનેથી દુષ્ટ છે તે શ્રીઆચાર્યચરણ જણાવે છે કે લાભ પૂજાને અર્થે જ જેમનો યત્ન છે, તે લોકો માત્ર લૌકિક કર્મ જ નહીં પરંતુ પારમાર્થિક કર્મ પણ પરમાર્થ સિદ્ધ કરવા નહીં પણ લાભ અને પૂજાને માટે જ કરે છે.

શ્રીદ્વારિકેશ્વરજી - **‘ननु तेऽपि स्वोपजीव्यान् परमधर्मादिकं बोधयन्त इव दृश्यन्ते कथं ते तादृशास्तत्राह लाभेति । लाभार्थं या पूजा तस्यामेव कृतप्रयत्ना न तु भगवत्कीर्तनादौ सन्तुष्टाः सन्तः परस्परं पूजयन्ति, तादृशी तु नापेक्षिता । यद्वा, स्वलाभार्थं स्वपूजार्थं च यत्नो येषाम् ....’** તે લોકો પણ પોતાના આશ્રયે-આધારે શ્રદ્ધા રાખી રહેનારાઓને પરમધર્મ વગેરેનો બોધ આપતા ન હોય એમ દેખાય છે તો પછી કેમ કરીને તે

લોકોને પાપાનુવર્તી છે તેમ માની શકાય ? ત્યાં શ્રીઆચાર્યચરણ કહે છે - પોતાના લાભ અર્થેની જે પૂજા તેમાં જ તે લોકો કૃત પ્રયત્ન-પ્રયત્નશીલ-રચ્યાપચ્યા છે, ભગવત્ કીર્તન વગેરેમાં સંતુષ્ટ થઈને પરસ્પર પૂજે છે તેમ નથી. (શિષ્યો પણ પોતાના લાભ-સ્વાર્થ અર્થે આવા ગુરુઓને પૂજે છે અને ગુરુઓ પણ પોતાના લાભ-પૂજા અર્થે જ શિષ્યો ભેગા કરે છે), તેવી પૂજા તો અપેક્ષિત નથી જ. અથવા તો પોતાના લાભને અર્થે અને પોતાની પૂજા અર્થે જેનો યત્ન ઉદ્યમ છે તેવા.

શ્રીવ્રજરાયજી - **‘अक्रुरादेः कंसाद्यनुवृत्तिवदनुवर्तित्वेऽप्यदोष इति तद् व्यावृत्त्यर्थं विशेषणान्तरं लाभेत्यादि । लाभो द्रव्यादेः, पूजा उन्नतिः, अर्थशब्दो द्वन्द्वान्ते श्रुतः प्रत्येकं सम्बध्यते, तेन तदर्थं यत्नो बाह्याभ्यन्तर उद्यमो येषामिति’** અક્રૂરજી વગેરેએ કંસ વગેરેની (લાચારીથી) અનુવૃત્તિ કરવી પડેલી તેની માફક યદિ પાપીપુરુષોનું અનુવર્તીપણું આવે તો તેમાં કોઈ દોષ માનવો જોઈએ નહીં ? તો એમ નથી એ જણાવવા વિશેષણ કહીને ત્યારબાદ લાભ પૂજાર્થ યત્ન છે જેનો એમ શ્રીઆચાર્યચરણ જણાવે છે. **લાભ** દ્રવ્ય વગેરેનો, **પૂજા**-ઉન્નતિ, **અર્થ** શબ્દ લાભ-પૂજા બંનેના અંતે વપરાયેલો હોઈ બંને પદ સાથે સંબંધ કરે છે, તેથી બાહ્ય અને અભ્યન્તર એમ બંને પ્રકારે લાભને અર્થે અને પૂજાને અર્થે જેનો યત્ન-ઉદ્યમ છે તેવા.

વિવરણકાર - **‘तन्मार्गे न साधनदशायां न च फलदशायां तदनुभवः, यतो लाभः आत्मलाभः पूजा तत्साधनार्थं मनस्येव कल्पितमूर्तेरुपासनारूपा, तदर्थमेव यत्नो येषां तादृशेषु ।’** અહંબ્રહ્મને માનનારાઓના જ્ઞાનાદિ માર્ગમાં સાધનદશામાં પણ આનન્દાનુભવ નથી અને ફલદશામાં પણ આનન્દાનુભવ નથી જેથી કરીને લાભ એટલે આત્મલાભ અને પૂજા એટલે તે આત્મલાભની સાધના અર્થે મનમાં જ કલ્પિત મૂર્તિની ઉપાસના રૂપા, તેને અર્થે જેનો યત્ન છે તેવા.

આ પ્રકારે પૂર્વોક્ત લોકોનું દેખાતું જે ધર્માચરણ કે પછી તેમના દ્વારા થતો ધર્મોપદેશ એ પણ જગતના દીન દુઃખી જીવોના ઉદ્ધારાર્થે કે પછી ભગવન્નામ લેવું -લેવડાવવું એ હેતુથી નહીં પરંતુ તેના વડે - તે ધર્માચરણના દેખાવ-દંભ વડે પોતાને સતત દ્રવ્ય, રત્ન, અન્ન, વસ્ત્ર વગેરેની પ્રાપ્તિનો લાભ થતો રહે તથા પોતાની લોભી વૃત્તિ છતી ન થાય અને લોકમાં પોતાનું સદા સંત મહાત્મા તરીકેનું સન્માન જય-જયકાર થતો રહે તે માટે તે લોકો ધર્મ આચરણ અને ધર્મનો ઉપદેશ કરે છે.

તેથી આવી પરિસ્થિતિમાં આવા લોકોનો ધર્માર્થે, પુણ્યાર્થે કે શ્રેયાર્થે સંગ-આશ્રય કરવામાં આવે તો **‘લોભી ગુરુ લાલચુ ચેલા, દોનોં નરકમેં ઠેલમઠેલા’** જેવી જ દુર્દશા થાય. તેથી આવા લોકો અને તેમના માર્ગો તરફ આંખ ઉઠાવીને પણ જોવાનું ન રાખી, વાસ્તવમાં ધર્મના વક્તા અને કર્તા ભગવાન જ છે, ભગવાન જ સમય-સમય પર અવતાર રૂપે કે મહાપુરુષ રૂપે ભૂતલ પર આવી પોતાના આચરણ અને વાણી દ્વારા ધર્મનું સ્થાપન, ઉપદેશ આપે છે. તેથી આ બાબતમાં અન્ય આશ્રય છોડી ભગવદવતારોએ કે ભગવત્પુરુષોએ જે ધર્મનું શિક્ષણ આપણને આપવા આચરણ કર્યું હોય યા તો તેમના દ્વારા ઉપદિષ્ટ જે ધર્મ હોય તેનો જ પ્રભુ શ્રીકૃષ્ણનો આશ્રયભાવ હૃદયમાં ધારણ કરી ભગવાનને જ પોતાના પરમગુરુ માની ભગવત્ શાસ્ત્રોનો સંગ અને આશ્રય કરવો, તેનું જ વાંચન, પઠન, મનન, અનુશીલન કરવું અને એના અનુકૂલ જે અન્ય શાસ્ત્રો કે લોકોની વાત હોય તે માનવી અને તેના વિરુદ્ધનું જં કંઈ પણ હોય તેને **‘एतद्विरुद्धं यत् सर्वं न तन्मानं कथं च न’** પ્રમાણે ત્યાગવું આ આશ્રયભાવ પરત્વે શ્રીઆચાર્યચરણ શ્લોકના અંતે જણાવે છે **‘कृष्ण एव गतिर्मम’** ॥ ૪ ॥

◆ ◆ ◆

શ્લોક – પાંચમો

अपरिज्ञाननष्टेषु मन्त्रेष्वव्रतयोगिषु ।
तिरोहितार्थदेवेषु कृष्ण एव गतिर्मम ॥ ५ ॥

अन्वय : मन्त्रेषु अपरिज्ञाननष्टेषु अव्रतयोगिषु तिरोहितार्थदेवेषु कृष्ण एव मम गतिः (अस्तु) ।

અર્થ - મંત્રોના દેવતા, તાત્પર્ય, ફલ, વિનિયોગ વગેરેના સમ્યગ્ જ્ઞાનનો અભાવ તે અપરિજ્ઞાન તેના વડે મંત્રો અને ગુરુકુલવાસ, બ્રહ્મચર્ય, અધ્યયન, ધર્મ પરિપાલનના અભાવે અથવા તો એકાદશી, જન્માષ્ટમી વગેરે વ્રતોમાં તિથિ વગેરેના સમ્યગ્ જ્ઞાનના અભાવે અવ્રતપણાનો સંબંધ થયો હોવાથી તે મંત્રો અને વ્રતો નષ્ટ થતાં, વળી તેને કારણે **અર્થ** એટલે **મંત્ર, પ્રયોજન** અને દેવ એટલે તે મંત્ર-વ્રતની અધિષ્ઠાત્રી દેવતા તિરોહિત થતાં કૃષ્ણ જ મારી ગતિ હો ॥ ૫ ॥

સ્તોત્ર વિવરણ - ચોથા શ્લોકમાં કર્તાની ધર્મમાં અસાધકતા જણાવી, સત્પુરુષો એટલે કે માર્ગપ્રવર્તકો, ઉપદેશકો તથા સંતો, મહાત્માઓ નામે પ્રસિદ્ધ લોકો પણ અહંકારમાં મૂઢ બની પોતાના લાભ-પૂજાને અર્થે જ પાપાનુવર્તી થઈ ધર્મના નામે અધર્મની પ્રવૃત્તિ કરે છે તેથી તેવાઓનો સંગ-આશ્રય એ અકર્તવ્ય છે. તેથી ધર્મપ્રવર્તક ભગવચ્ચરિત્રોનું અનુસંધાન-પઠનાદિ ભગવદાશ્રયભાવે કરીને રહેવું જ કર્તવ્ય છે એમ નિશ્ચય કરી હવે આ પાંચમા શ્લોકમાં ધર્મનું પાંચમું અંગ **મંત્ર** એની પણ અસાધકતા છે તે **અપરિજ્ઞાન** વગેરે વાક્યોથી જણાવે છે. અહીં પણ **‘कलौ च खलधर्मिणि’** એ પદ અધ્યાહાર સમજવું.

‘अपरिज्ञाननष्टेषु मन्त्रेषु’ અહીં ટીકાકારોનો મત નીચે મુજબ છે :-

શ્રીરઘુનાથજી - **‘वृद्धजनगुर्वाद्युपसत्त्यभावेन विद्योपशमात्पाठार्थ-**

विनियोगादीनामपरिज्ञानेन मन्त्रेषु नष्टेषु तिरोहितेषु सत्सु’ વૃધ્ધજનો, ગુરુજનો વગેરેની સેવા-પરિચર્યા અને સંબંધના અભાવને કારણે (પારમ્પરિક) વિદ્યાનો વિરામ થવાથી મંત્રપાઠને અર્થે વિનિયોગ, ઋષિ, છંદ, દેવતા વગેરેના અપરિજ્ઞાન વડે મન્ત્રો નષ્ટ થતાં એટલે કે તિરોહિત થતાં.

શ્રીકલ્યાણરાયજી - **‘मन्त्रा वैदिका आगमोक्ताश्च, तेषु अपरिज्ञाननष्टेषु अपरिज्ञानेन तात्पर्यफलदेवतास्वरूपाज्ञानेन नष्टप्रायेषु सत्सु ।’** વેદમાં તથા આગમ શાસ્ત્રોમાં કહેવાયેલા મંત્રો તેના તાત્પર્ય, ફલ, દેવતા સ્વરૂપ વગેરેના અજ્ઞાનને કારણે નષ્ટપ્રાયઃ થતાં.

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘अपरिज्ञान नष्टेष्विति । तेषां परितो ज्ञानमङ्गान्युररीकृत्य फलपर्यन्तं स्वरूपनिर्धारः । किञ्च, गोपालादिमन्त्राणामपि वाराङ्गनावशीकरणादिकं फलत्वेन श्रूयत इत्यनर्थोपशमं साक्षाद् भक्तियोगमधोक्षजे इति वचनाद् भगवन्मन्त्राणां विषयादिषूपयोगोऽपरिज्ञानादेव भवति तेनानर्थोऽपशमस्य भक्तियोगस्य विषयाद्युपयोगे जाते नष्टत्वम् ।’** તે મંત્રોનું પરિતઃ એટલે સર્વ પ્રકારે જ્ઞાન એટલે મંત્રોના વિનિયોગ વગેરે અંગોને સારી રીતે જાણીને મંત્રના ફલ પર્યન્તનું સ્વરૂપ નિર્ધારણ થવું એ પરિજ્ઞાન (તેવા જ્ઞાનનો અભાવ એટલે અપરિજ્ઞાન), વળી ગોપાલમંત્ર, રામમંત્ર, નૃસિંહમંત્ર વગેરે મંત્રોનું - વારાંગનાઓને વશ કરવામાં ગોપાલમંત્રનું, સભાજય-કાર્યસિદ્ધિ કરવામાં રામમંત્રનું, લક્ષ્મી પ્રાપ્તિ-પ્રેતાદિ બાધા નિવૃત્તિ વગેરેમાં નૃસિંહમંત્રનું ફળ સાધારણ સમાજમાં સાંભળવામાં આવે છે, આના વડે કરીને **ભગવાનમાં ભક્તિની યોજના વડે સર્વ અનર્થોનું ઉપશમન થાય છે** (ભાગ.૧-૭-૬) એ વચન મુજબ સાક્ષાદ્ ભગવન્મંત્રોનો લૌકિક વિષયપૂર્તિ વગેરેમાં ઉપયોગ થવો એ અપરિજ્ઞાન થકી જ થાય છે, તેથી કરીને જે અનર્થોનું ઉપશમન કરનારા મંત્રો છે તેવા ભક્તિયોગનો - તેના મંત્રોનો લૌકિક વિષયોમાં ઉપયોગ વગેરે થતાં મંત્રોનું નષ્ટ થવાપણું જાણવું.

શ્રીવ્રજરાયજી - **‘मन्त्रस्य च परिज्ञान’ मित्येकादशे भगवद्वाक्यात्परिज्ञानेन मंत्रशुद्धिः । परिज्ञानं नाम गुरूपसत्त्यादिना विधानन्यासपाठार्थतात्पर्यविनियोगादीनां निर्धारस्तदभावोऽपरिज्ञानं, तेन नष्टेषु । स्वरूपस्य श्रावणत्वेऽपि शुद्ध्यभावेन ‘उत त्वः पश्यन्न ददर्श वाचमि’ तिवददृश्यमानेषु ।’** (ગુરુ દ્વારા પારમ્પરિક પ્રકારે સારી રીતે જાણવાથી) **મંત્રનું પરિજ્ઞાન એ મંત્ર શુદ્ધિ છે.** (ભાગ.૧૧-૨૧-૧૫) આ એકાદશ સ્કન્ધમાં કહેવાયેલ ભગવદ્ વાક્યાનુસાર પરિજ્ઞાન વડે મંત્રશુદ્ધિ થાય છે. પરિજ્ઞાન એટલે ગુરુની સેવા-પરિચર્યા વગેરે વડે વિધાન, ન્યાસ, પાઠ, અર્થ, તાત્પર્ય, વિનિયોગ વગેરેનો નિર્ધાર થવો તે. અને અભાવ એ અપરિજ્ઞાન, એ અપરિજ્ઞાન વડે નષ્ટ થતાં, મંત્રનું સ્વરૂપ કહેવાયેલું હોવા છતાં પણ શુદ્ધિના અભાવ વડે **‘उत त्वः पश्यन्न ददर्श वाचम्’** ની માફક અદૃશ્યમાન થતાં.

વિવરણકાર - **‘यद्यपि ‘एकं शास्त्रं देवकीपुत्रगीत’ मित्यत्र ‘मन्त्रोऽप्येकस्तस्य नामानि यानी’ त्युक्त्या भक्तानां नामैव परो मंत्रः तत्कीर्तनपराः समीचीना एव तेषां तत्कीर्तने तदानन्दानुभवजनिताश्रुपुलकादयोऽपि भवन्ति तथापि तेषां मर्यादामार्गीयत्वात्स्वरूपतोऽपरिज्ञानमेवेति तेषु मन्त्रेषु नामरूपेष्वपरिज्ञानेन नष्टेषु अलक्षितेषु सत्सु ।’** જોકે **‘एकं शास्त्रं देवकीपुत्रगीतम्’** આ સ્થળે **‘मन्त्रोऽप्येकस्तस्यनामानि यानि’** ભગવાનનાં જે પણ નામો છે તે જ એક મંત્ર છે એમ કહ્યું હોવાથી ભક્તોને માટે ભગવન્નામ જ પરમ મંત્ર છે તેથી નામ સંકીર્તન પરાયણ થયેલા સમીચીન જ છે તેમજ આ નામકીર્તનમાં તેમનાં નામ લેવાથી થતા આનંદના અનુભવથી ઉત્પન્ન થનાર અશ્રુ-રોમાંચ વગેરે પણ થાય છે, તેમ છતાં પણ તેમનું મર્યાદામાર્ગીપણું હોવાથી સ્વરૂપતઃ તો તેમને અપરિજ્ઞાન જ છે, તેથી મંત્રોના

નામ-રૂપનાં અપરિજ્ઞાન વડે નષ્ટ થતાં એટલે કે અલક્ષિત થતાં.

આ પ્રકારે બધા જ ટીકાકારોનો અભિપ્રાય ભેગો કરી વિચારવામાં આવે ત્યારે વૈદિકમંત્રો, આગમશાસ્ત્રોક્ત મંત્રો, ગોપાલાદિ ભગવન્મંત્રો અને જે કોઈ પણ ભગવન્નામ છે તે નામાત્મક સર્વ મંત્રોનો મંત્ર પદમાં સંગ્રહ કરવામાં આવે છે. તેમજ તેનું અધુના તિરોધાન એ તે-તે મંત્રોના અનુકૂલ અર્થે જુદી-જુદી રીતે ટીકાકારો જણાવે છે.

વેદ, આગમશાસ્ત્ર, પુરાણો, રામાયણ, મહાભારત વગેરે કોઈ પણ શાસ્ત્રમાં કહેવાયેલા કૃષ્ણ,રામ, નૃસિંહાદિ વૈષ્ણવ મંત્રો હોય, શિવ, ગણેશ, દેવી, યક્ષ વગેરે સંબંધી મંત્ર હોય અને તે પણ લૌકિક કામના પરક, અલૌકિક પ્રાપ્તિ પરક, મોક્ષપરક યા ભગવત્પરક હોય મંત્ર નામ સર્વ ભગવાનને જ લક્ષિત કરીને કહેવાયેલા છે. **‘त्र्यंम्बकं यजामहे’** આ ઋગ્વેદના અથવા તૈત્તિરીયના મંત્રને કોઈ મહામૃત્યુંજયના નામે જાણે કે પછી મોક્ષમંત્રના નામે જાણે પણ મંત્રમાં જે શક્તિ છે તે ભગવાનની જ છે તેમાં સંદેહ નથી. વેદોમાં શિવ, સૂર્ય, પ્રજાપતિ, મરુત, વરુણ, વિષ્ણુ, અગ્નિ, ઈન્દ્ર, વિશ્વકર્મા વગેરે અનેકોની સ્તુતિ કરવામાં આવી છે તે દરેક નામ વસ્તુતઃ તો ભગવાનનાં જ છે. જેમ ગાય વગેરે પ્રાણીના આપણે નામ પાડી તે નામે તેને બોલાવવાનો વ્યવહાર કરીએ છીએ. સમય જતાં એ નામે તમે એ પ્રાણીને બોલાવો તો આ મારું નામ છે એમ સમજી એ જ દોડી આવે છે, તેવી જ રીતે વસ્તુતઃ નામો ભગવાનનાં જ હોવા છતાં પણ જે નામે જે દેવોનો વ્યવહાર કરવાની ઈશ્વરની નિયતિ છે તે અનુસાર તે નામોથી તે-તે દેવો આરાધ્ય થઈ ઈશ્વરના નિયમ પ્રમાણે ઈશ્વર વડે નિયત થયેલા ફલને પ્રદાન કરે છે. જેમ કલેક્ટર, મામલતદાર વગેરે નામો પર તે વ્યક્તિની યાવચ્ચન્દ્રદિવાકરૌ માલિકી થઈ જતી નથી, તે વ્યક્તિનો સંબંધ આ નામ સાથે તો માત્ર ત્યાં સુધી જ હોય છે કે જ્યાં સુધી તે આ સ્થાન પર રહી ભારત સરકાર વતી કાર્યપ્રવૃત્ત હોય. જો કદાચ એ વ્યક્તિને સરકાર બઢતી આપે કે અપદસ્થ કરે તો પણ તે નામ સાથે તેનો સંબંધ કપાઈ જાય છે. તેવી જ રીતે જગતનાં કાર્યો કરવા જે દેવતાને ભગવાને જે સ્થાને અધિકૃત કર્યા છે તે દેવતા તે સ્થાનના નામ પ્રમાણે પ્રસિદ્ધ છે અનેતે મુજબ તેઓ કાર્ય કરે છે. જેમ સૂર્ય, ચન્દ્ર, ઈન્દ્ર, બ્રહ્મા વગેરે નામો ભગવાનનાં જ છે અને તે તે કાર્યો કરવા દેવતાઓ અધિકૃત થતાં તે દેવતાઓ સૂર્ય, ચંદ્ર, ઈન્દ્ર, બ્રહ્મા નામે વ્યવહૃત થાય છે. સૂર્ય અદિતિપુત્ર છે તેથી તેના જન્મ પૂર્વ સૂર્યની સ્થિતિ ન હતી એમ તો ન જ કહેવાય. જો એમ જ હોતે તો **‘चक्षोः सूर्यो अजायत’** એમ **‘चन्द्रमा मनसो जातः’** શ્રુતિઓ કહેતે જ નહીં, તેવી જ રીતે અદિતેય ઈન્દ્ર વગેરે માટે પણ **‘मुखादिन्द्रश्चाग्निश्च’** એમ પણ શ્રુતિ કહેતે નહીં. અતઃ વેદોમાં જે-જે પણ દેવતાઓની સ્તુતિ રૂપ મંત્રો છે તે તાત્પર્યતઃ પરબ્રહ્મ પરમાત્મા ભગવાનનું જ સ્તવન છે, સ્વતંત્ર દેવરૂપમાં તેમનું સ્તવન કરવાનું તાત્પર્ય નથી. જેમ ગીતાના વિભૂતિયોગાધ્યાયમાં **‘नराणां च नराधिपम्’** (ગીતા. ૧૦-૨૭) મનુષ્યોમાં હું રાજા છું એમ કહેવાથી કંઈ ભગવાન રાજાઓની ચાપલૂસી કરી રહ્યા છે કે તેમની યશોગાથા ગાઈ રહ્યા છે તેમ નથી, પણ ત્યાં પણ પોતાનું જ વિશેષ ભવન કહેવાનું તાત્પર્ય છે બલ્કે **‘पाण्डवानां धनञ्जयः’** પાંડવોમાં હું અર્જુન છું વગેરે વાક્યોથી અર્જુન, પરશુરામ વગેરે દ્વારા થયેલા અદ્ભુત પરાક્રમો કે કપિલ વગેરે દ્વારા સંપાદિત જ્ઞાન એમાં એમનું વ્યક્તિગત વૈશિષ્ટ્ય નહીં, પણ ત્યાં પણ મારું જ - ભગવાનનું જ વિશેષ ભવન છે તેમ કહેવાનું તાત્પર્ય છે. તેવી જ રીતે ગીતાનાં વાક્ય દ્વારા **‘वेदैश्च सर्वैरहमेव वेद्यः’** (ગીતા ૧૫-૧૫) તથા **‘सर्वे वेदा यत्रैकं भवन्ति’** (તૈત્તિરીય આ.) વગેરે વાક્યો સમ્પૂર્ણ વેદને તેનાં અંગો સહિત પરબ્રહ્મ પ્રતિપાદક તરીકે જાહેર કરે છે. તેથી વૈદિક જે મંત્રો છે તેનો વસ્તુતઃ વિનિયોગ ભગવદ્ યજન છે અને મંત્રોનું સર્વોપરિ દેવત્વ ભગવદ્રૂપ જ છે. જો તેમ ન હોતે તો **‘कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः’** (ભાગ.૧૨-૩-૫૨) એમ ભાગવતમાં ત્રેતામાં યજ્ઞ વડે વિષ્ણુનું યજન કરતાં એમ કહેતે નહીં. કારણ કે યજ્ઞમાં અનેક દેવોની આરાધના-સ્તવન વગેરે વિધિમાં પ્રાપ્ત થાય છે. તેથી અનેક દેવોનું યજન સ્તવન વડે સિદ્ધિને કહેતે પણ અહીં તો **‘सर्वदेवनमस्कारः केशवं प्रतिगच्छति’** ની વિભાવનાથી જ યજન-સ્તવન

વગેરે છે. તેથી **‘यज्ञो वै विष्णुः’** નિશ્ચય કરીને યજ્ઞ એ વિષ્ણુ છે એ વાક્યમાં દર્શાવાયેલી ભાવના પાછળ સર્વમાં વ્યાપ્ત અને **‘सर्वस्य वशी सर्वस्येशानः’** એવા સર્વનિયન્તા પરબ્રહ્મ વિષ્ણુનું યજન જ રહેલું છે. તેથી જ જે મંત્રદષ્ટા ઋષિઓ છે અથવા તા પ્રાચીન સમયના ઋષિ-મુનિઓ છે તે લોકો વેદ જાણીને, વેદનું પઠનપાઠન કરી-કરાવીને પણ જુદા-જુદા દેવોનો આશ્રય કરવાવાળા નહીં, કિન્તુ પરબ્રહ્મ પરમાત્માનો જ આશ્રય કરીને પરબ્રહ્મના ચિંતનમાં પરાયણ રહેતા અને વિવિધ યજ્ઞો દ્વારા પણ તેઓ દેવોપાસના નહીં, પરંતુ પરબ્રહ્મનું જ યજન-આરાધના કરતા હતા. વેદમાં નિર્દિષ્ટ ઈન્દ્ર, અગ્નિ, સૂર્ય, શિવ વગેરેના મંત્રોનો ઉપયોગ પણ તે તત્ત્વવેત્તા મહર્ષિઓ પરબ્રહ્મના જ યજનમાં ઉપયોગ કરતા હતા. તેથી જ તે સમયે શૈવ, વૈષ્ણવ, શાક્ત વગેરે ઉપાસકોના કે ઉપાસનાના આધાર પર ભેદો ન હતા. તે સમયે સર્વમાં એક જ ભાવના હતી કે **‘यज्ञो वै विष्णुः’** પરંતુ જેમ જેમ કાલમાં રાજસ-તામસ પ્રવાહ વધતો ગયો તેમ તેમ તે કાલમાં રાજસી-તામસી પ્રભાવના કારણે લોકોની -વિદ્વાનોની મતિમાં ભ્રમ થતો ગયો, વેદનો શબ્દાર્થ-તાત્પર્યાર્થ-પ્રકરણાર્થ એની સંકલના નહીં રહેતાં બધા જ એકબીજાથી વિરુધ્ધ પ્રકારે જુદા પડતા ગયા અને સ્વતંત્ર રૂપે અલગ-અલગ દેવોપાસનાનો પ્રકાર સમાજમાં અસ્તિત્વમાં આવતો ગયો. આ પરિસ્થિતિમાં પરમાત્માનું જે રસાત્મક-પરમાનન્દમય મૂલરૂપ છે તે તેમની બુધ્દ્રિમાં ઢંકાતું ગયું, ગાયત્રી જે વેદમાતા તરીકે શાસ્ત્રોમાં પ્રસિધ્ધ છે તેમાંથી પણ સૂર્યોપાસના, શિવોપાસના વગેરેના અર્થો લોકો ગ્રહણ કરતા ગયા અને છેવટે ગાયત્રીને પણ એક દેવી રૂપમાં કલ્પી તેમાંથી સાવિત્રી, લક્ષ્મી, ભવાની, જગદમ્બા વગેરે શક્તિની ઉપાસના પ્રચલિત બની અને આમ ગાયત્રીમંત્રનો પણ પરબ્રહ્મ પ્રતિપાદક વેદથી તાત્પર્યાર્થમાં સંબંધ જુદો પડતો ગયો અને પરિણામે વેદબીજ ગાયત્રી પણ વિવિધ દેવોપાસનાનું શિક્ષણ આપનારી બની ગઈ. તેવી જ રીતે ઋગ્વેદમાં આવતો **‘त्र्यम्बकं यजामहे’** આ મંત્ર પણ પરબ્રહ્મ પ્રતિપાદક હોવા છતાં (**त्रयाणां ब्रह्मविष्णुरुद्राणां अम्बकं पितरम्-सायण**) મહામૃત્યુંજયના નામે શિવોપાસનામાં ઉપયોગ કરતાં જોવામાં

આવે છે, શિવનામે પણ પાછું એકાદશ રુદ્રોમાંના એક દેવ કે જે તમોગુણાભિમાનીની દેવતા છે કે જેને ગીતામાં ભગવાન **‘रुद्राणां शङ्करश्चास्मि’** (ગીતા. ૧૦-૨૩) વાક્યથી તમોગુણાભિમાની દેવતા તરીકે માત્ર પોતાની વિભૂતિઓમાં ગણાવે છે તે રુદ્રની ઉપાસનાપરક મંત્રનો અર્થ ગ્રહણ કરવામાં આવે છે કે જે શિવને ભાગવતના દ્વાદશ સ્કન્ધમાં **‘वैष्णवानां यथा शम्भुः’** (ભાગ. ૧૨-૧૩-૧૬)માં ભગવાનના પરમ ભક્ત રામ-કૃષ્ણ ચરિત્રના પ્રધાન વક્તા તરીકે પરમ વૈષ્ણવરૂપે આલેખિત કર્યા છે. વેદોમાં આવતો સવિતા શબ્દ ભગવાનના જગત પ્રસવકર્તાના અર્થમાં, શિવ શબ્દ કલ્યાણકરના અર્થમાં, તેવી જ રીતે **‘इन्द’** ધાતુથી બનેલો **ઈન્દ્ર** શબ્દ **‘इदि परमैश्वर्ये’** થી ઐશ્વર્યને દર્શાવતો હોઈ પરમાત્માને જ દર્શાવે છે, કારણ કે સ્વર્ગાધિપતિ ઈન્દ્ર કરતાં અધિક શ્રેષ્ઠ ઐશ્વર્ય તો સ્વર્ગથી ઉપરના લોકોનું અને તેમાં પણ સત્યલોકસ્થ બ્રહ્માનું કહેવાયું છે. તેવી જ રીતે વિશ્વકર્મા શબ્દ વિશ્વ જેનું કર્મ છે એવા વિશ્વકર્મા પરમાત્માને જ દર્શાવે છે. આ બધા જ ભગવાનનાં જુદાં-જુદાં રૂપો છે અને તે તે નામો ભગવાનની વિવિધ રૂપમાં સર્વશક્તિમત્તાને દર્શાવે છે કે જેને શ્રીઆચાર્યચરણે આ સ્તોત્રમાં જ આગળ **‘सर्वसामर्थ्यसहितः’**થી જણાવ્યું છે. તેમ છતાં બુધ્દ્રિમાં રાજસ-તામસની વધુ વ્યાપ્તિ થવાથી વેદોના વાસ્તવિક અર્થ ગ્રહણ કરવા બુધ્દ્રિ અસમર્થ બનતાં તે ભગવાનનાં બધાં જ નામોને ભગવાનથી ઈતર દેવોમાં ઘટાવે છે તે એમની બુધ્દ્રિની મૂઢતા જ છે. એકવાર આજથી ઘણાં વર્ષો પૂર્વ એક વૈષ્ણવ પરિવારને ત્યાં મારે જવાનું થયું, એ પરિવારમાં એક બહેનને શ્રીરામ પર ઘણી શ્રધ્ધા તેથી એમણે પોતાને માટે અલગથી રામસેવા રાખેલી, મને કહ્યું મહારાજશ્રી આપ મારી સેવાનાં દર્શન કરશો ? જેથી કંઈ ક્ષતિ હોય તો સુધારી શકાય, એ બહેને એક નાના લાકડાના કબાટમાં મને એમની રામસેવા બતાવી તો હું જોતાં જ અવાક રહી ગયો, શ્રીરામના ચિત્રની જગ્યાએ રામ-સીતાના વેશમાં તે સમયના સિનેમાના નાયક-નાયિકા ભારતભૂષણ અને નિરૂપા રોયનો ફોટો હતો, મેં પૂછ્યું આ ચિત્ર ક્યાંથી લાવ્યા ? તો એમણે કહ્યું રામરાજ્ય સિનેમા આવેલી ત્યાં સિનેમાગૃહેથી

લઈ આવી છું. આ પણ જેમ એક પ્રકારની મૂઢ શ્રદ્ધા છે તેમ પરમાત્માનાં જ અનંત નામોમાં પરમાત્માથી અલગ કોઈની કલ્પના પણ મૂઢતા જ છે. જો આ દેવતાઓમાં ભગવાનની વિભૂતિ જાણી પરમાત્મોપાસનના અંગ તરીકે તે-તે દેવનો વ્યવહાર થતો હોય તો વૈદિક વિધિ માની શકાય છે. જેમ ભગવાનના વિરાટ સ્વરૂપના ધ્યાન અર્થે **'पातालमेतस्य हि पादमूलम्'** (ભાગ.૨-૧-૨૬) પ્રકારે પાતાલ લોકને ભગવાનના પાદમૂલ રૂપમાં ધ્યાન કરવું, એમ ચરણ મૂલથી ધ્યાન કરતાં કરતાં સંપૂર્ણ વિરાટ્ સ્વરૂપનું ધ્યાન બતાવ્યું છે, તેવી જ રીતે **'चन्द्रमा मनसो जातः । चक्षोः सूर्यो अजायत । मुखादिन्द्रश्चाग्निश्च प्राणाद्वायुरजायत । नाभ्या आसीदन्तरिक्षं शिर्ष्णोद्यौः समवर्तत । पद्भ्यांभूमीर्दिशः श्रोत्रं तथा लोकानकल्पयन्'** (પુરુષસૂક્ત) ચન્દ્રમાને ભગવાનનાં મનમાં, સૂર્યને ચક્ષુમાં, ઈન્દ્ર-અગ્નિને મુખમાં, વાયુને પ્રાણમાં, અંતરિક્ષને નાભીમાં, દ્યુલોકને શિર્ષ્ણમાં, ભૂમિને પદમાં, દિશાઓને શ્રોત્ર-કર્ણમાં એમ બધા દેવો અને દરેક લોકના આધિદૈવિક રૂપને ભગવાનનાં અંગોમાં જોઈ ભગવદારાધન એ વૈદિક ધ્યાન કે યજનનો પ્રકાર છે.

આ પ્રકારે રાજસ-તામસની વ્યાપ્તિમાં કલિકાલમાં ઘોર તામસ વ્યાપ્ત થતાં સર્વ સાધારણ જીવો માટે લોકમાં જ તેમની પુનઃપુનઃ સ્થિતિની ભગવદિચ્છા હોતાં સર્વવેદો-સર્વશાસ્ત્રો અતિ સ્પષ્ટરૂપે વિદ્યમાન હોતાં પણ વેદો શાસ્ત્રોનું તાત્પર્ય ગ્રહણ નહીં કરવાની બલ્કે નહીં જ જોવાની લોકપ્રવૃત્તિ થતાં તે સર્વ મંત્રો અર્થ-પ્રયોજનરૂપે તિરોહિત થતાં તે મંત્રો કોઈ ધર્મસિદ્ધિ સાધી શકતા નથી એમ શ્રીઆચાર્યચરણનો અભિપ્રાય છે.

'अव्रतयोगिषु' અહીં ટીકાકારોનો મત આ પ્રમાણે છે :-

શ્રીરઘુનાથજી - **'अव्रतयोगिषु अव्रतेषु व्रतभ्रष्टेषु योगः स्थितिरस्ति, एषामेतेनैवंविधेष्वतिरोहितानामप्यकिञ्चित्करत्वमेव । यद्वा, स्वस्वाश्रमस्था योगिन उच्यन्ते तेष्वप्यव्रतेषु सत्सु ।'**

અવ્રતમાં એટલે કે વ્રતભ્રષ્ટમાં યોગ એટલે સ્થિતિ છે (મન્ત્રનું કોઈને પરિજ્ઞાન હોય પણ ખરું તો પણ તેઓ વ્રતભ્રષ્ટ સ્થિતિવાળા છે) આના વડે આ પ્રકાર હોતાં મંત્ર પરિજ્ઞાન હોતાં મંત્ર અતિરોહિતવાળાઓ પણ (વ્રતભ્રષ્ટ સ્થિતિવાળા હોઈ) તેઓ પણ કંઈ કરવા સમર્થ નથી, અથવા પોતપોતાના આશ્રમમાં રહેલાઓને યોગી કહેવાય છે તેઓ અવ્રતવાળા હોતાં.

શ્રીકલ્યાણરાયજી - **'वैदिकानां गुरुकुलवासब्रह्मचर्यशूद्रासन्निध्यनध्यायराहित्यपूर्वकं पठितानां साधकत्वेनाव्रतयोगिनामसाधकत्वात्।'**

ગુરુકુલવાસ કરીને બ્રહ્મચર્યપાલન કરતાં શૂદ્રની સન્નિધિ અને અનધ્યાય એ બેથી રહિત રહેતાં વૈદિક મંત્રો ભણવામાં આવતાં તે સાધક બને છે અને ઉપર્યુક્ત અવ્રતયોગિઓ (ગુરુકુલવાસ વગેરેથી રહિત)ને માટે તે અસાધક હોવાથી.

શ્રીદ્વારિકેશ્વરજી - **गुरुकुलावासब्रह्मचर्यशूद्राश्रवणानध्यायराहित्यपूर्वकपठितानां वेदमन्त्राणां 'अनिच्छयापि संस्पृष्टो दहत्येव हि पावक' इति न्यायेन सम्यक् तात्पर्याज्ञानेप्यध्ययनमात्रेणैव सर्वसाधकत्वात्कथं नष्टत्वं तत्राह - अव्रतयोगिष्विति । व्रतेष्वयोगो येषां, व्रतानामयोगो येष्विति वा । 'अधुना ह्यधिकारास्तु सर्व एव गताः कलौ' इति वचनात् कृतानामपि तेषामव्रतयोगित्वम् ।**

ગુરુકુલમાં નિવાસ, બ્રહ્મચર્યનું પાલન તેમજ શૂદ્રથી અશ્રવણ (શૂદ્ર વેદોચ્ચાર કરતો હોય તો તે પણ ન સાંભળવો અને પોતે પણ શૂદ્ર શ્રવણ ન કરે તે રીતે વેદોચ્ચાર કરવો) તથા અનધ્યાય રહિત થઈ ભણાયેલા વેદમંત્રો અનિચ્છાથી પણ સ્પર્શ થયેલો અગ્નિ દઝાડે જ છે. એ ન્યાયે સમ્યક્ તાત્પર્યનું અજ્ઞાન હોતાં પણ અધ્યયન માત્ર વડે જ તે મંત્રોનું સર્વસાધકપણું હોવાથી તે નષ્ટ થયા તેમ કેમ કહો છો ? તેથી શ્રીઆચાર્યચરણ કહે છે **'अव्रतयोगिषु'** વ્રતોમાં અયોગ છે જેમનો, અથવા વ્રતોનો અયોગ છે જેમાં, હાલમાં આ કલિકાલમાં બધા જ

અધિકારો ચાલ્યા ગયા છે - નષ્ટ થયા છે (શાસ્ત્રાર્થ પ્ર.૧૯) એમ શ્રીઆચાર્યચરણનાં વચન હોવાથી તેમના દ્વારા બધું જ કરવામાં આવવા છતાં પણ તેમનું અવ્રતયોગીપણું છે.

શ્રીવ્રજરાયજી :- **‘क्वचित्कस्यचित्परिज्ञानदर्शनाद्दोषान्तरमाहु:- अव्रतयोगिष्विति । ‘अव्रता बटवोऽशौचा’ इति द्वादशस्कन्धे कलिधर्मेषूक्तेर्मन्त्रोपाकरणदशायामेव गुरुकुलावासब्रह्मचर्याध्ययनधर्म-परिपालनाभावादव्रतेषु योगः सम्बन्धो येषां तादृशेषु ।’** ક્યારેક કોઈને પરિજ્ઞાન હોય છે તેમ જણાતાં બીજો દોષ જણાવે છે - વ્રતરહિત બ્રહ્મચારી અપવિત્ર છે (ભાગ.૧૨-૩-૩૩) એમ દ્વાદશ સ્કન્ધમાં કલિધર્મપ્રસંગમાં કહેવાથી મંત્રની ઉપાકરણ દશામાં જ (આનુષ્ઠાનિક ઉપક્રમની દશામાં જ) ગુરુકુલમાં નિવાસ, બ્રહ્મચર્યપાલન, વેદાધ્યયન ધર્મપરિપાલનના અભાવથી જેનો અવ્રતમાં યોગ એટલે સંબંધ છે તેવા લોકો.

વિવરણકાર :- **‘व्रतं अनन्यत्वं पतिव्रतावत्पतिविषयकपर-मानुरागजनितरसात्मकभावेन तदेकनिष्ठारूपं, तदभावतोऽव्रताः पूर्वोक्ताः, तादृशेषु योगः संयोगः येषामिति तथात्वमुक्तम् ।’** વ્રત એટલે અનન્યતા પતિવ્રતાની માફક, પતિવિષયક પરમ અનુરાગથી ઉત્પન્ન થનાર રસાત્મક ભાવ વડે માત્ર પતિમાં જ એક નિષ્ઠારૂપ, તેના અભાવથી અવ્રતો જે પૂર્વમાં કહેવાયેલાં છે, તેવાઓમાં યોગ એટલે કે સંયોગ છે જેમનો. તેથી કૃષ્ણપદનો રસાત્મક ભાવરૂપ અર્થ તેનું અપરિજ્ઞાન હોવાથી તે અલક્ષિત છે તેમ કહ્યું છે.

આ પ્રકારે જેમ મંત્રનું અપરિજ્ઞાન હોતાં એટલે કે મંત્રના વિનિયોગ વગેરેનું સમ્યક્ જ્ઞાન ન હોતાં જ્યાં જેનો વિનિયોગ ન હોય ત્યાં તેનો વિનિયોગ કરાતાં જે દેવતાની જે કાર્યમાં સાધકતા ન હોય તે કાર્યમાં તેવા દેવતાનું સ્મરણ કરી જે દેવતાની જે કાર્યમાં સાધકતા છે તેનું સ્મરણાદિ ન કરાતાં, જે મંત્રનું સ્તોત્ર વગેરેનું જે બીજ હોય તેનો તેની સાથે ઉચ્ચાર ન કરાતાં તે મંત્ર કાર્યસાધના કરવા અસમર્થ હોય છે. જેમ ગોપાલમંત્રનું બીજ **‘क्लिं’** કામ્યબીજ છે, દ્વાદશાક્ષરમંત્ર **‘ॐ नमो भगवते वासुदेवाय’** માં પ્રાણવ બીજ છે, નૃસિંહ મંત્રમાં **‘ह्रौं क्लौं क्ष्रौं’** એ ઉગ્રબીજ છે હવે જો ગોપાલમંત્રમાં તેના બીજનો ઉપયોગ ન થાય તો તેના જપ કરવા છતાં પણ તે મંત્ર જપની જે સિદ્ધિ કહેવાઈ છે તે સિદ્ધ થતી નથી. તેવી જ રીતે ગાયત્રી મંત્રનો વિનિયોગ **‘सायुज्यं विनियोगम्’** (તૈ.આ.પ્ર.૧૦ અ.૩૩) **‘उपनयने विनियोगः’** (તૈ.આ.પ્ર.૧૦ અ.૩૫) આમ સાયુજ્યમાં યા ઉપનયનમાં એનો વિનિયોગ છે, ઉપનયન શબ્દ પણ પાસે લઈ જવાના અર્થમાં હોઈ બંને વચ્ચે સમાનતા છે. તેવી જ રીતે સર્વોત્તમ સ્તોત્રમાં શ્રીપ્રભુચરણના જણાવ્યા મુજબ **‘विनियोगो भक्तियोगः’** ભક્તિયોગમાં આનો વિનિયોગ છે અને તે પણ બીજી ભક્તિ નહીં પણ કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધિ આપનારી ભક્તિના યોગમાં આનો વિનિયોગ છે. આ બીજ, વિનિયોગ, દેવતા વગેરે પણ મનઃ કલ્પિત નહીં હોવાં જોઈએ પણ જે તે શાસ્ત્રોમાં જે-તે મંત્ર વગેરે માટે જણાવેલા હોય તે જ પ્રામાણિક છે. તેવી જ રીતે કોઈક લૌકિક વ્યક્તિ દ્વારા અક્ષરો ગોઠવી બનાવેલી નાની-મોટી લાઈનોને મંત્ર કહેવાતો નથી પરંતુ ઋષિ-મુનિઓએ પોતાની અલૌકિક શક્તિ વડે સ્વયંભૂ મંત્રોનું દર્શન કરી પ્રાપ્ત થયેલો હોય, આ અર્થમાં જ વેદ અપૌરુષેય કહેવાય છે, જેમ વેદ અપૌરુષેય છે તેમ મંત્રો પણ અપૌરુષેય છે, બ્રહ્મસંબંધ મંત્રનું અપૌરુષેયત્વ જણાવવા જ શ્રીઆચાર્યચરણ સિદ્ધાન્ત રહસ્યમાં **‘साक्षाद् भगवता प्रोक्तम्’** એમ જણાવે છે. આમ કહેતાં આ મંત્રના ઋષિ શ્રીકૃષ્ણાસ્ય અગ્નિ છે અને આના દેવતા શ્રીગોવર્ધનનાથ સ્વયં છે તથા **‘ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः सर्वदोषनिवृत्तिः’** ભગવદ્ ભજનને અર્થે સર્વદોષ નિવૃત્તિ આનો વિનિયોગ છે અને સ્વયં ભગવાને સ્વેચ્છાએ પ્રકટ થઈ આ મંત્રનું દાન કર્યું છે તેથી અનુગ્રહ આનું બીજ છે તેવી જ રીતે શ્રીપુરુષોત્તમનામ સહસ્રમાં પણ શ્રીઆચાર્યચરણ પોતે જ જણાવે છે :-

कृष्णनाम सहस्रस्य ऋषिरग्निर्निरूपितः ।
गायत्री च तथा छन्दो देवता पुरुषोत्तमः ॥
विनियोगः समस्तेषु पुरुषार्थेषु वै मतः ।
बीजं भक्तिप्रियः शक्तिः सत्यवागुच्यचे हरिः ॥

(શ્રીપુરુષોત્તમનામસહસ્ર ૫,૬)

આ સહસ્રનામના ઋષિ અગ્નિ (શ્રીવલ્લભ પોતે) છે, ગાયત્રી છન્દ છે, દેવતા સાક્ષાત્ પુરુષોત્તમ છે, વિનિયોગ ભક્તિમાર્ગીય સકલધર્મ, અર્થ, કામ, મોક્ષ પુરુષાર્થની સિદ્ધિમાં છે, બીજ ભક્તિપ્રિય ભગવાન છે અને શક્તિ સત્યવાક્ પ્રાણવ જણાવે છે. જેમ શ્રીપ્રભુચરણે સર્વોત્તમસ્તોત્રનો વિનિયોગ ભક્તિયોગમાં જણાવ્યો છે. હવે કોઇ આ સ્તોત્રનું ૩૫ શ્લોકો હોવાથી ૩૫ દિવસ સુધી રોજ ૩૫ પાઠ કરી અનુષ્ઠાન કરે અને તે પણ પરીક્ષામાં પાસ થવા, ભૂતપ્રેતાદિ બાધા દૂર કરવા, ગ્રહબાધા નિવારણ અર્થે તો તે તેની મનસ્વિતા જ કહેવાશે. આ બધા કારણો જો ભગવત્સેવાર્થ હોય તો પણ મન મનાવાય પણ પરીક્ષામાં પાસ થઈ ભણી-ગણીને તે અમેરીકાના વૈભવને ભોગવવાની ઈચ્છા રાખતો હોય અને તે ઈચ્છાની પૂર્તિ શ્રીમહાપ્રભુ વડે ચાહે તો તે અનર્થકારી મનસ્વિતા નહીં તો શું કહેવાય? જે ભક્તિયોગને માટે **'अनर्थोपशमं साक्षाद् भक्तियोगमधोक्षजे'** (ભાગ. ૧-૭-૬) ભક્તિયોગ એ અનર્થોનું ઉપશમન કરનાર છે એનો ઉપયોગ અનર્થના જ હેતુમાં કરવો એટલે જે ઔષધીથી ગરમીનો નાશ થઈ શીતલતા થાય તે ઔષધીનો શીત નિવારણ અર્થે ઉપયોગ કરવા જેવું છે. આવા બધા અપરિજ્ઞાનથી થતા છબરડાઓને અનુલક્ષીને શ્રીઆચાર્યચરણ **'अपरिज्ञान-नष्टेषु'** એમ કહ્યું છે.

હવે મંત્રનું કોઈકને પરિજ્ઞાન હોય અને વિનિયોગાદિનો વિવેક જાળવતો પણ હોય તો પણ કોઈ પણ મંત્રની સાર્થકતા માટે તેટલું પર્યાપ્ત નથી. કોઈ પણ મન્ત્ર અનુષ્ઠાન કરાયા વિના કાર્ય સાધક બનતો નથી, ત્યાંસુધી તે માત્ર સ્વર-વ્યંજનની ગોઠવણી જેવો જ હોય છે, પરંતુ યથાવિધિ-યથાચાર અનુષ્ઠાન કરાતાં તે સાધકમાં મંત્રશક્તિ ઉત્પન્ન થાય છે અને પ્રવૃદ્ધ થાય છે. ગુરુમુખથી લેવાયેલી દીક્ષા શક્તિને બીજરૂપે સ્થાપિત કરે છે અને તેનું અનુષ્ઠાન થતાં તે પ્રવૃદ્ધ થાય છે. હવે જે ગુરુ પાસેથી દીક્ષા લેવામાં આવે તે ગુરુ પોતે પણ તે મંત્રની દીક્ષાથી દીક્ષિત હોવો જોઈએ અને તેની સાથે તે મંત્રની શક્તિ પણ તેનામાં આવિર્ભૂત રૂપમાં પ્રવૃદ્ધ હોવી જોઈએ. **'प्रजातन्तुं मा व्यवच्छेत्सीः'** (તૈત્તિરીય ઉપનિષદ્) વાક્ય મુજબ જેમ પુત્ર પરમ્પરા છે તેમ શિષ્ય પરમ્પરા છે. જેમ પિતા, પિતામહ અને પ્રપિતામહ છે તેમ ઉપાધ્યાય, મહોપાધ્યાય અને મહામહોપાધ્યાય છે. **'वेदमनूच्य'** માં દર્શાવ્યા મુજબ અંતેવાસી વેદાધ્યયન કરી ઘરે આવે અને તે પણ પોતાના ગુરુની માફક શિષ્યને વેદાધ્યયન કરાવે ત્યારે તે અધ્યાપકને ઉપાધ્યાય સંજ્ઞા મળે છે, એણે જે શિષ્યને ભણાવ્યા તે શિષ્ય પણ પોતાના શિષ્યને અધ્યાપન કરાવે ત્યારે પ્રથમ ઉપાધ્યાયમાંથી બઢતી થઈ મહોપાધ્યાય સંજ્ઞાને પામે અને બીજો ઉપાધ્યાય સંજ્ઞા પ્રાપ્ત કરે અને તે શિષ્યનો પણ શિષ્ય જ્યારે પોતાના શિષ્યને અધ્યાપન કરાવે ત્યારે પ્રથમ મહોપાધ્યાયથી આગળ વધી મહામહોપાધ્યાય બને, તેનો શિષ્ય મહોપાધ્યાય કહેવાય અને તેનો પણ શિષ્ય કે જે પોતાના શિષ્યને અધ્યાપન કરાવે છે તે ઉપાધ્યાય કહેવાય. તેવી જ મંત્રની દીક્ષા લીધેલો અને અનુષ્ઠાન કરેલો બીજાને દીક્ષા આપે અને તે પણ અનુષ્ઠાન કરી ત્રીજાને દીક્ષા આપે એમ પરંપરા ચાલે છે. જે પોતે તે મંત્રથી અદીક્ષિત હોય અને તે મંત્રનું જરૂરી અનુષ્ઠાન-પુરશ્ચરણ કર્યું ન હોય તેવા લોકો પાસેથી મંત્રદીક્ષા લેવા છતાં પણ દીક્ષા લેનારમાં મંત્રદેવતાનો આવિર્ભાવ થતો નથી. જેમ પ્રકટ દીપક સાથે બીજા અપ્રકટ દીપકનો સંબંધ કરાવવાથી તે પણ પ્રકાશને પામે છે પણ અપ્રકટ દીપકને ૨૪ કલાક લગાવી રાખશો તો યે પ્રકાશ થવાનો નથી, તેમ આમાં સમજવું. આ ઉપરાંત મંત્ર સધાયેલો હોય તો પણ વેદાદિ શાસ્ત્રમાં જણાવેલાં પાપોમાંથી કોઈ પાપ થઈ ગયું હોય અને તેનું શાસ્ત્રમાં જણાવ્યા મુજબનું યથાવિધિ પ્રાયશ્ચિત્તાદિ વડે નિવારણ ન કરાયું તો તેવી પાપયુક્ત દશામાં પણ તે બીજાને દીક્ષા આપે તો દીક્ષા લેનારમાં મંત્રદેવતાનો આવિર્ભાવ થતો નથી કારણ કે દીક્ષા આપનારની પાપવાળી સ્થિતિમાં-નિવારણ

કરાયા વિના પાપ તેના દેહમાં વિદ્યમાન હોવાથી તેનામાં દેવતા અનાવિર્ભૂત હોય છે. તે ઉપરાંત દીક્ષા આપનાર ગુરુની ચિત્તદશા દીક્ષા સમયે અનાવિર્ભૂત હોય છે. તે ઉપરાંત દીક્ષા આપનાર ગુરુની ચિત્તદશા દીક્ષા સમયે સ્વસ્થ અને શુદ્ધ જોઈએ. દીક્ષા આપનારે ગુરુત્વના ધર્મથી દીક્ષા આપવી જરૂરી છે. વ્યવસાયી-વ્યાપારી બુદ્ધિથી નહીં કે ઠીક છે શિષ્ય મૂંડવાનો ધંધો સારો છે એના થકી આપણી લાભ-પૂજાનો પ્રવાહ ચાલુ રહે છે, દીક્ષા આપતી વખતે લેનારનું ભલું કરવાની પરાર્થવૃત્તિથી દીક્ષા અપાયેલી હોવી જોઈએ. જેમ દીક્ષા આપનારની વાતો વિચારાઈ તેમ લેનારની પણ તેટલી જ યોગ્યતા જરૂરી છે. દીક્ષા લેનારની દીક્ષા આપનાર પ્રત્યે પૂજ્ય-આદર બુદ્ધિ હોવી જોઈએ, જેની દીક્ષા લેવાની છે તે મંત્રમાં પણ તેની શ્રદ્ધા જરૂરી છે, દીક્ષા સમયે લેનારની પણ ચિત્તશુદ્ધિ-ચિત્તસ્વાસ્થ્ય જરૂરી છે, લેનાર પણ પાપ રહિત નિષ્પાપ જોઈએ (પ્રાયશ્ચિત્તાદિ વડે), લેનાર વય, વર્ણ, આશ્રમ વગેરેથી અધિકૃત હોવો જોઈએ, લેનાર પણ મંત્રના પરિજ્ઞાનવાળો જોઈએ, જેમ આપનાર વ્રાત્ય ન હોવો જોઈએ તેમ લેનાર પણ વ્રાત્ય ન હોવો જોઈએ (વ્રાત્ય = જે સંસ્કારરહિત હોય અથવા સંસ્કારરહિત થઈ ગયો હોય અને જેને પુનઃ સંસ્કાર જરૂરી હોય), દીક્ષા લીધા પછી યથાવિધિ મંત્રપુરશ્ચરણ થવું જોઈએ. આમ અનેક પ્રકારે શુદ્ધતા હોતાં કોઈ પણ મંત્ર તેના-તેના કાર્યક્ષેત્રથી કાર્ય કરવા સમર્થ બને છે અને તેનાથી સાધકનું હિત જળવાય છે. આ બધા જ નિયમોની જાળવણી જેમાં થઈ હોય તે વ્રતયોગી અને જેમાં ન થઈ હોય તે અવ્રતયોગી કહેવાય.

આ પ્રકારના તો બીજા પણ ઘણા નિયમો છે કે જેની જાળવણી આજના સંદર્ભમાં ક્યાંય શુદ્ધરૂપમાં થવી શક્ય નથી. જેમ કે બ્રાહ્મણ પોતે શુદ્ધ આચરણવાળો હોય તો પણ જેણે સતત ત્રણ દિવસ ગાયત્રી ન જપી હોય ને ત્રણ દિવસ સતત સન્ધ્યાવન્દનાદિ કર્મ ન કર્યું હોય તે બ્રહ્મત્વથી હીન પુનઃસંસ્કાર યોગ્ય બની જાય છે, આને પણ વ્રાત્ય કહેવામાં આવે છે. આવા વ્રાત્યના હાથનું પાણી પણ જો શુદ્ધ બ્રાહ્મણ લે તો તે પ્રાયશ્ચિતને પાત્ર બને છે. આવી સ્થિતિમાં સર્વ પ્રકારની શુદ્ધિ શક્ય ન બનતાં મંત્રદેવતા નષ્ટ તિરોહિત થયા છે એમ શ્રીઆચાર્યચરણની ઉક્તિમાં ક્યાંય અતિશયોક્તિ દોષ નથી એ નિર્વિવાદ સિદ્ધ છે.

‘तिरोहितार्थदेवेषु’ અહીં ટીકાકારો આ પ્રમાણે મત દર્શાવે છે :-

શ્રીરઘુનાથજી :- **‘तिरोहितः गुप्तः अर्थो मन्त्रार्थः, देवोऽधिष्ठात्रीदेवता, एतद् द्वयं येषां मन्त्राणां न ज्ञायते’** તિરોહિત એટલે ગુપ્ત અને અર્થ એટલે મન્ત્રાર્થ, દેવ એટલે અધિષ્ઠાત્રી દેવતા. (મંત્રમાં છુપાયેલો તેનો ગુપ્ત અર્થ અને મંત્રના અધિષ્ઠાત્રી દેવતા), જે મંત્રોની આ બે વાતો નથી જાણાતી તેવાઓ વડે.

શ્રીકલ્યાણરાયજી :- **‘आगमोक्तानां तात्पर्याज्ञानेनार्थदेवयोस्तिरोभावादसाधकत्वात् ।’** આગમ શાસ્ત્રમાં કહેવાયેલા મંત્રોનું તેના તાત્પર્યના અજ્ઞાન વડે કરીને મંત્રનો અર્થ અને તેના દેવતાનો તિરોભાવ થવાથી તે મંત્રોનું પણ અસાધકપણું હોવાથી.

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘अर्थरूपा देवास्तेभ्यस्तिरोहिता जातास्तेन गतसाराः सन्तस्तेऽपि तथैव जाता इति भावः ।’** તે મંત્રોમાંથી અર્થરૂપ દેવો તિરોહિત થયા છે તેના વડે કરીને તે મંત્રો પણ જેમાંથી સાર જતો રહ્યો છે તેવા ગતસાર થતાં તે પણ નષ્ટ થયા છે એમ અત્ર ભાવ છે.

શ્રીવ્રજરાયજી :- **‘तिरोहितावप्रतीयमानौ अर्थः प्रयोजनं तात्पर्यं च देवोऽधिष्ठात्री देवता तौ येषाम् । ‘य एनं शुष्के स्थाणौ निषिञ्चेज्जायेरञ्छाखाः प्ररोहेयुः पलाशानी’ त्यादि श्रुतिप्रभृत्युक्तनिदर्शनव्यभिचारेण तदुभयतिरोभावस्य स्फुटत्वान्न तेषामिदानीं साधकत्वं न वा मार्गानुकूलत्वम्’**

તિરોહિત એટલે અપ્રતીયમાન છે જેનો અર્થ એટલે પ્રયોજન અને દેવ એટલે અધિષ્ઠાત્રી દેવતા જે મંત્રોના તે તિરોહિતાર્થ દેવેષુ **‘य एनं शुष्के .....’**

ઈત્યાદિ શ્રુતિ પ્રભૃતિમાં કહ્યા મુજબ આપ્તવચનમાં વ્યભિચાર વડે તે બંનેના તિરોભાવનું સ્ફુટપણું હોવાથી તે મંત્રોનું હાલમાં સાધકપણું પણ નથી તેમજ માર્ગાનુકૂલત્વ પણ નથી.

વિવરણકાર :- **‘तिरोहितः अर्थो रसात्मकस्वरूपेण यः प्रकटः स यत्र तादृशेषु सत्सु । अत एव मुकुन्द ! नारायण ! यज्ञेश्वर ! ज्ञाननिधे! वासुदेवेत्यादीनि मोक्षेच्छुभिरुच्यन्ते, न हि पुष्टिमार्गीयैरिव व्रजजनार्तिहन् वीरयोषिताम् सुरतनाथे त्यादीनि रसात्मकानि तानि । तेषां मर्यादामार्गानुसारेणैव तदनुभवो भवति न पुष्ट्यनुसारेणेति न तत्सङ्गस्तस्य साधकः’** રસાત્મક સ્વરૂપથી પ્રકટ જે અર્થ છે તે જ્યાં તિરોહિત છે તેવાઓ હોતાં. તેથી જ મોક્ષની ઈચ્છાવાળાઓ વડે મુકુન્દ! નારાયણ! યજ્ઞેશ્વર! જ્ઞાનનિધે! વાસુદેવ! વગેરે ભગવાનના નામો ઉચ્ચારણ થાય છે પણ તે લોકો પુષ્ટિમાર્ગીયોની માફક વ્રજજનોની આર્તિને દૂર કરનારા, યુવતીઓમાં વીર તરીકે પ્રસિદ્ધ, સુરતનાથ વગેરે તે રસાત્મક નામો નથી ઉચ્ચારતા. તે લોકોને મર્યાદામાર્ગના અનુસાર જ ભગવદનુભવ થાય છે, પુષ્ટિ અનુસારનો થતો નથી તેથી તે લોકોનો સંગ સાધક નથી.

આ પ્રકારે ધર્મનું પાંચમું અંગ જે મંત્ર છે તે પણ કાલની કરાલતામાં નષ્ટ થયું છે તેથી પણ ધર્મ સંપન્ન થઈ શકતો નથી અને તેથી ધર્મનો આશ્રય સાધક રહ્યો નથી. આવી સ્થિતિમાં **‘કૃષ્ણ જ મારી ગતિ હો’** એમ શ્રીઆચાર્યચરણ જણાવે છે.

જો કે આ બધું કલિકાલમાં ઘટ્યું છે તેથી કલિમાં તો મંત્રોની અસાધકતા છે જ પણ કલિકાલ સિવાય બીજા યુગોમાં મનુષ્યની સ્થિતિ વધારે બલિષ્ઠ હોઈને પણ તેની શક્તિઓ તો ત્યારે પણ સીમિત જ હતી, અસીમિત બલવાળી સ્થિતિ તો ત્યારે પણ ન હતી તેથી મન્ત્રાપરાધ તો ત્યારે પણ પ્રાપ્ત થતો જ હતો. મનુષ્ય થઈને તેનાથી એક પણ ભૂલ અપવાદમાં પણ ન થાય તે સંભવ નથી અને અપવાદમાં

પણ થયેલી નાનામાં નાની ક્ષતિ પણ મન્ત્રાપરાધ કહેવાય છે. તેથી જ સર્વશુદ્ધિની જાળવણી સૂક્ષ્મતાથી રાખવા છતાં એકમાત્ર ઉચ્ચારણમાં સ્વરના અપરાધને કારણે ઈન્દ્રના હાથે મરે તેવા વૃત્રનો ઉદ્ભવ થયો, ઈન્દ્રને મારે તેવા વૃત્રનો ઉદ્ભવ થઈ શક્યો નહીં. તેથી જ કર્મમાર્ગમાં પણ અન્તતોગત્વા કર્મમાર્ગની રીતિ પ્રમાણેની ભગવાનની શરણાગતિથી જ કર્મનું સંપાદન કલિયુગમાં જ નહીં પણ સત્યયુગથી થતું આવ્યું છે અને તેથી દરેક કર્મના અંતે ભગવાનના અચ્યુત નામનું ઉચ્ચારણ અનિવાર્ય છે. તેથી જ દરેક કર્મના અંતે બ્રાહ્મણો આ બે શ્લોક બોલે છે - બોલાવે છે :-

यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु ।
न्यूनं सम्पूर्णतां याति सद्यो वन्दे तमच्युतम् ॥
मंत्रहीनं क्रियाहीनं भक्तिहीनं जनार्दन ।
यत्कृतं तु मया देव परिपूर्णं तदस्तु मे ॥

હે પ્રભુ! આપના નામમાત્રથી જ તપ, યજ્ઞ, ક્રિયા વગેરેમાં રહી ગયેલી ન્યૂનતા સંપૂર્ણતાને પામે છે તેથી આપની કૃપાથી મારા દ્વારા જે કંઈ કરાયું છે તે પૂર્ણ થાઓ, હું આપને અચ્યુત ભગવાનને વંદન કરું છું, અતઃ કોઈ પણ યુગ હોય અલ્પશક્તિ મનુષ્ય વડે થતાં કર્મોની સંપૂર્તિ ભગવદનુગ્રહ ભગવત્ શરણાગતિ વિના શક્ય નથી નહીંતર કશ્યપ જેવા સમર્થ ઋષિના સન્નિધાનમાં દિતિના વ્રતનો ભંગ થાય નહીં. આ કથા પણ સત્યયુગની જ છે. આ બધી હકીકતોને જ સામે રાખી પદ્મપુરાણમાં કહેવાયું છે કે :-

किं मंत्रैर्बहुभिर्विनश्वरफलैरायाससाध्यैर्मखैः
किञ्चिल्लोपविधानमात्रविफलैस्संसारदुःखावहैः ।
एकस्सन्नपि सर्वमन्त्रफलदो लोपादिदोषोज्झितः
‘श्रीकृष्णः शरणं ममे’ति परमो मन्त्रोऽयमष्टाक्षरः ॥

અર્થાત્ - જેનું ફલ નશ્વર છે (જે નશ્વર ફલને આપનારા છે) તેવા ઘણા મંત્રો વડે અને ઘણો આયાસ કરવાથી થઈ શકે તેવા મખ-યજ્ઞોથી શો લાભ ? વળી પાછા તે કેવા છે તો કહે છે કે - મંત્રના અનુષ્ઠાન-ઉચ્ચારણ વગેરેનું જે વિધાન થયેલું છે તેનો જરા પણ લોપ થતાં ફલરહિત-વિફલ થઈ જનારા અને સંસારનાં દુઃખોને લાવનારાં છે, જ્યારે એક જ હોઈને પણ સર્વમંત્રોનું ફલ જેનાથી પ્રાપ્ત થાય છે તેમજ પેલા મંત્રોની માફક લોપ વગેરે દોષ જેમાં સર્વથા લાગતો નથી તેવો આ શ્રીકૃષ્ણઃશરણં મમ અષ્ટાક્ષર મંત્ર સર્વથી શ્રેષ્ઠ-પરમ છે. આ ભાવનાને જ હૃદયમાં રાખી શ્રીમહાપ્રભુજી તથા શ્રીપ્રભુચરણ લખે છે :-

तस्मात्सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ।
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः ॥

(શ્રીવલ્લભાચાર્ય-નવરત્ન)

यदुक्तं तातचरणैः श्रीकृष्णःशरणं मम ।
अत एवास्ति नैश्चिन्त्यमैहिके पारलौकिके ॥

(શ્રીપ્રભુચરણ-)

પ્રાયઃ કરીને લોકો જીવનમાં પ્રાપ્ત થતાં દુઃખોથી અકળાઈને અથવા તો પોતાની મનોકામનાઓની પૂર્તિ અર્થે વિવિધ મંત્ર-તંત્ર વગેરેનો આશ્રય કરતા હોય છે અને કદાચિત્ તેના વડે કોઈ કાર્યની પૂર્તિ યા અર્ધપૂર્તિ થતી જુએ છે તો પછી એમ માનનારા થાય છે કે આ મંત્રના બળે આ કાર્યસિદ્ધિ થઈ. પરંતુ શ્રીઆચાર્યચરણ કહે છે કે મંત્રમાં મન્ત્રત્વ જ ન હોય તો તેના વડે કાર્યપૂર્તિ થઈ જ કેમ શકે ? ગોળો લટકાવવા છતાં પણ જો ઈલેક્ટ્રિક પ્રવાહ જ ન હોય તો તે ગોળાથી પ્રકાશ જ કેવી રીતે થઈ શકે ? તેમ છતાં પણ જ્યારે ગોળાથી રોશની થતી જોવામાં આવે અને ગામમાં ઈલેક્ટ્રિક પાવર સપ્લાયની લાઈન ન હોય તો એમ માનવું જ પડે કે કોઈ બીજી શક્તિથી ગોળા વડે રોશની થઈ છે, તેમ સાધન કરતાં જો કાર્યસિદ્ધિ થતી જોવામાં આવે તો ત્યારે માનવું જ પડે કે મંત્રત્વ ન હોઈને પણ જપ કરતાં જે સિદ્ધિ થઈ છે તે મંત્ર શક્તિથી નહીં પણ કોઈ બીજી શક્તિથી થઈ છે અને તે બીજી શક્તિ છે ભગવાનના વિશેષ અનુગ્રહે પ્રકટ થયેલી ભગવન્નામ શક્તિ. ચિત્તમાં ભગવત્સ્વરૂપને ધારણ કરી- સ્મરણ રાખી જો કોઈ પણ અક્ષરોનું ઉચ્ચારણ કરો તો ભગવદનુગ્રહે તેમાં ભગવત્ શક્તિનો પ્રાદુર્ભાવ થઈ શકે છે, જેમ શ્રીરામનું ચિત્તમાં સ્મરણ રાખી (જો કે રામને જોયા પણ નથી માત્ર મહાપુરુષથી નામ માહાત્મ્ય સાંભળ્યું છે) મરા મરા મંત્રનું ઉચ્ચારણ કરતાં પણ વ્યાધ વાલ્મીકિ મુનિ બન્યા પણ જો **‘देवी भार्यां रक्षतु’** ની જગ્યાએ **‘भक्षतु’** બોલાઈ જાય તો ભક્ષણ જ થાય, રક્ષણ થાય નહીં. ત્યારે આમે પણ જો કાર્યસિદ્ધિ ક્યારેક થાય તો એ તેમાં બળ ભગવન્નામનું જ હશે તો પછી જો કોઈ ઈતર આશ્રય છોડી ભગવત્ શરણ મંત્રનો આશ્રય કરે છે તો તેનાં કાર્યો સિદ્ધ થવામાં શંકા જ ક્યાં રહે છે ? **‘मृत्युर्धावति पञ्चमः’** વગેરે વાક્યોથી ભગવાન કાળના પણ કાળ છે, તેના પણ સ્વામી છે તેથી ભગવદાશ્રિતોને માટે ગમે તેવો કાળ હોય તે ક્યારેય બાધક બનતો નથી. અતઃ અન્ય કોઈ પણ મંત્રોનો આશ્રય નહીં કરીને તેમજ જ્યાં ક્યાંય વર્ણાશ્રમ ધર્મમાં આવશ્યક વૈદિક કાર્યોમાં પણ તેનો નિર્વાહ માત્ર ધર્મબુદ્ધિથી કરી તેમાંથી સારું થશે કે ન કર્યું માટે સારું ન થયું તેવા દુર્વિચારો છોડી સર્વ કાર્યોની સિદ્ધિ-અસિદ્ધિમાં ભગવદિચ્છાનો જ અને ભગવત્ કૃતિનો જ વિચાર રાખી, તેમજ પોતાનું લૌકિક ચિત્ત છે તેથી શનિ-મંગળ વગેરે ગ્રહબાધાનો ભય લૌકિકતા વશ મનમાં થાય કે રોગાદિ ઉપદ્રવ થતાં દેવાદિનો ભય મનમાં થાય અથવા તો જીવનમાં ચાલતા ચક્રમાં દિવસ પછી રાત્રિનો અંધકાર ડરાવે ત્યારે ત્યારે સર્વ સમયે એક માત્ર ભગવત્ શરણનો વિચાર અને અષ્ટાક્ષરનું સ્મરણ - રટણ જ માત્ર કરવું પણ અન્ય દેવ-ગૃહાદિનો કે તેમના મંત્રોનો આશ્રય ન કરવો એ અર્થમાં શ્રીઆચાર્યચરણ પાંચમા શ્લોકના અંતે જણાવે છે કે **‘कृष्ण एव गतिर्मम’** આના થકી જ મંત્રોથી થનારાં કાર્યોની સિદ્ધિ અને ધર્મસિદ્ધિ થશે, આના વિના કોઈ સિદ્ધિ શક્ય જ નથી.

◆ ◆ ◆

શ્લોક છઠ્ઠો

नानावादविनष्टेषु सर्वकर्मव्रतादिषु ।
पाषण्डैकप्रयत्नेषु कृष्ण एव गतिर्मम ॥ ६ ॥

અન્વય :- 'सर्वकर्मव्रतादिषु नानावादविनष्टेषु पाषण्डैकप्रयत्नेषु कृष्ण एव मम गतिः (अस्तु) ।

અર્થ :- નાના અનેક પ્રકારના વાદોથી સર્વ કર્મો અને વ્રતો નાશ પામતાં, કારણ કે તે વાદોમાં પણ વેદવિરુદ્ધ પાખંડ મતનો જ એકમાત્ર પ્રયત્ન વાદીઓનો હોતાં કૃષ્ણ જ મારી ગતિ હો ॥ ૬ ॥

સ્તોત્ર વિવરણ :- પાંચમા શ્લોકમાં મંત્રની ધર્મમાં અસાધકતા જણાવી એકાદશ સ્કન્ધના વાક્ય મુજબ મંત્રનું પરિજ્ઞાન એ જ મંત્રશુદ્ધિ છે એમ જણાવી, **'मंत्रस्य च परिज्ञानम्'** મંત્રનું અપરિજ્ઞાન હોતાં તેમજ પરિજ્ઞાન કદાચિત્ ક્યાંક હોય તો પણ તેઓ વ્રતભ્રષ્ટ-અવ્રતયોગીઓ હોતાં મંત્રનો અર્થ-પ્રયોજન અને મંત્રના અધિષ્ઠાત્રી દેવતા તિરોહિત હોતાં મંત્ર ધર્મ કે કોઈ કાર્ય સાધી શકે તેમ સમર્થ નથી તેથી મંત્રનો આશ્રય નહીં કરીને ભગવત્ શરણાગતિનો મહામંત્ર અષ્ટાક્ષરનું જ સ્મરણ-રટણ કર્તવ્ય છે એમ નિશ્ચય કરી હવે આ છઠ્ઠા શ્લોકમાં ધર્મનું છઠ્ઠું અંગ **કર્મ** એની પણ અસાધકતા **નાનાવાદ** વગેરે વાક્યોથી જણાવે છે. અહીં પણ **'कलौ च खलधर्मिणि'** એ પદ અધ્યાહાર સમજવું.

'नानावादविनष्टेषु सर्वकर्मव्रतादिषु' અહીં સર્વ ટીકાકારોનો મત આ મુજબ છે :-

શ્રીરઘુનાથજી - **'कुतार्किकबौद्धाद्यागमोक्ता ये वादा वाग्जालरूपाः 'यावज्जीवेत्सुखं जीवेदि'त्येवं रूपाः तैः कृत्वा**

वैदिकागमाद्युक्तसर्वकर्मव्रतादिषु विनष्टेषु विशेषतो नष्टेषु नास्तिक्येन पराङ्मुखेषु सत्सु ।'

કુતર્કના સ્વરૂપવાળા બૌદ્ધ-જૈન વગેરેના આગમ ગ્રન્થોમાં કહેવાયેલા વાણીની જાળરૂપના જે વાદો જ્યાં સુધી જીવવું સુખપૂર્વક જીવવું, આવા સ્વરૂપના તેના વડે કરીને વેદને અનુસરનારા આગમ શાસ્ત્રોમાં કહેવાયેલાં અથવા તો વૈદિક સંહિતા-બ્રાહ્મણાદિમાં તથા પાંચરાત્ર વગેરે આગમ ગ્રન્થોમાં કહેવાયેલા સર્વ કર્મો-વ્રતો વગેરે વિનષ્ટ થતાં એટલે કે વિશેષ પ્રકારે નષ્ટ થતાં એટલે કે નાસ્તિક ભાવો વડે વેદ પરાંગ્મુખ બનતાં.

શ્રીકલ્યાણરાયજી :- **'कर्माणि सोमयागादीनि, व्रतानि च, ... एवं विधैर्नानावादैर्विशेषेण नष्टेषु सत्सु । विपरीतार्थनिश्चयेन फलाजनकत्वाद्विनाशः । स्वमताग्रहेणैव निषिद्धदशम्यादिविद्धैकादश्या-दिव्रतकरणाच्च । कर्मत्वेऽपि व्रतादीनां पृथगुपादानं ज्ञानाद्यङ्गत्वबोधनाय ।'**

કર્મો સોમયાગ વગેરે અને વ્રતો, એ બધા જ આ પ્રમાણે (ટીકામાં દર્શાવ્યા પ્રમાણે) જુદા જુદા વાદો વડે વિશેષ પ્રકારે નષ્ટ થતાં, વેદ વિરુદ્ધ વિપરીત અર્થોનો નિશ્ચય તે વાદો વડે થવાથી વેદવિરુદ્ધ કર્મ-વ્રત થતાં તે ફલને ઉત્પન્ન કરનારા ન હોવાથી વિનાશ થયો છે તેમ કહ્યું છે. પોતાના વેદ વિરુદ્ધ મતના જ આગ્રહ વડે કરીને જેનો શાસ્ત્રોમાં નિષેધ થયેલો છે તેવી દશમીના વેધવાળી એકાદશી વગેરે પ્રકારે વ્રતો કરવાથી (વ્રતોનો પણ નાશ થયો છે). વ્રત વગેરેનું કર્મપણું હોવા છતાં પણ જે તેને અલગથી કહ્યું છે તે જ્ઞાન વગેરેના અંગપણાનો બોધ કરાવવા કહ્યું છે.

શ્રીદ્વારિકેશ્વરજી :- **'एवं वस्तुनिर्धाराभावे तदन्तेवासिपरम्पराया अपि पूर्वापेक्षयाप्यधिकदोषयुक्तत्वेन विविधकुतर्कोपेतैः परस्परविरुद्धैर्नानावादरूपैस्तद्वाक्यैः सर्वाण्येव कर्मव्रतादीनि विशेषेण**

नष्टानि । फलस्वरूपाभ्यां वस्तुनिर्धाराभावे तद्रूपेण कृतमकृतप्रायं भवतीति तथा ।' જૈમિની, કણાદ, ગૌતમ વગેરે ૠષિઓ કે જે તામસ ૠષિઓ છે તેમણે શ્રુતિઓનો અર્થ વિચાર કરવામાં કાલસંબંધથી ઉદ્રિક્ત સ્વભાવવાળા થઈ કર્મ, વ્રત વગેરેના પ્રતિપાદનમાં પરસ્પર પ્રતિકૂલ અસત્ તર્કો વડે વેદના અભિપ્રાયને ત્યાગવાવાળા થયા, એ પ્રમાણે થતાં વસ્તુનિર્ધારનો અભાવ થતાં તેમના શિષ્યોની પરંપરા પણ પૂર્વાપેક્ષા અધિક-અધિક વિરુદ્ધ એવા અનેક વાદરૂપ તેમનાં વાક્યો વડે બધાં જ કર્મો, વ્રત વગરે વિશેષ પ્રકારે નષ્ટ થયાં છે. ફલ અને સ્વરૂપથી વસ્તુનિર્ધારનો અભાવ હોતાં તે રૂપ વડે - વસ્તુના અનિર્ધારિતરૂપ વડે જે કંઈ પણ કર્મ-વ્રત આદિ કરેલું હોય તે પણ અકૃત-ન કર્યા બરાબર થાય છે તેથી સર્વકર્મ-વ્રત વગેરે નષ્ટ થયાં છે.

શ્રીવ્રજરાયજી - **'नानाप्रकारका ये वादाः स्वरूपफलादिविषयकास्तैर्विशेषेण स्वरूपेण फलादिना च नष्टेषु तिरोहितेषु'** સ્વરૂપ અને ફલવિષયક જે અનેક વાદો છે તે વાદો વડે વિશેષ પ્રકારે સ્વરૂપથી અને ફલ વગેરેથી (સર્વકર્મો-વ્રતો) નષ્ટ થયાં છે એટલે કે તિરોહિત થયાં છે. (સ્વરૂપ-ફલથી નાશ બાબત પ્રાયઃ કરીને આ ટીકામાં શ્રીકલ્યાણરાયજીની ટીકાના વિષયનો વિસ્તાર છે).

વિવરણકાર :- **'सर्वं पुष्टिमार्गीयं यावत्प्रमेयं कर्म तन्मार्गीया सेवा 'भगवता सहे'त्यादिरूपा व्रतं लोकवेदनैरपेक्ष्येण केवलस्वरूपमात्रैकनिष्ठत्वं, आदिपदेन तन्मार्गीयश्रवणकीर्तनादीनि ज्ञेयानि, तेषु नानावादविनष्टेषु सत्सु । नानावादा अनेकविधप्रमाणवचनानि मर्यादामार्गीयाणि आवरणरूपाणि, '** પુષ્ટિમાર્ગીય યથાર્થજ્ઞાનનો વિષય એવું જે કંઈ પણ કર્મ છે તે પુષ્ટિમાર્ગીયા સેવા છે કે જે ભગવાનની સાથે સંલાપ કરવો (વેણુગીત સુબોધિની) વગેરે સ્વરૂપની છે અને વ્રત એટલે લોક-વેદની નિરપેક્ષતાના ભાવ વડે કરીને કેવલ એકમાત્ર ભગવત્ સ્વરૂપમાં જ નિષ્ઠા હોવી તે, **'व्रतादि'** એમાં આદિ પદ વડે પુષ્ટિમાર્ગીય શ્રવણ, કીર્તન વગેરે જાણવાં, તે બધા અનેક વાદો કરીને નષ્ટ થતાં, નાનાવાદ એટલે મર્યાદામાર્ગીય અનેકવિધ પ્રમાણવચનો કે જે આવરણરૂપ છે, તેના વડે કરીને વિશેષ પ્રકારે નષ્ટ થયાં છે એટલે કે અલક્ષિત થયા છે તેવા સર્વકર્મ-વ્રતો વગેરે થતાં.

વૈદિક સમ્પ્રદાયને અનુસરીને વેદના તાત્પર્યથી વિરુદ્ધ, પોતાના દ્વારા જ સ્વીકૃત સિદ્ધાન્તોમાં પણ પરસ્પર પ્રતિકૂલ-વિરુદ્ધ એવા અનેક વાદોનો ઉદ્ભવ થઈને તેવા વાદોના આધાર પર બધાં જ કર્મો અને વ્રતોનું નિર્ધારિણ થઈ પ્રવર્તી રહેલા કર્મો અને વ્રતો એ વાસ્તવમાં વેદ-શાસ્ત્રના તાત્પર્ય વગેરેથી વિરુદ્ધના જ હોવાથી તે કર્મો અને વ્રતો કોઈ પણ પ્રકારનું શ્રેયરૂપ ફલ સાધવા સમર્થ નથી બલ્કે તેવા પ્રકારે કર્મો-વ્રતો આચરવાથી વેદવિરુદ્ધના આચરણનો દોષ પણ ઉત્પન્ન થાય છે. જેમ જન્માષ્ટમી વ્રત, વામનજ્યંતી વ્રત, નૃસિંહચતુર્દશી વ્રત, રામનવમી વ્રત, એકાદશી વ્રત, તેવી જ રીતે પાર્વણ શ્રાદ્ધ કર્મમાં વિજયાદશમી, દીપાવલી, સંક્રાન્તિ, હોલિકાદહન વગેરે પર્વો, વગેરેમાં એ પ્રકારે સિદ્ધાન્તના નામે નિર્ણયો પ્રવેશ્યા છે કે જે નિર્ણયના આધારે વ્રતો, પર્વો, ઉત્સવો કરતાં તેનું ફલ નષ્ટ થાય અને દોષ ઉત્પન્ન થાય. જેમ કોઈએ ચાર જયંતીમાં ઉપવાસનું વ્રત લીધું હોય અને જન્માષ્ટમી આવી તો કઈ તિથિ જન્માષ્ટમી તરીકે માનવી. તેમાં કેટલાક વાદીઓએ એવો વાદ પ્રસ્તુત કરેલો છે કે શ્રીકૃષ્ણનો જન્મ મધ્યરાત્રિએ અષ્ટમીતિથિમાં થયો હોઈ રાત્રિના ૧૨ વાગે જે દિવસે અષ્ટમી તિથિ રહેતી હોય તે દિવસ માનવો. આમાં એમ પણ થઈ શકે છે સવારના સૂર્યોદયથી લઈને મધ્યરાત્રિ સુધી કે તે પછી સુધી અષ્ટમી રહેતી હોય અને ક્યારેક એમ પણ બને કે સૂર્યોદય સમયે સપ્તમી રહી બપોરના ૧૧-૧૨ વાગ્યા સુધીમાં અષ્ટમી બેસે અને તે મધ્યારાત્રિમાં પણ રહી બીજે દિવસે બપોરે ૧૦-૧૨ ના વચમાં સમાપ્ત થતી હોય અને બીજા દિવસના રાત્રિએ એટલે કે બીજા દિવસે સૂર્યોદય સમયે અષ્ટમી રહી રાત્રે જન્મ સમયે નવમી રહેતી હોય. ત્યારે આગલે દિવસે સૂર્યોદય સમયે સપ્તમી છે અને રાત્રે અષ્ટમી છે જ્યારે બીજા દિવસે સૂર્યોદય સમયે અષ્ટમી હોઈ રાત્રે નવમી છે. આ સ્થિતિમાં સ્કંદપુરાણમાં જણાવ્યું છે કે **'पुरा देवैर्ऋषिगणैः स्वपदच्युतिशङ्कया ।**

सप्तमीवेधजालेन गोपितं चाष्टमीव्रतम्' આ વાક્યમાં જેમાં સપ્તમીનો વેધ આવતો હોય એટલે કે સૂર્યોદય સમયે કલા, કાષ્ઠા માત્ર પણ સપ્તમી હોય અને ત્યારબાદઅષ્ટમી આવતી હોય તે સપ્તમી વિદ્ધા અષ્ટમી કહેવાય અને આવી સપ્તમીના વેધવાળી અષ્ટમીએ જન્માષ્ટમીનું વિધાન કરતાં વાક્યો દેવો-ઋષિઓએ અનધિકારી - અપાત્ર વ્યક્તિ આ વ્રતનું ફલ મેળવી દેવો-ઋષિઓનું અતિક્રમણ ન કરે માટે એમણે સપ્તમી વેધવાળી અષ્ટમી કહી છે. અન્યથા સૂર્યોદયવેલામાં અષ્ટમી તિથિ જે દિવસે હોય તે જ વ્રતનો દિવસ છે. અષ્ટમી તિથિ, બુધવાર અને રોહિણી નક્ષત્ર આ ત્રણેની મધ્યરાત્રિએ સ્થિતિ એ જયંતીવ્રત નામે પ્રસિદ્ધ છે કે જે વ્રત સૂર્યવંશી દિલીપરાજાએ વસિષ્ઠ ઋષિના કહેવાથી કર્યું હતું અને તે યોગ અતિદુર્લભ છે પણ જન્માષ્ટમી અને જયંતી એ બંને વચ્ચેનો ભેદ શ્રીપ્રભુચરણે ખૂબ જ વિદ્વત્તાથી ચર્ચેલો છે. આમ શુદ્ધ દિવસે જન્માષ્ટમી વ્રત ન થતાં વ્રતફલનો પણ નાશ થયો અને નફામાં જન્માષ્ટમી ઉપવાસ કરવાનો જે નિયમ લીધો હતો તે તૂટવાથી દોષ પણ લાગ્યો. તેવી જ રીતે દરેક એકાદશી ઉપવાસનું કોઈએ વ્રત લીધું તો ત્યાં પણ તિથિ નિર્ણય જરૂરી છે. એકાદશી તિથિ બીજી બધી તિથિઓથી અલગ સૂર્યોદય વ્યાપિની નહીં પણ અરુણોદય વ્યાપિની તિથિ લેવાનું વિધાન છે તેથી અરુણોદય સમયે દશમીનો વેધ હોય તેવી એકાદશી તિથિ ત્યાગીને દ્વાદશીએ વ્રત કરવાનું વિધાન છે. એકાદશીએ હરિવાસર એટલે કે વિષ્ણુદિવસ તરીકે શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, સૂર્યોદયથી ૫૪ ઘડી દશમી હોય તો અરુણોદય સમયે દશમી વેધ આવતો નથી પણ જો ૫૫ ઘડી દશમી હોય તો પાક્ષિકદોષથી અરુણોદય સમયે વેધ આવી જતો હોવાથી તે દિવસે એકાદશી તિથિ હોવા છતાં પણ વ્રત માટે વર્જ્ય છે કારણ કે દશમી તિથિ દૈત્ય પ્રભાવવાળી છે તેથી એકાદશી એ હરિવાસર હોવાથી અને દ્વાદશી એ વૈષ્ણવી તિથિ હોવાથી દ્વાદશીએ વ્રત કરવું પ્રશસ્ત છે. તેમ છતાં પણ આપણે પંચાંગોમાં વાંચીએ છીએ કે સ્માર્ત એકાદશી અને ભાગવત એકાદશી. ખરેખર તો દશમી વેધવાળી એકાદશી સ્માર્ત પણ ન ગણવી જોઈએ કારણ કે સ્મૃતિશાસ્ત્રમાં પરિગણિત પદ્મપુરાણમાં સ્પષ્ટ લખ્યું છે કે **'शुक्रेण मोहिता विप्रा दैत्यानां कारणे भुवि । तुष्ट्यर्थं दशमीविद्धं कुर्वन्ति मम वासरम् ।'** માત્ર દૈત્યોની તુષ્ટિ અર્થે દૈત્યગુરુ

શુક્રાચાર્ય દ્વારા મોહિત કરાયેલા બ્રાહ્મણો દશમીવિદ્ધા એકાદશીનું વ્રત કરે છે. તેમ છતાં પણ વૈષ્ણવ દ્વેષમાં દશમી સાથે રુદ્રનો સંબંધ કરી શિવ ભક્તોએ તો દશમી વિદ્ધા એકાદશીનું જ વ્રત કરવું એમ જે મિથ્યાવાદ પ્રવર્તકો વાદ પ્રચારે છે તેનાથી એકાદશી વ્રતનું ફલ પણ ગયું અને વ્રત ભંગનો દોષ પણ લાગ્યો. આ બાબતમાં આવા લોકો માટે તો શ્રીભાગવતનો આ શ્લોક જ એમના સ્વરૂપને બતાવે છે કે :

भवव्रतधरा ये च ये च तान् समनुव्रताः ।
पाखण्डिनस्ते भवन्तु सच्छास्त्रपरिपन्थिनः ॥
(ભાગ.૪-૩-૨૮)

એમ આવાં વ્રતોના વિધાન અને તેવું વિધાન કરનારા વાદો અને એ વાદોને પ્રસ્તુત કરનારા વાદીઓ એને ભાગવતની ભાષામાં પાખંડી અને સચ્છાસ્ત્ર પરિપન્થી એટલે સત્ શાસ્ત્રોથી વિરુદ્ધ આચરણ કરનારા જાણી શકાય છે. આ રીતે જ બીજા બધા જ વ્રતદિવસો, પર્વો, ઉત્સવો, યાત્રા દિવસો વગેરેમાં સમજવું.

તેવી જ રીતે કર્મનો પણ નાશ થયો છે. કારણ કે મંત્ર વગેરેની માફક યથાવિધિ શુદ્ધ કર્મ આચરવામાં આવે ત્યારે તે ફલદ બને છે. કર્મ વિષયમાં ભગવાન ગીતામાં જણાવે છે કે :

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥
तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥
(ગીતા ૧૬-૨૩,૨૪)

શાસ્ત્રમાં જણાવ્યાથી વિરુદ્ધ કર્મ કરવાથી સિદ્ધિ, સુખ કે પરાગતિ કંઈ પણ મળતું નથી એમ કહી તેના વડે ઐહિક-પારલૌકિક-અલૌકિક કોઈ ફલ થતું

નથી એમ ભગવાન કહે છે . ભગવાનની આ વાતની સાથે આજની પરિસ્થિતિનું અવલોકન કરીએ તો કર્મ કરનાર અને કરાવનાર બંને કર્મના અજાણ્યા છે. માનો કે વિવાહ કર્મ કરવાનું છે અને કરનાર વૈશ્ય છે તો એને ખબર તક નથી કે વૈશ્યોએ પણ યજ્ઞોપવીત ધારણ કરવાં જોઈએ અને વૈશ્યોની ગાયત્રી જપવી જોઈએ. ત્યારે જ વિટ્ દેવતા તેનામાં આવિર્ભૂત રહે છે. વિવાહ કરનારના ઉપનયન સંસ્કાર થયા નથી, તે યજ્ઞોપવીત ધારણ કરતો નથી અને ગાયત્રી જપતો નથી. ઉપરાંત તેણે બ્રહ્મચર્ય વ્રત પાળ્યું નથી અને ગુરુકુલમાં રહી ગુરુસેવા પૂર્વક વિદ્યાગ્રહણ કરી નથી અને સમાવર્તન સંસ્કાર પણ થયા નથી હવે કેવી રીતે વિવાહ કર્મ કરી શકે ? તે અતિથિદેવ બની શકતો નથી પછી કોનું મધુપર્ક સસરાજી કરે અને કયા સત્પાત્રને કન્યાદાન આપે ? એક વખત એક લગ્નમાં મારે જવાનું થયું, વરરાજા મસ્તીથી કોટ-પાટલૂન પહેરી, જુતાં પહેરી, પાન ચાવતા કન્યાની રાહ જોઈ બેઠા હતા, તેમના આજુબાજુમાં કેટલીક સ્ત્રીઓ અને પુરુષો બેઠા હતા અને તેમને લાગીને ભૂદેવ કર્મ કરાવવા બેઠા હતા. એમાં આપસની લોકોની વાતના થોડા શબ્દો કાનમાં પડતાં સાંભળવા મળ્યું કે બાજુમાં બેઠેલા બહેન બીજા ધર્મના હતા અને રજસ્વલા ધર્મનો (menses period) બીજો દિવસ હતો અને તેઓ આરામથી વિવાહની પૂજા સામગ્રી વગેરેની આપ-લે કરી રહ્યા હતા. થોડા સમય પછી કન્યાને મંડપમાં પધરાવવામાં આવી અને ભૂદેવ મધુપર્ક, કન્યાદાન વગેરેના મંત્રો બોલવા લાગ્યા, તેઓ **‘रामो हरि करि भूभृत् भानु कर्ता च चन्द्रमाः’** વગેરે શબ્દરૂપાવલીના તથા એવા જ શ્લોકો બોલી રહ્યા હતા જે એક પણ આ કર્મના તો શું પણ કોઈ પણ કર્મના મંત્રો-શ્લોકો ન હતા, પણ જ્યાં ત્યાંથી સુભાષિતો વગેરે જે બે-પાંચ યાદ હોય તેની ફેંકાફેંક કરી રહ્યા હતા. મેં વિચાર્યું કર્મ કરનાર-કરાવનારની ઠીક સરખી જોડ મળી ગઈ છે. આપણા પુષ્ટિમાર્ગીય એક વૈષ્ણવભાઈને પૂછ્યું તમારે ત્યાં મારા સાંભળવા મુજબ તિથિનો (માતા-પિતાના મૃત્યુનો) દિવસ છે અને તમે શ્રાદ્ધ નથી કર્યું તે કેમ ? તો એમણે ઉત્તર આપ્યો અમને અમુક પરમ ભગવદીય વૈષ્ણવે જણાવેલું કે શ્રાદ્ધાદિ કર્મ કરવાથી આપણા જેવા વૈષ્ણવોને અન્યાશ્રય થાય તેથી તે ન કરવું, તો મેં એ વૈષ્ણવને પૂછ્યું તો પછી મારે આ દિવસે શું કરવું ?

તો એમણે કહ્યું જા આપણા મન્દિરમાં અને આખા દિવસનો સામગ્રી ખર્ચ તારા તરફથી લખાવી દે અને જે તિથિનો દિવસ હોય તે ચીવટ રાખી નોંધાવજે, આપણે માટે તો આજ શ્રાદ્ધ. ભાવનાપક્ષના સર્વાગ્રગણ્ય એવા શ્રીદામોદરદાસજી હરસાનીજીએ પણ શ્રાદ્ધ કર્યું હતું તેનો ઉલ્લેખ વાર્તા સાહિત્યમાં મળે છે ત્યાં આજના આવા પરમ ભગવદીયો તેમનાથી પણ બે વેંત ઊંચા નીકળ્યા એમાં કોઈ સન્દેહ છે ? અને શ્રીમહાપ્રભુએ કહ્યું કે **‘मनुते नैव लौकिकम्’** ત્યાં આવા ભગવદીયોએ શ્રીમહાપ્રભુજીના પણ ઉપરવટ જઈને સિદ્ધાંત સ્થાપ્યો કે **‘भुङ्क्त एव हि लौकिकम्’** આવા તો રોજ-બરોજના સેંકડો દાખલાઓ છે કે જ્યાં કર્મ રહ્યું જ નથી. આધુનિક બ્રાહ્મણવર્ગનો એવો ઘણો મોટો વર્ગ છે કે જેને કર્મ કેટલાં એનાં નામ પણ ખબર નથી, રાજસ્થાન-મેવાડના તો બ્રાહ્મણોનો એક મોટો વર્ગ છે કે રોજ સ્નાન પણ કરતો નથી. અતઃ જે અપરિજ્ઞાનની વાત આપણે પાંચમા શ્લોકમાં વિચારી ગયા તેનું અપરિજ્ઞાન આ કર્મ વિષયમાં પણ વ્યાપેલું છે અને તેથીકર્મ શુદ્ધ શક્ય નથી. જો કદાચ કોઈ વિદ્વાન અને મીમાંસાને સારી રીતેજાણતો, ધર્મશાસ્ત્રનો અભ્યાસી હોય તો જૈમિનિ ઈત્યાદિ દ્વારા જે કાલબલના પ્રભાવમાં રહી કર્મમીમાંસા પ્રસ્તુત કરવામાં આવી કે જેમાં વેદોનું તાત્પર્ય ગ્રહણ થઈ શક્યું નહીં, તેમજ ગૌતમ-કણાદ-કપિલ વગેરેએ જે વાદો પ્રસ્તુત કર્યા અને ત્યારબાદ છેલ્લે જે ભયાનક રૂપમાં માયાવાદ પ્રસ્તુત થયો એણે તો વેદના સર્વ વિભાગોમાં એવો વિપ્લવ મચાવ્યો કે અનર્થ જ અર્થરૂપે દેખાવા લાગ્યા. આમ વેદનું તાત્પર્ય અનેક રીતે, અનેક વાદોથી લુપ્ત થતાં જેમ વેદમાં વપરાયેલા **જર્ફરી તૂર્ફરી** વગેરે શબ્દો એવા છે કે જેનો અર્થ લુપ્ત થઈ ગયો છે અને આજે તેનો કોઈ અર્થ જાણતું નથી, તેમ વેદોનું તાત્પર્ય પણ લોકમાંથી તે રીતે જ લુપ્ત થઈ ગયું છે અને જીવનયાત્રા ધપાવી રહ્યા છે. જે માયાવાદના ભ્રાન્ત સિદ્ધાન્તોમાં રામ અને કૃષ્ણ પણ માત્ર વ્યવહારમાં જ સત્ય છે, પરમાર્થમાં તો તે પણ અસત્ય છે ત્યાં આવું જાણી રામનવમી વ્રતનુંકે જન્માષ્ટમી વ્રતનું તેને માટે કેવું ને કયું શું સત્ય ફલ થઈ શકે છે ? તેવી જ રીતે જ્યાં પરમાર્થમાં વેદોને પણ મિથ્યા માનતા હોય પછી તે વેદોપદિષ્ટ કયા કર્મથી શું શ્રેય મેળવી શકશે ? જે લોકો ધર્મ-કર્મને પણ પરમાર્થમાં મિથ્યા માને

છે તેવા લોકો આજે દાવો કરે છે કે ધર્મ બાબતમાં સાચા પ્રામાણિક અને ઉચ્ચસ્થાનીય અમે લોકો છીએ. અને જે મહાપુરુષ પોતાના સિદ્ધાન્ત ગ્રન્થોમાં લખે છે કે **‘वेदश्च परमाप्तोऽक्षरमात्रमप्यन्यथा न वदति । अन्यथा सर्वत्रैवाविश्वासप्रसङ्गात्’** આવા સિદ્ધાન્તોને સ્વીકારેલા એમના સમ્પ્રદાય પર અને સિદ્ધાંત પર પૂર્વોક્ત પ્રકારના માયાવાદીઓ અવૈદિકતાનો આક્ષેપ કરે છે તે કેવી વાત ?

તેવી જ રીતે જે અશ્વમેધ, ગવાલંભ વગેરેનો કલિયુગમાં નિષેધ છે ત્યાં આજે જ્યાં-ત્યાં અશ્વમેધાદિના આયોજનો થતાં જોવા-સાંભળવામાં આવે છે અને તેમાં લાખો ધાર્મિકો બ્રાહ્મણો વગેરે સર્વ ધર્મના નામે ભાગ લઈ રહ્યા છે. ઉપરાંત જે યજ્ઞો કરવાનું વિહિત છે તેવા અગ્નિહોત્ર, દર્શ, પૌર્ણમાસ, ચાતુર્માસ્ય, સોમયાગ વગેરેમાં ભગવાન ગૃહાસ્થાશ્રમી અને વનાશ્રમી માટે વિહિત વેદપશુઓથી પોતાનું યજન કરવાનો નિષેધ કરે છે કે :-

वन्यैश्चरुपुरोडाशैर्निर्वपेत् कालचोदितान् ।
न तु श्रौतेन पशुना मां यजेत वनाश्रमी ॥
अग्निहोत्रं च दर्शश्च पूर्णमासश्च पूर्ववत् ।
चातुर्मास्यानि च मुनेराम्नातानि च नैगमेः ॥

(ભાગ.૧૧-૧૮,૭,૮)

અહીં જે પૂર્વવત્ શબ્દ પ્રયોગ છે તે ગૃહસ્થાશ્રમનો સૂચક છે તેથી શ્રૌતપશુના બલિનો નિષેધ સર્વત્ર પ્રાપ્ત થાય છે. તેમ છતાં પણ આજે દક્ષિણના ઘણા ખરા વિદ્વાનો અને તે પણ પાછા વૈષ્ણવ વિદ્વાનો પણ વિહિતપશુના પ્રત્યક્ષ બલિનો આગ્રહ ધરાવે છે જે શ્રીકૃષ્ણને સર્વથા અભીષ્ટ નથી.

યુધિષ્ઠિરના રાજસૂયયજ્ઞ પ્રસંગે સમગ્ર વિશ્વમાંથી આવીને એકત્રિત થયેલા દેવર્ષિઓ, બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ, મુનિઓ, યોગીઓ, તપસ્વીઓ, જ્ઞાનીઓ, કર્મીઓ, મહારાજાઓ, રાજાઓ, શ્રેષ્ઠીઓ, વિદ્વાનો, ધનવાનો, બલવાનો વગેરે સર્વમાં શ્રીકૃષ્ણને અગ્રપૂજ્ય તરીકે સર્વએ એકમતિએ સ્વીકાર્યા અને તેમની અગ્રપૂજા કરી એ સર્વ ગુરુઓના પણ ગુરુ જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણના નિર્ણય કે આદેશની અવગણના કરી હઠાગ્રહીઓ શ્રીકૃષ્ણ કરતાં વધુ વેદને સમજી શક્યા હોય તે રીતે દુરાગ્રહ પૂર્ણતાથી તેવા હિંસાવાળા યજ્ઞો કરાવે તો ત્યાં કર્મનું સ્વરૂપ જળવાયું છે તેમ કેમ માની શકાય ? અતઃ આવાં અનેક કારણોને સામે રાખીને શ્રીઆચાર્યચરણ લખે છે કે સર્વ કર્મો અને વ્રતો વગેરે નષ્ટ થયાં છે.

અહીં **‘आदि’** પદથી મને એમ લાગે છે કે કર્મ-વ્રત ચિત્તશુદ્ધિ અર્થે હોવાથી તે જ્ઞાનાંગ છે તેમ દાન, તપ, જપ, સ્વાધ્યાય, સંયમ વગેરેનો પણ ચિત્તશુદ્ધિમાં ઉપયોગ હોવાથી તે પણ જ્ઞાનાંગ હોવાથી તેનો સંગ્રહ કરવો જોઈએ. અહીં છઠ્ઠા શ્લોકમાં જે **કર્મ** એમ કહ્યું છે ત્યાં કર્મ એટલે ક્રિયા સમજવી.

‘पाषण्डैकप्रयत्नेषु’ અહીં ટીકાકારો આમ જણાવે છે :-

શ્રીરઘુનાથજી :- **‘किञ्च, पाषण्डेषु वेदादिविरुद्धार्थेष्वेव एकः असाधारणः प्रयत्नः पुनः पुनरुद्यमो येषाम्’** વળી પાખંડમાં એટલે કે વેદ વગેરેથી વિરુદ્ધ અર્થોમાં જ, એક એટલે અસાધારણ, પ્રયત્ન એટલે ફરી ફરીને જેમનો ઉદ્યમ છે તેવા.

શ્રીકલ્યાણરાયજી :- **‘ननु तेऽपि कुर्वन्ति परानपि बोधयन्ति मिथ्यात्वनिष्फलत्वानन्दाभावज्ञाने कथं कुर्युः कथं वा बोधयेयुस्तेषामपि मतानां शङ्करजैमिनीगौतमादिप्रवर्तिततत्वाच्चेत्यत आहुः पाषण्डैकप्रयत्नेष्विति । पाषण्डनिमित्तमेव मुख्यः प्रयत्नो येषु ‘त्वंच रुद्रे’ति सार्द्धेन ‘त्वमाराध्ये’ ति श्लोकद्वयेन च भगवता महादेवं प्रति तथैवाज्ञापनेन तथैव तेषां प्रवृत्तेः स्वयं कर्मादिकरणेन स्वस्य महत्त्वख्यापनेन मतप्रवर्तनात् ।’** (પ્રશ્ન કરે છે કે) અનેક પ્રકારના વેદવિરુદ્ધના

વાદોમાં પ્રવર્તનારા વાદીઓ તે લોકો પણ એમના વાદ મુજબ કર્મ-વ્રત આચરે છે અને બીજાઓને - શિષ્યોને પણ ઉપદેશે છે, તો પછી આવાં કર્મ-વ્રતોનું મિથ્યાપણું, નિષ્ફલપણું, અલ્પફલપણું, આનંદરહિતપણું છે તેવું જાણતાં હોવા છતાં શા માટે પોતે તેનું આચરણ પણ કરે અને તેનો ઉપદેશ બીજાને પણ શા માટે આપે ? તેમના મતો પણ (કોઈ અવિદ્વાન યા વેદના અપંડિતો દ્વારા નહીં પણ વિદ્વાન અને વેદના સારા એવા પંડિતો) શંકરાચાર્ય, જૈમિનિ, ગૌતમ વગેરે વડે પ્રવર્તિત હોવાથી (તેના વાદોથી કર્મ-વ્રત નષ્ટ થયાં છે તે કેમ કહી શકાય) ? તો કહે છે તે બધા શંકર-જૈમિનિ વગેરેનો પાષંડ નિમિત્ત જ મુખ્ય પ્રયત્ન છે જેમાં **‘त्वं च रुद्र महाबाहो मोहशास्त्राणि कारय। अतथ्यानि वितथ्यानि दर्शयस्व महाभुज । प्रकाशं कुरु चात्मानमप्रकाशं च मां कुरु । त्वमाराध्य यथा शम्भो ग्रहीष्यामि वरं सदा । द्वापरादौ युगे भूत्वा कलया मानुषादिषु । स्वागमैः कल्पितैस्त्वं च जनान्मद्विमुखान् कुरु । मां च गोपय येन स्यात् सृष्टिरेषोत्तरोत्तरा ।’** આ વાક્ય મુજબ ભગવાન મહાદેવને તેવી જ મોહશાસ્ત્ર પ્રકટ કરી ભગવત્સ્વરૂપનું ગોપન કરવાની આજ્ઞા કરી હોવાથી તે આજ્ઞાપિત મહાદેવે પ્રકટ થઈને તે મુજબની જ સર્વ પ્રવૃત્તિ કરી હોવાથી, સ્વયં તે મુજબનાં કર્મ વગેરે કરીને તેવાં કર્મ-વ્રત વગેરેના મહત્ત્વનું ખ્યાપન કરીને મત પ્રવર્તાવ્યો હોવાથી (તેમની પરંપરા પણ તે મુજબ જ કર્મ વગેરે કરે છે અને ઉપદેશે છે).

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘ननु साङ्गाग्निहोत्रव्रतप्रतिपादकानां श्रुतिस्मृतीनां विद्यमानत्वेन तदनुसारेण तत्कर्तारोऽपि दृश्यन्ते कथं तन्नाश इति चेत्तत्राह :- पाषण्डैकेति । परप्रतारणार्थं धर्मवत्कृत्वा प्रदर्शनं पाषण्डः, प्राकृतनित्यवैकृतकाम्यस्वरूपसाधनफलादिपरिज्ञानाभावे चित्तादिशुद्ध्यसाधकत्वात् ‘अग्निहोत्रं गवालम्भं संन्यासं पलपैतृकम् । देवराच्च सुतोत्पत्तिं कलौ पञ्च विवर्जये’ दित्यादिवाक्यात्तेषामिदानीं निषिद्धत्वात्कृता अप्याभासत्वमेव प्राप्नुवन्तीति तत्कृतेरपि पाषण्डार्थमेवैको यः प्रकर्षेण यत्नस्तद्रूपत्वमेव स्यात् ।’** (પ્રશ્ન કરે છે -) અંગો સહિતનાં અગ્નિહોત્રવ્રત પ્રતિપાદન કરનારા શ્રુતિઓ-સ્મૃતિઓ વિદ્યમાન હોવાના કારણને લઈને તેના અનુસાર અગ્નિહોત્રાદિ કરનારા દેખાય છે તો પછી કેમ કરીને કર્મ-વ્રતોનો નાશ થયો છે તેમ મનાય ? તો શ્રીઆચાર્યચરણ કહે છે - બીજાઓને છેતરવા અર્થે ધર્મની સમાન બધું કરીને પ્રદર્શન કરવું એ પાખંડ છે, પ્રાકૃત, નિત્ય, વૈકૃત, કામ્ય (વગેરે પ્રકારનાં કર્મો અને તેનું) - સ્વરૂપ, સાધન, ફલ વગેરેના પરિજ્ઞાનનો અભાવ હોતાં તેવાં કર્મો વગેરેનું ચિત્ત વગેરેની શુદ્ધિમાં અસાધકપણું હોવાથી અગ્નિહોત્ર, ગવાલંભ એટલે ગોમેધ યજ્ઞ, સંન્યાસ (જ્ઞાનમાર્ગીય-કર્મમાર્ગીય વિવિદિશા વગેરે), પલપૈતૃક એટલે માંસથી શ્રાદ્ધ કરવું અને દેવરથી પુત્રની ઉત્પત્તિ-નિયોગ કર્મ આ પાંચ કલિકાલમાં વિશેષ પ્રકારે ત્યાગવાં વગેરે શાસ્ત્રોનાં વાક્યોથી તેવાં કર્મો વગેરે હાલમાં નિષિદ્ધ હોવાથી તે કર્મો કરવામાં આવે તો પણ તે આભાસરૂપતાને જ પામે છે તેથી તેવાં નિષિદ્ધ કર્મો કરીને પણ પાખંડને અર્થે જ એકમાત્ર જે પ્રકૃષ્ટ પ્રયત્ન છે તે તદ્રૂપ જ થાય - પાખંડરૂપ થઈ આભાસરૂપ જ થાય.

શ્રીવ્રજરાયજી - **‘वादे प्रयोजकमाहुः पाषण्डेति । पाषण्डेन दम्भेन एकोऽन्यःप्रयत्न उद्यमो येषामिति । स च ‘वेश्यावेश्मसु सीधुगन्धिलललनावक्त्रासवामोदितैर्नीत्वा निर्भरमन्मथोत्सवरसैरुन्निद्रचन्द्रक्षपाः । सर्वज्ञा इति दीक्षिता इति चिरात्प्राप्ताग्निहोत्रा इति ब्रह्मज्ञा इति तापसा इति दिवा धूर्तैर्जगद्वञ्च्यते’ इतिवद् बोध्यः ।’**

આ અનેક વાદો ક્યાં કારણે પ્રયોજાયા તે પ્રયોજક કારણને કહે છે પાખંડ વગેરે વાક્યોથી, પાખંડ વડે - દંભ વડે, એક - અન્ય, પ્રયત્ન-ઉદ્યમ છે જેઓનો. તે પાખંડ આ મુજબ જાણવો (કોઈક સુભાષિતમાં યા કવિ દ્વારા વિરચિત કૃતિને અહીં પ્રસ્તુત કરી છે -) વેશ્યાના ગૃહે ગોળ યા શેરડીના રસને સડાવીને બનાવેલી મદિરા, સુંદરી યુવતીઓનું મુખ અને વિવિધ પ્રકારના આસવોથી આમોદિત થવા

વડે કરીને ચાંદની રાત્રિમાં અત્યંત પ્રગાઢ મન્મથ ઉત્સવ-કામના ઉત્કૃષ્ટ આનંદ-રસ વડે રાત્રિભર જાગેલા, તેવા લોકો સવારે અમે સર્વજ્ઞ છીએ, દીક્ષિત છીએ, દીર્ઘકાલથી અગ્નિહોત્ર પ્રાપ્ત કરેલા છીએ, અમે બ્રહ્મને જાણનારા છીએ, અમે તપસ્વીઓ છીએ એવો દેખાવ કરીને દિવસમાં રહેનારા એવા ધૂર્ત લોકો વડે આ જગત ઠગાઈ રહ્યું છે. આ ઉક્તિમાં જણાવ્યા મુજબ પાખંડમાં જ એકમાત્ર જેનો પ્રયત્ન છે એમ જાણવું.

વિવરણકાર :- **‘ननु तेऽपि भक्तिमार्गनिष्ठया सेवादिकं कुर्वन्तीति कथं तदज्ञानं तत्राहुः :- पाषण्डैकप्रयत्नेष्विति । पाषण्डो नामोपाधिस्तद्रूप एवैकः प्रयत्नस्तदनुकूलसाधनरूपो येषां तादृशेषु ।’** તે મિશ્ર મર્યાદામાર્ગીયો પણ ભક્તિમાર્ગનિષ્ઠા વડે સેવા વગેરે કરે છે. તેથી તે લોકોને પુષ્ટિ સેવા-ભક્તિનું કે પુષ્ટિસ્વરૂપનું અજ્ઞાન છે તે કેમ કહી શકાય ? ત્યાં કહે છે પાખંડ એટલે ઉપાધિ-તદ્રૂપ જ માત્ર એક પ્રયત્ન-તેને અનુકૂલ સાધનરૂપ પ્રયત્ન છે તેવા, એટલે કે પુરુષોત્તમ સાયુજ્ય ફલના સાધનરૂપ હોવાથી તે પ્રયત્નો પણ ઉપાધિરૂપ છે.

આ પ્રકારે ટીકાકારોના અભિપ્રાયો જોયા પછીથી કૃષ્ણાશ્રય ગ્રન્થસ્થ શ્લોક ૧ થી ૬ **‘सर्वमार्गेषु’**થી આરંભી **‘पाषण्डैकप्रयत्नेषु’** પર્યન્તના શ્લોકોમાં કહેવાયેલ વાતો વિચારતાં એક એવી ભ્રાન્તિ ઉત્પન્ન થવી સંભવ છે કે આ પ્રકારે શ્રીઆચાર્યચરણ કલિકાલમાં વેદોક્ત સાધનોનાં આચરણનો સર્વને માટે નિષેધ કરી એક માત્ર કૃષ્ણસેવા-ભક્તિ વગેરે જે માત્ર કરવાનું અથવા તો શ્રીકૃષ્ણનું જ માત્ર શરણભાવન કરી અન્ય સાધનો ત્યાગી રહેવાનું સૂચવે છે.

જ્યાંસુધી ચિત્તની કૃષ્ણપરાયણતા સિદ્ધ દશા પ્રાપ્ત હોય ત્યારે તો પ્રયત્નથી પણ અન્ય સાધનો ઉપયોગમાં આવી શકે તેમ નથી. કારણ કે તેવી દશામાં તો મનમાં સદૈવ શ્રીકૃષ્ણનું સાન્નિધ્ય સિદ્ધ હોવાથી ભક્તિથી અતિરિક્ત અન્યની અપેક્ષા પણ નથી રહેતી અને તેનાં સ્મરણાદિ પણ શક્ય નથી હોતાં. પણ જે લોકો આ સિદ્ધદશાને પામ્યા નથી અને સાધનદશામાં તન-ધન સાથે મનને પણ સેવામાં પરોવવાના પ્રયત્નશીલ છે, અથવા તો તેવા પ્રયત્નો ધનિષ્ઠરૂપમાં ન કરી માત્ર સિદ્ધાન્તમાં અને સ્વગુરુમાં આદર રાખી આ માર્ગમાં પ્રવેશ કરવા માત્ર જેટલી સ્થિતિથી રહેલા છે તેવા લોકોએ-વૈષ્ણવોએ આ સ્થળે તૃતીય સ્કન્ધ સુબોધિનીમાં કહ્યા મુજબ પોતાનો જીવન વ્યવહાર કરતાં આ માર્ગમાં સ્થિતિ કરવી જોઈએ યા આ માર્ગમાં પ્રયત્નશીલ થવું જોઈએ. શ્રીઆચાર્યચરણ તૃતીયસ્કન્ધ સુબોધિનીમાં લખે છે :-

‘यावद्देहोऽयं, तावद्वर्णाश्रमधर्मा एव स्वधर्माः । भगवद्धर्मादयोऽपि विधर्माः, परधर्मा वा । यदा पुनरात्मानं जीवं मन्यते, सङ्घातव्यतिरिक्तम्, तदा दास्यं स्वधर्मः, अन्ये वर्णाश्रमादयोऽपि परधर्माः । यदा पुनर्भगवद्भावं प्राप्तः, तदाऽलौकिकधर्मा एव ऋषभादिष्विव गोचर्यादयः स्वधर्माः, अन्ये परधर्मा इति ।’

અર્થાત્ - જ્યાં સુધી હું આ દેહ છું એમ દેહ સાથે અભિન્નતાથી હું પણાનું જ્ઞાન-ભાન છે ત્યાં સુધી તેવાઓ માટે વર્ણ અને આશ્રમ માટેના કહેવાયેલા ધર્મો જ સ્વધર્મ છે, તેવાઓ માટે ભગવદ્ધર્મ વગેરે પણ વિધર્મ (જેનાંથી સ્વધર્મને બધા થાય તે) છે અથવા પરધર્મ (બીજાઓ માટે કહેવાયેલો) છે. જ્યારે દેહ વગેરે સંઘાતોથી અલગ પોતાને હું જીવ છું એમ માનતો થાય (એવા જ્ઞાન-ભાનવાળો થાય) ત્યારે ભગવાનનું દાસ્ય એ જ સ્વધર્મ છે, ત્યારે બીજા વર્ણ-આશ્રમ વગેરે ધર્મો એ એવા માટે પરધર્મ છે.

આ શ્રીઆચાર્યચરણના જણાવ્યા મુજબ વર્ણ અને આશ્રમના ધર્મો દેહ પરત્વે છે, કારણ કે જીવ કોઈક જન્મમાં બ્રાહ્મણ, ક્યારેક ક્ષત્રિય, ક્યારેક વૈશ્ય અને કોઈક જન્મમાં શૂદ્ર હોય છે તેમજ ચારે વર્ણોની અધિષ્ઠાત્રી દેવતા એનો દેહમાં આવિર્ભાવ અને તિરોભાવ થાય છે, તેમજ જે કંઈ પણ કર્મ કરવામાં આવે છે તે દેહ-ઈન્દ્રિયો વડે કરવામાં આવે છે, માનસિક કર્મ એ પણ અંતઃકરણનો વિષય છે. પતિ, પત્ની, પિતા, પુત્ર વગેરે સંબંધો પણ દેહ થકી છે, આત્માના

સંબંધે નથી, તેમજ ષોડશ સંસ્કારો એ પણ આત્માના અધિષ્ઠાન દેહને કરવામાં આવે છે. અતઃ વર્ણ-આશ્રમ સંબંધી ધર્મો દેહબુદ્ધિવાળાઓને માટે કહ્યા છે અને જ્યાં સુધી હું દેહ છું તેવીઆત્મત્વેન પ્રતીતિ હોય ત્યાં સુધી તે ધર્મો જ સ્વ એટલે દેહબુદ્ધિવાળાઓનો ધર્મ છે. કોઇના કહેવાથી કે ક્યાંક કંઇ સાંભળી-વાંચી લેવાથી કે બુદ્ધિના સામાન્ય તર્કથી સાધારણ રીતે જાણ્યું કે વાસ્તવમાં આપણે દેહ નથી પણ જીવ છીએ તેટલા માત્ર જાણવાથી વર્ણ-આશ્રમના ધર્મો આપણા નથી એમ નહીં માની લેવું જોઇએ. તેવી જ રીતે શ્રીપ્રભુચરણ સિદ્ધાન્તમુક્તાવલીની ટીકાના આરંભે **‘अनेन अशेषाणां जीवानां गर्भदासत्वमुक्तम्’** અહીં જીવનું ગર્ભદાસત્વ કહી મુક્ત-અમુક્ત તેમજ ભગવાનમાં અંતઃસ્થિતિ હોય ત્યારે કે બહિઃસ્થિતિમાં સર્વ પ્રકારે જીવનું ભગવદ્ દાસત્વ અક્ષુણ્ણ છે તેમ જણાવે છે. તે જ વાત શ્રીઆચાર્યચરણ સુબોધિનીમાં જણાવે છે કે દેહભાવથી -સંઘાતોથી અલગ હું જીવ છું એવું જ્ઞાન-ભાન થતાં કર્મનો કર્તા મુખ્ય જીવ હોવાથી અને એ જીવને હું દેહ છું એવું ભાન નષ્ટ થતાં પછી દેહસંબંધી ધર્મોમાં તે પ્રેરાતો નથી, ત્યારે જીવત્વેન શ્રીપ્રભુચરણે જણાવ્યા મુજબ તેનું દાસત્વ અક્ષુણ્ણ હોવાથી દાસભાવે જે થાય કે થઇ શકે કે કરવું જોઇએ તે જ એનો સ્વ એટલે જીવનો ધર્મ છે. ત્યારે વર્ણાશ્રમ વગેરે એ પર એટલે દેહાદિભાવવાળાઓ માટે કહેવાયેલા ધર્મો છે.

પ્રશ્ન :- આ પ્રમાણે કહેતાં એક બીજી ભ્રાન્તિ થવી શક્ય છે કે જ્યારે હું દેહ છું તેવું જ્ઞાન-તેવો ભાવ નિવૃત્ત થશે ત્યારે ભગવત્સેવાદિ દાસ્ય ધર્મો આચરાશે, પણ આજે તો તેવા ભાવની સ્થિતિમાં માત્ર વર્ણાશ્રમાદિ ધર્મોમાં જ સ્થિતિ કરવી જોઇએ, પછી શા માટે **‘कृष्णसेवा सदा कार्या’** એમ સાતત્યે સેવા ઉપદેશવામાં આવે છે ?

ઉત્તર - પહેલી વાત તો એ છે કે દેહભાવ થવો, પ્રાણાદિનો અધ્યાસ થવો યા પોતાનામાં જીવત્વનું ભાન થવું આ બધું જીવમાં કે જીવ થકી ઘટે છે. નહીં કે દેહમાં કે દેહ થકી ઘટે છે. હું દેહ છું એવો અભિમન્તા તો જીવ જ હોય છે, દેહ પોતે નથી માનતો કે હું દેહ છું અને જો કદાચ તેમ માને તો તે તેનું અજ્ઞાન પણ નથી

કારણ કે તે જે છે તે જ માને છે,પણ જીવ પોતે દેહ ન હોઈ તેવો અભિમન્તા બને છે તેથી આ અજ્ઞાન કે અન્યથા જ્ઞાન જીવનું છે, દેહનું નથી. અતઃ હું દેહ છું તેવા ભાનની દશામાં પણ પ્રાધાન્ય તો જીવનું જ છે, અતઃ વિધર્મ છે એમ કહેવાથી જીવના ધર્મોનો લોપ છે તેમ નહીં માનવું જોઇએ, દેહભાવનિષ્ઠ દશામાં જીવ દેહના ધર્મો ભૂખ લાગવી, તરસ લાગવી, નિદ્રા આવવી, જાગવું, કામના થવી, સુખી-દુઃખી થવું વગેરેને ઔપાધિકતાથી અંગીકાર કરે છે તેથી તેવી દશામાં દેહના ધર્મોથી અંતઃકરણમાં આસુરભાવ વ્યાપ્ત ન થાય અને અંતઃકરણમાં જે આસુરી દોષો વ્યાપ્ત થયા હોય તે પણ નિવૃત્ત થઈ શુદ્ધ અંતઃકરણ વડે જીવ અહન્તા-મમતાત્મક સાંસારિક અજ્ઞાનથી મુક્ત થાય માટે તે મુજબના ધર્મો-કર્તવ્યો વેદે વિધાન કરેલા છે. શ્રીઆચાર્યચરણ અણુભાષ્યમાં જણાવે છે **‘किञ्च, परमकृपालुर्वेदः संसारिणः संसारान्मोचयितुं कर्माणि चित्तशुद्ध्यर्थं बोधितवान्’** (અણુભાષ્ય ૧.૧.૧) તેથી દેહાદિભાવનિષ્ઠ દશામાં ચિત્તશુદ્ધિ જીવના કલ્યાણમાં અપેક્ષિત હોઈ તદર્થ તે મુજબના ધર્મો વેદે કહ્યા છે અને તેથી તેને સ્વધર્મ શબ્દથી સ્વ એટલે દેહાદિ સંઘાત પ્રતિબદ્ધ દેહાદિભાવનિષ્ઠ જીવ એને આચરવા યોગ્ય ધર્મ એ સ્વધર્મ એમ તાત્પર્ય છે. જેમ કોઇ વ્યક્તિ કોઇનો પુત્ર છે તો પિતા-માતા પરત્વે પોતાનો પુત્ર તરીકેનો જે ધર્મ છે તે સ્વધર્મ છે, પરન્તુ તેનાથી તેનીપત્ની પરત્વેના પતિ તરીકેના ધર્મને કોઇ બાધ થતો નથી, તેમ છતાં પણ જ્યારે તે પુત્ર તરીકેનો વ્યવહાર કરી રહ્યો હોય તે સમયે પુત્ર તરીકેની તેની જે ફરજો છે તે એનો સ્વ એટલે પુત્રનો ધર્મ છે, ત્યારે પતિ તરીકેનો જે ધર્મ છે તે પર એટલે પતિરૂપ માટે કહેવાયેલો હોઈ પરધર્મ છે, પણ જ્યારે પતિ તરીકે વ્યવહાર કરવાનો હોય ત્યારે તો પતિ તરીકેનો જે ધર્મ છે એ જ સ્વ એટલે પતિનો ધર્મ છે અને પુત્ર ધર્મ એ પર એટલે પતિરૂપથી બીજા રૂપ માટેનો કહેવાયેલો હોઈ પર ધર્મ છે. તેવી જ રીતે પુત્ર ધર્મનાં પાલનમાં પતિધર્મ બાધક હોઈ વિધર્મ છે. આ વસ્તુને બતાવવા માટે જ બંનેને સ્વધર્મ અને પરધર્મ શબ્દથી નવાજ્યા છે. વસ્તુતસ્તુ બે પ્રકારની સ્થિતિ એક સાથે વિદ્યમાન હોવાથી એકબીજાને વિરોધ ન આવે તે રીતે બંને ધર્મો આચરવા એ જ શ્રીઆચાર્યચરણનું તાત્પર્ય છે. તેથી જ ઉક્ત વાક્યમાં બે થી અલગ ત્રીજો

ભાવ પણ **‘यदा पुनर्भगवद्भावं प्राप्तः’** વગેરે શબ્દોથી જણાવ્યો છે. અહીં ભગવદ્ભાવ એટલે સર્વત્ર સર્વના આત્મા ભગવાનનો અનુભવ થવો એવા સર્વાત્મભાવને ભગવદ્ભાવ કહ્યો છે જે શ્રીઋષભદેવ ચરિત્રમાં આ મુજબ કહ્યો છે - **‘ऋषभोऽविरतपरममहानन्दानुभव आत्मनि सर्वेषां भूतानामात्मभूते भगवति वासुदेवे आत्मनोऽव्यवधानानन्तरोदरभावेन सिद्धसमस्तार्थपरिपूर्णो .....’** (ભાગ..૫-૬-૩૫) તેમજ **‘गोचर्यादयः स्वधर्माः’** એમ કહ્યું છે ત્યાં ઋષભદેવચરિત્રમાં જણાવ્યા મુજબ - **‘एवं गोमृगकाकचर्यया व्रजस्तिष्ठन्नासीनः शयानः काकमृगगोचरितः पिबति खादत्यवमेहति स्म’** (ભાગ.૫-૬-૩૪) વગેરે વાક્યોથી જણાવ્યું છે તેમ સમજવું. આવી ભગવદ્ભાવ - સર્વાત્મભાવ પ્રાપ્ત દશામાં દેહ-વિશ્વના વિવિધ પાંચભૌતિક પદાર્થો અને પોતાના આત્મા એમ એક જ પરમાત્માના અનુભવથી અભેદશુદ્ધ અદ્વૈતભાવ સિદ્ધ થતાં પછી તે ગોચર્યાદિ ધર્મોનું જ આચરણ કરી શકે છે કારણ કે પછી ત્યાં **‘निस्त्रैगुण्ये पथि विचरतां को विधिः को निषेधः’** ની માફક સ્થિતિ બની જાય છે.

સુબોધિની વાક્યમાં ત્રણ પ્રકારે પરધર્મ યા વિધર્મ અને ત્રણ પ્રકારનો સ્વધર્મ બતાવ્યો છે તેમાં ભગવત્ પ્રેરણાથી જેનું જેવું જ્ઞાન તે મુજબ સ્વધર્મ-વિધર્મ સમજવાના છે. ભાગવતવાક્યનો અનુવાદ કરતાં પોતાનાં વાક્યોની સ્પષ્ટતામાં શ્રીઆચાર્યચરણ તે સ્થળે લખે છે :- **‘उभयात्मकस्वधर्मानुष्ठानम्, नत्वेकतरविरोधि’** આ વાક્યની ચોખવટ આપતાં પ્રકાશકાર તે સ્થળે લખે છે - **‘उभयात्मकस्वधर्मानुष्ठानमिति । वर्णाश्रमधर्मात्मको ज्ञानात्मकश्च यः स्वधर्मस्तदनुष्ठानम् । कुर्यादिति शेषः ।’** આ પ્રકારે વર્તમાન સ્થિતિમાં બંને પ્રકારના ધર્મો વર્ણાશ્રમ ધર્મો અને દાસ્યભાવે થતા ધર્મો બંને ધર્મો એકને છોડીને એમ નહીં પણ બંનેનું સ્વધર્મત્વેન આચરણ કરવાનું છે. કારણ કે જેમ વર્ણાશ્રમાદિ ધર્મના આચરણના અભાવમાં આસુરાવેશ થાય છે તેમ ભગવદ્ભાવ, ભગવત્સંબંધ

યા ભક્તિ રહિત ધર્મ પણ પૂર્ણ ચિત્તશુદ્ધિ સાધવા કે આસુરભાવ સામે લડી લેવા કે ધર્મપાલનકર્તા વ્યક્તિને પાવન કરવા સમર્થ બનતો નથી. શ્રીભાગવત કહે છે -

धर्मः सत्यदयोपेतो विद्या वा तपसान्विता ।
मद्भक्त्यापेतमात्मानं न सम्यक् प्रपुनाति हि ॥
(ભાગ. ૧૧-૧૪-૨૨)

સત્ય-દયાથી યુક્ત એવો ધર્મ પણ ભક્તિરહિત હોતાં સારી રીતે પાવન કરવા સમર્થ નથી. ભગવાનનો દાસભાવ મનમાં ન હોય અને દાસ ભાવે ભગવત્ સેવા, પૂજા, પરિચર્યાદિ ન થતાં હોય અને તેવી દશામાં ધર્મનું આચરણ કરવામાં આવે ત્યારે અહંકારનો અસુર અંતઃકરણમાં જન્મવાની પૂર્ણ સંભાવના રહે છે. તેમજ ધર્મના આચરણથી ઉત્પન્ન થનારું પુણ્ય વર્તમાન જીવનમાં જ્યારે લાભ આપવું શરૂ કરે ત્યારે તે લાભમાં ધર્માચરણથી ચ્યુત થઈ દુરાચરણમાં પ્રવેશવાની પણ પૂર્ણ સંભાવના રહે છે. તેથી ભગવત્સેવા અને તેની સાથે વેદોપદિષ્ટ ધર્મનું યથાશક્તિ પાલન એમ બંને આવશ્યક છે. ઉપરાંત ધર્માચરણ એ નવા ઉત્પન્ન થતા દોષોમાં બચાવ કરે છે અને બળ આપે છે પણ જેનાથી દેહભાવ વગેરે પ્રાપ્ત થાય છે તે મૂલ અવિદ્યાનો સપરિકર નાશ માત્ર ધર્મથી શક્ય જ નથી પરંતુ તે તો માત્ર કૃષ્ણસેવાથી જ શક્ય છે. જેમ **‘अजीर्णे भोजनं विषम्’** ત્યાં મંદાગ્નિથી અજીર્ણ રોગ થતાં ઉપવાસનું આચરણ એ રોગ વધતાં અટકાવે છે પણ ઉપવાસથી અગ્નિ પ્રદીપ્તિ તો નહીં જ થાય, તે તો અગ્નિને પ્રદીપ્ત કરનારી ઔષધીઓના સેવનથી જ શક્ય છે, તેમ વર્તમાન જીવનની સ્થિતિમાં ધર્માચરણ ઉપવાસ યા પથ્ય છે અને મૂલરોગનાશક ઔષધી એ ભગવત્સેવા છે.

આ બધો વિચાર કરતાં આધુનિક વૈષ્ણવોએ પુણ્યદેશ, ગંગાદિતીર્થ, સત્પુરુષો, મંત્ર, જીવનમાં પ્રાપ્ત કર્મ વગેરે બાબતમાં **‘गृह एव विशिष्यते’** આ વાક્યને ઉતાવળે ન આચરતાં કારણ કે આ વાક્ય **‘ब्रह्मभावात्तु भक्तानाम्’** લોકો માટે લખાયેલું હોઈ અને તેવી આધુનિકોની સ્થિતિ ન હોવાથી **‘गृहेस्थित्वा**

स्वधर्मतः’ (ભક્તિવર્દ્ધિની) આની ટીકામાં શ્રીપુરુષોત્તમજીએ દર્શાવેલ પક્ષ મુજબ જીવન વ્યવહાર કરવો અને પોતાની સ્થિતિ કરવી હિતાવહ છે. ‘**गृहे स्थित्वा**’માં શ્રીગોકુલનાથચરણે બતાવેલ ‘**भगवद्भजनानुकूले गृहे स्थित्वा**’ પક્ષ તેમજ આની સાથે શ્રીપુરુષોત્તમજીએ દર્શાવેલ વ્યાખ્યા ‘**गृहे गृहस्थाश्रमे**’ એ આજના સંદર્ભમાં અતિશય ઉપકારક છે. તેમજ શ્રીઆચાર્યચરણે ભક્તિવર્ધિની વગેરે તેમજ સર્વનિર્ણય નિબંધમાં જે પ્રકારો દર્શાવ્યા છે તે મુજબ વૈષ્ણવો પોતાની સ્થિતિ કરે તો નિશ્ચિત જ કૃષ્ણભક્તિને પ્રાપ્ત થઈ શકે છે. જે લોકો ધર્માસક્તિ અને લોકાસક્તિને લઈને ધર્માશ્રય-લોકાશ્રય-અન્યદેવાશ્રય-સાધનાશ્રય-અન્યમાર્ગાશ્રય કરીને રહેલા છે તેમ છતાં પણ તેઓ પુષ્ટિમાર્ગીય જીવો છે તેમને ઉપર્યુક્ત આશ્રયો છોડાવી તેમનામાં ભગવદાશ્રય દઢ કરવા શ્રીકૃષ્ણ સ્વરૂપ - સામર્થ્ય નિરૂપણપૂર્વક જેનાથી લોકાસક્તિ-ધર્માસક્તિ દૂર થાય તે વિષય પ્રસ્તુત કરવો કૃષ્ણાશ્રય ગ્રન્થની રચનાનો હેતુ છે. જે લોકો ઉત્તમાધિકારવાળા શુદ્ધ પુષ્ટિજીવો કે પુષ્ટિ પુષ્ટિજીવો છે તેમને માટે તો તેમનાં હૃદયમાં ‘**कृष्ण एव गतिर्मम**’ નું વાક્ય ભગવત્સ્વરૂપબળે જ રટાઈ જાય છે અને તેમની ધર્માદિ આસક્તિ પણ ભગવાન સ્વરૂપબળે જ દૂર કરી દે છે. પરંતુ જે લોકો મધ્યમાધિકાર કે હીનાધિકારવાળા છે, જેમને અર્થે પ્રભુએ પોતાનું સાક્ષાત્ સ્વરૂપ બલ તત્કાલ પ્રકટ નથી કર્યું અને તેમના વડે તનુવિત્તજ સેવાનું સાધન અપેક્ષિત રાખ્યું છે તેવાઓની સેવા ભગવદાશ્રયબળે આધિદૈવિકી બને તેથી તેમની પ્રગાઢતાએ બંધાયેલી ધર્માસક્તિ-લોકાસક્તિ વગેરેની ગ્રન્થીઓને તોડવા બાકીનું વ્યાખ્યાન છે. તેથી તેવાઓને માટે માત્ર ત્યાંથી આસક્તિ છોડવાનું જ વિધાન છે પરંતુ ‘**यावद्देहोऽयम्**’ મુજબની સ્થિતિવાળા હોઈ ધર્મ કે તેનાં અંગોનો પ્રત્યક્ષ ત્યાગ હિતાવહ નથી. અતઃ અહીં સર્વનિર્ણય નિબંધોક્ત શ્રીઆચાર્યચરણના વાક્યો અનુસંધેય છે :-

धर्ममार्गं परित्यज्य छलेनाधर्मवर्तिनः ।
पतन्ति नरके घोरे पाषण्डमतवर्तनात् ॥

अधुना तु कलौ सर्वे विरुद्धाचारतत्पराः ।
स्वाध्यायादिक्रियाहीनास्तथाऽऽचारपराङ्मुखाः ॥
क्रियमाणं तथाऽऽचारं विधिहीनं प्रकुर्वते ।
विक्षिप्तमनसो भ्रान्ता जिह्वोपस्थपरायणाः ॥
व्रात्यप्रायाः स्वतो दुष्टास्तत्र धर्मः कथं भवेत् ।
षड्भिस्सम्पद्यते धर्मस्ते दुर्लभतराः कलौ ।

પ્રકાશ :- ‘**धर्ममार्गं परित्यज्येति । तत्र हेतुः पाषण्डमतवर्तनादिति । पापवेषस्वीकारात् एवं सांख्ययोगद्वारा सर्वाणि मतानि दूषयित्वा, वेदविरोधाभावेऽपि भक्तिमार्गे ब्राह्मणविरुद्धवेषाभावेऽपि प्रकारभेदोऽस्तीति कस्यचिच्छङ्का स्यात् पाषण्डमार्गोऽयमपीति। तन्निराकरणार्थं प्रकारान्तरे हेतुं वदन् भक्तिमार्गं प्रपञ्चयति अधुना त्विति, त्रिभिः । कालदोषाच्छक्तिह्रासे वेदाभावात् सर्वधर्माभावः ॥ २११-१२-१३-१४ ॥**

तर्हि किं विधेयमित्याकाङ्क्षायामाह -

अथापि धर्ममार्गेण स्थित्वा कृष्णं भजेत्सदा ।
श्रीभागवतमार्गेण स कथञ्चित्तरिष्यति ॥

પ્રકાશ :- ‘**अथापीति । पाषण्डमतस्वीकारमकृत्वा यथाशक्त्यग्निहोत्रादिकं कुर्वन् सदा कृष्णं भजन् भवति भगवदुक्तमार्गेणैव ततो मुख्यधर्माभावान्नफलं, भगवद्भजनाच्च न पातः, किन्तु कथञ्चित् कलिं तरिष्यति । कलिदोषाभिभूतो न भविष्यतीत्यर्थः ॥ २१५ ॥**

આ સ્થળે આની ટીકા કરતાં શ્રીપુરુષોત્તમજીએ ગ્રન્થના આ વિભાગના સાર રૂપે જે પક્ષ પ્રસ્તુત કર્યો છે તે અત્ર ઉલ્લેખનીય છે. તેઓ લખે છે - (શ્લોક ૨૧૫ના આવરણભંગમાં **‘नन्वेवं सति त्याज्य इत्यायाति’** અહીંથી આરંભીને **‘इति पर्यवसानं ज्ञेयम्’** પર્યન્તમાં-) આધુનિક કલિયુગમાં આચાર-વિચારહીન સમાજમાં છ સંપત્તિવાળો ધર્મશક્ય નથી એમ શ્લો. ૨૧૧ થી ૨૧૪ માં જણાવતાં- એમ હોતાં ધર્મ ત્યાગવો એમ પ્રાપ્ત થાય છે, તેમજ ધર્મ ત્યાગતાં પછી સર્વથા જ પાખંડીપણું પ્રવેશી જવું સંભવ છે તેથી શું કરવું ઉચિત છે તેમ જાણવાની આકાંક્ષામાં (કહેવાનું કે) ભાગવત એકાદશ સ્કન્ધમાં ધર્મ વડે ભગવદ્ ભજનનો પ્રકાર ભગવાને કહ્યો છે તે પણ અધુના અશક્ય હોવાથી તેના અનુકલ્પરૂપે યથાશક્તિ-શક્તિ અનુસાર જે થઈ શકે છે તે કરવાના પક્ષનો આદર કરીને આ ભગદુક્ત કર્તવ્ય છે એમ મૂલના પ્રકાશમાં કહ્યું છે. માયાવાદીમતની પાખંડરૂપતા પૂર્વમાં જ કહેવાયેલી હોવાથી તેમજ આગળ પણ તે કહેવાવાની છે તેથી તે મતનો સ્વીકાર નહીં કરીને યથાશક્તિ સ્વધર્મકરણ (સ્વધર્મ નિર્વાહ કરવાનો) પક્ષ આથી આગળ ગ્રન્થમાં સ્થાપન કરાયેલો હોવાથી સ્વ-પોતાના વર્ણ અને આશ્રમને અનુકૂલ-અનુરૂપ પ્રાપ્ત અગ્નિહોત્ર વગેરે કર્મ છે તેને (કર્માસક્તિથી નહીં પરંતુ) તે ભક્તિમાર્ગનું (ચિત્તશુદ્ધિ અર્થેનુ) અંગ છે તેમ જાણી તેવા વિચારે તે - તે કર્મો કરતાં **‘यद्यनीशो धारयितुं मनो ब्रह्मणि निश्चलम् । मयि सर्वाणि कर्माणि निरपेक्षः समाचरेत् ॥’** (ભાગ. ૧૧-૧૧-૨૨) એમ કહી આગળ તેવા કર્મના પ્રકારને દર્શાવતાં **‘श्रद्धालुर्मे कथाः श्रृण्वन् सुभद्रा लोकपावनीः । गायन्ननुस्मरन् कर्म जन्म चाभिनयन् मुहुः ॥ मदर्थे धर्मकामार्थानाचरन् मदपाश्रयः ।’** સર્વલોકને પાવન કરનારી, કલ્યાણસ્વરૂપા મારી કથા શ્રદ્ધાવાળા થઈ તેને સાંભળતાં, મારા જન્મ અને કર્મ સંબંધી ચરિત્રોને વારંવાર ગાતાં-કીર્તન કરતાં, અને તેનો અભિનય કરતાં, મારો આશ્રયભાવ ધારણ કરી - મારા આશ્રયે રહી (અન્યાશ્રયે નહીં) ધર્મ, અર્થ, કામ, પુરુષાર્થનું મારા અર્થે આચરણ કરતાં આ પ્રમાણે રહેતાં તે આચરણ કરનાર મારી નિશ્ચલા ભક્તિને પામે છે.

આ અઢી શ્લોકમાં ભગવાન દ્વારા કહેવાયેલ પ્રકાર વડે કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખ્યા વિના (નિત્ય-નૈમિત્તિક) સર્વ કર્મોનું આચરણ, શ્રદ્ધાપૂર્વક ભગવત્ કથા શ્રવણ, જે શ્રવણ કર્યું છે તેનું ગાન-કીર્તન, ભગવાનની લીલાઓનું સ્મરણ, ભગવાનના જન્મ વગેરે ચરિત્રોનો અભિનય, વારંવાર ભગવાનના અર્થે ધર્મ, કામ, અર્થના આચરણરૂપ માર્ગ વડે વિચ્છેદ વિના- અવિચ્છિન્નતાથી જે ભગવાનને ભજે છે, આ કહેલી રીતિ વડે ધર્મનું ફલ અને પતન બંનેનો અભાવ હોતાં (નિબંધ શ્લો. ૨૧૫ ના પ્રકાશમાં જણાવ્યા મુજબ) તેમજ ભગવાન દ્વારા આદેશાયેલનું આચરણ કરવાથી કલિદોષમાં અભિભૂત ન થઈ તે કલિદોષોને તરી જશે. આના વડે કાલ વગેરે સાધનોની અપેક્ષાથી રહિતપણું વિચારાયું છે. તેમજ કલિદોષોની પ્રાપ્તિ નહીં થવામાં સ્વલ્પ સાધન કરાતાં મહાફલને આપવાના કલિના સ્વભાવ થકી અનુગુણ હોતાં આ પ્રકારનું ફલ એ જીવન્મુક્તિ છે એમ જણાય છે. તૃતીય સ્કન્ધના પચીસમાં અધ્યાયમાં **‘इमं लोकं तथैवामुम्’** (ભાગ. ૩-૨૫-૩૯) એ બે શ્લોકોમાં પ્રથમાધિકારવાળાઓનો તેવો જ ભાવ પ્રતિપાદન થયેલો હોવાથી. આથી અધિક અધિકાર હોતાં તો ત્યાં જ - આ વાક્ય કહેવાયું છે તે જ સ્થળે **‘अथो विभूतिं मम’** (ભાગ.૩-૨૫-૩૭) એ બે શ્લોકમાં કહેવાયેલ વૈકુંઠમાં ભોગ જે સેવાફલ વિવરણમાં **‘सेवौपयिकदेहो वा वैकुण्ठादिषु’** વાક્યથી (શ્રીઆચાર્યચરણે) જણાવ્યું છે તે ફલમાં પર્યવસાન સમજવું.

અતઃ ઉત્તમાધિકારવાળા શુદ્ધપુષ્ટિજીવો સિવાયના બીજા જે પણ પુષ્ટિમાર્ગીય જીવો છે કે જે પ્રાયઃ કરીને આધુનિક વૈષ્ણવો છે તે લોકોએ ભગવદાશ્રય નિશ્ચિત રાખવો જ જોઈએ પણ તે પણ શ્રીમહાપ્રભુને અભીષ્ટ પ્રકારે અને તેમના દ્વારા નિર્દિષ્ટ પ્રકારે જ રાખવો જોઈએ. ઉત્તમાધિકારીઓ માટે જે માર્ગ પ્રશસ્ત થયો છે તે માર્ગને જાણવો અને તેની ઉત્તમતા વગેરેને સારી રીતે જાણી સર્વ સમર્થ પ્રભુ ક્યારેક કૃપા વિચારી આ ફલનો પણ અનુભવ કરાવે તેવી ભાવના મનમાં સેવીને પણ જે હીનાધિકાર કે મધ્યમાધિકારવાળાઓ છે તેમણે તેમના અર્થે શ્રીઆચાર્યચરણે સર્વશાસ્ત્રોના સાર રૂપે જે કર્તવ્યનિર્ધારિણ કર્યું છે તે માર્ગ પર

ચાલવું જ તેમને માટે હિતાવહ છે, નહીં તો **‘दुविधामें दोनों गये माया मिली न राम’** જેવી દશા થવા સંભવ છે. અતઃ કૃષ્ણાશ્રયના આ છ શ્લોકોમાં **‘कृष्ण एव गतिर्मम’** થી છએ શ્લોકના અંતે જે ભગવદાશ્રય કહ્યો છે તે નિબંધોક્ત પ્રકારે સાધનો અને તે પ્રકારે ભગવદાશ્રયપૂર્વક રહેવું સર્વથા યોગ્ય છે તેમજ અપ્રમાદે ધર્માચરણ કરતાં પણ કદાચિત્ પ્રમાદાદિદોષવશ યા કાલ-પ્રસંગવશ કોઈ હાનિ થઈ જાય તો ત્યારે પણ વિવેક ધૈર્યાશ્રયમાં જણાવ્યા મુજબ **‘अशक्ये सुशक्ये पापे भये सर्वथा हरिः शरणम्’** એ વિભાવનાને જ ચિત્તમાં ધારણ કરવી અને તેની નિવૃત્તિના ઉપાયો જે પ્રાયશ્ચિત્તાદિ શાસ્ત્રમાં કહેવાયા છે તેના વડે અને તે પણ ભગવદાશ્રયની ભાવનાપૂર્વક અનન્યાશ્રયને અબાધ રહી આચરવા અને તે પણ શાસ્ત્રાજ્ઞા-ભગવદાજ્ઞા માની આચરવા, પાપનિવર્તક માત્ર ભગવાન છે એમ માની આશ્રય ભાવનું સદૈવ, સર્વથા, સર્વ પ્રકારે રક્ષણ કરવું અને ભગવદાશ્રયે જ જીવનનો નિર્વાહ થાય તે રીતે આગળ વધવાનો પ્રયત્ન કરવો એમ મારું અત્ર મંતવ્ય છે.

નોંધ : આ શ્લોકના વ્યાખ્યાનના અનુસંધાનમાં આધુનિક સમયમાં શિવામ્બુ કલ્પવિધિ - (Urine therapy) સ્વમૂત્રોપચારની પદ્ધતિ પ્રચલિત થતી જઈ રહી છે અને તેનો - આ વાદનો વ્યાપ સર્વત્ર વધતો જઈ રહ્યો છે, તેમજ આ પદ્ધતિના આધુનિક આવિષ્કર્તાઓ ધર્મ અને શાસ્ત્રનાં નામ પર કેટલાંક પ્રમાણો અને આ ઉપચારના લાભોની લોભામણી વાતોથી વૈષ્ણવોને પણ આ ચક્કરમાં લઈ લેવાના પ્રયત્ન કરી રહ્યા છે. તેવા સંજોગોમાં આ બાબત શ્રીભાગવતાદિ શાસ્ત્રોનો તેમજ શ્રીઆચાર્યચરણનો શો અભિપ્રાય છે તે બાબતનું અમારું સ્વતંત્ર લેખન આ પુસ્તકમાં લેખનના અંતે પરિશિષ્ટમાં આપ્યું છે જેથી વૈષ્ણવો આવા દુષ્કર્મથી દૂર રહી શુદ્ધતાથી ભગવન્માર્ગમાં આગળ વધી શકે તેથી તે પરિશિષ્ટમાં પુસ્તકના પૃષ્ઠ - ૩૩૯ પર જોવું.

શ્લોક-સાતમો

अजामिलादिदोषाणां नाशकोऽनुभवे स्थितः ।
ज्ञापिताखिलमाहात्म्यः कृष्ण एव गतिर्मम ॥ ७ ॥

अन्वय :- अजामिलादिदोषाणां नाशकः, अनुभवे स्थितः
ज्ञापिताखिलमाहात्म्यः कृष्ण एव मम गतिः (अस्तु) ।

અર્થ : અજામિલ વગેરે (મહાપાતકીઓના) દોષોના ભગવાન નાશ કરનારા છે એમ અમારા અનુભવમાં છે, તેમજ અખિલવેદ વગેરે શાસ્ત્રો વડે જેમનું માહાત્મ્ય જ્ઞાપન થયું છે તેવા ભગવાન છે, તેથી કૃષ્ણ જ મારી ગતિ હો ॥ ૭ ॥

સ્તોત્ર વિવરણ :- છઠ્ઠા શ્લોકમાં કર્મની ધર્મમાં અસાધકતા જણાવી, **‘कर्मशुद्धिर्मदर्पणम्’** આ એકાદશ સ્કન્ધના ભગવદ્વાક્યથી ભગવાનને અર્પણ થવાથી અને **‘विष्णोः कर्माणि पश्यत, यतो व्रतानि पस्पशे’** આ વેદવાક્ય મુજબ ભગવાન કર્મ અને વ્રતોને સ્પર્શે છે અને એ રીતે કર્મો-વ્રતોનો ભગવાન સાથે સંબંધ થતાં કર્મ-વ્રત શુદ્ધ થાય છે. આધુનિક સમયમાં અનેક વેદવિરુદ્ધ વાદો ધર્મના નામે કર્મ વગેરેમાં પેસી ગયાં હોવાથી તેનો પણ નાશ થયેલો છે તેથી કર્મ વિષયમાં પણ કૃષ્ણનો જ આશ્રય કર્તવ્ય છે તેમજ ધર્મનું તેના છએ અંગો સહિતની બાબતમાં ધર્મનું આચરણ એ સર્વ માટે અપેક્ષિત છે તેથી ધર્માસક્તિ-કર્માસક્તિ નહીં રાખી ધર્માશ્રય-કર્માશ્રય નહીં સેવી ભક્તિના અંગ તરીકે જ એકાદશ સ્કન્ધમાં કહ્યા પ્રકારે આચરણ કરવું અને તે પણ ભગવદાશ્રયભાવે રહીનેજ અનન્યાશ્રયભાવને અબાધ રહી કરવું એમ નિશ્ચય કરીને હવે આ સાતમા શ્લોકમાં ભક્તો માટે ભગવાન જ **ચતુર્વિધ પુરુષાર્થરૂપ** છે તેથી શ્રીકૃષ્ણનાં શરણથી જ **ધર્મપુરુષાર્થ**ની સિદ્ધિ શક્ય છે તે જણાવે છે **‘अजामिलादि’** વગેરે વાક્યોથી.

આપણે જે છઠ્ઠા શ્લોકમાં અંતે વર્ણાશ્રમની વાતો કરી ગયા તે આપણા શાસ્ત્રોમાં ચાર વર્ણ અને ચાર આશ્રમની વ્યવસ્થા કરવામાં આવી છે. **‘शतायुर्वै पुरुषः’** એ વાક્ય મુજબ પૃથ્વીથી લઈને સત્યલોક પર્યન્તમાં સર્વ લોકમાં ૧૦૦ વર્ષની આયુઃ નું પ્રમાણ માનવામાં આવ્યું છે. મનુષ્યનાં છત્રીસ હજાર વર્ષ બરાબર દેવતાઓનાં ૧૦૦ વર્ષ થાય છે. તેમ ગણના કરતાં-કરતાં ૧૪ મન્વન્તર કાલ બરાબર બ્રહ્માજીનો એક દિવસ, તેટલો જ સમય રાત્રિનો જે પ્રલયકાલ કહેવાય છે અને આવા પાંચ લાખ ચાર હજાર મન્વન્તરો (૧૪ મન્વન્તર બરાબર કુલ ૧૦૦૦ ચતુર્યુગનો કાળ) બરાબર બ્રહ્માજીનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થાય ત્યારે બ્રહ્માજી પણ નિવૃત્ત થાય છે. આમ મનુષ્યના જે ૧૦૦ વર્ષનું આયુષ્ય છે તેને ચાર ભાગે વિભક્ત કરી ૧ થી ૨૫ વર્ષ બ્રહ્મચર્ય, ૨૬ થી ૫૦ વર્ષ ગૃહસ્થાશ્રમ, ૫૧ થી ૭૫ વાનપ્રસ્થાશ્રમ અને ૭૬ થી ૧૦૦ અથવા યાવત્ આયુષ્ય સંન્યાસાશ્રમ, આમ ચાર આશ્રમોની વ્યવસ્થા છે. તેવી જ રીતે ચાર પુરુષાર્થ પ્રધાન ચાર વર્ણોની વ્યવસ્થા છે જેમાં ધર્મપુરુષાર્થ શૂદ્રમાં પ્રધાન છે, અર્થપુરુષાર્થ વૈશ્યમાં પ્રધાન છે, કામપુરુષાર્થ ક્ષત્રિયમાં પ્રધાન છે અને મોક્ષપુરુષાર્થ બ્રાહ્મણમાં પ્રધાન છે. આ ચાર વર્ણો કે ચાર જાતિ એ એના અધિષ્ઠાત્રી દેવતાઓ બ્રાહ્મણ્ય, ક્ષત્ર, વિટ્, શૂદ્ર આ ચારથી એના અધિષ્ઠાન રૂપમાં ચાર જાતિઓ છે. જગતમાં આવેલા જીવો સ્વચ્છન્દ કર્મમાં પ્રવૃત્ત ન થઈ શાસ્ત્રવિધાન મુજબ કર્મ કરતાં ક્રમશઃ મોક્ષમાર્ગ તરફ આગળ વધે એ આ વ્યવસ્થા પાછળ ભગવાન વેદનો હેતુ છે. અતઃ લોકો પોતપોતાના પુરુષાર્થની સાધના કરવા ઉદ્યત થાય છે અને ક્રમથી મોક્ષ તરફ આગળ વધવાનો પ્રયત્ન કરે છે તેથી સર્વ વર્ણના લોકો પોતપોતાના પુરુષાર્થનો આશ્રય કરી **‘स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः’** એ ગીતા વાક્ય મુજબ પોતાના વર્ણ અને આશ્રમ મુજબના ધર્મોનું- કર્તવ્યોનું પાલન કરતાં મરણ પ્રાપ્ત થાય ત્યારે તે વ્યક્તિ એક વર્ણથી આગળના વર્ણમાં જન્મ રૂપ શ્રેયને પામે છે અને જો તે પોતાના વર્ણ અને આશ્રમ મુજબ આચરણ નહીં કરી **‘यस्त्विच्छयाकृतः पुम्भिराभासोह्याश्रमात्पृथक्’** મુજબ વર્તી પોતાના ધર્મ ત્યાગી બીજાને માટે કહેવાયેલા ધર્મોનું પાલન કરે છે અને તેમ કરતાં તે મરણ પામે છે તો તે આગળ તરફ ઉન્નતિ નહીં કરી સ્વધર્મ ત્યાગના દોષના દંડનો ભાગી બને છે. અતઃ દરેક લોકો જે ધર્મનાં તત્ત્વને જાણે છે તે લોકો પોતપોતાના પુરુષાર્થને સાધવા તદનુકૂલ ધર્મનો આશ્રય કરતા હોય છે અને પુરુષાર્થ સાધવામાં જીવન વિતાવતા હોય છે. આવા લોકોને શ્રીઆચાર્યચરણ કહે છે કે પૂર્વમાં છ શ્લોકોથી જે ચર્ચા કરવામાં આવી તેમાં ધર્મનાશને વિચારતાં ધર્મ વિના પુરુષાર્થની સિદ્ધિ જ નથી તેમજ પુરુષાર્થ માટેના જે ધર્મો કહેવાયા છે તેની સાંગોપાંગ પૂર્તિ શક્ય નથી અને તે વિના પુરુષાર્થ સિદ્ધિ શક્ય નથી અને તે વિના ક્રમશઃ આગળ વધવાની પણ સંભવાના નથી. કાળરૂપી રેતીમાં ખૂંપી ગયેલી પુરુષાર્થ સિદ્ધ કરતા માનવજીવનની મોટર એમાં સ્ટાર્ટર દબાવી, એક્સીલેટર દબાવી એંજીન સ્ટાર્ટ કરી મોટર ચલાવવામાં આવે તો પૈંડાં ફોર્સમાં ફરે તો ખરાં પણ તે રેતીમાં જ ફરીને રહી જાય પણ મોટર આગળ વધી શકે નહીં. તેવી દશા આજે આ બાબતમાં બધાંની જ થઈ હોવાથી માત્ર તે માટેનો અને તેટલો ઉદ્યમ શક્ય નથી. તો શું કરવું ? કોઈ મોટરને દોરડું બાંધી જોરથી ખેંચી રેતીમાંથી બહાર કાઢે તો જ મોટર આગળ વધી શકે. એ દોરડું કયું અને ખેંચનાર કોણ તો શ્રીવલ્લભાચાર્યચરણ જણાવે છે કે ગમે તેવી રેતીમાં ખૂંપી ગયેલી મોટર હોય તો પણ એને બહાર ખેંચી કાઢવાનું સામર્થ્ય એક માત્ર ભગવાનમાં જ છે. ભગવાને આવી રીતે ખેંચીને બહાર કાઢ્યા હોય તેવો દાખલો કે પ્રમાણ છે ? તો શ્રીઆચાર્યચરણ કહે છે હા છે, તે દાખલો છે અજામિલનો, જેની ગાડી સાવ રેતીમાં ખૂંપી જ ગઈ હતી, તેની ગાડીને ભગવાને જ ખેંચીને બહાર કાઢી છે.

અતઃ જીવ જો માત્ર ભગવદાશ્રય કરી માત્ર ભગવદાશ્રયભાવે જે પોતાના પુરુષાર્થોનો નિર્વાહ કરે તો મર્યાદામાર્ગ પ્રમાણે ભગવદાશ્રયે જ તેના સર્વ પુરુષાર્થો સિદ્ધ થઈ આમ-તેમ ક્યાંય તેનું પતન ન થઈ તે પોતાના મોક્ષમાર્ગમાં સતત આગળને આગળ વધતો અંતે સંસારથી મુક્ત થાય છે. તેમજ જો ભક્તિમાર્ગીય જીવ ભગવાનને જ પોતાનો પુરુષાર્થ સમજી અનન્ય આશ્રય રાખી ભગવદ્ દાસ્ય કર્મ

એટલે કે દાસભાવે થતાં સર્વ કાર્યો પોતાનામાં પણ હું ભગવાનનો દાસ છું અને ભગવાન જ મારા સ્વામી છે તેવો ભાવ દઢ રાખી ભગવત્સેવાપરાયણ બને છે તો શ્રીઆચાર્યચરણોક્ત ભક્તિમાર્ગીય ચતુર્વિધ પુરુષાર્થો ભગવાન થકી જ સિદ્ધ થઈ તે ભક્તિફલને પ્રાપ્ત કરનારો બને છે. આ બધી હકીકતો લક્ષ્યમાં રાખી જ શ્રીઆચાર્યચરણ **‘अजामिलादि’** વગેરેથી ભગવદાશ્રય સૂચવે છે -

‘अजामिलादिदोषाणां नाशकोऽनुभवे स्थितः’ અહીં સર્વ ટીકાકારો આ મુજબ જણાવે છે -

શ્રીરઘુનાથજી - **‘शूद्रीभर्तुर्ब्रह्मबन्धोरजामिलनाम्नो दोषाणां महापातकानां नाममात्रेण नाशकोऽस्माकमनुभवे स्थितः, शाब्दानुभवे अन्तः साक्षिप्रत्यक्षे वा स्थितो विषयीकृत इति यावत् । आदि पदाद्गजेन्द्रप्रभृतयः, यमलोकस्थिता नारकिणश्च । इदं नृसिंहपुराणादौ प्रसिद्धम् ।’** શૂદ્ર સ્ત્રીનો પતિ બ્રહ્મબંધુ જે અજામિલ નામનો હતો તેના દોષોનો એટલે કે મહાપાતકોનો પોતાના નામ માત્ર વડે જ નાશ કરનારા (આપ ભગવાન)છો એમ અનુભવમાં રહેલું છે, શબ્દથી (શબ્દરૂપ શાસ્ત્રોથી) અનુભવમાં અથવા તો અંતઃસાક્ષિપ્રત્યક્ષરૂપે અનુભવમાં સ્થિત એટલે વિષયીકૃત છે, આદિ પદથી ગજેન્દ્ર વગેરે અને યમલોકમાં સ્થિત નારકી જીવો સમજવા, આ વાત નૃસિંહ પુરાણ વગેરેમાં પ્રસિદ્ધ છે.

શ્રીકલ્યાણરાયજી :- **‘अनुभवविषयीभूतोऽजामिलादीनां ये दोषास्तेषां नाशकः । ... स्वनामसाम्येनाप्यजामिलोद्धारात् अनुभवे स्थितो महदनुग्रहेण ।’** ભગવાન અજામિલ વગેરેના જે દોષો હતા તેનો નાશ કરનારા છે એમ અનુભવના વિષયમાં રહેલું છે, પોતાના નામની સમાનતામાત્રથી જ પોતાના મહાન અનુગ્રહ વડે અજામિલનો ઉદ્ધાર કર્યો છે તેમ અનુભવમાં રહેલું છે.

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘यथा स्वनाममाहात्म्यख्यापनाय नामोक्तिमात्रेणैवाजामिलादीनां सर्वदोषनाशको जातः स्वधर्मपक्षपातादेवं भक्तिमार्गे पक्षपातात्तन्मार्गीयाश्रयमाहात्म्यख्यापनार्थं तादृगुक्तिमात्रेणैव भगवाँस्तथाविधो भवतीति भावः । ..... अनुभवे इति । अत्रास्मच्छब्दोऽध्याहर्तव्यः । एवमाश्रयभवनोन्मुखो भगवान् मदनुभवे स्थित इति निर्णीतार्थोऽहं वदामीत्यज्ञानान्यथाप्रतिकूलतर्कैर्नान्यथा शङ्कनीयमिति भावः । चित्तस्यातथात्वेऽपि निरन्तरं तदनुसन्धानपूर्वकमेतदुक्तौ सत्यां मदनुभूतो भगवानप्यनुभवारूढो भवतीति मदीयैरेतदेव सर्वथा कार्यमित्यलं विस्तरेण ।’** જેમ પોતાના નામનું માહાત્મ્ય ખ્યાપન કરવાને અર્થે નામના ઉચ્ચારણ માત્રથી જ અજામિલ વગેરેના સર્વદોષોનો નાશ કરનારા ભગવાન થયા, સ્વધર્મના પક્ષપાતથી, તેમ ભગવાનનો ભક્તિમાર્ગમાં પક્ષપાત હોવાથી ભક્તિમાર્ગીય આશ્રયના માહાત્મ્યનું ખ્યાપન કરવા અર્થે માત્ર તે પ્રકારના **‘कृष्ण एव गतिर्मम’** ઉચ્ચારણ માત્ર વડે જ ભગવાન તે મુજબ સર્વદોષોનો નાશ કરનારા થશે તેમ ભાવ છે. **‘अनुभवे’** અહીં **‘अस्मद्’** શબ્દ (અમારા) અધ્યાહાર સમજવો.

આ પ્રમાણે આશ્રય બનવાની ઉત્કંઠાવાળા-ઉત્સાહવાળા ભગવાન મારા (શ્રીવલ્લભના) અનુભવમાં રહેલા છે એમ સારી રીતે નિર્ણય કરાયેલો અર્થ હું કહું છું. એમ હોઈ અજ્ઞાન-અન્યથાજ્ઞાન પ્રતિકૂલ એવા તર્કો વડે અન્યથા શંકા કરવી નહીં એમ ભાવ છે. ચિત્તની ભક્તિમાર્ગને કે શરણાગતિને અનુકૂલ દશા નહીં હોતાં પણ નિરન્તર (મારા કહ્યા મુજબના) ભગવત્ શરણાગતિના અનુસન્ધાનપૂર્વક નિરન્તર **‘कृष्ण एव गतिर्मम’** એમ, ઉચ્ચારણ કરાતાં મારા દ્વારા અનુભૂત-અનુભવાયેલ ભગવાન પણ (ઉચ્ચારણ કર્તાના) અનુભવમાં આરૂઢ-બિરાજમાન થાય છે. તેથી જે મારા-મદીય વૈષ્ણવો છે તે લોકોએ સર્વથા આજ - આમ જ વર્તવું.

શ્રીવ્રજરાયજી - **‘अजामिलः षष्ठस्कन्धे प्रसिद्धो दासीपतिर्ब्रह्मबन्धुः । आदि पदेन गजेन्द्राहल्याद्या, नृसिंहपुराणे नवमाध्याये मार्कण्डेयमृत्युप्रसङ्गे उक्ता नारकिणश्च, तेषां ये दोषा इह जन्मनि पूर्वजन्मनि च कृतानि पापानि तेषां नाशकः । एतेन तादृशमाहात्म्ये तदनुभावने च शब्दः प्रमाणमुक्तम् । प्रत्यक्षमाहुः अनुभव इत्यादि’** અજામિલ એ ભાગવત છઠ્ઠા સ્કન્ધમાં પ્રસિદ્ધ દાસી પતિ-બ્રહ્મબન્ધુ છે. આદિ પદથી ગજેન્દ્ર, અહલ્યા વગરે જાણવા, તેમજ નૃસિંહપુરાણના નવમા અધ્યાયમાં માર્કંડેયમૃત્યુના પ્રસંગમાં કહેવાયેલા નારકી જીવો, તેમના જે દોષો એટલે કે આ જન્મમાં અને પૂર્વજન્મમાં કરાયેલાં પાપો તેનો નાશ કરનારા (ભગવાન). આમ કહીને તેવા માહાત્મ્યમાં અને તેના અનુભાવનમાં શબ્દરૂપે પ્રમાણે કહ્યું છે. પ્રત્યક્ષ પ્રમાણે અનુભવે સ્થિત વગેરેથી કહ્યું છે.

વિવરણકાર :- **‘तथा हि अजामिलादयः प्रबलदोषदुष्टास्तद्रूपा अत्र सकलेन्द्रियसंघातास्तेषां दोषाणां नाशकः स्वरूपेणैव न साधनैः । अयं भावः, पुष्टिमार्गीयस्य स्नेहोत्पत्त्यनन्तरं स्वव्यसनतः स्वतन्त्रपुरुषार्थत्वेन क्रियमाणायां भगवता सह संलाप इत्याद्युक्तप्रकारकभावनायामन्तर्लीलासहितसाक्षात्स्वरूपप्राकट्ये सति या सवोत्तमपुष्टिरूपा तत्रेन्द्रियाणां प्राकृतपदार्थसंसर्गदर्शनस्मरणादिना यः प्रतिबन्धः सोऽत्र दोषस्तन्नाशकः । यथाऽजामिलस्य नाममात्रेण दोषा दूरीकृतास्तथा प्रकृते तादृशस्य मिथो गुणगानलक्षणनामात्मकलीलया तत्तदिन्द्रियाणां दोषं नाशयतीति तथोक्तम् । अनेन दोषनिवृत्तिधर्मकार्यमुक्तम् । इष्टप्राप्तिं निरूपयन्ति अनुभवे स्थित इति । दोषं दूरीकृत्य तत्तदिन्द्रियादिषु स्वयं स्थितो भूत्वा स्वरूपानन्द-मनुभावयतीति भावः । अनेनेष्टप्राप्तिरूपं धर्मकार्यमुक्तम् ।’** અજામિલ વગેરે પ્રબલ દોષો વડે દુષ્ટ હોઈ દોષરૂપ છે (અતઃ) અહીં સકલ ઈન્દ્રિયો આદિ સંઘાતો તેના દોષોનો (ભગવાન) નાશ કરનારા છે (અને તે પણ) સાધનો વડે નહીં અપિતુ સ્વરૂપ વડે જ નાશ કરનારા છે. અહીં આ મુજબ ભાવ છે, પુષ્ટિમાર્ગીયિને (ભગવાનમાં) સ્નેહની ઉત્પત્તિ થયા પછીથી પોતાના વ્યસનથી સ્વતન્ત્ર પુરુષાર્થપણાએ કરવામાં આવતી ભગવાન સાથે આલાપ કરવો, વગેરે (વેણુગીત સુબોધિનીમાં) કહેવાયા પ્રકારની ભાવનામાં હૃદયમાં-અન્દર લીલાસહિત સાક્ષાત્ સ્વરૂપનું પ્રાકટ્ય થતાં જે (શુદ્ધ) પુષ્ટિરૂપા ઉત્તમ (પ્રકારની) સેવા છે ત્યાં - તેમાં ઈન્દ્રિયોને પ્રાકૃત - લૌકિક પદાર્થના સંસર્ગ, દર્શન, સ્મરણ વગેરે વડે થનારો જે પ્રતિબન્ધ તે પ્રતિબન્ધરૂપ દોષ તેના નાશ કરનારા ભગવાન છે. જેમ અજામિલના દોષો નામમાત્ર વડે દૂર કર્યા તેમ પ્રકૃતમાં તે પ્રકારના પરસ્પર મળેલાં ગુણગાન લક્ષણની નામાત્મકલીલા વડે તે-તે ઈન્દ્રિયોના દોષોનો નાશ કરે છે તેથી **‘અજામિલ આદિના દોષોના નાશક’** એમ કહ્યું છે. આ પ્રમાણે આના વડે દોષનિવૃત્તિરૂપ ધર્મકાર્ય કહ્યું છે. **‘અનુભવે સ્થિતઃ’** વગેરે વાક્યોથી ઈષ્ટપ્રાપ્તિનું નિરૂપણ કરે છે. દોષોને દૂર કરીને તે - તે ઈન્દ્રિય વગેરેમાં સ્વયં-પોતે સ્થિત થઈ સ્વરૂપાનન્દનો અનુભવ કરાવે છે તેમ અહીં ભાવ છે. આના વડે ઈષ્ટપ્રાપ્તિરૂપ જે ધર્મનું કાર્ય છે તે કહ્યું છે.

આ પ્રકારે સર્વ ટીકાકારોએ પ્રાયઃ કરીને એકબીજાને અનુકૂલ છતાં પણ વૈવિધ્ય-સૌન્દર્યથી ભરપૂર એવા ભાવો પ્રકટ કર્યા છે. ભગવાન દોષોના નાશ કરનારા છે તેમાં શાસ્ત્ર પ્રમાણ તરીકે શ્રીઆચાર્યચરણ અજામિલનું ઉદાહરણ જે અજામિલોપાખ્યાન તરીકે શ્રીભાગવતના છઠ્ઠા સ્કન્ધમાં અધ્યાય એકથી ત્રણમાં આપવામાં આવ્યું છે તથા બીજાં પુરાણોમાં પણ આવે છે તેને ટાંકે છે. અજામિલના દૃષ્ટાન્તમાં પણ ભગવાન જ્યારે પોતાનું નામ માહાત્મ્ય પ્રકટ કરવા માંગે છે ત્યારે નામોચ્ચારણ માત્રથી જીવના દોષો દૂર કરે છે અથવા તો મુક્તિ પણ આપે છે પણ તેથી કરીને એમ માની લેવાની જરૂર નથી કે દોષો દૂર કરવા ભગવાને નામ માહાત્મ્ય પ્રકટ કરવું જરૂરી છે. ભગવાન કદાચિત્ નામ માહાત્મ્યથી, કદાચિત્ ભગવત્સ્વરૂપ ધ્યાનથી, કદાચિત્ સત્પુરુષોના સંગથી, કદાચિત્ આ સિવાયના અન્ય પ્રકારે એમ

પોતાની સ્વેચ્છાએ જેમ ઇચ્છે છે તે અનુસાર તેમાં પોતાનું બલ-માહાત્મ્ય પ્રકટ કરે છે અને તે વડે જીવને તારે છે. તેથી જ શ્રીઆચાર્યચરણ તીર્થોમાં થનારી મુક્તિ બાબત ચર્ચા કરતા ભગવાન જ્યારે તીર્થનું માહાત્મ્ય પ્રદર્શવા માંગે છે ત્યારે તીર્થો વડે મુક્તિ કરે છે પણ દરેકની તીર્થ વડે મુક્તિ થાય છે તેમ નથી એને જણાવતાં અજામિલના દષ્ટાન્તને સરખાવતાં જણાવે છે :-

अनेनैव प्रकारेण मुक्तिर्नान्येनेति वक्तुं देशादिषट्के तदङ्गे मुक्तिर्भाक्तेत्याह :-

तीर्थादावपि या मुक्तिः कदाचित् कस्यचिद् भवेत् ।
कृष्णप्रसादयुक्तस्य नान्यस्येति विनिश्चयः ॥

प्रकाश :- प्रसन्नो भगवांस्तद्द्वारा मोचयति, तीर्थादीनां माहात्म्यार्थम् । यथाऽजामिलो नाम्ना । अतः प्रसादार्थं प्रेमान्तानि । कर्तव्यानि । ननु कदाचित् प्रेमरहितोऽपि तीर्थे सम्यक् प्रकारेण मुक्तिसूचकेन म्रियत इति चेत्तत्राह नान्यस्येति । तस्यापि पूर्वमेव साधनसम्पतिः सिद्धा, वासनावशात् परं प्राकृतत्वं भगवदिच्छया ।'

(શાસ્ત્રાર્થ પ્રકરણ -૪૭)

આ જ પ્રકાર વડે એટલે કે જે લોકો સાત્ત્વિક થઈ દૈવી સમ્પદામાં ઉત્પન્ન થયેલા છે તે લોકો વેદવિધાન મુજબ યથાવિધિ જીવનનો આમરણાન્ત નિર્વાહ કરે ત્યારે જ તેવાઓની મુક્તિ થાય છે એ પ્રકાર વડે જ મુક્તિ થવી સંભવ છે બીજા કોઈ પણ પ્રકારથી નહીં એ કહેવા માટે દેશ કાલ વગેરે છમાં તેના વિહિત અંગમાં મુક્તિ આશ્રિતા છે. તીર્થ વગેરેમાં જે મુક્તિ થાય છે તે ક્યારેક કોઈકની જ થાય છે અને તે પણ જે કૃષ્ણપ્રસાદ-કૃપાથી યુક્ત હોય તેની જ થાય છે, બીજાની નહીં એ નિશ્ચિત છે. કૃષ્ણપ્રસાદ યુક્ત એટલે પ્રસન્ન થયેલા ભગવાન તે - તીર્થ વગેરે દ્વારા મુક્તિ આપે છે, તીર્થ વગેરેના માહાત્મ્યને અર્થે. જેમ અજામિલ નામ વડે (મૃત્યુથી બચી સાધન કરી મુક્ત થયો). તેથી કૃષ્ણ પ્રસાદ અર્થે જે અન્તે કૃષ્ણપ્રેમમાં પરિણમે તેવાં પ્રેમાન્ત સાધનો કરવાં. **પ્રશ્ન** કરે છે - ઘણીવાર એમ પણ જોવા મળે છે કે પ્રેમરહિત હોઇને પણ તીર્થમાં સારી પેઠે મુક્તિ સૂચકતા વડે (આની મુક્તિ જ છે તેવાં લક્ષણો વાળા થઇને) મરે છે તો તેનું શું ? **ઉત્તર** - તેને પણ પૂર્વમાં જ પહેલાં જણાવી ગયા તે મુજબની (સાત્ત્વિકભાવ, દૈવી સમ્પદામાં જન્મ અને યથાવિધિ જીવન નિર્વાહ) સાધન સમ્પત્તિ સિદ્ધ હોય છે પરન્તુ વાસનાવશ ભગવદિચ્છાથી પ્રાકૃતપણું છે અને તે ભગવાન પ્રસન્ન થતાં ભગવદ્ જ્ઞાન પ્રાપ્ત થતાં તે મુક્ત થાય છે. આ પ્રમાણે જણાવી વધુમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે કે :-

तर्हि तीर्थदिः क्वोपयोग इति चेत् ? तत्राह :-

सेवकं कृपया कृष्णः कदाचिन्मोचयेत् क्वचित् ।

प्रकाश :- सेवकमेव पूर्वं तथाभूतं, तत्रापि कृपयैव, तत्रापि कृष्ण एव । कर्ता साधनं व्यापारश्चोक्तः । (શાસ્ત્રાર્થ ૬-૪૮) પોતાની કૃપા વડે કૃષ્ણ સેવકને ક્યારેક ક્યાંક મુક્તિ આપે છે. **પ્રકાશ** :- પૂર્વમાં પ્રેમાન્ત સાધન કર્યું હોય પણ સાધનથી ચ્યુત થતાં પ્રેમરહિત થયો હોય તેવા સેવકને જ (કોઈક દેશ કે કોઈક કાલમાં) ભગવાન મુક્તિ આપે છે, તેમાં પણ પોતાની કૃપા વડે જ આપે છે (અન્ય કારણોથી નહીં), તેમાં પણ મુક્તિ આપનાર તો ભગવાન શ્રીકૃષ્ણ જ છે (બીજો કોઈ મુક્તિ આપી શકતો નથી).

નિબન્ધ શાસ્ત્રાર્થ પ્રકરણનો ઉક્ત વિભાગ અજામિલનાં દષ્ટાન્તમાં શ્રીઆચાર્યચરણના અભિપ્રાયને સ્પષ્ટ કરવા પર્યાપ્ત છે. ભગવાન પોતે જ મુક્તિ આપવા ઇચ્છે તેની જ મુક્તિ શક્ય છે અને તે પણ ભગવાન જે પ્રકારની મુક્તિ ઇચ્છે તે પ્રકારે જ મુક્તિ થવી શક્ય છે, ઇતર પ્રકારે કે ઇતરની મુક્તિ શક્ય નથી. ત્યારે સાધારણ કૃષ્ણપ્રસાદ થતાં જીવ ગીતાવાક્ય મુજબ **'मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते'** (ગીતા ૭-૧૪) અવિદ્યાથી નિવૃત્ત થઇ જીવન્મુક્ત દશાને

પામે છે જે પૂર્વોક્ત નિબન્ધનાં વાક્યોથી જણાવ્યું છે અને વિશેષ કૃષ્ણપ્રસાદ હોતાં નિબન્ધમાં આથી આગળ શ્રીઆચાર્યચરણ લખે છે કે :-

अतः केवलतीर्थाद्याश्रयं परित्यज्य यथा भगवति स्नेहो भवति तथा यत्नं कुर्यादित्याह :-

तस्मात्सर्वं परित्यज्य दृढविश्वासतो हरिम् ।
भजेत श्रवणादिभ्यो यद्विद्यातो विमुच्यते ॥

प्रकाश :- हरिभजनेऽपि कदाचिन्मोक्षो न भवेदित्याशङ्कां परित्यज्य दृढविश्वासं कृत्वा श्रवणादिभ्यो हेतुभ्यः श्रवणादिभिर्यजेत् । ततो विमुच्येत एवेति पुनरुक्तम् ॥’ (શાસ્ત્રાર્થ પ્ર. ૪૯) તેથી કરીને કેવલ તીર્થ વગેરેનો આશ્રય છોડીને જે પ્રકારથી ભગવાનમાં સ્નેહ થાય તે પ્રકારે યત્ન કરવો તે કહે છે -તેથી બધું જ છોડીને ભગવાનમાં દઢ વિશ્વાસપૂર્વક શ્રીહરિને શ્રવણાદિ વડે ભજવા જેથી (અવિદ્યા ઉપરાન્ત) વિદ્યાથી(પણ) મુક્ત થવાય છે. હરિભજન કરતાં પણ ક્યારેક મોક્ષ ન થાય ! તેવી આશંકા ત્યાગી પ્રભુમાં દઢ વિશ્વાસ કરીને શ્રવણાદિ હેતુથી શ્રવણ આદિ વડે ભજવા, તે ભજનથી વિદ્યાથી પણ મુક્ત થવાય જ છે તેમાં કોઇ સન્દેહ નથી.

આ વાક્યથી પ્રીતિપૂર્વકનાં ભગવદ્ભજનથી જ અવિદ્યા-વિદ્યા સર્વથી મુક્ત થવાય છે અને સાયુજ્ય સિદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે. અતઃ કૃષ્ણાશ્રયમાં અજામિલનું ઉદાહરણ આપી ભગવાન સર્વદોષ નિવારક છે અને તેથી સર્વ પ્રકારે ભગવાન જ આશ્રયણીય છે, પૂર્વોક્ત દેશ, કાલ, તીર્થાદિ સાધનો પણ કૃષ્ણપ્રસાદવાળાઓને જ મુક્તિફલદ બને છે કારણ કે શ્રીભાગવત દશમ સ્કન્ધ ઉત્તરાર્ધમાં મુચુકુન્દરાજાના પ્રસંગમાં દેવતાઓ પ્રસન્ન થઇ રાજા મુચુકુન્દને વર માંગવા કહે છે કે -

वरं वृणीष्व भद्रं ते ऋते कैवल्यमद्य नः ।

एक एवेश्वरस्तस्य भगवान् विष्णुरव्ययः ॥

(ભાગ. ૧૦-૫૧-૨૦)

અર્થાત્ - હે રાજન્ ! તમારું કલ્યાણ થાઓ તમે તમારું ઇચ્છિત અમારાથી વરદાન માંગો, કૈવલ્ય-મોક્ષ છોડી તમે જે માંગશો તે અમે આપીશું, કારણ કે કૈવલ્ય-મોક્ષ આપવાનું સામર્થ્ય તો કેવલ અવિનાશી પરમાત્મા વિષ્ણુનું જ છે, તે જ મોક્ષના ઇશ્વર-નિયન્તા છે.

તેથી દેશ વગેરે સાધનોમાં આસક્તિ ન કરતાં અને તેનો આશ્રય ન કરી માત્ર કૃષ્ણપ્રસાદને અર્થે જ ધર્મનું ભક્તિનાં અંગ તરીકે સેવન કરવું પણ આશ્રય-વિશ્વાસ-ભજન વગેરે માત્ર શ્રીકૃષ્ણનું જ કરવું. જેમ અજામિલના પણ દોષોનો નાશ ભગવાને પોતે જ કર્યો છે. ભગવાને જ કૃપા વિચારીને પુત્રના માટે લેવાયેલ નારાયણ નામમાં વિશેષ માહાત્મ્ય પ્રકટ કરીને પોતાના જેવા જ સ્વરૂપના પોતાના દૂતોનાં દર્શન કરાવી, ભગવદીયવાણીનું શ્રવણ કરાવી, ભગવદ્ જ્ઞાન અજામિલને કરાવ્યું, મૃત્યુથી તાર્યો, સાધન કરવા અવકાશ ઊભો કર્યો અને તેમાં બુદ્ધિ કરાવી અને અન્તે સ્વલોક પ્રાપ્તિરૂપ મોક્ષનું દાન કર્યું. અન્યથા પુત્રને અર્થે-પુત્રને સમ્બોધી લેવાયેલ નારાયણ નામમાં બુદ્ધિમાં રહેલા લૌકિક ભાવોને કારણે મુખમાંથી લૌકિક જ બહાર નીકળે, તેમ છતાં પણ વાણીની પ્રયોજિકા બુદ્ધિમાં લૌકિક ભાવ હોતાં નીકળેલ નામનું વિષ્ણુદૂત-ભગવદીયોનાં દર્શન-સંગરૂપ અલૌકિક ફળ કેવી રીતે થઇ શકે ? જો કે ભાગવતમાં અજામિલના પ્રસંગમાં યમદૂતોની ઝાટકણી કાઢતાં વિષ્ણુદૂતો ભગવન્નામનું અલૌકિક માહાત્મ્ય જણાવતાં કહે છે :-

स्तेनः सुरापो मित्रध्रुग् ब्रह्महा गुरुतल्पगः ।
स्त्रीराजपितृगोहन्ता ये च पातकिनोऽपरे ॥
सर्वेषामप्यघवतामिदमेव सुनिष्कृतम् ।
नामव्याहरणं विष्णोर्यतस्तद्विषया मतिः ॥

नैकान्तिकं तद्धिकृतेऽपि निष्कृते मनः पुनर्धावति चेदसत्पथे ।
तत्कर्मनिर्हारमभीप्सतां हरेर्गुणानुवादः खलु सत्त्वभावनः ॥

साङ्केत्यं पारिहास्यं वा स्तोभं हेलनमेव वा ।
वैकुण्ठनामग्रहणमशेषाघहरं विदुः ॥

(ભાગ. ૬-૨-૯,૧૦,૧૨,૧૪)

અર્થાત્ - ચોર, મદિરાપાન કરનારો, મિત્રનો દ્રોહ કરનાર, બ્રહ્મહત્યારો, ગુરુપત્નીગામી તેમજ સ્ત્રી, રાજા, પિતા, ગાયને હણનારો તથા બીજાં પાપોનું આચરણ કરનાર પાતકીઓ આ બધા જ પાપીઓનું પાપ દૂર કરનાર આ જ પ્રાયશ્ચિત્ત છે કે ભગવાન વિષ્ણુનાં નામનું ઉચ્ચારણ કરવામાં આવે, કેમ કે જેનાથી જે નામગ્રહણ કરવાથી નામ ઉચ્ચારણ કરનારી બુદ્ધિ (લૌકિક વિષયોથી નિવૃત્ત થઈ) ભગવાનના વિષયવાળી થઈ જાય છે. પાપનું પ્રાયશ્ચિત્ત થયા - કર્યા પછી પણ ફરીથી અસન્માર્ગમાં મન દોડતું રહે તો તે પ્રાયશ્ચિત્ત થયેલું પણ ન થયા બરાબર છે, જે લોકો પાપનો સમૂલ નાશ કરવાની ઈચ્છાવાળા છે એમને માટે તો ભગવાનના ગુણાનુવાદ કર્તવ્ય છે. સંકેતના ભાવે, પરિહાસના ભાવે, સ્તોભના પ્રકારે અથવા તો અવહેલનાના પ્રયોજનથી પણ ભગવાનનું નામગ્રહણ કરવાથી અશેષ પાપો દૂર થાય છે તેમ જાણવું (સંકેત એટલે અન્ય પ્રયોજનથી લેવાયેલું હોવા છતાં જેમાં નામોચ્ચારણ થતું હોય, પારિહાસ્ય એટલે મશ્કરી ઠઠ્ઠામાં પણ નામ લેવાયેલું હોય, સ્તોભ એટલે ભગવાન ! ભગવાન ! ભગવાન ! રામ ! રામ ! રામ ! તમે આ શું કર્યું આ પ્રકારમાં પણ નામ લેવાયેલું હોય તે, અવહેલના એટલે ઉપેક્ષાભાવે અથવા તો કોઈનું અસન્માન-તિરસ્કારના પ્રયોજનથી લેવાયેલું નામ).

આ પ્રમાણે વિષ્ણુદૂતોનાં વાક્યમાં સાંકેત્ય, પારિહાસ્ય વગેરેથી પણ લેવાયેલું ભગવન્નામ અશેષ પાપોનો નાશ કરે છે, તેથી અજામિલ દ્વારા પુત્રને અર્થે પણ જે નારાયણ નામ લેવાયું તેનાથી એ સર્વપાપોથી મુક્ત થયો.

પ્રશ્ન :- અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જો આ રીતે અજામિલ યમપાશથી મુક્ત થયો અને તેના સર્વદોષો નિવૃત્ત થયા, તો પછી એવા લાખો-કરોડો લોકો છે કે જે લોકો ઘણું ભગવન્નામ લે છે, અથવા તો જે લોકો દંભ-પાખંડપૂર્વક ભગવન્નામ લે છે અથવા તો જે લોકોને હાય રામ ! રામ-રામ ! નારાયણ! નારાયણ ! વગેરે હાલતાં-ચાલતાં કોઈ પણ બાબતમાં બોલવાની આદત પડી ગઈ છે તેવા લોકો વડે આટલું અધિક ઈશ્વરનામ લેવા છતાં તેમના દોષોના બન્ધનો કે મૃત્યુપાશથી છુટકારો કેમ જોવા નથી મળતો ? બલ્કે જે નિયમથી ઈશ્વરનામ-જપ વગેરે કરતા હોય તેવા લોકોને પણ પાછલી અવસ્થામાં દેહ, કુટુંબ, મન વગેરેથી અતિ કષ્ટ-પીડા ઉઠાવતાં જોવામાં આવે છે કે જે પાપનાં ફલરૂપ લાગે છે. તો આ બધામાં ભગવન્નામોચ્ચારણનું ફલ કેમ સિદ્ધ નથી થતું ?

ઉત્તર :- પ્રથમ વાત તો એ છે કે સુખ એ પુણ્યનું ફલ અને દુઃખ એ પાપનું ફલ એમ જે કહેવાય છે તે સર્વસાધારણ અર્થમાં કહેવાય છે, પરન્તુ ઘણા એવા દાખલાઓ જોવા-સાંભળવા મળે છે જેમાં સુખ પુણ્ય ફલરૂપે નથી ઉદ્ભવ્યું અથવા દુઃખ એ પાપફલરૂપે નથી ઉદ્ભવ્યું. જેમ બુદ્ધ, ઋષભદેવજી જેવા સાક્ષાત્ ભગવત્ પુરુષોના જીવનમાં જે કંઈ પણ બનાવો બન્યા છે અથવા તો જેમનો જન્મ કે એમનું નિર્વાણ એમાં વચમાં ક્યાંય પાપ-પુણ્યનો વ્યવસાય નથી એ શાસ્ત્રસિદ્ધ છે, તેમ છતાં પણ તેમનાં ચરિત્રોમાં સારી નરસી ઘટનાઓ ઘટેલી જોવા મળે છે તે માત્ર ભગવદિચ્છાનું જ કારણ છે. તેવી જ રીતે સુદામા જેવા ભક્તોની આરંભમાં અતિ દરિદ્ર અવસ્થા રહી ઉત્તરાવસ્થામાં અતિશય ધનાઢ્યતા એમાં પણ પાપ-પુણ્ય નહીં પણ માત્ર ભગવદિચ્છા-ભગવત્કૃપા જ એકમાત્ર કારણભૂતા છે. લોકો તો ભગવદીયો કે ભગવત્પુરુષો જ નહીં અપિતુ સાક્ષાત્ શ્રીરામ-શ્રીકૃષ્ણના ચરિત્ર પ્રસંગોમાં શનિ-મંગળના પ્રભાવો શોધવાનું દુઃસાહસ કરે છે એ વિડમ્બના છે.

બીજી વાત એ છે કે જેમનાં નામોચ્ચારણ માત્રથી જન્મ-જન્મનાં બન્ધનો કપાઈ જાય છે અને સર્વ પાપો નાશ થતાં પુનઃ જન્મવાનું કારણ રહેતું

નથી ત્યાં ભાગવત દશમ સ્કન્ધના ઉત્તરાર્ધમાં આરંભે સાક્ષાત્ શ્રીકૃષ્ણ તેમના અલૌકિક-દિવ્ય ચતુર્ભુજ રૂપને જોઈને અને તેમની હૃદયપૂર્વક શરણાગતિ સ્વીકારીને પણ મુચુકુન્દ રાજાને વરદાનમાં ભગવાન જણાવે છે :-

विचरस्व महीं कामं मय्यावेशितमानसः ।
अस्त्वेव नित्यदा तुभ्यं भक्तिर्मय्यनपायिनी ॥
क्षात्रधर्मस्थितो जन्तून् न्यवधीर्मृगयादिभिः ।
समाहितस्तत्तपसा जह्यघं मदुपाश्रितः ॥
जन्मन्यनन्तरे राजन् सर्वभूतसुहृत्तमः ।
भूत्वा द्विजवरस्त्वं वै मामुपैष्यसि केवलम् ॥

(ભાગ. ૧૦-૫૧-૬૨ થી ૬૪)

હે રાજા મુચુકુન્દ! મારામાં આવેશ કરાયેલું છે મન જેનું એવા મય્યાવેશિત માનસ થઈ આ પૃથ્વી પર યાવજ્જીવન તમે સ્વચ્છન્દ વિચરણ કરો, તેમજ મારી નિર્મલ ભક્તિ તમને પ્રાપ્ત થાઓ, તમે ક્ષાત્રધર્મનું પાલન કરવામાં સ્થિતિ કરીને અનેક પશુઓને તમે શિકાર વગેરે દ્વારા હણ્યા છે તેથી તે પાપનું પ્રાયશ્ચિત્ત મારા આશ્રયમાં રહી તપ વડે તેનો નાશ કરો, બીજા જન્મમાં તમે બ્રાહ્મણ કુલમાં જન્મ લઈ સર્વપ્રાણીઓના હિતૈષી થઈ (મારી ભક્તિ વડે) મને પ્રાપ્ત કરવારૂપ મોક્ષને પામશો.

આ રીતે ભગવાન તપ વડે દોષો દૂર કરવાનું અને બીજા જન્મમાં પોતાની પ્રાપ્તિનું જણાવે છે. પ્રચલિત માન્યતાઓ મુજબ આ મુચુકુન્દ રાજાનો જ બીજો જન્મ ભક્ત નરસિંહ મહેતારૂપે નાગર બ્રાહ્મણ કુલમાં થયો અને એમનો જ ત્રીજો જન્મ ભાઈલા કોઠારીના જમાઈ ગોપાલદાસના રૂપમાં થયો જેમનો ઉદ્ધાર શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણે કર્યો. તદુપરાન્ત જે શ્રીરામનામમંત્ર તારક મંત્ર તરીકે શ્રીરામોત્તર તાપિન્યુપનિષદમાં પ્રસિદ્ધ છે અને તારક મંત્રની વ્યાખ્યા કરતાં

'गर्भजन्मजरामरणसंसारमहद्भयात्सन्तारयतीति । तस्मादुच्यते तारकमिति ।' આમ યાજ્ઞવલ્ક્ય મુનિનાં વચન છે અને રામાયણમાં આખો દિવસ રામ-રામ કહેતાં જેમની જીભ સુકાતી નથી એ દશરથ મહારાજા અન્તકાળે રામ-રામ કહેતાં રામના વિરહમાં દેહ ત્યાગ્યો અને છતાંયે તેમને વૈકુંઠ-સાકેતની કે પછી મોક્ષની પણ સ્થિતિ નહીં મળતા સ્વર્ગમાં સ્થાન મળ્યું. આવા બીજા પણ પ્રસંગો સાંભળવા મળે છે કે જે ભાગવતમાં અજામિલને સાંકેત્યથી નામ લેતાં પણ જે મળ્યું તેનાથી વિરુદ્ધ પ્રકારના છે. ભાગવત અષ્ટમ સ્કન્ધમાં આવતો ગજેન્દ્રનો પ્રસંગ પણ જોઈએ તો ગજેન્દ્રે ગ્રાહ સાથેના યુદ્ધમાં અન્તે ભગવન્નામ સ્મરણ કર્યું અને ભગવાન શ્રીહરિએ પ્રત્યક્ષ પધારી ગ્રાહભય પણ દૂર કર્યો અને ગજેન્દ્રને મોક્ષ આપ્યો ત્યાં ગજેન્દ્રે જે ભગવન્નામ સ્મરણ કર્યું તેને જણાવતાં શુકદેવજી કહે છે **'जजाप परमं जाप्यं प्राग्जन्मन्यनुशिक्षितम्'** પૂર્વજન્મમાં ઈન્દ્રદ્યુમ્નના જન્મમાં જે શિક્ષણ મેળવ્યું હતું તેની સ્મૃતિ રહેવાથી પૂર્વજન્મમાં શીખેલા મંત્રને જપવા માંડ્યો. આમાં એક જ મંત્ર પૂર્વજન્મમાં જે સિદ્ધિ નથી આપતો તે બીજા જન્મમાં હાથીની યોનિમાં ફલપ્રદ બન્યો છે.

ત્રીજી વાત એ છે કે શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન કહે છે કે :-

भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥

(ગીતા. ૧૮-૫૫)

તે ભક્ત મારી ભક્તિ વડે મને જાણે છે કે હું જેટલો અને જે તત્ત્વતઃ છું. તેમજ તત્ત્વતઃ મને જાણીને પછી તે મારામાં પ્રવેશે છે. (સાયુજ્ય મેળવે છે). ભાગવત એકાદશ સ્કન્ધમાં પણ દ્વિતીય ચરણમાં **'तत्त्वतः'**ની જગ્યાએ **'यादृशः'** જેટલા ફેરફારથી આજ શ્લોક આવે છે. આમાં **'अभिजानाति'** થી જે અભિજ્ઞાન કહેવાયું છે તે શ્રીપુરુષોત્તમચરણના જણાવ્યા અનુસાર

‘अभिज्ञानश्च शब्दतोऽर्थतश्चेत्युभयतो ज्ञेयम्’ શબ્દતઃ અને અર્થતઃ એ ઉભયતઃ જાણવું એ અભિજ્ઞાન છે. અતઃ ગીતા વાક્યાનુસાર ભગવત્સ્વરૂપના અભિજ્ઞાનવાળો વ્યકિત સાયુજ્યને પામે છે. તેવી જ રીતે ભાગવત દશમ સ્કન્ધ પૂર્વાર્ધમાં ભગવન્નામોને જણાવતાં ગર્ગાચાર્યજી કહે છે :-

बहूनि सन्ति नामानि रूपाणि च सुतस्य ते ।
गुणकर्मानुरूपाणि तान्यहं वेद नो जनाः ॥
(ભાગ.૧૦-૮-૧૫)

ગુણ અને કર્મોના અનુરૂપ ભગવાનનાં જે પણ ગોવિન્દ, દામોદર, માધવ, નારાયણ, વિષ્ણુ વગેરે નામો છે તેને ગુણ-કર્માનુસાર કેવી રીતે છે તે હું જાણું છું, સાધારણ લોકો તે જાણતા નથી. તેવી જ રીતે ભાગવતમાં જે ગોવર્દ્ધનલીલાના પ્રસંગમાં નન્દ વગેરે આગળ ભગવાન કહે છે :-

ज्ञात्वाऽज्ञात्वा च कर्माणि जनोऽयमनुतिष्ठति ।
विदुषः कर्मसिद्धिः स्यात्तथा नाविदुषो भवेत् ॥
(ભાગ. ૧૦-૨૪-૬)

લોકો સમજપૂર્વક કે અણસમજથી કર્મોનું અનુષ્ઠાન કરે છે, તેમાં સમજીને કર્મ કરનારાઓને જે સિદ્ધિ થાય છે તેવી અણસમજથી કરનારાઓને થતી નથી. આમાં જે પણ કાર્ય કરવામાં આવે તે સમજપૂર્વક કરો તો જ ફલદ બને છે. તેવી જ રીતે શ્રુતિમાં પણ -

यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥
(શ્વેતાશ્વતર ઉપ.૬-૨૩)

દેવમાં અને ગુરુમાં ભક્તિ હોતાં દેવ-ગુરુપ્રસાદથી આ ઉપનિષદ્માં કહેવાયેલા અર્થો પ્રકાશે છે. ભક્તિ કરણના વિષયમાં ગુરુની આવશ્યકતા દર્શાવતાં નિબન્ધમાં શ્રીઆચાર્યચરણ પણ જણાવે છે કે **‘श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात्’** શરણાગતિ સિદ્ધિનાં લક્ષણમાં પણ તેઓશ્રી અક્રૂરસ્તુનિના પ્રસંગમાં સુબોધિનીમાં લખે છે - **‘भगवत्स्वरूपज्ञानेच्छा’** મનમાં જ્યારે ભગવાનનું સ્વરૂપ જાણવાની ઈચ્છા થાય ત્યારે જાણવું કે શરણાગતિ સિદ્ધ થઈ છે. તેવી જ રીતે ભગવદ્ વાચક પદ-વાક્યના શક્તિ તાત્પર્ય નિર્ધારની શ્રવણમાં આવશ્યકતાને ભાગવત દ્વિતીય સ્કન્ધમાં ૨-૧-૫ ના સુબોધિનીમાં જણાવી તેનું જ કીર્તન અને તેના જ સ્મરણની વાત શ્રીઆચાર્યચરણે સમજાવી છે અને તેના ઉત્તરના પ્રકાશમાં શ્રીપુરુષોત્તમજી સ્પષ્ટપણે જણાવે છે કે :- **‘एतेन यथा गायकगीयमानालापगतननिनादिशब्दश्रवणमहिम्नार्थज्ञानविधुराणामपि श्रोतृणां चित्तद्रुतिर्जायते, तथा भगवद्वाचकशब्दश्रवणमहिम्नाऽभयसिद्धिरपि भविष्यतीत्यपि चोद्यं निरस्तम् ।’** (ભાગ.સુબોધિની પ્રકાશ ૨-૧-૫) આના વડે જેમ ગાયક દ્વારા ગવાતા ગાનમાં આલાપચારી વગેરેમાં ન ... ન ... ન ... ન ... વગેરે ગવાય છે તેના અર્થને નહીં જાણનારા એવા શ્રોતાઓને શબ્દ શ્રવણના મહિમા વડે ચિત્તદ્રુતિ એટલે કે તેમનું ચિત્ત આનન્દમાં તરલ બની જાય છે, તેમ ભગવદ્વાચક શબ્દના શ્રવણના મહિમા વડે (માત્ર ભગવદ્વાચક શબ્દ શ્રવણ વડે તેનો શક્તિતાત્પર્ય નિર્ધાર થયા વિના જ) અભયમુકિત પણ સિદ્ધ થઈ જશે એવો પૂર્વપક્ષ પણ નિરસ્ત થયો છે. આ રીતે જેમ શ્રવણમાં ભગવદ્ વાચક પદ-વાક્યનો શક્તિ તાત્પર્ય નિર્ધાર જરૂરી છે અને તેના વિના મુક્તિ સિદ્ધિ માત્ર શ્રવણથી શક્ય નથી તેમ ભગવદ્ભાવ, ભગવદ્ હેતુ, ભગવન્નામ સ્વરૂપનું જ્ઞાન, ભગવત્પ્રીતિ વગેરે વિના માત્ર અન્યાર્થે સાંકેત્યાદિ પ્રકારે ઉચ્ચારણ થયેલું ભગવન્નામ એ મુક્તિ વગેરે ફલને સાધતું નથી. કારણ કે પૂર્વોક્ત વાતો વિના તેનું ભગવન્નામપણું જ રહેતું નથી. ભારત એમ કહેતાં ભારત દેશ, ભરતજીના પુત્રો, ભારત નામનો કોઈ વિદ્યમાન વ્યકિત એમાંથી જેનું પશ્યન્તી અવસ્થામાં સ્વરૂપ રહેલું હશે તે જ પ્રતિફલિત થશે, જેમ કોઈએ કહ્યું રામ તો સાવ

ગાંડો છે ત્યારે રામ નામ કહેતાં તો નામોચ્ચારણની પશ્યન્તી અવસ્થામાં જે વ્યક્તિ રહેલો હશે તે જ વૈખરીમાં પ્રતિફલિત થશે, અન્યથા આમ કહેતાં ભગવાન શ્રીરામને અપશબ્દ કહેવાનો દોષ પ્રાપ્ત થશે, પણ તેમ થતું નથી. કારણ કે તેવા ઉચ્ચારણમાં ભગવન્નામપણું જ હોતું નથી. નામરૂપ કોઈ પણ વાક્યને ત્રણ પ્રકારે જોતાં લૌકિક વાક્યો, વૈદિક વાક્યો અને ભક્તિવાક્યો આ ત્રણમાંથી સર્વનિર્ણય નિબન્ધમાં શ્રીઆચાર્યચરણે જણાવ્યા મુજબ લૌકિક વાક્યો અનિત્ય છે અને વૈદિક વાક્યો એ નિત્ય છે. તેવી જ રીતે જેમ વૈદિક વાક્યો નિત્ય છે તેમ ભક્તિવાક્યો પણ નિત્ય છે. તેથી લૌકિક-અલૌકિક વાક્યો વચ્ચેનો ભેદ સ્વીકાર્ય છે. વૈદિક વાક્યોના નિત્ય ભગવદ્રૂપ અર્થના સમ્બન્ધની સાર્વદિકતા હોવાથી તે નિત્ય છે, તેમ લૌકિક વાક્યોમાં અનિત્ય લૌકિક જ્ઞાનના સમ્બન્ધની સાર્વદિકતા હોવાથી તે અનિત્ય છે. લૌકિક જ્ઞાન અનિત્ય છે તેમજ લૌકિક સમ્બન્ધથી જ તેને લૌકિક સંજ્ઞા પ્રાપ્ત છે. તેવી જ રીતે ભક્તિવાક્યોમાં ભાવરૂપ ભગવાનનો નિત્ય સમ્બન્ધ સાર્વદિક હોવાથી ભક્તિવાક્યો પણ નિત્ય છે. ભક્તિસમાન-ભક્તિ સદશ વાક્યો પણ જો લૌકિક જ્ઞાનના સમ્બન્ધથી ઉદ્ભવ પામેલાં હોય અને તેમાં ભગવાનની ભાવરૂપે સ્થિતિ પણ ન હોય ત્યારે સદશ વાક્યો પણ લૌકિક જ હોય છે અને તેનું પરિણામ-ફલ પણ લૌકિક જ હોય છે. ભગવાનની ભાવરૂપ સ્થિતિ હોતાં લૌકિક સદશ વાક્યો પણ ભક્તિવાક્ય જ છે અને તેનું ફળ પણ અલૌકિક જ હોય છે. ભક્તિવાક્યો એટલે અન્તઃ ભાવરૂપે ભગવાનની સ્થિતિ હોતાં ઉચ્ચાર્યમાણ વાક્યોમાં પરા-પશ્યન્તીથી લઈને વૈખરી પર્યન્તમાં ભગવાનની ભાવરૂપતા વિદ્યમાન હોવાથી તેને ભક્તિ વાક્યો માનવાં જોઈએ. આમાં ભગવાનની ભાવરૂપે સ્થિતિ એ બે પ્રકારે થઈ શકે છે. એક પ્રકાર તો એ છે કે ઉચ્ચારણ કર્તાના હૃદયમાં ભગવાન ભાવરૂપે સ્થિત હોતાં તેવાઓ વડે ભગવદ્ ભાવપૂર્વક ઉચ્ચારાયેલાં વાક્યો હોય અને બીજો પ્રકારે એ છે કે ભગવાન સર્વતંત્ર સ્વતંત્ર હોવાથી પોતાના સેવક પર કૃપા કરીને તેના હૃદયમાં વ્યાપ્ત થયેલા લૌકિક ભાવોનુંખંડન કરી તેને વિશેષ ફલ આપવાના પ્રયોજનથી લૌકિકભાવે ઉચ્ચારાયેલા વાક્યોમાં પણ ભગવાન સ્વબલે પોતાની સ્થિતિ પ્રકટ કરે. આ પ્રકારે વાક્યનાં ઉચ્ચારણમાં ભગવાનની સ્થિતિ હોતાં જ તે વાક્યો ભક્તિરૂપ ભગવન્નામાત્મક હોય છે અને ત્યારે જ તેને વૈકુંઠનામ અથવા વિષ્ણુનામ કે કૃષ્ણનામ કહી શકાય છે અને ત્યારે તે સાંકેત્યથી, પારિહાસ્યથી, સ્તોભથી કે હેલનથી કોઈ પણ લૌકિકતાથી બોલાયેલા હોવા છતાં પણ તે ભગવન્નામ હોવાથી ઉચ્ચારણ કર્તાના દોષોનું નિવારણ કરે છે. મારા વિચાર પ્રમાણે ભાગવતમાં **‘साङ्केत्यम्’** વગેરે કહેવાનું તાત્પર્ય આ જ છે. સંકેતમાં કહેવાયેલું હોવા છતાં તેમાં વૈકુંઠનામત્વ - ભગવન્નામત્વ હોવું જરૂરી છે. ભગવન્નામત્વ હોતાં પછી સંકેતાદિ ગૌણ બની જાય છે અને ત્યાં ભગવન્નામનું જ પ્રાધાન્ય હોય છે. તેથી જ અજામિલે પુત્રભાવે નારાયણ નામે ઉચ્ચારણ કર્યું હોવા છતાં ભગવાનની પોતાના સેવકને મોચનની ઈચ્છા હોવાથી સ્વકૃપાબલે તેના દ્વારા ઉચ્ચારિત વાક્યમાં પોતાની સ્થિતિ કરતાં તે ઉચ્ચારાયેલ વાક્યમાં સર્વજ્ઞ એવા ભગવત્ પાર્ષદોને ભગવન્નામની પ્રતીતિ થતાં તેઓ અજામિલને યમપાશથી મુક્ત કરવા આવી પહોંચ્યા અને યમદૂતોને તેમના પ્રયોજનથી વાર્યા. આ રીતે ભગવાને વિષ્ણુદૂતોને અજામિલ પાસે મોકલી ભગવાને બે કાર્યો સિદ્ધ કર્યાં. એક તો અજામિલની યમપાશથી મુક્તિ અને બીજું કાર્ય ભગવદીયોનાં દર્શનથી અજામિલમાં ભગવત્ સ્મરણ કરાવવું તથા સંવાદ વડે ભગવન્નામ માહાત્મ્ય જાણી ભગવત્સ્વરૂપનું જ્ઞાન થઈ ભક્તિનું સ્થાપન થવું. આ પ્રકારે અજામિલ દ્વારા ઉચ્ચારાયેલ વાક્યમાં જો ભગવાનની સ્થિતિ ન હોય તો માત્ર વાર્ણાત્મક વાક્ય દોષ નિવારણ કરવા સમર્થ બની શકે નહીં. જેમ ભાગવત સપ્તમ સ્કન્ધમાં કહ્યા મુજબ **‘द्वेषाच्चैद्यादयो नृपाः’** અથવા તો **‘कामात् क्रोधात् भयात् द्वेषाद्यथा भक्त्येश्वरे मनः । आवेश्य तदघं हित्वा बहवस्तद्गतिं गताः ॥’** (ભાગ. ૭-૧-૨૯) કામ, ક્રોધ, ભય યા દ્વેષથી કોઈ પણ પ્રકારે ભગવાનને ભજવામાં આવે તો તે ભગવદ્ ગતિને પામે છે, આમાં ભગવાનને ભજવામાં આવે તો આટલું મહત્ત્વનું છે અને તે જ ભગવદ્ ગતિનું કારણ છે. કામ, ક્રોધ વગેરેનો ભગવાન સાથે સમ્બન્ધ થવો જરૂરી છે, તેના વિના નહીં. કોઈ પણ કૃષ્ણ નામની વ્યકિતમાં આ હોતાં ભગવદ્ ગતિ શક્ય નથી. શિશુપાલ તો કૃષ્ણ ભગવાન છે એમ માનવા જ તૈયાર ન હતો પરન્તુ તે તો કૃષ્ણને અતિ સાધારણ મનુષ્ય અને તેમાં પણ

ગુણહીન-અપૂજનીય તરીકે માનતો હતો અને તેવી માન્યતા સાથે કૃષ્ણમાં તેનો વૈરભાવ હતો. તેમ છતાં પણ તેની મુક્તિ થઈ તેમાં કૃષ્ણની સાક્ષાત્ સ્વરૂપતઃ સ્થિતિ જ કારણ છે. કૃષ્ણની સાક્ષાત્ સ્વરૂપતઃ સ્થિતિ હોતાં તેમજ પૂર્વના પોતાના સેવકને મુક્ત કરવાની ભગવાનની ઈચ્છા હોવાને કારણે જ આવો વૈરભાવ પણ મુક્તિનું કારણ બની રહ્યો. કૃષ્ણ સદશ આકૃતિવાળા પ્રદ્યુમ્ન વગેરેમાં તેનો વૈરભાવ હોતે તો તે મુક્તિનું કારણ બની શકતે નહીં. તેમ અહીં પણ ભગવન્નામ સદશ વાક્યમાં પણ ભગવન્નામ રૂપાત્મકતા અને તેનું ફલ જે જોવામાં આવે છે તેમાં કૃપાપૂર્વકની ભગવાનની સ્થિતિ જ કારણ છે, અન્યથા આ પ્રકારે કોઈ પણ અન્ય વ્યક્તિ સદશવાક્ય સાંકેત્યાદિ પ્રકારે ઉચ્ચારે અને તેનું પણ ભગવન્નામાત્મક ફલ થશે એમ કહેવાનું ભાગવતનું તાત્પર્ય સર્વથા નથી. તેથી જ સપ્તમ સ્કન્ધનાં વાક્યમાં પણ તે જ શરત છે કે **'यथा भक्त्येश्वरे मनः'** ભગવાનમાં મનનો નિવેશ અનિવાર્ય છે. હવે જો ભગવાનની સાક્ષાત્ સ્વરૂપે સ્થિતિ ન હોય અને સાંકેત્યાદિ પ્રકારે કોઈ કૃષ્ણનામની વ્યક્તિમાં કામાદિ ભાવો રાખે તો નરક સિવાય બીજું શું ફળે ? તેથી જ સપ્તમ સ્કન્ધમાં વિષયને વધુ સ્પષ્ટ કરવા નારદજી આગળ જણાવે છે કે :

कतमोऽपि न वेनः स्यात्पञ्चानां पुरुषं प्रति ।
तस्मात् केनाप्युयापेन मनः कृष्णे निवेशयेत् ॥

(ભાગ. ૭-૧-૩૧)

કામ, ભય, દ્વેષ, સંબંધ અને સ્નેહ આ પાંચેય પ્રકારોમાં વેનરાજાની ગણના ન હોવાથી (વેન રાજાને તે ફળ-ભગવદ્ ગતિનું ન થયું) તેથી યેન-કેન પ્રકારેણ કોઈ પણ પ્રકારના ઉપાયથી મનનો કૃષ્ણમાં નિવેશ કરાવવો. અતઃ રૂપ પ્રકારે કે નામ પ્રકારે ભગવત્સંબંધ જ સર્વત્ર દોષ નિવારક અને મુક્તિદાયક છે એ નિર્વિવાદ સિદ્ધ છે.

આ પ્રકારે કૃષ્ણાશ્રયના મધ્યે અજામિલનાં દૃષ્ટાંતથી આચાર્યચરણ એ

દર્શાવવા માંગે છે કે ધર્મમાં દોષ ઉત્પન્ન થયો હોય કે પછી ધર્મપાલન જેને કરવાનું છે તેમાં દોષો વ્યાપેલા હોય તેમજ તેવા દોષોનું નિવારણ પણ જ્યાં શક્ય ન હોય તેવી સ્થિતિમાં પણ ભગવાન સર્વસમર્થ હોવાથી કૃપાબલ વડે સ્વાશ્રિતોના દોષોના પણ નિવારક છે અને તદુપરાંત તેવાઓને પણ સ્વસંબંધી ફલ આપવા પણ સમર્થ છે. તેથી જીવે પોતાની સર્વસ્થિતિમાં એક માત્ર શ્રીકૃષ્ણનો જ આશ્રય કર્તવ્ય છે, અન્ય કોઈ પણ સાધન સર્વસ્થિતિમાં સર્વને તારવા સર્વસમર્થ નથી. ભગવાને જો પોતાનો એવો સેવક કે જેણે પૂર્વમાં ધર્મનું આચરણ કરીને પણ સંગદોષવશ દુષ્ટમાર્ગમાં પ્રવેશી સર્વપ્રકારે ધર્મથી હીન અને અત્યંત ભયાનક નારકીગતિને પ્રાપ્ત કરાવનાર એવા અધર્મથી યુક્ત થઈ ગયેલો હોવા છતાં પણ તેમજ દીર્ઘકાલ અધર્મથી સિદ્ધ થયેલી બુદ્ધિ વગેરેને કારણે અંતકાળ સમયે પણ મોહવાસના છોડી ભગવત્સ્મરણ હીન થયેલો હોવા છતાં પણ આ મારો સેવક છે માત્ર તેટલું જ વિચારીને ઉચ્ચારાયેલા વાક્યમાં અપ્રવર્તમાન નામ માહાત્મ્યને પણ સ્વબલે પ્રવર્તાવી, ભગવદીય સંગ કરાવી, પૂર્વમાં કરાયેલા ધર્માચરણથી પ્રાપ્ત થનારી જીવન્મુકિતથી પણ અધિક અને સ્વસંબંધી મુક્તિનું દાન કર્યું, તો પછી જો જીવ નિતાન્ત ભગવદાશ્રય ધારણ કરી ભગવદ્ ભજન પરાયણ થાય તો તેનાં કલ્યાણમાં શંકા જ ક્યાં રહે છે ?

ઉપરાંત બીજું એમ પણ આમ કહી જણાવ્યું કે પુત્રના અર્થે સાંકેત્યાદિ પ્રકારે લેવાયેલ નારાયણ નામ પણ નામ માહાત્મ્યે શ્રેષ્ઠ સિદ્ધિ આપે છે તો પછી સાંકેત્યાદિ પ્રકાર છોડીને પ્રેમરહિત દશામાં પણ જો જીવ માત્ર વાણીથી પણ **'कृष्ण एव गतिर्मम' 'श्रीकृष्णः शरणंमम'** વગેરે જેમાં ભગવત્ શરણાગતિનું પ્રતિપાદન થતું હોય તેવાં વાક્યોનું રટણ સ્મરણ આદિ કરતો રહે તો પણ તેનું નિશ્ચિત કલ્યાણ થશે જ તેમાં કોઈ સંદેહ રાખવો નહીં. પ્રેમસહિત નામોચ્ચારણની તો વાત જ શી પણ પ્રેમ વિના પણ આ ભગવાન છે અને આ ભગવાન સર્વ સમર્થ છે અને આ સર્વ સમર્થ ભગવાન જ મારું સર્વ સિદ્ધ કરશે તેટલું હૃદયમાં રાખીને પણ જો ભગવન્નામ રટણ-સ્મરણ કે ભગવત્સેવામાં પોતાને યોજી રાખશે તો પણ

જે સાધનોથી શક્ય નથી તે કલ્યાણને પામશે.

અહીં **‘आदि’** પદનો ઉપયોગ થયો હોવાથી **‘अजामिलसदृशानां अनेकानाम् अनेकदोषदुष्टानां प्रायश्चित्तादिनापिशुद्ध्यसम्भवा ये दोषास्तेषां दोषाणां स्वसेवकोऽयमिति मन्यमानो भगवान् स्वकृपया साधनेन विनाशक इति अस्माकं मम च भवतामनुभवे स्थित इति’**

આ પ્રકારે અર્થ કરતાં પોતાના સમયમાં પોતાના સેવક તરીકે રહેલા વૈષ્ણવોનો પણ આમાં સમાવેશ થઈ જાય છે. કારણ કે કૃષ્ણાશ્રયમાં જે ધર્મનો નાશ કહેવાયો છે તે શ્રીઆચાર્યચરણના પ્રાદુર્ભાવકાલના પૂર્વમાં પણ પ્રાપ્ત થાય છે અને સો સોમયજ્ઞ પૂર્ણ થતાં તેનાં ફલરૂપે શ્રીવલ્લભરૂપમાં - આચાર્યરૂપમાં ભગવત્પ્રાદુર્ભાવ થયો તેમાં ધર્મનાં સાધનો નષ્ટ થતાં સોમયાગાદિનું આવું અલૌકિક ફલ થવું સંભવ નથી તેમ છતાં ભગવાને પોતાના બલે જ કર્મની પૂર્તિ કરી યજ્ઞમાં પ્રકટ થઈ પોતે પ્રાદુર્ભૂત થશે તેમ વરદાન આપ્યું અને પ્રકટ થયા તેમાં પણ કારણ પોતાના નિજજનોનો કૃષ્ણભક્તિનાં દાન રૂપ ઉદ્ધાર જ છે જે શ્રીપ્રભુચરણે **‘नाविर्भूयाद् भवांश्चेदधिधरणीतलं भूतनाथोदितासन् मार्गध्वान्तान्धतुल्यानिगमपथगतौ देवसर्गेऽपि जाताः ।’** વગેરેથી કહ્યું છે. તેવી જ રીતે ગુરુરૂપે શ્રીમહાપ્રભુજીના પ્રાદુર્ભાવ પછી પણ ભક્તિના ઉપદેશથી ભગવત્સેવાની ઈચ્છાવાળા થવા છતાં પણ નિર્દોષ બ્રહ્મનું સદોષ જીવ વડે કેવી રીતે સેવન શક્ય બને તેમજ સેવક દ્વારા ક્રિયમાણા સેવાનો સાક્ષાત્ ભગવાન દ્વારા અંગીકાર ન થાય તો તે સેવા માત્ર ક્રિયાત્મક રહી જાય, આધિદૈવિકી ન બની શકે. આવી ગુંચવણ આવતાં અને તેનો નિરાસ અન્ય કોઈ પણ પ્રકારે શક્ય ન બનતાં ભક્ત પ્રાર્થના કે ગુરુપ્રાર્થના વિના જ માત્ર પોતાના સેવકો પ્રત્યે અતિ આત્મીયભાવે સ્વયં શ્રીપ્રભુએ જ કૃપા વિચારી પંચાક્ષર બ્રહ્મસંબંધ મંત્રનું દાન શ્રીમહાપ્રભુને કર્યું અને આજ્ઞા કરી કે આ મંત્ર દ્વારા આપ જે જીવનો અંગીકાર કરાવશો તેના અંગીકારમાં અવરોધક સર્વદોષોને દૂર કરી તે જીવનો અંગીકાર કરીશ અને તેના

દ્વારા કરાયેલી સર્વ સેવાનો- સર્વ નિવેદિત પદાર્થોનો હું સાક્ષાત્ સ્વીકાર કરીશ. તે અનુસાર **‘ब्रह्मसम्बन्धकरणात्सर्वेषां देहजीवयोः सर्वदोषनिवृत्तिः’** આ ભગવદ્ વાક્યને શ્રીઆચાર્યચરણ સિદ્ધાન્તરહસ્ય ગ્રંથમાં ટાંચે છે. આ પોતાની પ્રતિજ્ઞા મુજબ આજના અનેક દોષોથી ભરેલા જીવને કૃપાપૂર્વક ભક્તિયોગ્ય બનાવી શ્રીપ્રભુ તમારા બધાના દ્વારા થઈ રહેલી સેવાને અને સેવામાં અન્ન, વસ્ત્ર, જલ, ફલ આદિ જે પણ નિવેદન કરો છો તેનો પ્રભુ પુષ્ટિભાવે અંગીકાર કરે છે એ પ્રત્યક્ષ તમારા પણ અનુભવમાં સ્થિત છે. અતઃ આધુનિક સમયમાં પણ પ્રભુ શરણાગતોના દોષ નાશ કરે છે, તેને ભક્તિનું દાન કરે છે અને કરાયેલી ભક્તિને સ્વીકારે પણ છે. તેથી જ તો ભગવદીયો કીર્તન સાહિત્યમાં ગાય છે કે **‘जय जय श्रीवल्लभप्रभु विठ्ठलेश साथे, निजजनपर करत कृपा धरत हाथ माथे, दोष सबै दूर करत भक्तिभाव हिये धरत, कारज सब सरत गावत गुणगाथे, काहे को तू देह दमत साधन करी मूरखजन विद्यमान आनन्द त्यज फिरत क्युं अपाथे’**

આ પ્રકારે અમારા અનુભવમાં સ્થિત છે. એમ કહેવામાં માત્ર પૌરાણિક ગાથાઓમાં જ નહીં પણ આજના વર્તમાનમાં પણ આપણે અનુભવી રહ્યા છીએ જેથી કોઈ એમ શંકા ન કરી શકે કે ભગવાન પહેલાં દોષો દૂર કરતા હતા પણ આજના સમયમાં પણ કરે છે એમ કેમ કહેવાય ? પ્રભુનો કૃપાળુ સ્વભાવ અને પ્રભુનું સર્વસામર્થ્ય પહેલાં હતું, આજે છે અને કાલે પણ હશે આ વાત ત્રિકાલ અબાધિત છે. કારણ કે ભગવાન જેમ કાલથી પર છે તેમ તેમનો કૃપાધર્મ અને સામર્થ્ય એ બંને પણ કાલથી પર છે, બલ્કે કાલમાં પણ જે કંઈ પણ સામર્થ્ય છે તે પણ ભગવાનનું જ છે. તેથી જ શ્રીઆચાર્યચરણ ષષ્ઠસ્કન્ધ નિબંધમાં અજામિલના પ્રસંગમાં પ્રભુનો કાલનિવર્તક પુષ્ટિધર્મ નિરૂપે છે.

‘ज्ञापिताखिलमाहात्म्यः’ અહીં ટીકાકારો આ મુજબ જણાવે છે

શ્રીરઘુનાથજી : **‘ज्ञापितं अखिलं माहात्म्यं येन तादृशः, तेन**

पापनिवर्तकत्वमिष्टप्रापकत्वं च धर्मकार्यमुक्तमतो दोषोपस्थितावपि तदाश्रयणमेव कार्यं भगवदीयानां न तु तं विहाय प्रायश्चित्तादीति सूचितम्। .... ज्ञापितमखिलं लीलादिरूपं तद्येन ।' જેના વડે અખિલ માહાત્મ્ય જ્ઞાપિત થયું છે તેવા, આના વડે પાપ નિવર્તકપણું અને ઈષ્ટપ્રાપકપણું એ ધર્મકાર્ય કહ્યું છે અતઃ દોષો ઉપસ્થિત હોતાં પણ ભગવદાશ્રય જ કરવો તેને છોડી ભગવદીયોએ પ્રાયશ્ચિત્તાદિમાં પડવું નહીં એમ સૂચિત કર્યું છે. જેના વડે અખિલ લીલાદિ રૂપ જ્ઞાપિત થયું છે તે.

શ્રીદ્વારિકેશ્વરજી :- **'ननु यथा कलौ श्रुत्यादिभिर्ज्ञातमाहात्म्या अपि धर्मादयो नष्टाः तथा 'कलौ दशसहस्राणि विष्णुस्त्यक्ष्यति मेदिनम्। तदर्द्धं जाह्नवीतोयं तदर्द्धं ग्राम्यदेवता' इत्यादिना बाह्यतो भगवत्सान्निध्याभावे तन्माहात्म्यमपि तिरोभूतं भविष्यतीति कथमज्ञातमाहात्म्यास्तदाश्रयोक्तौ प्रवृत्ता भविष्यन्तीति चेत्तत्राह ज्ञापितेति । ज्ञापितमखिलमखिलेभ्यो भक्तेभ्यो वा श्रुतिपुराणश्रीभागवतादिना साक्षात्परम्परया वा माहात्म्यं यस्य येनेति वा ।'** જેમ જેનું શ્રુતિઓ વગેરે વડે માહાત્મ્ય જાણવા મળે છે તેવા ધર્મ વગેરે પણ નષ્ટ થયેલા છે તેમ કલિયુગમાં દશ હજાર વર્ષ અનન્તર વિષ્ણુ આ પૃથ્વીને ત્યાગશે, પાંચ હજાર વર્ષ અનન્તર ગંગાજલ અને અઢી હજાર વર્ષ અનન્તર ગ્રામ્ય દેવતાઓ પૃથ્વી ત્યાગશે વગેરે વાક્યો વડે બાહ્યસ્થિતિમાં ભગવત્ સાન્નિધ્યનો અભાવ હોતાં તેમનું માહાત્મ્ય પણ તિરોભૂત થશે, તેથી કેમ કરીને જે લોકોએ માહાત્મ્ય નથી જાણ્યું તેવાઓ ભગવદાશ્રયમાં જે કહેવાયું છે તે પ્રકારમાં પ્રવૃત્ત થશે ? ત્યાં કહે છે જ્ઞાપિત વગેરે વાક્યોથી. અખિલ ભક્તો થકી અથવા તો શ્રુતિ, પુરાણ, શ્રીભાગવત વગેરે વડે સાક્ષાત્ અથવા પરંપરા વડે જેનું અથવા જેના દ્વારા અખિલ માહાત્મ્ય જ્ઞાપિત થયું છે.

શ્રીવ્રજરાયજી :- **'अनुभवोऽस्माकं स्थितो विषयीभूतो**

ज्ञापितसमग्रमाहात्म्यः, एतेन प्रपन्नस्य मायातरणे सति प्रतिबन्धकाभावात्स्वयमेवाग्रे माहात्म्यं गोचरी भवतीति ज्ञापितम् । ततश्च पूर्वमार्षे शब्दे श्रीमदाचार्यचरणोक्तौ वोभयत्र वा विश्वस्य भगवदाश्रयणे भगवानेव साधनान्तरापेक्षां विना सर्वं ज्ञापयंस्तद्गोचरो भवतीति सूचितम् ।' (ભગવાન સર્વ પાપોનો નાશ કરનારા છે એમ) અનુભવ અમને વિષયીભૂત છે, અને તેવા સમગ્ર માહાત્મ્યનું જ્ઞાપન કરાવેલું છે તેવા ભગવાન છે (ભગવાન દોષના નાશક પણ છે અને માહાત્મ્યનું જ્ઞાપન કરાવનારા પણ છે), આના વડે એમ જ્ઞાપિત કર્યું છે કે પ્રપન્ન-શરણાગતને માયાતરણ થતાં પ્રતિબંધ કરનારનો અભાવ હોવાથી પોતાની મેળે જ આગળ માહાત્મ્ય પ્રકટ થાય છે. તેથી કરીને પૂર્વમાં આર્ષ વાક્યોમાં અથવા તો શ્રીમદાચાર્યચરણની ઉક્તિમાં અથવા તો બન્નેમાં વિશ્વાસ રાખીને ભગવદાશ્રય કરતા ભગવાન જ બીજાં સાધનોની અપેક્ષા વિના સર્વ જ જ્ઞાપન કરતાં ગોચર થાય છે એમ સૂચિત કર્યું છે.

વિવરણકાર :- **'ज्ञापितमखिलं पुष्टिलीलारूपं माहात्म्यं येन । अत एव व्रजस्थितानामपि च लीलानुभवः ।'** પુષ્ટિલીલારૂપ અખિલ માહાત્મ્ય જેના વડે જ્ઞાપિત થયું છે. તેથી જ (ભગવાન પોતાના તેવા માહાત્મ્યનું જ્ઞાપન કરે છે તેથી જ) વ્રજમાં રહેલા ભક્તોને પણ લીલાનુભવ થયો છે.

જ્યારે ભગવાન જ બધું કરી દે છે, દોષોનો નાશ કરે છે, પોતાના માહાત્મ્યનું જ્ઞાપન પણ પોતે જ કરે છે, ભક્તિ પણ ભગવાન જ આપે છે અને મુક્તિ પણ ભગવાન જ સાધે છે તો પછી જીવના ભાગે તો કંઈ કર્તવ્ય રહેતું જ નથી ? એમ કોઈ વિચારે તો તેના ઉત્તરમાં શ્રીઆચાર્યચરણ કહે છે કે :- **'कृष्ण एव गतिर्मम'** ભગવાન કંઈ દુનિયાના જાળા ઝાટકવા બુહારી હાથમાં ધરી ઊભા નથી. જે પોતાનાસેવકો છે, જે શરણાગતો-સ્વાશ્રિતો છે તેમના અર્થે ભગવાન પોતે જ આ બધું કરે છે. તેથી પ્રથમ જીવે ભગવદાશ્રય કર્તવ્ય છે અને ભગવદાશ્રયભાવે સ્વધર્મનો નિર્વાહ કર્તવ્ય છે, સ્વધર્મ કહેવાથી ચતુઃશ્લોકીમાં

શ્રીઆચાર્યચરણ જે સ્વધર્મ જાણાવે છે કે **‘स्वस्यायमेव धर्मः’** પોતાનો આ જ ધર્મ છે એટલે **‘सर्वभावेन व्रजाधिपः सर्वदा भजनीयः’ ‘आत्मनः सर्वोऽपिभावः सर्वात्मभावः=सर्वभावः’** એ સર્વભાવ વડે સર્વદા વ્રજેશ્વર કૃષ્ણને ભજવા. કૃષ્ણભજન એ સ્વધર્મ નહીં પણ સર્વદા કૃષ્ણભજન એ સ્વધર્મ છે. સર્વદા શબ્દ આવવાથી પ્રાસંગિક યા સામયિક કૃષ્ણભજન કરવું જેમ સમય પર દાન આપવું, સમય પર સ્નાન કરવું, સમય પર જપ કરવા, સમય પર શ્રાદ્ધાદિ કર્મ કરવાના ધર્મની માફકનો ધર્મ નહીં પણ સ્વત્વને સર્વથા વિગલિત કરી માત્ર તદીય ભાવનાથી કૃષ્ણનું ભજન દેહધર્મતઃ નહીં પણ આત્મધર્મતઃ કરવું એ સર્વદા કૃષ્ણ ભજન છે. આમ કહેવાથી દાસ્ય ધર્મ એ સ્વધર્મ છે એમ નિશ્ચય થાય છે. પોતાને હું ભગવાનનો દાસ છું એમ અનુભવ્યા પછીથી દાસનો જે ધર્મ, જે કર્તવ્ય અવશિષ્ટ રહે છે તે સ્વધર્મ છે. એક અરબસ્તાનના બાદશાહે તે જમાનાની પ્રથા મુજબ કેટલાક ગુલામ ખરીદી મંગાવ્યા. ગુલામોને દરબારમાં હાજર કરાયા અને બાદશાહે રિવાજ-ધરડ મુજબ બધાને પ્રશ્નો કર્યાં. એમાં એક ગુલામને બાદશાહે પૂછ્યું તુમ્હારા નામ ? તો ગુલામે જવાબ આપ્યો, માલિક જિસ નામ સે પુકારે, બાદશાહે પૂછ્યું તુમ ક્યા ખાઓગે ? જવાબ આપ્યો, માલિક જો દે સો - બાદશાહે પૂછ્યું તુમ ક્યા પહનના પસંદ કરોગે ? ગુલામે જવાબ આપ્યો જો માલિક પહનાના ચાહે વહી, બાદશાહે પૂછ્યું મારા બધા પ્રશ્નોનો સરખો જવાબ કેમ નથી આપતો ? ત્યારે ગુલામે ચોખવટ કરી કે તમે મને ખરીદ્યો ત્યારથી હું તમારી મિલકત થઈ ગયો તેથી એ મિલકતને તમે જે નામ આપો તે જ એનું નામ હોય, પૂર્વનામથી શો સંબંધ તેમજ બધા પ્રશ્નોનો ઉત્તર છે. આ દાસધર્મ છે. પોતાને અર્થે કે પોતાનું કંઈ પણ નહીં વિચારી, પોતે ભગવાનનો દાશ છે એટલો જ વિચાર રાખી ભગવાન જે પ્રકારે પોતાની સેવાનું કાર્ય આપે તેનો જ નિર્વાહ કરવો અને તે સિવાય બીજું કંઈ નહીં કરવું એ સ્વધર્મ છે. અતઃ ભગવદાશ્રય અને ભગવદ્ ભજન એ સર્વને માટે કર્તવ્ય છે, દોષ નિવારણ પાપોથી મુક્તિ એ ભગવાનનું કાર્ય છે તે ભગવાન કરશે તેથી દોષનિવૃત્તિ-ઈષ્ટપ્રાપ્તિ અર્થે કોઈ ઉદ્યમ નહીં કરી માત્ર ભગવત્સેવા એ જ સ્વધર્મ છે અને એ જ ભગવદીયોનો - વૈષ્ણવોનો ધર્મ-પુરુષાર્થ છે એ અર્થમાં શ્રીઆચાર્યચરણ **હું દાસ છું, હે કૃષ્ણ, હું તારો છું** બ્રહ્મસંબંધની આ વિભાવનાને અનુલક્ષીને અહીં જાણાવે છે કે કૃષ્ણ જ મારી ગતિ હો.

* * *

શ્લોક આઠમો

प्राकृताः सकलादेवा गणितान्दकं बृहत् ।
पूर्णानन्दो हरिस्तस्मात् कृष्ण एव गतिर्मम ॥ ८ ॥

अन्वय :- सकला देवाः प्राकृताः बृहत् गणितानन्दकम्, पूर्णानन्दः हरिः तस्मात् कृष्ण एव मम गतिः (अस्तु) ।

અર્થ - સકલ દેવો પ્રાકૃત છે, બૃહત્-અક્ષર બ્રહ્મ ગણિતાનંદ છે, (જ્યારે) ભગવાન શ્રીહરિ પૂર્ણાનંદ છે તેથી કૃષ્ણ જ મારી ગતિ હો ॥ ૮ ॥

સ્તોત્ર વિવરણ - સાતમા શ્લોકમાં - ભક્તિમાર્ગમાં ધર્મ પુરુષાર્થ સાક્ષાત્ ભગવાન હોવાથી ધર્મપુરુષાર્થની સિદ્ધિને અર્થે એટલે કે દોષ નિવૃત્તિ અને ઈષ્ટપ્રાપ્તિને અર્થે અન્ય કોઈ પણ ઉદ્યમ નહીં કરીને પોતાના મનમાં હું પ્રભુનો દાસ છું તેમ વિચાર રાખી દાસ્યભાવે જે થઈ શકે તે ભગવત્ સેવા સર્વદા કરવી અને ભગવદાશ્રય રાખવો. તેમજ અજામિલનાં દષ્ટાંતમાં ઉચ્ચારાયેલાં વાક્યમાં ભગવાનની ભાવરૂપ સ્થિતિ હોતાં જ તે ભગવન્નામ કહેવાય છે અન્યથા લૌકિક જ્ઞાનથી અને લોકવિષયમાં ઉચ્ચારાયેલાં વાક્ય ભગવન્નામ સદશ હોઈને પણ તે લૌકિક જ છે અને તેનું ફલ પણ લૌકિક જ છે, તેમ છતાં પણ વિશેષ ભગવત્કૃપાએ લૌકિક ભાવે ઉચ્ચારાયેલ નામ સદશ વાક્યમાં પોતાના સ્વતંત્રબળે ભગવાન જ્યારે નામ માહાત્મ્યનો બોધ કરાવે છે ત્યારે તે વાક્યો અલૌકિક છે અને તેનું ફલ પણ અલૌકિક થાય છે એમ નક્કી કરી હવે આ આઠમા શ્લોકમાં ધર્મની માફક જ **અર્થરૂપે** પણ સાક્ષાત્ ભગવાન જ ભક્તિમાર્ગમાં છે એનું નિરૂપણ કરે છે.

‘प्राकृताः सकला देवाः’ અહીં સર્વ ટીકાકારો પોતપોતાના દષ્ટિકોણને આ મુજબ રજૂ કરે છે -

શ્રીરઘુનાથજી - **‘सकला ब्रह्मादयो ये देवास्ते प्राकृताः, प्रकृतिर्माया तन्निबन्धनोत्पत्तिस्थितिविलया, अतस्तेषामाश्रयणं न कालादिभयनिवर्तकं प्रत्युत भयजनकमेव ।’** સકલ જે બ્રહ્મા આદિ દેવો તે પ્રાકૃત એટલે કે પ્રકૃતિ-માયા તેના નિબંધનમાં ઉત્પત્તિ, સ્થિતિ, વિલયવાળા છે, તેથી તેમનો આશ્રય કાલ વગેરેના ભયનું નિવર્તન કરી શકે તેમ નથી, બલ્કે ભયજનક જ છે.

શ્રીકલ્યાણરાયજી :- **‘यस्मात्सकला देवाः प्राकृताः सत्त्वाहङ्कारप्रभवत्वात् । .... देवादिसायुज्येऽपि तेषां प्रकृत्युपधानेन तन्मुक्तेः सगुणत्वेन ‘आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुने’ति भगवद्वाक्यात्पुनः संसारसम्भवेनाल्पानन्दत्वेन स्वर्गवदमुक्तित्वात् ।’** જેથી કરીને સકલ દેવો પ્રાકૃત એટલે કે સાત્ત્વિક અહંકારમાંથી તેમનો ઉદ્ભવ થયેલો હોવાથી, દેવ વગેરે સંબંધી સાયુજ્ય થવામાં પણ તેઓ પ્રકૃતિના સહારે હોવાથી તેમના સંબંધવાળી મુક્તિ-સાયુજ્યનું પણ સગુણપણાથી આબ્રહ્મસ્તમ્બ પર્યન્તના સર્વલોકો પુનરાવર્તનના સ્વભાવવાળા છે એમ ભગવદ્વાક્યથી ફરી પાછા સંસારમાં સંભવવાળા હોવાથી તેમજ તેમના અલ્પ આનંદપણાથી સ્વર્ગની માફક તેમનું અમુક્તિપણું હોવાથી.

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘ब्रह्माणमारभ्य सर्व एव देवाः प्राकृता आधिभौतिकान्तःपातित्वातत् ।’** બ્રહ્માથી આરંભી બધા જ દેવો પ્રાકૃત એટલે કે આધિભૌતિકની અંદર તેઓ અન્તઃપાતી હોવાથી.

શ્રીવ્રજરાયજી :- **‘अष्टौ वसव, एकादश रुद्रा, द्वादशादित्या, इन्द्रः, प्रजापतिश्चेति त्रयस्त्रिंशत् वा, ‘अग्निरवमो देवानां विष्णुः परमस्तदन्तरेणान्या देवता इत्यग्न्यादयो विष्णवन्ताः ।’ अत्र विष्णुः काल; स विष्णवाख्योऽधियज्ञोऽसौ ‘कालः कलयतां वर’ इति वाक्यात्तदन्ता**

वा। अकारं ब्रह्माणं नाभावुकारं विष्णुं हृदये मकारं रुद्रं भ्रूमध्य इति प्रणवमात्राधिष्ठातारो विश्वादयो वा प्रजापत्यन्ताः, शतानन्दिनो वा । ते सकलाः कला अंशस्तत्सहिताः, सर्वे प्राकृताः, प्रकृतिर्माया 'मायां तुं प्रकृतिं विद्यादि'ति श्रुतेस्तदधीनाः । कालस्य क्षोभकतया गुणानुरोधित्वेन गुणाधिष्ठातृणामभिमानित्वेन च प्राकृतत्वम् ।' આઠ વસુઓ, અગિયાર રુદ્રો, બાર આદિત્યો, ઈન્દ્ર, પ્રજાપતિ એમ તેંત્રીસ દેવો અથવા **'अग्निरवमो....'** એ મુજબના અગ્નિથી આરંભી વિષ્ણુ પર્યન્તના, અહીં વિષ્ણુ એટલે કાલ સમજવું. **'स विष्ण्वारव्यः ....'** એ વાક્ય મુજબ ત્યાંસુધીના. અથવા નાભીમાં અકાર બ્રહ્મા, હૃદયમાં ઉકાર વિષ્ણુ, ભ્રૂકુટી મધ્યમાં મકાર રુદ્ર એમ પ્રણવની માત્રાના અધિષ્ઠાતાઓ અથવા વિશ્વથી લઈ પ્રજાપતિ પર્યન્તના, અથવા વેદમાં જેની શતાનંદે ગણના થઈ છે તે શતાનંદવાળાઓ, તે બધા જ સકલ. સકલ એટલે કલા-અંશ તેના સહિતના, બધા પ્રાકૃતો, પ્રકૃતિ એટલે માયા **'मायां तु प्रकृतिं विद्यात्'** એ શ્રુતિ મુજબ એ માયાને અધીનો. કાલની ગુણક્ષોભકતાથી ગુણાનુરોધિપણા વડે અને ગુણના અધિષ્ઠાતાઓનું અભિમાનીપણું હોઈ એમનું પ્રાકૃતપણું છે તેમ જાણવું.

વિવરણકાર :- **'ये पूर्वं प्राकृता देवा इन्दियाधिष्ठातारस्ते सच्चिदानन्दरूपाक्ष्यात्मकत्वे सम्पन्ने पुरुषोत्तमाविर्भावात्सकला जाताः। कला रसात्मकब्रह्मविद्यारूपा तत्सहिता जाताः ।'** જે પૂર્વમાં પ્રાકૃત દેવો ઈન્દ્રિયોના અધિષ્ઠાતાઓ હતા તે પુરુષોત્તમના આવિર્ભાવથી સચ્ચિદાનન્દરૂપ ઈન્દ્રિયાત્મકતા સંપન્ન થતા સકલો થયા. કલા એટલે રસાત્મક બ્રહ્મવિદ્યારૂપ તે સહિતના થયા.

'गणितानन्दकं बृहत्' અહીં ટીકાકારો આ મુજબ જણાવે છે :-

શ્રીરઘુનાથજી :- **'ब्रह्मापेक्षया शतगुणितानन्दत्वेनापरिमिता-**

नन्दत्वाभावात्पुरुषोत्तमापेक्षयाल्पत्वात्.....' બ્રહ્મા કરતાં સોગણા વધુ આનંદવાળા હોવાથી અપરિમિત-અગણિત-આનંદનો અભાવ હોવાથી પુરુષોત્તમની અપેક્ષા (અક્ષર) અલ્પ હોવાથી.

શ્રીકલ્યાણરાયજી : **'बृहदक्षरं गणितानन्दकं 'सैषानन्दस्य मीमांसा भवती' त्यारभ्य 'ते ये शतं प्रजापतेरानन्दाः स एको ब्रह्मण आनन्द' इत्यन्तेन ब्रह्मानन्दस्य गणितत्वात् ...., ज्ञानमार्गेऽक्षरमुक्तेर्निर्गुणत्वेऽप्यक्षरस्य गणितानन्दत्वेनाल्पत्वात् क्षुधितस्यात्यल्पभोजनमभोजनमेवेतिवदप्रयोजकत्वात् । अज्ञातार्थ ह्रस्वार्थ क प्रत्ययेनाव्यक्तत्वं पुरुषोत्तमा-पेक्षयाल्पत्वं च सूचितम् ।'**

બૃહત્ એટલે અક્ષર એ ગણિતાનન્દ છે, **'सैषानन्दस्य मीमांसा भवति'** અહીંથી આરંભી **'स एको ब्रह्मण आनन्दः'** (તૈત્તિરીય ઉપનિષદ) પર્યન્તમાં બ્રહ્માનંદ ગણાયેલો હોવાથી, જ્ઞાનમાર્ગમાં જે અક્ષરમુકિત કહેવાઈ છે તે મુક્તિનું સ્વરૂપ નિર્ગુણ હોઈને પણ અક્ષર એ ગણિતાનન્દ હોવાથી તેના કારણે તેના સંબંધી આનંદનું અલ્પપણું હોવાથી ભૂખ્યાને જેમ થોડું ભોજન એ અભોજન - ન કર્યા બરાબર છે તેની માફક તે આનંદનું અપ્રયોજકપણું હોવાથી, અજ્ઞાતાર્થ હ્રસ્વાર્થ ક પ્રત્યયનો પ્રયોગ થયેલો **'गणितानन्दकम्'** હોવાથી અક્ષર અવ્યક્ત છે અને પુરુષોત્તમની અપેક્ષા અલ્પ છે એમ સૂચિત કર્યું છે.

શ્રીદ્વારિકેશ્વરજી :- **'बृहदक्षरं गणितानन्दकं स्वार्थे कः प्रत्ययः ।'** બૃહત્ એટલે અક્ષર ગણિતાનંદ છે, સ્વાર્થ ક પ્રત્યય યોજ્યો છે.

શ્રીવ્રજરાજજી :- **'बृहदक्षरं गणितान्दकं गणितः 'स एको मानुष आनन्द' इत्यारभ्य य शतानन्दिनां गणने 'स एको ब्रह्मण आनन्द' इत्युत्तरावधौ ब्रह्म गणितम् । अत एवं संख्यात आनन्दो यत्र, स्वार्थे**

कस्तादृशम् । तेन तुरीयकोटिनिविष्टा ‘ओंकारं सर्वेश्वरं द्वादशान्त’ इत्याद्युक्ता गुणावतारा अपि तत्रैव प्रविशन्तीति बोधितम् ।’ બૃહત્ એટલે અક્ષર ગણિતાનન્દ છે, **‘स एको मानुष आनन्दः’** અહીંથી આરંભી સોગણા-સોગણા આનંદવાળાઓની ગણનામાં **‘स एको ब्रह्मण आनन्दः’** અહીં પર્યન્તમાં બ્રહ્મનો આનંદ ગણાયેલો છે. તેથી આ પ્રકારે સંખ્યાથી જેનો આનંદ છે (તે અક્ષર) સ્વાર્થમાં ક પ્રત્યય યોજ્યો છે, તેવું બૃહત્, આના વડે કરીને ચતુર્થ કોટિમાં નિવેશ થયેલા ઓંકાર, સર્વેશ્વર, દ્વાદશાન્ત વગેરેથી કહેવાયેલા ગુણાવતારોનો પણ આમાં જ સમાવેશ છે એમ બોધન કર્યું છે.

વિવરણકાર :- **‘गणितानन्दरूपमक्षरं ब्रह्म, क प्रत्ययेन ततोऽपि ह्रस्वोऽतितुच्छो जीवः स बृहज्जातस्तदपेक्षयापि महान् जातः । उभयत्र हेतुः पूर्णानन्दो हरिरिति ।’** અક્ષરબ્રહ્મ ગણિતાનંદરૂપ છે. **‘क’** પ્રત્યય પ્રયોગ હોવાથી તે અક્ષરથી પણ હ્રસ્વ-અતિતુચ્છ એવો જીવ એ બૃહત્ એટલે અક્ષરબ્રહ્મની અપેક્ષા પણ મહાન થયો છે, બંનેમાં હેતુ પૂર્ણાનંદ હરિ છે (બંનેમાં એટલે - ઈન્દ્રિયાધિષ્ઠાતૃ દેવતાઓની રસાત્મક બ્રહ્મવિદ્યા રૂપતા અને જીવનું અક્ષરથી પણ અધિક થવું તે બંનેમાં).

‘पूर्णानन्दो हरिस्तस्मात्’ અહીં ટીકાકારોનો મત આ મુજબ છે :-

શ્રીરઘુનાથજી :- **‘..... हरेः सकलदुःखहारकस्य श्रीकृष्णस्य पूर्णानन्दत्वादखण्डितानन्दत्वात्सर्वैरुपायैः सर्वात्मना कृष्ण एवेति पूर्ववत् ।’**

સકલ દુઃખોને હરણ કરનારા હરિ શ્રીકૃષ્ણ એ પૂર્ણાનંદ એટલે કે અખંડિત આનંદ હોવાથી સર્વ ઉપાયો વડે - હર કોઈ ઉપાયે સર્વાત્મના કૃષ્ણ જ મારી ગતિ હો.

શ્રીકલ્યાણરાયજી :- **‘कृष्ण एव हरिः सर्वदुःखहर्ता पूर्णानन्दश्च । पूर्णश्चासावानन्दश्च, पूर्ण आनन्दो येन यत्र यस्मादिति वा । तस्मात् कृष्ण एव गतिर्ममास्त्वित्यर्थः । .... पूर्णानन्दत्वेन निर्गुणमुक्तिदायकत्वेन कृष्ण एव शरणं भावनीय इति सिद्धम् ।’** કૃષ્ણ જ હરિ એટલે સર્વદુઃખોના હરનારા અને પૂર્ણાનંદ છે. પૂર્ણ છે આ આનંદ એમ સમાસથી પૂર્ણ આનંદ જેના વડે અથવા જ્યાં અથવા જેના થકી છે, તેથી કૃષ્ણ જ મારી ગતિ હો એમ અર્થ છે. પૂર્ણાનંદપણાથી નિર્ગુણ મુક્તિને આપનારા હોવાથી કૃષ્ણ જ શરણના રૂપમાં ભાવન કરવા એમ સિદ્ધ છે.

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘नहि पूर्वोक्तैः कैरप्यानन्दः पूर्यते । तत्र पूरितोऽप्यपूरित एव स्यात्तत्राह - हरिरिति । यद्यप्य‘स्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ती’ त्यादिना देवेष्वपि तद्वत्त्वमस्ति तथापि न तथा तेषामन्यपूरकत्वं तदल्पीयस्त्वात् । निरवधिदारिद्र्यस्य सावधिधनेनापगमस्याशक्यत्वादेवमपूर्णानपि प्रतिबन्धनिवृत्तिपूर्वकं कृष्ण एव पूर्णान् करोति । ‘तं सत्यमानन्दनिधिं भजेते’ तिन्यायेन स एव तथा कर्तव्य इति दिक् ।’** પૂર્વમાં કહેવાયેલ દેવ-અક્ષર વગેરે કોઈના વડે પણ આનંદ પૂર્ણ થતો નથી. ત્યાં દુઃખ ન હોય તેનો અભાવ હોતાં એમના વડે પ્રાપ્ત આનંદ પણ અપ્રાપ્ત બરાબર જ છે - તેથી કહે છે **‘हरिः’** જો કે **‘एतस्यैवानन्दस्य....’** વગેરે શ્રુતિ વડે દેવોમાં પણ તેની માફક છે (દેવોમાં પણ આનંદ રહેલો છે) તેમ છતાં પણ તેમનો આનંદ અલ્પ હોવાથી તે લોકો બીજાને આનંદથી ભરપૂર કરી શકતા નથી. અત્યંત દરિદ્રતાવાળા વ્યક્તિની મર્યાદિત ધન વડે દરિદ્રતા જવી અશક્ય હોવાથી એવા અપૂર્ણોને પણ વચમાં આવતા પ્રતિબંધોના નિવારણપૂર્વક કૃષ્ણ જ આનંદથી ભરપૂર કરે છે. તેથી તે સત્યસ્વરૂપ આનંદના નિધિને ભજો એ ન્યાયે કૃષ્ણનું ભજન જ કર્તવ્ય છે.

શ્રીવ્રજરાજજી :- **‘हरिः पुरुषोत्तमोऽ‘क्षरात्परतः पर’ स उत्तमः**

पुरुषः । 'अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तम' इत्यादिश्रुतिस्मृतिप्रतिपाद्यः । पूर्णानन्दः शतानन्दसङ्ख्याने ब्रह्मानन्दस्य सर्वपरत्वेन गणनया मनोवाग्गोचरतामेव प्रतिपाद्य तदुत्तरानुवाके 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह । आनन्दं ब्रह्मणो विद्वान्न बिभेति कुतश्चनेती' ति श्रुतावानन्दस्य मनोवागगोचरत्वकथनेन तदपेक्षयाधिक्यस्यानवधित्वस्य च बोधनात्तथा । तस्मादानन्दे निरवधित्वस्यैव परमफलतावच्छेदकत्वेन तस्य चात्रैव विश्रान्तेः कृष्णः पूर्वरीतिकः मम फलरूपोऽस्त्विति पूर्ववत् ।' હરિ એટલે પુરુષોત્તમ **'अक्षरात्परतः परः'** માં કહ્યા મુજબ તે ઉત્તમ પુરુષ છે કે જે **'अतोऽस्मि लोके वेद च....'** વગેરે શ્રુતિ-સ્મૃતિથી પ્રતિપાદન થયેલ છે. પૂર્ણાનંદ એટલે શતાનંદની ગણનામાં બ્રહ્માનંદની સર્વથી પરતાએ ગણના વડે તેની મન-વાણીથી ગોચરતાને જ જણાવી તે પછીના અનુવાક્માં **'यतो वाचो निवर्तन्ते .....'** આ શ્રુતિમાં આનંદની મન-વાણીથી અગોચરતાનાં કથન વડે તે (બ્રહ્માનંદની) અપેક્ષા (આ આનંદની) અધિકતા અને અસીમિતતાનું બોધન થયું હોવાથી તે પૂર્ણાનંદ છે. તેથી આનંદમાં અમર્યાદઆનંદનું પરમ ફલતાએ અવચ્છેદકપણું હોવાને કારણે તેની અહીં જ વિશ્રાન્તિ થતી હોવાથી પૂર્વમાં જે રીતે કહેવાયા છે તે મુજબના કૃષ્ણ (જ) મારા પરમફલરૂપે હો-થાઓ એમ પૂર્વવત્.

વિવરણકાર :- **'यतः सर्वेषां सच्चिदानन्दत्वे सम्पन्ने पुरुषोत्तमाविर्भावात्तत्सम्बन्धिरसात्मका भावा उत्पद्यन्त इति तज्जनितप्रचुरार्तिशान्त्यर्थमन्तस्तत्तदिन्द्रियादिषु तत्तत्स्वरूपः स्वयमेव भूत्वा सर्वेषु तेषु पूर्णस्वरूपानन्ददानेन दुःखं हरतीति तथोक्तम् ।'** જેથી બધાની (ઈન્દ્રિયાધિષ્ઠાતૃદેવતા-ઈન્દ્રિયો વગેરે બધાની) સચ્ચિદાનંદતા સંપન્ન થતાં પુરુષોત્તમના આવિર્ભાવથી તેમના સંબંધી રસાત્મક જે ભાવો છે તે ઉત્પન્ન થાય છે, તે રસાત્મક ભાવો થકી ઉત્પન્ન થનારા પ્રચુર આર્તિની શાન્તિને અર્થે અન્તઃ તે-તે ઈન્દ્રિયો

વગેરેમાં પોતે જ તે-તે સ્વરૂપે (તે-તેના અનુકૂલ સ્વરૂપે) થઈને તે સર્વ ઈન્દ્રિયો વગેરેમાં પૂર્ણ આનંદના દાન વડે દુઃખોને હરે છે તેથી **'पूर्णानन्दो हरिः'** એમ કહ્યું છે.

જો કે આ શ્લોકનું વિવેચન પૂર્વપીઠિકામાં અમે વિસ્તારથી કર્યું છે તેમજ ટીકાકારો વડે પણ ખૂબ જ સુંદર અત્ર વિવેચન થયું છે તેથી વિશેષ કહેવાનું રહેતું નથી. છતાં પણ અહીં એક-બે વાતો લખવી ઉપયુક્ત રહેશે જે પૂર્વમાં લખાઈ નથી. આ શ્લોકમાં આનંદને ત્રણ પ્રકારે કહ્યો છે. ક્ષુદ્રઆનંદ, ગણિતાનંદ, પૂર્ણાનંદ. બીજી વાત એ છે કે શ્રીકલ્યાણરાયજીની તથા વિવરણકારની દૃષ્ટિએ આ શ્લોક અર્થપુરુષાર્થ પરક ભગવત્ શરણાગતિ નિરૂપક છે અને આ વાત સાથે બાકીના બીજા ટીકાકારોને કોઈ વાંધો પણ જોવામાં આવતો નથી. અતઃ આનંદના નિરૂપણે ભગવાન જ અર્થ છે અને તેમનું શરણભાવન જ કર્તવ્ય છે એમ અર્થ સિદ્ધ થાય છે. ત્યારે ભગવાન આનંદમય-પૂર્ણાનંદ હોવાથી જીવનો પરમ અર્થ ભગવાન જ છે એમ માનવાનું શું પ્રયોજન છે ? જીવના અનેક અર્થો હોઈ શકે છે તેની સાથે આનંદની અલ્પતા કે પૂર્ણતાને શું લાગે વળગે ? આ પ્રશ્ન પર વિચારીએ તો ચતુર્દશ ભુવનમાં બ્રહ્માદિ દેવોથી લઈને અતિક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુઓના જીવનનો જે પ્રયત્ન છે તે માત્ર આનંદને અર્થે છે એમ જોઈ શકાય છે. બીજા બધાની અત્યારે વાત છોડીએ તો મનુષ્યના જે કંઈ પણ પ્રયત્નો છે તે સર્વ આનંદને અર્થે છે. મનુષ્ય જે પણ ઈચ્છે છે તેનો ઘનિષ્ઠ સંબંધ આનંદ સાથે હોય છે. પણ તેને આનંદ એટલે શું અને તે આનંદ ક્યાં એનો ખ્યાલ નહીં હોવાનેકારણે જ્યાં ક્યાંય પણ થોડું ઘણું પણ સારું લાગે તેને આનંદ માની તેને મેળવવાની ઈચ્છા કરી બેસે છે. એમ એ અન્ન, વસ્ત્ર, આભૂષણ, સ્ત્રી, પુષ્પ, ચંદન, સુગંધી, વગેરેમાંથી આનંદનો ભોગ ઈચ્છે છે. એનાં મન-બુદ્ધિની દૃષ્ટિએ સદા ભૌતિક પદાર્થોમાથી આનંદની ઈચ્છા સેવી તેને મેળવવાના પ્રયત્નોમાં તત્પર રહે છે. બહુ લંબાણમાં ન કહું તો ચાહે ભોગેષણા હોય કે મુમુક્ષા હોય એ છે આનંદના અર્થેની. કારણ કે ભોગેષણામાં જે ભોગની એષણા છે તે આનંદના ભોગની અને મુમુક્ષા છે તે આનંદ વિરુદ્ધ દુઃખોથી

અકળાઈને. મનુષ્યની આ આનંદની ખોજ આજની છે એમ નથી કિન્તુ જન્મોજન્મથી એના પ્રથમ જન્મથી આજ દિન પર્યન્તની. કારણ કે જ્યારથી એ જીવ તરીકે જન્મ્યો છે ત્યારથી જ એનો આનંદ એનામાંથી ખોવાઈ ગયો છે અને આનંદના ખોવાવાથી જ તે શ્રીમંતમાંથી દરિદ્ર બની ગયો છે. આનંદની ઊણપ એને જાણ્યે- અજાણ્યે સતત સાલ્યા કરે છે. તે બેબાકળો, બાવરો બની પાગલની માફક જ્યાં-ત્યાં, જેના-તેનામાંથી પોતાનો ખોવાઈ ગયેલો આનંદ મેળવવાની ઘેલછા કરતો રહે છે તેમ છતાં પણ જન્મોજન્મનો તેનો પરિશ્રમ નાકામયાબ રહ્યો છે. આનંદ એ મનનો વિષય છે અને આનંદ મનમાં ઉદ્ભવે છે અને મનમાં જ અનુભવાય છે. આનંદવિહોણું મન એના ઈન્દ્રિયોના સર્વ દ્વારોથી આનંદને ઝંખે છે અને ઈન્દ્રિયો વિકૃત બુધ્ધિની સલાહથી સંસારના વિષૈલા પદાર્થોમાંથી આનંદ ભોગનો પ્રયત્ન કરે છે. મનુષ્યને જે કંઈ પણ જોઈએ છે તે એ જ જોઈએ છે જેનાથી એના મનને સારું લાગે અને ઈન્દ્રિયો સાથે દીર્ઘસહવાસથી ઈન્દ્રિયો સાથે ભળી ગયેલું મન ઈન્દ્રિયોની કમાણી ઉપર ટકી રહેવાનો પ્રયત્ન કરે છે. બે ઘડી માટે આભાસમાં તે ટકી જાય છે પણ આભાસની અસર હટતાં ફરી પાછો આનંદનો અભાવ તેને અકળાવે છે અને તે ફરી પાછો ઈન્દ્રિયોની કમાણીમાંથી આનંદ માણવાનાં વલખાં મારે છે. આ વર્તન કરતાં-કરતાં સાયકલ ચાલતાં ચાલતાં યુગો વીતી ગયા પણ આનંદનો આભાસ અને વલખાં આ બે બિન્દુઓથી ત્રીજું કોઈ એવું બિન્દુ તે પામી શક્યો નથી કે જ્યાં આનંદ આભાસરૂપ ન હોય પણ વાસ્તવિક હોય અને તેથી વલખાંનું બિન્દુ જ ન રહેતું હોય. આનંદનો આભાસ એટલે કે વિષયોમાંથી ઈન્દ્રિયો વડે કમાયેલું સુખ. અથવા તો એને વિષયાનંદ કહીએ તો પણ વાંધો નથી. જેની વિશદ ચર્ચા અમે પૂર્વપીઠિકામાં કરી ચૂક્યા છીએ. આનંદનો આભાસ એટલે મિથ્યા સુખ પ્રતીતિ જે આનંદના ઉપધાન થકી માયા-અવિદ્યા વડે ઉત્પન્ન કરાયેલી સુખપ્રતીતિ એટલે કે તે વાસ્તવિક સુખ નહોતા સુખ છે તેમ પ્રતીત કરાવે. જેમ રણમાં સૂર્યના તાપથી દૂર જળ છે તેમ ચક્ષુ વડે પ્રતીતિ થાય છે જેને મૃગજળ કહેવામાં આવે છે.

આવા બેબાકળા વલખાં મારતાં અને ગાંડાતૂર બની દુનિયામાં પોતાનામાં બુધ્ધિમત્તાનો આરોપ કરી હાફળાં-ફાફળાં દોડી રહેલા પરમાત્માથી પ્રતિમુખ થઈ રહેલા જીવને શ્રીવલ્લભાચાર્યજી રસ્તો રોકી જણાવે છે કે ભાઈ બે ઘડી ઊભો રહે, મારી બે વાત સાંભળ, પછી તને જેમ ઠીક લાગે તેમ કરજે, તું વાર ઘડીએ હવાના પરપોટા જેવા વિષયસુખ ભોગવી મનની ભૂખ ભાંગવા માંગે છે પણ આ રીતે આ હવાના પરપોટાઓના ભોજનથી તેનો ભોગ કરતાં હજુ બીજા બે કરોડ જન્મ-જીવન વીતી જશે તોયે મનની ભૂખ ભાંગવાની નથી. ઉપનિષદ્ કહે છે **‘न वित्तेन तर्पणीयो मनुष्यः’** મૃગજળ પાછળ દોડવાથી કરોડ વર્ષે પણ તૃષા બુઝાવાની નથી. આનંદ મેળવવાની તારી જે આ સતત પ્રવૃત્તિ છે તેને થોડી વાર માટે થંભાવી પહેલાં આનંદ એટલે શું, વાસ્તવિક આનંદ અને આભાસ આનંદમાં શું અંતર અને એમાં તું કોની પાછળ દોડી રહ્યો છે એ સ્વસ્થ ચિત્તે વિચારી લે. તને મેં પાગલ એટલા માટે કહ્યો કે ભઈલા તું તો તારા મસ્તકને શોધવા દુનિયામાં દોડી રહ્યો છે પણ આખી દુનિયા ફરી વળશે નક્કી જ તને તારું મસ્તક મળવાનું નથી. કારણ કે એ તો તારા ધડ સાથે જોડાયેલું જ છે. ખરેખર જો તારું મસ્તક ન હોતે તો તું શોધવા જઈ શકતે જ કેવી રીતે ? શોધવાની પ્રેરણા, જે નથી તેના અભાવને અનુભવવું, શોધવા માટેની શક્તિ વગેરે બધાનું મૂળ તો મસ્તક જ છે, જો એ ન હોતે તો ખાલી ધડ કેવી રીતે આ બધું કરી શકતે ? હું જ નહીં ઉપનિષદ પણ મારી વાતમાં જ સ્વર પૂરાવે છે - **‘को ह्येवान्यात् कः प्राण्यात् यदेष आकाश आनन्दो न स्यात्’** તું જે જીવન જીવે છે, જે તું પ્રાણન કરે છે, તે બધું જ વાસ્તવમાં તો આનંદ થકી જ છે, તેથી ખરેખર તારો આનંદ ખોવાઈ ગયો છે તેમ નથી, પરંતુ તારા મનની નબળી સ્થિતિ વાસ્તવિક આનંદને અનુભવવા-જોવા સક્ષમ રહી નથી. આનંદને અનુભવવાની સંવેદનશીલતા મને ગુમાવવાથી જ તું આનંદ માટે વલખાં મારનારો અને પદાર્થોનો દાસ બની દરેક પાસેથી મેળવવાની વૃત્તિવાળો બની ગયો છે. વર્ના સાચા અર્થમાં તો તું આપી શકે એવો શ્રીમંત છે, માંગવાવાળો ભીખારી થવાની કોઈ જરૂર જ નથી. વર્ષો સુધી અશુધ્ધિના ચોળામાં

બંધ રહેવાથી તને શુદ્ધ હવા પણ સહન થઈ શકતી નથી અને શુદ્ધ હવાથી પણ તને અકળામણ થાય છે પણ પ્રયત્ને શુદ્ધ હવા સેવશે તો પછી શુદ્ધ હવા માફક આવી જશે. આ અશુદ્ધિના ચોળાનાં બંધનોએ જ તારા મનને નિર્બળ બનાવી નાખ્યું છે. તેથી જ તું વારંવાર યા સતત અશુદ્ધિને જ સ્વીકારે છે, અશુદ્ધિને જ મેળવવા મથે છે કે જે અશુદ્ધિ તને તારા સાચા આનંદને ભુલાવવામાં જવાબદાર છે. તેથી તું આજે જે મથી રહ્યો છે તે બધું જ અશુદ્ધ, આભાસરૂપ અને તારા માટે અહિતકર છે એમ જણાવતાં શ્રીવલ્લભાચાર્યજી કહે છે - **‘प्राकृताः सकला देवाः’** જેમ તું પ્રાકૃત છે -પ્રકૃતિનો સંબંધ કરીને રહેલો છે તેમ આ દેવો પણ બધા જ પ્રાકૃત એટલે પ્રકૃતિનો સંબંધ કરીને રહેલા છે. જેમ પ્રકૃતિ તારા વશમાં નહીં પણ આજે તું પ્રકૃતિના વશમાં છે તેમ આ દેવો પણ પ્રકૃતિના સ્વામી નહીં પણ પ્રકૃતિવશ થઈ પ્રકૃતિનો સંબંધ કરીને રહેલા છે, જેમ તું પરમાત્માનો અંશ છે તેમ આ દેવો પણ એ જ પરમાત્માના એવા જ અંશ છે, દેવો કંઈ સર્વોપરિ પરમાત્મા નથી. તારામાં અને દેવોમાં ફરક માત્ર એટલો જ છે કે પરમાત્માના રાજ્યશાસનમાં તું સાધારણ નાગરિક છે જ્યારે આ દેવો નાગરિક તો છે જ પણ સામયિક રૂપે તેઓ પરમાત્માની રાજ્યશાસન વ્યવસ્થામાં પરમાત્મા તર્ફે કામ કરવા પરમાત્માનો હુકમ બજાવનારા કલેકટર, મામલતદાર, મંત્રી, સચિવ વગેરે અમલદારો છે. ઉપરાન્ત પરમાત્માએ આ દેવોને જે અમલદારી સોંપી છે તે પણ પ્રકૃતિનાં ક્ષેત્રમાં જ સીમિતરૂપે સોંપી છે. તેથી તેઓ પણ પ્રકૃતિની બહારનાં ક્ષેત્રમાં તો સોઈની અણી બરાબર પણ વર્તી શકતા નથી. અતઃ તેમના ખજાનામાં પણ વાયુના પરપોટાઓ જ ભરેલા છે તેથી જુદા જુદા દેવોમાં પણ ફરક એટલો જ છે કે કોઈનો ખજાનો ૧૦૦ પરપોટાથી ભરેલો છે અને કોઈનો તેનાથી ૧૦૦ ગણો વધારે એટલે કે ૧૦૦૦૦ પરપોટાથી ભરેલો છે તો કોઈનો તેના પણ ૧૦૦ ગણો વધારે એટલે કે ૧૦ લાખ પરપોટાથી ભરેલો છે. પણ તેમના ખજાનામાં સાચું ધન રત્તિભાર પણ હોય તેમ નથી. આ દેવતાઓની ભક્તિ કરો કે તેમના આશ્રયે રહો તો તેઓ પ્રસન્ન થઈને વધુમાં વધુ પોતાની પાસેના પરપોટાઓને વધુ સંખ્યામાં આપવાથી વધુ શું આપી શકે છે ? કોઈ દેવતાએ કોઈને મૃત્યુથી તાર્યા હોય કે પછી સદાને માટે મૃત્યુને કે દુઃખોને કોઈના જીવનમાંથી દેશનિકાલ આપ્યો હોય તેવું ક્યારેય ક્યાંય જોવા, સાંભળવા, અનુભવવા મળતું નથી. જે લોકોને પોતાને સત્તાભ્રષ્ટ, ઐશ્વર્યભ્રષ્ટ થવાનો કે મરવાનો ભય સતાવતો હોય તેવા મરવાને વાંકે ટકી રહેલા દેવો બીજાના ભયને શું દૂર કરશે ? જરા કોઈ તપ કરે ને પોતાનું આસન છીનવાઈ જવાના ભયે તપ કરવાવાળાને તપભ્રષ્ટ કરવા જે મથામણાં કરતાં હોય, જેઓ સત્તાભ્રષ્ટ થઈ જવાના ભયે પરમાત્માની સોંપેલી ચાકરી ચૂપચાપ સમય પર કરતા હોય તેની કૃપા થાય તો યે શું અને ન થાય તો યે શું ? તેથી વિષયલોભી ઈન્દ્રિયોના પ્રભાવમાં આવી વિષયોના મૃગજળ સમા પરપોટાઓ મેળવવા આ દેવોનો આશ્રય કરતો નહીં અને એ મેળવવા આ દેવોની ખુશામત જેવી તેમની ભક્તિ કરવામાં જીવનનો સમય ગુમાવતો નહીં.

શ્રીવલ્લભાચાર્યજીની વાત સાંભળી જીવને વાત ગળે ઉતરી ગઈ પણ બીજો એક સવાલ સામે આવ્યો અને તેણે શ્રીઆચાર્યચરણને સવાલ કર્યો કે - ચાલો માની લીધું કે દેવોનો આશ્રય ન કરવો અને પોતે પણ જગતમાં ભિખારી ન થવું. પણ તમે જે આનંદની વાત કહી એ આનંદ સચ્ચિદાનંદ બ્રહ્મ કે જેને બૃહત્, અક્ષર, બ્રહ્મ, અવ્યક્ત વગેરેથી ઓળખવામાં આવે છે તેના સંબંધી તદ્રૂપ છે. જીવ પોતે અક્ષરાત્મક છે તેથી જીવ પોતાનો જ્યારે આનંદ મેળવી લે ત્યારે તેનું અવિદ્યાગ્રસ્ત નહીં પણ અક્ષરાત્મક સ્વરૂપ હોય છે, મુક્તિ એટલે સ્વરૂપમાં સ્થિતિ કરવી, તે સ્વરૂપ એટલે જ અક્ષરાત્મકતાથી સ્થિતિ કરવી છે કે જેને ભાગવતમાં **‘मुक्तिर्हित्वाऽन्यथारूपं स्वरूपेण व्यवस्थितिः’** કહ્યું છે. અને અક્ષર પ્રાપ્તિ કે અક્ષરરૂપમાં પોતાની સ્થિતિની સિદ્ધિ એ અક્ષર ઉપાસના-ભજનથી જ થઈ શકે છે, ઈતરથી નહીં. તેમજ અક્ષરોપાસનાદિ માટે યોગ, તપ, જ્ઞાનાદિ જ સાધનો શાસ્ત્રમાં કહ્યાં છે. તો પછી તે સાધનો વડે અક્ષર ભજનનો માર્ગ છોડી તમે ભક્તિમાર્ગ વડે કૃષ્ણ ભજન કે કૃષ્ણાશ્રયને કેમ ઉપદેશો છો ? તો આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે - **‘गणितानन्दकं बृहत्’** બૃહત્ એટલે અક્ષર બ્રહ્મ પણ ગણિતાનંદ છે.

અક્ષર બ્રહ્મનો- તેમના સંબંધી આનંદ તે આભાસરૂપ નથી પરંતુ વાસ્તવિક- સત્ય છે. કારણ કે અક્ષરબ્રહ્મ એ પ્રકૃતિ-કાલ સર્વથી પર નિત્ય, શુદ્ધ અને સર્વત્ર વ્યાપક છે અને તેથી જ તેને બ્રહ્મ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમજ તે સર્વ જ્ઞાનીઓનો, યોગીઓનો અને મુક્તજીવોનો પણ આશ્રય છે. તેથી પ્રાકૃત દેવો અને અક્ષર વચ્ચે સ્પષ્ટરૂપે ભેદ રહેલો છે અને અક્ષરપ્રાપ્તિ એ કોઈ પણ રીતે પ્રાકૃત ઉપલબ્ધિ-સિદ્ધિ કરતાં શ્રેષ્ઠ અને શ્રેયરૂપ - કલ્યાણરૂપ છે તેમાં કોઈ સંશય નથી. તેમ છતાં પણ અક્ષરનો આનંદ વેદોમાં ગણનામાં આવેલો હોવાથી **‘ये शतं प्रजापतेरानन्दाः स एको ब्रह्मण आनन्दः’** પ્રજાપતિ-બ્રહ્માના સો આનંદો તેના બરાબર અક્ષરનો એક આનંદ છે એમ ગણ્યું છે. શ્રુતિમાં પ્રયોજાયેલો એક શબ્દ સર્વત્ર સંખ્યાવાચક નથી પણ પરિમાણનું તેથી નિવર્ચન થાય છે. તેમના-તેમના આનંદના પરિમાણને દર્શાવવા-તેને ભાષામાં સમજાવવા એક શબ્દ અને તે કરતાં સો ગણો એમ ઉપયોગ માત્ર કરવામાં આવ્યો છે. આનંદના પ્રકારોથી સંખ્યા આનાથી સમજવાની નથી. આનાથી માત્ર એમ જ સમજી શકાય છે કે પ્રજાપતિ કરતાં પરિમાણમાં શતગુણ અધિક આનંદ અક્ષરનો છે. જેમ એક નાનું જલાશય અને હ્રદ તેમાં એમ કહેવાય છે કે એક નાના જલાશય બરાબર એક હ્રદ છે, તેથી હ્રદમાં એક-બે-ત્રણ એમ સો જલાશયની કલ્પના થતી નથી પણ તેના જલના પરિમાણની જ કલ્પના થાય છે તેમ અહીં સમજાવવાનું છે. અતઃ માનુષથી આરંભી પ્રજાપતિ પર્યન્તના દેવો એ બધું જ પ્રાકૃત અને તેથી વિશિષ્ટ અક્ષર એ પણ ગણનાને પાત્ર હોવાથી અલ્પ આનંદ છે એમ કહ્યું છે. આમાં તૈત્તિરીય શ્રુતિની ગણનામાં શિવ અને વિષ્ણુના આનંદોની ગણના સાંભળવા મળતી નથી તેથી એમ નથી માનવાનું કે એ બંને અગણિતાનંદ છે. કારણ કે જો કે ગુણાવતારોની કક્ષા સિદ્ધાન્તમાં બ્રહ્મરૂપતાથી સ્વીકારાયેલી છે જેને **‘ब्रह्मैव तादृशम्’** વગેરે વાક્યોથી બાલબોધ ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણે પ્રતિપાદન કર્યું છે. અતઃ શિવ અને વિષ્ણુ એ બંને જીવકોટિમાં નહીં પણ ઈશ્વર કોટિમાં સ્વીકૃત છે જ્યારે બ્રહ્માને માટે ત્યાં જ બાલબોધ ગ્રન્થમાં **‘ब्रह्मा ब्राह्मणतां यातः’** વગેરે વાક્યોથી વર્ણવિશેષના અભિમાની દેવતા રૂપને પ્રાપ્ત થયા છે અને પોતાના દેવત્વથી તે મોક્ષદાતા નથી

એમ સિદ્ધ કર્યું છે. તેથી ગુરુત્વેન તેમની સ્થિતિ હોવાથી શિવ-વિષ્ણુનો સમાવેશ અક્ષરમાં કરવાનો છે અને તેનાથી ભિન્ન પ્રજાપતિમાં બ્રહ્માને સમજવાના છે. અતઃ શિવ અને વિષ્ણુમાં મોક્ષદાન કરવાનું સામર્થ્ય હોવાથી તેઓ ઈશ્વરકોટિમાં હોવાથી, તેમનો પ્રાકૃત કોટિમાં નિવેશ નહીં થવાથી તે મનુષ્યથી પ્રજાપતિ પર્યન્તના કરતાં વિશિષ્ટ હોઈને પણ તેઓ અક્ષરની માફક જ ગણિતાનંદ જ છે. અલ્પ-આનંદ જ છે એમ સિદ્ધ છે તેથી તેમનો પણ આશ્રય, ભક્તિ, ઉપાસના એ પરમાર્થ સિદ્ધ કરી શકે તેમ નથી એમ સમજવું. તેથી જ અન્ય પુરાણો વગેરેમાં કૃષ્ણ દ્વારા શિવોપાસના અને શિવ દ્વારા વરદાનની વાતો સાંભળવામાં આવે છે. પ્રત્યેક કલ્પના વૈવસ્વત મન્વન્તરના ૨૮ મા દ્વાપરના અંતે થનારો કૃષ્ણાવતાર એ ભગવદંશત્વેન છે અને તેની પણ અક્ષરાત્મકતા સિદ્ધ જ છે અતઃ એક બીજાના માહાત્મ્યને અર્થે પરસ્પર એકબીજાનું ભજન થાય તેમાં કંઈ વિશેષ નથી. તેમજ તે કૃષ્ણાવતાર સમયમાં કૃષ્ણ દ્વારા શિવભજનથી મૂલરૂપ પુરુષોત્તમ કૃષ્ણ કે જે **‘तयोरैक्यं परंब्रह्म कृष्ण इत्यभिधीयते’** વગેરેથી જે શ્રુતિપ્રતિપાદ્ય છે કે જે અધિકારપૂર્વક-ઉચ્ચસત્તા-સર્વોપરિ સત્તાથી પોતે જ ગીતામાં કહે છે કે **‘अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः वेदैश्च सर्वैरहमेव वेद्यः’** તે કૃષ્ણની સર્વોપરિતામાં કે તેમના સર્વોત્કૃષ્ટપણામાં કોઈ હાનિ થતી નથી. કારણ કે અંશ અને અંશીના રૂપે અવતાર કૃષ્ણ અને અવતારી કૃષ્ણમાં નામ સાદશ્ય હોઈને પણ સ્પષ્ટરૂપે બંનેમાં ભેદ રહેલો છે અને તે સર્વશાસ્ત્ર સિદ્ધ છે.

તેવી જ રીતે આ ત્રણે દેવોનાં પત્ની કે જે શક્તિ નામે જગતમાં પ્રસિદ્ધ છે તેનું પણ એમના પતિઓની માફક જ સમજવાનું છે કારણ કે તે પણ તે - તે દેવોના રૂપ જ તદ્રૂપ જ છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં જણાવ્યા અનુસાર શ્રીકૃષ્ણ પોતાની ક્રીડા અર્થે પોતે જ બે સ્વરૂપે થયા જેમાં એક પુરુષરૂપ અને બીજું સ્ત્રીરૂપ જે શાસ્ત્રમાં કૃષ્ણ-રાધા નામે પ્રસિદ્ધ છે અને આ જ મૂલ-આદિ તત્ત્વ છે. કૃષ્ણના અંશથી મહાવિષ્ણુનો પ્રાદુર્ભાવ થયો જે વૈકુંઠના અધિપતિ કહેવાયા અને રાધિકાના અંશથી મહાલક્ષ્મીનો પ્રાદુર્ભાવ થયો જે વિષ્ણુના પત્નીરૂપે વૈકુંઠમાં સ્થિત થયા

આ મહાવિષ્ણુ અને મહાલક્ષ્મીની જ સેવાર્થે તેમના અધિષ્ઠાનરૂપમાં અક્ષર વૈકુંઠ નામે લોકરૂપે પ્રસિદ્ધ થયું જે વિષ્ણુના આધારરૂપ છે. આ મહાવિષ્ણુના જ અંશથી ગુણાવતારો બ્રહ્મા, વિષ્ણુ, શિવનો ઉદ્ગમ થયો તેમ મહાલક્ષ્મીના અંશથી ત્રણેની પત્નીઓ સાવિત્રી, લક્ષ્મી, ઉમાનો ઉદ્ભવ થયો અને આ ત્રણે દેવો અને તેમની ત્રણ પત્નીઓના અંશરૂપે અનેક દેવો અને અનેક વિવિધ પ્રકારની શક્તિરૂપા દેવીઓનો ઉદ્ભવ થયો કે જેને કૃષ્ણાશ્રયમાં શ્રીઆચાર્યચરણ **‘सकला देवाः’** - થી જણાવ્યું છે. સર્વ દેવો તેમની કલાસહિતના એટલે કે કલા = તેમની - તેમની પત્નીઓ શચિ, પાર્વતી વગેરે તેમના સહિત. જેમ ગુણાવતાર ત્રિદેવો અને લોકના અધિષ્ઠાતા તે નામ સદશ દેવોમાં ભેદ છે તેમ તે નામ સદશ તેમની પત્નીઓમાં પણ ભેદ સમજવો.

તે-તે નામ સદશ લોકાધિષ્ઠાતા દેવો સત્યલોકાધિપતિ બ્રહ્મા, કૃત્રિમ વૈકુંઠાધિપતિ વિષ્ણુ, કૈલાસાધિપતિ શંકર એ દેવો મૂલ ગુણાવતારના અંશો છે. ગીતામાં **‘रुद्राणां शङ्करश्चास्मि’** (ગીતા.૧૦-૨૩) **‘आदित्यानामहं विष्णुः’** (ગીતા. ૧૦-૨૧) રુદ્રગણ અને આદિત્યગણ તથા વસુગણ એ દેવતાઓની જાતિ વિશેષ છે. ગણ એટલે સમૂહ. ૧૧ રુદ્રજાતિના દેવતાઓનો સમૂહ એ રુદ્રગણ એ ૧૧ પૈકી નીલલોહિત નામના રુદ્ર કે જેમને બીજા નામે શંકર તરીકે જાણવામાં આવે છે તે. અતઃ આ પ્રકારે આ શંકર અને આ વિષ્ણુ લોકના અધિષ્ઠાતા દેવો છે. જે કલ્પમાં સમુદ્ર મન્થન થયું તે કલ્પમાં વિદ્યમાન સપ્તર્ષિઓ પૈકી શુભ્ર ઋષિની પત્ની વિકુંઠા તેનાથી ઉત્પન્ન ભગવદંશ વિષ્ણુ કે જે વૈકુંઠ નામે પ્રસિદ્ધ થયા તેમની પત્ની રમાએ પ્રાર્થના કરવાથી રમાદેવીની પ્રસન્નતાને અર્થે વિષ્ણુએ જે લોકની રચના કરી એ રમાવૈકુંઠ કહેવાય છે એમ ભાગવતમાં કહ્યું છે -

वैकुण्ठः कल्पितो येन लोको लोकनमस्कृतः ।
रमया प्रार्थ्यमानेन देव्या तत्प्रियकाम्यया ॥

(ભા.૮-૫-૫)

આ પ્રકારે લોકાધિષ્ઠાતાઓનો જન્મ સૃષ્ટિ ઉત્પન્ન થયા પછીથી ઋષિઓ વગેરેનાં સર્જન પછીથી કેટલાક યુગો વીત્યા પછીનો સમય શાસ્ત્રોમાં જણાવાયો છે. જ્યારે ગુણાવતારોનો ઉદ્ભવ તેના પૂર્વ સૃષ્ટિના આદિકાળમાં છે અતઃ તે બંને ભિન્ન છે એ નિશ્ચિત છે. અતઃ સકલ=કલાસહિત એટલે તે દેવો આ ગુણાવતારોના અંશ થકી હોવાથી, ગુણાવતારોના વિભૂતિપણાથી આમને દેવ સંજ્ઞા પ્રાપ્ત હોવા છતાં પણ તેઓ વસ્તુતઃ પ્રાકૃત જ છે. દેવ શબ્દ બે પ્રકારે કહેવામાં આવે છે. એક તો સૃષ્ટિના નિર્માણ કાલમાં પ્રકૃતિ, પુરુષ વગેરેનાં સર્જન સમયે સાથે-સાથે જેમનું સર્જન છે તે દેવો અને બીજો પ્રકાર દેવયોનિમાં ઉત્પન્ન થયેલાઓ. દેવયોનિ એટલે દેવગંધર્વ, અજાનજ વગેરે દેવયોનિઓ શાસ્ત્રોમાં નિરૂપિત છે. જેમ વૈકુંઠસ્થિત જય-વિજયનો હિરણ્યાક્ષ-હિરણ્યકશ્યપ રૂપે અસુરયોનિમાં જન્મ થયો. જેમ નારદજીના શાપથી નલકૂબર-મણિગ્રીવ દેવયોનિ છોડી વૃક્ષયોનિમાં ઉત્પન્ન થયા. જેમ પાપી જીવો મૃત્યુ પછી નારકીયોનિને પામે છે અને પુણ્યાત્માઓ મૃત્યુ પછી પુણ્યબલે પુણ્યના અનુસાર જે-તે ઉપરના લોક સંબંધી દેવયોનિમાં ઉત્પન્ન થાય છે અને પુણ્યભોગ પર્યન્તનું દેવયોનિમાં આયુષ્ય ભોગવી પુણ્યભોગ સમાપ્ત થતાં તેમણે દેવશરીર ત્યાગવું પડે છે. આ દેવયોનિ કે જે દેવશરીર, પાર્થિવ માનવદેહથી ભિન્ન પ્રકારનો છે તેમાં સ્થિત હોય છે. તેજસ્ તત્ત્વપ્રધાન, વાયુતત્ત્વ પ્રધાન, મહત્તત્ત્વપ્રધાન વગેરે ભેદથી તે તે શરીરોના ભેદે તેમનો યોનિભેદ કહેવાયેલો છે. જેમ પાર્થિવ તત્ત્વપ્રધાન શરીરવાળી મનુષ્યયોનિ છે. આ બધી જ યોનિઓ જીવસૃષ્ટિમાં આવેલી છે અને એ જીવસૃષ્ટિમાં છે તેથી જ પુરાણોમાં ઋષિઓ, ઈન્દ્ર, દેવતાઓ, મનુ વગેરેને દરેક કલ્પમાં જુદા જુદા બતાવ્યા છે તેમજ આ કલ્પમાં રહેલો અમુક આવતા કલ્પમાં ઈન્દ્ર થશે, મનુ થશે, ઋષિ (સપ્તર્ષિ)માં સ્થાન મેળવશે વગેરેનો પણ ઉલ્લેખ છે. આ બધી જ દેવ નામે પણ જીવસૃષ્ટિ જ છે અને તેમનાં શરીરો પ્રકૃતિનાં તત્ત્વોના બનેલાં છે. અતઃ ભગવદંશ-ચેતનાંશને અવિદ્યા વડે જીવત્વની ઉપલબ્ધિ એ જીવત્વ જ પ્રકૃતિનાં બંધનો છે અને તેથી તે પ્રાકૃત છે. ભગવદંશ-ચેતનાંશનું અપ્રાકૃતપણું તો અનાયાસ જ સિદ્ધ છે. અતઃ આ દેવતાઓ પ્રકૃતિથી બંધાયેલા છે અને તેઓ પણ અવિદ્યાગ્રસ્ત છે અને તેમને

પણ સત્ત્વપ્રબલ થતાં ઉપરની સ્થિતિ, રજોગુણે મધ્યમાં સ્થિતિ અને તમોગુણ પ્રાબલ્યે અધોલોકમાં સ્થિતિના પ્રકૃતિના નિયમો લાગુ પડે છે. તેથી આવા દેવો અને દેવીઓની ઉપાસના આદિ કરનારાઓને પણ એક અવિદ્યાગ્રસ્ત પાસેથી જે ફળ થઈ શકતું હોય તે જ મળે છે, તેથી અધિક ફલ થવાની શક્યતા નથી. આ પ્રાકૃત-અપ્રાકૃત ફલને જુદા પાડવા જ ભગવાન ગીતામાં કહે છે કે -

‘देवान् देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ।

(ગીતા. ૭-૨૩)

દેવોનું યજન-ભજન કરનારાઓ તે તે દેવોને પામે છે અને મારું ભજન કરનારા મારા ભક્તો મને પામે છે. આ રીતે સર્વ દેવોનું ભજન કરવાથી થનાર ફલ એને પોતાનાથી અલગ બતાવી ભગવદ્ભક્તિ વડે ભગવાનનાં જ ભજનથી ભગવત્ સંબંધી ફલ થાય છે એમ બે ફલ જુદા નિરૂપ્યાં છે.

પૂર્વોક્ત શિવાદિ ત્રણ દેવો એ ઈશ્વરકોટિમાં સ્વીકારાયેલા હોઈ આ પ્રાકૃત દેવકોટિથી ભિન્ન અને શ્રેષ્ઠ છે એ નક્કી છે. માધ્વો તો જ્યારે શિવને પણ જીવકોટિમાં જ સ્વીકારે છે પણ તેમનો એ મત બરાબર નથી. સ્વયં ઋગ્વેદ કહે છે કે :-

त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।

(ઋગ્વેદ)

આ મંત્રમાં ત્ર્યંબક શબ્દ પ્રયોગ હોવાથી શૈવો આ મંત્રને શિવમંત્ર તરીકે મહામૃત્યુજંયના નામે સ્વીકારે છે. કારણ કે ત્ર્યંબક શબ્દનો એક અર્થ ત્રણ નેત્રવાળા એમ થાય છે પણ ઋગ્વેદમાં આ મંત્ર જે પ્રકરણમાં આપ્યો છે તે પ્રકરણસ્થ વિષયને વિચારતાં અને મંત્રસ્થ અન્ય વિષયોને વિચારતાં શ્રીસાયણાચાર્ય પોતાના વેદભાષ્યમાં ત્ર્યંબક શબ્દનો અર્થ જણાવતાં લખે છે કે - **‘त्रयाणां ब्रह्मविष्णुरुद्राणां अम्बकं पितरम् ....’** **‘त्रि’** - ત્રણ એટલે બ્રહ્મા, વિષ્ણુ, શિવ ત્રણના **‘त्र्यंबक’** એટલે ઉત્પન્ન કરવાવાળા -પિતા. આ રીતે ત્રિદેવોની

બ્રહ્માત્મકતા-અક્ષરાત્મકતા સિદ્ધ છે અને તેથી જ તેઓ (બ્રહ્માને છોડીને) મુક્તિનું પણ દાન કરી શકે છે. તેમ છતાં તેઓ ગુણસંબંધ કરીને રહેલા હોવાથી તેમના દ્વારા પણ થનારું ફળ નિર્ગુણ-અપ્રાકૃત હોતું નથી પણ સગુણ સ્વરૂપનું જ હોય છે અતઃ તેવી મુક્તિ પણ નિર્ગુણા મુક્તિ નહીં પણ સગુણા જ છે. તેથી ઈતરથી શ્રેષ્ઠ હોઈને પણ તેમનું ભજન પ્રકૃતિનું અતિક્રમણ કરાવવા તો સમર્થ નથી જ . તેથી જ ઋગ્વેદસ્થ મંત્રમાં **‘उर्वारुकमिव बन्धनान्मुक्षीय’** નો અર્થ ત્ર્યંબક શબ્દમાં ત્રિનેત્ર શંકરના અર્થ સાથે સંગતિ કરતો નથી. અતઃ જીવકોટિમાં રહેલા હોય કે પછી ઈશ્વર કોટિના હોય તેમ છતાં પણ આ બધા જ દેવો પ્રાકૃત ફલને જ સાધનારા છે એમ અર્થમાં **‘सकला देवाः’** બંને પ્રકારના સર્વ બધા જ દેવો **‘प्राकृताः प्राकृतफलाः’** પ્રાકૃત ફલને સાધનારા છે અને તેથી **‘यन्न दुःखेन सम्भिन्नं न च ग्रस्तमनन्तरम्’** ત્યાં સ્વર્ગપદવાચ્ય જે મોક્ષ સુખ કહેવાયું છે કે સર્વથા દુઃખોથી જે રહિત હોય તે ફલને આ કોઈ પણ દેવો સાધી શકતા નથી.

ઘણા લોકો આજે એમ બોલતા સાંભળવા મળે છે કે આ જગતમાં શિવ કહો, વિષ્ણુ કહો, કૃષ્ણ કહો, રામ કહો કે માતાજી કે ગણપતિ કહો બધા જ રૂપો એક જ પરમાત્માના છે. તેથી અમે તો એ પરમાત્માના જ રૂપમાં માતાજીને, શિવને કે ગણપતિને ભજીએ છીએ. તો આ દેવોના રૂપમાં તેમના નિરૂપક મંત્રોનો જપ વગેરે, તે દેવોની પ્રતિમાનું પૂજન-યજન વગેરે પરમાત્મભાવે આ પરમાત્મા છે એમ માનીને પરમાત્માના ભજનનાં રૂપમાં કરવામાં આવે તો મૂર્તિ કે મંત્રમાં શબ્દો ગમે તે હોય પણ મનમાં પરમાત્માનો ભાવ હોવાથી તે અવશ્ય પરમાત્માની ભક્તિનું જ ફલ થશે એમ તેઓ માનતા હોય છે અને તે મુજબ વર્તે પણ છે. પણ આ પ્રકારનું તેમનું બોલવું તથા માનવું અને કરવું એ બધું જ એમના મિથ્યાજ્ઞાન-પૂર્વકનો મિથ્યા વાણીનો વિલાસમાત્ર છે. કારણ કે જ્ઞાન માર્ગ પ્રમાણે મોક્ષને અર્થે ભગવાનની ઉપાસના ભગવાનને આત્મત્વેન જાણી કરવામાં આવે છે. ભગવાન મારા આત્મા છે એમ જાણી જ્ઞાનમાર્ગમાં જન્મોજન્મ-અનેક જન્મમાં પોતાના આત્મા તરીકે ભગવાનની ઉપાસના કરતાં ભગવાન તે જ્ઞાનીને આત્મા

તરીકે પ્રતીત થાય છે અને એ વખતે આનંદાશ પ્રકટ થતાં તે જ્ઞાની ભગવદ્રૂપ બની જાય છે. જ્યારે પૂર્વમાં મિથ્યાવાણી વિલાસના રૂપમાં કહેવાયેલો પ્રકાર આ પ્રતીકોપાસનાનો પ્રકાર છે અને શાસ્ત્રમાં જે પ્રતીકની ઉપાસના કરવામાં આવે છે તે ઉપાસ્યમાં ઉપાસકને સાયુજ્ય થાય છે એમ શાસ્ત્રો કહે છે અતઃ જ્ઞાનીનો પ્રતીકમાં પ્રવેશ થતો નથી તેથી આવી ઉપાસના જ્ઞાનમાર્ગને પણ અનુકૂલ નથી. આની ચર્ચા બ્રહ્મસૂત્ર ૪-૧-૩ તથા ૪-૧-૪ વડે **'आत्मेति तूपगच्छन्ति ग्राहयन्ति च'** તેમજ **'न प्रतीकेन हि सः'** આ બે સૂત્રો વડે શ્રીવ્યાસપાદે કરેલી છે જેના ભાષ્યમાં શ્રીપ્રભુચરણે ઉપર મુજબનો ખુલાસો વિગતવાર આપેલો છે. પ્રતીકોપાસના એટલે **'अतद्रूपे तत्त्वेनोपासनं हि प्रतीकमित्युच्यते'** જેની બ્રહ્મરૂપતા નથી તેવા અબ્રહ્મરૂપમાં આ બ્રહ્મરૂપ છે એ પ્રકારે ઉપાસના થવી તે પ્રતીકોપાસના છે એટલે કે એક વસ્તુ જે ન હોય તે સ્વરૂપે એની ઉપાસના કરવી. દાખલા તરીકે **'वाचं धेनुमुपासीत'** આ ગાય છે એમ માની વાણીની ઉપાસના કરવી એટલે કે ખરેખર ગાય એ પશુ છે અતઃ વાણી એ ગાય નથી, છતાં વાણીરૂપ પ્રતીકમાં ગાય માનવું અને તેમ માની ઉપાસના કરવી અને કહેવું કે મેં ગોભક્તિ કે ગો ઉપાસના કરી છે તેવી ઉપાસના એ પ્રતીકોપાસના છે અને તેવી ઉપાસનાથી પરમાત્મા મારો આત્મા છે એવા અનુભવસ્વરૂપનો મોક્ષ જીવાત્માનો શક્ય નથી. જેમ જ્ઞાનમાર્ગમાં આત્મત્વેન ઉપાસના છે અને પરમાત્મા આત્મત્વેન ઉપાસ્ય છે તેમ ભક્તિમાર્ગમાં ભગવાનની પુરુષોત્તમત્વેન ઉપાસના છે અને ભગવાન પુરુષોત્તમ રૂપે - મૂલરૂપે ઉપાસ્ય છે. ભગવાનનાં આ પુરુષોત્તમરૂપ-મૂલરૂપ બાબતમાં ગીતા સ્વયં કહે છે કે -

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥
उत्तमः पुरुषस्त्वन्य परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥
यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम् ।
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥

(ગીતા ૧૫-૧૭ થી ૧૯)

આમાં પ્રથમ શ્લોકમાં લોકમાં-લોક સંબંધે ક્ષર-અક્ષર એમ બે પુરુષો જણાવી ક્ષર એટલે સર્વભૂતો પ્રાણીમાત્ર અને અક્ષર એ સર્વચેતનોનું રાશિભૂત સ્વરૂપ જણાવી બીજા શ્લોકમાં આ બંનેથી ભિન્ન ઉત્તમ પુરુષ છે કે જે પરમાત્મા છે અને બધાનો જ - બંનેનો જ નિયન્તા છે એમ જણાવી ત્રીજાશ્લોકમાં ક્ષરથી અતીત અને અક્ષરથી ઉત્તમ એવો હું લોકવેદમાં પ્રથિત પુરુષોત્તમ છું એમ પોતાના બેથી ભિન્ન પુરુષોત્તમ રૂપનું પ્રતિપાદન કરી ચોથા શ્લોકમાં જે મને આ ઉક્ત રીતે પુરુષોત્તમ જાણે છે તે જ સાચો સર્વજ્ઞ છે - અસંમૂઢ છે અને મને તે જ સર્વાત્મભાવે ભજે છે એમ ભક્તિમાર્ગીય ભજનનું સ્વરૂપ દર્શાવ્યું છે. અતઃ ભક્તિમાર્ગમાં પુરુષોત્તમ રૂપ જ ઉપાસ્ય હોઈ અને તે ક્ષર-અક્ષરથી ભિન્ન હોઈ તેની પ્રતીકમાં સિદ્ધિ શક્ય નથી. કારણ કે આ પુરુષોત્તમ સર્વતંત્ર સ્વતંત્ર છે અને તે એક માત્ર ભક્તિથી જ લભ્ય છે અને આ ભક્તિ જેને ભગવાન આપે તેને જ સુલભ હોવાથી તથા આ મુજબ ભગવાને પોતે જ ગીતામાં જણાવ્યું હોવાથી ભક્થિથી ઈતર કોઈ પણ પ્રકારમાં પુરુષોત્તમની ઉપાસના શક્ય નથી.

આ રીતે જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ કે જે આ માર્ગ પર ચાલનારાઓને મોક્ષ પ્રાપ્ત થાય છે અને આ બે માર્ગો સિવાય અન્ય કોઈ પણ ઉપાયે મુક્તિ સંભવ નથી એમ **'नोपायोऽन्योऽस्ति कुत्रचित्'** (ભાગ.૧૧-૨૦-૬) ભગવાને કહ્યું હોવાથી (કર્મ ચિત્તશુદ્ધિમાં ઉપકારક હોઈ અને તેમ તે જ્ઞાનમાં ઉપકારક હોઈ તેનું માર્ગત્વ કહ્યું છે પરંતુ મોક્ષપ્રાપ્તિ એ ઉક્ત જ્ઞાન-ભક્તિથી જ શક્ય છે) સર્વદુઃખ નિવૃત્તિપૂર્વક આનંદોપલબ્ધિ સ્વરૂપના મોક્ષમાં પ્રતીકોપાસના કોઈ પણ પ્રકારે

કોઈ પણ અર્થને સાધી શકે તેમ નથી. અતઃ પુષ્ટિમાર્ગનો કોઈ અનુયાયી હોય કે ન હોય અથવા તો તે કર્મમાર્ગનું કે જ્ઞાનમાર્ગનું અનુસરણ કરનારો હોય પણ જે લોકો પ્રાકૃત-લૌકિક ફળથી ઉપરનું શ્રેષ્ઠ અપ્રાકૃત-અલૌકિક કલ્યાણરૂપ ફલની ઈચ્છાવાળા હોય તેમણે પણ આ પ્રકારની દેવોપાસના **‘श्रम एव हि केवलम्’** જેવું અને જીવનના કીમતી દિવસોને વ્યર્થમાં વેડફવા સમાન જ છે. અતઃ સર્વ દેવી-દેવતાઓનો આશ્રય, ભજન, વ્રત, ઉપવાસ, યજન વગેરે સર્વથા ત્યાગી એકમાત્ર શ્રીકૃષ્ણનો જ અનન્યભાવે આશ્રય અને આશ્રયભાવ પૂર્વક કૃષ્ણભજન કર્તવ્ય છે એમ સર્વ દેવો પ્રાકૃત છે એમ કહી શ્રીઆચાર્યચરણે જણાવ્યું છે.

ચાલો માની લીધું કે પ્રાકૃત જ માત્ર જેનું ફલ છે જેના યજનાદિનું એવા આ સર્વ દેવો પ્રાકૃત હોવાથી તેમનો આશ્રય કરણીય નથી. પરંતુ અક્ષરબ્રહ્મ એ પ્રકૃતિથી પર અને સર્વ મુક્ત જીવોના આશ્રય છે, તેમજ અવિદ્યાનો ત્યાં પગપેસારો નથી કે અવિદ્યાજન્ય દુઃખો સંભવ બની શકે. ઉપરાંત વિશ્વમાં જડ-ચેતન નામે પ્રસિદ્ધ સર્વમાં **‘सर्वं खलु इदं ब्रह्म’** આ શ્રુતિ મુજબ આત્મત્વેન વિદ્યમાન જે બ્રહ્મનો ઉલ્લેખ કરાયો છે તે પણ અક્ષર બ્રહ્મ જ છે તેમજ ગીતામાં પણ **‘ते प्राप्नुवन्ति मामेव’** (ગીતા ૧૨-૪) થી પણ ભગવાન અક્ષર પ્રાપ્તિને પોતાની પ્રાપ્તિ જ જણાવે છે અને તમે હમણાં જે જ્ઞાનીજનો વડે આત્મત્વેન ઉપાસના જણાવી તે ઉપાસ્ય બ્રહ્મ પણ અક્ષર જ છે. આમ, હોવાથી અક્ષર ભજનથી પણ જ્યારે દુઃખનિવૃત્તિ, આનંદની ઉપલબ્ધિ વગેરે સ્વરૂપનું કલ્યાણ સધાય છે તો પછી કેમ એકમાત્ર કૃષ્ણનો જ આશ્રય કરવો તમે જણાવો છો ?

આ પ્રશ્નના ઉત્તરમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે કે **‘गणितानन्दकं बृहत्’** અક્ષરને જે બ્રહ્મ સંજ્ઞાથી ઓળખવામાં આવે છે તે **‘बृहत्वात् बृहणत्वाच्च ब्रह्म’** એ સર્વત્ર વ્યાપક હોવાને કારણે તેની વ્યાપકતાને દ્યોતે છે નહીં કે **‘ब्रह्म’** શબ્દથી તેની સર્વોપરિતા કે સર્વાધિકતા સિદ્ધ થાય છે. તેની પુરુષોત્તમથી તો ન્યૂનતા જ છે અને તેથી જ તૈત્તિરીય ઉપનિષદમાં **‘ब्रह्म पुच्छं प्रतिष्ठा’** એમ પુચ્છભાવે એને જણાવ્યું છે. અક્ષર સ્વયં પ્રકૃતિ વગેરે સર્વનું નિયામક હોઈને પણ સ્વયં પુરુષોત્તમથી નિયમ્ય છે. બીજી વાત એ છે કે અહીં આપણે જે અક્ષરની ચર્ચા કરી રહ્યા છીએ કે જે સત્ત્વાધારતાથી આનંદના સંકોચ વડે પોતાનું રૂપ પ્રદર્શ્યું છે કે જેને ગીતામાં -

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥
अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥

(ગીતા. ૮-૨૦,૨૧)

આ અક્ષરને ગીતામાં ભગવાન પોતાના ધામરૂપમાં-વૈકુંઠરૂપમાં જણાવે છે, આને જ વેદોમાં **‘तद्विष्णोः परमं पदम्’** **‘विष्णोर्यत् परमं पदम्’** **सोऽध्वनः परमाप्नोति तद्विष्णोः परमं पदम्’** (કઠોપનિષદ્ ૧-૩-૯) વગેરે વાક્યોથી વિષ્ણુના પરમ પદ -વૈકુંઠ નામે આલેખે છે. આ અક્ષરને જ વેદમાં અને ગીતામાં વિષ્ણુનાં ધામ યા અક્ષર નામે અને ભાગવતમાં આ બંને સહિત વૈકુંઠ નામે ઓળખવામાં આવે છે. આની વિસ્તૃત ચર્ચા અમે અમારા દ્વારા લિખિત **‘જીવ, જીવન અને જીવની બદ્ધતા-મુક્તતા ભાગવતની દૃષ્ટિએ’** એ લેખનમાં કરી છે તેથી તેનો વધુ વિસ્તાર અત્ર કરતો નથી પરંતુ આ અક્ષર પુરુષોત્તમથી ભિન્ન સત્ત્વાધારતાથી છે. અહીં ભિન્નતા એટલે ભગવાનનાં પરમાનંદરૂપથી ભિન્ન છે, નહીં કે પિત્તળ અને સોના જેવો ભેદ છે. જે પુરુષોત્તમના આનંદમય પૂર્ણાનંદ શ્રીવિગ્રહમાં અભિન્નતાએ આધારરૂપે છે એની અત્ર ચર્ચા નથી કારણ કે એ ભક્તો વડે ઉપાસ્ય છે અને આ જ્ઞાનીઓ વડે ઉપાસ્ય છે એટલો ભેદ સમજવો. અથવા તો જેમ ગૃહ અને ગૃહમાં બેસવાનું આસન એ બંને આધારરૂપ હોવા છતાં ગૃહ અને આસનમાં ભેદ છે, અથવા તો આસન અને ચરણ એ બંને આધારરૂપ હોઈને પણ આસન ભિન્નતાએ અને ચરણ અભિન્નતાએ છે તેમ અક્ષરનું પુરુષોત્તમ-

અભિન્ન સ્વરૂપ જે નિજ ક્રીડાન્તર્ગત છે અને જે સત્ત્વ વગેરેના સંબંધથી રહિત છે તે અને સત્ત્વ વગેરેના સંબંધથી લોકત્વેન પ્રસિદ્ધિ અર્થે ભગવાને જે રૂપ પ્રદર્શ્યું કે જે તિરોભૂતાનંદ વિજ્ઞાનમય છે એ બેમાં આ પ્રકારે ભેદ સમજવો. આ રીતે વિચારતાં સિદ્ધાન્તમાં અક્ષરના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક ભેદે ત્રણ સ્વરૂપો સ્વીકાર્યાં છે જેમાં આધિભૌતિક એ વૈકુંઠ, આધ્યાત્મિક એ આસનરૂપ અને આધિદૈવિક એ બે ચરણરૂપ એમ સમજવું. આમાં જે જ્ઞાનીઓનું ઉપાસ્ય, લોકત્વેન- ધામત્વેન પ્રસિદ્ધ, વિજ્ઞાનમય, તિરોભૂતાનંદ ભગવાનનું જે અક્ષરરૂપ છે એને અહીં કૃષ્ણાશ્રયમાં ગણિતાનંદકમ્‌થી ઉલ્લેખ્યું છે. અતઃ અક્ષરની ઉપાસના કે આશ્રય કરનારનાં સર્વ દુઃખો નિવૃત્ત તો થાય છે પણ તેમાં કોઈ પણ પ્રકારનો આનંદનો ભોગ નથી. ગણિતાનંદ કહેવાથી ગણિત પણ આનંદ છે તે આનંદનું સ્વરૂપ માત્ર દુઃખ નિવૃત્તિરૂપ જ છે અને તે દુઃખનિવૃત્તિ પણ અક્ષરરૂપે સ્થિતિ કરવાના રૂપમાં છે. અતઃ ભક્તિના હીનાધિકારમાં સેવાફલગ્રંથમાં વિવરણમાં જે **‘सेवोपयोगिदेहो वैकुण्ठादिषु’** માં વૈકુંઠ-વૃન્દાવનાદિમાં સેવોપયોગી પશુ, પક્ષી, વૃક્ષ વગેરેના આકારના શરીરની ઉપલબ્ધિમાં જે આનંદ પ્રાપ્તિ છે તેના કરતાં પણ અતિ તુચ્છ પ્રકારે અક્ષરરૂપ સ્થિતિ-વિલયમાં આનંદ છે. લોકત્વેન પ્રસિદ્ધ અક્ષરમાં વિલય અને લોકત્વેન પ્રસિદ્ધ અક્ષર-વૈકુંઠમાં સેવાર્થ શરીરની સ્થિતિ આ બંને ફલો જુદાં સમજવાં. અક્ષર સ્થિતિ એટલે રોગી ડોક્ટર પાસે જાય અને કહે કે મારાથી રોગનું દુઃખ સહન થતું નથી કંઈ ઉપાય કરો, ડોક્ટર કહે આ રોગ એવો અસાધ્ય છે કે એનો કંઈ ઉપચાર કે ઔષધ છે જ નહીં, હા એટલો ઈલાજ શક્ય છે કે યા તો તમને કાયમી કોમામાં નાખી દેવામાં આવે તો દુઃખાનુભવથી તમે બચી શકો અથવા તો દુઃખનું કારણ તમારું આ રોગિષ્ઠ શરીર છે તેનાથી જ તમને કાયમી જુદા પાડવામાં આવે તો તમારાં દુઃખોનો કાયમી નાશ થાય બોલો શો ઉપાય કરું ? અક્ષર આ રીતે આ ડોક્ટર જેવા આનંદપ્રદ છે. આ જ એનું ગણિતત્વ યા આનંદનું અલ્પત્વ છે. પણ જેને આનંદની બુભુક્ષા છે એવાઓના ક્ષુધારૂપ દુઃખને દૂર કરવાનું સામર્થ્ય અક્ષરમાં નથી. ત્યારે દાંતમાં દાંતના સંબંધના જ્ઞાનતંતુઓ વિષયમાં ખરાબી આવવાથી દાંતમાં અનુભવાતી તીવ્રપીડાની ઉપચારે-ઔષધે શાંતિ થવી-પીડા

મટી જવી એ સ્વરૂપના આનંદની પ્રાપ્તિ એ જુદી વાત છે અને દાંત-રસના વગેરે સાધનો વડે વિવિધ સ્વાદિષ્ટ પદાર્થોના અશનરૂપે ભોગ સ્વરૂપનો આનંદ એ વાત જુદી છે. અક્ષર રૂપ જ એવું છે જેમાં વિલય સિવાય બીજું કંઈ પણ શક્ય નથી. જેની વ્યક્તિ થઈ ન શકે, જેનો નિર્દેશ ન થઈ શકે, જેનું ચિંતન ન થઈ શકે, જે બધી ચેતનાઓનું રાશિરૂપ છે, જે માત્ર અનુભવૈકગમ્ય છે, જે સર્વમાં-સર્વત્ર વ્યાપેલું છે, જેના રૂપ-રંગ નથી, જે એક માત્ર જ્ઞાનઘન છે, આવા અક્ષરની ઉપલબ્ધિ એટલે એમાં મળી જવું એ જ એની પ્રાપ્તિ છે. સિન્ધુથી અલગ પડેલા બિંદુને અલ્પતાથી સૂકાવાનો, શોષાવાનો, નાશ થવાનો જે ભય રહે છે તે ભયની નિવૃત્તિ બિન્દુ પુનઃ સિંધુમાં સમ્મિલિત થઈ જાય તો જ શક્ય છે. તેવી રીતે અક્ષરાત્મક જીવ પોતાના ક્ષુદ્ર જીવરૂપને ત્યાગી પોતાના મૂલ અક્ષરમાં સ્થિત થઈ જાય તે જ તેની ભયનિવૃત્તિ છે.

અતઃ જે લોકો અન્ય-ઈતરના આશ્રય-ઉપાસના આદિ ત્યાગી જે અક્ષરનું ભજન કરે છે ત્યારે જે જેનું ભજન કરે તે તેને પામે એ સિદ્ધાન્ત અનુસાર દેવોને ભજનારા દેવરૂપ થાય અને અક્ષરને ભજનારા અક્ષરરૂપ થાય તેથી અક્ષરોપાસકોની ચરમ સિદ્ધિ-ફલ અક્ષરરૂપતા જ છે અને એ અક્ષરરૂપતા ગણિતાનંદ-અલ્પ આનંદવાળી જ છે. અતઃ ક્ષુદ્ર આનંદ એટલે માત્ર આનંદનો આભાસ અને ગણિતાનંદ એટલે અલ્પ આનંદ અથવા તો અપર્યાપ્ત, સીમિત, દુઃખાભાવરૂપ આનંદ એમ અર્થ થાય છે. તેથી જીવનો પરમ અર્થ એ માત્ર દુઃખની નિવૃત્તિ જ નથી પણ પરમ સુખની ઉપલબ્ધિ એ જ એનો પરમ અર્થ છે.

બલ્કે જીવો જે અક્ષરાત્મક છે એ અક્ષરના પ્રાદુર્ભાવનો પણ પરમ અર્થ પરમ સુખાનુભવ જ છે. જેમ પાણી પીવું છે અને પાણી લેવા કોઈ પાત્ર દેખાતું નથી તેથી પોતાના હાથને જ ખોબો બનાવ્યો. હવે જે હાથનો ખોબો બનાવ્યો છે તેમાં પાણી પુરાય તો જ ખોબો બનાવવાની સાર્થકતા છે. નહીંતર ખોબામાં પાણીના પૂરાણ વિના હાથને ખોબો બનાવવું નિરર્થક છે, તેમ સૃષ્ટિ એ ભગવાનનું ક્રીડાભાંડ છે એમ કહેવાથી ક્રીડા આનંદના સ્વભાવ થકી છે અને આનંદને અર્થે

છે. અતઃ સૃષ્ટિ જે આનંદને અર્થે હોવાથી સમગ્ર જડ ચેતન જગતની ઉત્પત્તિનો હેતુ પણ આનંદ જ છે અને તેથી ભગવાનનું અક્ષર રૂપે પરિણમવું, તેને માટે સત્ત્વ વગેરેની આધારતા, લોક તરીકેની પ્રસિદ્ધિ અને તે રૂપમાંથી જ જગતરૂપે પરિણમવું આ બધું જ આનંદ અર્થે છે. **‘स एकाकी न रमते, स द्वितीयमैच्छत्’** અથવા **‘स वै नैव रेमे-तदात्मानं स्वयमकुरुत’** વગેરે શ્રુતિવાક્યોમાં ભગવાનની ક્રીડેચ્છા, ક્રીડાર્થ બીજાની અપેક્ષા, તેમ હોતાં બીજાનો અભાવ અને તે અર્થે પોતે જ અક્ષરરૂપે અને પછી જગતરૂપે પરિણમવું આનાથી અક્ષરરૂપની ચરિતાર્થતા પણ પરમ આનંદની ઉપલબ્ધિ જ છે. જો તેમ ન હોતે તો અક્ષરાત્મક જીવના પરમ ફલમાં બ્રહ્મવિદ્ થયા પછી એટલે કે બ્રહ્મજ્ઞાનના અનન્તર **‘सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता’** એમ પરબ્રહ્મ સાથે સકલ કામોપભોગને કહે તે નહીં, પૂર્વપીઠિકામાં અમે પહેલાં જ લખી ચૂક્યા છીએ કે લક્ષ્મીજી, ગરુડજી, શેષનારાયણ, વૈકુંઠાદિ સ્થિત ભક્તોના દેહ આ બધું જ અક્ષરાત્મક છે અને આ બધાં માત્ર ભગવત્સેવાર્થ જ છે અને સેવાનો હેતુ સુખ યા આનંદ જ છે. કોઈની પણ સેવા કરવામાં આવે તે સેવ્યના સુખાર્થે જ છે તેથી સેવાનો હેતુ સુખ-આનંદ છે.

તેથી ઉપનિષદ્‌માં કહ્યું છે કે -

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

‘अदः’ એટલે આ અપરોક્ષ પ્રત્યક્ષ દશ્યમાન સદંશ જગતરૂપ બ્રહ્મ પૂર્ણ છે, **‘इदम्’** આ પરોક્ષ ચિદ્-જ્ઞાનૈક ઘન અક્ષરરૂપ બ્રહ્મ પૂર્ણ છે, **‘पूर्णात् पूर्णं उत् अच्यते’** એટલે **‘अञ्चु गतिपूजनयोः’** થી અદઃ - ઈદમ્ રૂપ પૂર્ણથી (બન્ને રૂપથી) આ પૂર્ણ આનંદ પરમાત્મા-પરબ્રહ્મ પૂજાય છે- સેવાય છે. આમ આ ઉપનિષદ્ શ્રુતિ પણ સર્વ ચેતનરૂપ જીવો અને અક્ષર બંને વડે પરમાનંદ પ્રભુને સેવવા યોગ્ય બતાવી બંનેનો પરમ અર્થ પરમાન્દ સેવા જ છે એમ જણાવ્યું છે. અતઃ જેનો પરમ અર્થ પણ ભગવાન જ છે તેવા અક્ષરને પરમ અર્થ કેવી રીતે કહી શકાય ? અક્ષરની પરમ અર્થરૂપતા નથી માટે જ વૃત્રાસુર પણ પોતાના અર્થ પુરુષાર્થ વિષયમાં **‘अपुनर्भवं वा’** થી અક્ષરરૂપમાં સ્થિતિ કરવા રૂપ અપુનર્ભવ એટલે મોક્ષનો પણ નિષેધ કરી ભગવાનથી ઈતર પ્રત્યેક પદાર્થને તે સ્વીકારવાની ના પાડે છે. શ્રીઆચાર્યચરણ પણ ચતુઃશ્લોકીમાં **‘एवं सदा’** થી અર્થપુરુષાર્થની સિદ્ધિમાં એવં એટલે પ્રથમ શ્લોકમાં બતાવેલી વ્રજાધીશની સેવાને જ સૂચવે છે.

આ પ્રકારે જેનું ભજન-સેવન કરવામાં આવે તે સેવ્યના આનન્દનું જે પરિમાણ જે સ્વરૂપ હોય તે અનુસાર જ તેટલું જ ઉપાસકને પ્રાપ્ત થાય છે અને એ પ્રાપ્તિમાં આનન્દની જેટલી ઊણપ તેટલી અપૂર્ણતા કહેવાય. અતઃ અક્ષરની ઉપાસના કરવાથી દુઃખ નિવૃત્તિ સ્વરૂપનો જ આનંદ સિદ્ધ થતો હોવાથી તે પરમ અર્થ નથી તેથી સંસારનો દુખાવો તો મટે પણ આનન્દની બુભુક્ષા તો ન જ સંતોષાય. અતઃ શ્રીદ્વારિકેશ્વરજીએ આ શ્લોકની ટીકામાં **‘निरवधिदारिद्र्यस्य सावधिधनेनापगमस्याशक्यत्वादेव....’** વગેરે વાક્યોથી આ જ ભાવ પ્રકટ કર્યો છે. અતઃ જેમ પ્રાકૃત દેવોનો આશ્રય-ભજન એ નિરર્થક છે તેમ આનન્દની બુક્ષુક્ષાવાળાઓ માટે ગણિતાનંદ એવા અક્ષરનું ભજન-આશ્રય પણ નિરર્થક-ઉપકારક ન થઈ શકે તેવું છે.

આ રીતે અડધા શ્લોક વડે ઈતર સર્વના આશ્રય-ભજનની નિરર્થકતા દર્શાવી કૃષ્ણનો જ આશ્રય કેમ કર્તવ્ય છે તેનું મુખ્ય કારણ જણાવતાં શ્રીઆચાર્યચરણ જણાવે છે **‘पूर्णानन्दो हरिस्तस्मात्’** શ્રીકૃષ્ણ-હરિ પૂર્ણાનન્દ છે તેથી.

ગણિતાનન્દ અક્ષર જે પોતાનામાં વિલય કરી દુઃખોની નિવૃત્તિ કરે છે તે તો અહીં શ્રીકૃષ્ણ અનાયાસ જ સ્મરણ માત્રથી જ કરી નાંખે છે, દષ્ટ બનતાં તો તે પરમસુખ પ્રાપક છે તે અર્થમાં પૂર્ણાનન્દ પદ અને હરિ પદ સાથે જોડ્યું છે. આ

વાત સાધારણ ભક્તિમાર્ગીયો માટેની છે. પરન્તુ જ્યાં સુધી પુષ્ટિમાર્ગીય ભક્તોનો સવાલ છે એમનાં સુખ અને દુઃખ બન્ને બીજાં બધાં કરતાં અળગાં જ જુદાં જ પ્રકારનાં હોય છે તેથી એમને સાધારણ બાબતોનું દુઃખ પણ નથી હોતું અને સાધારણ ઉપચારથી તેમના દુઃખની નિવૃત્તિ પણ થતી નથી. ચિત્તની સતત તત્પ્રવણતાથી કૃષ્ણ પરાયણ-એકતાન થઈ ગયેલા તેમનાં ચિત્ત વગેરેને લોકમાં દેખાતા કે વેદમાં કહેલા સુખ-દુઃખો તેમને સ્પર્શી શકતાં પણ નથી, અતઃ તેવાઓના સુખ-દુઃખ શ્રીભાગવત દશમ સ્કન્ધમાં જણાવ્યા પ્રકારનાં હોય છે કે :

गोपीनां परमानन्द आसीद् गोविन्ददर्शने ।
क्षणं युगशतमिव यासां येन विनाभवत् ।।

(ભાગ. ૧૦-૧૯-૧૬)

ભગવાનની બહિઃ પ્રકટ અવસ્થામાં પોતાની સર્વેન્દ્રિયો વડે ભગવાન-આનન્દનું આસ્વાદન એ જ એમનું પરમસુખ-પરમાનન્દ છે અને આ સ્થિતિનું - ક્ષણના પણ અતિ સૂક્ષ્મ કાલમાં ન હોવું એમનું પારાવાર દુઃખ છે જેને ભાગવત વાક્યમાં **‘क्षणं युगशतमिव’** થી જણાવ્યું છે. અહીં યુગ એટલે કલ્પ સમજવો **‘संभवामि युगे युगे’** ની માફક અને શત શબ્દ અનન્તવાચક છે. આ એમનાં દુઃખનું પરિમાણ છે. આ પરિમાણ અનુસાર બ્રહ્મસંબન્ધ મંત્રોક્ત **‘मित कालजात’** પ્રકારનું થાય ત્યારે તેમનાં દુઃખનું પરિમાણ અનન્ત અક્ષરથી પણ અધિક પરિમાણવાળું થઈ જાય છે. અતઃ આવા દુઃખની નિવૃત્તિ અક્ષર કે તેના વિવિધ રૂપોથી શક્ય જ નથી. તેથી ભગવાન હરિ દુઃખનું હરણ કરે છે તે આવા દુઃખોને દૂર કરવા સમર્થ છે એને દર્શાવવા હરિ કેવા છે તો કહે છે તે પૂર્ણાનન્દ છે. જે પૂર્ણ આનન્દ હોય તે જ પોતાના ચરમ આનન્દે આવાઓનાં દુઃખનું નિવારણ કરી શકે છે, બીજા નહીં. તેવી જ રીતે અક્ષર જેમ વિલય કરી દુઃખ નિવારણ કરે છે તે પ્રકાર અહીં નથી, એ દર્શાવવા પણ હરિપદ સાથે પૂર્ણાનન્દ પદ જોડવામાં આવ્યું છે. ભગવાન પોતાના સ્વરૂપ-આનન્દ વડે દુઃખોનું નિવારણ કરે છે અને આ પ્રકારે જ પૂર્વોક્ત દુઃખનું નિવારણ શક્ય છે.

આ પ્રકારે વિચારતાં એક પ્રશ્ન સામે આવે છે કે સવિવરણ સેવાફલમાં શ્રીઆચાર્યચરણે પુષ્ટિભક્તિના અધિકાર ભેદે ત્રણ પ્રકારના અલૌકિક સામર્થ્ય, કૃષ્ણ સાયુજ્ય અને સેવોપયોગી દેહની વૈકુંઠાદિમાં પ્રાપ્તિ એમ ત્રણ ફલો નિરૂપ્યાં છે તે પૈકી પૂર્ણાનન્દ પદથી જે અહીં વ્યાખ્યાન ઉપર મુજબ કરવામાં આવ્યું તે ઉત્તમાધિકારવાળાઓ સાથે સંગતિ કરે છે, તો પછી બાકીના બે સાથે પૂર્ણાનન્દ પદનો કોઈ સંબન્ધ ખરો કે નહીં ? જો નથી તો તેને પુષ્ટિફલમાં કહેવાની કોઈ જરૂર જ ન હતી અને જો છે તો તે કેવી રીતે અક્ષરાત્મક ફલથી શ્રેષ્ઠ છે અને તેની ફલરૂપતા કેવી રીતે ? સાયુજ્ય એટલે ભગવાનમાં કે અક્ષરમાં વિલય એટલે કે પ્રવેશી જવું. તો ચાહે ગણિતાનન્દમાં વિલય થાય કે પરમાનન્દ પુરુષોત્તમમાં વિલય થાય, તેથી એક બીજાની ફલદશામાં ક્યાં અન્તર આવે છે ? ડૂબી મરવા માટે ૧૦૦ ફૂટ ગહેરું પાણી કે ૫૦૦ ફૂટ ગહેરું હોય, તેનાથી ડૂબવાની ક્રિયામાં કે પછી મરણના અનુભવમાં કે મૃત્યુના પ્રકારમાં કોઈ ફરક પડતો નથી. તેમ જ્યારે પોતાનું અસ્તિત્વ મિટાવી વિલીન જ થઈ જવાનું છે તો પછી ક્યાંય અસ્તિત્વનો લોપ થાય તેમાં શો ફરક પડે છે ? તેવી જ રીતે જઘન્ય ફલને વિચારીએ તો પશુ, પક્ષી, વૃક્ષલતા વગેરે મૂઢયોનિને મેળવી રાજમહેલમાં રહેવું કે સ્વર્ગમાં રહેવું કે વૈકુંઠ-વૃન્દાવનમાં રહેવાથી આનન્દાનુભવમાં ક્યાં ફરક પડે છે ? કારણ કે જે પદાર્થનો આનન્દ મેળવવાનો છે તે પદાર્થનો ઈન્દ્રિયો વડે અનુભવ ન થઈ શકે કે પછી એનું જ્ઞાન કે એના ભોગનું સામર્થ્ય ન હોતાં તે પદાર્થ આનન્દપૂર્ણ હોવા છતાં પણ આનન્દ માણી શકાતો નથી. જેમ સ્વર્ગની અપ્સરાનું સૌન્દર્ય ગાય-ગધેડા સામે ઉપસ્થિત હોય કે તેનો સ્પર્શાનન્દ પ્રાપ્ત પણ થાય તો પણ તે ગાય-ગધેડાને કંઈ ફરક પડતો નથી, જેમ વાંદરા સમક્ષ સુગન્ધિત વસ્તુઓથી કોઈ ફરક પડતો નથી, જેમ વ્યાઘ્ર વગેરે હિંસક પશુઓ માટે શુદ્ધ ઘૃતાદિ તથા કેસર ઈલાયચી મિશ્રિત બનેલા પદાર્થો કોઈ મહત્ત્વના નથી, તેમ વૈકુંઠની કે વૈકુંઠસ્થ ભગવાનની ચાહે જેટલી વિશેષતાઓ હોય, પરન્તુ તેનો આ મૂઢ યોનિના અનુભવ વિષયમાં કોઈ ઉપકારક ઉપયોગ નથી અતઃ તેની ફલરૂપતા કેમ કહી શકાય ?

આ પ્રશ્નના ઉત્તરમાં પ્રથમ એ જાણાવી દેવું જરૂરી છે કે સેવાફલોક્ત ત્રાણે પ્રકારોમાં પૂર્ણાનન્દનો સમ્બન્ધ અવશ્યમેવ રહેલો છે. કારણ કે ત્રાણે ફલો પરમાન્દ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના સમ્બન્ધથી જ કહેવાયેલાં છે તેમજ આ ત્રાણે ફલો ભગવાનના અનુગ્રહથીજ લભ્ય છે, લૌકિક-વૈદિક સાધનબળે સુલભ નથી. તેમજ બ્રહ્મભાવની અનપેક્ષિત ઉપલબ્ધિ પછીથી માનસી ભક્તિની પરમોચ્ચદશામાં જ સેવાપરાયણ ભક્તને આ ત્રાણમાંથી ગમે તે એક ફલ પ્રાપ્ત થાય છે. અતઃ સમ્બન્ધ ખરો કે નહીં ? આ પ્રશ્નનો ઉત્તર સમ્બન્ધ છે એમ નિશ્ચય થાય છે. હવે બીજો પ્રશ્ન આવે છે કે આની અક્ષરાત્મક ફલથી ઉત્તમતા કેવી રીતે અને આની ફલરૂપતા કેવી રીતે ? તો તેના ઉત્તરમાં બન્નેને અલગ-અલગ આગળ જોઈશું ત્યારે તે રીતે ત્યાં જાણાવીશું પાણ પ્રથમ બન્નેને ભેગાં કરીને ઉત્તર આપતાં આ બન્ને ફલો એ અક્ષરથી પર એવા ભગવાન સાથે સમ્બન્ધવાળા છે અને સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ જ સર્વાધિક શ્રેષ્ઠતાએ ફલરૂપ છે બલ્કે જેને ઈતરને જગતમાં ફલરૂપતાએ ઓળખવામાં આવે છે તે બધાં જ સાધન વ્યભિચારવાળાં એટલે કે સાધન જુદું અને ફલ તેથી જુદું ના સ્વરૂપવાળા હોઈ અને શ્રીકૃષ્ણ એ સર્વસાધન અસાધ્ય સ્વતઃ ફલરૂપ હોઈ તેમજ અન્ય ફલ એ સાધન પરવશ હોઈ સાધનોને વશ થવાના નિર્બલ સ્વરૂપ-સ્વભાવના હોઈ અને શ્રીકૃષ્ણ સાધનોને પરવશ ન હોઈ સર્વ સાધનબલથી અધિક અને પર હોઈ વાસ્તવિક રૂપમાં ફલ શબ્દ માત્ર ભગવાનમાં જ ચરિતાર્થ થાય છે અન્યમાં તેની ચરિતાર્થતા જ નથી થતી, તેથી વ્યવહારમાં કહેવાતાં અન્ય સર્વ ફલ ફલ નામે કહેવાઈને પાણ વાસ્તવિકરૂપમાં નિષ્ફલ ફલ જ છે.

હવે રહી વાત ત્રીજી તે એ કે અલગ-અલગ રીતે આ બન્ને ફલોની ફલરૂપતા અને અક્ષરાધિક શ્રેષ્ઠતા કેવી રીતે ? તો તેમાં પ્રથમ જઘન્યાધિકારીના ફલને વિચારતાં પ્રથમ એકવાત સમજી લેવી જોઈએ કે **‘नलक्ष्यसे मूढ दृशा’** આ કુન્તિ-સ્તુતિમાં કહેવાયેલ વાક્ય મુજબ જ્યાં સુધી જીવ અવિદ્યાગ્રસ્ત મૂઢ દશામાં હોય ત્યાં સુધી તેની લૌકિક ઈન્દ્રિયો વગેરે ભગવાનને વિષયી કરી શકતા નથી, અતઃ ફલાનુભવ દશામાં અવિદ્યા નિવૃત્તિ આવશ્યક જ છે. ન તો અવિદ્યા નિવૃત્તિ વિના ભગવત્સાયુજ્ય પાણ સંભવ છે અને અવિદ્યા નિવૃત્તિ વિના વૈકુંઠમાં કોઈ પાણ પ્રકારે સ્થિતિ થવી પાણ સંભવ નથી કારાણ કે અક્ષર એ **‘तमसः परस्तात्’** છે અને અવિદ્યાનું પ્રવર્તન પ્રકૃતિનાં ક્ષેત્રમાં જ છે તેથી વૈકુંઠપ્રાપ્તિ એ જ અવિદ્યાનિવૃત્ત થઈ છે એ દર્શાવે છે. અતઃ પશુ આકાર હોય, પક્ષી આકારે હોય કે વૃક્ષ આકારે હોય **‘देहेन्द्रियासुहीनानां वैकुण्ठपुरवासिनाम्’** (ભાગ. ૭-૧-૩૪) આ વાક્ય અનુસાર વૈકુંઠમાં સ્થિત જીવોના લૌકિકવત્ દેહ, ઈન્દ્રિય, પ્રાણ નથી હોતા એ નક્કી જ છે. તેથી અજ્ઞાનજન્ય મૂઢતા ત્યાં સ્થિત કોઈ પાણ જીવ માટે કહેવું એ કહેનારનું શાસ્ત્ર-અજ્ઞાન છે. જો તેમજ હોતે તો પરમ જ્ઞાની એવા શ્રીઉદ્ધવજી **‘वृन्दावने किमपि गुल्मलतौषधीनाम्’** વગેરે શબ્દોથી અજ્ઞાન દશાને કે અજ્ઞાનદશાપન્ન યોનિની કામના કરતે નહીં. હવે રહી વાત એમનાં પશુ-પક્ષીપાણાની તો અવિદ્યાનિવૃત્તિ પછી પાણ તેમનો ઉત્તમ કે સાયુજ્ય ફલમાં અધિકાર નહીં હોતાં, છતાં પાણ જે જીવોને પ્રભુ કોઈ પાણ સ્વરૂપે પોતાની સેવામાં આવરી લેવાનું અનુગ્રહે વિચારે છે અને તેમની જે પાણ પ્રકારની થયેલી કે થઈ રહેલી ભક્તિનું ફલ આપવા વિચારે છે ત્યારે જેમ ઉત્તમાધિકારીને પોતાની લીલાઓના આનન્દસહિત સ્વરૂપાનન્દને અનુભવી શકવા સમર્થ એવા આત્મરૂપ દેહ-ઈન્દ્રિયો વગેરેનું ભગવાન સમ્પાદન કરે છે અને ત્યારે તેમનો દેહ, ઈન્દ્રિય વગેરે લોક સદશ આકાર હોઈને પાણ તે લૌકિક કે પ્રાકૃત નથી હોતા પાણ આત્મરૂપ હોય છે, તેમ આ જઘન્યાધિકારીને પોતાની વિવિધ રસમયી લીલાઓનો આનન્દ દર્શનાદિથી અનુભવી શકે અને તેઓ લીલામાં સેવોપયોગિતયા સ્થિતિ કરી શકે તેવા આત્મરૂપ દેહ આદિનું ભગવાન સમ્પાદન કરે છે અને ત્યારે એમનો દેહ-અન્તઃકરાણ વગેરે સર્વ પ્રાકૃત આકારના હોઈને પાણ પ્રાકૃત હોતા નથી તેમજ તેમનામાં પ્રકૃતિજન્ય અજ્ઞાનાદિ દોષો પાણ હોતા નથી બલ્કે તેઓ પરમજ્ઞાન સહિત ભગવાનમાં પ્રેમવાળા હોય છે. તેઓ આ આકારે વૈકુંઠમાં સ્થિતિ કરીને ભગવાનના વેણુનાદથી પ્રકટ થતી સુધાનું પાન કરી ભગવદ્રસાનુભવ કરતા હોય છે અને પોતાના દુર્વા વગેરે રૂપે પ્રભુ પોતાનાં શ્રીચરાણોથી પધારતા હોય ત્યારે કોમલતા-શીતલતા

વગેરે પોતાના ધર્મો પ્રકટ કરી, વૃક્ષરૂપે શીતલ વાયુનાં ઝોકાંઓથી ઉષ્ણતાજન્ય શ્રમબિન્દુઓના વારણથી, ઘટાદાર વૃક્ષરૂપે તથા વેલડીઓ રૂપે સઘન છાયા-નિકુંજાદિ પ્રકારે આતપ નિવૃત્તિથી, પશુ-પક્ષીરૂપે પોતાના રંગબેરંગી રૂપોથી ભગવન્મનની પ્રિયતા સમ્પાદન પ્રકારે તેમજ પક્ષી, ભ્રમર આદિરૂપે પોતાના મધુર કલરવ-ગુંજારવ દ્વારા ભગવત્સુખાર્થ પોતાના દેહનો વિનિયોગ કરી પોતાના ભગવદીય ધર્મો વડે ભગવાનની સેવા કરતા હોય છે. **‘वैष्णवा वै वनस्पतयः’** આ શ્રુતિ વડે **‘वनलतास्तरव आत्मनि विष्णुम्’** (યુગલગીત ૯) આ ભાગવત દશમ સ્કન્ધના ગોપીજનોનાં વાક્યોથી વૃક્ષાદિની આત્મરૂપતા અને સેવાસમ્બન્ધે ભગવદીયતા સિદ્ધ છે, તેવી જ રીતે **‘प्रायो बताम्ब विहगा मुनयः’** (વેણુગીત ૧૪) તથા **‘सरसि सारसहंसविरङ्गाश्चारुगीतहृतचेतस एत्य । हरिमुपासत ते यतचित्ता हन्त मीलितदृशो धृतमौनाः ।’** (યુગલગીત ૧૧) માં પક્ષીઓ વગેરેનું ઋષિત્વ-ભગવદીયત્વ-ભગવત્સુધારસાધિકારિત્વ વ્રજભક્તોનાં ભાગવતસ્થ વાક્યોમાં જણાવવામાં આવ્યું છે. તેવી જ રીતે **‘धन्यास्तु मूढमतयोऽपि’** (વેણુગીત ૧૧) તથા **‘गावश्च कृष्णमुखनिर्गत’** (વેણુગીત ૧૩) તથા **‘वृन्दशो व्रजवृषा’** (યુગલગીત-૫) તથા **‘क्वणितवेणुः’** (યુગલગીત ૧૯) આ સ્થળોએ પશુઓની રસાનુભવયોગ્યતાનું સમ્પાદન ભગવાન વડે થાય છે અને તે દ્વારા તે પશુયોનિના દેહમાં રહીને પણ ભગવદ્રસાનુભવ કરી શકે છે તો પછી અહીં જે વૈકુંઠાદિમાં માત્ર તદાકાર હોઈને પણ પશુયોનિત્વનો અભાવ છે એવાઓ માટે શંકાનો અવકાશ જ ક્યાં રહે છે ?

આ પ્રકારે જઘન્યાધિકારમાં પ્રાપ્ત ફલ એમાં ભગવદ્‌રસાનુભવ સામર્થ્ય રહેલું હોવાથી તે ફલરૂપ પણ છે અને અક્ષરથી અધિક, પર શ્રેષ્ઠ, પરમાનન્દ, પુરુષોત્તમના સમ્બન્ધી રસના અનુભવ સ્વરૂપનું ફલ હોવાથી તે અક્ષરાત્મક ફલથી શ્રેષ્ઠ પણ છે.

ત્યારબાદ પ્રશ્ન બાકી રહ્યો મધ્યમાધિકારીઓનું ફલ જે સાયુજ્ય અને અક્ષર સાયુજ્ય એ બેના વચમાં અન્તર અને એમાં કૃષ્ણસાયુજ્યની ફલરૂપતા કેવી રીતે. આનાં ઉત્તરમાં **‘मुक्तिर्हित्वाऽन्यथारूपं स्वरूपेण व्यवस्थितिः’** આ ભાગવત દ્વિતીયસ્કન્ધસ્થ વાક્ય મુજબ પોતાનાં અન્યથા રૂપને છોડીને સ્વરૂપમાં અવસ્થાન થવું તે મુક્તિ છે એમ મુક્તિનું સ્વરૂપ હોતાં સ્વરૂપ એટલે મુક્તિના સ્વરૂપને અનુરૂપ સ્વરૂપે અવસ્થાન થવું તે મુક્તિ છે. મુક્તિનું સ્વરૂપ જ્યારે અક્ષરાત્મક હોય છે ત્યારે અક્ષરાત્મક-સચ્ચિદાનન્દાત્મક સ્વરૂપમાં અવસ્થાન થવું તે મુક્તિ છે અને મુક્તિનું સ્વરૂપ જ્યારે પુરુષોત્તમાત્મક હોય છે ત્યારે પરમાનન્દ સ્વરૂપે અવસ્થાન થવું તે મુક્તિ છે. કારણ કે તદનુરૂપતા વિના તદવસ્થાન સંભવી જ શકતું નથી. અતઃ આ પ્રકારે કૃષ્ણસાયુજ્યનો સ્વરૂપ વડે ઉત્કર્ષ આપોઆપ સિદ્ધ થઈ જાય છે. હવે રહી વાત અનુભવે ઉત્કર્ષની તો જીવનું ભગવદંશ ચેતનનું અણુત્વ નિત્ય છે અને મુક્તિદશામાં મુક્તિનાં સ્વરૂપ મુજબ અક્ષરના કે પુરુષોત્તમના વ્યાપકત્વાદિ કે આનન્દમયત્વાદિ ધર્મો તે અણુ અંશમાં પ્રકટ થઈ જાય છે અતઃ તેનું તદ્રૂપે અવસ્થાન થાય છે. ત્યારે તેનામાં ધર્મો પ્રકટ થતાં તે ધર્મો સમ્બન્ધી ગુણવાળો થાય છે, પણ ધર્મીગુણો એ ધર્મીમાં જ પ્રતિષ્ઠિત રહેવાથી જગત્ કર્તૃત્વાદિ ધર્મોવાળો તો તે નથી જ બનતો. આમ મુક્તિ પ્રાપ્ત જીવ અને મુક્ત જીવોના આશ્રય અક્ષરકે પુરુષોત્તમ એના વચ્ચે ભેદ રહે છે. હવે સચ્ચિદાનન્દતા એ બ્રહ્મનું લક્ષણ હોવાથી સદ્ હોવાથી તે આભાસ નથી, પણ તેની સત્તા છે, ચિદ્ હોવાથી તેની સત્તા છે પણ તે જડ નથી તે અનુભવરૂપ-જ્ઞાનરૂપ છે અને આનન્દ હોવાથી તે અનુભવરૂપ હોઈને પણ દુઃખના ક્લેશના અનુભવ સ્વરૂપ નથી પણ સુખાનુભવ રૂપ છે એમ જાણી શકાય છે. અતઃ જ્યારે અક્ષર જ અનુભવરહિત નથી તો અક્ષરસાયુજ્ય પ્રાપ્ત કરનારો કેવી રીતે અનુભવ રહિત હોઈ શકે છે ? નથી જ હોતો ત્યારે પૂર્વમાં જ જણાવી ગયા તેમ

यन्नदुःखेन सम्भिन्नं न च ग्रस्तमनन्तरम् ।
अभिलाषोपनीतं च तत्सुखं स्वः पदास्पदम् ॥

આ સ્વઃ પદવાચ્ય સુખ કે જે આત્મ સુખ (આત્મા=શુદ્ધ અંતઃકરણ

તેનાથી ઉત્પન્ન થનારું સુખ) પણ કહેવાય છે તે વિદ્યા વડે જ્ઞાન વડે અવિદ્યાનાશ થતાં શુદ્ધ અન્તઃકરણમાંથી ઉદ્ભવે છે ત્યારે તેના સંઘાતો સંબન્ધી જે અધ્યાસ છે કે જે અવિદ્યાકૃત છે તે ચાલ્યા જતાં અધ્યાસરહિત સંઘાતવાળો હોતાં જીવન્મુક્તદશામાં તેઓ સ્થિતિ કરે છે પરન્તુ તેના સંઘાતો રહેવાથી તેના વિદ્યમાન રૂપમાં કોઈ અન્તર આવતું નથી. અતઃ તેનો સંસાર નાશ થતાં પણ પ્રપંચ સ્થિતિ તો રહે જ છે. આ જીવન્મુક્ત દશા જ્ઞાનમાર્ગના આસન્યોપાસના વગેરે સાધનોથી લભ્ય થાય છે. આ જીવન્મુક્ત દશામાં થનારું **'यन्न दुःखेन'** પ્રકારનું જે આત્મસુખ થાય છે તે બ્રહ્માનન્દની અપેક્ષા હીન કક્ષાનું છે પણ આની હીનકક્ષા આ આત્મસુખ સાધન સાધ્ય ઉત્પન્ન થનારું તેમજ પુણ્યકાર્ય હોવાથી આમ કહ્યું છે, જ્યારે બ્રહ્માનન્દ એ પુણ્યકાર્ય પણ નથી અને માત્ર સાધનસાધ્ય પણ નથી તેમજ જીવાનન્દથી વિલક્ષણ પણ છે. તેમ છતાં પણ અક્ષરસાયુજ્યમાં ઐક્યભાવ સિદ્ધ થવાથી અને અક્ષર એ ગણિતાનન્દ હોવાથી ગણિતાનંદરૂપે જ તેને આનન્દાનુભવ હોય છે તેથી અધિક નહીં. જ્યારે પરમાનંદ ભગવાનમાં સાયુજ્યનું સ્વરૂપ આથી અલગ છે. બ્રહ્મભાવ-અક્ષરભાવ પ્રાપ્ત થયા પછી પણ વિશેષ અનુગ્રહવાળા લોકો પર-પરમાનન્દને પ્રાપ્ત કરે છે એમ **'ब्रह्मविदाप्नोति परम्'** (તૈત્તિરીય-બ્રહ્મવિત્ પ્રપાઠક) જણાવ્યું છે અને એ લોકો સ્વતંત્ર સ્થિતિએ સકલ કામોપભોગ કરે છે એમ જણાવ્યું છે. એમનો આ કામોપભોગ મધ્યમાધિકારથી વિચારવામાં આવે ત્યારે એમની આ સ્થિતિ મધ્ય દશામાં હોય છે, આદિમાં અને ભોગ પછીની સ્થિતિ ભગવત્પ્રવિષ્ટરૂપ હોય છે કે જે ભગવત્પ્રવેશને ગીતાના અઢારમા અધ્યાયમાંઃ-

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥
भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥

(ગીતા. ૧૮-૫૪,૫૫)

આ ભગવદ્વાક્યમાં બ્રહ્મભાવ પછીથી ભક્તિલાભને પરિણામે પ્રાપ્ત ભક્તિરૂપ ભગવદ્જ્ઞાનના અનન્તર જે ભગવત્પ્રવેશ રૂપ પુરુષોત્તમ સાયુજ્ય કહેવાયું છે ત્યાં આ બાબતે શ્રીઆચાર્યચરણ અને શ્રીપ્રભુચરણનો મત આ પ્રમાણે છે :-

ब्रह्मत्वं कृष्णसायुज्यं क्रमादत्रोच्यते द्वयम् ।
सायुज्ये तु रसाधिक्यं भेदेनानुभवत्सदा ॥

(ભાગવતાર્થ ૪-૧૫૫)

પ્રકાશ :- **'तत्र यादृशब्रह्मभावसायुज्येऽभिप्रेते तादृशयोरेवात्रापि निरूपणं कथमित्यत आह सायुज्येत्विति । 'ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम्' इति वाक्येन प्राप्तब्रह्मभावस्य भक्तिलाभेन पुरुषोत्तमज्ञाने सति तत्र प्रवेशलक्षणं सायुज्यं निरूपितमिति प्रवेशश्च भिन्नतयैव भवतीति भेद एव च रसानुभवसम्भवात्सायुज्ये रसाधिक्यमित्यर्थः । ब्रह्मत्वे च ऐक्यात्तथा रसाननुभवात्तद्व्यवच्छेदार्थस्तु शब्दः ॥'** અર્થાત્ - **'ततो मां'** આ (ગીતા-ભાગવતના) વાક્ય બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલાને ભક્તિલાભ વડે પુરુષોત્તમ જ્ઞાન હોતાં ત્યાં (પુરુષોત્તમમાં) પ્રવેશલક્ષણ સાયુજ્યનું નિરૂપણ થયું છે તે પ્રવેશ ભિન્નતા વડે થાય છે અને ભેદસ્થિતિમાં જ રસનો અનુભવ સમ્ભવ હોવાથી સાયુજ્યમાં (બ્રહ્મભાવની અપેક્ષા) રસની અધિકતા છે એમ અર્થ છે. બ્રહ્મપણામાં (બ્રહ્મભાવમાં) (બ્રહ્મ-અક્ષર સાથે) ઐક્ય થવાથી તે પ્રકારનો (સાયુજ્યમાં કહ્યા પ્રકારનો) રસનો અનુભવ ન હોવાથી તેના વ્યચ્છેદના અર્થેને કહેવા **'तु'** શબ્દ પ્રયોગ છે.

આ પ્રકારે પુરુષોત્તમ સાયુજ્યમાં ઐક્ય સધાતું નથી પરન્તુ ભિન્નતાએ પુરુષોત્તમ-પરમાનન્દમાં અલકાવલિ-કૌસ્તુભ આદિ રૂપે અવસ્થાન થાય છે **'सायुज्यमिति । अलककौस्तुभादिरूपेण स्वरूपेऽवस्थानम् । इदं चतुर्थस्कन्धस्थमोक्षप्रकरणादवगन्तव्यम् ।'** (ભાગવતાર્થ નિબન્ધ-

આવરણભંગ-શ્રીપુરુષોત્તમજી).અત એવ ભાગવત તૃતીયસ્કન્ધ **'कण्ठं च कौस्तुभमणेरधिभूषणार्थम्'** (૩-૨૮-૨૬) આની સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ લખે છે. **'आभरणानि चातिप्रियाणि कण्ठे धार्यन्ते । भगवतस्तु मुक्तभक्तापेक्षया नान्य प्रिय इति तेषां तत्त्वरूपस्य कौस्तुभमणेरधिकभूषणमर्थो यस्य ।'** જે અતિપ્રિય આભરણો હોય તે કંઠમાં ધારણ કરાય છે. ભગવાનને મુક્તભક્તોની અપેક્ષા કોઈ અન્ય પ્રિય નથી તેથી તેમના (મુક્તભક્તોના) તત્ત્વરૂપ કૌસ્તુભમણિની અધિક શોભારૂપ અર્થ છે જેનો (તેવું શ્રીપ્રભુનું કંઠ છે). તેમજ આગળ પણ અઠ્ઠાવીસમા શ્લોકમાં **'चैत्यस्य तत्त्वममलं मणिमस्य कण्ठे'** (ભાગ. ૩-૨-૨૮) આની સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ લખે છે :- **'चैत्यस्य चित्ताधिष्ठातुर्जीवस्य तत्त्वं यत् संघाते अप्रविष्टं निजं रूपम्, स एव कौस्तुभमणिः, तदस्य भगवतः कण्ठे । चैत्यस्य'** એટલે ચિત્તના અધિષ્ઠાતાજીવનું જે તત્ત્વ, સંઘાતમાં પ્રવેશ નહીં થયેલું (જીવનું) નિજરૂપ, તે જ કૌસ્તુભમણિ છે (અને) તે આના એટલે કે ભગવાનના કંઠમાં બિરાજે છે.

આ પ્રકારે પોતાના પ્રિયભક્તો કે જેને ગીતામાં અનેક સ્થળોએ **'स च मे प्रियः'** વગેરે અનેક વાક્યોથી ભગવાન ઉલ્લેખે છે તે ભક્તોને ભગવાન પ્રિયતાએ પોતાના શ્રીવિગ્રહમાં સ્થાપે છે તે આ સાયુજ્ય પ્રાપ્ત ભક્તોના તત્ત્વરૂપ શ્રીપ્રભુના શ્રીઅંગસ્થ કૌસ્તુભ-અલકાવલિ વગેરે આભૂષણો છે. અતઃ આ ભક્તો સાયુજ્ય દશામાં પણ પરમાનન્દના પરમાનન્દમય શ્રીવિગ્રહ પર સ્થિતિ કરીને પરમાનન્દ અનુભવે છે અને તે અર્થમાં જ શ્રીઆચાર્યચરણ **'सायुज्ये तु रसाधिक्यं भेदेनानुभवत्सदा'** એમ જણાવે છે. અતઃ સાયુજ્ય પ્રાપ્ત ભક્તોને પણ રસાનુભવ તો સદા જ છે. તેમ છતાં પણ ભક્તો સાયુજ્ય મોક્ષને નથી ઈચ્છતા એનું કારણ શ્રીઆચાર્યચરણ તૃતીયસ્કન્ધમાં જ જણાવે છે. ત્યાં ભાગવતમાં અનિચ્છાએ એ ભક્તો અણ્વી એટલે કે સાયુજ્ય ગતિને પામે છે એમ કપિલદેવજીએ કહ્યું કે :- **'अनिच्छतो मे गतिमण्वीं प्रयुङ्क्ते'** (ભાગ. ૩-૨૫-૩૬) આની

સુબોધિનીમાં કહે છે કે **'सूक्ष्मा हि गतिरेकरूपाऽऽनन्दस्वरूपा, रूपाणि चानन्तानन्दरूपाणि, अत एवानिच्छा अतएवान्तःकरणेन्द्रियाणां च तैराकर्षणम्, सर्वेन्द्रियसुखरूपत्वात् ..... भक्तिस्तु फलावश्यम्भाविनी कालादीनामगम्यमतिसूक्ष्मेव भगवदात्मकं फलं प्रयच्छति ।'**

(અણ્વી ગતિ) એ સૂક્ષ્મગતિ એક રૂપ જ છે અને તે છે આનન્દનાં સ્વરૂપવાળી, જ્યારે (લીલાવિશિષ્ટ ભગવાનના અનેકવિધ લીલાઓ મુજબ) રૂપો અનેક છે અને તે રૂપો પણ પાછાં અનન્ત છે અને પરમ આનંદરૂપ છે, તેથી જ (અનંત આનંદરૂપોનો ભોગ ન હોઈ માત્ર આનંદ સ્વરૂપ છે તેથી જ) આ ગતિ થવામાં ભક્તોની અનિચ્છા છે. ભગવાનનાં એ રૂપો હોવા થકી જ ભક્તોનાં અંતઃકરણ અને ઈન્દ્રિયોનું તે રૂપો વડે આકર્ષણ થાય છે, કારણ કે તે રૂપો સર્વ ઈન્દ્રિયો માટે સુખરૂપ (પરમ સુખકારક) છે ..... જેમાં અવશ્ય ફલ થાય તેવી ભક્તિ છે અને તે ભક્તિ કાલ વગેરે પણ ન જાણી શકે તેવું અગમ્ય - અતિ સૂક્ષ્મ જ ભગવદાત્મક ફલ આપે છે.

આ પ્રકારે લીલા વિશિષ્ટ ભગવાન પરમ આનંદ સ્વરૂપ અનંત રૂપોનાં દર્શન-સ્પર્શનાદિ જે આનંદ છે તેનો અનુભવ સાયુજ્ય દશામાં ન હોઈ ભક્તો આની વાંછા કરતા નથી. પરંતુ તેમના દ્વારા થયેલી ભક્તિનું ફલ થવું અવશ્ય છે અને ભગવાનની તે પ્રકારની ફલદિત્સા નહોતાં એ ભક્તોને આ સાયુજ્યરૂપ ફલની પ્રાપ્તિ થાય છે. તેથી ઉત્તમાધિકારવાળાનાં ફલથી આ ફલની ન્યૂનતા પણ સમજી શકાય છે. તેમ છતાં પણ ઉત્તમ ફલાનુભવ આ સાયુજ્ય પ્રકારમાં ન હોવાથી આ સાયુજ્યને ભક્તો ઈચ્છતા નથી એ ફલનો પણ ભગવાન વિશેષ અનુગ્રહે આ સાયુજ્ય પ્રાપ્ત અને કૌસ્તુભાદિ રૂપે ભગવાનમાં સ્થિત જીવોને ફલોપયોગી નિર્ગુણ શરીર પ્રદાન કરી કદાચિત્ અનુભવ કરે છે અને અનુભવ પછીથી ફરી પાછા તેમને સાયુજ્યરૂપમાં સ્થિત કરે છે જેને શ્રીઆચાર્યચરણે તથા શ્રીપ્રભુચરણે ખૂબ જ ખુલાસાવાર રીતે ભાગવત રાસપંચાધ્યાયીના **'ता दृष्ट्वान्तिकमायाता भगवान् व्रजयोषितः'**

(ભાગ. ૧૦-૨૯-૧૭) આની સુબોધિનીમાં - **‘यास्तु समाहूताः समागताः, ताः न निवार्यन्ते’** તથા **‘ता अपि व्रजयोषितः अपावृताः स्वकीयाश्च’** જેમને ભગવાને બોલાવ્યા છે અને જે ગયા છે તેમનું ભગવાન વડે તમે પાછા જાઓ એમ કહેવામાં નિવારણ કરાયું નથી, તે પણ વ્રજયુવતીઓ અન્તર્ગૃહગતા અને કુમારિકાઓ છે. સુબોધિનીનાં બીજાં વાક્યમાં જે **‘अपावृताः’** એમ કહ્યું છે એટલે તે નિરાવરણ ભક્તો એટલે કે દેહાદિ સર્વ આવરણોથી રહિત મોક્ષ પ્રાપ્ત ભક્તો કે જે પૂર્વમાં અન્તર્ગૃહગતા પ્રકારનાં હતાં અને તેમના પતિ વગેરે દ્વારા વ્યથિત થતાં કૃષ્ણધ્યાન વડે ભગવદનુગ્રહે સાયુજ્ય પ્રાપ્ત હતા તે ભક્તો. જેનો ખુલાસો સુબોધિની ઉપરના લેખમાં શ્રીવલ્લભજી આ શબ્દોમાં કરે છે - **‘यास्तु समाहूता इति । कुमारिका अन्तर्गृहताश्चेत्यर्थः । अन्यपूर्वा व्यावर्तनाय तु शब्दः । कुमारिकाणामावाहनं पूर्वं स्पष्टमेवोक्तम् । अन्तर्गृहगतानामेवावाहने संशय इति तदेव तथाशङ्क्य टिप्पण्यां व्युत्पादितम् । आहूतत्वाभावे कालप्रतिबद्धानामागमनं न भवेत् । अन्यपूर्वाणां तु कालप्रतिबन्धाभावादागमनं नानुपपन्नमिति भावः । कुमारिकाः पत्याद्यभावादेतद्वाक्यविषया न, तथान्तर्गृहगता अपीत्याहुष्टिप्पण्याम्। गेहस्येति सुबोधिन्याम् । अन्यशेषतयेति’** આ ઉપરાંત શુકદેવજીના ઉત્તરમાં **‘उक्तं पुरस्तात्’** થી આરંભી **‘यत एतद्विमुच्यते’** (ભાગ.૧૦-૨૯-૧૩ થી ૧૬) આ પાંચ શ્લોકો ઉપરની ટિપ્પણીમાં વિશેષ લેખનથી શ્રીપ્રભુચરણે અન્તર્ગૃહગતાઓને સગુણદેહ ત્યાગ પછી સાયુજ્યની પ્રાપ્તિ અને પુનઃ લીલાનુભવાર્થ નિર્ગુણદેહનું ભગવાન દ્વારા પ્રદાન અને તે નિર્ગુણ દેહ વડે વરદાન પ્રાપ્ત શ્રુતિઓ-ઋષિઓને જે ફલાનુભવ કરાવ્યો છે તે જ ફલાનુભવ આ અન્તર્ગૃહગતાઓને પણ કરાવ્યો છે એમ ખૂબ જ વિસ્તારથી આની ચર્ચા કરી છે. અતઃ પૂર્વમાં વરદાન પ્રાપ્ત કરી ઉત્તમાધિકારથી પ્રકટ થયેલા ભક્તો એમના દેહાદિ પૂર્વથી જ નિર્ગુણ હતા અને અન્તર્ગૃહગતાએ ભગવત્પ્રાપ્તિમાં બાધક સગુણ દેહને ત્યાગી ભગવદનુગ્રહે મોક્ષના અનન્તર પુનઃ લીલા મધ્યે પ્રાકટ્ય સમયે નિર્ગુણ દેહ પ્રાપ્ત કર્યો તેથી પૂર્વમાં જે તેમનો અધિકારભેદ રહે છે પણ રાસક્રીડામાં ફલાનુભવ ભેદથી નહીં, પણ બધાંને સમાન જ છે એમ સમજી શકાયછે. ઉપરાંત ફરક એટલો કે મધ્યમાધિકાર હોવાથી સાયુજ્ય પ્રાપ્ત ભક્તોની લીલાનુભવ પછી પુનઃ સાયુજ્યરૂપે સ્થિતિ છે. આ વાત રાસપંચાધ્યાયીમાં અંતે **‘ब्रह्मरात्र उपावृत्ते’** વગેરે શ્લોકોમાં બધા ભક્તો ભગવદિચ્છાએ - પોતાની ઈચ્છા તેમ ન હોવા છતાં પણ પોતપાતના ગૃહે ગયા ત્યાં કુમારિકાઓ પુનઃ નંદગૃહે ગયા, વ્રજવધૂઓ પોતાના પતિ વગેરે જ્યાં હતા ત્યાં ગયા, ત્યારે જેઓ ગુણમય દેહ છોડી ચૂક્યા છે તેવાઓ ક્યાં ગયા ? તે વિચારતાં તેઓ પોતાના ગૃહે એટલે તેમનું ગૃહ સાયુજ્યસ્થળ તેને પામ્યાં એમ અનુક્તસિદ્ધ છે. અતઃ આ પ્રકારે પણ **‘पश्यन्ति ते मे’** થી આરંભી **‘गतिमण्वीं प्रयुङ्क्ते’** (ભાગ. ૩-૨૫-૩૫,૩૬) માં કહેવાયેલ વાતની સંગતિ આ અન્તર્ગૃહગતાઓના પ્રસંગથી સ્પષ્ટ થઈ જાય છે.

આ પ્રકારે સ્વરૂપ વડે, સાધન વડે તથા ફલ વડે ત્રાણે પ્રકારે અક્ષર સાયુજ્ય કરતાં પુરુષોત્તમ સાયુજ્યની શ્રેષ્ઠતા અને અક્ષરની અપેક્ષા તેની પરમફલરૂપતા સ્પષ્ટ થાય છે. આ ફલનું સ્વરૂપ પણ પરમાનન્દ-પૂર્ણાનન્દ છે, આ ફલનું સાધન પણ અન્ય કોઈ નથી કારણ કે વિદ્યા વગેરે સાધનો પણ માત્ર જીવન્મુક્ત દશાનેજ સાધનારાં છે જ્યારે આ ફલ તો ભગવાન પોતાના પ્રિય ભક્તોને વિશેષ અનુગ્રહે જ પ્રદાન કરતા હોવાથી પૂર્ણાનન્દનું પ્રદાન એ આમાં સાધન હોવાથી આનું સાધન પણ પરમાનંદ - પૂર્ણાનંદ જ છે અને ફલની પરમાનંદતા-પૂર્ણાનંદતા આપણે વિસ્તારે વિચારી ગયા છીએ અતઃ પૂર્ણાનંદ એવા શ્રીહરિ જ સર્વાધિક હોવાથી અને તે માત્ર તેમના અનુગ્રહથી જ ઉપલબ્ધ હોઈ જીવના પરમ અર્થ એવા પરમાનંદ ફલની ઉપલબ્ધિ અર્થે માત્ર ભગવાન જ પરમાનંદ ભાવે આશ્રયણીય છે. પૂર્વપીઠિકામાં ભાગવતની જે રસાત્મકતા વિચારી ગયા છીએ તે મુજબ ભગવાન અને ભગવાનની લીલાઓનું પરમાનંદસ્વરૂપે સદૈવ ભાવન કરતાં, તે પરમાનંદ જ સર્વ પ્રકારે શરણ છે તેનું ભાવન, ચિન્તન, કીર્તન કરતાં ભગવત્સેવામાં પરાયણ

રહેવું અને જે પરમાનંદ છે, જેની લીલાઓ પણ પરમાનંદરૂપી-તદ્રૂપા જ છે અને જે પરમાનંદ આપણું શરણ-આપણા આશ્રય છે તે આ જ પરમાનંદ છે એમ પોતાના માથે બિરાજતી સેવામાં સેવ્યસ્વરૂપમાં ભાવ રાખી સેવાપરાયણ થઈને રહેવું તે અર્થમાં શ્લોકના અન્તે શ્રીઆચાર્યચરણ કહે છે **‘कृष्ण एव गतिर्मम’**

◆ ◆ ◆ ◆ ◆ ◆

શ્લોક – નવમો

विवेकधैर्यभक्त्यादिरहितस्य विशेषतः ।
पापासक्तस्य दीनस्य कृष्ण एव गतिर्मम ॥ ९ ॥

અન્વય :- विवेकधैर्यभक्त्यादिरहितस्य, विशेषतः पापासक्तस्य, दीनस्य मम गतिः कृष्ण एव (अस्तु) ।

અર્થ :- વિવેક, ધૈર્ય અને ભક્તિથી રહિત થયેલો, તેમજ વિશેષ કરીને પાપમાં આસક્ત થયેલો અને દીન એવો હું-મારી ગતિ કૃષ્ણ જ હો ॥ ૯ ॥

સ્તોત્ર વિવરણ :- આઠમા શ્લોકમાં ભક્તિમાર્ગમાં અર્થ પુરુષાર્થ સાક્ષાદ્ ભગવાન જ હોવાથી પરમ અર્થની સિદ્ધિ અર્થે માત્ર શ્રીકૃષ્ણ જ આશ્રયણીય છે. આમાં જીવનો પરમ અર્થ પરમાનન્દની ઉપલબ્ધિ જ છે અને તે જેમનો આનન્દ આભાસરૂપ છે એવા દેવોના કે પછી જેનો અલ્પ-ગણિત આનન્દ છે એવા અક્ષરના આશ્રયથી કે ઉપાસનાથી શક્ય નથી એ વિચારણામાં સર્વ દેવોની જીવકોટિ, ત્રણ દેવો ગુણાવતાર હોઈ ઈશ્વર કોટિમાં હોઈને પણ બ્રહ્મા સિવાયના શિવ-વિષ્ણુ મોક્ષ આપનારા હોઈને પણ તે મોક્ષ સગુણ જ છે અને તેમાં અક્ષર સ્વરૂપના વિચારમાં અક્ષરનો લોક, આસન, ચરણ રૂપ ત્રણ ભેદમાં જ્ઞાની ઉપાસ્ય એ લોકરૂપ અક્ષર હોવાથી ત્યાં પણ ગણિતાનન્દથી અધિક ઉપલબ્ધિ સંભવ નથી, જ્યારે શ્રીકૃષ્ણ પૂર્ણાનન્દ હોઈ તેમના સંબંધી વૈકુંઠાદિ લોકમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ, સાયુજ્ય અને અલૌકિક સામર્થ્ય આ ત્રણે ફલો સ્વરૂપ, સાધન, ફલ ત્રણે પ્રકારે અક્ષરથી શ્રેષ્ઠ હોઈ ભગવાનનું પૂર્ણાનન્દત્વેન અને ભગવાનની લીલાઓનું તદ્રૂપે જ ચિન્તન, ભાવન, રટણ કરતાં પરમાનંદ ભગવાનના આશ્રય ભાવે ભગવત્સેવાપરાયણ રહેવું એમ નિશ્ચય કરી હવે આ નવમા શ્લોકમાં ધર્મ-અર્થની માફક કામ પણ ભગવાન જ છે અને તેમના થકી જ સર્વ મનોરથની પૂર્તિ છે એમ નિરૂપણ કરે છે.

‘विवेक धैर्यभक्त्यादिरहितस्य’ અહીં સર્વ ટીકાકારો આ મુજબ જાણાવે છે -

શ્રીરઘુનાથજી :- **‘विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यतीत्येवं रूपः, त्रिविधदुःखसहनं धैर्यपदार्थः । भक्तिपदेन क्रमायातमाश्रयणमुच्यते । आदि पदेन तत्साधनान्युच्यन्ते । विवेकस्तु हरिः सर्वम्’** ત્યાં વિવેકધૈર્યાશ્રયગ્રન્થમાં જાણાવ્યા મુજબનો વિવેક, (ત્યાં જ જાણાવેલ) ત્રણ પ્રકારનાં દુઃખોને સહન કરવા રૂપ ધૈર્ય પદાર્થ, ભક્તિ પદ વડે ત્રીજા ક્રમથી પ્રાપ્ત આશ્રય કહ્યો છે, આદિ પદ વડે ત્રાણેનાં સાધનો કહ્યાં છે.

શ્રીકલ્યાણરાયજી :- (શ્રીકલ્યાણરાયજી **‘विशेषतः’** પદ વિવેકધૈર્યભક્ત્યાદિ રહિત પદ સાથે જોડીને અર્થ કરે છે) **‘पूर्वं प्रभुस्वरूपविचारेणाश्रयमुक्त्वा जीवस्वरुपविचारेणाधुनोच्यते । भगवान् स्वेच्छया सर्वं करिष्यति न प्रार्थनीय इति निश्चयो विवेकः । भक्तिविरोधिदुःखनिवृत्त्युपायाकरणेन त्रिदुःखसहनं धैर्यम् । भक्तिः साधनरूपापि । आदिपदात्पुण्यम् । विशेषत इति तत्साधनैरपि रहितस्य ।’** પૂર્વમાં પ્રભુસ્વરૂપના વિચાર વડે આશ્રય કહીને અત્યારે (અહીં)જીવ સ્વરૂપના વિચાર વડે આશ્રય કહે છે. ભગવાન પોતાની ઈચ્છાથી બધું જ કરશે તેથી ભગવાનને પ્રાર્થના કરવી નહીં એવો નિશ્ચય થવો એ વિવેક છે, ભક્તિ વિરોધી દુઃખોની નિવૃત્તિનો ઉપાય નહીં કરવાની સાથે ત્રાણે દુઃખોને સહન કરવાં એ ધૈર્ય છે, ભક્તિ એટલે સાધનરૂપા ભક્તિ પણ, આદિ પદથી પુણ્ય સમજવું, **‘विशेषतः’** એટલે તે ત્રાણેનાં સાધનોથી પણ રહિતપણું.

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘विवेकः सर्वमप्रार्थनेऽपि निजेच्छातः करिष्यतीत्येवंनिश्चयरूपः । निवृत्त्युपायाकरणेन सर्वथा दुःखसहनं धैर्यम्। भक्तिः प्रेमलक्षणा तत्साधनरूपा वा । आदिशब्देन मर्यादाभक्तिसाधनानां ग्रहणम् ।’** કોઈ પણ પ્રકારે પ્રાર્થના નહીં કરીને પ્રભુ નિજેચ્છાથી કરશે એ પ્રકારનો નિશ્ચય એ વિવેક છે, નિવારાણનો ઉપાય નહીં કરીને સર્વથા દુઃખ સહન કરવું ધૈર્ય છે, ભક્તિ એ પ્રેમલક્ષાણા અથવા તે પ્રેમલક્ષાણાની સાધનરૂપા, આદિશબ્દ વડે મર્યાદાભક્તિનાં સાધનો સમજવાં.

શ્રીવ્રજરાજજી :- **‘सर्वदुःहर्ता भगवान् स्वेच्छातः सर्वं करिष्यतीत्येतद्विचारपूर्वकमनुसन्धानं विवेकः । सात्त्विकादीनां कायिकादीनां भौतिकादीनां त्रिविधदुःखानां प्रतीकारानाचरणेनोपेक्षणं धैर्यम् । माहात्म्यज्ञानपूर्वकः सुदृढः स्नेहो भक्तिर्नवविधा च । आदिपदेन तदङ्गानि । साङ्गे ज्ञानकर्मणी च । तै रहितस्यैतेन यावत्साधनराहित्यं सूचितम् ।’** સર્વનાં દુઃખ હરનારા ભગવાન સ્વેચ્છાથી સર્વ કંઈ કરશે એમ વિચારપૂર્વકનું અનુસન્ધાન વિવેક છે, સાત્ત્વિક વગેરે (સાત્ત્વિક, રાજસ, તામસ), કાયિક વગેરે (કાયિક, વાચિક,માનસિક), ભૌતિક વગેરે (આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક) એમ ત્રાણે પ્રકારનાં દુઃખોને પ્રતીકાર નહીં કરીને તેની ઉપેક્ષા કરવી એ ધૈર્ય છે, માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સ્નેહ અને નવવિધા ભક્તિ એ અત્ર ભક્તિ છે, આદિ પદ વડે આ ત્રાણેનાં અંગો સમજવાં અને અંગસહિતના જ્ઞાન-કર્મ સમજવાં, તે બધાથી રહિત છું. આમ કહીને જં કંઈ પણ સાધનો છે તે બધાથી રહિતપણું બતાવ્યું છે.

વિવરાણકાર :- (વિવરાણકાર પણ શ્રીકલ્યાણરાયજીની માફક **‘विशेषतः’** પદ **‘रहितस्य’** સાથે જોડીને અર્થ કરે છે.) **‘एतावत्पर्यन्तं विरहानुभवे चक्षूरागादित्रपानाशान्ताः सप्तावस्थाः सम्पन्नाः । अस्मिन्श्लोके उन्मादाद्यवस्थात्रयं निरूप्यते ।’** અહીં સુધીમાં (આઠમા શ્લોક પર્યન્તમાં)વિરહાનુભવમાં ચક્ષુઃપ્રીતિ, મનઃસંગ વગેરે લજ્જાપ્રાણાશ પર્યન્તની રસની સાત અવસ્થા સમ્પન્ન થઈ, આ શ્લોકમાં ઉન્માદ વગેરે ત્રાણ અવસ્થાઓ (ઉન્માદ, મૂચ્છર્ા, મરાણ)નું નિરૂપાણ કરાય છે. (વિવરાણકાર આ શ્લોકની

વ્યાખ્યામાં **‘विवेकधैर्यभक्त्यादिरहितस्य’** થી ઉન્માદ, **‘विशेषतः रहितस्य’**-થી મૂર્ચ્છા અને **‘पापासक्तस्य दीनस्य’** થી દસમી મરણ અવસ્થા એમ રસની છેલ્લી ત્રણ અવસ્થાનું પ્રતિપાદન કરે છે તે વિસ્તારભયથી વધુ નથી લખતો તે જિજ્ઞાસુજનોએ ટીકામાંથી જોઈ લેવું).

‘विशेषतः पापासक्तस्य दीनस्य’ અહીં બધા ટીકાકારો આ મુજબ જણાવે છે :-

શ્રીરઘુનાથજી :- **‘किञ्च, न केवलमेतद्राहित्यमपि तु विशेषतोऽतिशयेन पापासक्त महापातकाचरणरतस्यापि । पापवर्जनेऽसमर्थत्वाद्ग्लान्या दीनस्य ।’** વળી કેવળ વિવેક, ધૈર્ય, ભક્તિ આદિથી રહિત છું એટલું જ નહીં પરન્તુ વિશેષતઃ એટલે ખૂબજ વધુ કરીને પાપાસક્ત એટલે કે મહાપાતકનાં સ્વરૂપનાં કર્મના આચરણમાં રત છું. તેમજ તેવાં પાપને દૂર કરવામાં પોતાની અસમર્થતાને લઈ દીન બનેલો છું.

શ્રીકલ્યાણરાયજી :- **‘विशेषतः’** પદનું વ્યાખ્યાન પૂર્વ પંક્તિમાં આવી ગયું છે) **‘किञ्च, दीनस्य दरिद्रस्यातः सर्वसाधनरहितस्य । पापे आसक्तस्येति विपरीतसाधनवतो न तु प्रामादिकपापस्य ।’** વળી હું દીન એટલે કે દરિદ્ર છું અતઃ સર્વસાધનોથી રહિત છું, પાપમાં આસક્ત છું એટલે કે હું વિપરીત સાધનવાળો છું, પ્રમાદથી થનારા પાપવાળો છું એમ નહીં.

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘...... तेन धर्मिपक्षमवलम्ब्य धर्मादिविपरीतसाधनवतामेव सर्वतः कार्यसिद्ध्यभावनिश्चये दैन्याविर्भाववतामेव शरणागताविवाश्रये मुख्योऽधिकार इति तथैवोक्तं पापासक्तस्य दीनस्येति । आसक्तिः कायेन मनसा वाचा तदकरणे स्थातुमशक्तिः ।......’** તેથી ધર્મીપક્ષને અવલમ્બીને ધર્મ વગેરેથી વિપરીત સાધનવાળાઓને જ સર્વ પ્રકારે કાર્યસિદ્ધિ થતી નથી તેવો નિશ્ચય થતાં દૈન્ય પ્રકટ થતાં તેવા દૈન્યનો જેમાં આવિર્ભાવ થયો છે તેવાઓનો જ શરણાગતિની માફક (**‘कार्पण्यं वाङ्गमुक्तम्’** - ન્યાસાદેશ) આશ્રયમાં મુખ્ય અધિકાર છે એ આશયથી એમ કહ્યું છે કે પાપાસક્ત છું - દીન છું. આસક્તિ એટલે કાયા, મન, વાણી વડે તે કર્યા વિના ન ચાલે તેવી અશક્તિ.

શ્રીવ્રજરાજજી :- **‘विशेषतः पापासक्तस्येति । आसक्तिः सङ्गातिशयोऽपरिहार्यः सङ्ग इति यावत् । एतावता ‘नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायत’ इतिवाक्यस्मरणाद् भक्त्युत्पत्तौ प्रतिबन्धकमपि सूचितम् । एवं बाधकद्वयसद्भावेऽपि येनाङ्गेनाश्रयस्य सिद्धिस्तदाहुः । एवं साधकाभावबाधकसद्भावाभ्यां जातया ग्लान्या दीनस्य । दौर्गत्यादेरनोजस्त्वं दैन्यम् ।’** અતિશય સંગ જેનો પરિહાર ન થઈ શકે તેવો અપરિહાર્ય સંગના અર્થમાં અહીં (પાપમાં) આસક્તિ કહેવાઈ છે, આમ કહેવાથી મનુષ્યોને તેમનાં પાપ ક્ષીણ થતાં કૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે, એ વાક્ય શાસ્ત્રોમાં કહેવાયેલું હોવાથી (પાપાસક્તિ) ભક્તિમાં પ્રતિબન્ધ કરનાર છે એમ પણ સૂચિત કર્યું છે. એમ બે પ્રકારના બાધક હોતાં પણ જે અંગ વડે આશ્રયની સિદ્ધિ થાય છે તે કહે છે **‘दीनस्य’** આ પ્રમાણે સાધકનો અભાવ અને બાધકનું હોવાપણું આ બે વડે ઉત્પન્ન થયેલી ગ્લાનિ વડે દીન થયેલો એવો હું, દુર્ગતિ વગેરેથી બલ-સાહસ વગેરેનો અભાવ એ દૈન્ય છે.

વિવરણ :- વિવરણકારનું મન્તવ્ય પૂર્વમાં જ લખી ચૂક્યા છીએ તેથી અહીં આપવામાં આવ્યું નથી.

શ્રીકલ્યાણરાયજી તથા બીજા કેટલાક ટીકાકારોના મતે આ શ્લોક કામપુરુષાર્થ સમ્બન્ધે આશ્રય નિરૂપક છે. કામ અન્તઃકરણ-મનોજન્ય છે અને અન્તઃકરણ સાત્ત્વિક, રાજસ, તામસ અને નિર્ગુણ એમ ચાર ભેદથી કહેવાયેલું છે અતઃ તેનાથી ઉત્પન્ન કામ ના પણ ચાર પ્રકારો થાય છે. સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે **‘कमु कान्तौ-कान्तिरिच्छा’** એ અનુસાર **‘कामयते, कामयाञ्चक्रे,**

कामयिता’ વગેરે રૂપો થાય છે. મતલબ કે **‘कामयते’** એટલે કામના કરે છે - ઈચ્છા કરે છે એ અર્થમાં શબ્દ પ્રયોજાય છે. હવે ઈચ્છાના પણ બે ભેદો શાસ્ત્રોમાં સાંભળવામાં આવે છે જેમાં એક તો એ છે જે જીવની વાસનામૂલક ઈચ્છા. જે-તે જીવની જે તે પ્રકારની વાસના અનુસાર તે-તે જીવો તે -તે પ્રકારની ઈચ્છાવાળા થાય છે. આ આધાર પર જ ગીતાના ૧૭ મા અધ્યાયમાં આ ભોજન સાત્ત્વિકોને પ્રિય છે, આ ભોજન રાજસોને ઈષ્ટ છે, આ ભોજન તામસોને પ્રિય છે એમ કહ્યું છે. કોઈ પણ વસ્તુનું પ્રિયત્વેન ગ્રહણ અને અપ્રિયત્વેન ત્યાગ એ વ્યક્તિની ઈચ્છા પર નિર્ભર છે. તેવી જ રીતે કોઈ પણ વ્યક્તિની કાર્યમાં ગતિ તેની ઈચ્છા મુજબ તે-તે કાર્યોમાં થતી હોય છે. અતઃ જીવની - મનુષ્યની જેવી કામના તે અનુસાર તેની પ્રાપ્તિ અર્થે તે પ્રકારનો પ્રયત્ન તેના વડે થાય છે. ઈચ્છાનો બીજો પ્રકાર જે શાસ્ત્રોમાં જોવા મળે છે તે આનન્દમૂલક ઈચ્છાનો છે. આ પ્રકાર આપણને ભગવાનમાં અને ભગવાનના ભક્તોમાં જોવા મળે છે. આ પ્રકારમાં ઈચ્છાનું મૂલ વાસના નહીં, પણ આનન્દનો સ્વભાવ છે. અતઃ આ પ્રકારમાં અભાવની પૂર્તિ અર્થેની ઈચ્છા નહીં પણ આનન્દના સહજ સ્વભાવથી તે આવિર્ભૂત થાય છે. આ પ્રકાર અમુક અંશે લોકમાં પ્રેમ-લાગણીમાં પણ જોવા મળે છે. તેમાં પોતાના પ્રેમાસ્પદની સન્તુષ્ટિ, એનું સુખ એ જ ઈચ્છા હોય છે. પણ એની સન્તુષ્ટિથી એ મને કંઈ આપશે કે પછી એ મને વધુ પ્રેમ કરશે એવો હેતુ ઈચ્છામાં હોતો નથી. એ જે પણ કરે છે મનના આનન્દ થકી જ કરે છે. તેવી જ રીતે ભક્તોની ભક્તિ બાબતમાં પણ પ્રહ્લાદજી ભાગવતના સપ્તમ સ્કન્ધમાં કહે છે - **‘यस्य आशिष आशास्ते न स भृत्यः स वै वणिक्’** ભગવાનની ભક્તિમાં ભગવાનથી આશીર્વાદની પણ આશા કરે તો તે સેવક નહીં પરન્તુ વાણિયો-વેપારી છે. તેવી જ રીતે પોતાના નિષ્કામ પ્રેમી ભક્તો માટે ભગવાન કહે છે :-

ता मन्मनस्का मत्प्राणा मदर्थे त्यक्तदैहिकाः ।
मामेव दयितं प्रेष्ठमात्मानं मनसा गताः ।

ये त्यक्तलोकधर्माश्च मदर्थे तान् बिभर्म्यहम् ॥

(ભાગ. ૧૦-૪૬-૪)

આ પ્રકારે ભગવાનના ભક્તોનું ભગવાનની ભક્તિમાં પ્રવર્તન આત્માના પરમાત્મામાં અકથ્ય આકર્ષણથી જ થતું હોય છે, એમાં મારે માટે આ થાઓ એવી આશા-કામના હોતી નથી છતાં ભગવાન પ્રત્યેના તેમના મનોરથો અનન્ત હોય છે. તેવી જ રીતે ભગવાન પણ સૃષ્ટિની રચના કરે છે, સંહાર કરે છે, ભક્તો પર અનુગ્રહ કરે છે, ભક્તોના ભાવને અનુકૂલ વર્તે છે આ બધામાં પણ આનન્દમય ભગવાનની કોઈ પણ હેતુ વિનાની ઈચ્છા જ છે. આ પ્રકારે ઈચ્છાને બે ભાગે વિચારતાં સાત્ત્વિક, રાજસ, તામસ પ્રકારનો કામ છે તે વાસનામૂલક છે અને એમાં અભાવની પૂર્તિ અર્થેની ઈચ્છા અને વિષયભોગની લાલસા કારણરૂપ છે. જ્યારે ભક્ત અને ભગવાનમાં જે પ્રકાર વિચારાયો છે તે વાસના મૂલક નહીં, પણ આનન્દના સહજ સ્વભાવથી છે જેમાં આનન્દના અનુભવથી અતિરિક્ત કંઈ પણ નથી અતઃ આવા કામને નિર્ગુણ કામ તરીકે ઓળખવામાં આવે છે.

આ પ્રકારે વિચારતાં કામ પુરુષાર્થ પણ બે ભાગે વહેંચાય છે જેને આપણે સગુણ કામ પુરુષાર્થ અને નિર્ગુણ કામપુરુષાર્થ એમ બે નામે ઓળખી શકીએ છીએ. પ્રકૃતિના ત્રણ ગુણોનો સંબન્ધ કરીને જે કામપુરુષાર્થ રહેલો હોય તે સગુણ પ્રાકૃત કામ પુરુષાર્થ છે અને પ્રકૃતિના ગુણોનો સર્વથા સંબન્ધ નહીં કરીને જે કામપુરુષાર્થ હોય કે જે ભગવાનથી સમ્બન્ધવાળો હોય તે નિર્ગુણ કામપુરુષાર્થ છે. સગુણ કામપુરુષાર્થમાં ગીતામાં કહેવાયેલ સાત્ત્વિકકર્તાના સમ્બન્ધવાળો કામ હોય અને ગીતામાં કહેવાયેલ સાત્ત્વિક કર્મ અનુસારનો તેનો પુરુષાર્થ હોય તે ત્રણેમાં સર્વ શ્રેષ્ઠ છે. ગીતામાં કહેવાયેલ સાત્ત્વિક કર્તા-કર્મ આ પ્રકારે છે :-

સાત્ત્વિકકર્તા :-

मुक्तसङ्गोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।

सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते ॥

(ગીતા. ૧૮-૨૬)

સાત્ત્વિકકર્મ :-

नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥

(ગીતા. ૧૮-૨૩)

આની વધુ ચોખવટમાં કર્તાની બાબતમાં ભાગવતમાં ૧૧-૨૫-૧૩માં ભગવાને કહ્યું છે કે જ્યારે રજોગુણ-તમોગુણને દબાવી સત્ત્વગુણ જે પુરુષમાં પ્રવૃદ્ધ થાય છે ત્યારે તે પુરુષ ધર્મ, જ્ઞાન વગેરે સાથે અને સુખ સાથે જોડાય છે. તેમજ કર્મની બાબતમાં ગીતામાં ભગવાન કહે છે કે :-

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥

(ગીતા. ૧૬-૨૪)

આ પ્રકારે વેદાદિ શાસ્ત્રોમાં જેનું વિધાન થયેલું હોય તેવા પ્રકારે કર્મ કરવાં અને તેવાં કર્મની જ ઈચ્છા કરવી, આ પ્રકારનાં સાત્ત્વિક કામ પુરુષાર્થનું વિવેચન અમે અમારા દ્વારા લિખિત કર્મનું રહસ્ય ભાગ-૧ માં અમે કર્યું છે તે ત્યાંથી જોઈ લેવું. અતઃ આ સાત્ત્વિક પ્રકારનો કામપુરુષાર્થ કે જે વેદાદિશાસ્ત્રવિહિત છે એ ત્રણેમાં આટલા માટે શ્રેષ્ઠ છે કારણ કે આનાથી-આના આચરણથી કર્તાની મોક્ષના પ્રયત્નો કરવા માટેની યોગ્યતાનું સમ્પાદન થાય છે, ત્યારે બાકીના બન્ને એ મોક્ષ વિરોધી-મોક્ષ પ્રયત્ન વિરોધી હોવાથી તે નિંદ છે અને તે શાસ્ત્રમાં પણ નિષિદ્ધ છે. તેથી જ બભ્રુના કામશાસ્ત્રને કે જેમાં **'मातृयोनिं परित्यज्य विहरेत्सर्वयोनिषु'** વગેરે વાક્યોથી નિંદ્ય કામ કહેવાયેલો છે. માત્ર કામ પુરુષાર્થ

જ નહીં ચારે ચાર પુરુષાર્થો સગુણ-નિર્ગુણ ભેદે રહેલા છે જેમાંથી વૃત્રાસુરે ભાગવત છઠ્ઠાસ્કન્ધમાં સગુણ પ્રકારોને તિરસ્કારી નિર્ગુણ પ્રકારે ભગવાન પાસે તેની યાચના કરી છે, કિંવા પોતાને માટે તેની કામના કરી છે. શ્રીઆચાર્યચરણે પણ એ મુજબ જ ચતુઃશ્લોકીમાં નિર્ગુણ પ્રકાર જે શુદ્ધ પુષ્ટિનો છે તે પ્રકટ કર્યો છે. મનુષ્યની કામના-ઈચ્છાથી જેવી એની અન્તઃસ્થિતિ તદનુસાર તેના જીવનમાં પ્રયત્નો-ઉદ્યમ હોય છે અને જેવો ઉદ્યમ હોય છે તેના અનુસાર તેનું પરિણામ-ફલ થાય છે. અતઃ નિષિદ્ધની ઈચ્છા કરીને તે નિંદ્ય પ્રયત્નવાળો થાય છે ત્યારે તેવાઓમાં મોક્ષ માટેના ઉદ્યમની તો વાત જ ક્યાં કરવી તેમનામાં મોક્ષની કલ્પના કે વિચાર પણ ઉદ્ભવતો નથી અતઃ તેવાઓ તો **'मरणमेवापवर्गः'** ની માન્યતાએ જ મૃત્યુના ભયે મૃત્યુનું ચિંતન કરતાં હોય છે તેથી તેમનું પરિણામ તેવું જ હોય છે. પણ જ્યારે મનુષ્ય શાસ્ત્રવિહિત સાત્ત્વિક પ્રકારે ધર્મથી કામ પર્યન્તનું આચરણ કરે છે અને તે મુજબ જીવન નિર્વાહ કરે છે ત્યારે એ ત્રણથી એની મોક્ષના પ્રયત્નો આચરવાની યોગ્યતા સંપાદન થાય છે અને મોક્ષપુરુષાર્થમાં કહેવાયેલાં આચરણોને આચરે છે ત્યારે અન્તઃકરણની શુદ્ધિ થતાં તે મોક્ષમાર્ગમાં આગળ વધે છે. રજોગુણના સાહચર્યે સત્ત્વભાવ પ્રબળ કરી પુણ્યાર્જન દ્વારા ઊર્ધ્વગતિ પામનાર કર્તા સ્વર્ગાદિલોકને પામીને પણ ત્યાંના ભોગવિલાસોમાં પરાયણ બની પરિણામે **'क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति'** મુજબ પુનરાવર્તનને પામતો હોય છે, જ્યારે રજોગુણ-તમોગુણને મિટાવી સત્ત્વશુદ્ધિ થતાં તે ઊર્ધ્વગતિ કરે છે ત્યારે પ્રાયઃ કરીને ભાગવત એકાદશ સ્કન્ધમાં જણાવ્યા મુજબ **'उपर्युपरि गच्छन्ति सत्त्वेन ब्राह्मणा जनाः'** (ભાગ.૧૧-૨૫-૨૧) તેઓ સતત આગળને આગળ વધી અને **'सत्त्वात् सञ्जायते ज्ञानम्'** આ ગીતાવાક્ય મુજબ સત્વશુદ્ધિની ચરમતાએ જે જ્ઞાન તેમનાં અન્તઃકરણમાં સ્ફુરે છે તે જ્ઞાન વડે પરિણામે તેઓ મુક્તિને પામનારા બને છે. પરન્તુ આ મુક્તિનાં સાધનો એ સગુણ હોવાથી તેમજ મુક્તિમાં કારણરૂપ જ્ઞાનનું સ્વરૂપ પણ ગીતામાં કહ્યા મુજબ :-

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।

अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥

(ગીતા. ૧૮-૨૦)

આ જ્ઞાનનો પ્રકાર પણ સાત્ત્વિક પ્રકાર હોઈ આ મુક્તિને શ્રીઆચાર્યચરણ નિબન્ધમાં **‘ज्ञानेऽपि सात्त्विकी मुक्तिः’** એમ આને સાત્ત્વિકી મુક્તિ અથવા તો સગુણામુક્તિ જણાવે છે.

જ્યારે ભક્તિમાર્ગીયિ પુરુષાર્થોમાં ધર્મ,અર્થ, કામ, મોક્ષ એ બધું ભગવાન જ હોવાથી તેમજ તેનાં સાધનો પણ ભગવદીય-ભગવત્ સંબંધવાળાં જ હોવાથી અને એકાદશ સ્કન્ધમાં ભગવત્ સંબન્ધથી સર્વ નિર્ગુણ કહેવાય છે એમ જણાવ્યું હોવાથી જેની પહેલી ઈંટ જ - ધર્મ નિર્ગુણભાવના સ્વરૂપનો હોવાથી તેના અર્થ કામની પણ નિર્ગુણતા આપોઆપ સિદ્ધ છે તેથી તેનો મોક્ષ માટેનો પ્રયત્ન પણ નિર્ગુણ મોક્ષ માટેનો જ ને નિર્ગુણ સ્વરૂપનો જ હોય છે જેને શ્રીઆચાર્યચરણે ચતુઃશ્લોકી મોક્ષપુરુષાર્થમાં :-

अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयोः ।
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः ॥

આમ જણાવે છે. તેથી જ શ્રીઆચાર્યચરણ ચતુઃશ્લોકીના ચારે શ્લોકોમાં ચારે પુરુષાર્થોમાં ધર્મ એટલે સેવા, અર્થ એટલે સેવા, કામ એટલે સેવા અને મોક્ષ એટલે સેવા એમ સૂચવે છે અતઃ ચારે પ્રયત્નોમાં ભગવત્સેવા હોતાં પરિણામે જે ફલ થાય છે તે પણ ભગવત્સેવન સ્વરૂપનું જ થાય છે જે સેવાફલમાં કહેલાં ત્રણ ફલોના પ્રકારથી છે. કારણ કે મોક્ષમાં કારક જે જ્ઞાન છે તે સાત્ત્વિક હોય તો સગુણ ફલ થાય અને નિર્ગુણ જ્ઞાન હોય તો નિર્ગુણ ફલ થાય આ બન્ને જ્ઞાન વચ્ચેનો ભેદ ભગવાન ભાગવત એકાદશ સ્કન્ધમાં **‘कैवल्यं सात्त्विकं ज्ञानम् .... मन्निष्ठं निर्गुणं स्मृतम्’** (ભાગ. ૧૧-૨૫-૨૪) માં કેવલ્યના સ્વરૂપનું જ્ઞાન સાત્ત્વિક છે અને મારામાં નિષ્ઠાવાળું અથવા તો હું જ જેની નિષ્ઠા છું તેવું જ્ઞાન નિર્ગુણ છે

એમ કહે છે અને મન્નિષ્ઠ જ્ઞાન કેવું તેની ચોખવટ પણ ભગવાને ગીતાના ઉપદેશમાં કરી છે કે :-

भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ॥

ભાગવતમાં

ज्ञात्वाऽज्ञात्वाथ ये वै मां यावान् यश्चास्मि यादृशः ।

(ભાગ.૧૧-૧૧-૩૩)

હું જેટલો, જે અને જેવો છું તે ભક્તિ વડે મને જાણે છે. એટલે કે ભક્તિમય પ્રેમમય અન્તઃકરણમાં ભગવાન જેટલા, જે અને જેવા છે તેવાં સ્વરૂપનો અનુભવ અથવા તો ભક્ત પ્રેમને વશ થયેલા પ્રભુ પોતાના જેટલા, જે અને જેવાં સ્વરૂપનો ભક્તને અનુભવ કરાવે તે અનુભવ સ્વરૂપનું જ્ઞાન તે મન્નિષ્ઠ જ્ઞાન છે અને તેવા જ્ઞાનવાળી દશામાં જે મોક્ષ સિદ્ધિ થાય છે તે સેવા ફલોક્ત ત્રણ ફલથી ઈતર ફલ શક્ય જ નથી. મને તો એમ લાગે છે કે ભાગવત વાક્યમાં સેવાફલોક્ત ત્રણે ફલો કહેવાયેલાં છે જેમાં ઉત્તમાધિકારીને **‘यावान् - यः - यादृशः’** ત્રણેનો અનુભવ હોય છે અને જઘન્યાધિકારીને માત્ર **‘यावान्’** નો જ અનુભવ હોય છે. શ્લોકમાં **‘विशते’** ની સ્પષ્ટતા નથી તેથી ત્રણે સાથે આને જોડતાં જઘન્યાધિકારીનો આનન્દમય લોકમાં સ્થિતિરૂપે પ્રવેશ, મધ્યમાધિકારીનો કૌસ્તુભાદિરૂપે સ્થિતિરૂપ પ્રવેશ અને ઉત્તમાધિકારીનો ભગવાનની પરમાનન્દ ભગવાન સહિતની લીલાઓ મધ્યે સ્થિતિરૂપ પ્રવેશ એમ સમજી શકાય છે. આ પ્રકારે નિર્ગુણ મોક્ષપુરુષાર્થવાળાઓ આ પ્રકારના નિર્ગુણ સ્વરૂપના મોક્ષને પામે છે. સાત્ત્વિક પ્રકારના મોક્ષમાં તેના મોક્ષ પ્રયત્નોમાં કારક તેની સાત્ત્વિકી કામના છે જે મુમુક્ષા નામે ઓળખાય છે અને આ નિર્ગુણ મોક્ષના પ્રયત્નમાં **‘मनोऽरविन्दाक्ष दिदृक्षते त्वाम्’** ભગવદ્રૂપ દર્શનની તીવ્ર અભિલાષા કારક છે અને આ જ નિર્ગુણ માર્ગનો

કામ પુરુષાર્થ છે. આ નિર્ગુણ કામની સિદ્ધિ પણ નિર્ગુણ ધર્મના સેવનથી જ થાય છે જેને આપણે સાતમા શ્લોકના વ્યાખ્યાનના અન્તે વિચારી ગયા છીએ.

પુરુષાર્થ એટલે પુરુષનો અર્થ એટલે પ્રયોજન. અતઃ ધર્મ સિદ્ધિનું પ્રયોજન, અર્થસિદ્ધિનું પ્રયોજન, કામ સિદ્ધિનું પ્રયોજન અને મોક્ષસિદ્ધિનું પ્રયોજન આ પ્રકારે ચાર પ્રયોજનો અનુસાર પુરુષ વડે થનારો જે પ્રયત્ન ઉદ્યમ તે પુરુષાર્થ છે. આમાં ધર્મ- મોક્ષનાં પ્રયોજન સ્પષ્ટ છે પણ અર્થ-કામ વિષયમાં ઘણા લોકો ભ્રાન્તિમાં હોય છે. અર્થના પ્રયોજનથી થનારો ઉદ્યમ તેમાં જે રીતે પણ અર્થ પ્રાપ્તિ થતી હોય અને જે પણ અર્થ પ્રાપ્તિ થતી હોય તેને ઘણા લોકો અર્થ પુરુષાર્થની સિદ્ધિ માને છે. તેવી જ કામમાં પણ છે. ઘણા લોકો એમ માને છે અને આજે તો પ્રાયઃ લોકો એમ માનતા થયા છે કે સ્ત્રી પુરુષના પરસ્પર આકર્ષણથી ઉત્પન્ન થયેલી ભોગ કામના એ કામની પૂર્તિ અર્થેનો ઉદ્યમ એ કામપુરુષાર્થ છે. તેમજ આ કામપુરુષાર્થ શાસ્ત્રે પણ સ્વીકારેલો છે. પરન્તુ માત્ર આટલા જ અને માત્ર આવાં જ પ્રયોજનને શાસ્ત્ર વિધાનમાં સ્થાન મળે તે સંભવ નથી. કારણ કે શાસ્ત્રનું પ્રયોજન મનુષ્યને મોક્ષ તરફ લઈ જવાનું છે. અતઃ ચારે પુરુષાર્થો સ્વતંત્ર - અલગ હોઈને પણ એકબીજાથી સમ્બન્ધ વિનાના છે તેવું નથી પણ ચારે એકબીજાથી અનુસ્યૂત છે. અતઃ ધર્મ કહો, અર્થ કહો કે કામ કહો ત્રણે મોક્ષ સાથે અનુસ્યૂત હોવા જોઈએ - ત્રણે મોક્ષ પ્રયત્નમાં ઉપયોગી - ઉપકારક સિદ્ધ થવા જોઈએ, તો જ એનું શાસ્ત્રીય પુરુષાર્થમાં સ્થાન છે, અન્યથા તો લૌકિક **'कामकारतः'** જેવા છે. જો એમ નહીં માનીશું તો પછી તો રાવણનું સીતામાં આકર્ષણ અને પ્રયોજનથી એના દ્વારા થયેલું સીતાજીનું અપહરણ એ બધું પણ કામપુરુષાર્થ માનવું પડશે. અથવા તો ઈન્દ્ર-અહલ્યા વચ્ચેનું પારસ્પરિક આકર્ષણ અને તેના કારણે બન્ને વચ્ચેનો કામભોગ એ પણ કામ પુરુષાર્થ જ માનવું પડશે. અતઃ મહર્ષિ જૈમિનિએ જણાવ્યું છે તેમ **'यतोऽभ्युदयनिःश्रेयसंसिद्धिः स एव धर्मः'** આ ધર્મ માટે કહેવાયું છે તે ત્યાર પછીના બે અર્થ-કામને પણ લાગુ પડે છે. અતઃ **'धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि'** એ ગીતાવાક્ય મુજબ પિતૃઋણમાંથી મુક્ત થવામાં ઉપયોગી કામની અહીં યોજના છે. સામાન્ય રીતે વિચારતાં ધર્મપુરુષાર્થની સિદ્ધિથી ઋષિઋણથી, અર્થ પુરુષાર્થની સિદ્ધિથી દેવઋણથી અને કામ પુરુષાર્થની સિદ્ધિથી પિતૃઋણથી મુક્ત થતાં વ્યક્તિને માટે મોક્ષનો માર્ગ મોકળો થઈ જાય છે.

આ પ્રકારે પુરુષાર્થોની અને તેમાં કામપુરુષાર્થની સમીક્ષા કરતાં નિર્ગુણ પ્રકારની તો વાત જ દૂર પણ સગુણ પ્રકારનો પુરુષાર્થ સિદ્ધ થવામાં પણ સમ્ભાવના દેખાતી નથી. કારણ કે આ કલિકાલે માત્ર બાહ્યસાધનોનો જ નાશ કર્યો છે તેમ નથી પણ આન્તર સાધનોમાં પણ કલિમલ વ્યાપ્ત છે જેથી સાધનામાં મહત્ત્વનું સાધન અન્તઃકરણ જ એટલું દૂષિત અને દોષોથી દુર્બલ થયેલું છે કે તેવાં અન્તઃકરણથી કંઈ થવું શક્ય નથી. ધર્મનો તો નાશ થયો જ છે પરન્તુ ધર્મનું મુખ્ય રૂપે આચરણ જેનાથી થાય છે તે અન્તઃકરણ જ ધર્મવિરોધી છે તેવી સ્થિતિમાં કોઈ પણ પુરુષાર્થ શું શક્ય બને ? આ અર્થમાં આ નવમા શ્લોકના ત્રણ ચરણ કહ્યાં છે. વિવેક, ધૈર્ય, ભક્તિ, આસક્તિ અને દૈન્ય શ્લોકોક્ત આ પાંચે વાતો અન્તઃકરણના ધર્મો છે. તેવી જ રીતે કામ પણ અન્તઃકરણથી ઉદ્‌ભવ પામે છે તેમજ પૂર્વના ત્રણ એ કાર્યસાધક છે અને પછીના બે એ કાર્યબાધક છે, આ રીતે અન્તઃકરણમાં કાર્યસાધક તત્ત્વોનો અભાવ અને ઉપરાન્ત કાર્યબાધકોની હાજરી આવી સ્થિતિમાં રાજસ-તામસ સિવાય સાત્ત્વિકની ક્યાં કલ્પના થઈ શકે ? અને જ્યાં સાત્ત્વિકની જ કલ્પના નથી ત્યાં નિર્ગુણતાની પણ ક્યાં વાત થઈ શકે ? અતઃ મોક્ષના પ્રયત્નમાં મોક્ષપુરુષાર્થમાં ઉપકારક થાય તે પ્રકારે કામપુરુષાર્થનો તો આ કલિકાલમાં વિચાર જ ખોટો છે.

મોક્ષની વાત બાજુ પર મૂકીએ તો એ આવી અન્તઃકરણની દશામાં તો ભગવત્સેવાનો પણ નિર્વાહ થવો શક્ય નથી અને ધર્મ, અર્થ, કામ, મોક્ષમાં આચાર્યચરણ જે ભગવત્સેવા સૂચવી રહ્યા છે તે મુજબ પણ પુરુષાર્થ શક્ય નથી તો પછી ડૂબવું જ્યારે નક્કી જ છે તો પછી **'मौत का एक दिन मुअय्यन है, नींद क्युं रातभर नहीं आती'** ની માફક ભક્તિ વગેરેની ભાંજગડ શા માટે કરવી

? જ્યારે ખોદવાથી પણ પાણી નથી જ નીકળવાનું તો પછી જમીનમાં કોદાળો મારી-મારી હાથ શા માટે છોલવા ? આવો ભાવ મનમાં આવે તો તેના ઉત્તરમાં શ્રીઆચાર્યચરણ કહે છે કે **'कृष्ण एव गतिर्मम'**

એ વાત સાચી કે ભગવત્સેવામાં પ્રવૃત્ત થનાર માટે કે થયેલા માટે વિવેક, ધૈર્ય, ભક્તિ અથવા તો આશ્રય એ પરમ આવશ્યક છે. તેમજ ભગવદ્ભાવ વિરોધી પાપાચરણમાં મનની આસક્તિ એ પણ આધિદૈવિકી સેવાની સિદ્ધિમાં બાધક જ છે કારણ કે જે મનને કૃષ્ણમાં કૃષ્ણ ભજનમાં પરાયણ કરવાનું છે તે જ જ્યારે પાપમાં આસક્ત હોય તો તેવી દશામાં તો સાધનરૂપા ભઈક્તનો પણ નિર્વાહ શક્ય નથી એ વાત સો ટકા સાચી છે. પરન્તુ તેમ છતાં પણ હું જે કંઈ પણ કરી રહ્યો છું કે પછી આજે હું જે દશામાં છું તે ભક્તિની દશા પણ નથી અને પુણ્યદશા પણ નથી પણ માત્ર પાપદશા છે આટલો વિચાર પણ જો ચિત્તમાં રહ્યો હોય તો તે વિચાર પણ ભગવાનના અનુગ્રહે જ છે નહીંતર આવો વિચાર પણ આવે નહીં અને તેથી જે પ્રભુ એ આટલા અનુગ્રહરૂપે આપણા મનમાં પોતાનું આટલું પણ સ્થાન બનાવ્યું છે તો પ્રભુને ત્યાં અનુગ્રહનો દુકાળ નથી કે તે વધુ અનુગ્રહ નહીં કરી શકે કે કંજૂસ પણ નથી કે તે અનુગ્રહ નહીં કરશે. જ્યાં સુધી પાપાસક્તિનો સવાલ છે એનો ઉપાય ભગવાન પોતે જ છે એમ ગીતામાં કહે છે -

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रतिजानि हि न मे भक्तः प्रणश्यति ॥

(ગીતા ૯-૩૦,૩૧)

મારું અનન્યભાવે ભજન કરવાથી જ તે વિલમ્બ વિના શીઘ્ર જ ધર્માત્મા એટલે કે જેનું અતઃકરણ ધર્મપૂર્ણ-ધર્મભાવપૂર્ણ છે તેવા અન્તઃકરણવાળો થઈ

જાય છે. અતઃ સ્નેહપૂર્વક કે સ્નેહ વિના પણ ચિત્તનું સતત ભગવત્ સાન્નિધ્ય એ જ ભગવાનમાં સ્નેહ થવાનું સાધન છે. પાપનિવૃત્તિ પણ ભગવાનમાં સ્નેહ તો નથી જ સાધી શકતી, ત્યારે પણ તેના પછી પણ ભગવત્ સાન્નિધ્ય તો અપેક્ષિત જ છે. જૂની જામીને જામ થઈ ગયેલી એવી અજામિલની પાપાસક્તિ પણ ભગવત્ સમાન સ્વરૂપના ભગવદીયોનાં દર્શનથી, તેમની ભગવદ્વાણીથી, તેમના સંગથી નેસ્તનાબૂદ થઈ તે ધર્માચરણમાં અને તે પણ તે ધર્મના આચરણમાં કે જે ભક્તિરૂપ છે અને જે મોક્ષને સાધનાર છે તેમાં તે પ્રવૃત્ત થયો. ભક્તિના અનુકલ્પરૂપમાં જે આશ્રય કહેવાયો છે તેનું પણ આજ તાત્પર્ય છે કારણ કે સ્નેહપૂર્વકની સેવા જ ભક્તિ પદવાચ્ય હોવાથી તેવા સ્નેહના ભાવમાં સ્નેહનો હૃદયમાં જ્યાં સુધી ઉદ્ભવ ન થાય ત્યાંસુધી આશ્રયભાવે સેવા કરવી. આ પ્રકારની સ્થિતિમાં મન, વાણી, ક્રિયાથી જે ભગવત્સાન્નિધ્યનું સાતત્ય રહે છે તે જ જીવના આન્તર-બાહ્ય દેહ-ઈન્દ્રિયાદિગત જે દોષો છે તેને દૂર કરે છે. કામવાળી, ક્રોધવાળી, લોભવાળી, અહંકારવાળી, ભયવાળી, ઉદ્વેગવાળી, હર્ષવાળી વગેરે દોષપૂર્ણ ચિત્તની અવસ્થા હોતાં પણ તેવી દશામાં પણ વાણી અને ક્રિયાથી તે તે વિષયોમાં પ્રવૃત્ત નહીં થઈ વાણી-મન બન્નેમાં ભગવદાશ્રયભાવ રાખી અષ્ટાક્ષરનું રટણ ચાલુ રાખી પોતાની જાતને પૂર્વવત્ ભગવત્સેવામાં જ રાખવી પણ પોતાની જાતથી ઈન્દ્રિયાદિને આધીન ન થવું. આ અર્થમાં જ શ્રીઆચાર્યચરણ જણાવે છે કે :-

यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृश्यते ।
तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चियः ॥

(નિરોધલક્ષણ)

ઈન્દ્રિયોની જોવા, સાંભળવા, કરવા, જવા, બોલવા વગેરેની અનેક વૃત્તિઓ છે અને તે દિવસભરમાં અલગ-અલગ રૂપમાં ઉદ્ભવતી જ હોય છે, તેવા સમયે તે વૃત્તિઓમાં જ્યારે તેનો ઉપયોગ ભગવત્કાર્યમા સ્પષ્ટ ન દેખાતો હોય એટલે કે ભગવાન કે ભગવદ્વિષયક વાતોને-વસ્તુને છોડી ઈતર લૌકિક ભોગાદિ પ્રયુક્ત કે દેહસુખ ઈન્દ્રિય સુખાદિ પ્રયુક્ત ઉદ્ભવેલી વૃત્તિનો ઉપયોગ જણાતો

હોય ત્યારે તેવી વૃત્તિઓનો નિગ્રહ કરવો. સેવામાં બેઠા છો ને કોઈ લૌકિક કાર્ય કરવાની મનમાં ઈચ્છા થાય કે બુદ્ધિમાં વિચાર આવે તો ભલે તે આવે, આવી ઈચ્છા કેમ થઈ કે એવો વિચાર કેમ આવ્યો એનું વધુ પડતું ચિન્તન છોડી મનમાં અષ્ટાક્ષર રટણ, વાણીથી અષ્ટાક્ષરનું ઉચ્ચારણ કરતાં પોતાની જાતને ભગવત્સેવામાં જ જોડી રાખવું પણ ભગવત્સેવા છોડી ન તો લૌકિક કાર્યોમાં પ્રવૃત્ત થવું કે પછી આ કારણે સેવામાં ચિત્ત નથી લાગતું તેમ વિચારી સેવાથી નિરપેક્ષ-તટસ્થ પણ ન થવું. આ પ્રકારે ભગવદાશ્રયભાવે ભગવત્સેવા એ સર્વ પ્રકારે સર્વથા અને સર્વદા જીવહિતકારિણી હોવાથી સેવા-ભક્તિની ભાંજગડમાં જ ન પડવું એ વિચાર બરાબર નથી.

વિવેક-ધૈર્ય-ભક્તિ અને વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં કહેવાયેલ આશ્રય એમાં પણ પોતાના પગ કમજોર લાગે અને કદાચિત્ આશ્રયના માર્ગથી કોઈક વિશેષ સ્થિતિમાં ધીરજ ગુમાવવાથી પગ લપસી પણ જાય ત્યારે પણ આશ્રયભાવ વધારનારી અને પોતાના ભક્તોના સર્વ અન્યાશ્રયને દૂર કરી પોતાના નિજ આશ્રયમાં સ્થાપનારી એવી ભગવાનની લીલાઓનું વારંવાર અવગાહન કરીને અન્યાશ્રય દોષનિવારણ અને આશ્રયભાવની દૃઢતા સાધવાનો પ્રયત્ન કરવો. આ પ્રમાણે કરવાથી જેમ રાત્રિના સઘન અન્ધકારમાં રાત્રિનો અધિપતિ ઉડુરાજ ચન્દ્રનો ઉદય થતાં અન્ધકાર, સન્તાપ વગેરે દૂર થઈ શીતળ ચાંદની સર્વત્ર પ્રસરી જાય છે તેમ આપણાં મનના અધિપતિ અને મનોભાવના કારક એવા શ્રીકૃષ્ણચન્દ્રનો મનમાં આવિર્ભાવ થતાં પાપાસક્તિ વગેરેનો અન્ધકાર અને વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરેની અનુપસ્થિતિમાં થનારો સન્તાપ એ સર્વ પણ આપોઆપ દૂર થઈ જાય છે. તેથી મનમાં પડેલા લૌકિક ભાવો કે પછી મનમાં જામેલો લૌકિક કામ એનું નિવારણ કરવાને અર્થે પણ લૌકિક કે વૈદિક આશ્રય કરવો નહીં પણ માત્ર કૃષ્ણનો જ આશ્રય કરવો. શ્રીશુકદેવજી પણ ભાગવતમાં રાસપંચાધ્યાયીના અન્તે આ કામની નિવૃત્તિ અને અલૌકિક ભગવત્કામની ઉપલબ્ધિ અર્થે ભગવદાશ્રય-ભગવલ્લીલાવગાહનને સાધન તરીકે જણાવતાં કહે છે :-

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः श्रद्धान्वितोऽनुश्रुणुयादथ वर्णयेद्यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥

(ભાગ. ૧૦-૩૩-૪૦)

આ પાંચ અધ્યાયો વડે કહેવાયેલી ભગવાનની કામ પર સર્વપ્રકારે વિજયની લીલાનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ-કથન વગેરે કરવાથી હૃદયમાં રોગ રૂપે રહેલો એવો લૌકિક કામ નાશ પામે છે અને ભગવાનમાં પ્રેમલક્ષણાભક્તિરૂપ અલૌકિક ભગવત્કામ કે જે પરબ્રહ્મ સાથેના રમણમાં યોગ્યતારૂપ છે તે સિદ્ધ થાય છે. આ શરણમાર્ગ જ એવો છે કે જેમાં સર્વપ્રકારે દોષની નિવૃત્તિ અને ઈષ્ટની પ્રાપ્તિ એ માત્ર કૃષ્ણ થકી જ કૃષ્ણાશ્રયે જ સિદ્ધ થાય છે અને સિદ્ધ કરવાની હોય છે. કૃષ્ણથી ઈતર અન્ય કોઈ પણ પદાર્થની કલ્પના પણ કરવી એ **‘अन्यसम्बन्धगन्धोऽपि कन्धरामेव बाधते’** શ્રીપ્રભુચરણની આ ઉક્તિ અનુસાર અન્યની કલ્પનારૂપ ગંધ માત્ર પણ ગરદન કપાવા જેવું છે, એટલા માત્રથી પણ આશ્રયપદાર્થને હાનિ પહોંચે છે. અતઃ કોઈ પણ બાબતમાં કૃષ્ણથી ઈતર કોઈનું પણ અવલમ્બન રાખવું નહીં. પોતાનું અવલમ્બન પણ અન્યાશ્રય છે. દશમ સ્કન્ધમાં વ્રજભક્તો ભૂખ લાગે, તરસ લાગે કે પછી વંટોળિયો ચાલે, દાવાનળ લાગે, યમુનાજળ વિષમય બને કે મહાસર્પ ગ્રાસ કરે કે અતિવર્ષા થાય સર્વ બાબતોમાં એ લોકોની કૃષ્ણ પાસે દોડી જઈ કૃષ્ણ આગળ નિવેદન કરવાની ને ત્યારબાદ કૃષ્ણ જેમ કહે તે અનુસાર વર્તવાની તેમની પદ્ધતિ અનન્ય આશ્રય ભાવને દર્શાવે છે. ખૂબ જ ભૂખ લાગવી અને ખૂબ જ તૃષાતુર થવું એ એમનામાં સહન કરવાનું ધૈર્ય નથી એમ કૃષ્ણ આગળ જ તેઓ નિવેદન કરે છે પણ તેઓ ધૈર્યના અભાવમાં બીજા કોઈનો આશ્રય કરતા નથી. ગોવર્ધનલીલાનો પ્રસંગ તેમનામાં વિવેકનો નાશ થયો છે તે દર્શાવે છે. કારણ કે નહીંતર વ્રજનું ભરણ પોષણ ઈન્દ્રથી થાય છે તેવું માનવાવાળા એ લોકો થતે નહીં. આ વિવેકના નાશને કારણે જ તેઓ અન્યાશ્રય કરવા પ્રયત્નશીલ બન્યા છતાં પણ શ્રીકૃષ્ણની વાણીનો જ આશ્રય પુનઃ ધારણ કરી ભગવાનની આજ્ઞા મુજબ વર્તવા તૈયાર થયા અને તેના પરિણામે

ઈન્દ્રકોપ થતાં પણ કૃષ્ણનું કહેવું માન્યું અને ભૂલ થઈ ગઈ છે તેવું ન માની ભયની નિવૃત્તિ માટે પણ તેમણે કૃષ્ણનો જ આશ્રય રાખ્યો છે. તેવી જ રીતે અમ્બિકાવનની યાત્રાનો પ્રસંગ પણ તેમનામાં ભક્તિનો નાશ દર્શાવે છે, નહીંતર તેઓ અન્યદેવોના વ્રતાદિ આચરતે જ નહીં, છતાં પણ તેવી ભક્તિનાશવાળી સ્થિતિમાં પણ ભય પ્રાપ્ત થતાં અને તેમાં પોતાના સર્વ પ્રયત્નો વિફલ જતાં પુનઃ ભગવદ્ આશ્રયભાવને ધારણ કરી શ્રીકૃષ્ણ પાસે જ નિવેદન કર્યું છે. આ રીતે વિવેક, ધૈર્ય, ભક્તિના અભાવમાં પણ ભગવદાયશ્રયથી જ તેમનામાં ત્રણેની સિદ્ધિ થઈ છે. આમ આ વ્રજવાસીઓનાં ઉદાહરણે પોતાની આવી સ્થિતિ હોય ત્યારે અથવા તો ઈન્દ્રિયો-મન વગેરે લૌકિક દોષોના પ્રાબલ્યે વિકલ બની અત્યન્ત સતાવે ત્યારે પણ એટલે કે કોઈકનું દ્રવ્ય પડાવી લેવાની વૃત્તિ પ્રબળ થાય અને આ પૈસો કેમ કરી મેળવી લઉં એમ મનમાં વૃત્તિ જોર કરે અથવા તો કોઈ સ્ત્રીમાં ચિત્ત જાય કે પછી કોઈ ભોગો ભોગવવાની પ્રબળ ઈચ્છા જોર કરે ત્યારે ભોગોના માટે પ્રયત્ન કરવો કે સ્ત્રી પ્રાપ્તિ કે દ્રવ્ય પ્રાપ્તિ અર્થે પ્રયત્નમાં પડવું એમ ન કરીને તેમજ તેના નિવારણના પણ કોઈ ઉપાય નહીં કરીને માત્ર કૃષ્ણનો જ આશ્રય દૃઢ સંકલ્પ પૂર્વક મનમાં રાખવો આ પ્રકાર શ્રીઆચાર્યચરણ આ નવમા શ્લોકમાં **‘कृष्ण एव गतिर्मम’** એમ લખી જણાવી રહ્યા છે.

આ પ્રકારે મનમાં દોષરૂપ એવા વાસનાજન્ય લૌકિક કામનો નાશ અને ભગવદ્રસાનુભવાર્થ અલૌકિક ભગવત્કામની પ્રાપ્તિ એમ અનિષ્ટ નિવારણ અને ઈષ્ટ પ્રાપણ એ બન્ને હૃદયમાં આવિર્ભૂત ભગવાન થકી જ છે. અતઃ કામપુરુષાર્થની સિદ્ધિ કે જે વૃત્રાસુરના કહ્યા મુજબની ભગવદ્ રૂપ દિદક્ષા એટલે કે સર્વલીલાઓ સહિત ભગવદ્ રૂપ જોવાની તીવ્ર ઉત્કંઠાની સિદ્ધિ પણ ભગવાન દાન આપે ત્યારે જ શક્ય હોવાથી તદર્થ પણ માત્ર શ્રીકૃષ્ણનો જ આશ્રય કર્તવ્ય છે.

◆◆◆◆◆◆

શ્લોક – દસમો

सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत् ।
शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् ॥ १० ॥

अन्वय : सर्वसामर्थ्यसहितः सर्वत्र एव अखिलार्थकृत् अहं शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयामि ।

અર્થ :- જે સર્વસામર્થ્ય સહિત સર્વત્ર જ સકલ અર્થને કરનારા (સર્વત્ર સકલ અર્થને કરવા જે સર્વ સમર્થ છે) તેમજ શરણે આવેલાઓનો સારી રીતે જે ઉધ્ધાર કરનારા છે તેવા તે કૃષ્ણની હું વિજ્ઞાપના કરું છું. ॥ ૧૦॥

સ્તોત્ર વિવરણ :- નવમા શ્લોકમાં ભક્તિમાર્ગમાં કામપુરુષાર્થ એ ભગવદ્રૂપ દિદક્ષા હોવાથી ભગવાન જ કામપુરુષાર્થ હોઈ તેવી સિદ્ધિને અર્થે એક માત્ર કૃષ્ણ જ આશ્રયણીય છે. આના વિચારમાં કામપુરુષાર્થના નિર્ગુણ-સગુણ એવા બે ભેદોનો તે રીતે ચારે પુરુષાર્થોના પણ તે મુજબના બે ભેદોનો નિશ્ચય કરી જેનો જેવો ધર્મ તેના આધાર પર તેના અર્થ, કામ, મોક્ષનો પ્રકાર નિશ્ચય થાય છે તેમ વિચારી વ્રજવાસીઓનાં દષ્ટાન્તથી વિવેક, ધૈર્ય, ભક્તિના અભાવમાં પણ ભગવદાશ્રય જ રાખવો અને ચિત્ત પાપપ્રવૃત્તિમાં અતિશય આસક્તિવાળું હોય ત્યારે પણ તેના નિવારણ અર્થે પણ અન્ય ઉપાયો ન કરવા પણ માત્ર ભગવદાશ્રય ભાવ જ ધારણ કરવો અને કામ, ક્રોધ, લોભ વગેરેની પ્રબળરૂપે અન્તઃકરણમાં સ્થિતિ હોતાં પણ તેના વિષયોમાં પ્રવૃત્ત નહીં થઈ માત્ર આશ્રયભાવે સતત લીલાવગાહનાદિરૂપે શ્રીકૃષ્ણનાં સાન્નિધ્ય વડે જ તેનું નિવારણ કરવું અને તેને માટે પણ આથી ઈતર કોઈ ઉપાય કરવો નહીં અને આ પ્રકારે પોતાના હૃદયમાં આવિર્ભૂત કૃષ્ણરૂપ જ લૌકિક કામ નાશ અને ભગવત્કામની ઉપલબ્ધિ કરાવશે તેવો નિશ્ચય કરી હવે આ દસમા શ્લોકમાં **મોક્ષ પુરુષાર્થ** પણ ભગવાન જ છે અને તેથી તેને અર્થે પણ ભક્તિમાર્ગમાં સ્વતંત્ર ઉદ્યમ કરવાની કોઈ આવશ્યકતા જ નથી.

જ્ઞાનમાર્ગ આદિમાં થનારા મોક્ષથી પણ અધિક શ્રેષ્ઠ એવો જે ભક્તિમાર્ગીય મોક્ષ છે અને એ ભક્તિમાં સ્વયમ્ જ સિદ્ધ થાય છે તેમજ કોઈ પણ પ્રકારનો મોક્ષ હોય તો પણ તે માત્ર કૃષ્ણની જેવી મોચનેચ્છા તેના ઉપર નિર્ભર છે તેથી તે અર્થે પણ અન્ય પ્રયત્નોનો કે મોક્ષનાં સાધનોનો આશ્રય ન કરી માત્ર કૃષ્ણનો જ આશ્રય કર્તવ્ય છે એ હવે આગળ કહે છે :-

‘सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत्’ અહીં સર્વ ટીકાકારો આ પ્રમાણે જણાવે છે :-

શ્રીરઘુનાથજી :- **‘कर्तुमकर्तुमन्यथाकर्तुं समर्थत्वात्सर्वसामर्थ्यसहितस्त्वं मम प्रभुः । किं विशिष्टः ? यत्र क्वाप्यखिलान्सर्वान्वाञ्छितानर्थान्करोतीत्यखिलार्थकृत् ....’** કરવાનું, નહીં કરવાનું અને તેનાથી અન્યથા કરવાનું સમર્થપણું હોવાથી સર્વસામર્થ્યસહિત એવા આપ મારા પ્રભુ છો. તેમાં બીજું શું વિશિષ્ટ છે ? જ્યાં ક્યાંય પણ અખિલ એટલેકે બધા જ ઈચ્છેલા અર્થોને કરે છે એમ અખિલાર્થકૃત (ભગવાન છે).

શ્રીકલ્યાણરાયજી :- **‘सर्वं पूर्णं सामर्थ्यं सर्वेषां सर्वेषु वा, तत्सहित इतीच्छया स्वतोऽपि सर्वं करोति । ... सर्वं सामर्थ्यं येषां सुदर्शनादीनां तैः सहित इति वा, तैरपि भक्तानिष्टनिवारणात् ... । ननु सामर्थ्ये सत्यपि कदाचिदाश्रितं न रक्षेत्, मर्यादयैव वा यदि फलं दद्यात्तदा किमाश्रयेणेत्यत आहुः - सर्वत्रैव देशेषु वर्णेषु आश्रमेषु कर्मादिषु वाखिलार्थान्करोतीत्यखिलार्थकृत् ताच्छिल्यादौ क्विप् ‘सकृदेव’ ‘येदाराऽऽगारपुत्राप्ते’ त्यादिवाक्यैः सकृदपि शरणागतं भगवान् रक्षति किं पुनर्भजतः ।’** સર્વ એટલે પૂર્ણ સામર્થ્ય બધાનું જ અથવા બધામાં જ છે તેના સહિત, તેથી પોતાની ઈચ્છા વડે સ્વતઃ પણ સર્વ કરે છે. અથવા સર્વસામર્થ્ય જેનું છે તેવા સુદર્શન આદિનું તેના સહિત, તેના વડે પણ ભક્તોનું અનિષ્ટનિવારણ

કરાતું હોવાથી. ભગવાનમાં સામર્થ્ય હોતાં પણ ક્યારેક આશ્રિતને નહીં રક્ષે અથવા તો મર્યાદા વડે જ ફલ આપે ત્યારે પછી આશ્રયથી શું ? ત્યાં કહે છે - બધા જ દેશોમાં અથવા બધા જ વર્ણોમાં અથવા બધા જ આશ્રમોમાં, અથવા બધાં જ કર્મ આદિમાં અખિલ અર્થને કરે છે એમ અખિલાર્થકૃત્, તાચ્છિલ્ય વગેરેમાં ક્વિપ્ થાય (તેમ વ્યાકરણના નિયમથી) **‘सकृदेव’ ‘येदाराऽऽगार’** વગરે વાક્યો વડે એકવાર પણ શરણે આવેલાને ભગવાન રક્ષે છે તો પછી ભજન કરનારાઓને તો કેમ નહીં રક્ષે ? (રક્ષે જ છે).

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘कर्तुमकर्तुमन्यथाकर्तुं सामर्थ्यादिरूपैः सहितः। ननु तत्र दृष्टान्तनिदर्शनस्यादृश्यमानत्वात्कथं ज्ञायते तत्राह सर्वत्रेति । सर्वत्र योग्यायोग्यविचारेणाखिलानामखिलान् वार्थान् करोति करिष्यत्यकार्षीदित्यादिधर्मस्याविनाशित्वेन भगवति सर्वदा विद्यमानत्वात् ....’** કરવા, નહીં કરવા, અન્યથા કરવા સામર્થ્યાદિ રૂપો સહિત. ભગવાનના આવા સામર્થ્ય બાબતમાં ક્યાંય કોઈ આ મુજબનું દૃષ્ટાન્ત રૂપમાં જોવામાં આવતું નથી પછી કેમ કરી જાણી (માની) શકાય કે આવું સામર્થ્ય છે ? ત્યાં કહે છે - સર્વત્ર યોગ્ય-અયોગ્યના વિચાર વડે બધાના જ અથવા બધા જ અર્થોને કરે છે, કરશે અને કર્યા છે વગેરે ધર્મોના અવિનાશિપણા વડે કરીને તે ભગવાનમાં સર્વદા વિદ્યમાન હોવાથી.

શ્રીવ્રજરાજજી :- **‘परास्य शक्तिर्विविधैव श्रूयत’ इत्यादिश्रुतिभिः कर्तुमकर्तुमन्यथाकर्तुं च यावन्ति सामर्थ्यानि तत्सहितस्तदुपपादित- मजामिलादीतिपद्येन । ‘एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति’ ‘एष ह्येवानन्दयाती’ त्यादिश्रुतिभिः सर्वत्र देशेषु जीवेषु चाखिलार्थानां कृत् ..... परास्य शक्तिः’** વગેરે શ્રુતિઓ વડે કરવાનું, નહીં કરવાનું અને અન્યથા કરવાનું જે કંઈ પણ સામર્થ્ય છે તેના સહિત એમ **‘अजामिलादि’** આ શ્લોક - વડે ઉપપાદિત થયું છે. **‘एतस्यैव’ ‘एष**

ह्येव' વગેરે શ્રુતિઓ વડે સર્વત્ર એટલે સર્વ દેશો-સ્થળોમાં અને જીવોમાં અખિલ અર્થોને કરનારા એમ **'आक्वेस्तच्छीलतद्धर्मतत्साधुकारिषु'** આના વડે તાચ્છીલ્યમાં ક્વિપ્ થઈને **'कृत्'** નો અર્થ કર્તા એમ સમજવો.

વિવરણકાર :- **'सर्वं यावदलौकिकैश्वर्यवीर्यादिगुणानां कर्तुमकर्तुमन्यथाकर्तुं यत्सामर्थ्यं तत्सहितः सन् तं प्रति स्वरूपानन्दं दातुं स्थितो भवतीत्यर्थः । ..... ननु प्रभोः सर्वं सम्भवति परं तादृशेन प्रभुणा सह साम्येन स्वरूपानुभवः कथं सुवचो जीवस्य तत्राहुः सर्वत्रैवाखिलार्थकृदिति। 'पुष्टिं कायेने'तिवाक्यात्तादृशं तं भक्तं साक्षाद्रसात्मकस्वचरणारविन्दमकरन्दरजसाऽलौकिकदेहादिसम्पत्तिपूर्वकं लीलासमाजे प्रकटीकृत्य सर्वत्रैव देहप्राणेन्द्रियादिष्वखिलार्थान् रसात्मकालौकिकवयोगुणादिरूपानलौकिकैश्वर्यगुणादिसामर्थ्यरूपान् करोतीति तथोक्तमतमेवालौकिकसामर्थ्यं पुष्टिफलं निरूपितं सेवाफले।'** સર્વ જ્યાં સુધીનું અલૌકિક ઐશ્વર્ય, વીર્ય વગેરે ગુણોનું કરવાનું, નહીં કરવાનું, અન્યથા કરવાનું જે સામર્થ્ય છે તેના સહિત હોઈને તેના પ્રતિ સ્વરૂપાનન્દને આપવા સ્થિત થાય છે તેમ અર્થ છે. પ્રભુનું સર્વ (સામર્થ્ય) સંભવ છે પણ તેવા પ્રભુની સાથે સમાનતાથી સ્વરૂપાનન્દાનુભવ જીવને થાય છે તેમ કહેવું કેમ બરાબર કહી શકાય ? ત્યાં કહે છે - **'पुष्टिं कायेन'** એ વાક્યથી તેવા તે ભક્તને સાક્ષાત્ રસાત્મક પોતાનાં ચરણકમલ મકરન્દની રજ વડે (તે જીવને) અલૌકિક દેહ વગેરે સમ્પત્તિપૂર્વક લીલા સમુદાયમાં પ્રકટ કરીને સર્વત્ર જ દેહ, પ્રાણ, ઈન્દ્રિય વગેરેમાં અખિલ અર્થોને એટલે કે રસાત્મક અલૌકિક વય, ગુણ આદિ રૂપોને અલૌકિક ઐશ્વર્ય ગુણ આદિ સામર્થ્ય રૂપોને કરે છે તેથી **'सर्वत्रैवाखिलार्थकृत्'** એમ કહ્યું છે, આથી જ અલૌકિક સામર્થ્ય પુષ્ટિફલ છે એમ નિરૂપણ સેવાફલ (ગ્રન્થમાં) થયું છે.

'शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम्' અહીં સર્વ ટીકાકારો આ

મુજબ લખે છે :-

શ્રીરઘુનાથજી :- **'यतस्त्वमेवंविधः स्वामी अतः कारणात् कृष्ण हे परब्रह्म शरणस्थस्य शरणागतस्य सम्यगुद्धारं विज्ञापयामि अहं त्वत्पुरःस्थितः शरणार्थी ।'** (હે પ્રભુ !) તમે અમારા આ પ્રકારના (શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યા મુજબના) સ્વામી છો અતઃ આ કારણથી કૃષ્ણ એટલે કે પરબ્રહ્મ શરણસ્થના એટલે કે શરણે આવેલાના સારી પેઠે ઉદ્ધાર અર્થે હું આપની વિજ્ઞાપના કરું છું. હું આપની સમક્ષ ઉપસ્થિત શરણ પ્રાપ્તિની ઈચ્છાવાળો છું.

શ્રીકલ્યાણરાયજી :- **'पूर्वोक्तं शरणे स्थितं सम्यगनायासेनोद्धरति, सकृदागतं तु यथाकथञ्चित् । ईदृशं श्रीकृष्णमहमाश्रयं विज्ञापयामि । कृष्णेतिसम्बोधनपाठे शरणस्थमुद्धारं विज्ञापयामीत्यन्वयः । अनेनेश्वरे दीनभावः कर्तव्य इति सूचितम्, दीनभावेन कृतस्यैवेश्वरतोषहेतुत्वात् ।'** પૂર્વોક્ત પ્રકારે જે શરણમાં રહેલા છે તેનો સારી પેઠે અનાયાસ ઉદ્ધાર કરે છે, જે લોકો થોડાક જ એટલે કે સમ્પૂર્ણ શરણે નહીં જઈને સાધારણ રૂપમાં જ શરણે ગયેલા છે તેમનો જે કોઈ પણ પ્રકારે જેમ થઈ શકતો હોય તે પ્રકારે ઉદ્ધાર કરે છે, આવા કૃષ્ણ-આશ્રયને હું વિજ્ઞાપના કરું છું. અહીં (કૃષ્ણ પદમાં દ્વિતીયા વિભક્તિની જગ્યાએ) કૃષ્ણ એમ સમ્બોધન પાઠ લેતાં હે કૃષ્ણ ! શરણસ્થોના સમુદ્ધારની હું વિજ્ઞાપના કરું છું એમ અન્વય કરવો. આના વડે ઈશ્વરમાં દીનભાવ કરવો એમ સૂચિત કર્યું છે, દીનભાવ કરવા થકી જ તે ઈશ્વરના તોષનું કારણ બને છે.

શ્રીદ્વારિકેશ્વરજી :- **'तथापि भगवतः सर्वसमत्वात्सर्वमुक्त्यनवसरेऽप्रार्थितः कथमुद्धरिष्यतीत्यत आह शरणस्थेति । ये च शरणं गत्वा तस्मिन्नेव धर्मे स्थितास्तेषामुद्धरणे अप्रार्थितोऽपि भूकृतप्रयत्नः सर्वदैव वर्तते किं पुनर्मत्प्रार्थितः । यथा भूम्युद्धारचिकीर्षायामपि ब्रह्मणा भूम्या दुःखनिवेदनरूपप्रार्थनानन्तरमेव**

समाधौ तद् गिरः श्रवणानन्तरमेव साक्षाद्भगवानवतीर्यास्मानुद्धरिष्यतीत्येवं निश्चयो जात एवं मत्प्रार्थितो मदीयानामाश्रयो भवत्येवेति निश्चित्य मदीयैः सर्वथा सर्वं परित्यज्याश्रय एव कर्तव्यः । एतदेवाभिसन्धायाचार्यैरुक्तं ‘कृष्णं विज्ञापयाम्यह’मिति । यद्वा, मदीयैरेवं स्तुतिरेव कार्या, मत्प्रार्थितः स्वयमेवाश्रयो भविष्यति नात्र युष्मत्कृतिमपेक्षते ।’ તેમ છતાં પણ ભગવાન સર્વમાં - સર્વ માટે સમાન હોવાથી સર્વમુક્તિનો (પ્રકટ અવતાર દશા) અવસર નહીં હોતાં તેવા સમયે પ્રાર્થના નહીં કરાતાં અપ્રાર્થિત ભગવાન શા માટે ઉદ્ધાર કરશે ? તેમ મનમાં આવે તો તે માટે કહે છે - જે લોકો શરણે જઈને તે શરણના ધર્મમાં જ રહેલા છે તેમના ઉદ્ધારમાં પ્રાર્થના નહીં કરાતાં પણ ભૂકૃત પ્રયત્ન (આની ચોખવટ આગળ છે) સર્વદા જ કહે છે તો પછી મારા વડે પ્રાર્થના કરાતાં ભગવાન શા માટે ઉદ્ધાર નહીં કરશે ? જેમ ભૂમિનો ઉદ્ધાર કરવાની ઈચ્છામાં પણ બ્રહ્માના માધ્યમથી ભૂમિ વડે પોતાના દુઃખોનુ નિવેદન કરવાના રૂપમાં ભગવાનને પ્રાર્થના કરાયા પછી જ સમાધિમાં (હું પ્રકટ થઈશ તેમ) ભગવદ્વાણી સાંભળ્યા પછી જ સાક્ષાદ્ભગવાન અવતરીને અમારો ઉદ્ધાર કરશે એ પ્રમાણેનો નિશ્ચય થયો, તેમ મારા વડે પ્રાર્થના કરાતાં મારા જે સેવકો-મદીયો છે તેમનો આશ્રય ભગવાન થાય જ છે તેમ નિશ્ચય કરીને મારા જે સેવકો-મદીયો છે તેમણે બધું જ બીજા બધા જ પ્રયત્નોનો સર્વથા પરિત્યાગ કરીને (ભગવાનનો) આશ્રય જ કરવો. આ જ અભિસંધાન કરીને શ્રીઆચાર્યચરણે કહ્યું છે કે કૃષ્ણને હું વિજ્ઞાપના કરું છું. અથવા જે મદીયો-મારા સેવકો છે તેમણે આ (કૃષ્ણાશ્રય મુજબની) સ્તુતિ જ કરવી, જેમની મારા વડે પ્રાર્થના કરાઈ છે તેવા ભગવાન પોતે જ આશ્રય થશે, તેમાં (આશ્રય થવામાં) ભગવાન તમારી કૃતિ-સાધનની અપેક્ષા કરતા નથી.

શ્રીવ્રજરાજજી :- **‘एतादृशं कृष्णमहं जगदुद्धारार्थमाज्ञप्तो वैश्वानर आचार्यवर्यः शरणस्थानां शरणमार्गवर्तिनां समुद्धारं सम्यक् आज्ञप्तमार्गप्राप्यपरमफलपर्यन्तमुद्धारं विज्ञापयामि । समानाधिकरण्यादध्याहारानाक्रमाच्च प्रथमान्तद्वयमहंपदस्यैव विशेषणं वा। तथा च तादृशदैन्याभावेऽपि मयि विश्वासेनैतच्छरणमार्गस्थितौ श्रीमदाचार्यचरणकृपयैवास्माकमुद्धार इति निश्चयदार्ढ्येऽपि तत्कृतं साधनान्तरमनपेक्ष्य मद्विज्ञापनादेवोद्धरिष्यतीत्यर्थः ।’** આ પ્રકારના કૃષ્ણને હું એટલે જગતના ઉદ્ધાર અર્થે જેમને ભગવાને આજ્ઞા કરેલી છે તેવો આજ્ઞપ્ત વૈશ્વાનર આચાર્યવર્ય હું શરણસ્થોના-શરણે રહેલાઓના એટલે શરણમાર્ગનું વર્તન કરનારા શરણમાર્ગ પર ચાલનારાઓના સમુદ્ધાર એટલે સારી પેઠે આજ્ઞા કરાયેલ માર્ગ (તમે જગતનો ઉદ્ધાર કરો તેવી આજ્ઞાને કારણે આજ્ઞા અનુસાર સર્વના સમુદ્ધારાર્થ જે માર્ગ શ્રીવલ્લભે પ્રકટ કર્યો તે માર્ગ) નું પ્રાપ્ય-પ્રાપ્ત થનારું જે પરમ ફલ છે ત્યાં સુધીના ઉદ્ધારની વિજ્ઞાપના કરું છું. અથવા તો સમાનાધિકરણ્ય હોવાથી અને એમાં અધ્યાહાર અનાક્રમ હોવાથી પ્રથમા વિભક્તિ જેના અન્તમાં છે એવા (શ્લોકના પૂર્વ બે ચરણસ્થ) બે પદો **‘अहं’** પદનું વિશેષણ સમજવું (સર્વસામર્થ્ય સહિત અને સર્વત્ર જ અખિલ અર્થેને કરનાર એવો હું વૈશ્વાનર શ્રીવલ્લભ એમ અર્થ સમજવો.) આ પ્રમાણે હોતાં તે પ્રકારના (નવમા શ્લોકમાં જણાવેલા) દૈન્યના અભાવવાળી સ્થિતિમાં પણ મારામાં વિશ્વાસ વડે આ શરણમાર્ગમાં સ્થિતિ કરાતાં શ્રીઆચાર્યચરણની કૃપા વડે જ અમારો ઉદ્ધાર છે એમ નિશ્ચયની દઢતા થતાં પણ તેવા જીવ દ્વારા થઈ શકતાં ઈતર સાધનોની અપેક્ષા નહીં રાખીને મારી વિજ્ઞાપન માત્રથી જ ભગવાન ઉદ્ધાર કરશે એમ અહીં અર્થ છે.

વિવરણકાર :- **‘अत्र शरणपदं सर्वात्मभावपरम् । अलौकिकसृष्टिः सर्वैतादृग्भाववत्येवेति शरणस्थस्यसर्वात्मभावस्थस्यपूर्वोक्तभक्ततत्तल्लीलानन्दसमुद्रमग्नस्य-तत उद्धारं करोतीति शेषः । अन्यथैकस्यां लीलायां मग्नस्य द्वितीया साननुभूतैव तिष्ठेत् । .... तं पुनः केवलशुद्धभावात्मकत्वेन संघातस्य स्वरूपत्वाधारत्वेन स्वस्वरूपात्मकं केवलानुभवान् (?) (केवलानन्दानुभवात्मकं) बालकभावरूपं कृष्णं**

करोतीत्याश्रयलीला निरूपिता । 'कृष्ण' मित्यत्रापि करोतीतिक्रिया योज्या ।.... पूर्वं सर्वसमर्थत्वेन स्वतंत्रकर्ता प्रभुरिति प्रथमान्तपदं दत्तम्। अग्रे स्वेप्सितत्वेन पदद्वयं द्वितीयान्तमुक्तम्, तेन तादृशः प्रभुरेव स्वेप्सितं करोतीतिक्रियाध्याहारेण कर्तृकर्मक्रियान्वयसम्बन्धोऽत्र ज्ञेयः ।.... एवं साधनफलस्वरूपविवेकेनाश्रयं निरूप्य तस्य लोभनिष्ठसुधैकफलत्वेन तस्याश्च भगवद्भोग्यैकभोग्यत्वाददेयतमत्वेन प्रभोर्निवेदनीयमिति तदग्रे कृत्वा निवेदयन्त आहुः विज्ञापयाम्यहमिति । किञ्चिदिति शेषः ।'

અહીં પ્રયોજાયેલ શરણ પદ સર્વાત્મભાવ પરક છે. અલૌકિક સૃષ્ટિ છે તે બધી જ તેવા સર્વાત્મભાવવાળી જ છે તેથી શરણસ્થનો એટલે સર્વાત્મભાવમાં રહેલાઓનો-પૂર્વોક્ત ભક્ત કે જે તે-તે લીલાનન્દ સમુદ્રમાં મગ્ન છે તેનો ત્યાંથી ઉદ્ધાર-ઉદ્ધરણ કરે છે એમ શેષ સમજવું. અન્યથા (જો એમ ન હોય તો) એક લીલામાં મગ્ન થયેલો બીજી લીલાના અનુભવ વિનાનો જ રહે ... તેને ફરીથી કેવલ શુદ્ધ ભાવાત્મકતા વડે સંઘાતનું સ્વરૂપપણાએ આધારપણા વડે સ્વ-સ્વરૂપાત્મક કેવલાનન્દાનુભવાત્મક બાલક ભાવરૂપ કૃષ્ણને કરે છે, એમ આ પ્રકારે આશ્રયલીલા નિરૂપિત કરી છે. **'कृष्णम्'** અહીં પણ **'करोति'** એમ ક્રિયા (ક્રિયાપદ) યોજવી ...... પૂર્વમાં - પ્રથમ સર્વસમર્થતા વડે સ્વતંત્રકર્તા પ્રભુ છે એમ પ્રથમાન્ત પદ (**'सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत्'**) મૂક્યું છે, આગળ (ત્રીજા-ચોથા ચરણમાં) સ્વ-ઇચ્છાપણા વડે બે પદ (**'शरणस्थसमुद्धारम्-कृष्णम्'**) દ્વિતીયા વિભક્તિવાળા કહ્યા છે. તેના વડે તેવા પ્રભુ જ પોતાની ઈચ્છાના અનુસાર કરે છે એમ ક્રિયાના અધ્યાહાર વડે કર્તૃ-કર્મ-ક્રિયાનો અન્વય સંબન્ધ અહીં જાણવો .... આ પ્રમાણે સાધન, ફલ, સ્વરૂપના વિવેક વડે આશ્રયનું નિરૂપણ કરીને તે આશ્રયનું લોભનિષ્ઠ સુધા જ એક માત્ર ફલત્વેન હોવાથી તે સુધાનું ભગવદ્ભોગ્યૈક ભોગ્યપણું હોવાથી તેનું અદેયતમત્વ - અત્યન્ત અદેય હોવાથી તેને અર્થે (માત્ર) પ્રભુને નિવેદન કરવું તે આગળ નિવેદન

કરતાં કહે છે - હું વિજ્ઞાપના કરું છું. અહીં **'किञ्चित्'** એટલું શેષ સમજવું.

જેનો જેવો અધિકાર તેને અધિકાર અનુસાર ફલ મળે છે અને જીવનો અધિકારનિર્ણય તેના આવિર્ભાવકાળમાં જ થઇ ચૂક્યો હોવાથી જ્ઞાન, કર્મ કે ભક્તિનો કે પછી ભક્તિમાં પણ શુદ્ધ-મિશ્રભેદથી જે પણ અધિકાર નિશ્ચય છે તે તો થયેલો જ છે અને અધિકાર અનુસાર ફલ થવાનું જ છે તે પછી કૃષ્ણાશ્રય નહીં કરવાથી પણ કંઇ ગેરલાભ થવાનો નથી અને કૃષ્ણ આશ્રય કરવાથી કંઇ અધિક થઇ શકવાનું નથી, તો પછી શા માટે સ્વાધિકારાનુસારના માર્ગનાં સાધનો નહીં સાધી માત્ર કૃષ્ણ આશ્રય જ સાધવો કે પછી ભક્તિમાર્ગના અધિકારી હોતાં ભક્તિમાર્ગસ્થ જે ફલ છે તે થવાનું જ છે તો પછી શા માટે તેમણે પણ કૃષ્ણ આશ્રય સાધવા મથવું ? તો આના ઉત્તરમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે કે ભગવાન સર્વ સામર્થ્યસહિત છે.

જગતમાં જ્યાં ક્યાંય પણ જે કંઇ પણ સામર્થ્ય દેખાય છે કે અનુભવાય છે તે બાબતમાં ગીતામાં જણાવે છે કે :-

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽश सम्भवम् ॥

(ગીતા. ૧૦-૪૧)

આ સમ્પૂર્ણ જગતમાં વિશેષ ભવનવાળા જે કંઇ પણ સત્ત્વ છે તે બધા જ ભગવત્તેજના અંશ વડે ઉત્પન્ન થયેલા છે. અતઃ જ્ઞાનાદિ માર્ગોમાં પણ જે ઉત્તમ ફલ સાધવાનું સામર્થ્ય છે તે વસ્તુતઃ ભગવાનનું જ સામર્થ્ય છે. ભગવાને પોતાની રમણ-ક્રીડા કરવાની ઈચ્છાથી જ જુદા-જુદા માર્ગો અને તેના અધિકારો સાથે જીવોને પ્રકટ કર્યા. જીવોની સ્થિતિ અનુસાર તેમના અધિકારનો નિશ્ચય નથી પરન્તુ અધિકાર અનુસાર જીવોની તે-તે મુજબ સ્થિતિ છે અતઃ અધિકારનો નિશ્ચય એટલે કે આ જીવો અમુક અધિકારવાળા થાઓ અને આ જીવો અમુક

અધિકારવાળા થાઓ એવી ભગવાનની ક્રીડેચ્છાના આધારે જીવોનો અધિકાર નક્કી થયેલો છે તેથી અધિકાર અનુસારના ફલમાં પણ આ અધિકારવાળાઓ અમુક ફળનો લાભ કરનારા થાઓ તેવી ભગવાનની ઈચ્છા જ મૂલ હેતુભૂતા છે. આ પ્રકારે સર્વ માર્ગોના, અધિકારીઓ અને તેમના અધિકારો અને અધિકારાનુસારનાં ફળો તે સર્વના નિયન્તા ભગવાન એકમાત્ર છે. ભગવાનનું આ સર્વનિયન્તાપણું સંવૈધાનિક એટલે કે કોઈક નિશ્ચિત નિયમથી ઉદ્ભવેલું કે સ્થાપેલું નથી પરન્તુ તે મૌલિક છે તેથી સ્વામિત્વેન તે સર્વનિયન્તા છે. અતઃ ભગવાન જે-જે પણ ફલદાન કરે છે કે કરાવે છે તે તે મુજબ આપવા-અપાવવા બંધાયેલા છે તેવું નથી પરન્તુ ભગવાને જે પોતાની ઈચ્છા વડે નક્કી કર્યું છે તેને શાસ્ત્રોએ માર્ગ, અધિકાર, ફલ વગેરે દ્વારા જણાવ્યું છે. જો તેમ ન હોતે તો જે મુજબનું ફળ ત્રણે માર્ગો પૈકી કોઈ પણ માર્ગથી થવું શક્ય નથી અને વેદાદિ શાસ્ત્રોમાં નિર્દિષ્ટ સાધનો વડે પણ જે ફલ સધાવું શક્ય જ નથી તે સ્વરૂપાનન્દદાન રૂપ દુર્લભ ફલ શ્રુતિઓને વરદાનમાં ભગવાન કેવી રીતે આપી શકતે ? જીવના વ્યુચ્ચરણ કાલમાં પોતાના સ્વરૂપાનન્દ સમ્બન્ધિની નિજસૃષ્ટિને માટે જ જે ફલરૂપ સ્વરૂપાનન્દ છે તે તેમના સિવાય ઈતરને પ્રાપ્ત થવું જોઈએ નહીં, છતાં પણ ભગવાને શ્રુતિઓના મનોરથ પૂર્ણ કર્યા, તેમજ પૂર્વમાં આપણે જે ભક્તોની ચર્ચા કરી ગયા તે અન્તર્ગૃહગતા વ્રજભક્તો તેમણે તો ભગવત્ પ્રસન્નતાને અર્થે પણ કોઈ સાધન કર્યાં ન હતાં, તેમ છતાં પણ સ્વતંત્ર અનુગ્રહે જ ભગવાને તેમના હિમાલયથી મહાન પહાડ સમાન દોષોને દૂર કરી પોતાનું સાયુજ્યરૂપ ફલ આપ્યું અને વિશેષ અનુગ્રહે નિજસૃષ્ટિવત્ ફલદાન કર્યું. આ સ્થળની સુબોધિનીજી જોતાં માલૂમ પડે છે કે તેમના દોષોની સમાનતા હિમાલયથી થઈ શકે તેમ નથી. કરોડો બ્રાહ્મકલ્પ જેટલા સમયમાં કુમ્ભીપાક વગેરે નરકોની અસહ્ય યાતનામાં જે દુઃખ થાય તેવા દુઃખના અનુભવથી તેમનો પાપનાશ અને કરોડો બ્રાહ્મકલ્પ જેટલા સમયમાં સ્વર્ગાદિક લોકમાં વિવિધ વિષય ભોગો વડે જે અતિશય સુખનો અનુભવ થાય તેવા સુખાનુભવથી તેમનો પુણ્યનાશ થયો એમ શ્રીઆચાર્યચરણ લખે છે. આના ઉપરથી એમના દોષોની સંખ્યા જાણી શકાય છે. મોક્ષમાં પુણ્ય પણ દોષરૂપ જ છે. આવા દોષોવાળાઓને જે કરોડો જન્મ લઈને પણ દોષ નાશ સંભવ નથી તેવાઓના દોષોને માત્ર બે ક્ષણમાં જ કરોડો જન્મોના દ્વિગુણ આવર્તન બરાબર ફલ ભોગવાવડાવી ત્રીજી ક્ષણમાં જ ભગવાને એમનો મોક્ષ સાધ્યો છે એ જ એમના સર્વસામર્થ્યમાં ઉદાહરણ પર્યાપ્ત છે. જ્યારે ભગવાને તેવાઓને પણ માત્ર અદેય જ નહીં, અદેયતર નહીં પણ અદેયતમ જે ફલ છે કે જેને ભગવાને જ બૃહદ્વામન પુરાણમાં વરદાન પ્રસંગમાં દુર્લભ અને દુર્ઘટ શબ્દોથી જણાવ્યું છે તે ફલની ઉપલબ્ધિ કરાવી. ભગવાનનું આ સામર્થ્ય તો અતિશય નિરંકુશ સામર્થ્યને દર્શાવે છે. ઉપરના અન્તર્ગૃહગતાનાં દૃષ્ટાન્તમાં તેમનાં પાપોનાં નિવારણમાં દુઃખોનું જે પરિમાણ બતાવ્યું છે તે મૂલ ભાગવતમાં **'जहुर्विरहजं तापम्'** એનાં ઉપરના વ્યાખ્યાનમાં શ્રીઆચાર્યચરણે જણાવ્યું છે. તેવી જ રીતે તેમનાં પુણ્ય નિવારણમાં જે સુખનું પરિમાણ બતાવ્યું છે તે મૂલમાં **'ध्यानप्राप्ताच्युताश्लेष'** આનાં વ્યાખ્યાનમાં કહેવાયું છે. તેથી તેમનો વિરહ અને તેમનું ધ્યાન આ બન્ને ભગવાનને આત્મત્વેન જાણીને નથી પરન્તુ તે પણ ભગવાનમાં જારભાવે જ છે. એમનામાં આ જારભાવને જ સપ્તમ સ્કન્ધમાં **'गोप्यः कामात्'** થી કંસાદિમાં રહેલા ક્રોધ-ભય વગેરેના સમાન કામ શબ્દથી જણાવેલો છે. અતઃ તે કોઈ પણ પ્રકારે અને ક્યારેય મોક્ષ સાધન બની શકે તેમ નથી તેથી તે અસાધન જ છે. તેમ છતાં પણ અસાધનને પણ સાધન બનાવવાનું ભગવત્સામર્થ્ય છે તે ભગવત્સામર્થ્યમાં જ **તમારે આશ્ચર્ય કરવા જેવું નથી** એમ ત્યાં જણાવ્યું છે, નહીં કે કામ, ક્રોધાદિને પણ મોક્ષ સાધન તરીકે જણાવવાનું ત્યાં ભાગવતકારનું તાત્પર્ય છે. કામ, ક્રોધાદિ અસાધન છે એમ કહેવું પણ બરાબર નથી કારણ કે તે મોક્ષમાં વિપરીત સાધનો છે. અતઃ આવાં વિપરીત સાધનોને પણ ભગવાન સાધન બનાવી શકે છે એ એમનું અકલ્પ્ય સામર્થ્ય છે. અતઃ જો ભગવાન સ્વબલે અસાધનને પણ સાધન બનાવી માત્ર પોતાની સાથેના સમ્બન્ધનો જ ખ્યાલ કરી ભગવદ્ ભાવ વિહોણાઓને પણ ઉત્તમ ફલ દાન કર્યું છે તો પછી જો કોઈ શ્રીઆચાર્યચરણ નિર્દિષ્ટ આશ્રયભાવે શરણાગત થઈને રહે તો તેને કેમ સિદ્ધિ નહીં થશે ? અતઃ આ પ્રકારે વિચારતાં કૃષ્ણાશ્રય નહીં કરવાથી કંઈ

ગેરલાભ થવાનો નથી અને કૃષ્ણાશ્રય કરવાથી કંઇ અધિક થઇ શકવાનું નથી, તો પછી સ્વાધિકારાનુસારના માર્ગમાં પ્રવર્તન નહીં કરી શા માટે કૃષ્ણાશ્રય રાખવો આ પ્રશ્નનું સમાધાન થઇ જાય છે.

કોઇ પણ પ્રયત્ન બલ વિના શક્ય નથી. બલહીન વ્યક્તિ દ્વારા કરાયેલો પ્રયત્ન એ માત્ર નિરર્થક શ્રમરૂપ જ હોય, સફલ હોતો નથી. તેથી જ ઉપનિષદ પણ કહે છે કે **‘नायमात्मा बलहीनेन लभ्यः’** (મુંડકોપનિષદ્ ૩,૨,૪) અતઃ મોક્ષ અર્થેનો પણ પ્રયત્ન બલહીન-નિર્બલ સ્થિતિમાં થાય તો તેનું પુરુષાર્થત્વ જ રહેતું નથી. કારણ કે તે માત્ર નિરર્થક શ્રમથી અધિક કંઇ પણ નથી. સાધારણ રીતે મોક્ષ માટેનું જે બલ છે તે વર્ણબલ, આશ્રમબલ અને વર્ણ-આશ્રમના અનુસાર આચરણ કરવાથી રજોગુણ-તમોગુણ દબાવી પ્રવૃદ્ધ બનેલ સત્ત્વભાવબલ. આ સત્ત્વભાવની વૃદ્ધિના અર્થેના જે પણ સાધનો શાસ્ત્રમાં દર્શાવાયેલાં છે તે સામ્પ્રત સમયમાં નષ્ટ થયેલા હોઇ તે શક્ય નથી રહ્યું. આવી સ્થિતિમાં નવમા શ્લોકમાં કહેવાયેલ અન્તઃકરણવાળાઓને માટે અવિદ્યાનિવૃત્તિ કે પછી એને મોક્ષ કહીએ તો મોક્ષ પ્રાપ્તિ એ તો આસમાનના તારા તોડવા જેવી વાત બની જાય છે. અતઃ મોક્ષની ઇચ્છા કરવી એમાં પણ મનમાં ભાર વધારવા સિવાય બીજું કશું જ નથી અને આમ હોતાં પછી મનુષ્યની સદ્ધર્માચરણ કરવામાં પ્રવૃત્તિ જ નહીં થાય અને તેમ હોતાં બહુ જ મોટી શાસ્ત્રીય, સામાજિક વગેરે અવ્યવસ્થાઓનો દોષ આવી પડે છે, તેમ હોતાં તો પછી વેદ, ભાગવત, ગીતાદિ શાસ્ત્રોની પણ સામ્પ્રત સમયમાં નિરર્થકતા સિદ્ધ થશે ? આવા વિચારોને નિરસ્ત કરવા શ્રીઆચાર્યચરણ જણાવે છે કે **ભગવાન સર્વસામર્થ્યસહિત છે અને સર્વત્ર અખિલ અર્થને કરનારા છે.**

જેમ લાઇટના બલ્બમાં ઇલેક્ટ્રિકના પ્રવેશથી જ ગોળો પ્રકાશનું સાધન બને છે અન્યથા બલ્બ પૂરેપૂરો સહીસલામત હોવા છતાં પણ ઇલેક્ટ્રિકના અભાવમાં પ્રકાશ પાથરી શકતો નથી, તેમ જગતમાં કહેવાતાં યાવન્માત્ર સાધનોનું સાધનત્વ ભગવદ્ બલ થકી જ છે. એ જ વાત આપણને પુરુષસૂક્તમાં **‘यज्ञेन यज्ञमयजन्त देवाः’** વગેરે મંત્રોથી જાણવા મળે છે. ત્યાં યજ્ઞની અલૌકિકતા સિદ્ધિને અર્થે ભગવાન પોતે જ યજ્ઞના સ્રુવા-સ્રુક્ વગેરે સાધનો બન્યાં ત્યારે તે સાધનો વડે દેવોએ યજ્ઞ સમ્પન્ન કર્યો અને તે પ્રકારે ભગવાન યજ્ઞનારાયણનું યજન કર્યું. તેવી જ રીતે સૃષ્ટિ કરો તેવી ભગવદાજ્ઞા થતાં બ્રહ્માજીએ સૃષ્ટિ પ્રકટ કરવાનો વિચાર કર્યો, પણ તે માટે પોતાનામાં બલ નહીં જણાતાં તેમણે તપ કરીને ભગવદારાધના વડે ભગવાનને પ્રસન્ન કર્યા ત્યારે પ્રસન્ન થયેલા ભગવાને પોતાનું સર્જન કરવાનું બલ સ્થાપિત કરતાં બ્રહ્માજી સૃષ્ટિ રચના કરવા સક્ષમ બન્યા. તેમણે તપ વડે ભગવાનને પ્રસન્ન કર્યા તેમાં પણ તપોબલથી ભગવાનને પ્રસન્ન થવું જરૂરી હતું ને પ્રસન્ન થયા તેમ નથી, પરન્તુ ભગવત્ કાર્યને અર્થે બ્રહ્માજીએ મહાન્ કાર્ય કર્યું છે તેથી ભગવાન પ્રસન્ન થયા છે, અન્યથા ભગવત્કાર્યને કરવા સિવાયનો જો તપ રૂપ ઉદ્યમ હોતે તો આથી હજારગણું વધુ તપ કરતે તોયે ભગવત્પ્રસન્નતાને પામી શકતે નહીં, પરન્તુ બ્રહ્માજીએ સેવકભાવે સેવકધર્મનો નિર્વાહ કર્યો હતો. તેવી જ રીતે કેનોપનિષદ્ના તૃતીયખંડમાં ઇન્દ્ર, અગ્નિ, વાયુ, વરુણ વગેરે દેવોએ સંગ્રામમાં અસુરોને જીત્યા પછીથી અહંકારને વશ થઇ વિવાદમાં પડ્યા કે કોના બલથી સંગ્રામ જીત્યા, ત્યારે યક્ષરૂપે ભગવાને પ્રકટ થઇ એક તણખલું નાંખ્યું અને કહ્યું કે જો તમે દેવો ખરેખર બલવાન હો તો તમારી શક્તિથી આ ઘાસના તણખલાનો નાશ કરો, પણ ઇન્દ્રના વજ્રના પ્રહારથી, અગ્નિની દાહકતાથી, વાયુના શોષકપણાથી કે વરુણના જલના પ્રભાવથી તણખલાનો નાશ ન થયો અને બધાના જોતાં-જોતાં યક્ષ અદશ્ય થઇ ગયા. ત્યારે બધા વચ્ચે એકની જગ્યાએ બે પ્રશ્ન ચિહ્નો બની રહ્યાં જેમાં એક તો જો અમારામાં તણખલાનો નાશ કરવા જેટલી પણ શક્તિ નથી તો પછી કઇ શક્તિના કારણે સંગ્રામ જીતાયો અને બીજો પ્રશ્ન કે આ યક્ષ કોણ છે જે અમારા જેવા દેવોથી પણ અજાણ્યો છે ? ત્યારે ભગવતી ઉમાદેવીએ પ્રકટ થઇને કહ્યું કે આ યક્ષ સાક્ષાત્ પરમાત્મા જ હતા અને તેમના બલથી જ તમે જીતી શક્યા છો. આ પ્રકારે આ સમ્પૂર્ણ વિશ્વમાં બલ એકમાત્ર પરમાત્મા જ છે અને તેથી જ ઉપનિષદ્ વાક્યમાં આ આત્મા એટલે પરમાત્મા ભગવાન બલહીન એટલે ભગવદનુગ્રહબલથી હીન એવા લોકોને લભ્ય નથી એમ

અર્થ છે.

આ રીતે વિચારતાં મોક્ષમાર્ગમાં પ્રયત્ન અને મોક્ષપ્રાપ્તિ એ બન્ને ભગવત્સામર્થ્યથી જ શક્ય બને છે. મોક્ષમાર્ગમાં પણ જીવ ત્યારે જ પ્રયત્નશીલ થાય છે જ્યારે ભગવાન તેને પ્રયત્ન કરવા જેટલું સામર્થ્ય આપે છે અને તે પ્રયત્નોના અન્તે પણ ત્યારે જ મુક્ત થાય છે જ્યારે તેને માટે ભગવાનમાં મોચનેચ્છા હોય, ત્યારે જ તેના વડે કરાયેલાં સાધનો પૂર્ણતાને પામી મોક્ષદ્વાર ખુલ્લાં કરી દે છે. ભગવાન આ જ વાતને ગર્ભિત ભાષામાં ગીતામાં જણાવે છે કે :-

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥

(ગીતા. ૭-૩)

પ્રાયઃ કરીને મનુષ્ય પોતાનાં જ બલ-સામર્થ્યનું અવલમ્બન રાખી સુખભોગને અર્થે યત્ન કરતો રહે છે. તે પોતાના દ્વારા અનેકવિધ ઉપાયો કરીને સુખભોગ મેળવવા લાલાયિત રહે છે. આવા હજારો-લાખો લોકોમાંથી કોઈક જ એટલે કે ભગવદનુગ્રહભાજી મનુષ્ય હોય છે જે નશ્વરસુખની ઈચ્છા નહીં રાખી શાશ્વત સુખ-સાચું સુખ મેળવવા ભગવત્ કૃત સાધનોનું અવલમ્બન કરે છે. આવા પણ યત્નશીલ હજારો-લાખો-કરોડો લોકોમાંથી **‘कश्चित्’** એટલે કોઈક જ એટલે કે વિશેષ અનુગ્રહ પ્રાપ્ત મનુષ્ય હોય છે જે કૃતસાધનોના અનન્તર વિશેષ ભગવદનુગ્રહે **‘भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि तत्त्वतः’** ભગવદ્ ભક્તિનો લાભ કરી તે ભક્તિ વડે પુરુષોત્તમ સ્વરૂપનાં જ્ઞાનવાળો થાય છે અને ત્યારે તે ભગવાન જેટલા છે, જે છે અને જે પ્રકારના છે તે તત્ત્વતઃ ભગવાનને જાણવાવાળો થાય છે. આ પ્રકારે ઉપર ગીતાવાક્યમાં ફરીથી જે **‘कश्चित्’** પદ યોજ્યું છે તે ભક્તિ વડે પ્રવેશરૂપ મુક્તિને પામે છે. **‘कश्चित्’** એમ કહેવાથી બધા જ લોકોના પ્રયત્નો મોક્ષ અપાવે છે તેમ નહીં પણ કોઈક જ કે જેને ભગવાને તેવું સામર્થ્ય આપ્યું હોય તેવા લોકો જ યત્ન કરીને મુક્તિને પામે છે એમ ગીતાકારનું તાત્પર્ય છે.

અતઃ જે લોકો માત્ર સાધનનિષ્ઠા રાખી સાધનોનાં બલ પર મોક્ષ મેળવવાના વિચારવાળા છે તે લોકોને માટે તો વાસ્તવમાં મોક્ષ એ આસમાનના તારા તોડવા બરાબર જ છે, પરન્તુ જે લોકો ભગવચ્ચરણનો આશ્રય રાખી ભગવદ્ બલે મોક્ષ મેળવવાની ભાવનાવાળા છે તેમને માટે મોક્ષની સ્થિતિ હસ્તામલકવત્ છે. ત્યારે જે જીવો માટે ભગવાને તેવો અનુગ્રહ પ્રકટ કર્યો છે તે વિના સાધન મોક્ષને મેળવો તેવા કંસ, શિશુપાલ વગેરે જીવો સદ્ધર્માચરણ વિના જ વિના સાધન-વિપરીત સાધન હોઈને પણ ભગવાન જ પોતાના સામર્થ્યે તેમનાં મોક્ષ સાધન બની મોક્ષ પ્રાપ્ત કરાવે છે અને જે લોકો માટે ભગવાને તેવો અનુગ્રહ પ્રકટ કર્યો છે કે તમે આ સાધનો કરી આ પ્રકારે મોક્ષ મેળવો ત્યારે તેવા લોકો વડે સદ્ધર્માચરણ સહિત મોક્ષ માટે પ્રયત્ન પણ થાય છે અને મોક્ષ લાભ પણ કરે છે અને જે લોકો માટે ભગવાનની તેવી ઈચ્છા છે કે તમે આ મારા દ્વારા પ્રકટ કરેલાં સાધનો વડે સદ્ધર્માચરણાદિ કરીને સ્વર્ગાદિ સુખને પામો અને ક્રમથી ઉપરને ઉપર લોકો સમ્બન્ધી સુખોને ભોગવતાં અન્તે મોક્ષસુખને પામો ત્યારે તે લોકોના તે મુજબના પ્રયત્નો થાય છે. આમ ભગવાન જે કાર્યાર્થે પોતાનું જ્યાં-જેટલું સામર્થ્ય પ્રકટ કરે છે ત્યાં તેટલું તે અનુસાર કાર્ય થાય છે. ગીતાનો દસમો અધ્યાય વિભૂતિયોગાધ્યાય તરીકે આ આધાર પર જ કહેવાયો છે. પુરુષસૂક્તમાં પણ **‘अमृतत्वस्येशानः’**-થી મોક્ષના અધિપતિ ભગવાનને જ કહ્યા છે. **‘मोक्षमिच्छेज्जनार्दनात्’** વાક્ય પણ એ જ વાત સૂચવે છે. અતઃ મોક્ષ પુરુષાર્થની સિદ્ધિ અર્થે પણ સાધનનિષ્ઠ ન બની ભગવદાશ્રય નિષ્ઠ બનવાનું જ શ્રીઆચાર્યચરણ અત્ર ઉપદેશે છે.

પૂર્વમાં ભગવત્સામર્થ્યના વિચારમાં બલ્બ અને ઈલેક્ટ્રિસિટીનું દૃષ્ટાન્ત જોઈ ગયા તેનાથી એમ નથી માની લેવાનું કે ભલે ઈલેક્ટ્રિસિટી સર્વ પ્રકાશવા સમર્થ હોવા છતાં તેને પ્રકાશવા માટે બલ્બનાં ઉપકરણની અપેક્ષા છે. જો બલ્બ બરાબર ન હોય અને પ્રકાશ ગ્રહણ કરવાની તેનામાં યોગ્યતા ન હોય તો માત્ર કાચનો ગોળો ઉપકરણમાં હોતાં પ્રકાશ થવો શક્ય નથી. તેમ ભગવાન સર્વ સમર્થ હોવા છતાં ભગવત્ સામર્થ્ય પ્રકટ થવા માટે પણ ઉચિત દેશ, કાલ, દ્રવ્ય વગેરે

તથા જીવની સાત્ત્વિક યા નિર્ગુણ સ્થિતિ અપેક્ષિત રહે છે. આનાં નિરાકરણમાં આગળનું વાક્ય છે કે **ભગવાન સર્વત્ર અખિલ અર્થને કરનારા છે.**

‘તુમ જો મનાવત સોઇ દિન નીકો’ આ ઉક્તિની માફક જે દેષ જે કાલ જે દ્રવ્ય યા જે પણ અવસ્થામાં ભગવાન પોતાનું સામર્થ્ય પ્રકટ કરે છે તે જ ઉત્તમ છે, ઉત્તમ છે માટે ત્યાં ભગવત્સામર્થ્ય પ્રકટ થાય છે તેમ નથી. ભગવાન સર્વતંત્ર સ્વતંત્ર નિરંકુશ હોવાથી સર્વ શક્તિ, સર્વ સામર્થ્ય, સર્વ અર્થ એ ભગવાનને આધીન-ભગવાનનાં નિયંત્રણમાં છે અને ભગવાનની ઈચ્છાના અનુસાર તે પ્રકટ-અપ્રકટ થાય છે. જેમ એકાદશ સ્કન્ધમાં ભગવાને પોતાના સમ્બન્ધ થકી બધી જ બાબતોને નિર્ગુણમાં ગણાવી છે તેથી એમ સમજી શકાય છે કે જે ઘર જ્યાં સુધી ભગવન્નિવાસ નથી ત્યાં સુધી તે સગુણ છે અને ભગવન્નિવાસ જ્યારથી હોય ત્યારથી તે નિર્ગુણ છે, ભગવત્સમ્બન્ધ વિહોણો વ્યક્તિ એ સગુણ છે પણ જ્યારથી તે ભગવદાશ્રયભાવને ધારણ કરવાવાળો બને છે ત્યારથી તે નિર્ગુણ છે, જે કાલમાં ભગવાન પોતાનું સ્વરૂપ અને પોતાની લીલાઓ પ્રકટ કરે છે એ કાલ નિર્ગુણ છે - તે કાલમાં જે ઋતુ, જે મુહૂર્ત, જે રાત્રિ-દિવસ, જે તિથિ જે માસ, જે સંવત્સર વગેરે જે હોય તે બધું જ નિર્ગુણ છે, યદ્યપિ શાસ્ત્ર પ્રમાણે રાત્રિ એ તામસ્ છે અને દિવસ-પ્રાતઃકાલ એ સાત્ત્વિક છે અને તેમાં જ શાસ્ત્રોક્ત દેવપૂજાદિ વિધાન છે અને તેથી શ્રાવણ શુક્લા દ્વાદશીએ વિષ્ણુના આધિપત્યવાળી તિથિએ સેવામાં શ્રીપ્રભુને અર્પણ કરવા શ્રીઆચાર્યચરણે પવિત્રુ પોતાના શ્રીહસ્તે બનાવી તૈયાર કરી રાખ્યું હતું પણ એકાદશી તિથિની રાત્રિએ જ ભગવત્ પ્રાકટ્ય થતાં તે જ તિથિ, મુહૂર્ત, સમયમાં શ્રીઆચાર્યચરણે શ્રીપ્રભુને પવિત્ર ધરાવ્યું. આ સિવાયનો કાલ એ પ્રાકૃત-સગુણ છે. શ્રીશુકદેવજી પણ ભાગવત દશમ તામસ પ્રકરણના પ્રથમાધ્યાયમાં આ જ વાતને જણાવે છે કે - **જ્યારથી ભગવાન ગોકુલમાં પ્રકટ્યા ત્યારથી - તે સમયથી જ સમ્પૂર્ણ ગોકુલ સર્વ પ્રકારે શ્રી-સમૃદ્ધિથી સમ્પન્ન થઇ ગયું અને તે રમાક્રીડાભૂમિ-વૈકુંઠ જ થઇ ગયું.** આ બધી જ વાતોથી એમ જાણી શકાય છે કે ભગવદાશ્રય માત્ર ધારણ કરેલા લોકો માટે અન્ય કોઈ યોગ્યતા, કે કોઈ પણ દેશ, કાલ વગેરેની ઉત્તમતા અપેક્ષિત નથી અને તેમના માટે અમુક અર્થ થશે કે અમુક અર્થ નહીં થશે તેવા વિચારોને અવકાશ જ રહેતો નથી. આવા લોકો માટે સર્વ દેશ, સર્વ ક્ષેત્ર, સર્વ તીર્થ, સર્વ મંત્ર, સર્વ વ્રત વગેરે હાજરાહજુર રહે છે અને એટલું જ નહીં સ્વનામધન્યતા અર્થે મુક્તિ પણ આવા લોકોના અર્થે પોતાની આધિદૈવિકતાથી ઉપસ્થિત રહે છે પણ ભગવદાશ્રય રાખી દઢતાથી ભગવન્નિષ્ઠ થયેલા લોકો મુક્તિ તરફ દષ્ટિ પણ નહીં કરી ભગવાનમાં જ પોતાના ચિત્તને પરોવીને રાખે છે. કારણ કે તેમનો અભિલષિત મોક્ષ એ ભગવદ્ ભજન જ હોવાથી ભગવદ્ ભજન વિરોધી સર્વ વસ્તુ માત્રથી મુક્ત રહેવું એ જ છે અને ભગવદ્ ભજન દેહ-ઈન્દ્રિય વગેરે સંઘાત વિના સંભવ ન હોવાથી અને મુક્તિમાં સંઘાતોનો લય થઈ જતો હોવાથી તેઓ આવી મુક્તિવાળી દશાથી જ સર્વથા મુક્ત રહેવા ઈચ્છતા હોય છે. આવી ભગવદ્ ભજન રહિત મુક્તિદશા કરતાં તો જેમાં ભગવદીય પ્રદેશમાં ભગવદીયજનોના સંગમાં પોતાની સર્વેન્દ્રિયોથી ભગવદ્ભજન થઈ શકતું હોય તેવા દેહમાં હજાર જન્મ લેવા એમના મતે વધુ શ્રેષ્ઠ હોય છે. ખિલ એટલે ભાગ-ખંડ અને અખિલ એટલે જેમાં ભાગ-ખંડ પણું નથી પણ જે અખંડ છે-પૂર્ણ છે, અતઃ ખંડરૂપ-ભાગરૂપ અર્થ નહીં પણ જે અખંડ-પૂર્ણ અર્થ છે તે અખિલ-અર્થ એટલે સાક્ષાત્ પૂર્ણાનન્દ ભગવાન એટલે અખિલ અને એ પૂર્ણાન્દ ભગવાનનો સર્વેન્દ્રિયો વડે સતત અનુભવ એ અર્થ એ અખિલાર્થ સિદ્ધિ માત્ર ભગવાનને જ આધીન હોવાથી ભગવાન જ્યારે જ્યાં આ અખિલાર્થને કરે-પ્રકટ કરે ત્યારે ત્યાં પોતાની સ્થિતિ હો એમ ઈચ્છાવાળા આ ભગવદીયો હોય છે. તેથી જ જે શ્રીરામના નામમાત્રથી મોક્ષ સિદ્ધ થાય છે તે શ્રીરામનાં સાન્નિધ્યમાં પણ ઋષિઓએ મોક્ષની વાંછા નહીં રાખી, ભગવાને કૃષ્ણાવતાર સમયમાં તે અર્થ પ્રકટ કરવાનું જણાવતાં મોક્ષપદ ત્યાગી વ્રજપ્રદેશમાં જન્મ લેવું તેમણે સ્વીકાર્યું. ભગવાનના આવા જે પ્રેમી અને અનન્ય આશ્રયી ભક્તો છે તેમના અભિલષિત યા અનભિલષિત પણ ઉપયોગી અથવા સ્વાભિલષિત (ભગવદભિલષિત) યા તેમના વડે નહીં જાણવામાં આવેલા એવા ઉત્તમ એમ સકલ અર્થોને સર્વદા સર્વત્ર ભગવાન કરનારા છે. મતલબ કે ભક્ત જ્યાં અને જે સ્થિતિમાં હોય ત્યાં તે સ્થિતિમાં તે પરિપૂર્ણ અર્થ રહે તે પ્રકારે અખિલ અર્થને કરનારા ભગવાન છે. આ પ્રકારે

વિચારતાં **‘सर्वदा’** એમ અધ્યાહાર સમજવું. અથવા તો ભગવાન સચ્ચિદાનંદ હોવાથી ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય એ ત્રણને સર્વ કહેતાં ત્રણે પ્રકારના સામર્થ્ય-શક્તિથી યુક્ત છે તેમજ કાલાદિ સર્વ પણ ત્રણના અન્તર્ગત હોવાથી સર્વદા અને સર્વત્ર આ ત્રણેનું પ્રવર્તન કરવા કાલ-દેશ વગેરે ભગવાનને મર્યાદામાં બાંધી શકતા નથી કે અમુક કાલમાં અને અમુક દેશમાં જ આ પ્રવર્તી શકે. સર્જનકાલ કે પ્રલયકાલમાં જ સર્જન-પ્રલય ભગવાન કરી શકે કે પછી કલ્પના અન્તમાં માત્ર ત્રિલોકીનો જ અને પરાન્ત કાલમાં સમ્પૂર્ણ વિશ્વનો ભગવાન પ્રલય કરી શકે તેવો કોઈ નિયમ નથી. ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય એ પરબ્રહ્મની શક્તિઓ હોવાથી તે પણ તેમજ નિત્ય છે તેમજ ત્રણે શક્તિઓનો ઉપયોગ અલગ-અલગ કે એકીસાથે કરવો એ પણ ભગવાનની ઈચ્છાને આધીન છે તેથી જગતના વિષયમાં ભગવાનની તેવી જ ઈચ્છા હોવાથી જગતનું સર્જન, સ્થિતિ અને પ્રલય એમ ત્રણ અલગ-અલગ દેખાય છે પરન્તુ ભગવાન અતિશય અનુગ્રહપૂર્વક ત્રણેને એકીસાથે પોતાના ભક્તોમાં ઉપયોગ કરે છે ત્યારે પોતાના સ્વરૂપાત્મક ઉત્કૃષ્ટ મનોરથરૂપ ભાવની ભક્તોમાં ઉત્પત્તિ પણ કરે છે, તે ભાવની સ્થિતિ કરાવી પુષ્ટ પણ કરે છે અને તે ભાવ વિરોધી જે કંઈ ભક્તમાં દોષ હોય તેનો નાશ પણ કરે છે અને પ્રલયનો અર્થ અન્ત કરતાં તેમના મનોરથાન્ત પણ **‘मनोरथान्तं श्रुतयो यथा ययुः’** ની માફક અન્ત એટલે પૂર્ણ પણ કરે છે. ભગવાન આવા છે અને મારા ઉપદેશે વૈષ્ણવો ભગવાનનાં શરણભાવમાં રહેલા છે તેથી આવા વૈષ્ણવોને **‘ब्रह्मानन्दात्समुद्धृत्य भजनानन्दयोजने । लीला या युज्यते सम्यक्’** તે મુજબ તેમને ભક્તિની સાધનદશામાંથી ઉદ્ધૃત કરી પોતાના ભજનાનન્દ સ્વરૂપની લીલામાં સારી પેઠે ભગવાન યોજે તેમ ભગવાન-ફલરૂપ સાક્ષાત્ શ્રીકૃષ્ણને વિજ્ઞાપના કરું છું.

અથવા - ભલે શ્રીમહાપ્રભુ ઉપર મુજબની વિજ્ઞાપના કરે પણ ભગવાન નિરંકુશ સ્વતંત્ર હોવાથી તેવી વિજ્ઞાપના સ્વીકારે પણ ખરા અને ન સ્વીકારે પણ ખરા, તો તેવી અનિશ્ચયાત્મક સ્થિતિમાં કેમ કરીને આશ્રય જ કર્તવ્ય છે એમ તેની અનિવાર્યતા કહેવાય ? આવો પ્રશ્ન દુઃસંગ અને શ્રીમહાપ્રભુનાં સ્વરૂપનાં જ્ઞાનના

અભાવમાં ઉદ્ભવે તો તેનાં નિરાકરણમાં શ્રીવ્રજરાજચરણે પોતાની ટીકામાં - **‘प्रथमान्तद्वयमहंपदस्यैव विशेषणं वा’** એમ જણાવ્યું છે તે મુજબ અર્થગ્રહણ કરતાં **‘अहम्’** એટલે ‘હું’ અને ‘હું’ એટલે ગ્રન્થના અન્તે જેનો ઉલ્લેખ કરાયો છે તે ગ્રન્થના કર્તા **શ્રીવલ્લભ**, અતઃ **‘सर्वसामर्थ्य सहितः’** અને **‘सर्वत्रैवाखिलार्थकृत्’** એમ જેના અન્તમાં પ્રથમા વિભક્તિ છે તેવા આ બન્ને પદો શ્રીવલ્લભનાં વિશેષણો છે. એટલે કે સર્વસામર્થ્યસહિત અને સર્વત્ર જ અખિલ અર્થને કરનાર એવો હું શ્રીવલ્લભ મારા શરણમાં રહેલા એવાઓના સમુદ્ધાર અર્થે હે કૃષ્ણ ! હું તમને વિજ્ઞાપના કરું છું આમ અર્થ સમજવો.

‘હું સર્વ સામર્થ્ય સહિત છું’ એટલે ભવસાગરમાં પ્રવાહમાં વહી રહેલા દૈવી જીવોનો ઉદ્ધાર કરવા જે કંઈ પણ સામર્થ્ય અપેક્ષિત છે તે સર્વ સામર્થ્યથી હું - શ્રીવલ્લભ યુક્ત છું. અહીં દૈવીજીવ કહેવાથી મુખ્યરૂપમાં નિજસૃષ્ટિ-લીલાસૃષ્ટિના માત્ર ભગવત્સુખાર્થ-ભગવત્સેવાર્થ પ્રાદુર્ભૂત ગોલોકસ્થ જીવો સમજવાના છે કે જે શુદ્ધ પુષ્ટિ અધિકારના છે અને તેમના નિમિત્તથી બીજા દૈવીજીવો કે જે ગીતાના સોળમા અધ્યાયમાં કહેવાયેલા છે તે મિશ્ર અધિકારવાળા દૈવીજીવોને પણ સમજવાના છે. જેમ કૃષ્ણાવતારના પ્રસંગમાં મુખ્યરૂપે ઉભયસ્થળે વરદાન પ્રાપ્ત ભક્તોને અર્થે ભગવત્પ્રાદુર્ભાવ થઈ તેમનાં નિમિત્તથી બીજા ભક્તોને પણ પ્રભુએ ફલદાન વડે ઉદ્ધાર કર્યો છે તેમ અહીં સમજવું. આવા શુદ્ધ પુષ્ટિભક્તોનો ઉદ્ધાર એટલે તેમના અહંતા-મમતાત્મક પ્રપંચનો નાશ કરી પરમ રસાત્મક ભગવત્સ્વરૂપમાં તેમના ચિત્તના નિરોધપૂર્વક તેમને પુનઃ ભગવાનની રસાત્મિકા લીલાઓના અનુભવની સમ્પત્તિ પ્રાપ્ત કરાવવી તે છે. તેવા પ્રકારે દૈવીજીવોનો ઉદ્ધાર કરવા શ્રીવલ્લભ સક્ષમ છે તે અર્થમાં અહીં સર્વસામર્થ્ય કહ્યું છે. શ્રીમહાપ્રભુનું આ સામર્થ્ય પ્રથમ (૧) તેઓશ્રી દ્વારા વિરચિત ગ્રન્થરૂપ વાઙ્મય છે, (૨) બ્રહ્મસંબન્ધ મંત્રદાન દ્વારા સેવામાં બાધક સર્વદોષોની નિવૃત્તિ, (૩) સેવાર્થ પુષ્ટિ પુરુષોત્તમનું સ્વરૂપ સ્વ સેવકોને માથે પધરાવવું, (૪)વાણી અને કૃતિ દ્વારા કૃષ્ણસેવાનો ઉપદેશ, (૫) પોતાના સેવકોને સેવામાં સ્વરૂપાત્મકતાનો અનુભવ કરાવવો અને (૬) આ

બધી બાબતોમાં આવતી દરેક પ્રકારની બાધાઓને દૂર કરવા પોતાના આશ્રયનું દાન કરવું. આમ આ છ પ્રકારનું સામર્થ્ય શ્રીવલ્લભમાં છે એ પ્રસંગાનુરૂપ અમે અમારી મતિથી લખ્યું છે. અણુભાષ્ય-પત્રાવલમ્બન વગેરે ગ્રન્થો વેદના - શાસ્ત્રોનાં વાસ્તવિક તાત્પર્યને પ્રકાશીને દૈવી જીવોમાં પેઠેલા અન્યાશ્રય દોષને દૂર કરે છે. શાસ્ત્રાર્થ, સર્વનિર્ણય-ભાગવતાર્થ નિબન્ધ વગેરે ગ્રન્થો શ્રીકૃષ્ણનો અનન્ય આશ્રય સ્થાપી દૈવીજીવોને કૃષ્ણભક્તિમાં પ્રવૃત્ત કરે છે. શ્રીસુબોધિની આ બધા જ ગુણો સહિત પોતાના સેવ્ય શ્રીપ્રભુમાં ઉત્કટ પ્રેમ-અનુરાગ સ્થાપે છે કે જેના વડે જીવ પરમોચ્ચ વ્યસનદશાને પામી શકે અને પ્રકીર્ણ ષોડશગ્રન્થો વગેરે સેવામાર્ગમાં આવતી દરેક પ્રકારની ગુંચવણો ઉકેલે છે.

યદ્યપિ ગદ્યમંત્ર શ્રીપ્રભુના મુખેથી નિઃસૃત થયેલો છે અને આ મંત્ર વડે દૈવીજીવોના દોષોની નિવૃત્તિ થશે તેમ શ્રીપ્રભુએ આજ્ઞા કરી છે, તેમ છતાં પણ આ મંત્રદાનનું સામર્થ્ય શ્રીપ્રભુએ શ્રીઆચાર્યચરણમાં જ સ્થાપેલું છે અને તેથી શ્રીમહાપ્રભુ દ્વારા મંત્રોચ્ચારણ કરાતાં જ દોષ નિવૃત્તિ થાય છે, અન્ય પ્રકારે કે અન્યો વડે નહીં. જો એમ ન હોતે તો શ્રીપ્રભુ એમ આજ્ઞા નહીં કરતે કે જેને પણ આપ આ મંત્રનું દાન કરશો તેના દોષો નિવૃત્ત થઈ તેના દ્વારા કરાયેલી સેવા હું પોતે સ્વીકારીશ, પછી તો એમ જ કહેતે કે જે કોઈ પણ મંત્રનું ઉચ્ચારણ કરશે તેનાં દોષો દૂર થઈ હું સેવા સ્વીકારીશ, પણ એમ કહ્યું નથી. અતઃ દોષનિવૃત્તિ પણ શ્રીમહાપ્રભુના મુખે ઉચ્ચારણથી જ છે અને પ્રભુ દ્વારા સેવાની સ્વીકૃતિ એ પણ શ્રીમહાપ્રભુના માધ્યમ થકી જ છે, તેથી આ સામર્થ્ય પણ શ્રીમહાપ્રભુનું જ છે.

પુષ્ટિ પુરુષોત્તમની પુષ્ટિ ભાવે સેવા કરાતાં પુષ્ટિભાવ પ્રવૃદ્ધ બની દૈવીજીવને પુષ્ટિફલાનુભવ થવા લાગે છે. પુષ્ટિ પુરુષોત્તમની મર્યાદાભાવે સેવા કરાતાં અથવા તો મર્યાદા પુરુષોત્તમની મર્યાદાભાવે સેવા કરાતાં અથવા તો મર્યાદા પુરુષોત્તમની પુષ્ટિભાવે સેવા કરાતાં તેને પુષ્ટિ ફલાનુભવ નહીં પણ મિશ્રફલ યા મર્યાદા ઉપલબ્ધિ થાય છે. અતઃ નિજસૃષ્ટિના કે બીજા દૈવીજીવોને પરમ લાભ ત્યારે જ થાય કે જ્યારે સેવ્યરૂપમાં પુષ્ટિપુરુષોત્તમ બિરાજમાન હોય. કૃષ્ણરૂપ એ મૂલરૂપ હોવાથી કૃષ્ણરૂપની સેવા કરવી તેમ વિધાન છે પરન્તુ સાદશ્યથી અવતાર અને અવતારી એવા ભેદ હોવાથી અવતારી એ પૂર્ણ પુરુષોત્તમ છે અને અવતાર એ વાસુદેવ રૂપ છે. તેથીજ ગોપાલમંત્રાદિના સેવનમાં વાસુદેવ વ્યૂહ સેવન પ્રાપ્ત થાય છે તેમ શ્રીપ્રભુચરણે ભક્તિહંસમાં પ્રતિપાદન કર્યું છે. માત્ર મંત્રબલે જ્યારે કૃષ્ણરૂપની પ્રતિષ્ઠા કરવામાં આવે છે ત્યારે તેમાં વાસુદેવ વ્યૂહની જ સ્થિતિ થાય છે કારણ કે પુરુષોત્તમ મંત્રબલને આધીન નથી હોતા. અતઃ પુષ્ટિપુરુષોત્તમ પરમાનન્દપરબ્રહ્મની સેવ્યરૂપમાં ત્યારે જ સ્થિતિ શક્ય છે કે યદિપ્રભુ સ્વયં પોતાના પ્રમેયબલે સેવ્યમૂર્તિમાં બિરાજે યા તો પૂર્ણ પુષ્ટિભાવવાળા મહાનુભાવો કૃપા કરીને પોતાના હૃદયના ભાવસ્વરૂપે ભગવાનને પોતાના પ્રેમબલે તેમાં બિરાજાવે, આ બીજા પ્રકારમાં યા તો પુષ્ટિમાર્ગના પરમગુરુ એવા શ્રીવ્રજભક્તો-શ્રીસ્વામિનીઓ અથવા તો રાસલીલૈકતાત્પર્ય શ્રીસ્વામિની ભાવસ્વરૂપ પુષ્ટિમાર્ગાચાર્ય શ્રીવલ્લભાચાર્યચરણનો જ સમાવેશ થઈ શકે છે. શ્રીવલ્લભ-વિઠ્ઠલ વચ્ચે અભેદ બુદ્ધિ એ જ માત્ર એક નામનો ઉલ્લેખ છે. કારણ કે સેવામાં મુખ્ય એવો વાત્સલ્યબાવ શ્રીયશોદાજી કરતાં પણ ઉત્કૃષ્ટ શ્રીવિઠ્ઠલેશચરણનો **‘ભોગશ્રૃંગાર મૈયા સુન મોહે શ્રીબિઠ્ઠલનાથકે હાથ કો ભાવે’** વગેરે કીર્તન સાહિત્યમાં કહેવાયો છે. અતઃ આ માર્ગમાં શ્રીમહાપ્રભુના હૃદયભાવસ્વરૂપ ભાવાત્મા ભગવાન સર્વદા સેવ્ય છે અને તેઓ અનુગ્રહપૂર્વક પોતાના સેવકોને અદેયદાનદક્ષતાથી તે પધરાવી આપે ત્યારે જ રસાત્મા પુષ્ટિપુરુષોત્તમ સેવકો વડે સેવ્ય બને છે, જો તેમ ન થાય તો પ્રવાહમાં વહી રહેલા તિરોભૂત પુષ્ટિભાવવાળા દૈવીજીવો માટે પુષ્ટિપુરુષોત્તમની સેવા કરી ભાવ પ્રવૃદ્ધ કરવો શક્ય ન બને. સર્વનિર્ણય નિબન્ધમાં **‘तदभावे स्वयं वाऽपि मूर्तिं कृत्वा हरौ क्वचित् । परिचर्यां सदा कुर्यात् तद्रूपं तत्र च स्थितम्’** (સ.નિ.નિબન્ધ) અહીં કેટલાક લોકો ભ્રાન્તિવશ ભગવત્સ્વરૂપ પ્રતિષ્ઠા કરી ભગવત્સેવા કરવી એમ શ્રીઆચાર્યવિધાન છે તેમ માને છે, પરન્તુ તેમ માનવું બરાબર નથી. કારણ કે પોતાની યોગ્યતાને વિચારવામાં આવે તો પુરુષોત્તમની તો વાત દૂર રહી વાસુદેવ વ્યૂહ સ્વરૂપને પણ સ્થિત કરી શકીએ તેટલી પણ યોગ્યતા આપણા સર્વમાં નથી, તો પછી પુરુષોત્તમ સ્વરૂપને પોતાના ભાવે પધરાવવાની

તો વાત જ ક્યાં છે ? તેથી જ તો શ્રીપ્રભુચરણ પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકારમાં પશ્ચાદ્વર્તી વલ્લભવંશજોને માટે પણ પોતાના ભાવે નહીં અપિતુ શ્રીઆચાર્યચરણનાં ધ્યાન વડે શ્રીઆચાર્યચરણ હૃદયમાં બિરાજી આ સર્વ કંઇ કરી રહ્યા છે તેવો ભાવ રાખી પુરુષોત્તમાવિર્ભાવની માર્ગીય વિધિ કરવાનું આદેશે છે. અતઃ નિબન્ધસ્થ વાક્યમાં **‘तदभावे’** અર્થાત્ તેવા ગુરુની પ્રત્યક્ષસ્થિતિના અભાવમાં કોઈક કાલવિશેષ યા દેશવિશેષમાં પરિસ્થિતિ બનતાં કોઈ પણ સ્થિતિમાં ભગવત્સેવા રહિત જીવનનો નિર્વાહ એ કોઈ પણ રીતે પુષ્ટિમાર્ગીયો માટે હિતાવહ ન હોવાથી સ્વયં એટલે પોતે જ શ્રીઆચાર્યચરણનું હૃદયમાં ધ્યાન કરી શ્રીઆચાર્ય-હૃદયભાવને જ મૂર્તિમાં પધરાવવા એમ અર્થ થાય છે. આ પ્રકારે પુષ્ટિજીવોને સેવાર્થ ભગવત્સ્વરૂપ પધરાવવું તે પણ શ્રીઆચાર્યચરણનું જ સામર્થ્ય છે.

વાણી અને કૃતિ દ્વારા સેવાનો ઉપદેશ એ ગુરુત્વનું લક્ષણ છે જે ને શ્રીઆચાર્યચરણ પોતે જ સર્વનિર્ણય નિબન્ધમાં **‘कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् । श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात्’** (સ. નિ. નિબન્ધ) થી જણાવ્યું છે. કૃષ્ણ સેવા પરાયણતા વડે કૃતિથી અને શ્રીભાગવતતત્ત્વને જાણીને વાણીથી અને તે બન્ને પાછા દંભથી નહીં પણ પરમ પ્રેમપૂર્વકના હોય ત્યારે તેવો કરાયેલો ઉપદેશ શિષ્યના હૃદયમાં અલૌકિક ભાવોનું સ્થાપન કરવા સક્ષમ બને છે. આની વિશેષ વિગત જલભેદગ્રન્થથી વક્તાનાં લક્ષણ દ્વારા જાણવા મળે છે. ઉપદેશક પોતાના અન્તઃસ્થ ભાવોને ઉપદેશ વડે ઉપદેશ્યમાં સ્થાપે છે, ઉપદેષ્ટાની વાણી-કૃતિ ઉપદેશ્યમાં ભગવદ્ભાવ સ્થાપવામાં સક્ષમ બને છે. તેથી જ શ્રીપ્રભુચરણ સર્વોત્તમસ્તોત્રમાં **‘जनशिक्षाकृतेकृष्णभक्तिकृत्’ ‘श्रीकृष्णज्ञानदः’ ‘गुरुः’** એમ નામ આલેખે છે. અતઃ કૃષ્ણ સેવાનો દૈવીજીવોમાં ઉપદેશ એ પણ શ્રીઆચાર્યચરણનું જ સામર્થ્ય છે. તેવી જ રીતે ભગવત્સેવામાં સુદૃઢ સર્વથી અધિક સ્નેહનું પ્રાધાન્ય છે અને શ્રીપ્રભુમાં તેવો સ્નેહ ત્યારે જ સંભવે છે કે જ્યારે **‘त्वत्सुन्दरस्मितनिरीक्षणतीव्रकामतप्तात्मनाम्’** એ રાસપંચાધ્યાયીમાં શ્રીગોપિકાઓ દ્વારા કહેવાયેલ વાક્ય અનુસાર ભગવાન પોતે

જ ભક્તહૃદયમાં સ્નેહોત્પાદક પોતાના સ્વરૂપનો અનુભવ કરાવે. જેમ દશમ સ્કન્ધ બાળલીલાના પ્રસંગમાં ભગવાન પોતે જ પોતાની એવી લીલાઓ અને લીલાઓમાં પોતાનું એવું સ્વરૂપ પ્રકટ કરીને સર્વ વ્રજભક્તોનાં મનને પોતાનામાં ખેંચતા હતા, તેમ સેવ્ય સ્વરૂપના વિવિધ ભાવાત્મક અનુભવો થકી જ સેવામાં પ્રવૃત્તનું મન શ્રીપ્રભુમાં વધુ દૃઢતાથી સ્થિર થાય છે. આ સિદ્ધિ તો શ્રીપ્રભુ અતિશય અનુગ્રહવાળા થઈ દાન કરે ત્યારે જ શક્ય છે, પરન્તુ જે વૈષ્ણવો શ્રીમહાપ્રભુમાં દૃઢતાથી શ્રદ્ધા-પ્રીતિ રાખી આપશ્રીની આજ્ઞા અનુસાર જ્યારે સેવા પરાયણ થાય છે ત્યારે દૈવીજીવોના ઉદ્ધાર અર્થેજ પ્રગટ થયેલા એવા શ્રીઆચાર્યચરણ નિજસેવકો પર કૃપા વિચારી તેને સેવાનું પૂર્ણ અલૌકિક ફલ પ્રાપ્ત થાય તે માટે તેને ભગવત્સ્વરૂપાનુભવ કરાવે છે. આ પ્રકારનો સ્વરૂપાનુભવ ૮૪-૨૫૨ વૈષ્ણવોના પ્રસંગોમાં ઢગલાબન્ધ જોવા મળે છે. એ પ્રસંગોમાં એમને જે સ્વરૂપાનુભવ થયો તે એમના ભક્તિના બલ પર નહીં, અપિતુ શ્રીઆચાર્યચરણની કૃપાના બલે જ થયો છે. કારણ કે એમને જે અનુભવો થવા માંડ્યા છે તે કેટલાક યા લાંબા સમય સુધી સેવા કર્યા પછીથી નહીં પરન્તુ તેમને સેવાના આરંભકાળમાં જ સ્વરૂપાનુભવ થવા માંડ્યા હતા. તેમણે તો માત્ર ગુરુ આજ્ઞાનું પાલન કર્યું છે કે **‘જાઓ આ સ્વરૂપ તમારે માથે પધરાવી દીધું છે એની સારી રીતે સેવા કરો’** અતઃ આજે પણ જો વૈષ્ણવો ગુરુવર્ય શ્રીમહાપ્રભુમાં દૃઢ નિષ્ઠા રાખી આપશ્રીએ ષોડશગ્રન્થાદિમાં જે પ્રકારે સેવા કરવાનું કહ્યું છે તે મુજબ એકમાત્ર સેવાનું જ જીવનમાં લક્ષ્ય રાખી ભગવત્સેવાપરાયણ થાય તો તેને પણ શ્રીઆચાર્યચરણના સામર્થ્યથી ભગવદનુભવો અવશ્ય થઈ શકે છે. આજે વર્ષો સેવા કરતાં પણ ભગવદનુભવ ક્યારેય પણ થતો નથી એનું કારણ છે શ્રીગુરુની આજ્ઞાની અવહેલના-અવગણના કરવી. અતઃ આ સામર્થ્ય પણ શ્રીઆચાર્યચરણનું છે. જો વૈષ્ણવો પોતાનાં મનમાં શ્રીમહાપ્રભુએ કહેલ પ્રકારે જીવન નિર્વાહ કરવાનો દૃઢ સંકલ્પ મનમાં કરે અને એ દિશા તરફ પોતાનાં પગલાં આગળ ભરે તો તેના માર્ગમાં જે પણ માનસિક દુર્બળતા, પરિસ્થિતિ, ભક્તિભાવનો અભાવ, ભગવત્સ્વરૂપનું અજ્ઞાન, ભગવત્સામર્થ્યમાં પૂર્ણ વિશ્વાસ ન હોવો, દેહાદિની અસમર્થતા, વ્યાવહારિક-પ્રાસંગિક બાધકો,

સેવામાં અસૌકર્યતા વગેરે બાધકો વૈષ્ણવોને માર્ગચ્યુત કરવાનો પ્રયત્ન કરે ત્યારે પોતાના નિજ આશ્રયના દાન વડે જ તેના સર્વ બાધકોને દૂર કરવાનું સામર્થ્ય શ્રીઆચાર્યચરણનું છે. આશ્રય તે જ કહેવાય જે આશ્રિતની સર્વ પ્રકારે રક્ષા કરી શકે. તેમજ સર્વ પ્રકારે રક્ષા પણ ત્યારે જ સંભવ છે જ્યારે તે સર્વતંત્ર સ્વતંત્ર સર્વસમર્થ હોય. શ્રીમહાપ્રભુ વડે નિજસેવકોના પોષણ-રક્ષણના ગુણને શ્રીપ્રભુચરણ સર્વોત્તમસ્તોત્રમાં બે નામોથી નવાજે છે- **‘कृपादृग्वृष्टिसंहृष्टदासदासीप्रियः’** **‘रोषदृक्पातसंप्लुष्टभक्तद्विट्’** અતઃ વૈષ્ણવોએ ભગવત્સેવામાં પ્રવૃત્ત થતાં પોતાના અસામર્થ્યનો નહીં પણ શ્રીઆચાર્યચરણના સામર્થ્યનો ચિત્તમાં દઢતાથી વિચાર રાખી બહુ બધા લાંબા-ટૂંકા વિચારો નહીં કરીને, નિભશે કે કેમ ? થઈ શકશે કે કેમ ? ભવિષ્યમાં શું થશે ? વગેરે વિચારોને સ્થાન નહીં આપીને માત્ર શ્રીમહાપ્રભુની અલૌકિક વાણીને જ જીવનમાં સ્થાન આપી લૌકિકમાંથી ચિત્ત હટાવી અલૌકિકમાં ચિત્તને પરોવવા પ્રયત્નશીલ બનવું હિતાવહ છે. જ્યાં-ત્યાં જેમ-તેમ ભટકી ફાંફાં મારવાનું બન્ધ કરી વૈષ્ણવો જો પોતાના જીવનમાં નિશ્ચલભાવે ભગવત્સેવા પરાયણતા અને શ્રીમહાપ્રભુની વાણીનું વાંચન, ચિન્તન, મનન કરવામાં જીવનનો સમય પસાર કરવાનું આરંભે તો તેવા પ્રયત્નના આરંભથી લઈને ફલદશા પર્યન્તમાં કોઈ પણ બાધકો બાધા પહોંચાડી શકતા નથી, બલ્કે સ્વયં શ્રીપ્રભુ તેને એટલા બધા અનુકૂલ થઈને રહે છે કે જીવભાવે કરેલી તેની સેવાને પણ અલૌકિક ભાવે સ્વીકારે છે. સેવામાં નિવેદન કરવામાં અનેક દોષોથી યુક્ત જીવથી દોષો થાય જ છે, નિવેદનમાં ભગવાનને અપેક્ષિત એવો સ્નેહ પણ નથી હોતો તેમ છતાં પણ શ્રીમહાપ્રભુની આડીથી વૈષ્ણવ દ્વારા નિવેદન કરાયેલું સર્વ સ્વીકારે છે અને અનુગ્રહપૂર્વક પ્રસાદ રૂપે આપે છે આ માત્ર શ્રીઆચાર્યચરણના આશ્રય થકી જ છે. તેથી જ વૈષ્ણવોએ સેવામાં પોતાના ભાવનો અહંકાર નહીં રાખી શ્રીમહાપ્રભુએ કૃપા કરી આપેલા ભાવથી જ સર્વ થઈ રહ્યું છે તેમ વિચારવું.

આ રીતે શ્રીમહાપ્રભુ સર્વ સામર્થ્યથી યુક્ત છે. ત્યારબાદ **સર્વત્રજ**

અખિલ અર્થને કરનાર એમાં **સર્વત્ર** એટલે સર્વ સમયમાં અને સર્વસ્થળે. અખિલ એટલે ખિલ એટલે ભાગ-અંશ યા અપૂર્ણ અને જે કોઈ ભાગ-અંશ યા અપૂર્ણતારૂપ નથી એ અખિલ એવો જે અર્થ એ અખિલાર્થ કહેવાય. આવો અર્થ એ ભગવાન યા તો ભગવદ્‌ભાવ જ હોઈ શકે કે જે ભગવદ્રસાનુભવમાં સામર્થ્યરૂપ છે. અતઃ પૂર્વમાં જે સામર્થ્યનો વિચાર કર્યો તેથી શ્રીઆચાર્યચરણ પોતાના સામર્થ્ય વડે જ દૈવીજીવોમાં કોઈ પણ સ્થળે ને કોઈ પણ સમયે તે ભગવદ્‌ભાવનું દાન કરવા સક્ષમ છે. તેથી તેવું નથી કે શ્રીઆચાર્યચરણ વૃન્દાવનાદિમાં જ યા તો કોઈ નિશ્ચિત ઉચિત સમયવિશેષમાં જ ભગવદ્‌ભાવનું દાન કરવા સમર્થ છે. સર્વોત્તમ સ્તોત્રસ્થ **‘स्मृतिमात्रार्तिनाशनः’** એ નામ મુજબ જેમ સ્મરણ માત્રથી જ સેવકોની સર્વ આર્તિઓ દૂર થાય છે તેમ શ્રીઆચાર્યચરણના શરણભાવ ધારણ માત્રથી જ સર્વત્ર કોઈ પણ સમયે કે કોઈ પણ સ્થળે ભગવદ્‌ભાવની ઉપલબ્ધિ થઈ શકે છે. તેથી જ વ્યવહારમાં જે ઘર સંસારની અહંતા-મમતાનું કેન્દ્ર છે તેને જ શ્રીઆચાર્યચરણે સેવકો માટે ગોલોક બનાવી દીધું છે. નદી સમુદ્રમાં વિલીન થવા વહે અને સમુદ્રમાં મળે એ સ્વાભાવિક ઘટના છે પરન્તુ સમુદ્ર પોતાની છોળોમાં આગળ વધી નદીના ઉપર છવાઈ જાય તે અદ્‌ભુત ઘટના છે, તેમ જીવની બ્રહ્મ પ્રતિ ગતિ થાય, પ્રવૃત્તિ થાય, પ્રયત્ન થાય, તે શાસ્ત્રીય પ્રમાણોથી પ્રમાણિત છે પરન્તુ પરબ્રહ્મ પોતે જીવને પોતાના આનન્દ સમુદ્રમાં આપ્લાવિત કરે એ અદ્‌ભુત વાત છે. અતઃ શ્રીઆચાર્યચરણનો આશ્રયભાવ ધારણ કરેલા વૈષ્ણવની ગતિ ભગવાન તરફ થાય તો છે પણ તેનું સ્વરૂપ તેની પ્રાપ્તિના પ્રયત્ન રૂપ નથી પણ ભગવાન જ પોતાના પ્રમેયબલે તેને સ્વીકારે, તેને ભક્તિનો અધિકાર આપે, તેને નિજભક્તિનું દાન કરે, તેની સેવામાં પોતાનું રસાત્મક સ્વરૂપ આવિર્ભૂત કરે, તેને પોતાનો સ્વરૂપાનુભવ કરાવે, તેમ કરી તેના ચિત્તમાં આસક્તિ અને વ્યસન ઉત્પન્ન કરે અને અન્તે ભક્તિનું જે પરમફલ છે તેનું દાન કરે, આ બધું જ સમગ્રતાથી સમુદ્રનો પ્રવાહ નદી ઉપર ધસી ગયેલા જેવું જોઈ શકાય છે. આશ્રયનું આ વિશુદ્ધ સ્વરૂપ શ્રીમહાપ્રભુના આશ્રય ભાવ માત્રથી વૈષ્ણવોને સિદ્ધ થાય છે. આ પ્રકારે જેમ શ્રીમહાપ્રભુ દ્વાદશ સ્કન્ધ નિબન્ધમાં કૃષ્ણાશ્રયના પૂર્વ પ્રથમ ભાગવતાશ્રય કલિપ્રવાહ પ્રવાહિત

જીવોને સૂચવે છે અને તેના દ્વારા કૃષ્ણાશ્રયની સિદ્ધિ જણાવે છે તેમ અત્ર આ આશ્રયલીલા નિરૂપક દસમા શ્લોકમાં પણ કલિપ્રવાહ પતિત જીવોને કૃષ્ણાશ્રયની સિદ્ધિ અર્થે કૃષ્ણાશ્રયના પૂર્વ નિજાચાર્યશ્રય સૂચવે છે અને તે દ્વારા વૈષ્ણવોની સર્વ સિદ્ધિ જણાવે છે. તે અર્થમાં અત્ર શ્રીઆચાર્યચરણ કહે છે કે હું સર્વ પ્રકારના સામર્થ્ય સહિતનો છું અને સર્વત્ર જ અખિલ અર્થને કરનારો છું તેથી વૈષ્ણવોએ-સેવકોએ મારામાં પૂર્ણ વિશ્વાસ-નિષ્ઠા રાખી મારો આશ્રય કર્તવ્ય છે, મારા થકી તેને ભગવદાશ્રયની સિદ્ધિ નિશ્ચિત જ થશે.

જેમને શ્રીમહાપ્રભુનાં સ્વરૂપનો પરિચય નથી તેવા લોકો કેમ વિશ્વાસ કરશે કે શ્રીમહાપ્રભુ સર્વસામર્થ્ય સહિત સર્વત્ર અખિલાર્થ કરનારા છે ? તો તેના ઉત્તરમાં પણ જે લોકો કૃષ્ણ સ્વરૂપે શ્રીઆચાર્યચરણમાં ભાવ કેળવી શક્યા નથી તેમ છતાં પણ શ્રીઆચાર્યચરણ એક શ્રેષ્ઠ મહાપુરુષ છે અને તેમની વાણી સત્ય છે એટલી પણ તેમને શ્રદ્ધા છે તે લોકો એ પણ આ શ્લોકનો અર્થ આ રીતે ગ્રહણ કરી શકાય છે કે ભગવાને જ નિજ દૈવીજીવોના ઉદ્ધરણને અર્થે ભૂતલ પર પ્રગટ થવાની શ્રીવલ્લભને આજ્ઞા કરી કે આપ ભૂતલ પર પધારી જીવોનો ઉદ્ધાર કરો અને એમને પુનઃ લીલામાં પ્રવેશાઓ. ત્યારે કોઈનામાં સામાન્ય બુદ્ધિ હોય તે પણ અપંગને પહાડ ચડવાનું કહે નહીં અને નાના બાળક કે અતિવૃદ્ધને પાંચમણની બોરી ઉઠાવાનું કહે નહીં. આ એને જ કહેવાય જેનામાં એ કાર્ય કરવાનું સામર્થ્ય હોય. ત્યારે શ્રીવલ્લભને દૈવીજીવોના ઉદ્ધારની આજ્ઞા આપનારા ભગવાનને એટલા બુદ્ધિહીન ગણવાની જરૂર નથી કે સામર્થ્ય જોયા વિના જ તેમણે શ્રીમહાપ્રભુને આ મહાન અને દુઃસાધ્ય કાર્ય કરવાની આજ્ઞા કરી હશે. અતઃ શ્રીમહાપ્રભુમાં સામર્થ્ય તો છે જ, ઉપરાન્ત આ કાર્યમાં ભગવદાજ્ઞા થકી ભગવાનનું પણ પૂરેપૂરું બળ સમ્મિલિત છે કારણ કે દૈવીજીવોનો ઉદ્ધાર એ ભગવત્કાર્ય-ભગવદભિલષિત કાર્ય છે. આવી સ્થિતિમાં દૈવીજીવોના વિશ્વાસાર્થ યદિ શ્રીમહાપ્રભુ એમ કહે કે તમારા ઉદ્ધાર માટેનું અને તે પણ તેમને ફલપ્રાપ્તિ કરાવવા સુધીનું સર્વસામર્થ્ય મારામાં છે તો તેમાં ક્યાં અતિશયોક્તિ છે ? તેવી જ રીતે જે દૈવી સમ્પદામાં જન્મેલા છે તેમનો પરમ અર્થ ભગવદ્ ભજન થકી જ સિદ્ધ થતો હોય છે અને તે ભજનમાં દેશ, કાલ વગેરેમાં ઉત્પન્ન થનારા બાધકો બાધક ન બને અને તેઓ નિઃશંક ભગવદ્ ભજન કરી શકે અને તેમના વડે કરાયેલી ભક્તિ આધિદૈવિકતા ને પામે તે માટે ભગવાને જ શ્રીમહાપ્રભુને બ્રહ્મસમ્બન્ધ મંત્રનું દાન આપી આજ્ઞા કરી કે આ મંત્ર આપ જેને પણ આપશો તેના દેહ અને જીવ સમ્બન્ધે રહેલા સહજ, દેશજ, કાલજ, સંયોગજ, સ્પર્શજ જે પણ ભક્તિમાં બાધક દોષ હશે તે દૂર થઈ તેની સેવાભક્તિને હું સ્વીકારીશ. આમ દૈવીજીવોનો પરમ અર્થ પણ શ્રીભગવાને શ્રીમહાપ્રભુમાં પધરાવ્યો હોવાથી પુણ્યદેહ, પુણ્યદેશ કે પુણ્યકાલ વગેરેની અપેક્ષા વિના સર્વત્ર જ દૈવી જીવોના અર્થને કરવા શ્રીમહાપ્રભુ સક્ષમ છે એમાં પણ કોઈ અતિશયોક્તિ નથી.

અથવા તો આ બેથી પણ નીચા અધિકારવાળા લોકોના અધિકાર પરત્વે શ્લોકાર્થ કરવામાં આવે ત્યારે પણ **‘विषजलाप्ययात्’** (ગોપીગીત-૩) અહીં કહ્યા મુજબ પોતાના ભક્તોનું સર્વ પ્રકારે રક્ષણ-પોષણ કરવામાં જે સર્વ પ્રકારે સમર્થ છે અને ભગવાનનું એ સામર્થ્ય દશમ સ્કન્ધમાં પૂર્વાર્ધમાં વ્રજભક્તોના અને ઉત્તરાર્ધમાં પાંડવાદિના પ્રસંગમાં સ્પષ્ટ અનુભવી શકાય છે તે ભગવાનની હૃદયમાં ભાવરૂપે નિત્યસ્થિતિ હોવાથી શ્રીમહાપ્રભુ સર્વસામર્થ્યસહિત છે અને તેથી કરીને સર્વત્ર વિશ્વમાં જે કંઈ પણ અર્થ છે તે સર્વ ઐહિક-પારલૌકિક-અલૌકિક સર્વ અર્થને સર્વત્ર સર્વ દેશ-કાલાદિમાં શ્રીઆચાર્યચરણ કરનારા છે. અતઃ શ્રીઆચાર્યચરણનો આશ્રય કરીને રહેલા વૈષ્ણવોનું ઐહિક-પારલૌકિક કે અલૌકિક સર્વ કંઈ શ્રીમહાપ્રભુનાં ચરણરેણુના સમ્બન્ધથી જ સિદ્ધ થાય છે તેથી સર્વ સ્થિતિમાં અનન્યભાવે શ્રીઆચાર્યચરણનો આશ્રય કરીને રહેવું એમ અર્થ થાય છે.

આ પ્રકારે શ્રીમહાપ્રભુ અને શ્રીકૃષ્ણમાં અભેદબુદ્ધિએ આશ્રય કરીને રહેલા, શ્રીમહાપ્રભુએ દર્શાવ્યા પ્રકારે પોતાના ઉત્તમ, મધ્યમ, જઘન્ય અધિકારાનુસાર સર્વથા પ્રપન્ન થઈ રહેલા અને ભગવદાશ્રય સિવાયનાં ઇતર સર્વ સાધનોને ત્યાગેલા એવા જે શરણાગતો છે તેવા શરણાગતોનો સમુદ્ધાર એટલે સારી રીતે ઉદ્ધાર કરનારા શ્રીકૃષ્ણ છે. જેમ દશમ સ્કન્ધમાં સર્વથા પ્રપન્ન બની

માત્ર શરણમાર્ગમાં જ રહેલા એવા વ્રજભક્તોના પાંચમા અધ્યાયથી લઈને ફલ પ્રકરણના અન્ત પર્યન્તમાં તેમના-તેમના અધિકારાનુસાર તેમને સુખ આપી ભગવાને ફલદાન કર્યું છે, અથવા તો તે ઉત્તમ, મધ્યમ, હીન અધિકારવાળાઓમાં પોતપોતાના અધિકારમાં જે શ્રેષ્ઠ હતા તે ત્રણે પ્રકારના ભક્તોને ભજનાનન્દાનુભવ રૂપ ફલનું દાન ભગવાને કર્યું છે જેનું નિરૂપણ ફલ પ્રકરણના સાત અધ્યાયોમાં છે, તેમાં ઐશ્વર્ય નિરૂપક પ્રથમ અધ્યાયમાં મધ્યમાધિકારીઓના ફલદાનનું, પાંચમા ધર્મી નિરૂપક અધ્યાયમાં ઉત્તમાધિકારીઓના ફલદાનનું અને છઠ્ઠા વૈરાગ્ય નિરૂપક અધ્યાયમાં પ્રમાણ સહિતનાં ફલ નિરૂપણ વડે હીનાધિકારીઓના ફલદાનનું નિરૂપણ થયેલું છે. આમ જે શરણસ્થ ભક્તો છે તેમના શરણાગતિ પ્રવેશથી લઈને ફલદાન પર્યન્તમાં પોષણ-રક્ષણ અને ઉપલબ્ધિ વડે સારી પેઠે ઉદ્ધાર કરનારા ભગવાન છે એમ જાણી શકાય છે. આ રીતે કૃષ્ણ પણ શરણાગતવત્સલ, નિઃસાધનોના ફલાત્મા, પરમ ફલરૂપ હોઈ સર્વથા પ્રપન્ન જીવ હોય અને તેની પ્રપન્નતા અને તેના સમુદ્ધારની વિજ્ઞાપના શ્રીઆચાર્યશ્રી કરતા હોય તો પછી તેના સમુદ્ધારમાં અંશમાત્ર પણ ક્યાં સન્દેહ રહે છે ? નથી જ રહેતો. એમ આશ્રયમાં કોઈ પણ પ્રકારનો સન્દેહ ન રહે અને નિઃસન્દેહ દઢ વિશ્વાસ પૂર્વક જીવ ભગવદાશ્રયને પ્રાપ્ત થાય તે માટે કહે છે **‘શરણમાં રહેલાઓનો સમુદ્ધાર કરવો જેનો સ્વભાવ છે તેવા કૃષ્ણની હું આ મારા શરણે રહેલા અને ભગવદ્ ભક્તિને પામવાની ઈચ્છાવાળા દૈવી જીવોના સમુદ્ધાર અર્થે વિજ્ઞાપના કરું છું.’** જ્યારથી તેઓ શરણમાર્ગમાં આવ્યા ત્યારથી જ તેમનો ઉદ્ધાર તો થઈ જ ચૂક્યો છે પણ તેમના સમુદ્ધાર અર્થે-ફલ પર્યન્તના ઉદ્ધાર અર્થે વિજ્ઞાપના કરું છું એમ અર્થ છે. અથવા તો મને એમ લાગે છે કે જેમ કોઈએ દૂધીનો હલવો ખાવાની ઈચ્છાથી કહ્યું હોય કે આજે દૂધીનો હલવો બનાવો અને તેમની ઈચ્છા-આદેશ અનુસાર સેવક, પુત્રી કે પત્ની દૂધીનો હલવો બનાવે અને બનાવી વાસણમાં સાજી વિજ્ઞાપના કરે કે લો હવે આ તમે આરોગો, તેવી આ વિજ્ઞાપના છે. આ જીવોનો પ્રવાહમાંથી ઉદ્ધાર કરી પુનઃ લીલામાં સ્થિત કરવાની ભગવદાજ્ઞા થતાં તેમને પ્રવાહમાંથી બહાર કાઢી-પ્રવાહથી અલગ કરી તેમને ભગવદાજ્ઞા-ઈચ્છા અનુસાર પુષ્ટિ ભાવમાં સ્થાપી તેમને પ્રભુ પાસે ઉપસ્થિત કરીને તેમના ફલસિદ્ધિરૂપ સમુદ્ધાર અર્થે આરોગો એવી વિજ્ઞાપના શ્રીમહાપ્રભુ શ્રીકૃષ્ણની કરે છે. પ્રાર્થ્યભાવ એ જુદી વાત છે અને કોઈ વાતનું - વસ્તુનું જ્ઞાપન કરવું એ જુદી વાત છે, એમાં અહીં પ્રાર્થના નથી પણ જ્ઞાપન કરવાનો ભાવ છે માટે કહ્યું કે વિજ્ઞાપના કરું છું. આ મુજબની જ વિજ્ઞાપનાનો ભાવ રાસપંચાધ્યાયીમાં **‘पुरुषभूषण देहि दास्यम्’** પરની ટિપ્પણીમાં શ્રીવ્રજભક્તો તરફે શ્રીપ્રભુચરણે જણાવ્યો છે. સમુદ્ધારથી જ એમના શરણસ્થ ભાવની કે તેમની શરણમાં સ્થિતિની સાર્થકતા છે અને તેમના દૈવીજીવત્વની પણ એમાં જ સાર્થકતા છે. આ જીવોને આ પ્રકાર સિવાયનું ઈતર કોઈ પણ પ્રકારનું મોક્ષરૂપ ફલ પણ ફલરૂપ ન હોઈ નિરર્થક છે, તેથી મારા શરણે રહેલા આ દૈવીજીવોને મોક્ષ વગેરે તુચ્છ ફલ મા થાઓ પણ પરમફલોપલબ્ધિ રૂપ સમુદ્ધાર થાઓ તે અર્થે આ વિજ્ઞાપના છે.

◆ ◆ ◆ ◆ ◆ ◆

શ્લોક – અગિયારમો

कृष्णाश्रयमिदं स्तोत्रं यः पठेत् कृष्णसन्निधौ ।
तस्याश्रयो भवेत् कृष्ण इति श्रीवल्लभोऽब्रवीत् ।। ११ ।।

अन्वय :- यः इदं कृष्णाश्रयं स्तोत्रं कृष्णसन्निधौ पठेत्, तस्य आश्रयः कृष्णः भवेत् इति श्रीवल्लभः अब्रवीत् ।

અર્થ :- જે આ કૃષ્ણાશ્રય સ્તોત્રને કૃષ્ણની સન્નિધિમાં (કૃષ્ણ આગળ) ભાણે (બોલે યા પાઠ કરે) તેનો આશ્રય કૃષ્ણ થાય એમ શ્રીવલ્લભ (હું પોતે) કહે છે ॥ ૧૧ ॥

સ્તોત્ર વિવરણ :- દશમા શ્લોકમાં ભક્તિમાર્ગીય મોક્ષ પુરુષાર્થ ભગવત્ સેવાની યોગ્યતાનું સંપાદન એને અર્થે અન્યાન્ય ઉદ્યમ નહીં કરી માત્ર કૃષ્ણનો જ આશ્રય કર્તવ્ય છે અને કૃષ્ણાશ્રયની સિદ્ધિ અર્થે શ્રીવલ્લભાચાર્યચરણનો તેમના આદર-વિશ્વાસ સહ આશ્રય કરી તેઓશ્રીએ ઉપદેશેલાં વચનો અનુસાર આશ્રયભાવે રહેવાથી પણ આશ્રય સિદ્ધ થાય છે. તેમજ શ્રીઆચાર્યચરણનો આશ્રય એ અન્યાશ્રય કેમ નથી એનો સારી પેઠે વિચાર કરીને હવે આ અગિયારમાં શ્લોકમાં શ્રીકૃષ્ણ આગળ માત્ર આ કૃષ્ણાશ્રયસ્તોત્રના પાઠ માત્રથી પણ કૃષ્ણાશ્રય સિદ્ધ થાય છે તે જાણાવે છે :-

‘कृष्णाश्रयमिदं स्तोत्रम्’ અહીં સર્વ ટીકાકારો આ મુજબ જાણાવે છે :-

શ્રીરઘુનાથજી :- **‘कृष्णाश्रयमिति । कृष्ण आश्रीयते येन स्तोत्रेण तत्कृष्णाश्रयं, कृष्ण आश्रयः प्रतिपाद्योऽर्थो यस्येति वा ।’**

જે સ્તોત્ર વડે કૃષ્ણ આશ્રય થાય છે તે કૃષ્ણાશ્રય સ્તોત્રને, અથવા તો કૃષ્ણ જેનો આશ્રય એટલે કે પ્રતિપાદ્ય અર્થ છે તે કૃષ્ણાશ્રયસ્તોત્રને.

શ્રીકલ્યાણરાયજી :- **‘कृष्ण आ समन्तात् श्रीयते सेव्यतेऽनेन, कृष्ण आश्रयो येन यस्मादिति वेति कृष्णाश्रयम्, इदमेव कृष्णाश्रयं यथार्थनिरूपकत्वान्नान्यत् ।’** આના વડે (આ સ્તોત્ર વડે) કૃષ્ણ સર્વ પ્રકારે - દરેક તરફથી સેવાય છે. (એ કૃષ્ણાશ્રય સ્તોત્રને), અથવા જેના વડે- જેથી કૃષ્ણ આશ્રય થાય તે કૃષ્ણાશ્રય (સ્તોત્ર)ને. (શ્રીવલ્લભાચાર્ય વિરચિત) આ જ સ્તોત્ર યથાર્થમાં કૃષ્ણાશ્રય નિરૂપાણ કરનાર હોવાથી (આના પાઠથી જ આશ્રય સિદ્ધિ થાય છે) આવા બીજા (બીજા દ્વારા રચિત) સ્તોત્રના પાઠથી આશ્રય સિદ્ધિ થતી નથી (તેથી મૂલમાં **કૃષ્ણાશ્રય** પદની સાથે **ઈદમ્** પદ યોજ્યું છે).

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘कृष्ण आश्रयो भवत्यस्मादिति कृष्णाश्रय इति स्तोत्रस्य नाम ।’** આનાથી કૃષ્ણ આશ્રય થાય છે, કૃષ્ણાશ્રય એ સ્તોત્રનું નામ (કહ્યું છે.)

શ્રીવ્રજરાજજી :- **‘कृष्ण आश्रीयतेऽनेनेति, कृष्ण आश्रयो विषयो यस्येति वा कृष्णाश्रयम् । आश्रयपदस्य विषयवाचकत्वं प्रह्लादचरित्रे ‘यत्तत्र गुरुणा प्रोक्तं शुश्रुवेऽनुपपाठ च । न साधु मनसा मेने स्वपरासद्ग्रहाश्रयमि’ति सप्तमेऽन्यत्र च प्रसिद्धम् । एतदन्वर्थनामकमिदमुक्तं स्तोत्रं .....’** આના વડે કૃષ્ણ આશ્રય થાય છે (સેવાય છે) અથવા જેનો કૃષ્ણ આશ્રય = વિષય છે તે કૃષ્ણાશ્રયને. આશ્રય પદનું વિષયવાચક પણું પ્રહ્લાદચરિત્રમાં **‘यत्तत्र गुरुणा प्रोक्तम्’** એમાં (ભાગ.૭-૫-૩) સપ્તમ સ્કન્ધમાં અથવા અન્યત્ર (પણ) પ્રસિદ્ધ છે. (આ ભાગવત વાક્યમાં આશ્રય પદ જેમ આધાર અર્થને પ્રકાશે છે) તે મુજબ (આશ્રય) ના અર્થને પ્રકાશનાર (કૃષ્ણ આશ્રય નામક આ સ્તોત્ર કહ્યું છે ....

વિવરણકાર :- **‘कृष्ण आश्रयो यस्मिन्निति तत्स्वरूपनिवेदनं कृतम् ।’** જેમાં કૃષ્ણ આશ્રય છે, એમ તે સ્વરૂપ નિવેદન કર્યું.

‘यः पठेत् कृष्ण सन्निधौ । तस्याश्रयो भवेत् कृष्णः’ અહીં બધા ટીકાકારો આ મુજબ જણાવે છે.

શ્રીરઘુનાથજી :- **‘इदं यः कृष्णसन्निधौ समीपे सन्निधि पदात्तदनन्यभक्तसमीपेऽपि पठनीयं सन्निधेस्तुल्यत्वात् पठेदधीयीत तस्याश्रयानभिज्ञस्यापि स्वयमेव कृष्ण आश्रयो भवेत्’**

આ જે કૃષ્ણ સન્નિધિમાં એટલે સમીપમાં, સન્નિધિ પદ પ્રયોગથી અનન્યભાવે ભગવાનને ભજતા ભગવાનના ભક્તોનાં સમીપમાં પણ (એમપણ) ભણવું, કૃષ્ણ સન્નિધિની ભક્તોમાં સમાનતા હોવાથી (ભક્તોના હૃદયમાં સતત ભગવાન બિરાજતા હોવાથી) **‘पठेत्’** એટલે ભણવું (બોલવું), (આમ કરવાથી) આશ્રય પદાર્થને નહીં જાણનાર એવા લોકોના પણ પોતે જ ભગવાન કૃષ્ણ આશ્રય થાય છે.

શ્રીકલ્યાણરાયજી :- **‘कृष्णसन्निधौ तन्निमित्तं वा, इदं यः पठेत् तस्य कृष्ण आश्रयो भवेत् । अत्र हेतुहेतुमतोर्लिङ् इदमिति नान्यपाठेनेदं फलं, स्वरूपाज्ञानात्’** કૃષ્ણ સન્નિધિમાં (આગળ) અથવા તેમાં નિમિત્તે, આ જે પઠન કરે તેનો કૃષ્ણ આશ્રય થાય. અહીં હેતુ-હેતુવાળાને લિઙ્ થાય એ નિયમે **‘इदम्’** એમ કહેવાથી બીજા સ્તોત્રના પાઠથી આ ફલ થતું નથી, (આશ્રય) સ્વરૂપના અજ્ઞાનને કારણે.

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘फलाधिकारिणां पाठविधिं चाह - सन्निधौ सेव्यस्य गुरोर्वा । उभयोरभावे स्मरणीयस्य वा । धर्मादिषु सर्वेषु असाधनतानिश्चयः कृतार्थताविषयिण्युत्कटेच्छा च पूर्वावधिः । अल्पे बहु च साध्ये भगवान् स्वतः सर्वसाधको भवतीत्येवंरूप आश्रयसिद्धिरुत्तरावधिः । तावदिदं पठनीयमिति सिद्धम् । यः पठेत् कृष्णसन्निधौ । य एव पठेत्ततद्धर्माविष्टान्तःकरणः अतथाभूतो वा । ततः किं स्यादत आह तस्याश्रयो भवेत् । क इत्याकाङ्क्षायां कृष्ण इति । कृष्णः सदानन्दः । तेन तदाश्रितानां व्रजस्थानामिव सर्वथा दुःखात्यन्ताभावः परमानन्दसम्बन्धश्चोक्तौ भवतः ।’**

(આ) ફલના અધિકારીઓ અને એમની પાઠવિધિને કહે છે - સન્નિધિમાં એટલે પોતાના સેવ્ય પ્રભુની આગળ અથવા ગુરુ આગળ (પાઠ કરવો), બંનેના અભાવમાં સ્મરણીયની આગળ (પાઠ કરવો) (સ્મરણીય = સ્મરણ કરવા યોગ્ય વ્યક્તિ આગળ = જેનાં દર્શનથી અથવા જેના સમીપ રહેવાથી ભગવાનનું સ્મરણ થતું હોય તેવા સ્મરણીય લોકો આગળ પાઠ કરવો), ધર્મ વગેરે સર્વ (સાધનો) માં અસાધનતાનો નિશ્ચય થવો એ પૂર્વ અવધિ (સીમા) છે, થોડા કે ઘણાથી સાધ્ય (વિષયો)માં ભગવાન પોતે જ સર્વ સાધનારા થાય છે એ ઉત્તરાવધિ (સીમા) છે, ત્યાં પર્યન્ત આ સ્તોત્રનું પઠન કરવું એમ સિદ્ધ થાય છે. આશ્રયધર્મથી જેનું અંતઃકરણ આવિષ્ટ છે તેવો વ્યક્તિ યા જેનું અંતઃકરણ આશ્રયધર્મથી આવિષ્ટ નથી તેવો વ્યક્તિ જે પણ આનું પઠન કરે, પઠન કરવાથી શું થાય ? ત્યાં કહે છે તેના (પઠન કરનારના) આશ્રય થાય, તે કોણ થાય તેવી આકાંક્ષામાં કહે છે કૃષ્ણ આશ્રય થાય, કૃષ્ણ એટલે સદાનન્દ, એના વડે વ્રજસ્થ લોકોની માફક જે ભગવાનના આશ્રિતો છે તેમને સર્વથા દુઃખોનો અત્યંત અભાવ અને પરમાનંદનો સંબંધ થાય છે એમ બે વાત કહી છે.

શ્રીવ્રજરાજજી :- **‘यः कृष्णसन्निधौ भगवन्निकटे पठेत् तस्य कृष्ण आश्रयः सहायो भवेत् । .... एवं च विवेकधैर्याश्रयोक्तरीतिकविवेकादेरभावे दैन्यपूर्वकमेवैतत्स्तोत्रार्थानुसन्धानपूर्वकं भगवत्सन्निधावेतत्स्तोत्रपाठः ।’** જે કૃષ્ણસન્નિધિમાં એટલે કે ભગવાનના નિકટ પઠન કરે તેનો કૃષ્ણ આશ્રય એટલે સહાય થાય છે. તેમજ વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં જણાવાયેલ વિવેક વગેરેનો અભાવ હોતાં દૈન્યપૂર્વક આ સ્તોત્રના અર્થના અનુસંધાનપૂર્વક

ભગવાનના સન્નિધિમાં આ સ્તોત્રનો પાઠ કરવો.

વિવરણકાર :- **'कृष्णस्य भावात्मकस्य सन्निधौ सति पुष्टिमार्गीयस्योद्भूतभावाङ्कुरस्य भावरूपत्वेनान्तस्तत्सान्निध्यं भवतीति तथोक्तम् । तत्सान्निध्यार्थं वा पठेत्तस्यैवाश्रयो भवेदिति । य इति मदतिरिक्तोऽन्योऽपि स्वीकृत इत्यर्थः ।'** કૃષ્ણ એટલે ભાવાત્મક (ભગવાન)નું સન્નિધાન હોતાં ઉદ્ભવ પામેલ પુષ્ટિમાર્ગીય ભાવાંકુરની ભાવરૂપતા વડે કરીને (અને તે ભાવરૂપ ભગવાન હોવાથી તેમ જે ભાવ મનમાં-અંતરમાં રહેતો હોવાથી) અંતઃ સાન્નિધ્ય તેનું થાય છે તેથી કૃષ્ણ સન્નિધિમાં એમ કહ્યું છે (ભગવાનની ભાવરૂપે હૃદયમાં સ્થિતિ હોતાં-સન્નિધાનમાં એમ કહ્યું છે) અથવા તેવાં સાન્નિધ્યને અર્થે પઠન કરે તેના આશ્રય (ભગવાન) થાય છે. **'यः'** એમ કહ્યું છે તેથી મારાથી (શ્રીવલ્લભથી) અતિરિક્ત બીજો કોઈ વૈષ્ણવ પણ આ રીતમાં સ્વીકૃત છે.

'श्रीवल्लभोऽब्रवीत्' અહીં સર્વ ટીકાકારો આ મુજબ લખે છે :-

શ્રીરઘુનાથજી :- **'कथमिदमतिदुर्लभमेतावन्मात्रेण भवेदिति नाशङ्कनीयं, यतः कारणात् इति श्रीवल्लभोऽब्रवीत् । इति इममर्थं श्रीवल्लभ आचार्यवर्योऽब्रवीदुक्तवानतः किमाश्चर्यम् । अत्राचार्यवचनानां वस्तुशक्तिरेव प्रयोजिका, यतस्तद्वचनैः प्रेरितो भगवांस्तदाश्रयो भवति न तु तत्कृतमण्वपि साधनमपेक्षते ।'** અતિદુર્લભ એવું ફલ આટલા જ માત્રથી (કૃષ્ણ સન્નિધિમાં સ્તોત્ર પઠન માત્રથી) કેમ કરી થાય તેવી શંકા કરવી નહીં, કારણ કે આ મુજબ શ્રીવલ્લભ કહે છે. આ પ્રમાણે આ અર્થને શ્રીવલ્લભ આચાર્યવર્ય કહેવાવાળા છે (તેથી પછી) તેમાં શું આશ્ચર્ય છે ? અહીં આચાર્ય વચનોની વસ્તુશક્તિ જ પ્રયોજિકા છે, જેથી તેઓશ્રીનાં વચનો વડે પ્રેરિત ભગવાન તે જીવના આશ્રય થાય છે, (આ સ્તોત્ર પઠન સિવાયના) તેના દ્વારા કરાયેલા બીજા કોઈ પણ અણુ માત્ર સાધનની પણ ભગવાન (પોતે

તેનાં આશ્રય થવામાં) અપેક્ષા કરતા નથી.

શ્રીકલ્યાણરાયજી :- **'नन्वल्पायासादेतत्स्तोत्रपाठमात्रेण कथमेतत्फलं स्यादित्याशङ्क्याहुः - श्रीवल्लभ इति । इदमब्रवीत्-अवदत् । स्वस्य भगवत्स्वरूपाभिज्ञत्वाद् भगवता सर्वोद्धारार्थं प्रकटितत्वादुद्धारकस्वरूपत्वाच्च नात्राप्रामाण्यशङ्का, नहि भगवान् सत्यवाक् स्ववाचमन्यथा करोति । यत्र प्रसङ्गान्नारदकृतं 'तत्तथा साधयिष्यामि यद् गीतं तन्महात्मने'ति सदनुग्रहो भगवान् स्वकृतमिव मन्यमानः पुरुषोत्तमः स्वयं तत्र गत्वा नलकूबरमणिग्रीवोद्धारं कृतवान् तत्र स्वयं सर्वार्थं प्रकटितस्य स्वस्वरूपस्य कृतौ वचने वा किं किं न करिष्यतीति तत्कृपायां सर्वं भवतीति सर्वमनवद्यम् ।'** અલ્પ આયાસથી આ સ્તોત્ર પાઠ માત્ર વડે કેમ કરીને આ ફલ થાય ? એમ શંકા કરીને કહે છે - શ્રીવલ્લભ આ **'अब्रवीत्'** એટલે બોલ્યા (શ્રીકલ્યાણરાયજી **'इदम्'** પદને **'कृष्णाश्रयम्'** ઉપરાંત **'अब्रवीत्'** પદ સાથે પણ સાંકળે છે.) પોતે (શ્રીવલ્લભ) ભગવત્સ્વરૂપને સારી રીતે જાણનારા હોવાથી અને સર્વ (દૈવીજીવોના) ઉદ્ધાર અર્થે ભગવાન (ની આજ્ઞા) વડે પ્રકટ થયેલા હોવાથી પોતાનું ઉદ્ધાર કરનારું સ્વરૂપ હોવાથી તેમનાં વચનમાં અપ્રમાણની કોઈ શંકા જ રહેતી નથી. સત્ય વચન ભગવાન પોતાના ઉચ્ચારાયેલાં વચનને અન્યથા કરતા નથી. **'तत्तथा साधयिष्यामि'** (ભાગ. ૧૦-૧૦-૨૫) અહીં પ્રસંગોપાત્ત નારદદ્વારા કરાયેલાને સત્પુરુષો પર અનુગ્રહ કરનારા ભગવાન પુરુષોત્તમ (તેને પણ) પોતાના દ્વારા જાણે કે કરાયું હોય તેમ માનવાવાળા થયા અને પોતે ત્યાં જઈ નલકૂબર-મણિગ્રીવનો ઉદ્ધાર કરવાવાળા થયા, (એમ હોતાં) ત્યાં સર્વ (દૈવી જીવો)ને અર્થે પોતાનાં જ સ્વરૂપ (એવા શ્રીવલ્લભ)નાં વચનમાં કે કૃતિમાં શું-શું નહીં કરશે? (બધું જ કરશે જ) તેથી તેમની શ્રીવલ્લભની કૃપા થતાં બધું જ (ફલ) થાય છે (તેથી અહીં માત્ર

પાઠથી ફલ થાય છે તેમ કહેવું) અહીં બધું જ યથાયોગ્ય છે.

શ્રીદ્વારિકેશ્વરજી :- **‘नन्वत्र किं प्रमाणमेतत्स्तोत्रपाठमात्रेणैव स तथा भवेत् श्रीवल्लभ इति । यथा श्रिया वल्लभो भगवांस्तथायमपीति भगवद्वाक्यमिवास्यापि वाक्यं वेदात्मकमिति मूर्ध्नि धृत्वा तथैव कर्तव्यमित्यर्थः । किञ्च भगवद्धर्माणां स्वरूपं तद्धर्मनिरता एव जानन्तीति तदुक्तौ न विप्रतिपन्नैः कैरपि भाव्यमिति दिक् ।’**

આ સ્તોત્રના પાઠ માત્ર વડે કૃષ્ણ આશ્રય થાય તેમાં શું પ્રમાણ છે ? તો કહે છે શ્રીવલ્લભ (આમાં પ્રમાણ). જેમ ભગવાન શ્રી વડે વલ્લભ છે તેમ આ પણ તેમજ છે તેથી ભગવદ્ વાક્યની માફક આપનાં (શ્રીવલ્લભનાં) વાક્ય પણ વેદાત્મક છે અતઃ તેમનાં વચનો મસ્તકે ધારણ કરી તે વચનો અનુસાર જ કર્તવ્ય છે એમ અત્ર અર્થ છે. વળી, જે ભગવદ્ધર્મમાં નિરત હોય તે જ ભગવદ્ધર્મોનાં સ્વરૂપને જાણે છે તેથી શ્રીઆચાર્યચરણની ઉક્તિમાં કોઈ પણ મતવિરોધી લોકોએ કંઈ પણ (અન્યથા) વિચારવા જેવું નથી.

શ્રીવ્રજરાજજી :- **‘इतीममर्थं श्रीवल्लभोऽव्रवीदुक्तवानिति । .... । तत्राप्यनधिकारे श्रीमदाचार्यचरणविश्वासपूर्वकं भगवत्सन्निधौ पाठ इति साधनद्वयं मानसवाचनिक-केवलवाचनिक - शरणागतिरूपं निर्दिष्टम् ।’**

આ અર્થને શ્રીવલ્લભ કહેવાવાળા છે. (વિવેકધૈર્યાશ્રયોક્ત રીતિ પ્રમાણે વિવેકાદિનો અભાવ હોતાં દૈન્ય પૂર્વક આ સ્તોત્રના અર્થના અનુસંધાનપૂર્વક ભગવત્સાન્નિધ્યમાં પાઠ કરવાનો પોતાનો અનધિકાર હોતાં-સ્તોત્રના અર્થના અનુસંધાનપૂર્વક પાઠ કરવો શક્ય ન હોતાં શ્રીમદ્ આચાર્યચરણમાં વિશ્વાસ રાખી ભગવાનનાં સાન્નિધ્યમાં (અર્થના અનુસંધાન વિના પણ માત્ર વાચનિક રૂપમાં) પાઠ કરે (તો પણ તેના આશ્રય ભગવાન થાય) એમ શરણાગતિરૂપ બે પ્રકારનાં

સાધનો (૧) મનસહિત વાચનિક અને (૨) મન વિના કેવલ વાચનિક એમ બે સાધનો અત્ર નિર્દેશ્યાં છે.

વિવરણકાર :- **‘नन्वेवं विज्ञापनेऽपि भगवता तन्नोररीकृतं चेत्तदा कथं फलसिद्धिस्तत्राहुः श्रीवल्लभोऽब्रवीदिति । इतीति पूर्वोक्तं विज्ञापनं श्रीवल्लभः साक्षाद्गोपीशोऽब्रवीत् अङ्गीकृत्याज्ञप्तवानित्यर्थः । अथवा श्रीवल्लभः स्वयमेव श्रीरूपाणां स्वामिनीनां वल्लभः परमवात्सल्यास्पदीभूतः । अत एव ताः स्वरहस्यं सर्वं कथयन्तीति तासां गुरुत्वं निरूपितं संन्यासनिर्णये । अतिप्रियाय गुरुः स्वरहस्यं कथयतीत्युक्तत्वात् । एवं सति तद्वल्लभत्वेन प्रभोरपि परमप्रेमास्पदीभूत इति तदुक्तं सर्वमङ्गीकृतं भगवतेति ज्ञापितम् । अत एव यतोऽङ्गीकृतमिति हेतोरब्रवीदित्याह, फलमित्यर्थः । किञ्च, तद्वल्लभत्वेन भगवदुक्ताङ्गीकारः स्वतः सिद्ध एवेति न पुनस्तदुक्तिः कण्ठोक्ता । अनेन फले सर्वथापि निःसन्दिग्धत्वं निरूपितमिति सर्वमवदातम् ।’**
(પૂર્વશ્લોકમાં કહ્યા મુજબ) વિજ્ઞાપન કર્યા છતાં પણ જો ભગવાન તેનો સ્વીકાર ન કરે ત્યારે કેવી રીતે ફલસિદ્ધિ થાય ? ત્યાં કહે છે - શ્રીવલ્લભ કહેવાવાળા છે. **‘इति’** એમ કહ્યું છે ત્યાં પૂર્વ (શ્લોકમાં) કહેલ વિજ્ઞાપન શ્રીવલ્લભ સાક્ષાદ્ગોપીશ **‘अब्रबीत्’** અંગીકૃતિ આજ્ઞપ્તવાળા છે (દૈવીજીવોને મારી પાસે નિવેદિત કરો એવી ભગવાનની શ્રીવલ્લભને આજ્ઞા થયેલી હોવાથી શ્રીવલ્લભની આજ્ઞા મુજબ દૈવી જીવો શરણે જઈ સ્તોત્ર પઠન કરે અને તેમાં શ્રીવલ્લભની વિજ્ઞાપનાનું ઉચ્ચારણ કરે તો ભગવાન સ્વીકારશે કે કેમ તેવી શંકા જ રહેતી નથી). અથવા શ્રીવલ્લભ સ્વયમ્ જ શ્રીરૂપ સ્વામિનીઓના પ્રિય-તેમના પરમ વાત્સલ્યાસ્પદ થયેલા છે. તેથી જ તે સ્વામિનીઓ પોતાનું સર્વ રહસ્ય (તેમની આગળ) કહે છે તેથી તેમનું (સ્વામિનીઓનું) ગુરુપણું સંન્યાસનિર્ણયગ્રન્થમાં નિરૂપિત થયું છે. ગુરુ પોતાનું રહસ્ય અતિપ્રિયો આગળ કહે છે તેમ કહેવાયેલું હોવાથી. આમ હોતાં

શ્રીઆચાર્યચરણ સ્વામિનીઓના પ્રિય હોવાથી શ્રીપ્રભુના પણ પરમ પ્રેમાસ્પદ થયેલા છે તેથી શ્રીવલ્લભનું કહેલું સર્વ ભગવાન વડે અંગીકાર કરાયેલું છે એમ જણાવ્યું છે. જે કારણથી અંગીકાર કરાયેલું છે તે હેતુથી (ભગવાન આશ્રય થાય તે) ફલ કહે છે. વળી શ્રીઆચાર્યચરણ ભગવાનને પ્રિય હોવાથી ભગવદુક્ત અંગીકાર સ્વતઃ સિદ્ધ જ છે તેથી કંઠતઃ તેની પુનઃ ઉક્તિ કહી નથી. આના વડે ફલમાં સર્વથા જ નિઃસંદિગ્ધપણું છે એમ નિરૂપિત થયું છે જે સર્વ અતિ સુંદર છે.

‘सर्वमार्गेषु नष्टेषु’ થી આરંભી **‘कृष्णं विज्ञापयाम्यहम्’** પર્યન્તમાં દશ શ્લોકો પૈકી પ્રથમથી લઈને નવ શ્લોકોમાં કૃષ્ણ જ મારી ગતિ હો એ પ્રકારે સ્તવન કરી દશમામાં વિજ્ઞાપના પ્રકારે સ્તવન કરીને દશધા આશ્રયનું નિરૂપણ કર્યું. આ દશ શ્લોકોમાં કાલ, દેશ, દ્રવ્ય, કર્તા, મંત્ર, કર્મ, ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ પુષ્ટિમાર્ગમાં ભગવાન જ છે અથવા તો ભગવાન થકી જ છે તેથી જીવે તે-તે સાધનોનો આશ્રય નહીં રાખી કૃષ્ણનો જ આશ્રય કર્તવ્ય છે એમ નિર્ધારણ કરવામાં આવ્યું. ભગવાન પરબ્રહ્મ રસ-આનન્દ છે એમ તૈત્તિરીય ઉપનિષદ્‌ની શ્રુતિ કહે છે અને તે પરમાત્મા માનસીન છે એમ તૈત્તિરીય આરણ્યકસ્થ સુવર્ણધર્માનુવાક્માં જણાવ્યું છે. **‘मनसि भवः मानसीनः’** એ વ્યુત્પત્તિ અનુસાર ભકતના મનમાં ઉદ્‌ભવ થનાર રસરૂપ પરબ્રહ્મને જ માનસીન કહ્યા છે. આ રસરૂપ ભગવાનને જ છાન્દોગ્યમાં વિગાઢભાવ રૂપ ભગવાન ભૂમા ભક્તોમાં પ્રતિષ્ઠિત છે એમ કહ્યું છે તથા સુવર્ણધર્માનુવાક્માં માનસીન રસરૂપ ભગવાનને માટે **‘दशधा चरन्तम्’** દશવિધલીલાના કર્તા તરીકે કહેવાયું છે અતઃ દશવિધલીલાના આશ્રય ભગવાન હોવાથી આશ્રય સ્વરૂપ પણ દશ પ્રકારનું થાય છે. આ દશવિધ લીલા એ વાત્સાયનોક્ત અથવા ભરતમુનિ દ્વારા કહેવાયેલ રસની દશ અવસ્થા વિશેષ છે જેને આપણે પૂર્વપીઠિકા માં વિચારી ગયા છીએ અતઃ તન્નિરૂપક આ દશ શ્લોકો વડે સ્તવન કરવામાં આવ્યું છે. રસની આ દશધા દશ અવસ્થા વિશેષને માટે જ શ્રીપ્રભુચરણ લખે છે - **‘दशधा रसरूपःसन् अवतार इतीर्यते’** દશધા રસરૂપ ભગવાનને જ અવતાર તરીકે જાણવામાં આવે છે અતઃ દશ શ્લોકો વડે અવતાર

કૃષ્ણનું નિરૂપણ સ્તવન રૂપે કરી હવે આ અગિયારમા શ્લોકમાં અવતારી કૃષ્ણનું કિંવા દશવિધ લીલાના કર્તા કૃષ્ણનું કિંવા દશધા આશ્રય લીલાના કર્તા કૃષ્ણનું નિરૂપણ કરવામાં આવે છે.

આપણે પહેલા જોઈ ગયા તે મુજબ પ્રથમના દશ શ્લોકોમાં આશ્રયનું ધર્મરૂપે નિરૂપણ કરી અગિયારમા શ્લોકમાં ધર્મી આશ્રય કહેવાયેલો છે. ધર્મી એટલે જે દરેક ધર્મમાં અંદર રહેલો હોય. એક જ ધર્મીના ધર્મો જુદા-જુદા અનેક હોય છે પણ તે અનેક ધર્મોમાં એક જ ધર્મી રહેલો હોય છે. જેમ આંખનું કામ જોવાનું છે, કાનથી સાંભળવાનું, પગથી ચાલવાનું, હાથથી કરવાનું, બુદ્ધિથી વિચારવાનું, ચિત્તથી ચિન્તવાનું વગેરે આ બધા આંખ-કાન જુદા-જુદા ધર્મો છે અને આ બધામાં એક જ ધર્મી જીવ રહેલો છે. તેવી જ રીતે ધર્મરૂપ આશ્રય અને ધર્મી આશ્રય વચ્ચે સમજવાનું છે. અતઃ સર્વ માર્ગો નષ્ટ થતાં માર્ગરૂપે કૃષ્ણ આશ્રય, દેશ નષ્ટ થતાં દેશરૂપે કૃષ્ણ-આશ્રય, તીર્થો નષ્ટ થતાં તીર્થરૂપે કૃષ્ણ આશ્રય વગેરે અથવા ધર્મ, અર્થ, કામ, મોક્ષ એમ ચાર પુરુષાર્થોની સિદ્ધિ અર્થે તે-તે પુરુષાર્થરૂપ કૃષ્ણ-આશ્રયનો વિચાર આ દશ શ્લોકોથી ધર્મરૂપે આશ્રય વિચારાયેલો છે જ્યારે આ અગિયારમા શ્લોકમાં દશ ધર્મરૂપ આશ્રયમાં રહેલ ધર્મીના આશ્રયનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ અંતિમ શ્લોકમાં ધર્મીનો વિષય **‘कृष्णाश्रयमिदं स्तोत्रम्’ આ કૃષ્ણાશ્રય સ્તોત્રનો** અને **‘इति श्रीवल्लभोऽब्रवीत्’ એમ શ્રીવલ્લભ કહે છે.** આ બે વાક્યોથી કહેવાયો છે. ‘કૃષ્ણ જ મારી ગતિ હો’ એમ કહેતાં સાધારણ વ્યક્તિ દ્વારા એના મુખે ઉચ્ચારણ થતાં યા મનમાં ભાવન કરાતાં કૃષ્ણ કંઈ ઉચ્ચારણ કર્તાના આધીન નથી કે શબ્દ સાંભળતાં કૃષ્ણ ગતિ સિદ્ધ થઈ જાય. રાજાની કુંવરી મારી પત્ની હો એમ મનમાં વિચારવાથી કે બોલવાથી કંઈ રાજકુમારી તત્કાળ આવીને ગળામાં વરમાળા નાખી દેશે અને જો કદાચ એમ નહીં શક્ય એવી ઘટના ઘટી જાય અને રાજકુમારી સીધી રથમાં બેસી પરણવાની અભિલાષાવાળા પાસે આવી વરમાળા નાંખી દે તો અભિલાષા રાખનાર પોતાનામાં ઉત્તમતા છે તેવું

માની તેનામાં અહંકાર વગેરે ઉત્પન્ન થવો પૂર્ણ સંભવ છે અને અહંકારે ક્યારેક રાજકુમારી સાથે દુર્વ્યવહાર કરી રાજકુમારીની નજરથી તેનું પતન થવું સંભવ છે તેમ જીવમાં પણ અહંકાર વગેરે ઉત્પન્ન થઈ તેનું દાસધર્મથી પતન થવું સંભવ છે. તેથી **કૃષ્ણ જ મારી ગતિ હો** આનું ભાવન-ઉચ્ચારણ બન્ને સાક્ષાત્ કૃષ્ણસ્વરૂપ શ્રીમહાપ્રભુના ગુરુરૂપના અનુસંધાનપૂર્વક શ્રીમહાપ્રભુના આશ્રયના વિચારપૂર્વક કરવાનું છે અને તે પણ પૂર્વોક્ત દસે પ્રકારના આશ્રય વિષયમાં કરવાનું છે. સર્વમાર્ગો નષ્ટ થતાં મારા કહેવા-વિચારવા માત્રથી કૃષ્ણગતિ થવાની નથી, પણ શ્રીમહાપ્રભુજીએ દૈવી-જીવોના ઉદ્ધારાર્થે તેમજ તેમના દ્વારા કરાતી સેવા-ભક્તિ આધિદૈવિકી બને તે અર્થે ભગવત્ શરણાગતિને સિદ્ધ કરનારા એવા આશ્રય નિરૂપક જે વચનો આ સ્તોત્રના રૂપમાં કહ્યાં છે તેના ઉચ્ચારણ અને ભાવનપૂર્વક તથા તે વખતે ચિત્તમાં શ્રીઆચાર્યચરણના ચરણારવિન્દનું અનુસંધાન રાખી ઉચ્ચારણ-ભાવન કરવામાં આવતાં કૃષ્ણ આશ્રય થાય છે. આ જ કૃષ્ણાશ્રયોક્ત આશ્રયનું ધર્મી સ્વરૂપ છે. આ સમ્પ્રદાયમાં આવી જીવનને સાર્થક-સફલ કરવાની ઈચ્છાવાળા કોઈ પણ પ્રકારના અધિકારવાળાઓ માટે આ ધર્મી આશ્રય પ્રથમ અને અનિવાર્ય-આવશ્યક છે, તેના વિના આ માર્ગમાં કોઈના પણ માટે કંઈ પણ શક્ય નથી. આ માર્ગમાં અંગીકાર તેમજ તદનન્તર ભક્તિની સાધનદશાથી લઈને ફળદશા પર્યન્ત તથા સેવામાં ફલરૂપ પ્રભુ પોતાનો સ્વાનુભવ કરાવી રહ્યા હોય તે વખતે પણ આ જ આશ્રય બધા દૈવીજીવોએ રાખવાનો છે આ વાત આ અગિયારમા શ્લોકમાં કહેવાયેલ **‘इदम्’** પદથી સૂચવ્યું છે.

કોઈ પણ વ્યક્તિ વડે સ્વરો અને વ્યંજનોને સુયોગ્ય રીતે ગોઠવી તેનાં આશ્રય નિરૂપક વાકયો પોતાની બુદ્ધિ અનુસાર ગોઠવી તે મુજબનું ઉચ્ચારણ યા ભાવન કરવાથી કૃષ્ણ આશ્રય થાય છે તેવી બાંહેધરી અહીં આપવામાં આવતી નથી, પરંતુ **‘इदम्’** એટલે આ, આ એટલે શ્રીવલ્લભાચાર્યચરણ દ્વારા રચવામાં આવેલ સ્તોત્રનો પાઠ કરવાથી કૃષ્ણ આશ્રય થાય છે. અતઃ આ સ્તોત્રમાં જે ભાષા, છન્દ, માત્રા, સ્વર, વ્યંજન, સમાસ, શબ્દ, વાક્ય વગેરે પ્રયોજ્યાં છે તેમાં અલ્પમાં અલ્પ અંશમાત્રનો ફરક કર્યા વિના જેમનું તેમ સ્તોત્રનો પાઠ કરવાથી કૃષ્ણાશ્રય થાય છે. શ્રીવલ્લભાચાર્યચરણથી ઈતર બીજા આચાર્યો, સંતો, વિદ્વાનો એ પણ કૃષ્ણાશ્રય દર્શાવેલો છે અને તેમના પણ તન્નિરૂપક ગ્રન્થો છે તેથી કોઈ એમ માને કે શ્રીવલ્લભ અને ઈતર બંનેની કૃતિમાં આશ્રય કહેવાયેલો છે અને બંનેમાં કૃષ્ણના આશ્રયનું નિરૂપણ થયેલું છે તેથી સાધારણ શાબ્દિક ફેરફારથી કોઈ ફરક થતો નથી અતઃ કોઈ પણ શબ્દોમાં આશ્રયનું ભાવન-ઉચ્ચારણ કરવાથી ફલસિદ્ધિ થશે તો તે બાબત શ્રીઆચાર્યચરણ સ્પષ્ટ કહે છે કે મારી જવાબદારી મારા દ્વારા કહેવાયેલ વાક્યો પૂરતી સીમિત છે. બીજાઓની કૃતિમાં શબ્દોની યા વિષયની સમાનતા દેખાતી હોવા છતાં પણ તે શબ્દોના અર્થો દરેકે પોતપોતાની ઢબે જ સ્વીકારેલા હોઈ કોઈક કૃષ્ણને ભગવાનનો અવતાર માનીને પણ માત્ર વ્યવહારમાં જ સત્ય માનતા હોય અને પરમાર્થમાં તેને પણ મિથ્યા જાણાવતા હોય, કોઈક કૃષ્ણને નારાયણના અંશભાગે અવતીર્ણરૂપમાં જાણતા હોય, કોઈક કૃષ્ણને પૂર્ણાવતાર માનીને પણ વાસુદેવ વ્યૂહના રૂપમાં સ્વીકારતા હોય છે, કોઈક કૃષ્ણને પૂર્ણાવતાર રૂપમાં પણ વસુદેવપુત્ર વાસુદેવના રૂપમાં જ જાણતા હોય છે, કોઈક કૃષ્ણને સર્વશ્રેષ્ઠ માનીને પણ કૃષ્ણના ગીતાગાયક રૂપમાં જ નિષ્ઠાવાળા હોય છે, કોઈક વૈકુંઠવાસી લક્ષ્મીપતિ વિષ્ણુને મૂલરૂપમાં સ્વીકારી કૃષ્ણને તે વિષ્ણુના અવતાર સ્વરૂપમાં જોતા હોય છે, આમ દરેકનું કૃષ્ણને જોવાનું દષ્ટિકોણ અલગ-અલગ પ્રકારનું છે. તેવી જ રીતે તેમના-તેમના મતે આશ્રયનું પણ સ્વરૂપ અલગ જ છે કે જે ગીતાના અઢારમા અધ્યાયના **‘सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज’** ઉપરની તેમની-તેમની ટીકાઓ કે જુદી-જુદી ભાષામાં લખાયેલા વ્યાખ્યાગ્રન્થોમાં શરણ શબ્દના વ્યાખ્યાનમાં અલગપણું જોઈ શકાય છે. તેથી કરીને તે-તે લોકો દ્વારા કહેવાયેલા આશ્રયનાં સાધન-ફલમાં પણ ભેદ ઉત્પન્ન થાય છે તેમજ તેનાથી તે-તે લોકોનું ગુરુત્વ પણ તેમના-તેમના સમ્મત માર્ગોમાં જ પ્રવર્તન કરાવનારું હોઈ તેમના દ્વારા કહેવાયેલાં વાક્યોનું ઉચ્ચારણ કરનારના હૃદયમાં તે જ આશ્રય સિદ્ધ થઈ શકશે કે જે તેમના દ્વારા સ્વીકૃત છે. આ ઉપરાંત પુષ્ટિમાર્ગીય જીવોને અર્થે શ્રીવલ્લભાચાર્યચરણે જે કૃષ્ણનું સ્વરૂપ અને તે કૃષ્ણ આશ્રય જાણાવ્યો

છે તે મુજબના તે જીવના આશ્રય થવાનું ભગવાન પણ શ્રીવલ્લભાચાર્ય પ્રદર્શિત માર્ગમાં જ સ્વીકારે છે અને તે પણ શ્રીઆચાર્યચરણના જ માધ્યમથી સ્વીકારે છે, તેમાં અન્ય કોઈનું પણ માધ્યમ હોતાં તે મુજબ ભગવાન પણ સ્વીકારતા નથી. કારણ કે અન્ય માર્ગો-સમ્પ્રદાયોની પ્રવર્તમાન સ્થિતિમાં જ પુષ્ટિજીવોના સમુદ્ધારાર્થે ભગવાને શ્રીવલ્લભને આજ્ઞા કરી છે. અતઃ આ જીવોનું અન્યમાર્ગમાં પ્રવર્તનથવું એ એમની પ્રાવાહિકી સ્થિતિ જ છે અને તે પ્રવાહમાંથી તેમનો સમુદ્ધાર કરી તે જીવોને પુનઃ પુષ્ટિમાર્ગમાં સ્થાપવાની અનુગ્રહ સ્વરૂપની ભગવાનની ઈચ્છા હોવાથી ભગવાને શ્રીવલ્લભને આજ્ઞા કરી છે. સવાલાખ પદો રચવાનો સંકલ્પ કર્યા પછીથી અન્ત સમય સમીપ આવતાં બાકી રહી ગયેલા પદોની સ્વયં શ્રીકૃષ્ણ સૂરશ્યામની છાપથી રચના કરી સમ્પૂર્તિ કરે અને નેત્રથી અંધ હોવા છતાં પણ સકલ લીલાઓ સહિત શ્રીકૃષ્ણ જેમને સદૈવ પ્રત્યક્ષ રહે છે તેવા પરમ ઉચ્ચ કક્ષાને પામેલા એવા સૂરદાસ પ્રભૃતિ ભગવદીયોનાં પદોમાંથી પણ આ જ વિભાવના જોવા મળે છે. જેમનાં નિધન સમયે શ્રીપ્રભુચરણે જેમને કીર્તનના જહાજ તરીકે નવાજ્યા તે શ્રીસૂરદાસજી પોતાના કૃતાર્થ જીવનની સમાપ્તિ અવસરે પણ એ જ આશ્રયનો ભાવ હૃદયમાં રાખી કહે છે - **'દૃઢ ઈન ચરનન કેરો ભરોસો, શ્રીવલ્લભ નખચન્દ્રછટા બિન સબ જગ માંઝ અંધેરો, સાધન ઓર નહીં યા કલિ મેં જાસોં હોત નિવેરો, સૂર કહા કહે દ્વિવિધ આંધરો બિના મોલ કો ચેરો'** પોતાના ગુરુ શ્રીમહાપ્રભુજીએ તેમને જે કૃષ્ણ આશ્રયનો પાઠ ભણાવ્યો હતો દશમ સ્કન્ધાનુક્રમણિકાના ઉપદેશ દ્વારા એ કૃષ્ણાશ્રય આ ઉપર્યુક્ત પદના એક એક વાક્યમાં સ્વરિત થાય છે. આ મુજબના જ કીર્તનસાહિત્યમાંથી બીજાં અનેક પદો ઉપલબ્ધ છે. શ્રીસૂરદાસે ગઉઘાટ પર આરંભે જે શ્રીવલ્લભાશ્રય કર્યો અને તે વડે તેઓ પરમોચ્ચ કક્ષાને પામ્યા, તો એ તે સ્થિતિમાં પણ અને જીવનના અંતે પણ શ્રીવલ્લભાશ્રય તેમના હૃદયમાં તાજોને તાજો જ રહ્યો છે. ભગવદીયોનાં હૃદયનો આ ભાવ જ ધર્મી આશ્રય છે. અતઃ આ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત કૃષ્ણાશ્રય સ્તોત્રનું પઠન અને તે મુજબનું ભાવન કરવાથી કૃષ્ણ આશ્રય થાય છે.

કૃષ્ણ આશ્રય સિદ્ધિ અર્થે સાધનનું નિરૂપણ કરી ત્યારબાદ ઉક્ત સાધનનો કોણ અધિકારી તે જણાવે છે. **'यः'** જે વાક્યથી. અહીં **'यत्'** શબ્દ પ્રયોજાયેલો હોવાથી કોઈ પણ વ્યક્તિ આનો અધિકારી છે તેમ પ્રતીત થાય છે પણ **'इदम्'** અને **'इति श्रीवल्लभोऽब्रवीत्'** આ બે વાક્યો સાથે સંગતિ રાખતાં **'यः = मदीयः'** એવો અર્થ ફલિત થાય છે. એટલે કે જે મારા વૈષ્ણવો-મારા સેવક ભાવે રહેલા વૈષ્ણવો છે તે આ સ્તોત્રપાઠના અધિકારી જીવો છે. કારણ કે તેમના સારી પેઠે ઉદ્ધાર અર્થે મેં શ્રીવલ્લભે આ સ્તોત્રની રચના કરી છે. સિદ્ધાન્તમુક્તાવલીમાં **'कृष्णसेवा सदा कार्या'** એમ વૈષ્ણવો માટે આવશ્યક અર્થમાં સેવાનું વિધાન કર્યા પછીથી બહિર્મુખતા, દુઃસંગ, ચિત્તની ચંચળતા વગેરે દોષોને કારણે શ્રીવલ્લભસેવક થઈને પણ જો તે સેવામાં ન પ્રવર્તે તો તે વૈષ્ણવ ગુરુ આજ્ઞા વિદ્રોહનો દોષભાગી બને અને તેમ હોતાં તો પછી તેવાઓની કલ્યાણ બાબતમાં કોઈ કલ્પના કરવી પણ નકામી છે અને આ માર્ગમાં આ દોષોનાં નિરાકરણ માટે કોઈ સાધન આચરવા પૂરતું પણ જેનામાં સામર્થ્ય ન હોય તેવા અત્યંત અસમર્થ જીવોએ શું કરવું ? તેવી જિજ્ઞાસામાં ભક્તિના અભાવમાં પણ ભક્તિના અર્થે માત્ર શ્રીહરિનું શરણ જ ભાવન-કીર્તન કરવું તેમ વિવેકધૈર્યાશ્રયમાં જણાવ્યું છે પરંતુ જીવોની આ કલિકાલમાં એટલી બધી અસમર્થતા જોવામાં આવે છે કે તેઓ હરિનું શરણ પણ ગ્રહણ કરવા સમર્થ નથી કારણ કે શ્રીહરિના આશ્રયની સિદ્ધિ અને તેનાં રક્ષણ માટે જરૂરી એવો પુષ્ટિમાર્ગીય વિવેક અને પુષ્ટિમાર્ગીય ધૈર્ય અથવા તો આશ્રયમાર્ગીય વિવેક અને આશ્રયમાર્ગીય ધૈર્ય કે જે વિવેક ધૈર્યાશ્રયમાં કહેવાયેલા છે તેને ધારણ કરવું પણ તેમને માટે શક્ય નથી. એટલે કે જીવનના સારા-નરસા પ્રસંગોમાં **'निजेच्छातः करिष्यति'** નો ભાવ નહીં ટકી ચિત્ત વ્યાકુળ બની જ જતું હોય, દુઃખની સંભાવના કે અભિલષિત બાબતમાં મનને દબાવતાં-દબાવતાં પણ ભગવાન પાસે પ્રાર્થના થઈ જ જાય, સેવા-ભક્તિના કરણમાં અહંકાર ક્રોધ વગેરે આવી જ જતાં હોય, તન-મન દુઃખોને સહી ન શકે, દુઃખ સહન કરવાના પ્રસંગે તરુવદ્-દેહ વદ્, જડવદ્-ગોપભાર્યવદ્ ભાવન કરવામાં સરિયામ નિષ્ફળતા સાંપડતી

હોય, ધૈર્ય ધારણ કરવાનો પ્રયત્ન કર્યા છતાં પણ આવતાં દુઃખોનો પ્રતિકાર કરવા પ્રયત્નો થઈ જતા હોય, દુઃસંગ અને ચિત્તની નિર્બલ સ્થિતિના સંયોગથી ભગવાનથી ઈતર અન્યનું ભજન કરવાની ઈચ્છા થઈ જાય યા ભજન થઈ જાય, અન્યદેવોના મંદિરે શ્રદ્ધાપૂર્વક સ્વેચ્છાએ ગમન થઈ જ જતું હોય, પોતાના સેવ્ય-સ્વામી પ્રભુમાં અનેકવાર અવિશ્વાસ થઈ જતો હોય, આવા અનેક આશ્રય વિરોધી અવિવેક અને અધૈર્ય સ્વરૂપની આધુનિક જીવોની દશા હોતાં ભગવદાશ્રયભાવ મનમાં રહી શકતો ન હોય ત્યારે તેવી સ્થિતિમાં જો વૈષ્ણવ પોતાના ગુરુવર્ય શ્રીમહાપ્રભુમાં અત્યંત આદરપૂર્વકની દઢ શ્રદ્ધા રાખી તેઓશ્રીનાં વચનોમાં સર્વ સામર્થ્યને વિચારી મનમાં ભગવદાશ્રય ભાવ હોય કે ન હોય યા પોતાની ક્રિયા તદનુકૂલ હોય કે ન હોય પણ મન અને ક્રિયાના મધ્યે રહેલ વાણીથી માત્ર આ કૃષ્ણાશ્રય સ્તોત્રનું સદૈવ પઠન કરે તેમજ ઉપર્યુક્ત આશ્રય વિરોધી પ્રસંગોમાં પણ વિશેષ કરીને કૃષ્ણાશ્રય સ્તોત્ર પઠે-ભણે-બોલે તેનો કૃષ્ણ આશ્રય થાય છે. એટલે કે પ્રતિદિન અને જ્યારે પણ ભગવદાશ્રય વિરોધી ભાવો મનમાં આવે કે આશ્રયવિરોધી ક્રિયા થઈ જાય તો ત્યારે પણ વિષયોથી તન-મનને મુક્ત કરવા અને આશ્રય માટેના ઉપયોગી વિવેક-ધૈર્યને સિદ્ધ કરવા માટે પણ આ કૃષ્ણાશ્રય સ્તોત્રનો પાઠ ઉચ્ચારણપૂર્વક શ્રીવલ્લભમાં શ્રદ્ધા રાખી કરવો. શ્રીમહાપ્રભુમાં અત્યંત શ્રદ્ધા અને તત્પૂર્વક આ કૃષ્ણાશ્રય સ્તોત્રનો પાઠ માત્ર આટલું બે પણ સધાય તો આનાથી જ આ માર્ગના વૈષ્ણવને આશ્રયસિદ્ધિ, વિવેક-ધૈર્યાદિની પ્રાપ્તિ, સેવામાં પ્રવૃત્તિ, તત્ પ્રવણતા અને ઉત્કૃષ્ટ ફલની ઉપલબ્ધિ આ બધું જ સિદ્ધ થશે. આ પ્રકારે આ શ્લોકમાં ધર્મ સહિત આશ્રયથી ભિન્ન કેવલ ધર્મી આશ્રયનું નિરૂપણ થયેલું છે અને આ ધર્મી ધર્મ સહિતની સ્થિતિમાં પણ રહે જ છે તેથી બાકીના પૂર્વના દશ શ્લોકોમાં કહેવાયેલ આશ્રય વિષયમાં પણ આ ધર્મી આશ્રયમાં કહેવાયેલ બંને (૧) શ્રીમહાપ્રભુમાં દઢ શ્રદ્ધા અને (૨) તત્પૂર્વક આ સ્તોત્રનું ઉચ્ચારણ અથવા તો **'कृष्ण एव गतिर्मम'** આ શરણ-અષ્ટાક્ષરનો જપ એમ બંને સાથે રાખવા, તત્સહ ભાવન-ઉચ્ચારણ કરવું.

આ પ્રકારે અતિશય દોષયુક્ત એવા કલિરૂપ કાલમાં આત્યન્તિક અસમર્થતાને પામી ભવપ્રવાહમાં વહી જતા દૈવીજીવોનું પરમશ્રેય થાઓ, તેમનો સમુદ્ધાર થાઓ, તેઓ સર્વોત્કૃષ્ટ નિજફલને પામનારા થાઓ તેવા અતિશય અનુગ્રહ સ્વરૂપના વિચારે શ્રીમહાપ્રભુજીએ ઉચ્ચારણ માત્રથી આશ્રયસિદ્ધિને અર્થે આ સ્તોત્રની રચના કરી હોવાથી અને આનાં પઠન માત્રથી આશ્રયસિદ્ધિ થશે જ કારણ કે આ શ્રીવલ્લભાચાર્યચરણે આમ જણાવ્યું છે તેવી દઢ શ્રદ્ધાવાળો આનો અધિકારી હોવાથી આવી દઢ શ્રદ્ધાવાળો શ્રીમહાપ્રભુનો સેવક જ હોઈ શકે, આવી દઢ શ્રદ્ધાવાળો શ્રીમહાપ્રભુનો જ સેવક થાય, આવી દઢ શ્રદ્ધાવાળો અન્યનું સેવકત્વ સ્વીકારે જ નહીં તેથી અહીં **'यः'** એટલે **'मदीयः'** મારો=શ્રીવલ્લભનો એમ અર્થ કરતાં શ્રીમહાપ્રભુમાં દઢ શ્રદ્ધા જ આ પાઠનો અધિકાર અર્પે છે એમ જાણી શકાય છે.

'यत्' શબ્દ પ્રયોગથી પાઠના અધિકારીનું નિરૂપણ કરી આગળના બે વાક્યો **'पठेत्'** અને **'कृष्णसन्निधौ'** થી સ્તોત્ર પાઠનો વિધિ કહેવામાં આવે છે. સ્તોત્રમાં જણાવેલ કોઈ મંત્રભાગનો જપ કરવો ? સ્તોત્રમાં જણાવ્યા મુજબ ધ્યાન કરવું ? સ્મરણ કરવું ? કે પછી તદંગભૂતા કોઈ ક્રિયા કરવી ? સ્તોત્રનો આશ્રયસિદ્ધિ અર્થે કેવી રીતે ઉપયોગ કરવો ? તો કહે છે સ્તોત્રનું પઠન કરવું અને તે પણ કૃષ્ણની સન્નિધિમાં કરવું. અહીં **'पठेत्'** એમ કહી ધ્યાન, સ્મરણ, જપ, ક્રિયા વગેરેનો નિષેધ કરી ઉચ્ચારણપૂર્વકના પઠનનો આગ્રહ રાખવામાં આવ્યો છે. શ્રીમહાપ્રભુ અષ્ટાક્ષર માટે પણ નવરત્ન ગ્રંથમાં જણાવે છે કે -

तस्मात्सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ।
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः ॥

આ સ્થળે પણ શ્રીઆચાર્યચરણ **'वदद्भिः'** એમ કહી અષ્ટાક્ષરનો જપ, સ્મરણાદિ નહીં કહી મુખ-કંઠતઃ ઉચ્ચારણનો જ આગ્રહ સેવે છે. વિવેકધૈર્યાશ્રયમાં પણ **'वाचा च परिकीर्तयेत्'** એમ શરણનું મનમાં ભાવન કરવાની સાથે તેનું વાણીથી ઉચ્ચારવું પણ જરૂરી ગણવામાં આવ્યું છે.

શ્રીપુરુષોત્તમજી પણ અષ્ટાક્ષરને માટે **‘वस्तुतो नायं जपः किन्तु कीर्तनमेव’** વગેરે વાક્યોથી ઉચ્ચારણ પ્રકારને જ સ્વીકારે છે.

આપણા પ્રાચીન સર્વ ઋષિ-મુનિઓ દેહ અને મનના મધ્યે વાણીને પરિગણે છે. કારણ કે વાણીથી ઉચ્ચારાયેલું એ મન અને શરીર બંનેને પ્રભાવિત કરે છે. તેવી જ રીતે **‘मनः पूर्वरूपं, वागुत्तररूपम्’** (તૈ.ઉપ.શિક્ષા પ્ર.) આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે મન-વાણી પરસ્પર ઘનિષ્ઠ રીતે સંબંધમાં છે તેથી મનમાં જે સંસ્કારિત હોય છે તે વાણીમાં આવે છે તેમ જે વાણીથી ઉચ્ચારાય છે તે મનમાં સંસ્કારિત થાય છે અને જે મનમાં સંસ્કારિત છે તેનું વાણી દ્વારા વારંવાર ઉચ્ચારણ થતાં મનમાં સંસ્કારિત વિષય વધુને વધુ દૃઢ થાય છે. આ રીતે વાણીથી ઉચ્ચારણ એ આશ્રયભાવને મનમાં સંસ્કારિત કરવા અથવા તો મનમાં સૂક્ષ્મરૂપે રહેલ આશ્રયભાવને સુદૃઢ કરવામાં મહત્ત્વપૂર્ણ છે. તેમાં પણ આ સ્તોત્ર એ શ્રીમહાપ્રભુની વાણી છે તેથી તે અમોઘ છે. એ વાણીનો પોતાની વાગિન્દ્રિય સાથે સંબંધ થતાં તે ઉચ્ચારણ કર્તાના મનમાં અને દેહાદિમાં રહેલા આશ્રય વિરોધી તત્ત્વોનો પરિહાર કરી બંનેને આશ્રય માટે ઉપયુક્ત બનાવે છે. તેમજ આ સ્તોત્ર શ્રીમહાપ્રભુની વાણી છે, શ્રીમહાપ્રભુ કૃત ધ્યાન કે સ્મરણ નથી કે જેનો વાણીથી ઈતરમાં સંબંધ કરાવાય. અતઃ આનું પોતાની વાણીથી જ સેવન સંભવ હોવાથી પણ અત્ર ઉચ્ચારણનો આગ્રહ રખાયો છે. કૃષ્ણાશ્રય સ્તોત્રના ઉચ્ચારણ વડે શ્રીમહાપ્રભુ વાણી દ્વારા ઉચ્ચારણ કર્તાના મનમાં બિરાજમાન થઈ આશ્રયભાવનું દાન, રક્ષણ, પોષણ કરે છે તેથી અહીં **‘पठेत्’** એમ કહ્યું છે.

ઉચ્ચારણનાં વિધાન પછીથી બીજું વિધાન કરે છે **કૃષ્ણસન્નિધિમાં ઉચ્ચારણ કરવું** કૃષ્ણ સન્નિધિ પદના વ્યાખ્યાનમાં પ્રાયઃ સર્વ ટીકાકારો સેવ્ય પ્રભુ, સ્વગુરુ, સ્મરણીય ભગવાન, અનન્ય ભગવદીયો, ભાવાત્મક કૃષ્ણની સમક્ષ અથવા ભગવાનના નિકટ સમીપમાં અથવા ભગવન્નૈકટ્યના નિમિત્ત એમ અર્થો દર્શાવે છે. આ બધાં જ વ્યાખ્યાનો સુન્દર અને એકબીજાથી અવિરોધી છે. આ બધા જ અર્થો પુષ્ટિમાર્ગમાં પ્રવિષ્ટ એવા વૈષ્ણવને ઉપલક્ષીને કહેવાયેલાં છે,

પુષ્ટિમાર્ગમાં નહીં પ્રવેશ પામેલા કે પ્રવેશ પામવાની ઈચ્છાવાળાઓને ઉપલક્ષીને કહેવાયેલાં નથી. જો એમ નહીં માનવામાં આવશે તો સેવ્ય પ્રભુ, સ્વગુરુ, સ્મરણીય ભગવાન, અનન્ય ભગવદીયો વગેરે એ બધામાં અન્યમાર્ગોનો સંબંધ આવી પડશે કે જે કૃષ્ણાશ્રયોક્ત-શ્રીઆચાર્યચરણોક્ત આશ્રયભાવ વિરોધી હશે. અતઃ **‘यः’** પદનાં વ્યાખ્યાનમાં જે આપણે મદીય વૈષ્ણવ એમ અર્થ કર્યો તેની સાથે પણ આ અર્થની સંગતિ છે. આ રીતે પુષ્ટિમાર્ગમાં વિધિવત્ પ્રવિષ્ટ શ્રીમહાપ્રભુના સેવકો આ સ્તોત્ર પાઠના અધિકારી છે એમ ફલિત થાય છે.

મહાન પુરુષોના આશ્રય વડે જ્ઞાનાદિ સર્વની સિદ્ધિ અને સર્વ સાધનોની સાધનતા છે એ વાતને શ્રીભાગવતમાં પણ જડભરતજી રહુગણરાજાને ઉપદેશ આપતાં કહે છે -

रहूगणैतत्तपसा न यानि न चेज्यया निर्वपणाद् गृहाद्वा ।
न च्छन्दसा नैव जलाग्निसूर्यैर्विना महत्पादरजोऽभिषेकम् ॥

(ભાગ. ૫-૧૨-૧૨)

હે રાજા રહુગણ ! મહાન પુરુષોના ચરણરજમાં સ્નાન કર્યા વિના માત્ર તપ, યજ્ઞાદિ કર્મ વગેરેથી **‘एतत्’** એટલે પૂર્વશ્લોકમાં કહેવાયેલ વાસુદેવ સંજ્ઞક વિશુદ્ધ પરમાર્થજ્ઞાન આવતું નથી (પ્રકટ થતું નથી). મહાપુરુષોનો આશ્રય કરવાનું કારણ કહે છે આથી આગળના શ્લોકમાં -

यत्रोत्तमश्लोकगुणानुवादः प्रस्तूयते ग्राम्यकथाविघातः ।
निषेव्यमाणोऽनुदिनं मुमुक्षोर्मतिं सतीं यच्छति वासुदेवे ॥

(ભાગ.૫-૧૨-૧૩)

કેમકે જ્યાં ગ્રામ્ય = સાંસારિકી વાતોનો વિઘાત કરનાર એવો ઉત્તમ શ્લોક ભગવાનનો ગુણાનુવાદ પ્રસ્તુત થતો રહે છે. આ પ્રકારે વાસ્તવિક પરમાર્થરૂપ જ્ઞાન અર્થે પણ મહાપુરુષોનો આશ્રય અપેક્ષિત રહે છે. ભાગવતના પ્રથમ શ્લોકમાં

તપ વગેરે સાધનોના ઉલ્લેખમાં **માત્ર** શબ્દ અધ્યાહાર સમજવો જોઈએ. કારણ કે એ સાધનો વડે ચિત્ત શુદ્ધિ સધાય છે એમ આ જ શાસ્ત્રમાં કહેવાયેલું છે. પરંતુ છઠ્ઠા સ્કન્ધમાં આરંભે જણાવ્યા મુજબ **‘न तथा ह्यघवान् राजन् पूयेत तप आदिभिः’** ત્યાં તપ વગેરેથી નિઃશેષ પાપનાશરૂપ આત્યન્તિક શુદ્ધિ થતી નથી પણ તે શુદ્ધિ ભગવત્ પુરુષોના આશ્રયથી જ શક્ય છે તેથી મહાપુરુષોનો આશ્રય કરીને રહેલાઓ જ્યારે ઉક્ત સાધનો આચરે છે ત્યારે તે સાધનો જ્ઞાન, ભક્તિને યથાર્થ રૂપમાં સાધી શકે છે. તેવી જ રીતે અહીં કૃષ્ણાશ્રય વિષયમાં પણ વિવેક, ધૈર્ય, શરણ ભાવન, આશ્રય નિરૂપક વાક્યોનું ઉચ્ચારણ વગેરે આશ્રય સાધક સાધનો કે જે વિવેકધૈર્યાશ્રયમાં કહ્યાં છે તે પણ ત્યારે જ આશ્રય સાધી શકે છે જ્યારે શ્રીમહાપ્રભુનો દઢતાપૂર્વક આશ્રય કરીને આચરવામાં આવે. અતઃ કૃષ્ણસન્નિધિના વ્યાખ્યાનમાં પણ ટીકાકારોએ જે અર્થો દર્શાવ્યા છે તે સર્વમાં પણ સેવ્ય પ્રભુમાં પણ મારા સેવ્ય-મારા ભાવથી પ્રભુ બિરાજે છે કે કોઈ અન્યના ભાવથી બિરાજે છે તેમ નહીં પણ શ્રીમહાપ્રભુએ જ અનુગ્રહપૂર્વક સ્વહૃદય ભાવાત્મા ભગવાનને મારા માથે પધરાવી આપી ભગવદાશ્રયનું દાન કર્યું છે તેવો જ વિચાર હોવો જોઈએ. સ્વગુરુ બાબતમાં શ્રીમહાપ્રભુના અંશને જ જોઈને શ્રીમહાપ્રભુનું જ સન્નિધાન વિચારવું જોઈએ અને તે પણ તેઓ સેવા-ઉપદેશ આદિ શ્રીમહાપ્રભુના અલૌકિક કાર્યોમાં-સ્થિતિમાં બિરાજમાન હોય ત્યારે, તેઓની જ્યારે ઈતર લૌકિકાદિમાં સ્થિતિ હોય ત્યારે નહીં. તેવી જ રીતે અનન્ય ભગવદીયોના વિષયમાં પણ પૂર્વોક્ત પંચમ સ્કન્ધ દ્વિતીય શ્લોકમાં કહ્યા મુજબ કયા-કેવા મહાપુરુષોના ચરણરજમાં સ્નાન કરવાથી સિદ્ધિ થાય છે તેની સ્પષ્ટતા કરી છે કે જ્યાં સર્વદા સંસારનો વિઘાત કરનાર ભગવાનનો ગુણાનુવાદ ચર્ચાતો હોય તેવા મહાપુરુષો. આ વ્યાખ્યાનના આધારે એ ભગવદીયો-વલ્લભીયો કે જેનું જીવન, કૃતિ, વિચાર, વ્યવહાર, વર્તન, વાણી, વેશભૂષા, દૈનિક-પ્રાસંગિક વ્યવહાર, આકૃતિ, આદતો વગેરે સર્વ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા મુજબના તેઓશ્રીને પ્રિય થઈ પડે તેવા હોય. મતલબ કે જેઓ સંપૂર્ણ શ્રીવલ્લભાશ્રિત હોય અને શ્રીમહાપ્રભુએ સ્વસિદ્ધાન્તમાં જેની અપ્રિયતાએ નિંદા કરી છે તેવા કોઈ પણ અપ્રિય વિષયો તેમનાં જીવનમાં શોધ્યે પણ ન મળતા હોય તેવા ભગવદીયો. અથવા તો શ્રીમહાપ્રભુજીને પ્રિય એવો કોઈ એકાદ વિષય જેમનાં જીવનમાં પ્રધાનતાએ હોય અને જે સમયે તેઓ તે વિષયક ભાવથી અભિભૂત હોય યા તત્ ક્રિયામાં પ્રવૃત્ત હોય તેવા સમયે તેવા ભગવદીયો. સ્મરણીય ભગવાન બાબતમાં શ્રીમહાપ્રભુએ પ્રિયત્વેન જે ભગવદ્ રૂપનું સ્મરણ કર્યું તે ભગવદ્ રૂપ. ભગવન્નૈકટચમાં શ્રીમહાપ્રભુએ જે પ્રકારની તન-મનની ભગવન્નિકટતા જણાવી છે તેવી પોતાની તત્કાલિન સ્થિતિ. ભાવાત્મક કૃષ્ણ વિષયમાં પોતાના તોફાની-ઉટપટાંગ મનસ્વી ભાવોના ભાવાત્મા નહીં પણ શ્રીમહાપ્રભુએ જે ભાવરૂપે ભગવત્સ્વરૂપ ઉપદેશ્યું છે તે ભાવાત્મા કૃષ્ણ અને તે મુજબ કૃષ્ણ પદાર્થ. આ પ્રકારે કૃષ્ણ સામ્મુખ્યમાં પણ શ્રીમહાપ્રભુજીની દષ્ટિમાં દષ્ટિ રાખી શ્રીમહાપ્રભુની દષ્ટિએ કૃષ્ણની સન્નિધિ રાખવી અથવા તો પોતાની દષ્ટિમાં શ્રીમહાપ્રભુને રાખી તે મુજબ કૃષ્ણની સન્નિધિ રાખવી એમ અર્થ ફલિત થાય છે. આ પ્રકારે શ્રીમહાપ્રભુનું માધ્યમ, શ્રીમહાપ્રભુનો આશ્રય કે શ્રીમહાપ્રભુની સેવા એ માત્ર સમ્પ્રદાય સ્વીકૃત સિદ્ધાંત નથી, પરંતુ શ્રીભાગવત, ગીતા, વેદ વગેરે સર્વશાસ્ત્ર સમ્મત સિદ્ધાન્ત છે જેમાંથી શ્રીભાગવતમાં તો વિચારી જ ગયા છીએ, ઉપરાંત વૈદિક સાહિત્યમાં પણ -

यस्य देवे पराभक्तिः यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥

(શ્વેતાશ્વતર ઉપ.-૬-૨૩)

આ ઉપનિષદ્‌વાક્ય પણ આજ વાતને પ્રમાણિત કરે છે. ગુરુનો આશ્રય, ભક્તિ, સેવા કરનારનાં અને તે પણ પરમેશ્વરવત્ કરનારનાં હૃદયમાં જ આ ઔપનિષદ્ અર્થો-જ્ઞાન પ્રકાશે છે. ગીતા પણ કહે છે -

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥

(ગીતા. ૪-૩૪)

અહીં પણ જ્ઞાની ગુરુની ઉપસત્તિ કહી છે. આ પ્રકારે કૃષ્ણાશ્રયમાં પણ આશ્રયસિદ્ધિ અર્થે શ્રીમહાપ્રભુનો આશ્રય અને તેઓશ્રીના આશ્રય વડે ભગવદાશ્રયની સિદ્ધિ તથા શ્રીમહાપ્રભુમાં દઢ શ્રદ્ધા, ભક્તિ એ સર્વશાસ્ત્ર સંમત છે.

જેમ શ્રીકૃષ્ણની અવતારસ્થિતિમાં પણ સતત શ્રીકૃષ્ણનું સાન્નિધ્ય પ્રાપ્ત એવા હરિદાસ શ્રીઉદ્ધવજી જેવા પણ પુષ્ટિભાવની ઉપલબ્ધિ અર્થે પુષ્ટિમાર્ગની આચાર્યા શ્રીગોપીજનોનું ગુરુત્વ સ્વીકારે છે અને તેમના દાસાનુદાસ રૂપમાં એક બીજો જન્મ ઈચ્છે છે અને તે વડે પોતાની કૃતાર્થતા માને છે. તેમ આધુનિક સમયમાં પણ પુષ્ટિમાર્ગીયોએ પોતાનો આ જન્મ શ્રીમહાપ્રભુના સેવક રૂપમાં સ્વીકારી શ્રીમહાપ્રભુનો જ દઢ આશ્રય રાખી માર્ગમાં પ્રવર્તવું જોઈએ. એના વડે જ એમને પુષ્ટિભાવની ઉપલબ્ધિ કિંવા ભગવદાશ્રયસિદ્ધિ શક્ય બનશે.

આ પ્રકારે શ્લોકના પૂર્વાર્ધમાં અધિકારીનું નિરૂપણ અને પાઠ વિધાન કરીને ઉત્તરાર્ધના આરંભે પાઠફલ કહે છે - **‘तस्याश्रयो भवेत्कृष्णः’** તેનો એટલે પૂર્વોક્ત પ્રકારે આ સ્તોત્રનું પઠન કરે તેનો કૃષ્ણ આશ્રય થાય છે. **કૃષ્ણ** તેમજ **આશ્રય** આ બંને પદનો વિચાર આપણે પૂર્વપીઠિકામાં કરી ચૂક્યા છીએ અતઃ એની વિશેષ વિવેચના અહીં અપેક્ષિત રહેતી નથી તેમ છતાં પણ શ્રીપ્રભુચરણની **‘कथा इमास्ते’** આ દ્વાદશસ્કન્ધસ્થ શ્લોક ઉપરની ૨૦ કારિકાઓ પૈકી ચોથી, પાંચમી, છઠ્ઠી કારિકામાં કહ્યું છે -

श्रीमदाचार्यकृपया भवेद् भावो न चान्यथा ।
भावात्मा भगवान् कृष्णः स एव ह्याश्रयो मतः ॥
भावो भावनया सिद्ध इति वाक्यात् प्रतीयते ।
तद्वाक्यपरिनिष्ठानां हृदि भावाङ्कुरो भवेत् ॥
तदा दशा भवेदेषा स निरोध इतीर्यते ।

આ કારિકાના ભાવો અત્ર અનુસન્ધેય છે.

આ સ્તોત્રના પઠન માત્રથી કૃષ્ણ આશ્રય રૂપ ઉત્કૃષ્ટ ફલ થાય છે તે કેમ સમ્ભવી શકે ? તેમાં શું પ્રમાણ ? તો કહે છે - **‘इति श्रीवल्लभोऽब्रवीत्’** એમ શ્રીવલ્લભ કહે છે. શ્રીવલ્લભ એટલે **‘अग्निरूपो द्विजाचारो भविष्यामीह भूतले । वल्लभो ह्यग्निरूपः स्याद्विठ्ठलः पुरुषोत्तमः’** એ પુરાણ વાક્યનુસાર અગ્નિરૂપ ભગવદ્વાણીરૂપ-ભગવદ્વદનાવતાર શ્રીમહાપ્રભુએ કહ્યું એ જપ્રમાણરૂપ છે. અથવા **‘अग्नित्वं वर्णितं ते कविभिरपि सदा वस्तुतः कृष्ण एव’** એમ શ્રીપ્રભુચરણના કહ્યા અનુસાર શ્રી એટલે સ્વામિની તેમના વલ્લભ એટલે પ્રિય એ સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ શ્રીવલ્લભ હોઈ શ્રીવલ્લભરૂપમાં શ્રીકૃષ્ણ જ આમાં પ્રમાણ છે. શ્રીવલ્લભ કહે છે એમ કહેવાથી શ્રીઆચાર્યચરણે આ સ્તોત્રની રચના કરીને મદીય એવા સેવકો કે જેઓ સર્વ પ્રકારે સાધનરહિત બન્યા છે તેઓ ઉત્કૃષ્ટ નિજ ફલને પામનારા બનો તેવા ઉદાર-અનુગ્રહથી પોતાનું અલૌકિક સામર્થ્ય આ સ્તોત્રમાં પધરાવ્યું છે તેથી મહાપ્રભુ કહે છે કે આ સ્તોત્રમાં મેં મારું અલૌકિક સામર્થ્ય મૂક્યું હોવાથી તમે મારા સેવકો માત્ર મારામાં અને મારા સામર્થ્યમાં વિશ્વાસ રાખી આ સ્તોત્રનું વાણીથી કૃષ્ણ સન્નિધિમાં પઠન-ઉચ્ચારણ માત્ર કરશો તો તમે કૃષ્ણ પદાર્થ, આશ્રયભાવ, ભગવદ્ભક્તિ વગેરેને નહીં જાણતા હશો તો પણ માત્ર મારા સામર્થ્ય વડે તમે કૃષ્ણ આશ્રયની સિદ્ધિને પામશો તેમાં કોઈ શંકા રાખવી નહીં એમ અર્થ ફલિત થાય છે. આ મુજબ જોતાં સંસ્કૃત ભાષાને નહીં જાણનારાઓ પણ સ્તોત્રનો શબ્દાર્થ-ભાવાર્થ નહીં જાણતા હોય તો પણ તેઓ પણ કહ્યા મુજબ આનું પઠન કરે તો અવશ્ય આશ્રયસિદ્ધિ તેમને થાય છે. આથી પાઠ કર્તાઓએ કૃષ્ણાશ્રયના અર્થનો, અનુવાદનો કે કૃષ્ણાશ્રયના આધાર પર બનેલા ધોળ-પદો વગેરેનો આધાર ન રાખી મૂલ ગ્રંથના પાઠનો જ આગ્રહ રાખવો જોઈએ એમ મારું માનવું છે.

આ પ્રકારે **પૂર્વપીઠિકા** અને **સ્તોત્ર વિવરણ** એમ બે ભાગમાં થયેલું

આ **કૃષ્ણાશ્રય દર્શન** નામક લેખન પૂર્ણ થાય છે. ઘણા લોકોની માન્યતા છે કે વિદ્વાનો માટે આકર ગ્રન્થો છે અને સાધારણ જાણકારીવાળા લોકો કૃષ્ણાશ્રય વગેરેને ઉપદેશતા હોય છે, પણ એમની આવી માન્યતા એ ખરેખર ઘણી જ ભૂલ ભરેલી છે. તાત્ત્વિક, સૈદ્ધાન્તિક, વેદાન્તિક, સામ્પ્રદાયિક રીતે કૃષ્ણાશ્રય સ્તોત્રનું મહત્ત્વ ઘણું જ છે અને એ રીતે આશ્રય પદાર્થ ખૂબ જ નિગૂઢ રહસ્યવાળો વિષય છે. બ્રહ્મનું સગુણ-નિર્ગુણપણું કે જગતનું સત્ય-મિથ્યાપણું કહેવું આશ્રય નિરૂપણની અપેક્ષાએ સરળ છે. શ્રીવલ્લભાચાર્યચરણ નિર્દિષ્ટ આશ્રય પદાર્થનું નિરૂપણ એ માત્ર નૈયાયિકી-વૈયાકરણી-મીમાંસિકી વિદ્વત્તાથી શક્ય નથી પરંતુ એ બધા ઉપરાંત શ્રીઆચાર્યચરણનું સ્વતંત્ર કૃપાબલ આમાં પરમ-અનિવાર્ય-આવશ્યક છે. આ આશ્રયના જ નિરૂપણમાં શ્રીધરસ્વામી જેવા વૈષ્ણવ વિદ્વાનો પણ થાપ ખાઇ ગયા અને આશ્રયપદાર્થની સુયોગ્ય સમજ નહીં થઇ શકવાને કારણે આશ્રયલીલા નિરૂપક ભાગવત દ્વાદશસ્કન્ધને એમાણે નિરોધ લીલા તરીકે અને નિરોધની સુયોગ્ય સમજ વિના નિરોધલીલા નિરૂપક દશમ સ્કન્ધને આશ્રય લીલા તરીકે પોતાની ભાગવત ટીકામાં ગણાવ્યા. શ્રીઆચાર્યચરણનું સર્વતોમુખી પ્રકાંડ-અદ્વિતીય પાંડિત્ય અને સર્વશાસ્ત્રોના અર્થોને ઉકેલવાની તેમજ શાસ્ત્રોના નિગૂઢ આશયને ગ્રહણ કરવાની જે સૂઝ-બૂઝ છે તે તેમના પૂર્વના ચાર આચાર્યો તથા અન્ય વિદ્વાનો કરતાં વિલક્ષણ તેમજ સર્વોત્કૃષ્ટ છે. તે એવી સૂઝ-બૂઝ છે કે આ સ્થળે શ્રીમહાપ્રભુ આ જ અર્થ ગ્રહણ કરશે તેવો નિશ્ચય કોઇ પણ વિદ્વાન પોતાની મતિથી કરી શકે તેમ નથી જે સુબોધિની, પત્રાવલંબન વગેરે ગ્રન્થોથી અનુભવી શકાય છે. **'તાત તણો પ્રતિબિમ્બ રે રસના'** એ ઉક્તિ અનુસાર શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલા અર્થોમાં પણ તેના નિગૂઢ આશયને શ્રીપ્રભુચરણ જ ઉદ્‌ઘાટિત કરી શકે છે, તેમાં પણ બીજા કોઇનું સામર્થ્ય ચાલે તેમ નથી. બલ્કે એમ કહી શકાય છે કે શ્રીમહાપ્રભુએ ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરી પોતાના વંશની સ્થાપના કરી તેમાં શ્રીપ્રભુચરણનો પ્રાદુર્ભાવ એ શ્રીમહાપ્રભુ વિચારિત સમ્પ્રદાયનો વિસ્તાર અને શ્રીમહાપ્રભુના સૈદ્ધાન્તિક, તાત્ત્વિક વગેરે બાબત નિગૂઢ આશયોને પ્રકટ કરવા થયો છે. અતઃ આ વિવરણમાં પણ જ્યાં શ્રીવલ્લભાશ્રયની ચર્ચા કરવામાં આવી

છે ત્યાં શ્રીવિઠ્ઠલેશાશ્રયનો પણ અનુક્ત સમાવેશ થઇ જ જાય છે. તેથી આ લેખન યદ્યપિ મારા બાલ્યચાપલ્યવશ સાહસ જ કહેવાય તેમ છતાં પણ સાહસ કરીને પણ જે લેખન થયું અને તે પૂર્ણ થયું તેમાં આશ્રય પદાર્થ યથાર્થરૂપમાં હું સમજી શક્યો છું તેમ નથી પરંતુ જેટલું પણ જે કંઇ પણ લખાયું છે તેમાં માત્ર શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણનું કૃપાબલ જ કારણભૂત છે. જો કે મારા માનવા પ્રમાણે આ લેખનમાં એવાં ઘણાં સ્થળો છે જ્યાં જિજ્ઞાસા પોષણ અપેક્ષિત રહે છે તેમ છતાં પણ તે ત્યારે જ શક્ય બનશે જ્યારે તે માટે શ્રીમહાપ્રભુ કૃપા વિચારશે. હું તો એમ માનું છું કે આ લેખન કરવા માટે મારા સેવ્ય શ્રીમહાપ્રભુએ શ્રીપ્રભુચરણે જ મને પ્રેર્યો છે તથા તે માટે સુવિધાઓ અપાવી છે અને તેમ પ્રેરિત કરી આ લેખન કરાવી તેઓશ્રીએ પોતાનો સ્વચરણારવિન્દાશ્રય મને આપ્યો છે તેથી હું મને કૃતાર્થ સમજું છું. આ મુજબ જ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થ ઉપર પણ આના પછીથી લેખન કરવાનો તથા જલભેદ અને સંન્યાસનિર્ણય પર લેખન કરવાનો ચિત્તમાં વિચાર પ્રેરાયો છે તેની સમ્પૂર્તિ શ્રીમહાપ્રભુ જ સ્વકૃપાબલે કરાવશે. સદર લેખનમાં જ્યાં ક્યાંય પણ જે કંઇ પણ સિદ્ધાન્ત નિરૂપણમાં કંઇ અપલાપ થયો હોય, કોઇ ક્ષતિ રહી ગઇ હોય, કંઇ અપૂર્ણ લખવાનો અપરાધ થઇ ગયો હોય તે બદલ શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણનાં અતિકરુણામય શ્રીચરણોમાં સદૈન્ય ક્ષમાયાચના કરું છું કે તેઓ મને પોતાનો અબુધ બાળક યા અબુધ સેવક સમજી ક્ષમા પ્રદાન કરે. અન્તમાં આના પૂર્ણવિરામમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ એ જ કહી શકાય તેમ છે કે -

यादृशोऽसि हरे कृष्ण तादृशाय नमो नमः ।
यादृशोऽस्मि हरे कृष्ण तादृशं मां हि पालय ॥

श्रीवल्लभः प्रसन्नोऽस्तु ॥

લેખન પૂર્ણ કર્યું
વિ.સં.૨૦૫૨ ગુર્જર કાર્તક કૃષ્ણ-૧૪ મંગળવાર
દિનાકં ૨૧-૧૧-૧૯૯૫ વડોદરા.

પરિશિષ્ટ-૧

ધર્મશાસ્ત્રો અને પુષ્ટિસમ્પ્રદાયમાં સ્વમૂત્રપાન-નિષિદ્ધ છે.

(સદર પુસ્તકના પૃષ્ઠ-૧૬૫ પર જણાવ્યા મુજબ)

લેખક : ગોસ્વામી શ્રીચન્દ્રગોપાલજી -વડોદરા.

સ્વ-મૂત્રપાન એ આપણા પ્રાચીન સર્વ ઋષિ-મુનિઓના અને આપણા વેદ-ગીતાદિ શાસ્ત્રોના મતે તેમજ શ્રીવલ્લભાચાર્યજીના મતે અપેય (નહીં પીવા યોગ્ય) હોઇ નિષિદ્ધ છે, અતઃ તેનો ઉપયોગ વૈષ્ણવોએ અથવા ધર્મબુદ્ધિવાળા કોઇ પણ લોકોએ સર્વથા ન કરવો.

પ્રસંગોપાત્ત એ વિચારવું પણ ઉપયુક્ત રહેશે કે આજે સર્વત્ર સ્વમૂત્રપાનનો એક વાવર ચાલ્યો છે જેમાં માત્ર હીનબુદ્ધિવાળાઓ જ નહીં અપિતુ સમાજનો ભણેલો ગણેલો અને ઉચ્ચ આચરણવાળો વર્ગ પણ વાવરના પ્રવાહમાં વહી રહ્યો છે. સ્વમૂત્રથી પણ વિવિધ રોગોનો ઉપચાર થઇ શકે છે એ વાત આપણા પ્રાચીન બુદ્ધિશાલી ઋષિમુનિઓ જાણતા જ હતા તેમ છતાં પણ તેવા ઉપચારને તેમણે ઘડેલી જીવનસંહિતામાં સ્થાન નથી આપ્યું. તેવી જ રીતે મદિરાના વિવિધ ઉપયોગ કે પશુ-પક્ષી-મનુષ્ય કે કીટ-પતંગોના શરીરથી બનાવવામાં આવતી ઔષધિઓથી રોગોના ઉપચારથી પણ તેઓ પરિચિત હતા તોયે તેમણે એનો જીવન સંહિતામાં વિકાસ સાધ્યો નથી કે તેનો ઉપયોગ નિર્દેશ્યો નથી. કારણ કે હીન કે નિન્દિત પદાર્થોનો આશ્રય કરી ટકાવવામાં આવેલું જીવન કે દેહસ્વાસ્થ્ય એ ક્યારેય કલ્યાણકર હોતું નથી અને તેની ક્યારેય સત્પુરુષોએ પ્રશંસા કરી નથી. જે વ્યક્તિને હીન, નિન્દિત કે ત્યાજ્ય પદાર્થોથી પ્રાણવૃત્તિ પોષવાની પ્રકૃતિ બનશે તે વ્યક્તિ હીન વિચારો, હીન ભાવનાઓ, હીન કલ્પનાઓ અને નિન્દિત સુખભોગની ઇચ્છાવાળો પણ સમય જતાં બનશે અને આ પ્રકારનો પ્રવાહ સમાજ અને સમાજનાં નૈતિક મૂલ્યોનો પણ ઉચ્છેદ કરી નાંખશે. જે લોકોને બહારના ચટપટા અશુદ્ધ ભોજનની ટેવ પડી ગયેલી હશે તે લોકોને સ્વાસ્થ્યકર હોઇને પણ ઘરના શુદ્ધ ભોજનમાં રુચિ નહીં બનશે. જે વિદ્યાર્થીને ભ્રષ્ટાચારથી પાસ થવાની ટેવ પડી ગઇ હશે તે વિદ્યાર્થીને વિદ્યાધ્યયન કરવામાં રુચિ નહીં બનશે. જે લોકોને મફતનું પારકું ધન વિના શ્રમે કમાવાની ટેવ પડી ગઇ હશે તે લોકોને કમાવા માટે શ્રમ કરવાની વૃત્તિ નહીં બનશે. જે આંખોને વધુ પ્રકાશમાં વાંચવા-જોવાની ટેવ પડી ગઇ હશે તે લોકો ઓછા પ્રકાશમાં વાંચી-જોઇ શકશે નહીં. જે લોકોને વાહનમાં જ જવા-આવવાની ટેવ પડી ગઇ હશે તે લોકો ચાલવાનો વારો આવતાં થાકી જશે. જે લોકોને કેલ્ક્યુલેટરથી ગણવાની ટેવ પડી ગઇ હશે તે લોકોની બુદ્ધિ વિના કેલ્કયુલેટર ગણવામાં અટકી પડશે. આજથી ૮-૯ વર્ષ પહેલા વડોદરામાં એક અખિલ ભારતીય સ્તરના ત્રિદિવસીય સંમેલનનું આયોજન થયું હતું અને તેના સંચાલનનો ભાર મારા પર મૂકવામાં આવ્યો હતો. કાર્યભાર ઘણો બધો હતો તેથી મેં સહયોગી વૈષ્ણવોની અપેક્ષા જાહેર કરી ત્યારે તેમાં આવેલા કેટલાક લોકો પૈકી એક ભાઇ અંદાજે ૬૦ વર્ષના હશે તે મારી પાસે આવ્યા કે હું આપના કાર્યભારને હલકો કરવા સહયોગી તરીકે રહેવાની ઇચ્છા ધરાવું છું. મેં એમનેપૂછ્યું તમે શું - શું કરી શકશો ? તો એમણે કહ્યું આપ જે સેવા બતાવશો તે કરીશ. હું ઓફિસર તરીકે રહી ચૂક્યો છું તેથી ઓફિસ વર્ક મને બરાબર ખ્યાલ છે તેથી ઓફિશ્યલ કોઇ પણ કાર્ય હું નિપુણતાથી કરી શકીશ. મેં એમને લગભગ ૧૦-૧૨ ટેલીફોન નંબરો લખી તેમની સાથે વાત કરવાનો મુસદ્દો સમજાવ્યો તો એ ભાઇએ કહ્યું કે વાત તો હું કરી લઇશ પણ ફોન નંબર મને કોણ ડાયલ કરી આપશે ? હું વિમાસણમાં પડી ગયો કે ભણેલો-ગણેલો ઓફિસર લેવલનો માણસ આમ કેમ કહે છે ? એને શું ડાયલ કરતાં આવડતું ન હોય ? તેમ છતાં પણ મેં વિવેકપૂર્વક પૂછ્યું તેમાં તમને ક્યાં અડચણ છે ? તો એમણે મને જણાવ્યું કે હું ઓફિસર તરીકે રહી ચૂકેલો છું તેથી મને એક આસિસ્ટન્ટ આપો તો તે મને ડાયલ કરી આપશે તો હું વાત કરી લઇશ. મેં એમને કહ્યું તમે ઓફિસરની નોકરી કરી છે તેથી તમે નોકરોથી કામ કરાવવાથી ટેવાઇ ગયા છો અતઃ સેવા કરવું તમારે માટે મુશ્કેલ છે અને જેણે સેવા કરેલી છે તે

લોકો નોકર ટાઈપથી રહી શકશે નહીં. આમ જે લોકો જે રીતે ટેવાઈ ગયા હોય છે તે મુજબ વારંવાર તેનું આવર્તન કરતા હોય છે આ મનુજ સ્વભાવ છે. જેમ આપણને બધી ટેવ પડે છે તેમ આપણા અંગ-ઉપાંગ-મન-બુદ્ધિ-ઈન્દ્રિયો-પ્રાણ વગેરે સર્વ પણ ટેવ પડવાના સ્વભાવવાળા જ છે તેથી તેને જેવી ટેવ પાડવામાં આવશે તેવા આવર્તનવાળા તે બનશે. મન-બુદ્ધિ વગેરેની આ ટેવને જ આધુનિક ભાષામાં (Cycle) સાયકલ અને તેના જ્ઞાનને (Psychology) કહેવામાં આવે છે. હવે જે મનુષ્યના દેહ-પ્રાણ વગેરેની સાયકલ મૂત્ર, મદિરા કે પ્રાણીઓના દૈહિક સત્ત્વથી પ્રવર્તનારી છે તેવા લોકોને શુદ્ધ સેવનની ઈચ્છા પણ શા માટે થશે ? આમ તેઓ પછી આ પ્રકારે નિન્દિત સેવનથી જ વારંવાર યા સદાકાળ પોતાના દેહપ્રાણ વગેરેને પોષતા રહેશે અને આમ આ અશુદ્ધિઓ પણ તેમનાં જીવનનું એક અંગ બની રહેશે.

શંકા :- આ વાત સર્વ શાસ્ત્ર સંમત છે કે નિરામય દેહ અને મન-બુદ્ધિ એ દરેક પ્રકારની સાધનામાં મહત્ત્વપૂર્ણ સાધનો છે અને સ્વમૂત્રોપચાર વગેરે તબીબી પદ્ધતિઓ દેહકષ્ટની પીડાથી જનોને મુક્ત કરે છે, પદાર્થપણાથી ભલે આ હીન ગણવામાં આવતું હશે તેમ છતાં પણ પરિણામનો વિચાર કરતાં ઉપચારની દષ્ટિથી ઉત્કૃષ્ટ કાર્યોમાં પણ આડકતરી રીતે ઉપયોગી છે. ઉપરાંત વેદો-ઉપનિષદોમાં પણ પોતાનાં જીવનને બચાવવા માટે સર્વ કંઈ પ્રયત્ન કરવા કહેવાયું છે. વિદ્વાનોએ પણ જણાવ્યું છે કે -

धनं सर्वात्मना रक्षेत् दारा रक्षेद्धनैरपि ।
आत्मानं सततं रक्षेत् दारैरपि धनैरपि ॥

મનુષ્યે દરેક રીતે પોતાની જાતની રક્ષા કરવી જોઈએ. ઉપનિષદ્‌માં ઉશસ્તિ ચાક્રાયણ દ્વારા પોતાનાં જીવનની રક્ષા અર્થે શૂદ્રના એંઠા અડદ ખાવાની વાત આવે છે. ત્યાં પણ શૂદ્રના એંઠા અડદ એ એમના બ્રાહ્મણત્વના ગૌરવની દષ્ટિએ હીન અન્ન કહી શકાય છે અને **‘उच्छिष्टमभोज्यम्’** એ શ્રુતિવાક્ય પ્રમાણે કોઈનું પણ એંઠુ હોય તે બ્રાહ્મણ માટે સદૈવ અભોજ્ય છે તો પણ તેમણે પ્રાણરક્ષા અર્થે સામે ચાલીને માંગી તેનું ભક્ષણ કર્યું તો પછી તમે જેને અપેય કે અખાદ્ય જણાવો છો તેનો પણ અત્યન્ત કષ્ટપ્રદ રોગોથી પ્રાણરક્ષા-દેહરક્ષા માટેનો ઉપચાર રૂપે ઉપયોગમાં આપત્તિ કેમ માનો છો ? કોઈ પણ બાબતનો ઉપચાર અને તેને અંગેનું. ઔષધ વગેરેનું સેવન એ પ્રિયત્વેન તો નથી જ, એ તો એક પ્રકારે દુઃખોથી લાચાર મનુષ્યને દેહપીડાથી મુક્ત થવાનું કે સ્વજીવન બચાવવા અર્થેનો જ પ્રયોગમાત્ર છે. જેમ પ્રિયપણાથી સ્વાદિષ્ટભોજન રુચિપૂર્વક કરવામાં આવે છે તેમ આ વસ્તુઓનું થોડું કંઈ સેવન કરવાનું છે ? અતઃ આ બાબતમાં આપત્તિ માનવી જોઈએ નહીં ?

સમાધાન :- પોતાની જાતને બચાવવી જ જોઈએ અને શરીર વગેરે એ સાધનાનાં સાધનો પણ છે અને મહર્ષિ ઉશસ્તિ ચાક્રાયણે શૂદ્રના એંઠા અડદ આપત્તિ વેળાએ ખાધાં અને એ એંઠા અડદ હીન કે નિન્દિત જ કહેવાય આ બધી બાબતો સત્ય જ છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. પરંતુ હીન-નિંદ્ય સાધનોથી ઉત્તમ સાધના શક્ય નથી. પવિત્રતા એ માત્ર અધ્યાત્મ સાધનાનું જ નહીં અપિતુ સુસ્વાસ્થ્યનું પણ એક અંગ છે. પવિત્રતા એ જીવનરક્ષાનું પણ એક અંગ છે અને પવિત્રતા એ ઉત્કર્ષાભિમુખ જીવનનું પણ એક અંગ છે. આ પવિત્રતા પણ બે પ્રકારની છે બાહ્ય અને આંતર. જેમ સ્નાન કરવું બાહ્ય પાવિત્ર્ય છે તેમ શમ-દમ વગેરે અંતઃ પાવિત્ર્યનાં સાધનો છે. વાસણ અંદર-બહાર બંને તરફથી મંજાયેલું હોય તેને જ આપણે વ્યવહારમાં ચોખ્ખું કહીએ છીએ અને તેમાં પણ બાહ્ય કરતાં અંદરની શુદ્ધતા-ચોખ્ખાઈ એ તો અત્યંત જરૂરી છે. આંતર પવિત્રતાના પણ અધિષ્ઠાન ભેદથી ત્રણ ભેદ છે બુદ્ધિ, ચિત્ત અને મનરૂપ ત્રણ અધિષ્ઠાનોથી વિચાર, ચિંતન, ભાવન એમ ત્રણ ભેદો છે. ત્યારે કોઈ પણ વાત કે વિષયનો કે કોઈ પણ પદાર્થના ઉપયોગનો નિર્ણય માત્ર તત્કાળ લાભને જોઈને જ યા એકદેશી લાભને જોઈને જ કરવો જોઈએ નહીં પણ બુદ્ધિના ઊંડાણપૂર્વક યા દીર્ઘદષ્ટિથી જ કરવો જોઈએ. એક પદાર્થ એક વિષયમાં શુદ્ધ યા લાભકારક હોય તો પણ જો તે બીજા મહત્ત્વપૂર્ણ વિષયોને દૂષિત કરતો હોય અને તેના દૂરોગામી પરિણામો અત્યંત ક્લેશકારક હોય

તો તેને વર્જ્ય જ ગણવાં જોઈએ. ભાગવતજીમાં ભગવાન ઉદ્ધવજીને કહે છે -

दृष्टिपूतं न्यसेत् पादं वस्त्रपूतं जलं पिबेत् ।
सत्यपूतां वदेद् वाचां मनः पूतं समाचरेत् ॥

(ભાગ. ૧૧-૧૮-૧૬)

દૃષ્ટિપૂત એટલે શુદ્ધ દૃષ્ટિથી જોવાયેલું પગલું જ આગળ ઉઠાવવું, વસ્ત્રથી શુદ્ધ કરેલું-છાણેલું જલ પીવું, અસત્યથી રહિત-સત્યથી શુદ્ધ કરાયેલી વાણી જ ઉચ્ચારવી અને અંતઃકરણથી શુદ્ધ એવું આચરણ કરવું. અહીં યદ્યપિ પદાર્થરૂપે નદી-કૂપ-તળાવ વગેરેનું અને તેમાં પણ સતત પ્રવાહિત રહેનારું નદીનું જલ એ સ્નાન-માર્જન વગેરે ક્રિયાઓ માટે શુદ્ધ મનાયેલું હોવા છતાં પણ વસ્ત્રથી છાણ્યા-ગાળ્યા વગરનું તે અપેય છે તો પછી જે પદાર્થરૂપે અશુદ્ધ છે તેના સેવનમાં આપત્તિ કેમ ન હોઈ શકે ? બીજી વાત એ છે કે દેહસ્થિત મલ-મૂત્ર વગેરેનું ઉત્સર્જન એ શરીરગત અપાનપ્રાણની ક્રિયા થકી છે અને અપાનપ્રાણનું માનવદેહમાં જે કાર્ય છે તે દેહગત સર્વપ્રકારના મલને શરીરમાંથી બહાર તરફ ફેંકવાનું અને તે દ્વારા દેહને સ્વસ્થ રાખવાનું છે. આ માનવ શરીર સંબંધી પ્રકૃતિનું સહજ કાર્ય છે, આ કંઈ પ્રાકૃતિક વિકાર રૂપ અપાનક્રિયા નથી. શરીરનાં અંગો અને અવયવોને જીવન માટે ચેતનવંતા રાખવા અને અંતઃકરણનો દેહતંત્ર સાથે સંબંધ બનાવી રાખવા એ દેહગત પ્રાણોનું મુખ્ય કાર્ય છે. તેવી જ રીતે અન્ન-પ્રાણના સંયોગથી માનવશરીરમાં કફ, પિત્ત, વાતનું નિર્માણ થાય છે. અન્ન-પ્રાણના સંયોગથી જ દેહમાં સપ્તધાતુઓનું નિર્માણ થાય છે તેમજ પ્રાણોના પરસ્પર સંયોગને જ આયુર્વેદમાં કે વેદાદિ શાસ્ત્રોમાં જઠરાગ્નિ કહેવામાં આવે છે. તેથી જ ગીતામાં કહેવાયું છે કે -

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमास्थितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥

(ગીતા. ૧૫-૧૪)

‘जीवनं सर्वभूतेषु’ (ગીતા. ૭-૯) સર્વભૂતોમાં હું જીવનરૂપે છું. આ વાક્ય પ્રમાણે પ્રાણિમાત્રના દેહને વિષે જીવનરૂપે આસ્થિત એટલે વ્યાપ્ત થઈ રહેલો વિશ્વ એટલે ચૌદ બ્રહ્માંડાત્મક ભુવનરૂપ સદંશ અને નર એટલે ચિદંશ હિરણ્યગર્ભરૂપ મુખ્ય જીવ એમ જડ-ચેતન બંને જેનો નિવાસ-અધિષ્ઠાન છે તેવો હું પ્રાણ, અપાન, સમાનથી યુક્ત મળેલો અગ્નિ, -જઠરાગ્નિ થઈને ચાર પ્રકારના લેહ્ય-ચૂસ્ય વગેરે ચાર પ્રકારથી ભોજન કરાયેલા પદાર્થોને અથવા તો જન્મના અંડજ-ઉદ્‌ભિજ્જ વગેરે ચાર પ્રકારોથી ચારે પ્રકારના પ્રાણિઓના દ્વારા પોતાના અનુકૂલ ભક્ષણ કરાયેલા પદાર્થોને, અથવા વાયુથી પૃથ્વી પર્યન્તના ચારના પ્રાધાન્યથી મુખ્ય ચાર પ્રકારના શરીરવાળા સર્વલોકસ્થ દેહીઓ દ્વારા ભક્ષણ કરાયેલા અન્ન એટલે ભોજ્ય પદાર્થોને હું જ પચાવું છું. આ ત્રણ પ્રાણોના સમ્મિશ્રણથી જ પાચન ક્રિયાનાં મુખ્ય કાર્યો જે છાન્દોગ્યમાં **‘त्रेधा विधीयन्ते’**-થી કહેવાયા છે તે થાય છે. તેમાં અંતમાં રહેલા દેહમાં અનુપયોગી ભાગને અપાન પ્રાણ અલગ કરી સ્થૂલ રૂપે સ્થાપે છે અને તેને જ અપાન ક્રિયા દ્વારા અનુપયોગી મલને બહાર ફેંકે છે અને એ વાત નિર્વિવાદ સિદ્ધ છે કે મનુષ્યને માટે એની પ્રકૃતિનો નિર્ણય એ જ સત્ય, અન્તિમ અને ગ્રાહ્ય છે. ભલે દૂધ રૂપી અમૃત હોય પણ જો દૂધ પીવાથી દસ્ત છૂટતાં હોય તો તે સમયની શરીર સ્થિતિમાં દૂધ એને માટે અમૃત નહીં પણ વિષનું જ કાર્ય કરે છે અને તેથી જ પ્રકૃતિ એ વિષને દસ્તરૂપે બહાર ફેંકે છે. તેવી જ રીતે મનુષ્યની પ્રકૃતિએ જ ભક્ષણ કરાયેલા પદાર્થોના જે અંશને નિરુપયોગી -વધારાનું ગણ્યું હોય અને તે રીતે એને દેહની બહાર કર્યું હોય તે મનુષ્યના જીવનના સરલીકરણ, સ્થાયીકરણ અને સુખકરણમાં હિતાવહ નથી જ એ નક્કી છે. આપણે આપણાં બાહ્યસાધનોથી જે રોગ અને સ્વાસ્થ્યનો નિર્ણય કરીએ છીએ તે એક દેશી અથવા તો સ્થૂલ રીતે જ અમુક દેશ પૂરતો જ કરીએ છીએ જ્યારે આપણી પ્રકૃતિ ઉપયોગી અને અનુપયોગીનો નિર્ણય કરે છે ત્યારે એના નિર્ણય ક્ષેત્રમાં મનુષ્યના સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગોને પણ આવરી લે છે.

હવે બીજી વાત જે શંકામાં ઉઠાવવામાં આવી છે તે છે મહર્ષિ ઉશસ્તિ

ચાક્રાયણનું ઉપનિષદીય ઉદાહરણ. તો તે બાબતમાં ધર્મ કે ધર્માચરણના નિયમો એને ચાર વિભાગમાં વહેંચવા પડશે. (૧) ઉત્કર્ષ ધર્મ, (૨) ઉત્કર્ષાભિમુખ ધર્મ, (૩) સામાન્ય ધર્મ અને (૪) આપદ્ધર્મ. આ ચાર પ્રકારના ધર્મોમાંથી પહેલાના ત્રણ પ્રકારના ધર્મો એ મનુષ્યના ચાર પ્રકારનાં જીવન પૈકી ધર્મ સાથે સંગતિવાળા જીવન માટેના તે મુજબના છે. જીવનના ચાર પ્રકારો આ મુજબના છે - (૧) ઉત્કૃષ્ટ જીવન (૨) ઉત્કર્ષાભિમુખ જીવન, (૩) સામાન્ય જીવન અને (૪) હીન જીવન. આમાંથી ચોથા પ્રકારનું જીવન છે તેને ધર્મ સાથે કોઈ વિશેષ સંબંધ નથી. તેમજ ચોથા પ્રકારનો જે ધર્મ છે તેનો જીવનના ત્રણે પ્રકાર સાથે સંબંધ છે, બાકીના અનુક્રમે ત્રણ પ્રકારના જીવન માટેના છે. જેમ આપદ્ધર્મ સર્વજીવન પ્રકાર માટે છે તેમ સ્તુત્ય આચરણ, અનિવાર્ય આચરણ અને નિંદ્ય આચરણ પણ કેટલાક એવા કોમન છે જે જીવનના ત્રણે પ્રકારો માટેના છે. જેમ કે ઘરમાં રહેવું ગૃહસ્થ માટે સ્તુત્ય છે અને સંન્યાસી માટે નિંદ્ય છે. પ્રતિદિન સ્નાન કરવું ત્રણે પ્રકારના જીવનવાળાઓ માટે અનિવાર્ય છે, સામાન્ય અવસ્થામાં પ્રતિદિન સ્નાન ન કરવું એ નિંદ્ય આચરણ છે અને કોઈ એવી વિશેષ રોગ ગ્રસ્ત અવસ્થામાં સ્નાન તેટલા દિવસો પૂરતું ન કરવું એ આપદ્ધર્મ રૂપ આચરણ છે. બીજાનું પચાવી ન પાડવું, બીજાની સ્ત્રીમાં આસક્તિ ન કરવી, મા-બહેન-બેટી વગેરે સાથે સંભોગ ન કરવો વગેરે ત્રણે પ્રકારો માટે નિંદ્ય છે, ક્રોધ ન સેવવો, લોભ ન રાખવો, દયા, ક્ષમા, સર્વ સાથે મૈત્રીભાવ રાખવો, મમતા ન રાખવી, અભિમાન ન કરવું વગેરે આચરણ સર્વ માટે સ્તુત્ય છે તેવી જ રીતે પ્રાચીન ઋષિ મુનિઓએ માનવ સમાજના હિતમાં પેય-ભોજ્ય પદાર્થોની પણ વ્યવસ્થા કરી છે જે ઉપર મુજબના જ પ્રકારે વિચારવાની છે. જેમ ત્યાં આપણે આપદ્ધર્મને વિચાર્યું તેમ ભક્ષણ પાનમાં પણ વ્યવસ્થા છે. આપદ્ધર્મ એટલે આપત્તિના અવસરે તત્કાળ પૂરતું અંગીકાર કરવામાં આવતું આચરણ. આપત્તિ પણ ક્યારે-કયા અવસરે માનવી તેનો પણ નિર્ણય તે દીર્ઘદૃષ્ટા મેધાવી ઋષિઓએ આપ્યો છે. આપત્તિનો નિર્ણય કોઈએ પણ મનસ્વી રીતે કરવાનો નથી કારણ કે અનેક પ્રકારની નબળાઈથી ઘેરાયેલો વ્યક્તિ આપત્તિ માને તેમાં ઘણા અનર્થો થવા શક્ય છે, બલ્કે શક્ય જ નહીં અનર્થો જ થવાના છે.

પોતાના અશક્ત-અવિચારી મન બુદ્ધિથી પેટમાં મૂક્કા મારી દુખાવો પેદા કર્યા પ્રકારે આપત્તિઓ પેદા કરી પછી તેવી આપત્તિમાં આપદ્ધર્મની વાતો કરવી તેવો આપદ્ધર્મ નહીં પરંતુ મનુષ્ય પોતાના સર્વ પ્રયત્નો રોકવા માટેના કરી છૂટે તેમ છતાં પણ દૈવવશ આપત્તિ આવીને જ ઊભી રહે અને તેમાં પ્રાણ સંકટમાં આવી પડે અને પોતાના જીવનને બચાવી લેવાનો કોઈ પણ વૈકલ્પિક અનિંદ્ય માર્ગ જ રહેતો ન હોય અને પોતાના પ્રાણ બચાવવા મનુષ્ય સર્વથા લાચાર જ થઈ ગયો હોય તેવી દશામાં જ તત્કાળ પૂરતો જ અને તે પણ માત્ર પ્રાણ બચી શકે તેટલી મર્યાદામાં જ મનુષ્ય અગર અનિંદ્ય મર્યાદાને લાંઘતો હોય તો તેવા આચરણને આપદ્ધર્મ રૂપ આચરણ કહેવાય છે. અને આ જ પ્રકારે આપણને મહર્ષિ ઉશસ્તિનાં ઉદાહરણમાંથી મળી રહે છે. ઉશસ્તિ દ્વારા અડદ ભક્ષણ થયા પછી શૂદ્રે પીવા માટે જલ આપ્યું તો તેમણે સ્વીકાર્યું નહીં અને ઉશસ્તિએ શૂદ્રને જણાવ્યું કે આવા ભયાનક દુષ્કાળના સમયમાં ક્યાંય અન્ન ઉપલબ્ધ ન થયું અને ક્ષુધા એ સીમા વટાવી જીવનને અતિ સંકટમાં નાંખ્યા તેથી જ તેટલા સંકટના નિવારણ પૂરતા જ મેં એંઠા અડદ ખાધા છે, પેટ ભરવા કે મનની તૃપ્તિ અર્થે નથી લીધા. આટલા અડદથી કંઈ મારું પેટ ભરાયું નથી કે ક્ષુધાનિવૃત્ત પણ થઈ નથી, પણ હા હવે હું આટલાના બળ પર ઘણો બધો સમય નિભાવી શકું તેમ છું, મેં તેટલી જ માત્રામાં અડદ લીધા છે, પરંતુ જળનો સવાલ છે તે મને ઉપલબ્ધ છે તેથી તે માટે હું આલસ્ય-પ્રમાદવશ મર્યાદાનું ઉલ્લંઘન કરવા માંગતો નથી. આ પ્રકારે આ પ્રસંગમાં જ કરાયેલી શંકાનું સમાધાન છે. કોઈક દૈવ વશ કોઈક એવા શૂન્યારણ્ય જેવાં સ્થળોને સમયે જીવન અતિ સંકટમાં આવી પડે અને સ્વમૂત્ર સિવાય બીજો કોઈ વિકલ્પ જ શેષ રહેતો ન હોય અને સ્વમૂત્રના ઉપયોગથી પ્રાણસંકટ દૂર થઈ શકતું હોય તો ઉશસ્તિએ દાખવેલા વિવેક મુજબ જો કોઈ વર્તે તો તેને આપદ્ધર્મ ગણી શકાય છે. પણ જો એક પણ સ્વધર્માનુકૂલ વિકલ્પ યા માર્ગ અવશિષ્ટ રહેતો હોય ત્યાંસુધી ધર્મયુક્ત માર્ગનો જ આશ્રય કરીને કાર્ય નિર્વાહ કરવો અને જો આપત્તિ આવી જ પડેને માર્ગશેષ ન રહે ત્યારે આપદ્ધર્મ રૂપે પણ જે સ્વધર્મથી વિશેષ વિરુદ્ધનો ન હોય અને આંશિક જ નિંદ્ય હોય તેવા માર્ગનું વિશેષ પ્રયત્ને પણ અવશ્યમેવ અન્વેષણ

કરવું એ જ સ્વચ્છ જીવન માટે યોગ્ય અને હિતાવહ છે. પણ જેમ ધોરીમાર્ગ પર વચ્ચે એક ઝાડ પડ્યું અને સામાન્ય પ્રયત્ને તેને હટાવડાવી માર્ગ યાતાયાત માટે ચોખ્ખો કરી શકાય તેમ હોય તો પણ ડાયવરઝન ચાલુ કરવો એ જેમ વ્યવહારમાં મૂર્ખતા છે તેમ પ્રાણસંકટે સામે ધોરીમાર્ગ યા ધોરી ન હોય તો ધર્માનુકૂલ બીજો માર્ગ દેખાતો હોય તો પણ તે ઉપાયોનો ઉપયોગ ન કરી બીજા સ્વસ્થ ઉપચારો હોવા છતાં પણ તેનો ઉપયોગ ન કરી સ્વમૂત્રપાનનો જ આગ્રહ રાખવો અને તે પણ માત્ર સંકટકાળ પૂરતું જ સીમિત ન રહી સ્વમૂત્રપાનની પ્રક્રિયાને શ્વાસઉચ્છ્વાસની ક્રિયા માફક જીવન સાથે તાણા-વાણાની જેમ વણી લેવું અને તે પણ મન-બુદ્ધિની અનાકારણ ભય-લોલુપતાથી પ્રભાવિત રીતે કે રોગ નામથી ગભરાઈ જવું અને માર્ગ જોતાં જ હરખાઈ જવું આ વાત અત્યંત અવિચારક અને હીનમાનસ વૃત્તિવાળાઓ જ કબૂલી શકે છે.

હા, એક વાત પણ આ પ્રસંગે કહી દેવી ઉપયુક્ત સમજું છું કે આજના એલોપેથીમાં પ્રાણિઓના દૈહિક સત્ત્વથી ક્રૂર ઘાતકી રીતે જે દવાઓ તૈયાર થાય છે જેમકે કોડલીવર ઓઈલ, જીવતી માછલીઓને ઉકળતા પાણીમાં નાંખી તૈયાર કરવામાં આવતા શક્તિ વગેરેનાં ઈન્જેકશનો, ડાયાબિટીસમાં અપાતા ગાય વગેરે પશુઓના શરીર સત્ત્વથી તૈયાર કરાતા ઈન્સ્યુલિનનાં ઈન્જેકશનો વગેરે તેમજ આયુર્વેદિક યા દેશી દવાઓનાં નામ પર હકીમશાસ્ત્રના મિશ્રણથી કૂકડા, કબૂતર વગેરેના શરીરથી ઘાતકી રીતે તૈયાર થયેલ પક્ષાઘાત વગેરેમાં ઉપયોગમાં લેવાતી દવાઓ તેમજ હોમિયોપેથીમાં પ્રાણિઓનાં સત્ત્વથી તૈયાર થતી દવાઓ તેમજ આધુનિક એલોપથીમાં બીજા મનુષ્યના કે પ્રાણીઓના વિવિધ અંગોના પ્રત્યારોપણની ક્રિયાઓ કે પછી અજાણ્યા અન્ય લોકોના રક્તનો દેહમાં પ્રવેશ આ બધી બાબતો કરતાં આ બધાની અપેક્ષાએ સ્વમૂત્રોપચાર પદ્ધતિ સારી છે એમ કહેવામાં કોઈ સંકોચ અનુભવવો જોઈએ નહીં. યદ્યપિ આ બધા જ રોગોના ઉપચાર માટેની કે પછી શરીરને શક્તિ સંપન્ન બનાવવા માટેની પદ્ધતિ છે અને તેના ઉપયોગથી રોગો મટે છે ને શક્તિ પણ અર્જિત થાય છે તેમ છતાં પણ જેમ અણુવિસ્ફોટની પદ્ધતિ છે અને તેનાથી માત્ર વિનાશક શસ્ત્રો જ નહીં અપિતુ

માનવ જીવનોપયોગી ખેતી વગેરેમાં પણ તેનો રચનાત્મક ઉપયોગ થઈ શકે છે, તેમ છતાં પણ જો આ પ્રક્રિયા વિશ્વસ્તર પર ઘનિષ્ઠ બને તો ભલે શુભ હેતુથી સહી પણ અણુવિસ્ફોટ એ ભૂમંડલે એવું વાતાવરણમાં પરિવર્તન સર્જે છે જેમાં માનવજાતિના જ નહીં પણ સમગ્ર પ્રાણિ માત્રના આ પૃથ્વી પર અસ્તિત્વને જ જોખમ ઊભું થઈ શકે છે. તેથી કેટલાક લોકોના લાભમાં પૃથ્વી પરથી જીવન તત્ત્વનો જ નાશ કરી નાંખવો એ હિતાવહ નથી. અતઃ આવાં સાધનોનો શુભ આશયથી પણ ઉપયોગ સરવાળે વિનાશ છે, તેમ આ બધી જ પદ્ધતિઓ ભલે શુભ આશયથી કરવામાં આવતી પણ હોય અને તેના તત્કાળ લાભો દેખાતા પણ હોય તો પણ સબળ, સ્વચ્છ અને ઉન્નત માનવ સમાજનાં નિર્માણમાં **‘त्यजेदेकं कुलस्यार्थे ग्रामस्यार्थे कुलं त्यजेत्’** એ નીતિવાક્ય મુજબ આ બધી ઉપચાર પદ્ધતિઓમાં માનવસમાજનો વિકાસ નહીં પણ રકાસ જોઈ રહ્યો છું. કારણ કે સ્વચ્છ, પવિત્ર, શાંત, મનોબળ-આત્મબળ હીન માત્ર આવેગવાળા શરીરબળથી પુષ્ટ થયેલો માનવ દેહ એમાં દેવ કે મનુષ્ય રહી શકતો નથી, એ તો માત્ર વિકસિત આસુરી શક્તિવાળો જ દેહ છે અને એમાં રાવણ, કુંભકર્ણ જેવા શક્તિશાળી અસુરો જ વસી શકે છે.

આ સ્વમૂત્રોપચાર બાબતમાં છેલ્લી અને નહીં પૂછાયેલી એવી એક બાબત પણ વિચારી લઈએ કે આધુનિક સ્વમૂત્રોપચારના પ્રચારકો પોતાના સમર્થનમાં બે દલીલો આપે છે તે દલીલોમાં કેટલું વજૂદ છે તે બલાબલ પણ જોઈ લઈએ. તેમની એક દલીલ એવી છે કે વૃક્ષોનાં પત્તાં જીર્ણ થઈ ઝરી ગયેલા હોય તેને ભેગાં કરી વૃક્ષ વગેરેમાં ખાતર તરીકે નાંખવામાં આવે છે તો તેના પરિણામે સુંદર, મીઠા, મધુરા ફળ અને હરીભરી સઘન આરામદાયક છાયા પ્રાપ્ત થાય છે, ગોબર, મનુષ્યની વિષ્ટા વગેરે જે દેહથી ત્યાગવામાં આવેલા અને ધર્મ કે વ્યવહારમાં હીન ગણાતા એવા પદાર્થો ખેતરમાં ખાતર રૂપે નાંખવામાં આવે છે તો તેનાથી રાસાયણિક ખાતરો કરતાં પણ વધુ સારું મીઠાશ-સ્વાદવાળું અને નીરોગી પૌષ્ટિક અન્ન મળે છે જેનું ધર્મમાં ચૂસ્ત અને વ્યવહારમાં ઉત્તમ લોકો દ્વારા પણ રુચિપૂર્વક

ભક્ષાણ કરવામાં આવે છે એટલું જ નહીં પણ તેવું અન્ન યજ્ઞ, દેવસેવા કે પિતૃઓના શ્રાદ્ધ વગેરે ધર્મની ક્રિયાઓમાં પણ વપરાય છે, તો પછી સ્વમૂત્રોપયોગ માટે આપત્તિ કેમ ? તેમજ તેમની દલીલ એમ છે કે સ્વમૂત્રોપયોગનું વિધાન જ્યારે વેદાદિ શાસ્ત્રમાં પણ છૂટક છૂટક જોવા મળે છે અને યોગમાં તો નાડી શુદ્ધિ વગેરે માટે તેનો છૂટથી ઉપયોગ કહેવાયેલો છે અને તેમાં જ સ્વમૂત્રના અમૃતસમ ગુણો પણ વર્ણવાયા છે. તેમજ યોગ પદ્ધતિનો પોતાની સાધનામાં પ્રાચીનમાં સર્વ ઋષિઓ-મુનિઓ ઉપયોગ સારી એવી રીતે કરતા હતા તેથી તેમણે પણ સ્વમૂત્રનો ઉપયોગ કર્યો જ છે એમ તર્ક શુદ્ધ સમજી શકાય છે તો પછી એ જ ઋષિઓનાં સંતાનોને આ પૃથ્વી પરના અમૃતથી અણગમો અને આપત્તિ કેમ છે ?

આ દલીલોની સામે જો વિચારીએ તો પહેલી જે દલીલ વૃક્ષોનાં પત્તાંઓ અને ગોબર-મલના ખાતરનો ઉપયોગ બાબતે વિચારીએ તો માત્ર વૃક્ષોનાં પત્તાંઓ જ નહીં પણ તે સિવાયનો પણ સડેલો-કોહવાયેલો કચરો ખાતરમાં ઉપયોગી નીવડે છે તો એનો મતલબ એ નથી થતો કે જો તે ખાતરમાં ઉપયોગી છે તેનાથી વૃદ્ધિ પામેલું અન્ન ખાઈ શકાય તો પછી કચરો કેમ ન ખાઈ શકાય. જે પાણી ખેતરમાં અપાતું હોય તે મનુષ્યને માટે પણ શુદ્ધ કર્યા વિનાનું પેય જ કહેવાય એમ તો નથી જ. કારણ કે દરેકના ભોજ્ય પદાર્થોની વ્યવસ્થા જે-તેના મુજબ જ વિચારવામાં આવી છે અને વિચારી શકાય છે. ગરોળી માખીનું ભક્ષાણ કરતી હોય તેથી કંઈ આપણે દૂધમાં પડેલી માખીને હલાવી પી જવાની ન હોય અને ચીન વગેરે દેશના લોકો સાપ, ગરોળી, વાંદા વગેરેને સ્વાદપૂર્વક જમતા હોય તેથી આપણે પણ તે મુજબ ચાલુ થઈ જવું કંઈ જરૂરી નથી. જીવમાત્રમાં પ્રકૃતિએ પાચનતંત્રને તેના-તેના આધાર પર વિવિધતાથી ગોઠવેલા છે અને તે આધાર પર જ દરેકના ભોજ્ય-પેય પદાર્થો ગુણ-દોષથી કહેવાયા છે. અતઃ વૃક્ષ - અન્ન વગેરેની માનવજાત સાથે તુલના કરવી યા અર્ધ ચેતન વૃક્ષજીવનની વિકસિત ચેતન માનવજીવન સાથે ઉદાહરણાત્મક તુલના કરી ગુણ-દોષનો નિર્ણય કરી શકાય નહીં. અતઃ આ બધા તર્કો કોઈ વાદરૂપ જ નહીં પણ મિથ્યા વિતંડાવાદને જ પ્રકટ કરનારના છે. એકવાર મેં પ્રવચનમાં જાણાવ્યું કે આયુર્વેદની દષ્ટિએ દૂધ અને લૂણ,

દૂધ અને પાકી મીઠી કેરી સિવાયના ખટાશ ધરાવતાં ફળો અને દૂધ અને તુલસીનું જેમાં મિશ્રાણ હોય તેવા પદાર્થો પેટમાં નાંખવા અસ્વાસ્થ્યકર છે. ત્યારબાદ ત્યાં જ શ્રોતાઓ સાથે પ્રશ્નોત્તરનો કાર્યક્રમ હતો તેમાં એક બુદ્ધિશાળીએ પ્રશ્ન કર્યો કે જ્યારે પેટમાં જઈને બધા જ સ્વાદો ભેગા થવાના છે તો પછી તેના બહાર મિશ્રાણમાં શો દોષ ? મેં તેમને કહ્યું આ પ્રશ્નનો ઉત્તર તમે પ્રાચ્ય રસાયણ વિજ્ઞાનના નિષ્ણાત પાસેથી મેળવશો તો તમને વધુ સંતોષ થશે. જેમ આવો પ્રશ્ન ભારતીય રસાયણ વિજ્ઞાનમાં સામાન્ય ડોકિયું પણ કરાયા વિનાનો કુતર્ક માત્ર છે તેમ સ્વમૂત્રોપચાર પ્રચારકો દ્વારા અપાતી આવી દલીલો પણ ભારતીય વૈદિક શાસ્ત્રને સમજ્યા વિનાની અને સમજવાનો શ્રમ-પ્રયત્ન કર્યા વિનાની કુતર્ક માત્ર જ છે.

તેવી જ રીતની તેમની બીજી દલીલમાં પણ કંઈ વજૂદ છે નહીં. વેદ જેનું આદિ છે એવા શાસ્ત્રો ગીતા, ભાગવત, પુરાણો, ઈતિહાસ વગેરેમાં સ્વમૂત્રપાનનું ક્યાંય સિદ્ધાન્તરૂપમાં વિધાન છે નહીં બલ્કે પુરાણોમાં તો ઉદાહરણોમાં પણ **‘यत्कण्ठे तुलसी नास्ति ते नराः मूढमानसाः । अन्नं विष्टा जलं मूत्रं पीयूषं रुधिरं भवेत्’** આમાં હીનતાથી જ મૂત્રનો ઉલ્લેખ થયેલો જોઈ શકાય છે. ઉપરાંત કેટલાંયે પુરાણોમાં ઢગલાબંધ સ્થળોએ મલ-મૂત્રમાં નિવાસ અને તેનું ભક્ષાણ નારકી યાતનામાં કહેવાયું છે. ઉપરાંત જે ઋષિ મુનિઓ મૂત્રોત્સર્ગ કરી કોગળા કરવાનું, હાથ-પગ માટીથી ધોવાનું અને મૂત્રોત્સર્ગ પછી લિંગને પણ ધોવાનું વિધાન કર્યા પછીથી દેહશુદ્ધિ કર્યા વિના દેવ-પિતૃ કાર્ય કરવાનો નિષેધ કરતા હોય અને તે મુજબ તેઓ આચરણ કરતા હોય તે ઋષિ મુનિઓ માટે મૂત્રપાન લેપન વગેરે તેઓ કરતા હશે કે કર્યા છે તેમ કહેવું એ વૈચારિક દેવાળું નહીં તો બીજું શું કહી શકાય તેમ છે ? તેવી જ રીતે જે યોગશાસ્ત્રમાં સ્વમૂત્રનું સેવન કહેવાયું છે તે યોગનું આચરણ ભારતીય ઋષિઓએ ક્યારેય ભૂલથી પણ કર્યું નથી. તેઓ જે યોગનું આચરણ કરતાં હતા તે યોગની ચર્ચા આપણે આગળ કરીશું, પણ સ્વમૂત્ર સેવનનું વિધાન હઠયોગના પણ એક વિભાગમાત્રમાં જોવા મળે છે. શિવ દ્વારા કહેવાયેલ તંત્રશાસ્ત્ર જેના છ ભેદ છે (૧) યોગડામર, (૨) શિવડામર (૩)

દુર્ગાડામર (૪) સારસ્વતડામર (૫) બ્રહ્મ ડામર અને (૬) ગંધર્વ ડામર, જેને ડામર તંત્રના નામે પણ ઓળખવામાં આવે છે એમાં આરંભમાં -

अथ वक्ष्ये महेशानि क्रियासिद्धिप्रदायिनी ।

(ડામર તંત્ર-૨૭)

એમ ઉપક્રમ કરીને લંબાણથી શિવામ્બુ કલ્પ વિધિ કહેવામાં આવ્યો છે જેમાં આરંભે શિવામ્બુ માટેનાં ઉત્તમપાત્રો જણાવી ત્યારબાદ આહાર-વિહાર જણાવી આગળ કહ્યું -

चतुर्थ्यामवशिष्टायां रात्रावुत्थाय बुद्धिमान् ।
मूत्रोत्सर्गं प्रकुर्वीत प्राङ्मुखः परमाशयः ॥
आदिधारां परित्यज्य चरमां च त्यजेद् बुधः ।
मध्यधारां प्रगृह्णीयात् एषोऽत्र विधिरुत्तमः ॥
यथा भुजङ्गदेहेषु मुखे पुच्छे विषं भवेत् ।
एवं शिवाम्बुधारायां प्रकारः प्रथितः शिवे ॥
शिवाम्बु चामृतं दिव्यं जरारोगविनाशनम् ।
तदादाय महायोगी कुर्याद्वै निजसाधनम् ॥

(ડામર તંત્ર ૨૭)

આ રીતે સર્પના મુખ-પુચ્છ સાથે મૂત્રની આદિ-અંતિમ ધારાને વિષરૂપ બતાવી મધ્યધારાને અમૃતરૂપ શિવામ્બુ નામ આપ્યું. શિવામ્બુનો અર્થ બે પ્રકારે લઈ શકાય છે - (૧) શિવ એટલે કલ્યાણ અને અમ્બુ એટલે જલ, એટલે કે કલ્યાણકારી જલ (વિષરૂપ આદિમ-અંતિમ ધારા છોડીને માત્ર મધ્યધારાવાળું ગુણપ્રદ જલ) અને બીજો અર્થ (૨) શિવ એટલે લિંગ તેમાંથી નીકળેલું જલ શિવાંબુ (આ અર્થ કાપાલિકો-વામમાર્ગીઓના મતે છે). ત્યારબાદ એક માસથી

લઈ જીવન પર્યન્તમાં સામાયિક સેવનના લાભો દર્શાવાયા છે અને એ બધાજ લાભો અધ્યાત્મ વિષયમાં કે બ્રહ્મ ચિંતનમાં ક્યાંય ઉપયોગી નથી. ડામર એટલે ભયાનક યા કોલાહલના અર્થમાં વપરાતો શબ્દ છે અને ડમર એટલે **‘डेन त्रासेन मरम् पलायनम्’** એમ વ્યુત્પત્તિ થઈને ડરીને ભાગી નીકળવાના અર્થમાં ડમર શબ્દ પ્રયોજાય છે. તેમજ શિવનું પ્રિયવાદ્ય ડમરુ એ કાપાલિકોમાં ઘણું જ મુખ્ય છે અને તે કોલાહલ અર્થ પરત્વે છે. અતઃ આ બધી બાબતો જો હજુ પણ વધુ ઝીણવટથી વિચારવામાં આવશે તો એ સ્પષ્ટ થઈ શકશે કે આ પ્રકાર વાસ્તવમાં કાપાલકિો-વામ માર્ગીઓના પ્રભાવથી યા તેમના ચાતુર્યથી યા તેમણે પોતાની હીન પદ્ધતિઓ સહ યોગનો ઉપયોગ કર્યો તેના કારણે યોગશાસ્ત્રમાં આ બાબતો પ્રવેશી છે વર્ના હઠયોગની પણ મૌલિકતા જોવામાં આવશે તો તેમાં પણ આ વિભાગની સંગતિ બેસશે નહીં. જે લોકો અતિ ભૌતિકવાદી હતા તેમજ જેઓ કામનાઓના ભીષણ આવેગમાં કામાભિભૂત થયેલા હતા તેમજ જેમનું ચિત્ત અતિ સ્વાર્થ પરાયણ બની ગમે તેમ અતિ નિંદ્ય આચરણોથી કે ક્રિયાઓથી પણ માત્ર હીન સુખ સાધના પરાયણ હતા તેવા લોકોએ યોગ અને યોગીશ્વર શિવની ભક્તિનો દુરુપયોગ કરીને તેમજ ભગવતી શક્તિની ઉપાસનાનો અનર્થ શબ્દ ઉપયોગ કરીને જે હીન સાધના પદ્ધતિનો આવિષ્કાર કર્યો કે જેને ક્યારેય શિવભક્તિ કે દુર્ગાભક્તિ કહી શકાય નહીં તે હીનસાધના પદ્ધતિમાં ઘણાં બધાં મલિન, હીન, તામસી પ્રયોગો અસ્તિત્વમાં આવ્યાં તે પદ્ધતિઓનાં ભેળસેળથી આવા પ્રયોગો યોગ સાથે સંકળાયા. શિવતત્ત્વને સારી રીતે નહીં સમજનારા અને વેદની -વેદ માર્ગની નિંદા કરનારા અને વેદ વિરુદ્ધ આચરણ કરનારના અને શિવભક્તિનો હીનહેતુથી પ્રેરાઈ હીન સાધનો વડે ઉપયોગ કરનારાઓનું મૂલ શ્રીમદ્ ભાગવતમાં કહેવાયું છે-

भवव्रतधरा ये च ये च तान् समनुव्रताः ।
पाखण्डिनस्ते भवन्तु सच्छास्त्र परिपन्थिनः ॥
नष्टशौचा मूढधियो जटाभस्मास्थिधारिणः ।

विशन्तु शिवदीक्षायां यत्र दैवं सुरासवम् ॥
ब्रह्म च ब्राह्मणाश्चैव यद्यूयं परिनिन्दथ ।
सेतुं विधारणं पुंसामतः पाखण्डमाश्रिताः ॥

(ભાગ. ૪-૨-૨૮ થી ૩૦)

(દક્ષયજ્ઞના પ્રસંગે બ્રાહ્મણોને નંદીશ્વરે શાપ આપ્યો કે તમે લોકો કોનું ખાવું અને કોનું ન ખાવું એનો વિવેક નહીં રાખી માત્ર ઉદરપરાયણ બનો, તેમજ પોતાનાં કલ્યાણને અર્થે વિદ્યા, તપ, વ્રત નહીં કરી માત્ર પોતાની આજીવિકા અર્થે જ વિદ્યા, તપ, વ્રતને ધારણ કરનારા થાઓ, તેમ જ ધન, ઈન્દ્રિય અને શરીરમાં જ સુખબુદ્ધિવાળા બની તેની પ્રાપ્તિ, પોષણ અર્થે યાચક બની ભિખારીની માફક ફરતા રહો, ત્યારે તેનાથી નારાજ થઈ ભૃગુ ઋષિએ સામો શાપ આપ્યો તે આ શ્લોકો મુજબનો છે -)

જે લોકો શિવની આરાધના કરનારા એવા તેમજ તન્માર્ગીય દીક્ષાથી દીક્ષિત એવા ભવવ્રતધારીઓ છે અને જે લોકો તેવા ભવવ્રતધારીઓનું અનુસરણ કરનારા છે તે લોકો સત્ શાસ્ત્રથી વિરુદ્ધનું આચરણ કરનારા પાખંડી થાઓ, જે લોકો પવિત્ર આચાર અને વિચાર વિનાના અને જે લોકો બુદ્ધિની મૂઢતાથી આચરણ કરનારા તથા વિચારનારા છે તેમજ (તાપસોનો આડંબર કરીને) (અપવિત્ર પદાર્થોથી ગ્રથાયેલી) જટા તથા (સ્મશાનની) ભસ્મ તથા (પ્રાણિઓના તથા માનવોના દંહસંબંધી) અસ્થિ (તથા અન્ય શરીર અવયવોને) ધારણ કરનારા છે તેવા લોકો જ શિવ દીક્ષાને લેનારા થાઓ જ્યાં મદિરા-આસવ (વગેરે નિન્દિત પદાર્થો જ) ઈષ્ટપ્રસાદરૂપ છે, બ્રહ્મ એટલે વેદ અને વેદના જાણકાર બ્રાહ્મણો કે જેઓ મર્યાદાના સંસ્થાપક-રક્ષક છે તેમની જ તમે નિંદા કરો છો અતઃ નક્કી જ તમે પાખંડનો આશ્રય કરીને રહેલા છો. ભાગવતના આ પ્રકરણમાં જે શાપિત શિવપૂજકો છે તેના પ્રાયઃ બધાં જ લક્ષણો કાપાલિકો વગેરે શિવપૂજકોમાં જોવા મળે છે અને ખરેખર તેઓ જ શિવની પૂજા કરી **'वेदः शिवो शिवो वेदः'**

મુજબ વેદ જે શીવરૂપ છે તેની મર્યાદાઓને અવગણી નિંદ્ય ક્રિયા, નિંદ્યવિહારમાં ઉત્સાહ ધરાવે છે.

અતઃ શિવ અને શક્તિનો હીનવૃત્તિથી સ્વાર્થે તેમજ તેમની હીન વૃત્તિઓને પોષવા માટે દુરુપયોગ કરનારા એવા કાપાલિક વગેરે શિવ ઉપાસકો તેમજ વામમાર્ગ-વામતંત્ર વગેરેથી શક્તિના ઉપાસકોની ભેળસેળથી ઉત્તમ એવી યોગ પ્રક્રિયા સાથે આવા હીનપ્રયોગો સાંકળવામાં આવ્યા છે. જો એમ ન હોય તો અન્ય શાસ્ત્રોમાં તેમજ ભાગવતમાં કે જેમાં ઠેકાણે-ઠેકાણે યોગની ક્રિયાઓ દર્શાવાઈ છે તેમાં નાડીશુદ્ધિ કે દેહગત દોષોને દૂર કરવા પ્રાણાયામનો જ અત્યાગ્રહ ન દર્શાવે તથા તે માટે બીજાં સાધનોનો નિષેધ ન કરે -

प्राणायामैर्दहेद्दोषान् धारणाभिश्च किल्बिषान् ।
प्रत्याहारेण संसर्गान् ध्यानेनानीश्वरान् गुणान् ।

(ભાગ. ૧૧-૨૦-૨૫)

યોગસાધનાના સાધકે વારંવારના પ્રાણાયામ વડે દેહસંબંધી કફ-પિત્ત વગેરે જનિત દોષોને, વારંવારની ધારણાઓ વડે પોતાના લક્ષ્યમાં બાધક પ્રાણગત પાપોને, પ્રત્યાહાર ક્રિયા વડે ઈન્દ્રિયગત સંસર્ગદોષોને અને ધ્યાન વડે ઈશ્વરના છ ધર્મોથી વિરુદ્ધ માયાના છ ગુણોને બાળવા-નાશ કરવા.

यदि कुर्यात् प्रमादेन योगी कर्म विगर्हितम् ।
योगेनैव दहेदंहो नान्यत्तत्र कदाचन ॥

(ભાગ.૧૧-૨૦-૨૫)

યદિ-ક્યારેક ચિત્તના પ્રમાદવશ-અસાવધાનતાવશ યોગી (કોઈક) વિગર્હિત એટલે કે નિન્દિત, વર્જ્ય, ધૃણીત કરે (યદિ કોઈ તેવું કર્મ થઈ જાય) તો (પણ) તેણે યોગ વડે (યોગનાં અંગો વડે - તૃતીય સ્કન્ધોક્ત પ્રકાર વડે) પોતાના તે પાપને બાળવું પણ ક્યારેય કોઈ યોગથી ઈતર અન્ય ઉપાય કરવો નહીં.

योगिनोऽपक्वयोगस्य युञ्जतः काय उत्थितैः ।
उपसर्गैर्विहन्येत तत्रायं विहितो विधिः ॥
योगधारणया कांश्चिदासनैर्धारणादिभिः ।
तपो मन्त्रौषधैः कांश्चिदुपसर्गान् विनिर्दहेत् ॥
कांश्चिन्ममानुध्यानेन नामसङ्कीर्तनादिभिः ।
योगेश्वरानुवृत्त्या वा हन्यादशुभदाञ्छनैः ॥

(ભાગ.૧૧-૨૮-૩૮ થી ૪૦)

જે યોગમાં હજુ પરિપક્વ બન્યો નથી અથવા જેની યોગસાધના હજુ અપક્વ અવસ્થામાં છે તેવા યોગીને સાધના કરતાં જો (ક્યારેક) ૨૮ તત્ત્વોના સમુદાયવાળી કાયાને રોગો પીડા આપી સાધકનો નાશ કરતા હોય યા યોગાન્તરાય રૂપે (**‘व्याधिस्त्यानसंशयप्रमादाऽऽलस्याविरतिभ्रान्तिदर्शनालब्ध-भूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपास्तेऽन्तराया’** (પા.યો.સૂ.૧-૩૦) **‘दुःखदौर्मनस्याङ्गमेजयत्वश्वासप्रश्वासा विक्षेपसहभुवः’** (પા.યો.સૂ.૧-૩૧) **વ્યાધિ** એટલે ધાતુ, રસ, કરણનું વૈષમ્ય હોવું એટલે કે વાત વગેરેના પ્રકોપથી તેમનું ન્યૂનાધિક થઈ જવું એ. **ધાતુ વૈષષમ્ય,** ભક્ષણ કરાયેલ અન્નજળનો પરિપાક ન થવો એ. **રસવૈષમ્ય** ઈન્દ્રિયોની શક્તિઓનું મન્દ-મધ્યમ થવું એ અને **કરણ વૈષમ્ય** એ વ્યાધિ= રોગ છે, **સ્ત્યાન**=ચિત્તનું અકર્મણ્યપણું, **સંશય**=યોગમાં શંકાવાળું જ્ઞાન, **પ્રમાદ**=સમાધિ વિષયમાં ઉત્સાહ ન થવો, **આલસ્ય**=શરીર-ચિત્તના ભારેપણાથી યોગમાં પ્રવૃત્તિ ન થવી, **અવિરતિ**=ચિત્તમાં વિષયોથી વૈરાગ્યનો અભાવ, **ભ્રાન્તિદર્શન**=વિપર્યય જ્ઞાન, **અલબ્ધ ભૂમિકત્વ**=યોગ ભૂમિનો અલાભ, **અનવસ્થિતત્વ**=યોગની એક અવસથા વિશેષનો લાભ થતાં તેમાં જ કૃતકૃત્યતા માની લેવાથી સમાધિના અલાભથી ચિત્તની અસ્થિરતા, આ નવ ચિત્તવિક્ષેપો યોગમાં અંતરાયરૂપ છે, તેમજ **દુઃખ**=આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક ત્રાણ પ્રકારનાં, **દૌર્મનસ્ય**= કામિત પૂર્તિ ન થતાં ચિત્તનો વિક્ષોભ, **અંગમેજયત્વ**=સર્વાંગમાં કંપ થવો, **શ્વાસ**=ઈચ્છાવિના રેચક પ્રાણાયામ વિરોધી બાહ્યશ્વાસનો નાસિકામાં પ્રવેશ થવો, **પ્રશ્વાસ**= ઈચ્છા વિના પૂરક પ્રાણાયામ વિરોધી અન્તઃસ્થ વાયુનું નાસિકા વાટે બહાર નીકળવું, આ પાંચ પણ વિક્ષિપ્ત ચિત્ત યોગીને થાય છે તેથી આને વિક્ષેપ સહભુવ કહેવાય છે જે યોગના કિંવા સમાધિના વિરોધી છે) સાધકને યોગથી ચલિત કરતા હોય ત્યાં આ મુજબનો વિધિ (યોગશાસ્ત્રાનુસાર) વિધાન થયેલો છે-(પૂર્વોક્ત અન્તરાય રૂપ કહેવાયેલા નવ અને સહભુવ રૂપે કહેવાયેલા પાંચ આ બધા જ યોગીની સાધનદશામાં **ઉપસર્ગ** = દૈવ, યોગબાધા વગેરે આપતિતરૂપ હોઈ તે ઉપસર્ગોમાંથી) કેટલાક ઉપસર્ગોને આસનો વડે, ધારણા વગેરે વડે (અહીં આસન-ધારણા સાથે જોડાયેલ વગેરે શબ્દથી બંનેના મધ્ય રહેલ પ્રાણાયામ પણ સમજવું) બાળવા, કેટલાક ઉપસર્ગોને વિવિધ પ્રકારનાં તપ, મંત્રો તેમજ ઔષધિઓ વડે નાશ કરવા, કેટલાક ઉપસર્ગોને મારા ચિન્તનરૂપ અંતઃ પ્રયત્ને અને મારા નામ સંકીર્તન, અર્ચન વગેરે બાહ્ય પ્રયત્ને અથવા યોગના નિયામક-સ્વામી એવા યોગેશ્વરો અથવા તો સ્વાધીન યોગ સિદ્ધયોગી એવા યોગેશ્વરોની અનુવૃત્તિ વડે (અનુવૃત્તિ એટલે યોગેશ્વરોના આજ્ઞાપાલનમાં રહી તેમનાં માર્ગદર્શન પ્રમાણે અથવા તો તેવા યોગેશ્વરોએ કરેલા નિર્ણયોને અનુસરીને) અશુભ ફલને પ્રાપ્ત કરાવનારા ઉપસર્ગોને બાળવા-નાશ કરવા. અહીં ઉપસર્ગ પદથી ભૌતિક અથવા દૈવી ઉપદ્રવો, એક રોગના વચમાં જ ઉત્પન્ન થયેલ બીજો રોગ, વિપત્તિ, સંકટ, પ્રેતાદિ બાધા, મૃત્યુનું પૂર્વલક્ષણ આ બધા જ અર્થોનો સમાવેશ કરવો. આ પ્રમાણે ઉપસર્ગમાં કરવા યોગ્ય ઉપાયોનું વિધાન કરી તેથી આગળ જણાવ્યું કે -

केचिद् देहमिमं धीराः सुकल्पं वयसि स्थिरम् ।
विधाय विविधोपायैरथ युञ्जन्ति सिद्धये ॥
न हि तत् कुशलादृत्यं तदायासो ह्यपार्थकः ।
अन्तवत्त्वाच्छरीरस्य फलस्येव वनस्पतेः ॥

(ભાગ. ૧૧-૨૮,૪૧-૪૨)

કેટલાક દુઃસાહસી લોકો ઉપર જણાવેલા યોગમાર્ગીય ઉપાયોથી અલગ બીજા અનેક પ્રકારના ઉપાયો વડે (આ પ્રકાર ઉપર જણાવેલા ઉપાયોથી અલગ-યોગ બહારના છે તે **કેચિદ્-કેટલાક** એ પદથી સમજી શકાય છે) જે ઉપચારો વડે સારી પેઠે કાયાકલ્પ કરાયેલો અને વૃદ્ધાવસ્થા તરફ આગળ ન વધે તેવી યુવાવસ્થામાં સ્થિર થયેલો દેહ કરીને-પોતાના દેહને કાયાકલ્પવાળો અને યુવાવસ્થામાં સ્થિર કરીને ત્યારબાદ (તેવી અવસ્થામાં વિવિધભોગ પ્રાપ્ત કરાવનાર અણિમા વગેરે) સિદ્ધિઓને અર્થે યોગસાધના કરે છે, પરંતુ આ પ્રકાર કુશલ પુરુષો દ્વારા આદર નહીં કરાયેલો અથવા જેનો અકુશલ પુરુષો જ આદર કરતા હોય તેવો છે. તેમજ જેમ વૃક્ષનાં ફલ સામયિક જ હોય છે અને કાળે કરીને તેનો નાશ થાય છે તેવું જ આ શરીર હોવાથી માત્ર તેને માટેનો જ (આટલો બધો) આયાસ એ નિરર્થક જ છે.

આ પ્રમાણે શ્રીકૃષ્ણે દર્શાવેલા કે સાત્ત્વિક યોગ શાસ્ત્રોમાં કહેવાયેલા ઉપાયો છોડીને કે યૌગિક પ્રક્રિયાથી ભિન્ન સ્વરૂપવાળા ઉપાયો હોય તેનાથી ઉપસર્ગોનો ઉપચાર કરવો નહીં તેમ સ્પષ્ટ જાણી શકાય છે. આ અર્થને ગ્રહણ કરીને જ શ્રીવલ્લભાચાર્યજી તથા તેમના વંશમાં થયેલ દશદિગંત વિજયી મહાન વિચારક શ્રીપુરુષોત્તમજી સ્પષ્ટ શબ્દોમાં શિવામ્બુ કિંવા સ્વમૂત્રપાનનો નિષેધ પોતાના ગ્રન્થોમાં કરે છે -

(१) यथैव चित्तं चाञ्चल्यं परित्यज्य स्थिरं भवेत्, तथा प्राणस्य मार्गं शोधयेत् । प्राणायामादिभिरेव शोधनम्, न प्रकारान्तरेण कर्तव्यम्। अविहितत्वान्न तैश्चित्तं शुद्धं भवति

(શ્રીવલ્લભાચાર્ય સુબોધિની ૩-૨૮-૯)

(२) प्रकारान्तरेणेति । मूत्रपानादिना ।

(શ્રીપુરુષોત્તમજી, સુબોધિની પ્રકાશ ૩-૨૮-૯)

અર્થાત્ જે પ્રકારે ચિત્ત ચંચળતાને છોડી સ્થિર થાય તે મુજબ પ્રાણોના માર્ગનું શોધન (પ્રાણાયામના જુદા જુદા ભેદો) વડે કરવું, આ શુદ્ધિ પ્રાણાયામ વગેરે (યૌગિકી પ્રક્રિયાઓ) વડે જ કરવી, બીજા (યોગબહારના) પ્રકારો વડે ન કરવી, કારણ કે તે બીજા પ્રકારો અવિહિત-શાસ્ત્રમર્યાદા વિરુદ્ધના - મનસ્વી હોવાથી તેનાથી ચિત્તશુદ્ધિ સધાતી નથી. આ સુબોધિનીનાં વાક્યોની સ્પષ્ટતામાં શ્રીપુરુષોત્તમજી જણાવે છે કે સુબોધિનીમાં જે બીજા પ્રકારો વડે શુદ્ધિ ન કરવી તે મૂત્રપાન વગેરે પ્રકારો વડે ન કરવી એમ આશય છે.

एवं सांख्ययोगयोः निषिद्धयोः फलमाह -

योगसांख्य इति । धर्ममार्गात् भ्रष्टे । तत्सिद्ध्यर्थं कदाचिन्निषिद्धमपि कुरुतः । अपेयपानेन नाडी शुद्धा भवतीति विमार्गे परिपोषिते ।

(શ્રીવલ્લભાચાર્ય સર્વ નિ.નિબન્ધ-૨૦૭)

एते वामागमोक्ते ज्ञेये ।

(શ્રીપુરુષોત્તમજી - સર્વ નિ.નિબન્ધ આ.ભ.૨૦૭)

કેવલયોગના ફલને કહી હવે જે નિષિદ્ધ સાંખ્ય તથા યોગ છે તે બંને ફલ કહે છે - યોગ-સાંખ્ય એટલે જે ધર્મમાર્ગથી ભ્રષ્ટ છે તે, (ધર્મમાર્ગમાં રહેલા કપિલ સાંખ્ય અને પાતંજલયોગનું આ ફળ નથી) તે લોકો ફલસિદ્ધિ (યોગની સિદ્ધિ અર્થે) ક્યારેક વ્યાધિ વગેરે આવતાં નિષિદ્ધ સેવન-લેપન વગેરે પણ કરે છે, અપેય (સ્વમૂત્ર) પાન કરવાથી પણ પ્રાણ સંચરણને યોગ્ય નાડી શુદ્ધ થાય છે, (તેથી નાડી શુદ્ધિ માટે તેઓ નિષિદ્ધ સેવન કરે છે), આ પ્રકારે અપેયપાનથી નાડી શુદ્ધિ કરી કરવામાં આવતી સાધના એ યોગમાર્ગ સંમત નથી પણ વિમાર્ગ એટલે યોગથી ઈતર એ પ્રકારો કે જે શ્રેયના માર્ગથી વિરુદ્ધના છે અને જેમાં વસ્તુતઃ માર્ગપણું જ નથી તેવા માર્ગોના સારી પેઠે મિશ્રણ પરિપોષિત છે.

શ્રીપુરુષોત્તમજી આની ટીકામાં ખુલાસો આપે છે કે નિષિદ્ધ યોગ-સાંખ્ય કહ્યા છે તે વામમાર્ગીય આગમોમાં કહેવાયેલા છે તેમ જાણવા.

જેની આપણે ચર્ચા કરી ગયા છે, તે કાપાલિક યોગ વિષે શ્રીવલ્લભાચાર્યજી લખે છે - **‘निषिद्धो योगः कापालिको महादेवेनोर्ध्व-मुखेनोक्तः’** (શ્રીવલ્લભાચાર્ય-સર્વ નિ.નિબંધ-૨૭૬) આ નિષિદ્ધયોગ જે કાપાલિક નામે પ્રસિદ્ધ છે તે મહાદેવજીએ ઊર્ધ્વમુખે કહ્યો છે.

આનો વધુ ખુલાસો આપતાં શ્રીપુરુષોત્તમજી ટીકામાં જણાવે છે કે- **‘अन्येषां प्रमाणादिभिरपकृष्टत्वेऽपि प्रलोभकत्वादपक्कदशायां तत्र प्रवृत्तिर्माभूदिति तेषां त्याज्यत्वं वक्तुमाहेत्यर्थः । निषिद्धो योगः कापालिक इत्यादि ।’** (શ્રીપુરુષોત્તમજી સર્વનિર્ણય નિ.પ્ર.આવરણભંગ-૨૭૬) અન્ય નિષિદ્ધયોગ વગેરેનું પ્રમાણથી, સ્વરૂપથી અને ફલથી ત્રણેથી અપકૃષ્ટપણું-હીનપણું હોઈને પણ તે એવું પ્રલોભક છે જેથી તેમાં સાધનદશાપન્ન-અપક્વ સાધકો લોભાઈ જાય તેથી તે અપક્વ લોકોની લોભાઈને તેમાં પ્રવૃત્તિ નહીં થાઓ તેવા શુભાશયથી આ નિષિદ્ધ યોગ વગેરે ત્યાજ્ય-ત્યજવા યોગ્ય છે (ક્યારેય ગ્રહણ કરવા જેવા નથી) તે જણાવવા શ્રીઆચાર્યચરણ કહે છે - કાપાલિય યોગ નિષિદ્ધ વગેરે વાક્યોથી.

શાક્ત વામમાર્ગાદિ માટે શ્રીઆચાર્યચરણનો મત-

शाक्तमार्गस्तु सर्वथैव निषिद्ध इत्यभिप्रायेणाह -
छलयोगस्तथा सांख्यं शाक्तो मार्गोऽभिधीयते ।

छलयोगस्तथा सांख्यमिति । सांख्ययोगौ मिलितौ धर्ममार्गविरोधेनामेध्यभक्षणसुरापानादिपोषितौ । शाक्तो मार्गः ।

(શ્રીવલ્લભાચાર્ય-સર્વ નિ.નિ-૨૭૭)

શાક્તમાર્ગ તો સર્વથા જ નિષિદ્ધ છે એ અભિપ્રાયથી કહે છે -

(શાસ્ત્રીય પ્રમાણોથી સિદ્ધ-સંમત સાંખ્ય યોગથી ભિન્ન એવો) છલ-યોગ તથા છલ સાંખ્ય કે જે ધર્મમાર્ગના વિરોધ વડે-ધર્મ માર્ગના વિરોધી સ્વરૂપે અમેધ્ય-અપવિત્ર ભક્ષણ, સુરાપાન વગેરેથી (વગેરેથી એટલે મૂત્રપાન-લેપન વગેરેથી) પોષાયેલા છે. તે બંને મળી શાક્તમાર્ગ બને છે.

આ પ્રમાણે સર્વ રીતે વિચારતાં પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ સ્વમૂત્રોપચારથી થનારા લાભ-અલાભથી સર્વ રીતે પરિચિત હતા અને તેમ છતાં પણ તે સર્વેએ એકી સ્વરે-એકીમતે સ્વમૂત્ર પાન-લેપન વગેરે ધર્મપ્રાણ અને અધ્યાત્મવાદી વિચારધારાને વરેલી ભારતીય જીવન પદ્ધતિમાં સ્થાન નથીઆપ્યું અને તેની નિંદા કરી છે. છેલ્લે-છેલ્લે ૫૦૦ વર્ષ પૂર્વ શ્રીવલ્લભાચાર્યજી અને ૩૦૦ વર્ષ પૂર્વ શ્રીપુરુષોત્તમજી જેવા સર્વ વેદશાસ્ત્ર પારંગત વિદ્વાન વ્યક્તિએ પણ આ પ્રક્રિયાને હીન ગણી નિષિદ્ધ માની છે. અતઃ ધર્મપ્રેમી સર્વજનોએ અને ખાસ કરીને શ્રીવલ્લભાચાર્યજીના સેવકોએ તેમજ પ્રભુ શ્રીકૃષ્ણના સર્વ આરાધકોએ આ સ્વમૂત્રોપચારના માર્ગને લોભામણાં વાક્યોમાં લોભાયા વિના દ્દઢતાપૂર્વક અપનાવવો જોઈએ નહીં. ન તો આપણું જીવન પેટિયું રળવા પૂરતું હોવું જોઈએ કે ન તો આપણું ભોજનાદિ સ્વાદેન્દ્રિયને સંતોષવા કે પેટ ભરવાના હેતુથી હોવું જોઈએ. આપણું ભોજન મુખ વાટે વૈશ્વાનર-અગ્નિને આહુતિરૂપ યજ્ઞ છે અને પરમેશ્વરના ભજનમાં જેટલી આન્તર-બાહ્ય પવિત્રતા છે તેમજ તેમાં પદાર્થોની શુદ્ધતા જેવી અને જેટલી અપેક્ષિત છે તે સર્વનો ભોજનમાં પણ વિચાર જરૂરી છે. આપણું ઉદર એ વૈશ્વાનર અગ્નિનું નિવાસસ્થાન યજ્ઞ વેદી યા મન્દિર છે, નહીં કે તે કચરાપેટી છે કે જેમાં ગમે તેવો કચરો લાવીને નાંખવામાં આવે.

◆◆◆◆◆◆